અનેક પૂર્વાચાર્યોવિરચિત

શ્રી પ્રકરણરત્નસંગ્રહ

અર્થ સહિત

પ્રસિદ્ધકર્ત્તા—

શા. કુંવરજી આણંદજી

ભાવનગર

ૐ

અનેક પૂર્વાચાર્યોવિરચિત

શ્રી પ્રકરણરત્નસંગ્રહ

(ગાથાના પ્રતિક સાથે અનુવાદયુક્ત)

શ્રી સમ્યક્ત્વપંચવિંશતિ, કાયસ્થિતિ, કાળસપ્તતિકા
વિગેરે ૧૬ પ્રકરણોનો સંગ્રહ

ગુરુણીજી લાભશ્રીજીની પ્રેરણાથી, પ્રયાસથી અને આર્થિક સહાય
મેળવવાથી બનતા પ્રયાસે શુદ્ધિપૂર્વક તૈયાર કરી છપાવી

પ્રસિદ્ધ કરનાર:

[redacted]જી આણંદજી

[redacted]ગર

વીર સ[redacted] : : [વિક્રમ સંવત ૧૯૯૩

પ્રથમાવૃત્તિ

મૂલ્ય રૂ. ૧-૪-૦

શ્રી

મળવાનું ઠેકાણું:—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

પૂજ્ય ઉપકારી શાસનપ્રભાવક ગુરુમહારાજનું ખાસ સ્મરણ અને અર્પણ

શુદ્ધ મુનિમાર્ગપ્રવર્ત્તક મુનિરાજશ્રી બુટેરાયજી (બુદ્ધિવિજયજી) મહારાજના મુખ્ય શિષ્ય મુનિરાજશ્રી મૂળચંદજી (મુક્તિવિજયજી) ગણિ, તચ્છિષ્ય ત્યાગમૂર્ત્તિ મુનિરાજશ્રી ભક્તિવિજયજી, ગુરુબંધુ શાંતમૂર્તિ પરમ ઉપકારી મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી (વૃદ્ધિવિજયજી) મહારાજ તચ્છિષ્ય પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી ગણિનું આ ગ્રંથ પ્રકાશનરૂપ શુભ પ્રસંગે ખાસ સ્મરણ કરી, આ જ્ઞાન-પ્રસાદી તેમના કરકમલમાં અર્પણ કરું છું.

......લઘુકિંકરી લાભશ્રી

મુદ્રક:—
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર

પ્રસ્તાવના

ભાવનગરના શ્રાવિકાવર્ગના પરમ ઉપકારી ગુરુણીજી લાભશ્રીજીની ઇચ્છા બહુ દિવસથી ૧૦-૧૫ પ્રકરણો ગાથાના પ્રતિક સાથે અર્થ લખવાની અને તેવી રીતે છપાવીને પ્રગટ કરવાની હોવાથી તેઓ સાહેબ જાતે તેમજ શાસ્ત્રીજી જેઠાલાલ હરિભાઇ પાસે અને અન્ય શ્રાવિકાઓ પાસે તેવી રીતે પ્રકરણો તૈયાર કરાવતા હતા; તેમજ તે કાર્યપરત્વે જે શ્રાવિકાઓને સહાય કરવાની ઇચ્છા થાય તે રકમ મેળવી શ્રી જૈન ધર્મ પ્રસારક સભામાં તેનો સંચય કરાવી રહ્યા હતા. તેમની ઇચ્છાને ફળવતી કરવાની મને પ્રેરણા કરતાં મને પણ તે કાર્ય ઉપયોગી જણાયું તેથી ઘણે ભાગે સમજવા મુશ્કેલ એવા પ્રકરણો તેમણે તૈયાર કરાવેલા તે મારી નજરતળે કાઢી, બનતી શુદ્ધિ કરીને તેમજ શાસ્ત્રી જેઠાલાલ પાસે શુદ્ધ કરાવીને આ પ્રકરણરત્નસંગ્રહ છપાવી બહાર પાડેલ છે.

આ સંગ્રહમાં ૧૬ પ્રકરણોનો સમાવેશ કરવામાં આવેલ છે તેમાં એક છેલ્લું જ સંસ્કૃત શ્લોકબદ્ધ છે, બાકી બધા માગધી ગાથાબદ્ધ છે. તેમાં માત્ર બે પ્રકરણો નાના એટલે કે નવ ને બે ગાથાના છે; બીજા બધા વિસ્તૃત છે. નિગોદષટ્ત્રિંશિકા અને લોકનાળિકા જેવા પ્રકરણમાં તેમજ છેવટે હૃદયપ્રદીપષટ્ત્રિંશિકામાં અર્થવિસ્તાર વિશેષ કર્યો છે અને ભાવપ્રકરણમાં ને સિદ્ધદંડિકામાં નાના નાના યંત્રો પણ મૂક્યા છે. લોકનાળિકા પ્રકરણને અંગે ત્રણ યંત્રો મોટા મૂક્યા છે. તેમાંના બે તો ખાસ આર્ટપેપર ઉપર છપાવીને મૂક્યા છે.

આ સંગ્રહમાં આવેલા ૧૬ પ્રકરણોના કર્ત્તાનું નામ ને ગાથાપ્રમાણ અનુક્રમણિકામાં આપેલ છે, પરંતુ તેમાં માત્ર ૯ પ્રકરણમાં જ કર્ત્તાના નામ મળ્યા છે. ૭ પ્રકરણમાં મળ્યા નથી. પ્રથમ પ્રકરણમાં ગુરુનું નામ છે પરંતુ પોતાનું નથી. બે પ્રકરણ (ભાવપ્રકરણ ને વિચારપંચાશિકા) શ્રી વિજયવિમળગણિ ઉર્ફે વાનરર્ષિના રચેલા છે. બે શ્રી દેવેંદ્રસૂરિ-વિરચિત છે; બીજા અન્યાન્ય મહાપુરુષોવિરચિત છે.

૧ સમ્યક્ત્વસ્તવ. તેનું બીજું નામ સમ્યક્ત્વપંચવિંશતિકા પ્રકરણ છે. તેમાં જીવ સમકિત કેમ પામે ? તેને અંગે યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણનું સ્વરૂપ બહુ વિસ્તારથી આપ્યું છે. પ્રાસંગિક ગાથાઓ (૫૨) જુદા જુદા ગ્રંથોમાંથી લઇને દાખલ કરી છે, અર્થમાં પણ ઘણો વિસ્તાર કર્યો છે. સમકિતની પ્રાપ્તિનું સ્વરૂપ કહ્યા પછી સમકિતના એક, બે, ત્રણ, ચાર ને પાંચ પ્રકાર બતાવ્યા છે. એકવિધ તો જિનોક્ત-તત્ત્વરુચિરૂપ સમ્યગ્ શ્રદ્ધાન કહેલ છે. દ્વિવિધ ત્રણ પ્રકારે કહેલ છે : દ્રવ્ય-ભાવ નિશ્ચય-વ્યવહાર ને નિસર્ગ-અધિગમ. ત્રણ પ્રકાર બે રીતે કહેલ છે-ઉપશમ, ક્ષાયોપશમ ને ક્ષાયિક, તેમ જ કારક, રોચક ને દીપક. ચાર પ્રકારમાં પ્રથમના ત્રણમાં સાસ્વાદન ઉમેરેલ છે ને

પાંચ પ્રકારમાં વેદક ઉમેરેલ છે. આ બધા પ્રકાર વિસ્તારથી બતાવેલ છે. ત્યારબાદ દશ પ્રકારમાં દશ પ્રકારની રુચિરૂપ સમકિત કહ્યું છે. તે દશ પ્રકાર પણ જુદી જુદી ગાથાઓથી બતાવેલ છે. પ્રાંતે સમકિતના ૬૭ બોલ પણ આપેલ છે. એકંદર સમકિતનું સ્વરૂપ એવું સ્પષ્ટ કરેલું છે કે જેને માટે અન્ય સ્થળ જોવાની જરૂર રહે નહીં.

૨ બીજું **કાળસપ્તતિકા** નામનું પ્રકરણ શ્રી ધર્મઘોષસૂરિવિરચિત ૭૫ ગાથાપ્રમાણ છે. તેના પ્રારંભમાં ત્રણે પ્રકારના પલ્યોપમ ને સાગરોપમનું સ્વરૂપ આપ્યું છે. ત્યારપછી અવસર્પિણી ને ઉત્સર્પિણીના બાર આરાનું પ્રમાણ, તેમાં ઉત્પન્ન થનારા મનુષ્ય ને તિર્યંચોના આયુષ્ય, ત્રેસઠ શલાકા પુરુષોના નામ વિગેરે તથા આગામી ઉત્સર્પિણીમાં થનારા ૨૪ તીર્થંકરોના પૂર્વભવ વિગેરેનું સ્વરૂપ, ભાવી ત્રેસઠ શલાકા પુરુષોના નામ વિગેરે એકંદર એક કાળચક્રના બાર આરાનું સ્વરૂપ ઘણું વિસ્તારથી આપ્યું છે. અર્થમાં વિસ્તાર સારો કર્યો છે.

૩ ત્રીજું **કાયસ્થિતિ** પ્રકરણ શ્રીકુળમંડનસૂરિવિરચિત ૨૪ ગાથાપ્રમાણ આપેલું છે. તેમાં પ્રથમ પોતપોતાની કાયમાં–જાતિમાં જીવ વધારેમાં વધારે કેટલાક કાળ સુધી ઉપજે તેનું પ્રમાણ આપ્યું છે અને પછી ઉત્તરાર્ધમાં આ ભવ ને પરભવના જઘન્ય ને ઉત્કૃષ્ટ આયુરૂપ ચોર ભંગી સાથે ભવસંવેધ આપેલો છે. આ વિષય ખાસ લક્ષપૂર્વક વાંચવા સમજવા લાયક છે. અર્થમાં સમજણ સારી આપી છે.

૪ ચોથું **શ્રીભાવપ્રકરણ** શ્રી વિજયવિમળગણિવિરચિત સ્વોપજ્ઞ અવચૂરીના અર્થ સાથે આપેલ છે. તેની ગાથાઓ ૩૦ છે. તેમાં ઉપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિક, ઔદયિક ને પારિણામિક એ પાંચે ભાવના ભેદો કહેવાના પ્રારંભમાં એ ભાવો જે આઠ દ્વારો પર ઉતારવાના છે તેના નામ ને વર્ણન આપેલ છે. પછી પાંચ ભાવના, સાન્નિપાતિક (સંયોગી) ભાવના ૨૬ ભેદ બતાવ્યા છે. કાળને અંગે થતી ચોભંગીનું યંત્ર આપ્યું છે. પાંચે ભાવોના ઉત્તરભેદો બતાવ્યા છે. આઠ પ્રકારના કર્મોમાં કયા કયા ભાવ લાભે તે બતાવેલ છે. ચૌદ ગુણઠાણે દરેક ભાવના ઉત્તરભેદ કેટલા કેટલા લાભે તે પણ બતાવેલ છે. પછી એકંદર પાંચે ભાવોના ઉત્તરભેદો ૧૪ ગુણઠાણે ગણાવ્યા છે. ગુણઠાણાનું ટૂંકું વર્ણન આપ્યું છે અને સ્પષ્ટ સમજુતી માટે ૪ યંત્રો પણ આપ્યા છે. શ્રી લોકપ્રકાશમાં આવેલા ભાવલોકપ્રકાશનો પ્રાયે સર્વ ભાવ આ પ્રકરણમાં સમાવેલો છે. વિશેષ જાણવા માટે ભાવલોકપ્રકાશ વાંચવાની જરૂર છે. શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ તેનું ભાષાંતર જુદું છપાવ્યું છે.

૫ પાંચમું શ્રી મહેંદ્રસૂરિવિરચિત **વિચારસપ્તતિકા** પ્રકરણ આપેલ છે. તેની ગાથા ૮૧ છે. વધારાની ૧૧ ગાથા પ્રક્ષેપ હોવા સંભવ છે. આ પ્રકરણમાં ૧ શાશ્વતી પ્રતિમાની સંખ્યા, ૨ ઇર્યાપથિકીના મિથ્યાદુષ્કૃતની સંખ્યા, ૩ કોટિશિલાનો વિચાર, ૪ શાશ્વતા ચૈત્યોની સંખ્યા, ૫ દેવોના વિમાનોના–પ્રાસાદોના આકારનો વિચાર, ૬ છએ દિશામાં સૂર્યના કિરણોના પ્રસારનો જંબૂદ્વીપ આશ્રી વિચાર, ૭ પર્યાપ્તિ સંબંધી ત્રણે શરીરને અંગે વિચાર, ૮ પાંચમા દેવલોકમાં આવેલી કૃષ્ણરાજીનો વિચાર, ૯ વલયાકાર ૩ પર્વતોનો વિચાર, ૧૦ નંદીશ્વરદ્વીપનું સ્વરૂપ, ૧૧ શ્રાવકોને કરવાના ધર્મકાર્યોનો વિચાર

ને ૧૨ ચૌદ ગુણઠાણાનો વિચાર–એમ કુલ બાર વિચારો આપેલા છે. તેમાં શાશ્વત પ્રતિમા ને ચૈત્યોની સંખ્યામાં જે ભેદ છે તેના કારણ નોટમાં બતાવ્યા છે. શાશ્વતી પ્રતિમાઓના પ્રસંગે અશાશ્વત પ્રતિમાઓનો વિચાર પણ આપેલો છે. ઇરિયાવહીના મિચ્છાદુક્કડ કહેવાના પ્રસંગે જીવના ૫૬૩ ભેદો ગણાવ્યા છે. શાશ્વતી પ્રતિમાના વિચારમાં તિર્ચ્છાલોકના ચૈત્યોના સ્થાનોનું વિવરણ અને તે ચૈત્યોનું જુદું જુદું પ્રમાણ બતાવ્યું છે. સૂર્યકિરણના પ્રસ્તાવની વિશેષ હકીકત જાણવા માટે મંડળ પ્રકરણ વાંચવાની ભલામણ કરી છે. કૃષ્ણરાજીના વિચારમાં નવ લોકાંતિકનું સ્વરૂપ આપ્યું છે. રુચક નામના વલય પર્વતને અંગે દિશાકુમારિકાઓના સ્થાન બતાવ્યા છે. ગૃહસ્થોને કરવાના ધર્મકાર્યો મન્નહ જિણાણું આણંની પાંચ ગાથાવડે બતાવ્યા છે પણ તેમાં પાછલી બે ગાથામાં અન્યાન્ય કૃત્યો કહેલા છે. ચૌદ ગુણસ્થાનક સંબંધી વિચારમાં તેના કાળનું પ્રમાણ વિગેરે ચાર દ્વાર આપેલા છે. એકંદર આખું પ્રકરણ વાંચવા, વિચારવા તેમજ સમજવા યોગ્ય છે.

૬ છઠ્ઠું શ્રી આનંદવિમળસૂરિ શિષ્ય વાનરર્ષિવિરચિત **વિચારપંચાશિકા** પ્રકરણ આપેલ છે. કર્ત્તાનું બીજું નામ વિજયવિમળ છે. આ પ્રકરણની ગાથા ૫૧ છે. તેમાં ૧ પાંચ શરીર સંબંધી વિચાર, ૨ ગર્ભસ્થિતિ વિચાર, ૩ પુદ્ગલી અપુદ્ગલી વિચાર, ૪ સંમૂર્ચ્છિમમનુષ્ય વિચાર, ૫ પર્યાપ્તિ વિચાર, ૬ જીવાદિકનું અલ્પબહુત્વ, ૭ પ્રદેશ અપ્રદેશ પુદ્ગલ વિચાર, ૮ કડજુમ્માદિ વિચાર અને ૯ પૃથ્વી આદિનું પરિમાણ–આ નવ વિચાર આપ્યા છે. પ્રથમ શરીર સંબંધી વિચાર નવ દ્વારવડે કહેલ છે. તે ખાસ સમજવા જેવો છે. ગર્ભસ્થિતિના વિચારમાં અપ્રસિદ્ધ હકીકત જણાવેલ છે. અલ્પબહુત્વ વિચાર જુદી જુદી રીતે બતાવેલ છે, તે સંબંધી વિશેષ જાણવા માટે પ્રજ્ઞાપના સૂત્રનું ત્રીજું પદ વાંચવા યોગ્ય છે. કડજુમ્માના વિચારમાં કઇ વસ્તુ કયા જુમ્માએ છે તે બતાવ્યું છે. તેમાં ૫૦ મી ગાથા તો ખાસ ધ્યાન ખેંચનારી છે. તેમાં એકેક અક્ષરથી ૨૧ જીવ ભેદ અને દશ બીજી વસ્તુઓ બતાવી છે. આ પ્રકરણ પણ ખાસ વાંચવા લાયક છે.

૭ સાતમું શ્રીદેવેંદ્રસૂરિવિરચિત **સિદ્ધદંડિકાસ્તવ** નામનું પ્રકરણ આપેલું છે. તેની ગાથા ૧૩ જ છે. તેમાં સગર ચક્રવર્તીના પુત્રો ને સુબુદ્ધિ મંત્રીએ ભરતચક્રીના વંશના રાજાઓ શત્રુંજય ઉપર કેટલા સિદ્ધિપદને પામ્યા તેની સંખ્યાનું અષ્ટાપદ પર કરેલું વિવરણ છે. તેમાં ૧ અનુલોમસિદ્ધદંડિકા, ૨ પ્રતિલોમસિદ્ધદંડિકા, ૩ સમસંખ્યસિદ્ધદંડિકા, ૪ એકોત્તરા સિદ્ધદંડિકા, ૫ દ્વિકોત્તરાસિદ્ધદંડિકા, ૬ ત્રિકોત્તરાસિદ્ધદંડિકા, ૭ પ્રથમાવિષમોત્તરાસિદ્ધદંડિકા અને ૮ દ્વિતીયાવિષમોત્તરાસિદ્ધદંડિકા યંત્રો સાથે આપેલ છે અને પછી એ પ્રમાણે વિષમોત્તરાસિદ્ધદંડિકા યાવત્ શ્રીઅજિતનાથ પ્રભુના પિતા જિતશત્રુ થયા ત્યાંસુધી અસંખ્યાતી સમજવી એમ કહ્યું છે. આ પ્રકરણ પણ ખાસ સમજવા લાયક છે.

૮ આઠમું **સિદ્ધપંચાશિકા** નામનું પ્રકરણ પણ શ્રીદેવેંદ્રસૂરિનું રચેલું જ છે. તેની ગાથા ૫૦ છે. એ પ્રકરણમાં સંતપદાદિક આઠ દ્વારોવડે (છતાવદની પ્રરૂપણા, દ્રવ્ય પ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વવડે) અનંતરસિદ્ધનું અને સન્નિકર્ષયુક્ત

નવ દ્વારોવડે પરંપરસિદ્ધનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. આ દરેક દ્વાર સમજવા માટે ૧૫ પેટાદ્વાર કહ્યા છે. તેમાં પણ અમુક સ્થાને સિદ્ધ થવાના સંબંધમાં ક્ષેત્રદ્વારમાં ઘણો વિસ્તાર કર્યો છે. એકંદર સિદ્ધના સંબંધની અનેક હકીકતોનો આ પ્રકરણમાં સમાવેશ કર્યો છે.

૯ નવમું **પંચનિર્ગ્રંથી** પ્રકરણ શ્રીઅભયદેવસૂરિવિરચિત આપ્યું છે. તે શ્રીભગવતીસૂત્રના પચવીશમા શતકમાંથી ઉદ્ધરેલું છે. તેની ગાથાઓ ૧૦૬ છે. તેમાં પુલાક, બકુશ, કુશીલ (પ્રતિસેવા ને કષાય), નિર્ગ્રંથ અને સ્નાતક એ પાંચે પ્રકારના નિર્ગ્રંથો ઉપર પ્રજ્ઞાપન, વેદ, રાગ, કલ્પ, ચારિત્ર, પ્રતિસેવના, જ્ઞાન, તીર્થ, લિંગ, શરીર, ક્ષેત્ર, કાળ, ગતિ, સંયમ, નિકર્ષ, યોગ, ઉપયોગ, કષાય, લેશ્યા, પરિણામ, બંધ, વેદન, ઉદીરણા, ઉપસંપ્પજહન, સંજ્ઞા, આહાર, ભવ, આકર્ષ, કાળ, અંતર, સમુદ્ઘાત, ક્ષેત્ર, સ્પર્શના, ભાવ, પરિમાણ, ને અલ્પબહુત્વ–એ ૩૬ દ્વારો ઉતાર્યા છે. તેમાં પ્રથમ દ્વારમાં ને બીજા પણ કેટલાક દ્વારોમાં તો બહુ વિસ્તારથી વિવેચન કર્યું છે. આ પ્રકરણ ઘણો બોધ આપે તેવું છે.

૧૦ દશમું શ્રી પૂર્વાચાર્યપ્રણીત **નિગોદષટ્ત્રિંશિકા** પ્રકરણ આપેલું છે. તે શ્રી ભગવતીસૂત્રના ૧૧ મા શતકમાંથી ઉદ્ધરેલું છે. ગાથા ૩૬ છે. એમાં નિગોદનું સ્વરૂપ બહુ બારીકીથી બતાવ્યું છે. ખાસ સૂક્ષ્મ બોધ આપે તેવું છે. ગુજરાતી ભાષામાં અર્થ આપેલ છે છતાં ગુરુગમથી જ વાંચવા લાયક છે. પ્રાયે બીજા બધા પ્રકરણો કરતાં આ પ્રકરણ વિશેષ કઠિન છે. અર્થ લખવામાં બનતો પ્રયાસ કર્યો છે છતાં સંતોષકારક લખાયો છે એમ ચોક્કસ કરી શકાતું નથી.

૧૧ અગ્યારમું **શ્રીસમવસરણ પ્રકરણ** અથવા સ્તવ પૂર્વાચાર્યપ્રણીત આપેલું છે. ગાથા ૨૪ છે. આ પ્રકરણનો વિષય ઘણો પરિચિત છે, છતાં તેનો અર્થ લખતાં કેટલાક જરૂરી ખુલાસા બતાવવામાં આવેલ છે. પરમાત્માને કેવળજ્ઞાન થાય ત્યારે તેના મહિમા તરીકે ચારે નિકાયના દેવો તરફથી મળીને કરાતી આ અપૂર્વ કૃતિ છે.

૧૨ બારમું **ક્ષમાકુલક** ૨૫ ગાથા પ્રમાણ પૂર્વાચાર્યવિરચિત આપવામાં આવ્યું છે. તેની અંદર ક્રોધ કષાયના ત્યાગ માટે ઘણો સચોટ અને અસરકારક ઉપદેશ આપેલો છે. જો લક્ષપૂર્વક વાંચવામાં આવે તો જરૂર તે પ્રાણીનો ક્રોધકષાય મંદ પડે તેમ છે. બીજા તેની કુલકોમાં આ કુલક શ્રેષ્ઠતા ધરાવે છે.

૧૩ તેરમું **ઇંદ્રિયવિકારનિરોધ કુલક** માત્ર નવ ગાથાનું જ આપેલું છે. તેમાં પાંચે ઇંદ્રિયોના વિષયોથી–તેમાં આસક્ત થવાથી પ્રાણનો નાશ મેળવનારા જીવોની હકીકત આપી છે. ઉપરાંત ચારે કષાયના નિરોધ માટે પણ સારો ઉપદેશ આપ્યો છે કુલક નાનું છતાં અભ્યાસ કરવા યોગ્ય છે. તેની છેલ્લી ગાથા રહસ્યપૂર્ણ છે—

जत्थ य विसयविराओ, कसायचाओ गुणेसु अणुराओ ।
किरियासु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ ॥ ९ ॥

" **જે ધર્મમાં** વિષયથી વિરાગ છે, કષાયનો ત્યાગ છે ને ગુણનો **અનુરાગ** છે તેમજ **ક્રિયામાં અપ્રમાદ** છે તે જ **ધર્મ** મોક્ષસુખના ઉપાયભૂત છે. "

આ એક ગાથા પણ વારંવાર સંભારવામાં આવે તો કલ્યાણ કરે તેવી છે.

૧૪ ચૌદમું **લોકનાલિકાદ્વાત્રિંશિકા** પ્રકરણ આપવામાં આવ્યું છે. તે પ્રકરણમાં કર્ત્તાનું નામ નથી. ગાથા નામ પ્રમાણે ૩૨ જ છે. એમાં લોકનાળિકાનું સ્વરૂપ, એના ખંડુ, સૂચી-રજ્જુ, પ્રતરરજ્જુ, ધનરજ્જુ વિગેરેનું ઊર્ધ્વ, અધો ને તિર્ચ્છાલોક આશ્રી બહુ ચોક્કસ પ્રકારે વર્ણન આપેલું છે. એનું ચિત્ર ખંડુની સંખ્યા સાથે તેમ જ મધ્યની ત્રસનાડીના ૧૪ રજ્જુમાં શું શું આવેલ છે તે અમે ખાસ જુદા આર્ટપેપર ઉપર છપાવીને યંત્રરૂપે આપેલ છે. પ્રાંતે ખંડુ વિગેરેની સંખ્યાનું યંત્ર પણ આપેલ છે. લોકસ્વરૂપ સમજવા માટે આ પ્રકરણ ખાસ ઉપયોગી છે; તેમજ તેમાં ગણિતાનુયોગનો પણ સમાવેશ છે.

૧૫ પંદરમું માત્ર બે ગાથાનું **લઘુઅલ્પબહુત્વ** પ્રકરણ આપ્યું છે. તેમાં ચારે દિશાને આશ્રયીને જળ, વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય, અસંજ્ઞી પંચેંદ્રિય ને સંજ્ઞિ પંચેંદ્રિય એ સાતે પ્રકારના જીવોનું અલ્પબહુત્વ સકારણ બતાવેલું છે. પ્રકરણ નાનું છતાં એક પ્રકારની ખાસ સમજણ આપનારું છે.

૧૬ સોળમું **હૃદયપ્રદીપષટ્‌ત્રિંશિકા** નામનું ૩૬ સંસ્કૃત શ્લોક પ્રમાણ પ્રકરણ આપેલું છે. આને પ્રકરણ ન કહેતાં બીજું નામ આપીએ તો પણ આપી શકાય તેમ છે. એના છત્રીશે શ્લોક બહુ ઊંચા પ્રકારનો ઉપદેશ આપનારા છે અને તે બધા શ્લોક અર્થ સાથે વિચારતાં જરૂર હૃદયરૂપ મંદિરમાં દીપક તુલ્ય પ્રકાશ થાય તેમ છે. કર્ત્તાએ નામ આપેલું નથી પરંતુ કોઇ અધ્યાત્મરસિક અનુભવી મહાત્માની કૃતિ જણાય છે. આ ષટ્‌ત્રિંશિકા પ્રથમ શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ તેની સંસ્કૃત ટીકા કરાવીને અર્થ સાથે પ્રગટ કરેલી છે. તે અત્યારે અલભ્ય હોવાથી અને અપૂર્વ ઉપદેશ આપનાર હોવાથી અમે આ પ્રકરણોની બુકમાં સાધ્વીજી લાભશ્રીજીની ખાસ ઇચ્છાથી દાખલ કરેલ છે.

ઉપર પ્રમાણે આ બુકની અંદર આપવામાં આવેલા ૧૬ પ્રકરણોનું ટૂંકું સ્વરૂપ છે. બાકી તેનો વાસ્તવિક બોધ તો તે પ્રકરણો અર્થ સાથે લક્ષપૂર્વક સાદ્યંત વાંચવાથી જ થઇ શકે તેમ છે. આ તો માત્ર દિગ્દર્શન કરાવવા માટે જ પ્રયાસ કર્યો છે.

આ બધા પ્રકરણો પ્રાયે અર્થ સાથે છપાયેલા છે. કેટલાક તો એકથી વધારે વાર પણ છપાયા હશે, પરંતુ અમે આ સંગ્રહમાં એક જ વિશિષ્ટતા વાપરી છે કે ગાથા ઉપરથી અર્થ સમ-જવાની ઇચ્છાવાળા માટે ગાથાના પ્રતિક અન્વયથી કૌંસમાં મૂકીને તેના અર્થ લખ્યા છે. તેમ જ અર્થ વિસ્તાર પણ કર્યો છે. આવી રીતે પ્રાયે કોઇક જ પ્રકરણ સંગ્રહ છપાયેલ છે.

આમાં ૧૬ પ્રકરણો પૈકી પ્રથમ પ્રકરણની અને બે કુલકની ટીકા કે અવચૂરી લભ્ય

થઇ નથી. બાકીના ૧૨ પ્રકરણો અવચૂરિ સાથે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી મુનિરાજ શ્રી ચતુરવિજયજીના પ્રયાસથી છપાયેલા છે. તે અમને અર્થ લખવામાં અત્યંત ઉપયોગી થઇ પડેલ છે તેથી અમે તેના આભારી છીએ. છેલ્લા પ્રકરણની ટીકા માટે તો ઉપર જણાવેલું છે.

એકંદર બધા પ્રકરણો અપૂર્વ બોધ આપનારા છે. દ્રવ્યાનુયોગનો બોધ પ્રાપ્ત કરવા માટે અપૂર્વ સાધન છે.

મૂળ ગાથાઓની શુદ્ધિ માટે તેમજ અર્થ યથાર્થ થવા માટે બનતો પ્રયાસ કર્યો છે, શાસ્ત્રી જેઠાલાલ હરિભાઇની સહાય લીધી છે, છતાં અલ્પજ્ઞપણાને લઇને સ્ખલના રહેવાનો સંભવ છે, તેથી સુજ્ઞ વિદ્વાનોએ આ પ્રકરણો વાંચીને તેમાં થયેલી ક્ષતિ જણાવવા કૃપા કરવી કે જેથી બીજી આવૃત્તિનો અવસર પ્રાપ્ત થાય ત્યારે અથવા તેની અગાઉ પણ તેનો ઉપયોગ કરી શકાય. એવો પ્રયાસ કરનાર મહાશયનો અમે અંતઃકરણથી આભાર માનશું. આશા છે કે આ વિજ્ઞપ્તિનો અવશ્ય સુજ્ઞ મુનિરાજો ને વિદ્વાનો સ્વીકાર કરશે.

પ્રાંતે આવા પ્રગટ ને અપ્રગટ બીજા અનેક પ્રકરણોનો લાભ જૈન સમુદાયને આપવાનો પ્રયાસ કરવાની વિદ્વદ્વર્ગને પ્રાર્થના કરી આ પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે.

અલ્પજ્ઞ

સં. ૧૯૯૩ માર્ગશીર્ષ શુકલા ૯ — કુંવરજી આણંદજી

अनुक्रमणिका

અંક	નામ		ગાથા	પૃષ્ઠ
૧	સમ્યક્ત્વસ્તવ પ્રકરણ	(શ્રી જ્ઞાનસાગરગુરુ શિષ્ય)	૨૫	૧
૨	કાળસપ્તતિકા પ્રકરણ	(શ્રી ધર્મઘોષસૂરિ)	૭૪	૨૮
૩	કાયસ્થિતિપ્રકરણ	(શ્રી કુળમંડનસૂરિ)	૨૪	૫૬
૪	ભાવપ્રકરણ	(શ્રી વિજયવિમળગણિ)	૩૦	૬૬
૫	વિચારસપ્તતિકા	(શ્રી મહેંદ્રસૂરિ)	૮૧	૮૫
૬	વિચારપંચાશિકા	(શ્રી વિજયવિમળસૂરિ)	૫૧	૧૧૮
૭	સિદ્ધદંડિકા સ્તવ	(શ્રી દેવેંદ્રસૂરિ)	૧૩	૧૩૭
૮	સિદ્ધપંચાશિકા	(શ્રી દેવેંદ્રસૂરિ)	૫૦	૧૪૫
૯	પંચનિર્ગ્રંથી પ્રકરણ	(શ્રી અભયદેવસૂરિ)	૧૦૬	૧૭૨
૧૦	નિગોદષટ્ત્રિંશિકા	(પૂર્વાચાર્યપ્રણીત)	૩૬	૨૧૧
૧૧	સમવસરણ પ્રકરણ	(પૂર્વાચાર્યપ્રણીત)	૨૪	૨૨૯
૧૨	ક્ષમાકુલક	(પૂર્વાચાર્યપ્રણીત)	૨૫	૨૩૯
૧૩	ઇંદ્રિયવિકાર (વિષયકષાય) નિરોધકુલક	(પૂર્વાચાર્યપ્રણીત)	૯	૨૪૬
૧૪	લોકનાલિકાદ્વાત્રિંશિકા	(પૂર્વાચાર્યપ્રણીત)	૩૨	૨૪૯
૧૫	લઘુઅલ્પબહુત્વપ્રકરણ	(પૂર્વાચાર્યપ્રણીત)	૨	૨૬૭
૧૬	હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા	(સંસ્કૃત)	શ્લોક ૩૬	૨૭૦

યંત્રો.

૧ લોકનાળિકાનું ખંડુના અંક સાથે સપ્રમાણ યંત્ર

૨ લોકનાળિકાંતર્ગત ત્રસનાડીમાં ૧૪ રાજમાં શું શું છે ?

૩ લોકનાળિકાંતર્ગત ખંડુ, સૂચિરજ્જુ, પ્રતરરજ્જુ, ઘનરજ્જુ યંત્ર

૪ ભાવ પ્રકરણમાં આપેલા નાના નાના ૪ યંત્રો

૫ સિદ્ધદંડિકા પ્રકરણમાં અનુલોમસિદ્ધદંડિકા વિગેરેના ૮ યંત્રો

ગુરુણીજી લાભશ્રીજીના જાતિપ્રયાસથી, પ્રેરણાથી અને આર્થિક સહાય પ્રાપ્ત કરવાથી શ્રી જૈન ધર્મ પ્રસારક સભા મારફત બહાર પાડેલા સૂત્રો, ગ્રંથો વિગેરેનું લીસ્ટ.

×૧ યંત્રપૂર્વક કર્મગ્રંથાદિ વિચાર (અત્યંત ઉપયોગી)
×૨ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. વિભાગ બે. મૂળ અર્થ વિવેચન યુક્ત. (પ્રતાકાર)
૩ શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર–વિભાગ બે " " "
×૪ શ્રી વિપાકસૂત્ર–બંને શ્રુતસ્કંધ " " "
૫ શ્રી અંતકૃતદશાંગ ને અનુત્તરોપપાતિક સૂત્ર " " "
(આઠમું ને નવમું અંગ)
૬ શ્રી નિરયાવળી સૂત્ર (૮ થી ૧૨ પાંચ ઉપાંગ) " " "
×૭ શ્રી લઘુક્ષેત્રસમાસ. મૂળ અર્થ સહિત " "
૮ શ્રી વૃહત્સંગ્રહણિ પ્રકરણ મૂળ અર્થ સહિત " "
૯ શ્રી પ્રકરણરત્નસંગ્રહ. (૧૬ પ્રકરણો સાર્થ) " "
×૧૦ શ્રી ઉપદેશમાળા. મૂળ, અર્થ, કથાઓ સહિત
૧૧ પ્રકરણાદિ વિચારગર્ભિત સ્તવન સંગ્રહ
૧૨ પર્વતિથિ ચૈત્યવંદનાદિ સંગ્રહ
૧૩ શ્રી ઉપદેશસપ્તતિકા ભાષાંતર
×૧૪ સંવેગમાળા મૂળ.
×૧૫ આત્મનિંદાદ્વાત્રિંશિકા. અનુવાદ યુક્ત
×૧૬ સંવેગમાળા, આત્મનિંદાદ્વાત્રિંશિકા વિગેરે
×૧૭ ચતુર્વિંશતિ જિન છંદ સ્તવનાદિ સંગ્રહ
×૧૮ શ્રી પંચસૂત્ર ભાષાંતર
×૧૯ શિયલ વિષે સજ્ઝાય વિગેરેનો સંગ્રહ
×૨૦ સજ્ઝાય તથા સ્તવનોનો ટૂંક સંગ્રહ
૨૧ શ્રી ગૌતમકુલક બાળાવબોધ યુક્ત
×૨૨ હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા. ટીકા અર્થ યુક્ત
૨૩ ક્ષમાકુલકાદિ સંગ્રહ સાર્થ
×૨૪ મૌન એકાદશી દેવવંદન ગુણણાદિ સંગ્રહ
×૨૫ ચઉસરણાદિ ચાર પયન્ના–મૂળ.
×૨૬ લઘુદેવવંદન માળા (ચાર દેવવંદન)

× આવી નિશાનીવાળી બુકો સીલકમાં નથી, થઇ રહેલ છે. સહાયક મળે તો આવૃત્તિ કરવા ધારણા છે.

આ બુક છપાવવાના સંબંધમાં આર્થિક સહાયકોના નામ

૫૫) શ્રી ભાવનગર શ્રાવિકા સમુદાય તરફથી	ભાવનગર
૪૦) વોરા સાકરચંદ ખુશાલની પુત્રી બહેન ઉજમ	,,
૩૦) શા. ભોગીલાલ લલ્લુભાઇ પટણી	,,
૩૦) બેન હરકોર તે શા. માણેકચંદ વેલચંદની વિધવા	,,
૨૬) શા. ભોગીલાલ ન્યાલચંદ	અમદાવાદ
૨૫) બાઈ લાડકી તે શા. સાંકળચંદ મહાસુખની વિધવા	,,
૨૫) સાધ્વી ઉત્તમશ્રીના ઉપદેશથી એક શ્રાવિકા.	પુના
૨૫) બાઇ ચંપા શા. અમૃતલાલ ચાંપશીની ધર્મપત્ની	,,
૨૫) બાઈ દીવાળી આનંદીવાળા	આકોલા
૨૫) બેન ચંચળ શા. ગગલભાઈ હાથીભાઇની પુત્રી	પુના
૨૫) બ્હેન ગુણી વોરા ભાનુચંદ અમરચંદની ધર્મપત્ની	ભાવનગર
૨૫) શા. હીરાચંદ મોતીચંદ	,,
૨૫) શા. મૂળજીભાઇ હંસરાજ	,,
૨૦) શા. હરિચંદ મીઠાભાઈ તથા ઠાકરશી મીઠાભાઇ	,,
૨૦) શા. વાડીલાલ મહોકમચંદ	અમદાવાદ
૧૫) બાઇ મેણી શા. મણિલાલ સાંકળચંદની વિધવા	,,
૧૫) બેન ચંદન શા. વનમાળી દેવચંદની વિધવા	ભાવનગર
૧૫) શા. ફીલાભાઇ રામજી	,,
૧૫) બાઇ વજુ શા. માણેકચંદ જેચંદની માતુશ્રી	,,
૧૧) બેન વસંત શેઠ નરોત્તમદાસ ભાણજીની પુત્રી	,,
૧૧) સાધ્વી પ્રમોદશ્રીના સ્મરણાર્થે એક શ્રાવિકા	,,
૧૦) સાધ્વી કમળશ્રીના ઉપદેશથી	,,
૧૦) બાઇ લાડકી તે શા. ગોવિંદજી નારણની વિધવા	સાણંદ
૧૦) બાઇ સુરજ	ભાવનગર
૧૦) બ્હેન સાંકળી હડીશંગ	શીહોર
૯) બાઇ હરકોર શા. ફતેચંદ ઝવેરચંદની ધર્મપત્ની	,,
૯) સાધ્વી જંબૂશ્રીના ઉપદેશથી વડવાની શ્રાવિકાઓ	,,
૭) શેઠ હરજીવન દીપચંદની પુત્રી બ્હેન મનહર	ભાવનગર
૭) શા. મણિલાલ દુલભની ધર્મપત્ની બ્હેન મનહર	,,
૫) બાબુ ગણપત	નવાજાલિંગાવાળા
૫) બાઇ સમરત શા. જમનાદાસ શામજીની ધર્મપત્ની	ભાવનગર
૫) બહેન ચંચળ મગનલાલ	,,
૫) બાઇ ધોળી શા. હેમચંદ ભીમચંદની વિધવા	,,
૫) બાઇ અંબા શા. માવજી હરજીવનની વિધવા	,,
૫) બાઇ હરી શા. દીઆળ ગોબરની વિધવા	,,

૫) શા. અનંતરાય તિલકભાઈ	ભાવનગર
૫) બ્હેન મોંઘી અમૃતલાલ	,,
૫) બાઇ લખમી શા. જાદવજી દામજીની ધર્મપત્ની	,,
૫) બાઈ દીવાળી વોરા દામોદર હરખચંદની વિધવા	,,
૫) શા. હરગોવન લખમીચંદની માતુશ્રી બાઇ હેમકોર	,,
૫) બ્હેન કુસુમ મણિલાલ. ૫) વોરા ચંદ્રકાન્ત છોટાલાલ	,,
૫) બાઈ હરખ વોરા છગન દેવચંદની વિધવા	,,
૫) બ્હેન ધીરૂ નરોત્તમ. ૫) બ્હેન ચંપા મૂળચંદ	,,
૫) બાઇ અચરત શા. ભાઇચંદ મગનની વિધવા	,,
૫) બ્હેન પ્રભાવતી. વોરા. ગોરધન હરખચંદની પુત્રી	,,
૫) બાઇ જમના તે શા. જીવણ જેચંદની ધર્મપત્ની	,,
૫) બાઇ ચંપા શા. નથુ ગુલાબચંદની વિધવા	,,
૫) બાઇ લહેરી તે શા. ફુલચંદ ગોપાળજીની માતુશ્રી	,,
૫) બાઇ હરકોર શા. મુળચંદ કરશનની ધર્મપત્ની	,,
૫) બાઈ સમરત શા. હરજીવન કરશનની વિધવા	,,
૫) બ્હેન મોંઘી શા. પરભુદાસ મોતીચંદની પુત્રી	,,
૫) બાઇ મણી શા. નાનાલાલ હરીચંદની ધર્મપત્ની	,,
૫) બ્હેન સમરત આણંદજી. ૫) બ્હેન રંભા પનાલાલ	,,
૫) બાઇ વિજયા શા. મનસુખલાલ મેઘજીની વિધવા	,,
૫) બાઇ રૂપાળી શા. વિઠ્ઠલદાસ મૂળચંદની ધર્મપત્ની	,,
૫) શા. બટુકભાઇ મેઘજી	,,
૫) બાઇ વીજી શા. જાદવજી ઝવેરભાઇની ધર્મપત્ની	,,
૫) બાઇ હેમકોર શેઠ અનોપચંદ નરશીદાસની ધર્મપત્ની	,,
૫) બાઇ જાનકી શા. સાકરચંદ બાલુશાની વિધવા	એવલા
૫) બાઇ જાસુદ ગાંધી પરશોતમ સોમચંદની ધર્મપત્ની	પુના
૫) બાઇ ચંપા વકીલ ભીખાભાઇ રતનચંદની વિધવા	અમદાવાદ
૫) બાઇ ગંગા શા. સારાભાઇ મહાસુખની ધર્મપત્ની	,,
૫) બ્હેન વિમળા શા. ભોગીલાલ સાંકળચંદની પુત્રી	,,
૫) બ્હેન જાસુદ મણિલાલ	,,
૫) બ્હેન માણેક શા. લાલભાઇ મણિલાલની ધર્મપત્ની	,,
૫) બાઇ ગંગા ઝવેરી ભોગીલાલ મોહોલાલની વિધવા	,,
૫) બાઇ જડી કપાશી ખીમચંદ જીવણની ધર્મપત્ની	,,
૫) બાઇ મોતી શા. નરોતમ હાઉની વિધવા	,,
૫) બાઇ ચંપા શા. કાનજી આણંદજીની ધર્મપત્ની	,,

प्रकरणसंग्रह

(अर्थ सहित)

सम्यक्त्व स्तव प्रकरण

(बालावबोध युक्त)

श्रीमद्वीरजिनं नत्वा, गुरुश्रीज्ञानसागरम् ।
श्रीसम्यक्त्वस्तवस्यार्थो, लिखामि लोकभाषया ॥
गुरूपदेशतः सम्यक्, किञ्चिच्छास्त्रानुसारतः ।
वृद्धपरंपराज्ज्ञात्वा, क्रियते बोधिसंग्रहः ॥

અર્થ—શ્રી વીરજિનેશ્વરને નમીને તથા શ્રી જ્ઞાનસાગર નામના ગુરુને નમસ્કાર કરીને હું શ્રી સમ્યક્ત્વ સ્તવનો અર્થ લોકભાષાએ લખું છું. સમ્યક્ પ્રકારે ગુરુના ઉપદેશથી તથા શાસ્ત્રના અનુસરવાથી અને વૃદ્ધપરંપરાથી કાંઇક જાણીને હું બોધિ (સમકિત) નો સંગ્રહ કરું છું એટલે સમકિતની પ્રાપ્તિ કેમ થાય ? તે કહું છું.

પ્રથમ સૂત્રકારની ગાથા—

મૂળ—जह सम्मत्तसरूवं, परूवियं वीरजिणवरिंदेण ।
तह कित्तणेण तमहं, थुणामि सम्मत्तसुद्धिकए ॥ १ ॥

અર્થ—(**जह**) જેમ (**सम्मत्तसरूवं**) ઉપશમ, ક્ષાયિક અને ક્ષયોપશમાદિ સમ્યક્ત્વનું સ્વરૂપ (**वीरजिणवरिंदेण**) શ્રી વીર જિનવરેંદ્રે (**परूवियं**) પ્રરૂપ્યું છે. (**तह**) તેમ (**कित्तणेण**) કીર્તન કરવાવડે કરીને એટલે જેવી રીતે શ્રી વીર જિનેશ્વરે સમ્યક્ત્વપ્રાપ્તિની પ્રણાલિકા ઉપદેશી છે (**तं**) તે વીર પરમાત્માને તે જ રીતે (**सम्मत्तसुद्धिकए**) સમ્યક્ત્વની શુદ્ધિ થવાને માટે એટલે ક્ષાયિકભાવે સમ્યક્ત્ત્વ થવા માટે (**अहं**) હું (**थुणामि**) સ્તુતિ કરું છું. (૧)

આગમને વિષે કહ્યું છે કે—" **थयथुइमंगलेणं भंते ! किं जणइ ? गोयमा ! नाणदंसणचारित्तबोहिलाभं जणइ ।** "

અર્થ—ગૌતમસ્વામીએ પૂછયું કે-(**भंते**) હે ભગવન્ ! (**थय**) સ્તવન અને (**थुइ**) સ્તુતિરૂપ (**मंगलेणं**) મંગળ કરવાવડે જીવ (**किं जणइ**) શું પ્રાપ્ત કરે ? (**गोयमा**) હે ગૌતમ ! (**नाण**) જ્ઞાન, (**दंसण**) દર્શન, (**चारित्त**) ચારિત્ર અને (**बोहिलाभं**) સમ્યક્ત્વના લાભને (**जणइ**) પ્રાપ્ત કરે.

હવે સમ્યક્ત્વપ્રાપ્તિની અગાઉ જેવી જીવની અવસ્થા હોય તે વ્યતિકરગર્ભિત બીજી ગાથા કહે છે.—

मू०—सामि ! अणाइअणंते, चउगइसंसारघोरकांतारे ।
मोहाइ कम्मगुरुठिइ, विवागवसओ भमइ जीवो ॥२॥

અર્થ—(**सामि !**) હે સ્વામી ! (**अणाइअणंते**) જેની આદિઅંત નથી એવી (**चउगइ**) ચાર ગતિરૂપ (**संसारघोरकांतारे**) સંસારરૂપ મહાભયંકર અટવીને વિષે (**मोहाइ कम्मगुरुठिइ**) મોહનીય આદિક આઠે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિના (**विवागवसओ**) વિપાક ઉદયના પરવશપણાથકી (**जीवो**) જીવ (**भमइ**) ભ્રમણ કરે છે. ૨.

આઠે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે—

" मोहे कोडाकोडी, सत्तरि वीसं च नामगोयाणं ।
तीसायराणि चउण्हं, तित्तीसयराइ आउस्स ॥ " ૧

" (**मोहे कोडाकोडी सत्तरि**) મોહનીય કર્મની સીત્તેર કોડાકોડિ સાગરોપમની સ્થિતિ છે, (**वीसं च नामगोयाणं**) નામકર્મ અને ગોત્રકર્મની વીશ કોડાકોડિ સાગરોપમની સ્થિતિ છે, (**तीसायराणि चउण्हं**) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ ચાર કર્મની ત્રીશ કોડાકોડિ સાગરોપમની સ્થિતિ છે, તથા (**तित्तीसयराइ आउस्स**) આયુકર્મની તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. "

હવે સમ્યક્ત્વપ્રાપ્તિનો ઉપાય બતાવે છે.

મૂ૦—पल्लोवमाइ अहा—पवित्तिकरणेण को वि जइ कुणइ ।
पलियअसंखभागूण—कोडिकोडि अयरठिइ सेसं ॥ ३ ॥

અર્થ—સમ્યક્ત્વ પામવાના ત્રણ કરણ છે. ૧ યથાપ્રવૃત્તિકરણ, ૨ અપૂર્વકરણ અને ૩ અનિવૃત્તિકરણ (**पल्लोवमाइ**) પાલા વિગેરેના દૃષ્ટાંતવડે (**अहापवित्ति-करणेण**) યથાપ્રવૃત્તિકરણે કરીને (**को वि जइ**) જો કોઇ જીવ (**पलियअसंख-भागूण**) આયુકર્મ વર્જીને બાકીના સાતે કર્મની એટલે એક એક કર્મની પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ન્યૂન (**कोडिकोडि अयरठिइ सेसं**) એક એક કોડાકોડિ સાગરોપમની શેષ સ્થિતિને (**कुणइ**) કરે–રાખે. ૩.

સાત કર્મની જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ હતી તે ઘટાડે અને ઉપર પ્રમાણે રાખે ત્યાંસુધી યથાપ્રવૃત્તિ–કરણ કહીએ.

યથાપ્રવૃત્તિકરણ કરતાં બે દૃષ્ટાંત લાભે. તે દૃષ્ટાંતની આવશ્યકમાં કહેલી ગાથા—

" पल्लयगिरिसरिउवला—पिविलियापुरिसपहजरगहिया ।
कोद्दवजलवत्थाणि य, सामाइयलाभदिट्ठंता ॥ "

(**पल्लय**) પહેલું ધાન્યના પાલાનું દૃષ્ટાંત, (**गिरिसरिउवला**) બીજું પર્વતથી પડતી નદીમાં રહેલા પાષાણનું દૃષ્ટાંત, (**पिविलिया**) ત્રીજું કીડીનું દૃષ્ટાંત, (**पुरिसपह**) ચોથું ત્રણ પથિક પુરુષનું દૃષ્ટાંત, (**जरगहिया**) પાંચમું જ્વરગૃહીતનું દૃષ્ટાંત, (**कोद्दव**) છઠ્ઠું મદનકોદ્રવાનું દૃષ્ટાંત, (**जल**) સાતમું મલીન જળનું દૃષ્ટાંત, તથા (**वत्थाणि य**) આઠમું મલીન વસ્ત્રનું દૃષ્ટાંત. (**सामाइयलाभदिट्ठंता**) આ આઠ દૃષ્ટાંતે સમ્યક્ત્વસામાયિકનો લાભ હોય છે. તે યથાસ્થાને કહેશું.

અહીં યથાપ્રવૃત્તિકરણે તેમાંનાં પહેલા બે દૃષ્ટાંત લાભે છે. તે કહે છે:— (યથાપ્રવૃત્તિ) જેમ અનાદિની ચાલ છે તેમ ને તેમ જીવપરિણામનું જેમાં પ્રવતન છે તેને યથાપ્રવૃત્તિકરણ કહીએ. પાલાના દૃષ્ટાંતે–જેમ પૂર્વે ભરેલો ધાન્યનો પાલો. તેમાં થોડું ધાન્ય નાંખીએ અને ઘણું ધાન્ય કાઢીએ ત્યારે તે પાલો કાળાંતરે ખાલી થાય, તેમ કર્મરૂપ ધાન્યે કરી ભરેલો આત્મપ્રદેશરૂપ પાલો છે, તે જીવને ઇચ્છા વિના સહેજે અકામનિર્જરાથી છેદન–ભેદનાદિકથી અશુભ કર્મ ભોગવવાના અવસરે કર્મનિર્જરા ઘણી થાય અને કર્મબંધ ઓછો થાય ત્યારે જેમ ખાલી થાય–ઓછો થાય તેમ. (૧).

હવે બીજું દૃષ્ટાંત નદીના પાષાણનું–જેમ પર્વતપરથી નદીની ધારા પડે ત્યાં નીચે રહેલો પાષાણ નદીની ધારા પડવાથી આમતેમ અથડાઈને તેમ જ પાણીના

પ્રવાહ સાથે ઘસડાઇને ગોળ અને સુંવાળો થાય તેમ પાષાણરૂપ જીવ અને નદીના પાણીના પ્રવાહરૂપ કર્મનો ઉદય, તે કર્મના ઉદયના પ્રવાહમાં પડતાં પૂર્વે કહેલા ન્યાયે ઘણી અકામનિર્જરાએ કરી કોઇક જીવ ધર્મપ્રવૃત્તિ યોગ્ય ઘાટમાં આવી જાય. એ રીતે યથાપ્રવૃત્તિકરણે કરી ગ્રંથિદેશ પ્રત્યે આવે ખરો; પણ એ કરણરૂપ યોગપરિણામે આગળ ન જવાય. તેને માટે બીજા બે કરણની જરૂર પડે.

હવે બીજું અપૂર્વકરણ તે સંસારમાં પરિભ્રમણ કરતો એવો જે જીવ તેના પરિણામવિશેષ, જેવા પૂર્વે થયેલ નથી એવા અપૂર્વ પરિણામવડે નિવિડ રાગદ્વેષના પરિણામમયી ગ્રંથિ ભેદવા સમર્થ થાય તે અધ્યવસાયને અપૂર્વકરણ કહીએ.

ત્રીજું અનિવૃત્તિકરણ. પૂર્વે જે અપૂર્વ અધ્યવસાય થયા તેથી ગ્રંથિભેદ કર્યો એટલે હવે સમકિત પામ્યા વિના પાછો જાય નહીં, તે અનિવૃત્તિકરણ કહીએ.

અહીં ત્રણ કરણની સાક્ષી આપવાને કલ્પભાષ્યની ગાથાઓ કહે છે.—

" अंतिमकोडाकोडि, सव्वकम्माण आउवज्जाणं ।
पलियाअसंखिज्जइ–भागे खीणे हवइ गंठी ॥ "

" (**आउवज्जाणं**) આયુષ્યકર્મ વર્જીને (**सव्वकम्माण**) સર્વ–સાતે કર્મની જુદી જુદી (**अंतिमकोडाकोडी**) છેલ્લી કોડાકોડીની સ્થિતિ (**पलियाअसंखिज्जइ**) પલ્યોપમના અસંખ્યાતમે (**भागे खीणे हवइ गंठी**) ભાગે ન્યૂન રહે, ઉપરની સર્વ ખપી જાય ત્યારે જીવ ગ્રંથિદેશે આવે. "

ગ્રંથિ કેવી છે ? તે કહે છે.—

" गंठि त्ति सुदुब्भेओ, कक्खडघणगूढमूढगंठि व्व ।
जीवस्स कम्मजणिओ, घणरागदोसपरिणामो ॥ "

" (**गंठि त्ति**) ગાંઠ કેવી છે ? (**सुदुब्भेओ**) અત્યંત દુઃખે ભેદવા યોગ્ય, (**कक्खड**) કર્કશ (**घण**) અત્યંત કઠણ (**गूढ**) ગુપ્ત અને (**मूढगंठि व्व**) વક્ર વાંસની ગાંઠ જેવી-જેમ તેમ ભેદાય નહીં એવી, (**जीवस्स कम्मजणिओ**) એ ઉપમાએ અનાદિની જીવને કર્મજનિત (**घणरागदोसपरिणामो**) નિવિડ રાગદ્વેષની પરિણતિરૂપ ગ્રંથિ તે વજ્રવત્ દુર્ભેદ્ય છે. "

" जा गंठी ता पढमं, गंठिसमइत्थउ भवे बीयं ।
अनियट्टीकरणं पुण, सम्मत्तपुरक्खडे जीवे ॥ "

"(**जा गंठी ता पढमं**) જ્યાં ગાંઠ છે ત્યાંસુધી આવે તેને પહેલું યથાપ્રવૃત્તિકરણ હોય (**गंठिसमइत्थउ भवे बीयं**) સામર્થ્યવંત થઇ ગ્રંથિ ભેદતાં બીજું અપૂર્વકરણ હોય. (**सम्मतपुरक्खडे जीवे**) અને સમ્યક્ત્વ પામવું જેની સન્મુખ રહ્યું છે તે જીવને (**अनियट्टीकरणं पुण**) ત્રીજું અનિવૃત્તિકરણ હોય."

मू०—तत्थ वि गंठी घणराग—दोसपरिणइमयं अभिंदंतो ।
गंठिए जीवो वि हहा, न लहइ तुह दंसणं नाह ! ॥ ४ ॥

(**तत्थ वि**) તિહાં પણ કાંઇક ઊણી એક કોડાકોડિ સાગરોપમ દરેક કર્મની સ્થિતિ કરી તો પણ (**गंठी घणरागदोसपरिणइमयं**) નિવિડ રાગ–દ્વેષના પરિણામમયી ગાંઠને (**अभिंदंतो**) અણભેદતો થકો (**गंठिए जीवो वि**) ગ્રંથિદેશને પામેલો જીવ પણ (**हहा**) ઇતિ ખેદે (**नाह!**) હે નાથ! (**तुह दंसणं**) તારું દર્શન શ્રીમુખે કહેલ સમ્યક્ત્વને (**न लहइ**) પામી શકે નહીં; કેમકે આવશ્યકવૃત્તિમાં કહ્યું છે કે—અભવ્ય પણ અનેક વખત અકામનિર્જરા કરતો ગ્રંથિદેશ સુધી આવે છે. ૪."

હવે જીવ જે રીતે ગ્રંથિભેદ કરે છે તે કહે છે:—

मू०—पहिलिय पिविलिय नाएण, को वि पज्जत्तसंनिपंचिंदि ।
भव्वो अवड्ढपुग्गल—परिअत्तावसेससंसारो ॥ ५ ॥

"(**पहिलिय विविलिय नाएण**) અહીં ગ્રંથિદેશ પામ્યા પછી પંથી અને કીડીઓના દૃષ્ટાંતે કરીને (**को वि पज्जत्तसंनिपंचिंदि**) કોઇક પર્યાપ્ત સંજ્ઞીપંચેંદ્રિય એવો (**भव्वो अवड्ढपुग्गलपरिअत्तावसेससंसारो**) અર્ધપુદ્ગલપરાવર્ત બાકી સંસાર છે જેને એવો ભવ્ય જીવ હોય તે. ૫.

"ભવ્ય જીવ શું કરે? તે ભાષ્યની ગાથાવડે લખે છે.—

"जह इह तिन्नि मणुस्सा, जंति पहं सहावगमणेणं ।
कालाइक्कमभीया, तुरंति पत्ता य दो चोरा ॥"

"(**जह इह**) જેમ અહીં કોઇક (**तिन्नि मणुस्सा**) ત્રણ મનુષ્ય (**सहावगमणेणं**) સહેજે પ્રયોજન વિના ગમન કરવાવડે (**जंति पहं**) અટવી માર્ગે જાય છે. તેમાં ઘણી અટવી ઓળંગી ગયા. (**कालाइक्कमभीया**) કાળ અતિક્રમવે કરી અસુર વખતે ભય પામ્યા. એટલામાં તો (**तुरंति पत्ता य दो चोरा**) તુરત જ બે ચોર આવીને પ્રાપ્ત થયા."

" दट्ठुं मग्गतडत्थे, एगो मग्गाउ पडिनिअत्तो ।
बीओ गहिओ तइओ, समइक्कंतो पुरं पत्तो ॥ "

" (**दट्ठुं मग्गतडत्थे**) માર્ગના મુખે ઢુંકડા બે ચોર દેખીને (**एगो मग्गाउ पडिनिअत्तो**) તે ત્રણમાંથી એક તો માર્ગથકી પાછો જ વળી ગયો. (**बीओ गहिओ**) બીજાને ચોર લોકોએ પકડી લીધો. (**तइओ**) ત્રીજો મનુષ્ય (**समइक्कंतो पुरं पत्तो**) સમ્યક્ પ્રકારે બળ-વીર્ય ફોરવી ચોરને હતપ્રહત કરી ઇચ્છિત સ્થાનકે પહોંચ્યો."

" अडविभवो मणुस्सा, जीवा कम्मठिईपहो दीहो ।
गंठी य भयठाणं, राग दोसा य दो चोरा ॥ "

" (**अडविभवो मणुस्सा**) ભવભ્રમણરૂપ અટવી કહીએ. તેમાં મનુષ્ય તે ત્રણ જાતિના સંસારી (**जीवा**) જીવો કહીએ (**कम्मठिईपहो दीहो**) કર્મની સ્થિતિ તે મોટો લાંબો માર્ગ કહીએ. (**गंठी य भयठाणं**) ગ્રંથિદેશ તે ભયનું સ્થાન કહીએ. (**राग दोसा य दो चोरा**) રાગદ્વેષરૂપ બે ચોર કહીએ. "

" भग्गो ठिइपरिवुड्ढि, गहिओ पुणो गंठिओ गओ तइओ ।
सम्मत्तपुरं एवं, जोइज्जा तिन्नि करणाइं ॥ "

" (**भग्गो ठिइपरिवुड्ढि**) જે રાગદ્વેષરૂપી ચોરને જોઇને નાઠો તે જીવ ફરીને મોહનીય વિગેરે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે. (**गहिओ पुण गंठिओ**) બીજો જે રાગદ્વેષરૂપી ચોરે ગ્રહ્યો તે ત્યાં ઊભો રહ્યો. તે કેટલાક કાળ સુધી એવે જ અધ્યવસાયે ગ્રંથિદેશને વિષે રહે (**गओ तइओ**) અને ત્રીજો ગયો તે અપૂર્વકરણ-રૂપી મોઘરે કરીને રાગદ્વેષરૂપી ચોરને હતપ્રહત કરે તે (**सम्मत्तपुरं एवं**) સમકિતરૂપી નગરને પામ્યો જાણવો. (**जोइज्जा तिन्नि करणाइ**) એ પ્રમાણે ત્રણે કરણનો ઉપનય જાણવો."

હવે ત્રણ ગાથાવડે કીડીઓનું દૃષ્ટાંત દેખાડે છે.

" खिइ सहाविय गमणं, ठाणु सरणं तओ समुप्पयणं ।
ठाणं ठाणुसिरे वा, उहरणं जाण मुअंगीणं ॥ "

" (**खिइ सहाविय गमणं**) જેમ કોઇ કીડી પૃથ્વી પર સહજ સ્વભાવે ગમન કરે છે, પણ કોઇની પ્રેરણા નથી. એ કીડી તો ફરતીફરતી ખીલા પાસે અથવા ભીંત પાસે આવીને પાછી ફરી જાય અથવા ચડીને અધવચથી પાછી ઉતરે

(**ठाणु सरणं**) કોઈક કીડી તો ખીલા ઉપર કે ભીંત ઉપર ચડીને બેસી રહે (**तओ**) તે વાર પછી (**ठाणं ठाणुसिरे वा**) કોઈક કીડી સ્થાન ઉપર ચડીને (**समुप्पयणं**) તે સ્થાનકથી ઊડી જાય, (**उहरणं जाण मुअंगीणं**) આ પ્રમાણે કીડીઓનું દૃષ્ટાંત જાણવું.

હવે તેનો ઉપનય કહે છે.

" खिइगमणं पिव पढमं, ठाणु सरणं च करणमपुव्वं ।
उप्पयणं पिव तत्तो, जीवाणं करणमानियट्टि ॥ "

" (**खिइगमणं पिव पढमं**) કીડીનું પૃથ્વી ઉપર ફરવું-ખીલાના મૂળ સુધી આવવું તે પહેલું યથાપ્રવૃત્તિકરણ છે. (**ठाणु सरणं च**) કોઇ કીડી ખીલા ઉપર ચડીને બેસી રહી (**करणमपुव्वं**) તે સરખું બીજું અપૂર્વકરણ છે; (**तत्तो**) તથા (**उप्पयणं पिव**) કોઈ કીડી ખીલા ઉપર ચડીને ખીલા ઉપરથી ઊડી ગઇ તેના સરખું (**जीवाणं करणमनियट्टि**) જીવને અનિવૃત્તિકરણ જાણવું. "

તે જ વાત કહે છે.—

" ठाणु व्व गंठिदेसो, गंठियपत्तस्स तत्थेव ठाणं ।
ओसरणं पिव तत्तो, पुणो वि कम्मठिइविवुड्ढि ॥ "

" (**ठाणु व्व गंठिदेसो**) જે ખીલો છે ત્યાં જ ટકી રહેવું, તે ગ્રંથિદેશે રહેવું જાણવું. તે (**गंठियपत्तस्स तत्थेव ठाणं**) ગ્રંથિગત જીવનું કેટલાક કાળ સુધી ત્યાં રહેવું થાય તેના સરખું છે. (**ओसरणं पिव तत्तो**) તે ગ્રંથિદેશથી પાછો ફરે (**पुणो वि कम्मठिइविवुड्ढि**) તે જીવ ફરી કર્મસ્થિતિની પણ વૃદ્ધિ કરે એટલે ઉત્કૃષ્ટિ કર્મસ્થિતિ બાંધે. "

मू०—अपुव्वकरणमुग्गर—घायलिहियदुट्ठगंठिभेओ सो ।
अंतमुहुत्तेण गओ, नियट्टिकरणे विसुज्झंतो ॥ ६ ॥

અર્થ—(**अपुव्वकरणमुग्गर**) હવે જે પૂર્વોક્ત લક્ષણવંત જીવ ગ્રંથિદેશ સુધી આવે ત્યાં કોઈવાર પરિણામ પામ્યો નથી એવો અપૂર્વ પરિણામ, તે રૂપી મુદ્‌ગર એટલે વજ્ર સરખો (**घायलिहियदुट्ठगंठिभेओ**) પૂર્વોક્ત ગ્રંથિ તેને ભેદવાને મુદ્‌ગરના ઘાતે કરીને કર્યો છે દુષ્ટ ગ્રંથિનો ભેદ જેણે (**सो**) તથાભૂત તે જીવ (**विसुज्झंतो**) વિશુદ્ધમાન પરિણામની નિર્મળતા વધતે થકે (**अंतमुहुत्तेण**) અંતર્મુહૂર્ત્ત માત્રમાં (**नियट्टिकरणे गओ**) અનિવૃત્તિકરણે ગયેલો જાણવો. ૬.

અનિવૃત્તિકરણે ગયો થકો જીવ જે કરે તે કહે છે.—

मू०—सो तत्थ रणे सुहडो व, वयरिजयजणियपरमआणंदं।
सम्मत्तं लहइ जीवो, सामन्नेण तुह पसाया ॥ ७ ॥

અર્થ—(**सो तत्थ**) તે જીવ ત્યાં અનિવૃત્તિકરણે વિશુદ્ધ પરિણામના જોરથી મિથ્યાત્વના પુંજની બે સ્થિતિ કરે. પહેલી સ્થિતિ એક અંતર્મુહૂર્ત્તમાં વેદ્ય લઘુસ્થિતિ-મિથ્યાત્વમોહનીયના દળીયાં કે જે કોડાકોડિ સાગરોપમમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન છે તે સ્થિતિમાંથી ખેંચી લે તે. એટલે મોટી સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ વેદ્ય સ્થિતિના દળ ખેંચીને જુદા કરે તે. પછી તેને ઉદયાવળીમાં નાખીને વેદી લેય એટલે ત્યારપછી વચમાં જે જગ્યા ખાલી રહી તેને અંતરકરણ કહીએ. હવે તે અંતરકરણના પ્રથમ સમયે (**तुह पसाया**) હે નાથ ! તારા પ્રસાદે કરી ક્ષાયિકસમ્યકત્વની પેઠે વિશિષ્ટ તો નહીં પરંતુ (**सामन्नेण सम्मत्तं लहइ जीवो**) સામાન્યપણે અલ્પકાલીન એવું ઉપશમ સમકિત જીવ પામે. શી ઉપમાએ ? (**रणे सुहडो व**) જેમ સુભટ સંગ્રામમાં (**वयरिजयजणियपरमआणंदं**) વૈરીને જીતવાથી પરમ આનંદ પામે તેના સરખું જીવ ઉપશમ સમકિત પામે એટલે તેને પરમ આનંદ થાય. ૭.

" पावंति खवेऊणं, कम्माइ अहापवित्तीकरणेणं ।
उवलनाएण कहमवि, अभिन्नपुव्विं तओ गंठिं ॥ "

" तं गिरिवरं च भेत्तुं, अपुव्वकरणुग्गवज्जधाराए ।
अंतोमुहुत्तकालं, गंतुमनियट्टिकरणम्मि ॥ "

" (**कम्माइ अहापवित्तीकरणेणं**) યથાપ્રવૃત્તિકરણે કરીને મિથ્યાત્વાદિ કર્મોને (**खवेउणं**) ખપાવીને (**उवलनाएण**) નદીના પાષાણના દૃષ્ટાંતે કરી (**कहमवि**) કોઇ પ્રકારે ગ્રંથિપાસે આવે. પછી (**अभिन्नपुव्विं तओ गंठिं**) પૂર્વે નહીં તોડેલી એવી રાગદ્વેષ પરિણતિમય મિથ્યાત્વની તે ગ્રંથિને (**गिरिवरं च**) પર્વતને (**भेत्तुं**) ભેદવાને (**अपुव्वकरणुग्गवज्जधाराए**) અપૂર્વકરણરૂપ ઉગ્ર-તીક્ષ્ણ વજ્રની ધારાએ કરીને જીવ ગ્રંથિને ભેદતો (**अंतोमुहुत्तकालं**) અંતર્મુહૂર્ત્તકાળમાં (**गंतुमनियट्टिकरणम्मि**) અનિવૃત્તિકરણે ગયો થકો.

ત્યાં શું કરે તે કહે છે—

" पइसमयं सुज्झतो, खविउ कम्माइं तत्थ बहुआइं ।
मिच्छत्तम्मि उइन्ने, खीणे अणुदियम्मि उवसंतं ॥ "

" (**पइसमयं**) સમય સમય પ્રત્યે (**सुज्झंतो**) વિશુદ્ધમાન પરિણામી થકો (**खविउ कम्माइं तत्थ बहुआइं**) ત્યાં ઘણા કર્મોને ખપાવે. (**मिच्छत्तम्मि उइन्ने खीणे**) તે વખતે જે મિથ્યાત્વના દળીયાં ઉદય આવ્યા હોય તેનો ક્ષય કરે (**अणुदियम्मि उवसंतं**) અને જે ઉદય ન આવ્યા હોય તેને ઉપશમાવે. એટલે ઉદીરણાદિ કરણ, વિપાકઉદય અને પ્રદેશઉદય થઈ શકે નહી તેવા કરે તેને ઉપશમ કહીએ.

અંતરકરણ કરતાં જે થયું તે આગલી ગાથાએ કરી કહે છે:—

" संसारगिम्मतविओ, तत्तो गोसीसचंदणरसो व ।
अइपरमनिव्वुइकरं, तस्संते लहइ सम्मत्तं ॥ "

જેમ કોઇક પથિક જન ઉનાળામાં મધ્યાન્હ સમયે નિર્જળ વનમાં સૂર્યના પડેલા તાપે કરી આકુળવ્યાકુળ થયો હોય તેને શીતળ સ્થાન મળે, બાવનાચંદનનો રસ છાંટે ત્યારે તે પથિક સાતા પામે તેમ ભવ્ય જીવરૂપ પથિક (**संसारगिम्म**) અનાદિ સંસારરૂપ ઉગ્ર ગ્રીષ્મકાળે (**तविओ**) જન્મમરણાદિરૂપ નિર્જળ વનમાં કષાયરૂપ ઉગ્ર તાપે પીડ્યો સતો રોગશોકાદિરૂપ લૂએ દગ્ધ થયેલો, તૃષ્ણારૂપ મોટી પિપાસાએ પરાભવ પામ્યો થકો (**तत्तो**) ત્યારપછી અનિવૃત્તિકરણરૂપ શુદ્ધ સરલ માર્ગ પામી, દૂરથી અંતરકરણરૂપ શીતળ સ્થાન દેખી હર્ષવંત થકો ઉતાવળો ત્યાં પહોંચે એટલે (**अइपरं**) અતિ ઉત્કૃષ્ટ (**अनिव्वुइकरं**) અનિવૃત્તિકરણ કરી (**तस्संते**) તેને અંતે અંતરકરણને પ્રથમ સમયે (**गोसीसचंदणरसो व**) ગોશીર્ષચંદનના રસ જેવું શીતળ (**सम्मत्तं लहइ**) સમ્યક્ત્વ પામે.

મિથ્યાત્વના ત્રણ ભાંગા કહે છે

અભવ્યને અનાદિઅનંતરૂપ પહેલો ભાંગો જાણવો. ભવ્ય જીવને અનાદિસાંત બીજો ભાંગો જાણવો. જે જીવ સમ્યક્ત્વ પામી, પાછો વમન કરી મિથ્યાત્વે જાય, વળી શુભ સામગ્રીના જોગથી સમ્યક્ત્વ પામે, મિથ્યાત્વનો અંત કરે તેને ત્રીજો સાદિસાંત ભાંગો જાણવો. ચોથો સાદિઅનંત ભાંગો મિથ્યાત્વને માટે ન હોય. જેને ક્ષાયિક સમકિતાદિક ગુણ પ્રગટ થાય તેને સમકિતને અંગે હોય.

તે જ વાત કહે છે:—

" मिच्छत्तमभव्वाणं, तमणाइमणंतयं मुणेयव्वं ।
भव्वाणं तमणाइ–सपज्जवसियं तु सम्मत्ते ॥ "

" (**मिच्छत्तमभव्वाणं**) અભવ્યને મિથ્યાત્વ (**तमणाइमणंतयं**) અનાદિ અનંત ભાંગે (**मुणेयव्वं**) જાણવું (**भव्वाणं**) ભવ્યને (**तमणाइसपज्जवसियं तु सम्मत्ते**)

તે મિથ્યાત્વ અનાદિ સપર્યવસિત ભાંગે જાણવું. એટલે મિથ્યાત્વનો અંત થાય અને સમ્યક્ત્વ પામે ત્યારે એમ સમજવું.”

હવે સમ્યક્ત્વ કેટલે ભેદે હોય ? તે કહે છે:—

मू०—तं चेगाविहं दुविहं, तिविहं तह चउविहं च पंचविहं ।
तत्थेगाविहं जं तुह—पणीयभावेसु तत्तरुइ ॥ ८ ॥

અર્થ—(**तं चेगविहं**) વળી તે સમ્યક્ત્વ એક પ્રકારે, (**दुविहं**) બે પ્રકારે, (**तिविहं**) ત્રણ પ્રકારે, (**तह**) તથા (**चउविहं**) ચાર પ્રકારે (**च**) અને (**पंचविहं**) પાંચ પ્રકારે પણ આગમમાં કહ્યું છે. તે ભેદોનું સ્વરૂપ વિસ્તારથી કહે છે—(**तत्थेगविहं**) તેમાં એક પ્રકારનું સમ્યક્ત્વ તે કહીએ કે (**जं**) જે હે ભગવન્ ! (**तुह**) તમારા (**पणीयभावेसु**) પ્રકાશ્યા જે જીવાદિક ભાવ-પદાર્થ તેને વિષે (**तत्तरुइ**) તત્ત્વની રૂચિ હોય અર્થાત્ પરમાર્થ બુદ્ધિ હોય-અરિહંત દેવે જે તત્ત્વ ભાખ્યું તે જ સત્ય છે એવી શ્રદ્ધા હોય તે જાણવું. ૮

તે વિષે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે:—

“ रुचिर्जिनोक्ततत्त्वेषु, सम्यक् श्रद्धानमुच्यते ।
जायते तन्निसर्गेण, गुरोरधिगमेन च ॥ ”

“ (**जिनोक्ततत्त्वेषु**) જિનેશ્વરે કહેલા તત્ત્વને વિષે (**रुचि**) જે રુચિ તે (**सम्यक् श्रद्धानमुच्यते**) સમ્યક્ શ્રદ્ધાન કહેવાય છે. (**तत्**) તે શ્રદ્ધાન (**निसर्गेण**) સ્વાભાવિકપણે-પોતાની મેળે (**च**) અને (**गुरोरधिगमेन**) ગુરુના ઉપદેશથી એમ બે પ્રકારે (**जायते**) થાય છે. ”

હવે દ્વિવિધ સમ્યક્ત્વ ત્રણ પ્રકારે થાય છે તે કહે છે:—

मू०—दुविहं तु दव्वभावा, निच्छं ववहारओ वि अहवा वि ।
निस्सग्गुवएसाओ, तुहवयणविऊहिं निद्दिट्ठं ॥ ९ ॥

અર્થ—(**तु**) વળી (**दुविहं**) બે પ્રકારનું સમ્યક્ત્વ તે (**दव्वभावा**) દ્રવ્યથી અને ભાવથી હોય છે, (**निच्छं ववहारओ वि**) તથા નિશ્ચય અને વ્યવહારથી પણ હોય છે, (**अहवा वि**) અથવા (**निस्सग्गुवएसाओ**) સ્વભાવથી અને બીજાના ઉપદેશથી પણ હોય છે. એમ (**तुह**) તમારા (**वयणविऊहिं**) વચનને જાણનાર પુરુષોએ (**निद्दिट्ठं**) કહ્યું છે-દેખાડ્યું છે. ૯

હવે દ્વિવિધ સમ્યક્ત્વના જે ત્રણ પ્રકાર કહ્યાં તેનું લક્ષણ કહે છે:—

मू०—तुह वयणे तत्तरुई, परमट्ठमजाणओ वि दव्वगयं ।
सम्मं भावगयं पुण, परमट्ठवियाणओ होइ ॥ १० ॥

અર્થ—હે પ્રભુ ! (**परमट्ठमजाणओ वि**) પરમાર્થને નહીં જાણતાં છતાં પણ (**तुह**) તમારા (**वयणे**) વચનને વિષે જે (**तत्तरुई**) તત્ત્વરૂચિ છે, તે (**दव्वगयं**) દ્રવ્યગત (**सम्मं**) સમ્યક્ત્વ કહેવાય છે. (**पुण**) વળી (**परमट्ठवियाणओ**) પરમાર્થ જાણનારા પુરુષને (**भावगयं**) ભાવગત સમ્યક્ત્વ (**होइ**) હોય છે. ૧૦

આ વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે:—

" जीवाइ नव पयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।
भावेण सद्दहंतो, अयाणमाणे वि सम्मत्तं ॥ "

" (**जीवाइ**) જીવ, અજીવ વિગેરે (**नव**) નવ (**पयत्थे**) પદાર્થોને (તત્ત્વોને) (**जो**) જે જીવ (**जाणइ**) જાણે છે, (**तस्स**) તેને (**सम्मत्तं**) ભાવસમ્યક્ત્વ (**होइ**) હોય છે. તથા (**भावेण**) ભાવથી (**सद्दहंतो**) શ્રદ્ધા કરનારને (**अयाणमाणे वि**) નહીં જાણતા છતાં પણ (**सम्मत्तं**) દ્રવ્યસમ્યક્ત્વ હોય છે. "

હવે નિશ્ચય અને વ્યવહાર એ બે પ્રકારના સમ્યક્ત્વનું લક્ષણ કહે છે:—

मू०—निच्छयओ सम्मत्तं, नाणाइमयप्पसुहपरिणामो ।
इयरं पुण तुह समये, भणियं सम्मत्तहेऊहिं ॥ ११ ॥

અર્થ—(**नाणाइमयप्प**) જ્ઞાનાદિક એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રમય આત્માનો જે (**सुहपरिणामो**) શુભ પરિણામ, તે (**निच्छयओ**) નિશ્ચયથી (**सम्मत्तं**) સમ્યક્ત્વ કહેવાય છે. (**पुण**) વળી (**इयरं**) બીજું એટલે વ્યવહાર સમ્યક્ત્વ તે (**तुह समये**) તમારા સિદ્ધાંતમાં (**सम्मत्तहेऊहिं**) મિથ્યાત્વીના સંસ્તવ (પરિચય) વિગેરે અતિચારાદિક દોષનો ત્યાગ અને દેવગુરુની ભક્તિ બહુમાનવડે શાસનની ઉન્નતિરૂપ સમ્યક્ત્વના હેતુઓએ કરીને (**भणियं**) કહ્યું છે. ૧૧

નિશ્ચય સમ્યક્ત્વ વિષે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે:—

" आत्मैव दर्शनज्ञान—चारित्राण्यथवा यतेः ।
यस्तदात्मैव स्वगुणैः, शरीरमधितिष्ठति ॥ "

" (**यतेः**) સાધુનો (**आत्मैव**) આત્મા જ (**दर्शनज्ञानचारित्राणि**)

દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ છે તે (**अथवा**) અથવા તો (**यस्तदात्मैव**) જે તેનો આત્મા છે તે જ (**स्वगुणैः**) પોતાના જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણે કરીને (**शरीरं**) શરીરમાં (**अधितिष्ठति**) રહેલો છે. તેથી રત્નત્રયીના શુદ્ધ ઉપયોગે વર્તતા જીવને જ નિશ્ચય સમ્યક્ત્વ કહીએ. "

વ્યવહાર સમ્યક્ત્વ વિષે ગુણસ્થાનકવિચારમાં કહ્યું છે કે:—

" देवे गुरौ च सङ्के च, सद्भक्तिशासनोन्नतिम् ।
अव्रतोऽपि करोत्येव, स्थितिं तूर्ये गुणालये ॥ "

" (**देवे**) દેવને વિષે, (**गुरौ च**) ગુરુને વિષે અને (**सङ्के च**) સંઘને વિષે (**सद्भक्तिशासनोन्नति**) બહુમાન સહિત ભક્તિ કરે, શાસનની ઉન્નતિ કરે, તો તે જીવ (**अव्रतोऽपि**) વ્રત રહિત છતો પણ (**तूर्ये**) ચોથા (**गुणालये**) ગુણસ્થાનકને વિષે (**स्थितिं**) સ્થિતિને (**करोत्येव**) કરે છે અર્થાત્ સમકિત પામે છે. "

હવે નિસર્ગ સમ્યક્ત્વ અને ઉપદેશજન્ય સમ્યક્ત્વ કહે છે:—

मू०—जल १ वत्थ २ मग्ग ३ कुद्दव ४ जराइ ५ नाएण जेण पन्नत्तं ।
निसग्गुवएसभवं, सम्मत्तं तस्स तुज्झ नमो ॥ १२ ॥

અર્થ—(**जल**) જળ ૧, (**वत्थ**) વસ્ત્ર ૨, (**मग्ग**) માર્ગ ૩, (**कुद्दव**) કોદ્રવ ૪ અને (**जराइ**) જ્વર-તાવ વિગેરે ૫ (**नाएण**) આ પાંચ દૃષ્ટાંતે કરીને (**जेण**) હે પ્રભુ ! જે તમે (**निसग्गुवएसभवं**) નિસર્ગ અને ઉપદેશથી ઉત્પન્ન થયેલું (**सम्मत्तं**) સમ્યક્ત્વ (**पन्नत्तं**) કહ્યું છે, (**तस्स तुज्झ**) તેવા તમને (**नमो**) નમસ્કાર થાઓ. ૧૨

આ ગાથામાં પાંચ દૃષ્ટાંતો કહ્યા છે. તેમાં જળ, વસ્ત્ર અને કોદ્રવ એ ત્રણ દૃષ્ટાંતો આગળ ઉપર પુંજત્રયની ભાવના અવસરે કહેવાશે, બાકીના માર્ગ અને જ્વર એ બે દૃષ્ટાંત આ પ્રમાણે:—

જેમ કોઈક પથિક માર્ગમાં ભૂલો પડ્યો, તે બીજા કોઇના ઉપદેશ વિના જ ભમતો ભમતો પોતાની મેળે માર્ગે ચડી જાય અને કોઈક પથિક તથાવિધ પાપના ઉદયથી સજ્જનનો યોગ ન પામવાથી માર્ગ પામે જ નહીં અને કોઇક પથિક બીજાને પૂછી તેના કહેવાથી-બતાવવાથી માર્ગને પામે.

વળી કોઇને જ્વર આવ્યો હોય તે ઔષધ કર્યા વિના જ સાજો થાય, કોઇનો જ્વર ઔષધાદિક કરવાથી જાય અને કોઇનો જ્વર ઔષધાદિક કરવાથી પણ ન જાય. આ પ્રમાણે આદિશબ્દથી બીજા વ્યાધિઓ માટે પણ સમજવું.

એ જ રીતે કોઈક શુકલપાક્ષિક ભવ્ય જીવ કાળાદિક કારણોને પામીને પોતાની મેળે જ વિચારતો થકો સમ્યક્ત્વ પામે, તે નિસર્ગસમ્યક્ત્વ કહેવાય છે, તથા કોઈક ભવ્ય જીવ પૂર્વોક્ત કાળાદિક કારણ હોય પણ સદ્‌ગુરુના યોગે ઉપદેશ સાંભળી, મિથ્યાત્વનો ત્યાગ કરી દેવ, ગુરુ અને ધર્મની સદ્દહણારૂપ સમ્યક્ત્વને પામે તેને ઉપદેશસમ્યક્ત્વ કહીએ.

હવે ત્રણ પ્રકારે સમ્યક્ત્વ કહે છે.—

मू०—तिविहं कारग–रोअग–दीवगभेएहिं तुहमयविऊहिं ।
खाओवसमो–वसमिय–खाइयभेएहिं वा कहियं ॥ १३ ॥

અર્થ—હે નાથ ! (**तुहमयविऊहिं**) તમારા મતને જાણનારા ગણધરાદિકે (**कारग**) કારક, (**रोअग**) રોચક અને (**दीवगभेएहिं**) દીપક એ ભેદે કરીને (**तिविहं**) ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ કહ્યું છે (**वा**) અથવા તો (**खाओवसम**) ક્ષાયોપશમિક, (**उवसमिय**) ઔપશમિક અને (**खाइयभेएहिं**) ક્ષાયિક એ ભેદે કરીને પણ ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ (**कहियं**) કહ્યું છે. ૧૩

હવે કારકાદિક સમ્યક્ત્વનાં લક્ષણો કહે છે.—

मू०—जं जह भणियं तुमए, तं तह करणम्मि कारगो होइ ।
रोअगसम्मत्तं पुण, रुइमित्तकरं तु तुह धम्मे ॥ १४ ॥

અર્થ—હે નાથ ! (**तुमए**) તમે (**जं**) જે ક્રિયાનુષ્ઠાનાદિક (**जह**) જે પ્રકારે કરવાનું (**भणियं**) કહ્યું છે, (**तं**) તે ક્રિયાનુષ્ઠાનાદિ (**तह**) તે જ પ્રકારે (**करणम्मि**) કરવાથી (**कारगो**) કારક સમ્યક્ત્વ (**होइ**) હોય છે. (**पुण**) વળી બીજું (**रोअगसम्मत्तं**) રોચક સમ્યક્ત્વ તે (**तुह धम्मे**) તમારા ધર્મને વિષે (**रुइमित्तकरं तु**) રુચિમાત્રને કરનારું છે એટલે કે જિનોક્ત ધર્મ કરવાની ઇચ્છા કરે, શુદ્ધ શ્રદ્ધા રાખે, કોઈને ધર્મક્રિયા કરતા જોઈને સારું માને, પરંતુ પોતે ભારેકર્મી હોવાથી ક્રિયાનુષ્ઠાનાદિક કરી શકે નહીં, તેને રોચક સમ્યક્ત્વ કહીએ-કારક સમકિતમાં ચારિત્રનો પણ સમાવેશ જાણવો. (૧૪)

હવે દીપક સમ્યક્ત્વ કહે છે:—

मू०—सयमिह मिच्छद्दिट्ठी, धम्मकहाईहिं दीवइ परस्स ।
दीवगसम्मत्तमिणं, भणंति तुह समयमईणो ॥ १५ ॥

અર્થ—(**सयमिह**) અહીં પોતે (**मिच्छद्दिट्ठी**) મિથ્યાદૃષ્ટિ હોય એટલે

કે અભવ્ય કે દૂરભવ્ય હોય, પણ અંગારમર્દકાદિક અભવ્યની જેમ (**धम्मकहाईहिं**) ધર્મકથાદિકે કરીને (**परस्स**) બીજા ભવ્ય જીવને ધર્મે કરીને (**दीवइ**) દીપાવે-ધર્મ પમાડે (**इणं**) તેને (**तुह**) તમારા (**समयमईणो**) સિદ્ધાંતને જાણનારાઓ (**दीवगसम्मतं**) દીપક સમ્યક્ત્વ (**भणंति**) કહે છે. ૧૫

સિદ્ધાંતમાં કહ્યું છે કે:—

" विहियाणुट्ठाणं पुण, कारगमिह रोयगं तु सद्दहणं ।
मिच्छद्दिट्ठी दीवइ, जं तत्ते दीवगं तं तु ॥ "

" (**विहियाणुट्ठाणं पुण**) કર્યું છે આગમાનુસાર અનુષ્ઠાન જેણે તે (**इह**) અહીં (**कारगं**) કારક સમ્યક્ત્વ કહીએ (**तु**) વળી (**सद्दहणं**) જિનભાષિત તત્ત્વને વિષે જે સદ્દહણા તે (**रोयगं**) રોચક સમકિત કહીએ. વળી (**मिच्छ-दिट्ठी**) પોતે મિથ્યાદષ્ટિ હોય છતાં પરને (**जं**) જે (**तत्ते**) તત્ત્વને (**दीवइ**) દીપાવે-ઓળખાવે (**तं तु**) તેને (**दीवगं**) દીપક સમકિત કહીએ."

હવે બીજી રીતે સમ્યક્ત્વના ત્રણ ભેદ કહે છે.—

मू०—अपुव्वकयतिपुंजो, मिच्छमुइन्नं खवित्तु अणुइन्नं ।
उवसामिय अनियट्टि—करणाउओ परं खओवसमी ॥ १६ ॥

અર્થ—(**अपुव्वकयतिपुंजो**) અપૂર્વકરણના બળવડે કર્યા છે ત્રણ પુંજ જેણે એવો જીવ (**उइन्नं**) ઉદયમાં આવેલા (**मिच्छं**) મિથ્યાત્વને (**खवित्तु**) ખપાવીને તથા (**अणुइन्नं**) ઉદયમાં નહીં આવેલા મિથ્યાત્વને (**उवसामिय**) ઉપશમાવીને (**अनियट्टिकरणाउओ**) અનિવૃત્તિકરણ કરવા થકી (**परं**) શ્રેઠ એવા (**खओवसमी**) ક્ષયોપશમ સમ્યક્ત્વને પામે છે. ૧૬ (આ સિદ્ધાંતકારનો મત છે.)

કલ્પભાષ્યમાં કહ્યું છે કે:—

" आलंबणमलहंती, जह सट्ठाणं न मुंचए इलिया ।
एवं अकयतिपुंजो, मिच्छं चिय उवसमी एइ ॥ "

" (**जह**) જેમ (**इलिया**) ઈયળ (**आलंबणं**) આલંબનને (**अलहंती**) નહીં પામી સતી (**सट्ठाणं**) પોતાના સ્થાનને-જે ઠેકાણે રહી છે તે સ્થાનને (**न मुंचए**) છોડતી નથી. (**एवं**) એ જ પ્રમાણે (**अकयतिपुंजो**) નથી કર્યા ત્રણ પુંજ જેણે એવો (**उवसमी**) ઉપશમ સમકિતવાળો જીવ સાસ્વાદની થઈને (**मिच्छं चिय**) મિથ્યાત્વે જ (**एइ**) જાય છે. "

અહીં ત્રણ પુંજનું દૃષ્ટાંત કહે છે—જેમ મીણ સહિત કોદ્રવ ધાન્યને ઉષ્ણ જળાદિક ઔષધના યોગે એક ભાગ મીણ રહિત કર્યો તે શુદ્ધ, બીજો ભાગ અરધો શુદ્ધ કર્યો તે અર્ધશુદ્ધ અને ત્રીજો ભાગ જેવો હતો તેવોને તેવો રહ્યો, તે અશુદ્ધ જાણવો. તથા જેમ કોઈક વસ્ત્ર મલિન હતું, તે ક્ષારાદિક ઔષધના યોગે અતિ સ્વચ્છ-નિર્મળ થાય, બીજું ક્ષારાદિક થોડો પ્રયત્ન હોવાથી થોડું (અર્ધ) નિર્મળ થાય. અને ત્રીજું મલિન જ રહે. તથા મલિન જળ જેમ નિર્મળી ફળાદિકના યોગે અતિ સ્વચ્છ થાય, બીજું થોડું નિર્મળ થાય અને ત્રીજું મલિન જ રહે. એમ ત્રણ દૃષ્ટાંતે અંતરકરણગત ઉપશમ સમ્યક્ત્વરૂપ ઔષધના યોગે કરી મિથ્યાત્વમોહનીયનાં દળીયાં મિથ્યાત્વરૂપ મીણથી ભરેલાં હતાં તેનો એક ભાગ તો શુદ્ધ કર્યો—મીણ રહિત કર્યો, બીજો ભાગ અર્ધ મીણ રહિત થયો, એટલામાં અંતર્મુહૂર્ત્તના કાળની સમાપ્તિ થઇ તેથી બીજો ભાગ તો અર્ધ શુદ્ધ થયો પણ ત્રીજો ભાગ શુદ્ધ કરવાને તો પહોંચી શકયો જ નહીં તેથી તે ત્રીજો ભાગ તો સંપૂર્ણ મિથ્યાત્વરૂપ મીણ સહિત વિષથી ભરેલો જ રહી ગયો.

હવે તે ત્રણ પુંજના ત્રણ નામ કહ્યા છે. તેમાં પહેલો શુદ્ધપુંજ તે દર્શન (સમકિત) મોહની, બીજો અર્ધશુદ્ધ તે મિશ્રમોહની અને ત્રીજો સર્વથા અશુદ્ધ તે મિથ્યાત્વમોહની કહેવાય છે.

શ્રી વિશેષાવશ્યકની વૃત્તિમાં કહ્યું છે કેઃ—

" तद्यथेह प्रदीपस्य, स्वच्छाभ्रपटलैर्गृहम् ।
न करोत्यावृतिं कांचि–देवमेतद्रवेरपि ॥
एकपुञ्जी द्विपुञ्जी च, त्रिपुञ्जी वा ननु क्रमात् ।
दर्शन्युभयवांश्चैव, मिथ्यादृष्टिश्च कीर्तितः ॥ "

" આ લોકમાં જેમ સ્વચ્છ અભ્રકના પડાંતરે રહેલો દીવો ઘરમાં સર્વસ્થાને ઉદ્યોત કરે છે અને કાંઈપણ આવરણને કરતો નથી. તે જ પ્રમાણે ઉજ્જવળ વાદળા-વડે સૂર્યનો પ્રકાશ પણ આવરણ કરતો નથી. તેવી રીતે શોધેલા મિથ્યાત્વના દળીયાં પણ ન્યૂન શ્રદ્ધા કરે નહીં એમ સમકિતમોહની માટે સમજવું. તેમાં જે ત્રણ પુંજી છે તે સમ્યગ્દર્શની, બે પુંજી છે તે મિશ્રદર્શની અને એક પુંજી છે તે મિથ્યાદૃષ્ટિ છે. "

વળી કર્મગ્રંથના અભિપ્રાયે કહ્યું છે કેઃ—

कम्मगंथेसु धुवं, पढमोवसमी करेइ पुंजतियं ।
तव्वडिओ पुण गच्छइ, सम्मे मीसाइ मिच्छे वा ॥ "

" (**कम्मग्गंथेसु**) કર્મગ્રંથને વિષે (**धुवं**) નિશ્ચે (**पढमोवसमी**) પ્રથમ ઉપશમ સમકિત પામનાર જીવ અંતરકરણમાં (**पुंजतियं**) ત્રણ પુંજને (**करेइ**) કરે છે. (**पुण**) વળી (**तव्वडिओ**) તે ઉપશમ સમ્યક્ત્વથકી પડેલો જીવ (**सम्मे**) ક્ષયોપશમ સમ્યક્ત્વને વિષે, (**मीसाइ**) અથવા મિશ્રને વિષે (**वा**) અથવા (**मिच्छे**) મિથ્યાત્વને વિષે (**गच्छइ**) જાય છે. "

હવે કર્મગ્રંથની શૈલીએ ઉપશમ સમ્યક્ત્વપ્રાપ્તિનો ઉપાય કહે છે:—

મૂ०—अकयतिपुंजो ऊसर, दवईलिय दड्ढरुक्खनाएण ।
अंतरकरणुवसमिओ, उवसमिओ वा ससेणिगओ ॥१७॥

અર્થ—(**अकयतिपुंजो**) જેણે પૂર્વે ત્રણ પુંજ કર્યા ન હોય એવો જીવ જેમ (**ऊसर**) ઉખર ક્ષેત્રને પામીને તેમજ (**दवईलिय**) દાવાનળના અગ્નિથી બળેલી અને (**दड्ढरुक्खनाएण**) બળેલા વૃક્ષોવાળી ભૂમિને પામીને નવો દાવાનળ શાંત થાય છે તેમ (**अंतरकरणुवसमिओ**) અંતરકરણ કરવાવડે ઉપશમ સમ્યક્ત્વ પામે છે, (**वा**) અથવા (**ससेणिगओ**) પોતાની શ્રેણિમાં એટલે ઉપશમ શ્રેણિમાં રહ્યો સતો (**उवसमिओ**) ઉપશમ સમ્યક્ત્વને પામે છે. ૧૭

તે વિષે કહ્યું છે કે:—

" उवसमसेढिगयस्स य, होइ उवसामिओ उ सम्मत्तं ।
जो वा अकयतिपुंजो, अखवियमिच्छो लहइ सम्मं ॥ "

" (**उवसमसेढिगयस्स य**) ઉપશમશ્રેણિ ઉપર રહેલાને-માંડનારને (**उवसामिओ उ**) ઉપશમ નામનું (**सम्मत्तं**) સમ્યક્ત્વ (**होइ**) હોય છે. (**वा**) અથવા (**अकयतिपुंजो**) નથી કર્યા ત્રણ પુંજ જેણે અને (**अखवियमिच्छो**) મિથ્યાત્વ ખપાવ્યું નથી એવો (**जो**) જે જીવ (**सम्मं**) સમ્યક્ત્વને (**लहइ**) પામે છે તે ઉપશમસમકિત જાણવું."

હવે સ્વશ્રેણિ જે ઉપશમશ્રેણિ તેની વિધિ અનુક્રમે લખે છે. તેમાં પ્રથમ ઉપશમશ્રેણિ ચડવા યોગ્ય જીવના લક્ષણ ગુણસ્થાનકક્રમારોહ ગ્રંથથી લખે છે:—

" पूर्वज्ञः शुद्धिमान् युक्तो, ह्याद्यैः संहननैस्त्रिभिः ।
संध्यायन्नाद्यशुक्लांशं, स्वश्रेणिं श्रयते क्रमात् ॥ "

" (**पूर्वज्ञः**) પૂર્વગત શ્રુતને જાણનાર હોય, (**शुद्धिमान्**) નિત્ય અપ્રમત્ત-નિરતિચાર ચારિત્રવંત હોય, (**ह्याद्यैः**) પહેલા (**त्रिभिः**) ત્રણ (**संहननैः**)

સંહનનવડે (**युक्तः**) સહિત હોય અને (**आद्यशुक्लांशं**) શુકલધ્યાનના પહેલા પાયાનું (**संध्यायन्**) ધ્યાન કરતો હોય તે (**क्रमात्**) અનુક્રમે (**स्वश्रेणिं**) પોતાની ઉપશમશ્રેણિનો (**श्रयते**) આશ્રય કરે છે એટલે ઉપશમશ્રેણિનો પ્રારંભ કરે છે."

વળી ગુણસ્થાનક્રમારોહ ગ્રંથમાં કહ્યું છે કે:—

" अपूर्वादिद्वयेकैक—गुणेषु समकं क्रमात् ।
करोति विंशतेः शान्तिं, लोभाणुत्वं च तच्छमम् ॥ "

" (**अपूर्वादिद्वे**) અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદર એ બે ગુણઠાણે (**क्रमात्**) અનુક્રમે (**समकं**) સાથે (**विंशतेः**) સંજ્વલન લોભવર્જિત બાકીની ચારિત્ર-મોહનીની વીશ પ્રકૃતિની (**शांतिं**) શાંતિ (**करोति**) કરે છે એટલે ઉપશમાવે છે. પછી (**एकैकगुणेषु**) એક એક ગુણસ્થાને એટલે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને (**लोभाणुत्वं च**) સંજ્વલન લોભ મોહનીય પ્રકૃતિનું અણુપણું કરે છે અને ઉપશાંતમોહ ગુણસ્થાને (**तच्छमम्**) તે જ અણુરૂપ લોભપ્રકૃતિને ઉપશમાવે છે. એમ સર્વોપશમ કરે છે. તેમાં અલ્પ આયુવાળો શ્રેણિસમાપ્તિને અવસરે મરણ પામ્યો થકો અહમિંદ્રપણે ઉપજે છે—સર્વાર્થસિદ્ધ પર્યંત અહમિંદ્ર દેવતા થાય છે. કહ્યું છે કે—

" श्रेण्यारूढकृते काले—ऽहमिन्द्रेष्वेव गच्छति ।
पुष्टायुस्तूपशान्तान्तं, नयेच्चारित्रमोहनीम् ॥ "

" (**श्रेण्यारूढकृते काले**) ઉપશમશ્રેણિ ઉપર આરૂઢ થયેલો કાળ કરે તો (**अहमिन्द्रेष्वेव**) અહમિંદ્રને વિષે જ (**गच्छति**) જાય છે. (**तु**) પુનઃ વળી (**पुष्टायुः**) પુષ્ટ એટલે મોટા આયુષ્યવાળો જીવ (**उपशान्तान्तं**) ઉપશાંત ગુણસ્થાનનો અંત કરે છે અને (**चारित्रमोहनीं नयेत्**) ચારિત્રમોહની પ્રત્યે લઇ જાય છે એટલે ઉપશમાવેલા ચારિત્રમોહનીને પાછા ઉદયમાં લાવે છે. ઉપશાંતમોહ ગુણસ્થાને ચડેલો જીવ અવશ્ય પડે છે." તે વિષે કહ્યું છે કે:—

" व्रतमोहोदयं प्राप्यो—पशमी च्यवते ततः ।
अधःकृतमलं तोयं, पुनर्मालिन्यमश्नुते ॥ "

" (**उपशमी**) ઉપશમશ્રેણિવાળો (**व्रतमोहोदयं**) ચારિત્રમોહનીયનો ઉદય (**प्राप्य**) પામીને (**ततः**) તે થકી (**च्यवते**) પાછો ચ્યવે જ છે—પડે જ છે; કેમકે (**अधःकृतमलं**) નીચે કર્યો છે—બેસાડી દીધો છે મળ જેનો એવું (**तोयं**)

જળ (**पुनः**) ફરીથી (**मालिन्यं**) મલિનતાને (**अश्नुते**) પામે છે. એટલે કોઈ ઔષધાદિક પ્રયોગવડે જળનો મળ નીચે બેસી જાય તો પણ પાછું વાયુ વિગેરેના પ્રયોગથી તે પાણી મલિન થાય છે તેમ પ્રમાદના યોગથી ઉપશમી જીવ ચ્યવે છે–પડે છે."

કહ્યું છે કે:—

" सुअकेवली आहारग, उजुमइ उवसंतगावि उ पमाया ।
हिंडंति भवमणंतं, तयणंतरमेव चउगइया ॥ "

" (**सुअकेवली**) શ્રુતકેવળી–ચૌદપૂર્વી, (**आहारग**) આહારકશરીરની લબ્ધિવાળા, (**उजुमइ**) ઋજુમતિ મનઃપર્યવજ્ઞાની તથા (**उवसंतगावि उ**) ઉપશાંતમોહ એટલે અગ્યારમા ગુણસ્થાનકવાળા પણ (**पमाया**) પ્રમાદના યોગથી (**तयणंतरमेव**) તે જ ભવની પછી અનંતર (**चउगइया**) ચારે ગતિવાળા થઈને (**अणंतं भवं**) અનંત ભવ (**हिंडंति**) ભ્રમણ કરે છે."

ઉપશમશ્રેણિ વિષે સિદ્ધાંતમાં કહ્યું છે કે:—

" जीवो हु इक्कजम्मंमि, इक्कसेढी करेइ उवसमगो ।
खयं पि कुज्जा नो कुज्जा, दो वारे उवसामगो ॥ "

" (**उवसमगो**) ઉપશમશ્રેણિવાળો જે (**जीवो**) જીવ (**हु**) નિશ્ચે (**इक्कजम्मंमि**) એક જન્મને વિષે (**इक्कसेढी**) એક વાર ઉપશમશ્રેણિ (**करेइ**) કરે, તે જીવ (**खयं पि**) ક્ષપકશ્રેણિને પણ (**कुज्जा**) કરે; પરંતુ (**दो वारे**) બે વાર (**उवसामगो**) ઉપશમશ્રેણિ કરે તે (**नो कुज्जा**) તે જ ભવમાં ક્ષપકશ્રેણિ ન કરે."

અહીં અચરમશરીરી ઉપશમથકી પડ્યા થકા પ્રથમ ગુણસ્થાનકે–મિથ્યાત્વે પણ જાય છે. તે વિષે ગુણસ્થાનકમારોહ ગ્રંથમાં કહ્યું છે કે:—

" अपूर्वाद्यास्त्रयोऽप्यूर्ध्व–मेकं यान्ति शमोद्यताः ।
चत्वारोऽपि च्युतावाद्यं, सप्तमं चान्त्यदेहिनः ॥ "

" ઉપશમશ્રેણિ ચડતાં (**अपूर्वाद्याः**) અપૂર્વ આદિ એટલે અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાય એ (**त्रयोऽपि**) ત્રણે ગુણસ્થાનકવાળા (**ऊर्ध्वं**) ઉંચે ચડતાં (**शमोद्यताः**) ઉપશમના ઉદ્યમવાળા (**एकं यान्ति**) એક એક ગુણસ્થાને ચડે છે અને (**च्युतौ**) પડતી વખતે (**चत्वारोऽपि**) અપૂર્વાદિક ચારે ગુણસ્થાનકોથી અનુક્રમે પડતા પડતા (**आद्यं**) પહેલા ગુણસ્થાનક સુધી જાય છે.

(**च**) તથા (**अन्त्यदेहिनः**) જે ચરમશરીરી હોય તે પડતાં પડતાં (**सप्तमं**) સાતમે ગુણસ્થાનકે આવીને અટકે છે અને તે સાતમા ગુણસ્થાનકથી ક્ષપકશ્રેણિ માંડી તે જ ભવે કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે.

શ્રેણિ વિષે કહ્યું છે કેઃ—

" उवसमसेणिचउक्कं, जाइ जीवस्स आभवं नूणं ।
ता पुण दो एगभवे, खवगसेणी पुणो एगा ॥ "

" (**जीवस्स**) જીવને (**नूणं**) નિશ્ચે (**आभवं**) આખા સંસારમાં મોક્ષ પામે ત્યાંસુધીમાં (**उवसमसेणिचउक्कं**) ચાર વખત ઉપશમશ્રેણિ (**जाइ**) હોઈ શકે છે. (**पुण**) વળી (**ता**) તે ઉપશમશ્રેણિ (**एगभवे**) એક ભવને વિષે (**दो**) બે વાર હોઈ શકે છે, (**पुणो**) પરંતુ (**खवगसेणी**) ક્ષપકશ્રેણિ તો આખા સંસારમાં (**एगा**) એક જ વખત પ્રાપ્ત થાય છે. "

હવે ક્ષાયિકસમકિતનું સ્વરૂપ કહે છે.

મૂ૦—मिच्छाइखए खइओ, सो सत्तगखीणि ठाइ बध्धाऊ ।
चउतिभवभाविमुक्खो, तब्भवसिद्धी वि इयरो वा ॥१८॥

અર્થ:—" (**मिच्छाइखए**) મિથ્યાત્વાદિક સાત પ્રકૃતિનો ક્ષય કર્યે સતે (**खइओ**) ક્ષાયિક સમકિતવાળો થાય છે. (**सो**) તે જીવ (**बद्धाऊ**) પૂર્વે આયુષ્ય બાંધ્યું હોય તો (**सत्तगखीणि**) સાત પ્રકૃતિનો ક્ષય કરીને (**ठाइ**) ત્યાં જ રહે અર્થાત્ ક્ષપકશ્રેણિ માંડે નહીં, અને તે જીવનો (**चउतिभवभाविमुक्खो**) ચાર કે ત્રણ ભવમાં મોક્ષ થાય. (**वा**) અથવા (**इयरो**) બીજો એટલે પૂર્વે આયુષ્ય બાંધ્યું ન હોય તે જીવ (**तब्भवसिद्धी वि**) તે જ ભવે સિદ્ધિને પામે." ૧૮.

હવે ચાર પ્રકારે સમ્યક્ત્વ કહે છેઃ—

મૂ૦—चउहाओ सासाणं, गुडाइवमणु व्व मालपडणु व्व ।
उवसमिओ उ पडंतो, सासाणो मिच्छमपत्तो ॥ १९ ॥

અર્થ:—" (**चउहाओ**) ચાર પ્રકારે સમ્યક્ત્વ હોય. તેમાં પ્રથમ કહ્યા પ્રમાણે ત્રણ પ્રકાર તથા ચોથો પ્રકાર (**सासाणं**) સાસ્વાદન છે. તે (**गुडाइवमणु व्व**) ગોળ આદિકના વમન જેવું છે. એટલે કે પ્રથમ ખાધેલા ગોળનું વમન કરતી વખતે તેનો મીઠો સ્વાદ આવે છે, તેમ સમક્તિનું વમન કરી મિથ્યાત્વે જતાં વચ્ચે છ આવળિકા સુધી સમકિતનો સ્વાદ આવે છે. તથા (**मालपडणु व्व**) માળથકી પડવા

જેવું છે એટલે કે જેમ માળથકી પડતાં વચ્ચેના ભાગને સ્પર્શતો બેશુદ્ધિથી અવશ્ય ભૂમિને સ્પર્શે છે તેમ સમકિતી જીવ પણ અનંતાનુબંધી કષાયના ઉદયબળે ત્યાં ટકી શકતો નથી-ત્યાંથી જરૂર પડે છે. તે જ કહે છે.—(**उ**) तु પુનઃ—વળી (**उवसमिओ**) ઉપશમસમકિતવાળો (**पडंतो**) પડતો થકો અને (**मिच्छं**) મિથ્યાત્વને (**अपत्तो**) હજુ પામ્યો નથી, તે (**सासाणो**) સાસ્વાદન કહેવાય છે." ૧૯.

વિશેષાવશ્યકમાં કહ્યું છે કે:—

" उवसमसम्मत्ताओ, चइऊ मिच्छं अपावमाणस्स ।
सासायणसम्मत्तं, तयंतरालंमि छावलियं ॥ "

" (**उवसमसम्मत्ताओ**) ઉપશમ સમકિતથકી (**चइऊ**) ચ્યવીને (**मिच्छं**) મિથ્યાત્વને (**अपावमाणस्स**) નહીં પામેલાને (**तयंतरालंमि**) તેને આંતરે-વચ્ચે (**छावलियं**) છ આવળિકાના પ્રમાણવાળું (**सासायणसम्मत्तं**) સાસ્વાદન સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે."

હવે પાંચ પ્રકારે સમ્યક્ત્વ કહે છે:—

मू०—वेयगजुअ पंचविहं, तं च तु दुपुंजखयंमि तइयस्स ।
खयकालचरमसमए, सुद्धाणुवेयगो होइ ॥ २० ॥

અર્થ:—" પૂર્વે કહ્યા ચાર તે (**वेयगजुअ**) વેદક સમ્યક્ત્વવડે યુક્ત કરવાથી (**पंचविहं**) પાંચ પ્રકારે સમ્યક્ત્વ કહેવાય છે. (**तं च तु**) तु પુનઃ વળી તે વેદક સમ્યક્ત્વ (**दुपुंजखयंमि**) મિથ્યાત્વ અને મિશ્ર એ બે પુંજનો ક્ષય કરે અને (**तइयस्स**) ત્રીજા સમ્યક્ત્વપુંજના (**खयकालचरमसमए**) ક્ષયકાળના છેલ્લા સમયે (**सुद्धाणुवेयगो**) છેલ્લા શુદ્ધ પરમાણુનું જે વેદવું તે વેદકસમકિત (**होइ**) હોય છે."૨૦

હવે તે પાંચે સમ્યક્ત્વનો કાળ કહે છે.—

मू०—अंतमुहुत्तोवसमो, छावलिय सासाण वेयगो समओ ।
साहिय तित्तीसायर, खइओ दुगुणो खओवसमो ॥ २१ ॥

અર્થ:—" (**अंतमुहुत्तोवसमो**) ઉપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ એક અંતર્મુહૂર્ત્તનો છે, (**सासाण**) સાસ્વાદનનો ઉત્કૃષ્ટ કાળ (**छावलिय**) છ આવળિકાનો છે, (**वेयगो**) વેદકનો કાળ (**समओ**) એક સમય છે, (**खइओ**) ક્ષાયિકનો કાળ (**साहिय**) સાધિક એટલે મનુષ્યભવની અપેક્ષાએ કાંઇક અધિક (**तित्तीसायर**) તેત્રીશ

સાગરોપમ છે, અને (**खओवसमो**) ક્ષયોપશમનો કાળ (**दुगुणो**) તેનાથી બમણો એટલે સાધિક છાસઠ સાગરોપમ છે." ૨૧

ક્ષયોપશમનો તેટલો કાળ શી રીતે થાય? તે વિષે સિદ્ધાંતમાં કહ્યું છે કે—

" दो वारे विजयाइसु, गयस्स तिन्नीअ अच्चुए अहवा ।
तह अइरेग नरभाविय, नाणाजीवाण सवद्धा ॥ "

"(**दो वारे**) બે વાર (**विजयाइसु**) વિજયાદિકમાં (**गयस्स**) ગયેલાને (**अहवा**) અથવા (**अच्चुए**) અચ્યુતદેવલોકમાં (**तिन्नीअ**) ત્રણ વાર ગયેલાને છાસઠ સાગરોપમ થાય છે. (**तह**) તથા (**नरभविय**) મનુષ્યભવના આયુષ્ય જેટલું (**अइरेग**) અધિક થાય છે એમ જાણવું. તથા (**नाणाजीवाण**) નાના પ્રકારના જીવોને આશ્રીને (**सवद्धा**) સર્વકાળ ક્ષયોપશમ સમકિત હોય છે."

હવે સંસારમાં ભ્રમણ કરતા જીવ એ પાંચે સમ્યક્ત્વમાં કયું કયું સમ્યક્ત્વ કેટલી વાર પામે ? તે કહે છેઃ—

मू०—उक्कोसं सासायण, उवसमिया हुंति पंच वाराओ ।
वेयग खयग इक्कंसी, असंखवारा खओवसमो ॥ २२ ॥

અર્થ:—આખા સંસારને વિષે એક જીવને આશ્રીને (**उक्कोसं**) ઉત્કૃષ્ટપણે (**सासायण**) સાસ્વાદન સમ્યક્ત્વ અને (**उवसमिया**) ઉપશમ સમ્યક્ત્વ (**पंच वाराओ**) પાંચ વાર (**हुंति**) હોઇ શકે છે, તથા (**वेयग**) વેદક સમ્યક્ત્વ અને (**खयग**) ક્ષાયિક સમ્યક્ત્વ (**इक्कंसी**) એક જ વાર પ્રાપ્ત થાય છે, તથા (**ख-ओवसमो**) ક્ષયોપશમ સમ્યક્ત્વ (**असंखवारा**) અસંખ્ય વાર પ્રાપ્ત થાય છે. ૨૨.

હવે કયા ગુણસ્થાને કયું સમ્યક્ત્વ હોય ? તે કહે છે.—

मू०—बीयगुणे सासाणो, तुरियाइसु अट्ठिगार चउ चउसु ।
उवसमग खइग वेयग, खाओवसमा कमा हुंति ॥ २३ ॥

અર્થ:—(**सासाणो**) સાસ્વાદન સમ્યક્ત્વ (**बीयगुणे**) બીજા સાસ્વાદન નામના ગુણસ્થાને હોય છે, (**उवसमग**) ઉપશમ સમ્યક્ત્વ (**तुरियाइसु**) ચોથા ગુણસ્થાનકથી આરંભીને (**अट्ठ**) આઠ ગુણસ્થાનક સુધી એટલે અગ્યારમા ઉપશાંત-મોહ સુધી હોય છે, (**खइग**) ક્ષાયિક સમ્યક્ત્વ (**इगार**) ચોથાથી અગ્યાર સુધી એટલે ચૌદમા અયોગીકેવળી ગુણસ્થાન સુધી હોય છે, (**वेयग**) વેદક સમ્યક્ત્વ અને (**खाओवसमा**) ક્ષાયોપશમ સમ્યક્ત્વ એ બે (**कमा**) અનુક્રમે (**चउ चउसु**)

ચાર ચાર ગુણસ્થાનને વિષે એટલે ચોથા ગુણસ્થાનથી માંડીને સાતમા અપ્રમત્ત ગુણસ્થાન સુધી (**हुंति**) હોય છે. આ સિવાય બીજા ગુણસ્થાને હોતા નથી." ૨૩.

સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિ, સર્વવિરતિ અને ઉપશમશ્રેણિ તથા ક્ષપકશ્રેણિ ક્યારે પ્રાપ્ત થાય ? તે કહે છે:—

" सम्मत्तम्मि उ लद्धे, पलियपुहत्तेण सावओ हुज्जा ।
चरणोवसमखयाणं, सायरसंखंतरा हुंति ॥ "

" (**सम्मत्तम्मि उ**) તુ પુનઃ—વળી સમ્યક્ત્વ (**लद्धे**) પામે સતે (**पलियपुहत्तेण**) પલ્યોપમ પૃથક્ત્વે કરીને એટલે કે અંતઃસાગરોપમ કોડાકોડિની સ્થિતિમાંથી બેથી નવ પલ્યોપમ સુધીની સ્થિતિ ઓછી કરે ત્યારે (**सावओ हुज्जा**) શ્રાવક એટલે દેશવિરતિવાળો થાય છે. તેટલી સ્થિતિમાંથી પણ (**सायरसंखंतरा**) સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઓછી કરે ત્યારે (**चरण**) ચરિત્ર એટલે સર્વવિરતિને પામે છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઓછી કરે ત્યારે (**उवसम**) ઉપશમશ્રેણિને પામે છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઓછી કરે ત્યારે (**खयाणं**) ક્ષપકશ્રેણિ પામનારો (**हुंति**) થાય છે."

તીર્થંકરાદિકની આશાતનાનું ફળ કહે છે—

" तित्थयरं पवयण सुअ, आयरियं गणहरं महिड्ढीयं ।
आसायंतो बहुसो, अणंतसंसारिओ होइ ॥ "

" (**तित्थयरं**) તીર્થંકર, (**पवयण**) પ્રવચન, (**सुअ**) શ્રુત, (**आयरियं**) આચાર્ય, (**गणहरं**) ગણધર અને (**महिड्ढीयं**) મહર્દ્ધિક એટલે તપ, સંયમ અને શ્રુત સંબંધી સમૃદ્ધિવાળા એટલાની (**बहुसो**) ઘણે પ્રકારે (**आसायंतो**) આશાતના કરનાર જીવ (**अणंतसंसारिओ**) અનંત સંસારી (**होइ**) થાય છે."

હવે આગમમાં કહેલા સમ્યકત્વના પ્રકારો કહે છે:—

" एगविह दुविह तिविहं, चउहा पंचविह दसविहं सम्मं ।
दव्वाइ कारयाई, उवसमभेएहिं वा सम्मं ॥

" (**एगविह**) જિનધર્મની શ્રદ્ધા તે એક પ્રકારે, (**दुविह-दव्वाइ**) દ્રવ્યથી અને ભાવથી, નિશ્ચયથી ને વ્યવહારથી ઇત્યાદિ બે પ્રકારે, (**तिविहं-कारयाई उवसमभेएहिं वा सम्मं**) કારક, રોચક ને દીપક અથવા ઉપશમ, ક્ષાયિક ને ક્ષયોપશમ સમકિત ઇત્યાદિ ત્રણ પ્રકારે, (**चउहा**) ઉપશમાદિ ત્રણમાં સાસ્વાદન ભેળવતાં ચાર

પ્રકારે અને (**पंचविह**) પૂર્વોક્ત ચાર ભેદમાં વેદક ભેળવતાં પાંચ પ્રકારે તથા (**दसविहं**) દશ પ્રકારે (**सम्मं**) સમ્યક્ત્વ હોય છે."

હવે સમ્યક્ત્વના દશ પ્રકાર કહે છે—

" निसग्गुवएसरुई, आणरुई सुत्तबीयरुइमेव ।
अभिगमवित्थाररुई, किरियासंखेवधम्मरुई ॥ "

"(**निसग्गुवएसरुई**) નિસર્ગરુચિ ૧, ઉપદેશરુચિ ૨, (**आणरुई**) આજ્ઞારુચિ ૩, (**सुत्तबीयरुइमेव**) સૂત્રરુચિ ૪, બીજરુચિ ૫, (**अभिगमवित्थाररुई**) અભિગમરુચિ ૬, વિસ્તારરુચિ ૭, (**किरिया**) ક્રિયારુચિ ૮, (**संखेव**) સંક્ષેપરુચિ ૯ અને (**धम्मरुई**) ધર્મરુચિ ૧૦."

હવે એ દરેક રુચિનું સ્વરૂપ કહે છે—

" भूअत्थेणाहिगया, जीवाजीवा य पुन्नपावं च ।
सहसम्मइ आसव, संवरो य रोएउ निसग्गो ॥
जो जिणदिट्ठे भावे, चउव्विहे सद्दहाइ सयमेव ।
एमेव य नन्नहात्ति य, स निसग्गरुइ त्ति नायव्वो ॥ "

"(**भूअत्थेण**) સત્ય અર્થે કરીને (**अहिगया**) જાણ્યા એવા (**जीवाजीवा य**) જીવ અને અજીવ, તથા (**पुन्नपावं च**) પુણ્ય અને પાપ, (**आसव**) આશ્રવ અને (**संवरो य**) સંવર, એ પદાર્થોને (**सहसम्मइ**) પોતાની સન્મતિએ કરીને (**रोएउ**) જે રુચાવે તે (**निसग्गो**) નિસર્ગ કહીએ. (**जो**) જે જીવ (**चउव्विहे**) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અથવા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારના (**जिणदिट्ठे**) જિનેશ્વરે કહેલા (**भावे**) ભાવોને (**सयमेव**) પોતાની મેળે (**सद्दहाइ**) શ્રદ્ધા કરે—(**एमेव य**) આ એમજ છે, (**नन्नहत्ति य**) અન્યથા પ્રકારે નથી એમ સદ્દહે (**स**) તે જીવ (**निसग्गरुइत्ति**) નિસર્ગરુચિ છે એમ (**नायव्वो**) જાણવું. (૧)

" एए चेव उवइट्ठे, जो परेण केण सद्दहइ ।
छउमत्थेण जिणेण वा, उवएसरुइ त्ति नायव्वो ॥ "

"(**जो**) જે જીવ (**एए चेव**) આજ જિનોક્ત સિદ્ધાંતના પદાર્થોની (**परेण केण**) બીજા કોઈ (**छउमत्थेण**) છદ્મસ્થે (**वा**) અથવા (**जिणेण**) સામાન્ય કેવળી

વિગેરેએ (**उवइट्ठे**) ઉપદેશ આપે સતે (**सद्दहइ**) શ્રદ્ધા કરે તે જીવ (**उवएसरुइ त्ति**) ઉપદેશરુચિ છે એમ (**नायव्वो**) જાણવું." (૨)

" राग द्दोसो मोहो, अन्नाणं जस्स ववगयं होइ ।
आणाए रोयंतो, सो खलु आणारुई नाम ॥ "

"(**जस्स**) જેના (**राग**) રાગ, (**द्दोसो**) દ્વેષ, (**मोहो**) મોહ અને (**अन्नाणं**) અજ્ઞાન એ સર્વ (**ववगयं**) નાશ પામેલા (**होइ**) હોય, તે સત્ય જ બોલે, અન્યથા બોલે નહીં એમ જાણી તેવા જિનેશ્વરની (**आणाए**) આજ્ઞાને (**रोयंतो**) જે રુચાવે (**सो**) તે (**खलु**) નિશ્ચે (**आणारुई नाम**) આજ્ઞારુચિ કહીએ." (૩)

" जो सुत्तमहिज्जंतो, सुएण ओगाहई सम्मत्तं ।
अंगेण बाहिरेण व, सो सुत्तरुइ त्ति नायव्वो ॥ "

" (**जो**) જે જીવ (**सुत्तं**) સૂત્રને (**अहिज्जंतो**) ભણતો થકો (**अंगेण**) અગ્યાર અંગ (**व**) અથવા (**बाहिरेण**) અંગબાહ્ય એટલે બાર ઉપાંગ વિગેરે (**सुएण**) શાસ્ત્રે કરીને (**सम्मत्तं**) સમ્યક્ત્વને (**ओगाहई**) અવગાહે-પામે, (**सो**) તે જીવ (**सुत्तरुइत्ति**) સૂત્રરુચિ છે એમ (**नायव्वो**) જાણવું." (૪)

" एगेण अणेगाई, पयाइं जो सरइ उ सम्मत्तं ।
उदए व तेलबिंदु, सो बीयरुइ त्ति नायव्वो ॥ "

" (**जो**) જે જીવ (**एगेण**) ગુરુ આદિકથકી એક પદવડે એક જીવાદિ પદ અથવા તેના અર્થ વિગેરે જાણીને (**अणेगाई**) અનેક (**पयाइं**) પદોને એટલે પદાર્થોને (**सरइ उ**) સંભારે—જાણે અને તેથી (**सम्मत्तं**) સમ્યક્ત્વને પામે. (**व**) જેમ (**उदए**) જળને વિષે (**तेलबिंदु**) તેલનો બિંદુ પ્રસરે છે તેમ જેની બુદ્ધિ એક પદાર્થને જાણી ઘણા પદાર્થોમાં પ્રસરે (**सो**) તે જીવ (**बीयरुइ त्ति**) બીજરુચિ છે એમ (**नायव्वो**) જાણવું." (૫)

" सो होइ अभिगमरुई, सुअनाणं जेण अत्थओ दिट्ठं ।
इक्कारसमंगाइं, पइन्नगं दिट्ठीवाओ अ ॥ "

"(**इक्कारसमंगाइं**) અગ્યાર અંગ, (**पइन्नगं**) પ્રકીર્ણકો—પયન્નાઓ (**दिट्ठीवाओ अ**) અને દૃષ્ટિવાદ એ સર્વ (**सुअनाणं**) શ્રુતજ્ઞાન (**जेण**) જેણે (**अत्थओ**) અર્થથી (**दिट्ठं**) જાણ્યું હોય (**सो**) તે (**अभिगमरुई**) અભિગમરુચિ (**होइ**) હોય છે એમ જાણવું." (૬)

" दव्वाण सव्व भावा, सव्वपमाणेहिं जस्स उवलद्धा ।
सव्वाहिं नयविहीहि य, वित्थाररुइ त्ति नायव्वो ॥ "

" (**जस्स**) જે જીવે (**दव्वाण**) ધર્માસ્તિકાયાદિક દ્રવ્યોના (**सव्व भावा**) દ્રવ્ય, ગુણ, પર્યાય વિગેરે સર્વ ભાવો (**सव्वपमाणेहिं**) પ્રત્યક્ષાદિક સર્વ પ્રમાણોએ કરીને (**य**) અને (**सव्वाहिं**) સર્વ (**नयविहीहि**) નયના પ્રકારે કરીને એટલે સપ્તનય અને સપ્તભંગીએ કરીને (**उवलद्धा**) જાણ્યા હોય તે જીવ (**वित्थाररुइ त्ति**) વિસ્તારરુચિ છે એમ (**नायव्वो**) જાણવું." (૭)

" दंसण नाण चरित्ते, तव विणए सच्च समिइ गुत्तीसु ।
जो किरिया भावरुई, सो खलु किरियारुई नाम ॥ "

" (**दंसण**) દર્શન, (**नाण**) જ્ઞાન, (**चरित्ते**) ચારિત્ર, (**तव**) તપ, (**विणए**) વિનય, (**सच्च**) સત્ય, (**समिइ**) સમિતિ અને (**गुत्तीसु**) ગુપ્તિ, એ સર્વને વિષે (**जो**) જે જીવ (**किरिया भावरुई**) ક્રિયા કરવાની રુચિવાળો હોય (**सो**) તે જીવ (**खलु**) નિશ્ચે (**किरियारुई नाम**) ક્રિયારુચિ નામનો કહેવાય છે. " (૮)

" अणभिगहियकुदिट्ठी, संखेवरुइ त्ति होइ नायव्वो ।
अविसारओ पवयणे, अणभिगहिओ अ सेसेसु ॥ "

" (**अणभिगहियकुदिट्ठी**) જે અનભિગ્રહીત મિથ્યાદષ્ટિ હોય, (**पवयणे**) પ્રવચનસિદ્ધાંતને વિષે (**अविसारओ**) અકુશળ હોય, (**अ**) અને (**सेसेसु**) બીજા શાસ્ત્રોને વિષે (**अणभिगहिओ**) આગ્રહ રહિત હોય, તે (**संखेवरुइ त्ति होइ**) સંક્ષેપરુચિ હોય છે એમ (**नायव्वो**) જાણવું. " (૯)

" जो अत्थिकायधम्मं, सुअधम्मं खलु चरित्तधम्मं च ।
सद्दहइ जिणाभिहियं, सो धम्मरुइ त्ति नायव्वो ॥ "

" (**जो**) જે જીવ (**जिणाभिहियं**) જિનેશ્વરે કહેલા (**अत्थिकायधम्मं**) ધર્માસ્તિકાય વિગેરે પદાર્થોને, (**सुयधम्मं**) શ્રુતધર્મને (**च**) અને (**खलु**) નિશ્ચે (**चरित्तधम्मं**) ચારિત્રધર્મને (**सद्दहइ**) સદ્દહે–શ્રદ્ધા કરે (**सो**) તે (**धम्मरुइ त्ति**) ધર્મરુચિ કહેવાય છે એમ (**नायव्वो**) જાણવું. " (૧૦)

હવે સમ્યક્ત્વના સડસઠ ભેદ વિશુદ્ધ વ્યવહારથી કહે છેઃ—

मू०—तिसुद्धि लिंग लक्खण, दूसण भूसण पभावगागारा ।
सद्दहण जयण भावण, ठाण विणय गुरुगुणाईयं ॥ २४ ॥

અર્થ:—" (**तिसुद्धि**) ત્રણ શુદ્ધિ, (**लिंग**) ત્રણ લિંગ, (**लक्खण**) પાંચ લક્ષણ, (**दूसण**) પાંચ દૂષણ, (**भूसण**) પાંચ ભૂષણ, (**पभावग**) આઠ પ્રભાવક, (**आगारा**) છ આગાર, (**सद्दहण**) ચાર સદ્દહણા, (**जयण**) છ જયણા, (**भावण**) છ ભાવના, (**ठाण**) છ સ્થાન, (**विणय**) દશ વિનય (**गुरुगुणाईयं**) ગુરુગુણ વિગેરે જાણવા. " ૨૪ (છેલ્લો શબ્દ વિચારણીય છે)

વિસ્તરાર્થ—

ત્રણ શુદ્ધિ—મનશુદ્ધિ ૧, વચનશુદ્ધિ ૨ અને કાયશુદ્ધિ ૩.

ત્રણ લિંગ—ધર્મશ્રવણની ઇચ્છા ૧, ધર્મરાગ ૨ અને દેવગુરુની વૈયાવચ્ચ ૩.

પાંચ લક્ષણ—ઉપશમ ૧, સંવેગ ૨, નિર્વેદ ૩, અનુકંપા ૪ અને આસ્તિકય ૫.

પાંચ દૂષણ—શંકા ૧, કાંક્ષા ૨, વિચિકિત્સા ૩, મિથ્યાત્વીની પ્રશંસા ૪ અને મિથ્યાત્વીનો પરિચય ૫.

પાંચ ભૂષણ—જિનશાસનમાં કુશળતા ૧, શાસનની પ્રભાવના ૨, તીર્થસેવા ૩, ધર્મમાં નિશ્ચળતા ૪ અને શુદ્ધ દેવગુરુની ભક્તિ ૫.

આઠ પ્રભાવક—શાસ્ત્રપારગામી ૧, અપૂર્વ ધર્મોપદેશક ૨, પરવાદીને નિરુત્તર કરનાર ૩, નૈમિત્તિક ૪, તપસ્વી ૫, મંત્ર અને વિદ્યામાં પ્રવીણ ૬, સિદ્ધિસંપન્ન ૭ અને શ્રેષ્ઠ કાવ્ય રચનાર ૮.

છ આગાર—રાજાભિયોગ ૧, ગણાભિયોગ ૨, બલાભિયોગ ૩, દેવાભિયોગ ૪, કાંતારવૃત્તિ ૫ અને ગુરૂનિગ્રહ ૬.

ચાર સદ્દહણા—પરમાર્થસંસ્તવ ૧, પરમાર્થ જ્ઞાનીની સેવા ૨, કુગુરુનો ત્યાગ ૩ અને કુદર્શનનો ત્યાગ ૪.

છ જયણા—પરતીર્થિકાદિકને વંદન કરવું ૧, તેમને નમસ્કાર કરવા ૨, તેમને પાત્રબુદ્ધિએ એક વાર દાન આપવું ૩, વારંવાર દાન આપવું ૪, તેમની સાથે આલાપ–એક વાર બોલવું ૫, સંલાપ–વારંવાર બોલવું ૬, એનું વર્જન.

છ ભાવના—સમકિત ધર્મવૃક્ષનું મૂળ છે ૧, ધર્મરૂપ નગરનું દ્વાર છે. ૨, ધર્મરૂપ મહેલનો પાયો છે ૩, ધર્મનો આધાર છે ૪, ધર્મનું ભાજન છે ૫ અને ધર્મનું નિધાન છે ૬. આ પ્રમાણે ભાવવું તે ભાવના.

છ સ્થાન—જીવ છે ૧, જીવ નિત્ય છે ૨, જીવ કર્મનો કર્તા છે ૩, જીવ કર્મનો ભોક્તા છે ૪, જીવ મોક્ષ મેળવે છે ૫ અને મોક્ષ મેળવવાનો ઉપાય પણ છે. ૬. આ પ્રમાણે નિરધાર કરવો તે.

દશ પ્રકારનો વિનય—અરિહંત ૧, સિદ્ધ ૨, જિનચૈત્ય ૩, સિદ્ધાંત ૪, યતિધર્મ ૫, સાધુ ૬, આચાર્ય ૭, ઉપાધ્યાય ૮, પ્રવચન-સંઘ ૯ અને સમ્યક્ત્વ ૧૦—આ દશનો વિનય કરવો તે.

હવે આ ગ્રંથને સમાપ્ત કરતા સતા અંતિમ મંગળ કરે છે.

मू०—वित्थारं तुह समया, सया सरंताण भव्वजीवाणं ।
सामिय तुह प्पसाया, हवेउ संमत्तसंपत्ति ॥ २५ ॥

અર્થ:—“(**सामिय**) હે સ્વામી! (**तुह**) તમારા (**समया**) સિદ્ધાંતના (**सया**) સર્વદા (**वित्थारं**) વિસ્તારનું (**सरंताण**) સ્મરણ કરતા-અનુસરતા એવા (**भव्वजीवाणं**) ભવ્ય જીવોને (**तुह**) તમારા (**प्पसाया**) પ્રસાદથી (**सम्मत्तसंपत्ति**) સમ્યક્ત્વની પ્રાપ્તિ (**हवेउ**) થાઓ.” ૨૫.

ઇતિ સમ્યક્ત્વ પંચવિંશતિકા સ્તવ
સંપૂર્ણ

श्रीतपगच्छनायकश्रीमद्धर्मघोषसूरिपादप्रणीतं

श्रीकाळसप्ततिका प्रकरणम्

देविंदणयं विज्जा–णंदमयं धम्मकित्तिकुलभवणं ।
नमिऊण जिणं वुच्छं, कालसरूवं जहासुत्तं ॥ १ ॥

અર્થઃ—(**देविंदणयं**) દેવતાના ઇંદ્રોએ નમેલા એવા (**विज्जाणंदमयं**) જ્ઞાન અને આનંદમય તથા (**धम्म**) ક્ષાંત્યાદિ ધર્મ (**कित्ति**) અને કીર્તિના (**कुलभवणं**) જાતિવંત ઘર સમાન (**जिणं**) જિનેશ્વરને (**नमिऊण**) નમસ્કાર કરીને (**कालसरूवं**) સુષમસુષમાદિ કાળનું સ્વરૂપ (**जहासुत्तं**) જેમ સૂત્રમાં કહ્યું છે તેમ (**वुच्छं**) હું કહીશ. ૧.

सुहुमद्धायरदसकोडि–कोडि छअराऽवसप्पिणुसप्पिणी ।
ता दुन्नि कालचक्कं, वीसायरकोडिकोडीओ ॥ २ ॥

અર્થઃ—(**सुहुमद्धायर**) સૂક્ષ્મ અદ્ધા[1] સાગરોપમ (**दसकोडिकोडि**) દશ કોડાકોડીવડે (**छअराऽवसप्पिणुसप्पिणी**) છ આરા અવસર્પિણીના થાય તેમ જ દશ કોડાકોડી સાગરોપમે છ આરા ઉત્સર્પિણીના થાય. (**ता दुन्नि**) તે બે મળીને (**वीसायरकोडिकोडीओ**) વીશ કોડાકોડી સાગરોપમે (**कालचक्कं**) એક કાળચક્ર થાય. ૨.

मुंडियइगाइसगदिण–कुरुनरकेसचिअमनिलजलगणिणो ।
अविसयमुसेहजोयण–पिहुच्च पल्लमिह पलिओमं ॥ ३ ॥

અર્થઃ—(**मुंडियइगाइसगदिण**) મુંડિત કરેલા મસ્તક ઉપર એકાદિ સાત દિવસના પ્રરૂઢ થયેલા (**कुरुनरकेस**) દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રના જુગલીયાના વાળવડે (**चिअं**) વ્યાપ્ત–ઠાંસીને ભરેલો, (**अनिलजलगणिणो अविसयं**) વાયુ, જળ અને અગ્નિના અવિષયભૂત અર્થાત્ તેનાથી વિનાશ કરવાને અશક્ય એવો,

---

૧ છ પ્રકારના સાગરોપમોમાંનો આ સૂક્ષ્મ અદ્ધા એક પ્રકાર છે તે અહીં લેવાનો છે.

(**उसेहजोयण**) ઉત્સેધ[1] અંગુલથી નિષ્પન્ન એક યોજન પ્રમાણને (**पिहुच्च**) પહોળો, લાંબો અને ઉંચો, (**पलिओमं**) પાલાની ઉપમાવાળો (**पल्लमिह**) પાલો સમજવો, એમ અહીં વૃદ્ધો કહે છે. ૩.

पजथूलकुतणुतणुसम, असंखदलकेसहरसुहुमथूले ।
अध्धुद्धारे खित्ते पएस वाससय—समय—समया ॥ ४ ॥

અર્થ:—(**पजथूलकुतणुतणुसम**) પર્યાપ્ત બાદર પૃથ્વીકાયના જઘન્ય શરીર સરખા એવા (**असंखदलकेस**) અસંખ્યાતા કલ્પેલા કેશખંડને અર્થાત્ દેવકુરુ અને ઉત્તરકુરુના યુગલીયાના એકેક વાલાગ્રને (**वाससय**) સો સો વર્ષે (**हर**) અપહરણ કરીએ એટલે એકેક કકડો પાલામાંથી કાઢીએ, તે રીતે જ્યારે તે પાલો ખાલી થાય ત્યારે (**सुहुमथूले**) સૂક્ષ્મ ને બાદર (**अध्धुद्धारे**) અદ્ધા પલ્યોપમ થાય. એટલે એક વાળના અસંખ્ય ખંડ કલ્પેલા તેમાંથી એક એક ખંડ સો સો વર્ષે કાઢીએ ત્યારે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ થાય તે નિર્લેપ કાળ અસંખ્યાત વર્ષનો થાય અને સો સો વર્ષે વાલાગ્રને અસંખ્યાતા કલ્પ્યા સિવાય કાઢીએ ત્યારે બાદર અદ્ધા પલ્યોપમ સંખ્યાતા વર્ષ પ્રમાણ થાય.

હવે બીજી રીતે અસંખ્યાતા કલ્પીને (**समय**) સમયે સમયે એક એક ખંડ અપહરીએ-કાઢીએ ત્યારે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ થાય તે નિર્લેપકાળ સંખ્યાત વર્ષ પ્રમાણ થાય અને વાલાગ્ર અસંખ્યાત કલ્પ્યા સિવાય અપહરીએ ત્યારે બાદર ઉદ્ધાર પલ્યોપમ થાય. તે કાળ સંખ્યાતા સમય પ્રમાણ જ થાય.

હવે ત્રીજી રીતે તે પાલામાંથી અસંખ્યાત કલ્પેલા વાળાગ્રે સ્પર્શેલા આકાશપ્રદેશને (**समया**) સમયે સમયે અપહરીએ તે રીતે પાલો ખાલી થાય ત્યારે બાદર (**खित्ते**) ક્ષેત્ર પલ્યોપમ થાય અને વાળાગ્રે સ્પર્શેલા તથા નહીં સ્પર્શેલા બધા આકાશપ્રદેશને સમયે સમયે અપહરીએ એ રીતે પાલો જ્યારે ખાલી થાય ત્યારે સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ થાય. આ બંને પ્રકારમાં નિર્લેપકાળ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ થાય, પરંતુ બાદર કરતાં સૂક્ષ્મ કાળપ્રમાણ વિશેષ જાણવું. ૪.

अस्संख संखवासा, असंखुसप्पिणि कमा सुहुममाणं ।
थूलाण संखवासा, संखसमयुसप्पिणि असंखा ॥ ५ ॥

અર્થ:—(**अस्संख**) સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનો નિર્લેપ-પાલો ખાલી થવાનો કાળ અસંખ્યાત વર્ષનો છે, (**संखवासा**) સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનો નિર્લેપ-પાલો ખાલી થવાનો કાળ સંખ્યાત વર્ષનો છે અને (**असंखुसप्पिणि**) સૂક્ષ્મ ક્ષેત્ર

૧ ત્રણ પ્રકારના અંગુલ પૈકી આ એક અંગુલ છે તે અહીં લેવાનું છે.

પલ્યોપમનો નિર્લેપ-પાલો ખાલી થવાનો કાળ અસંખ્યાત ઉત્સર્પિણીનો છે, (**कमा सुहुममाणं**) અનુક્રમે ત્રણે પ્રકારના સૂક્ષ્મનું આ માન જાણવું. હવે સો સો વર્ષે કેશને અપહરીએ (**थूलाण**) ત્યારે બાદર અદ્ધા પલ્યોપમ થાય તે નિર્લેપકાળ એટલે પાલો ખાલી થવાનો કાળ (**संखवासा**) સંખ્યાતા વર્ષનો થાય, (**संखसमय**) સમયે સમયે કેશ અપહરીએ-કાઢીએ ત્યારે બાદર ઉદ્ધાર પલ્યોપમ થાય. તે નિર્લેપ કાળ સંખ્યાત સમયનો થાય અને (**उसप्पिणि असंखा**) કેશે સ્પર્શેલા આકાશ-પ્રદેશને સમયે સમયે અપહરીએ ત્યારે બાદર ક્ષેત્ર પલ્યોપમ થાય, તેનો નિર્લેપ કાળ અસંખ્ય ઉત્સર્પિણી થાય. ૫.

कालाउगाइ अद्धा, दीवादुद्धारि खित्त पुढवाई ।
सुहुमेण मिणसु दसको–डिकोडिपलिएहिं अयरं तु ॥ ६ ॥

અર્થ:—(**कालाउगाइ**) અવસર્પિણ્યાદિ રૂપ કાળ અને દેવ, મનુષ્ય, તિર્યંચ તથા નારકીના આયુષ્ય તથા ભવસ્થિત્યાદિક (**सुहुमेण अद्धा**) સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમે કરીને મપાય, (**दीवादुद्धारि**) દ્વીપ, સમુદ્ર પ્રમુખ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમે કરીને મપાય અને (**खित्त पुढवाई**) પૃથિવ્યાદિ જીવો સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમે કરીને (**मिणसु**) મપાય. (આ '**मिणसु**' તથા '**सुहुम**' પદ સર્વ ઠેકાણે જોડવા.) (**दसकोडिकोडिपलिएहिं**) ત્રણે પ્રકારના દશ કોડાકોડી પલ્યોપમે કરીને ત્રણે પ્રકારના (**अयरं तु**) એક એક સાગરોપમ થાય ૬. બધે ઠેકાણે ઉપયોગમાં સૂક્ષ્મ પલ્યોપમ-સાગરોપમ જ લેવું, બાદર તો માત્ર સૂક્ષ્મ સમજવા માટે જ બતાવેલ છે.

सुसमसुसमा य सुसमा, सुसमदुसमा य दुसमसुसमा य ।
दुसमा य दुसमदुसमा–वसप्पिणुसप्पिणुक्कमओ ॥ ७ ॥

(Above the verse the words सुसमसुसमा, सुसमा, सुसमदुसमा, दुसमसुसमा, दुसमा, दुसमदुसमा are numbered १–६.)

અર્થ:—(**सुसमसुसमा य**) સુષમસુષમા નામનો પહેલો આરો, (**सुसमा**) સુષમા નામનો બીજો આરો, (**सुसमदुसमा य**) સુષમદુષમા નામનો ત્રીજો આરો, (**दुसमसुसमा य**) દુષમસુષમા નામનો ચોથો આરો, (**दुसमा य**) દુષમા નામનો પાંચમો આરો અને (**दुसमदुसमा**) દુષમદુષમા નામનો છઠ્ઠો આરો જાણવો. આ નામ (**अवसप्पिणुसप्पिणुक्कमओ**) અવસર્પિણીના છ આરાના જાણવા. તેનાથી ઉત્ક્રમે ઉત્સર્પિણીના છ આરાના નામ જાણવા. ૭.

सागरकोडाकोडी, चउतिदुइगसमदुचत्तसहसूणा ।
वाससहसेगवीसा, इगवीस कमा य अरमाणं ॥ ८ ॥

અર્થ:—(**सागरकोडाकोडी चउ**) પહેલો આરો ચાર કોડાકોડી સાગરોપમનો, (**ति**) બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો, (**दु**) ત્રીજો આરો બે

કોડાકોડી સાગરોપમનો, (**इगसमदुचत्तसहसूणा**) ચોથો આરો બેંતાળીશ હજાર વર્ષ ઊણા એક કોડાકોડી સાગરોપમનો, (**वाससहस्सेगवीसा**) પાંચમો આરો એકત્રીશ હજાર વર્ષનો અને (**इगवीस कमा**) છઠ્ઠો આરો એકવીશ હજાર વર્ષનો જાણવો. એ પ્રમાણે (**य**) વળી (**अरमाणं**) છ આરાનું માન જાણવું. ૮.

इह तिदुइगकोसुच्चा, तिदुइगपलिआउ अरतिगम्मि कमा ।
तूअरिबोरामलमाण-भोअणा तिदुइगदिणेहिं ॥ ९ ॥

અર્થ:—(**इह**) અહીં એટલે ભરતક્ષેત્રમાં (**अरतिगम्मि**) પહેલા ત્રણે આરાના પ્રારંભમાં (**कमा**) અનુક્રમે (**तिदुइगकोसुच्चा**) યુગલીયાનું શરીર ત્રણ, બે અને એક કોશ ઉંચું હોય છે. એટલે કે પહેલા આરામાં યુગલીયાનું શરીર ત્રણ કોશ ઉંચું, બીજા આરામાં બે કોશ ઉંચું અને ત્રીજા આરામાં એક કોશ ઉંચું હોય છે. એ જ પ્રમાણે (**तिदुइगपलिआउ**) ત્રણ, બે અને એક પલ્યોપમનું આયુષ્ય હોય છે, એટલે કે પહેલા આરાના પ્રારંભમાં યુગલીયાનું આયુષ્ય ત્રણ પલ્યોપમનું, બીજા આરામાં બે પલ્યોપમનું અને ત્રીજા આરામાં એક પલ્યોપમનું હોય છે. તે જ પ્રમાણે (**तिदुइगदिणेहिं**) ત્રણ, બે અને એક દિવસે કરીને (**तूअरिबोरामलमाणभोअणा**) તુવેર, બોર અને આમળા પ્રમાણ ભોજનવાળા હોય છે. એટલે કે પહેલા આરાના પ્રારંભમાં યુગલીયા ત્રણ દિવસને આંતરે તુવેરના દાણા જેટલો આહાર કરે છે, બીજા આરામાં બે દિવસને આંતરે બોર જેટલો આહાર કરે છે અને ત્રીજા આરામાં એક દિવસને આંતરે આમળા જેટલો આહાર ગ્રહણ કરે છે. ૯.

तह दुछवन्नाअडवीस-सयगुचउसट्ठिपिट्ठयकरंडा ।
गुणवन्ना चउसट्ठी-गुणसीदिणपालणा य नरा ॥ १० ॥

અર્થ:—(**तह**) તથા (**दुछवन्ना**) બસો ને છપ્પન, (**अडवीससयगु**) એક સો ને અઠ્ઠાવીશ અને (**चउसट्ठि**) ચોસઠ (**पिट्ठयकरंडा**) પૃષ્ટકરંડક-વાંસાની પાંસળીઓ અનુક્રમે હોય છે, એટલે કે પહેલા આરાના પ્રારંભમાં યુગલીયાને ૨૫૬ પાંસળીઓ હોય છે, બીજા આરામાં ૧૨૮ પાંસળીઓ હોય છે અને ત્રીજા આરામાં ૬૪ પાંસળીઓ હોય છે. (**य**) તથા (**नरा**) યુગલીયા મનુષ્યો (**गुणवन्ना**) ઓગણપચાસ, (**चउसट्ठी**) ચોસઠ અને (**गुणसी**) ઓગણએંશી (**दिणपालणा**) દિવસની પાલનાવાળા હોય છે, એટલે કે પહેલા આરાના પ્રારંભમાં યુગલીયા મનુષ્યોને ૪૯ દિવસની [1]અપત્યપાલના હોય છે, બીજા આરામાં ૬૪ દિવસની

---

૧ " છ મહિના આયુષ શેષ સતે યુગલિની એક યુગલ પ્રસવે. ૪૯-૬૪ ને ૭૯ દિવસ યુગલની પ્રતિપાલના કરે, ત્યારપછી યુગલ સ્વયમેવ હરતાફરતા થઇ જાય છે. તેના માબાપ તો છ મહિના પૂર્ણ થયા પછી મરણ પામે છે.

હોય છે અને ત્રીજા આરામાં ૭૯ દિવસની અપત્યપાલના હોય છે. ૧૦. એટલે કે તેના માતા-પિતા એટલા દિવસ પ્રતિપાલના કરે છે ત્યાર પછી તેઓ સ્વયં રક્ષણ કરનારા થઇ જાય છે.

अवि सव्वजीवजुअला, निअसमहीणाउ सुरगई तह य ।
थोवकसाया नवरं, सव्वारयथलयराउमिणं ॥ ११ ॥

અર્થઃ—(**अवि सव्वजीवजुअला**) વળી સર્વ યુગલીયા જીવો (**निअसमहीणाउ**) પોતાની સમાન આયુષ્યવાળા અથવા હીન આયુષ્યવાળા (**सुरगई**) દેવોની ગતિમાં ઉત્પન્ન થાય છે, પણ અધિક આયુષ્યવાળા થતા નથી. (**तह य**) તથા વળી (**थोवकसाया**) તે યુગલીયાઓ અલ્પ કષાયવાળા હોય છે. (**नवरं**) વિશેષ એ કે-(**सव्वारय**) સર્વ આરાઓને વિષે (**थलयराउं**) સ્થલચરોનું આયુષ્ય (**इणं**) આ આગળની ગાથામાં કહેવાશે તે પ્રમાણે હોય છે. ૧૧

मणुआउसम गयाई, चउरंस हया अजाइ अट्ठंसा ।
गोमहिसुट्टखराई, पणंस साणाइ दसमंसा ॥ १२ ॥

અર્થઃ—(**मणुआउसम**) છએ આરામાં મનુષ્યનું જે આયુષ્ય હોય તેટલું જ આયુષ્ય હાથી, સિંહ અને અષ્ટાપદ વિગેરેનું હોય, (**चउरंस हया**) મનુષ્યના આયુષ્યને ચોથે ભાગે અશ્વ, ખચ્ચર વિગેરેનું આયુષ્ય હોય, (**अजाइ अट्ठंसा**) મનુષ્યના આયુષ્યને આઠમે ભાગે બકરા, ઘેટા વિગેરેનું આયુષ્ય હોય, (**गोमहिसुट्टखराई पणंस**) મનુષ્યના આયુષ્યને પાંચમે ભાગે બળદ, પાડા, ઉંટ અને ગધેડા વિગેરેનું આયુષ્ય હોય, તથા (**साणाइ दसमंसा**) મનુષ્યના આયુષ્યને દશમે ભાગે કુતરા, વરુ, ચિત્રા વિગેરેનું આયુષ્ય હોય છે. (આ ચતુષ્પદ પહેલા ત્રણે આરામાં યુગલિક હોય છે.) ૧૨.

उरभुअग पुव्वकोडी, पलिआसंखंस खयर पढमारे ।
कोसपुहुत्तं भुअगा, उरगा जोअणसहस्स तणू ॥ १३ ॥

અર્થઃ—(**पढमारे**) પહેલા આરામાં (**उरभुअग पुव्वकोडी**) ઉરપરિસર્પ એટલે સામાન્ય સર્પ, ભુજપરિસર્પ એટલે ગોધા, નકુલ વિગેરે પૂર્વકોટિ વર્ષના આયુષ્યવાળા હોય છે, (**पलिआसंखंस खयर**) ખેચર એટલે પક્ષીઓનું આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું (અસંખ્યાતા વર્ષનું) હોય છે, (**कोसपुहुत्तं भुअगा**) ભુજપરિસર્પનું શરીર કોશપૃથક્ત્વ એટલે બેથી નવ ગાઉ સુધીનું હોય છે, (**उरगा जोअणसहस्स तणू**) ઉરપરિસર્પનું શરીર એક હજાર યોજનનું

હોય છે. ૧૩. આમાં ખેચરજ યુગલિક હોય છે, કારણ કે સંખ્યાતા વર્ષના આયુવાળા યુગલિક હોતા નથી.

पक्खीसु धणुपुहुत्तं, गयाइ छक्कोस छट्ठमाहारो ।
तो कमहाणिविसेसो, नेओ सेसारएसु सुआ ॥ १४ ॥

અર્થઃ—(**पक्खीसु धणुपुहुत्तं**) પહેલે આરે પક્ષીઓનું શરીરમાન ધનુષપૃથક્ત્વ એટલે બેથી નવ ધનુષનું હોય છે, (**गयाइ छक्कोस**) ગજાદિકનું શરીરમાન છ કોશનું હોય છે.[1] (**छट्ठमाहारो**) તેઓને-સર્વેને પહેલા આરાના પ્રારંભમાં છઠ્ઠને આંતરે એટલે બે દિવસને આંતરે આહાર હોય છે.[2] (**तो**) ત્યારપછી (**सेसारएसु**) બાકીના આરાને વિષે (**कमहाणिविसेसो**) ક્રમે કરીને, આયુષ્ય, દેહમાન, આહારાંતર વિગેરેની હાનિનો વિશેષ (**सुआ**) સૂત્રથકી (**नेओ**) જાણવો. ૧૪.

[અહીં પ્રક્ષેપ બે ગાથા છે તેનો અર્થ આ પ્રમાણે છેઃ-(આ ગાથામાં બતાવેલ આયુષ્ય ઉપર બતાવેલ કરતાં કાંઈક જુદું પડે છે) મનુષ્ય અને હાથીનું આયુષ્ય ૧૨૦ વર્ષ અને પાંચ દિવસનું, બળદ, પાડા વિગેરેનું આયુષ્ય ૨૪ વર્ષ અને પાંચ દિવસનું, અશ્વ વિગેરેનું આયુષ્ય ૩૨ વર્ષનું, બકરા, ઘેટા વિગેરેનું આયુષ્ય ૧૬ વર્ષનું, કુતરા વિગેરેનું આયુષ્ય ૧૨ વર્ષનું, તથા ગધેડા, ઉંટ વિગેરેનું આયુષ્ય ૨૫ વર્ષનું હોય. આ હાથી વિગેરે તિર્યંચના આયુષ્યનો વિચાર પાંચમા આરા આશ્રયી જાણવો.]

[१]पाणं [२]भायण [३]पिच्छण, [४]रविपह [५]दीवपह [६]कुसुम [७]आहारो ।
[८]भूसण [९]गिह [१०]वत्थासण, कप्पदुमा दसविहा दिंति ॥ १५ ॥
ते [१]मत्तंगा [२]भिंगा, [३]तुडिअंगा [४]जोई [५]दीव [६]चित्तंगा ।
[७]चित्तरसा [८]मणिअंगा, [९]गेहागारा [१०]अणिअया (णा) य ॥ १६ ॥

અર્થઃ—(**ते**) તે આ (**दसविहा**) દશ પ્રકારના (**कप्पदुमा**) કલ્પવૃક્ષો યુગલીયા મનુષ્યને આ પ્રમાણે (**दिंति**) આપે છેઃ-(**मत्तंगा**) મત્તંગ નામના કલ્પવૃક્ષો (**पाणं**) દ્રાક્ષાદિ મદિરા વિગેરે પીવાની વસ્તુ આપે છે. (૧.) (**भिंगा**) ભૃંગ નામના કલ્પવૃક્ષો (**भायण**) સુવર્ણના થાળ, વાટકા વિગેરે ભાજનો આપે છે. (૨.) (**तुडिअंगा**) ત્રુટિતાંગ નામના કલ્પવૃક્ષો (**पिच्छण**) વાજિત્ર સહિત

૧ ત્રણે આરામાં મનુષ્ય કરતાં બમણું-છ, ચાર ને બે ગાઉનું શરીર ચતુષ્પદનું હોય છે.

૨ પહેલે આરે બે દિવસને આંતરે, બીજે આરે એક દિવસને આંતરે અને ત્રીજે આરે દરરોજ તિર્યંચયુગલિકને આહાર હોય છે.

બત્રીશ પાત્રબદ્ધ નાટક વિગેરે દેખાડે છે. (૩.) (**जोइ**) જ્યોતિરંગ નામના કલ્પવૃક્ષો રાત્રે પણ (**रविपह**) સૂર્યના ઉદ્યોત જેવી પ્રભાને પ્રગટ કરે છે. (૪.) (**दीव**) દીપાંગ નામના કલ્પવૃક્ષો (**दीवपह**) ઘરની અંદર દીવાની જેવી પ્રભાને પ્રગટ કરે છે. (૫.) (**चित्तंगा**) ચિત્રાંગ નામના કલ્પવૃક્ષો (**कुसुम**) વિચિત્ર જાતિના પંચ વર્ણના સુગંધી પુષ્પો તથા માળા વિગેરે આપે છે. (૬.) (**चित्तरसा**) ચિત્રરસ નામના કલ્પવૃક્ષો (**आहारो**) મનોહર ષડ્રસ મિષ્ટાન્નાદિક આહારને આપે છે. (૭.) (**मणिअंगा**) મણ્યંગ નામના કલ્પવૃક્ષો (**भूसण**) મણિ, મુગટ, કુંડળ, કેયૂર વિગેરે આભૂષણો આપે છે. (૮.) (**गेहागारा**) ગેહાકાર નામના કલ્પવૃક્ષો (**गिह**) વિચિત્ર પ્રકારની ચિત્રશાળા વિગેરે સહિત સાત, પાંચ અને ત્રણ માળના ઘરો આપે છે. (૯.) (**अणिअया य**) તથા અનગ્ન નામના કલ્પવૃક્ષો (**वत्थासण**) નાના પ્રકારનાં વસ્ત્રો, ભદ્રાસન વિગેરે આસનો તથા શય્યા વિગેરે આપે છે. (૧૦.) ૧૫-૧૬.

तइआरे पलिओवम–अडंसि सेसंमि कुलगरुप्पत्ती ।
जम्मद्धभरहमज्झिम–तिभागनइसिंधुगंगंतो ॥ १७ ॥

અર્થ:—(**तइआरे**) ત્રીજે આરે (**पलिओवमअडंसि**) પલ્યોપમનો આઠમો અંશ-ભાગ (**सेसंमि**) બાકી રહે ત્યારે (**कुलगरुप्पत्ती**) કુલકરની ઉત્પત્તિ થાય છે. (**अद्धभरहमज्झिम**) દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્યના (**तिभागनइसिंधुगंगंतो**) ત્રીજા ભાગમાં સિંધુ અને ગંગાનદીની વચ્ચે (**जम्म**) તેમનો જન્મ થાય છે. ૧૭.

पलिओवमदसमंसो, पढमस्साऊ तओ कमेणूणा ।
पंचसु असंखपुव्वा, पुव्वा नाभिस्स संखिज्जा ॥ १८ ॥

અર્થ:—(**पलिओवमदसमंसो**) પલ્યોપમના દશમા ભાગ જેટલું (**पढमस्साऊ**) પહેલા વિમલવાહન નામના કુલકરનું આયુષ્ય હોય છે. (**तओ**) ત્યારપછી (**कमेण**) અનુક્રમે (**पंचसु**) પાંચ કુલકરોનું આયુષ્ય (**असंखपुव्वा**) અસંખ્યાતા અસંખ્યાતા પૂર્વ અનુક્રમે (**ऊणा**) ઊણા ઊણા જાણવા. બીજા, ત્રીજા, ચોથા, પાંચમા ને છઠ્ઠા કુલકરનું આયુષ્ય અસંખ્યાતા પૂર્વોનું જાણવું પણ અનુક્રમે ઓછું ઓછું સમજવું. તથા (**नाभिस्स**) સાતમા નાભિ કુલકરનું આયુષ્ય (**संखिज्जा पुव्वा**) સંખ્યાતા પૂર્વનું (ક્રોડપૂર્વનું) જાણવું. ૧૮.

पढमंसो कुमरत्ते, चरिमदसंसो अ वुड्ढभावंमि ।
मज्झिल्लट्ठदसंसेसु, जाण कालं कुलगराणं ॥ १९ ॥

અર્થ:—સર્વે કુલકરોના પોતપોતાના આયુષ્યના દશ દશ ભાગ કરવા. તેમાં (**पढमंसो**) પહેલો દશમો ભાગ (**कुमरत्ते**) કુમારપણામાં (**अ**) અને (**चरिमदसंसो**) છેલ્લો દશમો ભાગ (**वुड्ढभावंमि**) વૃદ્ધપણામાં જાણવો; તથા (**मज्झिलट्ठदसंसेसु**) મધ્યમના આઠ દશાંશમાં (**कुलगराणं**) કુલકરપણાનો (**कालं**) કાળ (**जाण**) જાણવો. ૧૯.

धणुसयनवअडसगस–ड्ढछछसड्ढपणपणपणीसुच्चा ।
कुलगरपियाऽवि कुलगर–समाउदेहा पिअंगुनिभा ॥२०॥

અર્થ:—(**धणुसयनव**) પહેલા વિમલવાહન કુલકરનું દેહમાન નવ સો ધનુષ (૧) (**अड**) બીજા ચક્ષુષ્માનનું આઠ સો ધનુષ (૨) (**सग**) ત્રીજા યશસ્વંત કુલકરનું દેહમાન સાત સો ધનુષ (૩) (**सड्ढछ**) ચોથા અભિચંદ્ર કુલકરનું દેહમાન સાડા છસો ધનુષ (૪) (**छ**) પાંચમા પ્રસેનજિત્ કુલકરનું દેહમાન છ સો ધનુષ (૫) (**सड्ढपण**) છઠ્ઠા મરુદેવ કુલકરનું દેહમાન સાડાપાંચ સો ધનુષ (૬) અને (**पणपणीसुच्चा**) સાતમા નાભિ કુલકરનું દેહમાન પાંચ સો ને પચીસ ધનુષનું જાણવું. (૭) એટલે કે તેટલું તેમનું શરીર ઉંચું હોય છે. તથા (**कुलगरपियाऽवि**) કુલકરોની પ્રિયાઓ (સ્ત્રીઓ) પણ (**कुलगरसमाउदेहा**) કુલકરની સરખા જ આયુષ્ય તથા દેહમાનવાળી હોય છે અને (**पिअंगुनिभा**) પ્રિયંગુના જેવી શ્યામ વર્ણવાળી હોય છે. ૨૦.

सविमलवाहणचक्खुम–जसमं अभिचंदओ पसेणइअ ।
मरुदेव नाभिकुलगर, तियअरगंते उसहभरहो ॥ २१ ॥

અર્થ:—(**सविमलवाहण**) પહેલા વિમલવાહન કુલકર, (**चक्खुम**) બીજા ચક્ષુષ્માન, (**जसमं**) ત્રીજા યશસ્વંત, (**अभिचंदओ**) ચોથા અભિચંદ્ર, (**पसेणइअ**) પાંચમા પ્રસેનજિત્, (**मरुदेव**) છઠ્ઠા મરુદેવ અને (**नाभिकुलगर**) સાતમા નાભિકુલકર–એમ સાત કુલકર થયા પછી (**तियअरगंते**) ત્રીજા આરાને છેડે એટલે ચોરાશી લાખ પૂર્વ અને નેવાશી પખવાડીયા ત્રીજા આરાના શેષ રહ્યા ત્યારે (**उसह**) ઋષભદેવ પ્રથમ તીર્થંકર થયા અને ત્રીજા આરાના અઠ્ઠોતેર લાખ પૂર્વ અને નેવાશી પખવાડીયા શેષ રહ્યા ત્યારે (**भरहो**) ભરત નામના પહેલા ચક્રવર્તીનો જન્મ થયો. (ઋષભદેવના જન્મ પછી છ લાખ પૂર્વે ભરત ચક્રવર્તી જન્મ્યા.) ૨૧.

चउत्थे अजिआइजिणा, तेवीस इगार चक्कि तहिं सगरो ।
मघव सणंकुमर संती, कुंथु अर सुभूम महपउमा ॥ २२ ॥

અર્થઃ—(**चउत्थे**) ચોથા આરામાં (**अजिआइजिणा**) પચાસ લાખ કરોડ સાગરોપમ ગયા ત્યારપછી અનુક્રમે અજિતાદિક તીર્થંકરો (**तेवीस**) ત્રેવીશ થયા. તથા (**इगार चक्कि**) અગ્યાર ચક્રવર્ત્તી થયા. (**तहिं**) તેમાં (**सगरो**) અજિતનાથને વખતે બીજા સગર ચક્રવર્ત્તી થયા, (**मघव**) ત્યારપછી ત્રીજા મઘવ ચક્રવર્ત્તી અને (**सणंकुमर**) ચોથા સનત્કુમાર ચક્રી એ બે ધર્મનાથ અને શાંતિનાથની વચ્ચે થયા. પછી (**संती कुंथु अर**) પાંચમા શાંતિનાથ, છઠ્ઠા કુંથુનાથ અને સાતમા અરનાથ એ ત્રણ તીર્થંકરના ભવમાં જ ચક્રવર્ત્તી થયા, (**सुभूम**) આઠમા સુભૂમ નામના ચક્રવર્ત્તી અરનાથ અને મલ્લિનાથના આંતરામાં થયા, (**महपउमा**) નવમા મહાપદ્મ નામના ચક્રવર્તી મુનિસુવ્રતસ્વામી ને નમિનાથના આંતરામાં થયા. ૨૨.

हरिसेण जओ बंभुत्ति, नव बला अयल विजय भद्दा य ।
सुप्पह सुदंसणाणंद–नंदणा रामबलभद्दा ॥ २३ ॥

અર્થઃ—(**हरिसेण**) દશમા હરિષેણ નામના ચક્રવર્ત્તી (**जओ**) અને અગ્યારમા જય નામના ચક્રવર્તી નમિનાથ અને નેમિનાથના આંતરામાં થયા, (**बंभुत्ति**) બારમા બ્રહ્મદત્ત નામના ચક્રવર્ત્તી નેમિનાથ અને પાર્શ્વનાથના આંતરામાં થયા.

(**नव बला**) હવે નવ બળદેવ કેવી રીતે થયા તે કહે છે. તેમાં (**अयल**) પહેલા અચળ નામના બળદેવ શ્રેયાંસનાથને વારે થયા, (**विजय**) બીજા વિજય નામના બળદેવ વાસુપૂજ્યને વારે થયા, (**भद्दा य**) ત્રીજા ભદ્ર નામના બળદેવ વિમલનાથને વારે થયા, (**सुप्पह**) ચોથા સુપ્રભ નામના બળદેવ અનંતનાથને વારે થયા, (**सुंदसण**) પાંચમા સુદર્શન નામના બળદેવ ધર્મનાથને વારે થયા, (**आणंद**) છઠ્ઠા આણંદ નામના બળદેવ અને (**नंदणा**) સાતમા નંદન નામના બળદેવ અરનાથ ને મલ્લિનાથના આંતરામાં થયા, (**राम**) આઠમા રામચંદ્ર નામના બળદેવ મુનિસુવ્રતસ્વામી ને નમિનાથના આંતરામાં થયા અને (**बलभद्दा**) નવમા બળભદ્ર નામના બળદેવ નેમિનાથને સમયે થયા. ૨૩.

विण्हु तिविट्ठ दुविट्ठू, सयंभु पुरिसुत्तमे पुरिससीहे ।
तह पुरिसपुंडरीए, दत्ते लक्खमण कण्हे अ ॥ २४ ॥

અર્થઃ—(**विण्हु**) નવ વાસુદેવ આ પ્રમાણે થયા છે-(**तिविट्ठ**) પહેલા ત્રિપૃષ્ઠ નામના વાસુદેવ શ્રેયાંસનાથને વારે થયા, (**दुविट्ठू**) બીજા દ્વિપૃષ્ઠ નામના વાસુદેવ વાસુપૂજ્યને વારે થયા, (**सयंभु**) ત્રીજા સ્વયંભૂ નામના વાસુદેવ વિમળનાથને વારે થયા, (**पुरिसुत्तमे**) ચોથા પુરુષોત્તમ નામના વાસુદેવ અનંતનાથને વારે થયા,

(**पुरिससीहे**) પાંચમા પુરુષસિંહ નામના વાસુદેવ ધર્મનાથને વારે થયા, (**तह**) તથા (**पुरिसपुंडरीए**) છઠ્ઠા પુરુષપુંડરીક નામના વાસુદેવ અને (**दत्ते**) સાતમા દત્ત નામના વાસુદેવ અરનાથ ને મલ્લિનાથના આંતરામાં થયા, (**लक्खमण**) આઠમા લક્ષ્મણ નામના વાસુદેવ મુનિસુવ્રતસ્વામી ને નમિનાથના આંતરામાં થયા, (**अ**) અને (**कण्हे**) નવમા કૃષ્ણ નામના વાસુદેવ નેમિનાથને વારે થયા. ૨૪.

आसग्गीवे तारय, मेरय महुकेटमे निसुंभे अ ।
बलि पहराए रावण, जरसिंधू नव पडिहरि त्ति ॥ २५ ॥

અર્થઃ—હવે (**नव**) નવ (**पडिहरि त्ति**) પ્રતિવાસુદેવ આ પ્રમાણે થયા છે. (**आसग्गीवे**) પહેલા અશ્વગ્રીવ નામના પ્રતિવાસુદેવ શ્રેયાંસનાથને વારે થયા, (**तारय**) બીજા તારક નામના પ્રતિવાસુદેવ વાસુપૂજ્યસ્વામીને વારે થયા, (**मेरय**) ત્રીજા મેરક નામના પ્રતિવાસુદેવ વિમલનાથને વારે થયા, (**महुकेटमे**) ચોથા મધુકૈટભ નામના પ્રતિવાસુદેવ અનંતનાથને વારે થયા, (**अ**) અને (**निसुंमे**) પાંચમા નિશુંભ નામના પ્રતિવાસુદેવ ધર્મનાથને વારે થયા, (**बलि**) છઠ્ઠા બલિ નામના પ્રતિવાસુદેવ અને (**पहराए**) સાતમા પ્રહ્લાદ નામના પ્રતિવાસુદેવ અરનાથ ને મલ્લિનાથના આંતરામાં થયા, (**रावण**) આઠમા રાવણ નામના પ્રતિવાસુદેવ મુનિસુવ્રતસ્વામી ને નમિનાથના આંતરામાં થયા, તથા (**जर-सिन्धू**) નવમા જરાસંધ નામના પ્રતિવાસુદેવ નેમિનાથના વારામાં થયા. ૨૫.

एवं जिणचउवीसं, चक्की बार नव बल हरी तयरी ।
नव नारएहिँ बिसयरि, सिलागपुरिसा तह इहाई ॥ २६ ॥

नर पुव्वकोडिआऊ, पंचसय धणुच्च सनयववहारा ।
पुव्वं च वासकोडी, सत्तरिलक्खा छपनसहसा ॥ २७ ॥

અર્થ:—(**एवं**) એ પ્રમાણે (**जिणचउवीसं**) ચોવીશ તીર્થંકરો, (**चक्की बार**) બાર ચક્રવર્તી, (**नव बल**) નવ બળદેવ, (**हरी**) નવ વાસુદેવ, (**तयरी**) નવ તેના શત્રુ (પ્રતિવાસુદેવ) તથા (**नव नारएँहि**) નવ નારદ[1], એ સર્વ મળીને (**बिसयरि**) બહોંતેર[2] (**सिलागपुरिसा**) શલાકા પુરૂષ જાણવા. જેઓએ મોક્ષમાં શલાકા-સળી ફેંકી છે અર્થાત્ જેઓ અવશ્ય મોક્ષમાં જવાના છે તે શલાકા પુરુષ કહેવાય છે. (તીર્થંકરો સર્વે તથા ચક્રવર્ત્તી કોઇ કોઇ તદ્ભવે જ

૧ દરેક વાસુદેવના વખતમાં એકેક નારદ થાય છે તે સ્વર્ગે કે મોક્ષે જાય છે.
૨ અન્યત્ર અગ્યાર રુદ્ર સહિત ૮૩ શલાકા પુરૂષ કહ્યા છે.

મોક્ષ જનારા હોય છે. બીજા ત્યારપછીના ગમે તે ભવે મોક્ષ જનારા હોય છે.) (**तह**) તથા (**इहाई**) અહીં આદિમાં એટલે ઋષભદેવને સમયે (**नर**) મનુષ્યો (**पुव्वकोडिआऊ**) પૂર્વ કોટિ વર્ષના આયુષ્યવાળા હોય છે, (**पंचसय धणुच्च**) પાંચ સો ધનુષ ઉંચા શરીરવાળા હોય છે, તથા (**सनयववहारा**) તેઓ નીતિ-વાળા અને ખેતી તથા વેપાર કરનારા હોય છે.

અહીં પૂર્વનું પ્રમાણ કહે છે-(**सत्तरिलक्खा**) ૭૦ લાખ (**वासकोडि**) કરોડ વર્ષ અને (**छपनसहसा**) ૫૬ હજાર કરોડ વર્ષનું (**पुव्वं च**) એક પૂર્વ થાય છે. ૨૬-૨૭.

अट्ठजवमज्झमुस्सेह–मंगुलं ते उ हत्थि चउवीसं ।
चउकरधणु धणुदुसहस–कोसो कोसचउ जोयणयं ॥ २८ ॥

અર્થ:—(**अट्ठजवमज्झं उस्सेहं अंगुलं**) આઠ યવમધ્યનું એક ઉત્સેધ અંગુલ થાય છે, (**उ**) તુ પુનઃ-વળી (**ते चउवीसं**) ચોવીશ ઉત્સેધ અંગુલનો (**हत्थि**) એક હાથ થાય છે, (**चउकरधणु**) ચાર હાથનું એક ધનુષ થાય છે, (**धणुदुसहसकोसो**) બે હજાર ધનુષનો એક કોશ (ગાઉ) થાય છે, તથા (**कोसचउ जोयणयं**) ચાર કોશનું એક યોજન થાય છે. ૨૮.

दुदुतिग कुलगरनीई, हमधिक्कारा तओ विभासाई ।
चउहा सामाईया, बहुहा लेहाइववहारो ॥ २९ ॥

અર્થ:—(**दुदुतिग कुलगरनीई**) બે, બે અને ત્રણ કુલકરની નીતિ અનુક્રમે (**हमधिक्कारा**) હ, મ અને ધિક્કાર એવા ત્રણ શબ્દની હતી. એટલે કે પહેલા અને બીજા એ બે કુલકરને સમયે 'હા' નામની નીતિ, ત્રીજા અને ચોથા કુલકરને સમયે 'મા' નામની નીતિ (હાકાર સહિત) અને પાંચમા, છઠ્ઠા તથા સાતમા કુલકરને સમયે 'ધિક્કાર' નામની નીતિ (હાકાર અને માકાર સહિત) પ્રવર્તતી હતી. (**तओ**) ત્યારપછી (**विभासाई**) વિકલ્પવાળી નીતિ પ્રવર્તી એટલે જુદી જુદી જાતની નીતિ પ્રવર્તી, તે (**चउहा सामाईया**) ભરત ચક્રવર્તીને વારે શામાદિક એટલે શામ, દામ, ભેદ અને દંડ એ ચાર પ્રકારની નીતિ પ્રવર્તી તથા (**बहुहा**) ઘણા પ્રકારનો (**लेहाइववहारो**) લેખાદિક વ્યવહાર પ્રવર્ત્યો. ૨૯.

गुणनवइ पक्खसेसे, इह वीरो निव्वुओ चउत्थारे ।
उस्सप्पिणितइयारे, गए उ एवं पउमजम्मो ॥ ३० ॥

અર્થ:—(**इह**) આ અવસર્પિણીના (**चउत्थारे**) ચોથા આરાના (**गुण-**

नवइ) નેવાશી (**पक्खसेसे**) પખવાડીયા બાકી રહ્યા ત્યારે (**वीरो**) મહાવીર-સ્વામી (**निव्वुओ**) નિર્વાણ પામ્યા. (**उ**) વળી (**एवं**) એ જ પ્રમાણે (**उस्स-प्पिणितइयारे**) આવતી ઉત્સર્પિણીના ત્રીજા આરાના નેવાશી પખવાડીયા (**गए**) જશે ત્યારે (**पउमजम्मो**) પદ્મનાભનો જન્મ થશે (ગર્ભમાં આવશે) ૩૦.

कालदुगे तिचउत्था–रगेसु एगूणनवइपक्खेसु ।
सेस गएसु सिज्झंति, हुंति पढमंतिमजिणिंदा ॥ ३१ ॥

અર્થ:—(**कालदुगे**) અવસર્પિણી અને ઉત્સર્પિણીરૂપ બે કાળને વિષે અનુક્રમે (**तिचउत्थारगेसु**) ત્રીજા અને ચોથા આરાના (**एगूणनवइपक्खेसु**) નેવાશી પખવાડીયા (**सेस गएसु**) શેષ રહે ત્યારે અને વ્યતીત થાય ત્યારે (**पढमं-तिमजिणिंदा**) પહેલા અને છેલ્લા તીર્થંકર (**सिज्झंति हुंति**) સિદ્ધ થાય અને ઉત્પન્ન થાય. એટલે કે અવસર્પિણીમાં ત્રીજા આરાના નેવાશી પખવાડીયા શેષ રહે ત્યારે પહેલા તીર્થંકર સિદ્ધ થાય અને ચોથા આરાના નેવાશી પખવાડીયા શેષ રહે ત્યારે છેલ્લા તીર્થંકર સિદ્ધ થાય, તે જ પ્રમાણે ઉત્સર્પિણીમાં ત્રીજા આરાના નેવાશી પખવાડીયા જાય ત્યારે પહેલા જિનેશ્વરનો જન્મ થાય અને ચોથા આરાના નેવાશી પખવાડીયા જાય ત્યારે છેલ્લા જિનેશ્વરનો જન્મ થાય. (અહીં જન્મ શબ્દ માતાના ગર્ભમાં ઉત્પન્ન થવાવાચક સમજવો.) ૩૧.

वीरपउमंतरं पुण, चुलसी सहस सगवास पणमासा ।
पंचमअरयनरा सग–करुच्च वीससयवरिसाऊ ॥ ३२ ॥

અર્થ:—(**पुण**) વળી (**वीरपउमंतरं**) મહાવીર અને પદ્મનાભનું આંતરું (**चुलसी सहस**) ચોરાશી હજાર ને (**सगवास**) સાત વર્ષ અને (**पणमासा**) પાંચ મહિનાનું છે.[1] તથા (**पंचमअरयनरा**) પાંચમા આરાના પ્રારંભમાં મનુષ્યો (**सगकरुच्च**) સાત હાથ ઉંચા અને (**वीससयवरिसाऊ**) એક સો ને વીશ વર્ષના આયુષ્યવાળા હોય છે. ૩૨.

सुहमाइ दुपसहंता, तेवीसुदएहिँ चउजुअदुसहसा ।
जुगपवरगुरू तस्सम, इगारलक्खा सहस सोल ॥ ३३ ॥

---

૧ અવસર્પિણીનો પાંચમો ને છઠ્ઠો આરો ૨૧૦૦૦–૨૧૦૦૦ વર્ષનો ને ઉત્સર્પિણીનો પહેલો ને બીજો આરો ૨૧૦૦૦–૨૧૦૦૦ વર્ષનો કુલ ૮૪૦૦૦ અને અવસર્પિણીના ચોથા આરાના છેલ્લા ૮૯ પક્ષ તથા ઉત્સર્પિણીના ત્રીજા આરાના પ્રારંભના ૮૯ પક્ષ એ સર્વ મળી ૮૪૦૦૦ ને સાત વર્ષ અને પાંચ માસ થાય છે.

અર્થ:—(**सुहमाइ**) સુધર્માસ્વામીથી આરંભીને (**दुपसहंता**) દુષ્પ્રસભસૂરિ સુધીમાં (**तेवीसुदएहिं**) ત્રેવીશ ઉદયે કરીને (**चउजुअदुसहसा**) બે હજાર ને ચાર (**जुगपवरगुरू**) યુગપ્રધાન ગુરુ-આચાર્યો થશે, તથા (**तस्सम**) તે યુગપ્રધાનની જેવા (**इगारलक्खा**) અગ્યાર લાખ અને (**सहस सोल**) સોળ હજાર બીજા આચાર્યો થશે. ૩૩.

एगवयारि सुचरणा, समयविऊ पभावगा य जुगपवरा ।
पावयणियाइदुतिगा–इवरगुणा जुगपहाणसमा ॥ ३४ ॥

અર્થ:—(**जुगपवरा**) તેમાં જે યુગપ્રધાન થશે તે સર્વે (**एगवयारि**) એકાવતારી, (**सुचरणा**) ઉત્તમ ચરિત્રવાળા, (**समयविऊ**) સર્વ આગમને જાણનારા (**य**) અને (**पभावगा**) શાસનની પ્રભાવનાના કરનારા થશે. તથા (**जुगपहाणसमा**) જે યુગપ્રધાનની જેવા આચાર્યો થશે તે (**पावयणियाइदुतिगाइवरगुणा**) પ્રાવચનિકાદિક બે, ત્રણ વિગેરે શ્રેષ્ઠ પ્રભાવક ગુણવડે યુક્ત થશે. ૩૪.

પ્રભાવકના આઠ પ્રકાર નીચે પ્રમાણે:—

“ पावयणी धम्मकही, वाई नेमित्तिओ तवस्सी य ।
विज्जा सिद्धो य कई, अट्ठेव पभावगा भणिया ॥ ”

“ પ્રવચન (સિદ્ધાંત) ને જાણનાર, ધર્મકથા કરનાર, વાદી, નિમિત્તને જાણનાર, તપસ્વી, વિદ્યાવાળા, મંત્રસિદ્ધિવાળા અને કવિ (કાવ્ય રચનાર) આ આઠ પ્રકારના પ્રભાવક કહ્યા છે. ”

बारवरिसेहिँ गोयमु, सिद्धो वीराउ वीसहिँ सुहम्मो ।
चउसट्ठीए जंबू, वुच्छिन्ना तत्थ दस ठाणा ॥ ३५ ॥

અર્થ:—(**वीराउ**) મહાવીરસ્વામીથકી (મહાવીરના નિર્વાણ પછી) (**बारवरिसेहिँ**) બાર વર્ષે (**गोयमु**) ગૌતમસ્વામી (**सिद्धो**) સિદ્ધ થયા, અને મહાવીરના નિર્વાણથી (**वीसहिँ**) વીશ વર્ષે (**सुहम्मो**) સુધર્માસ્વામી સિદ્ધ થયા, તથા મહાવીરના નિર્વાણથી (**चउसट्ठीए**) ચોસઠ વર્ષે (**जंबू**) જંબૂસ્વામી સિદ્ધ થયા. (**तत्थ**) તે વખતે (**दस ठाणा**) આગળ કહેવાશે તે દશ સ્થાનકો (**वुच्छिन्ना**) વિચ્છેદ પામ્યા. ૩૫.

मणपरमोहिपुलाए, आहारगखवगउवसमे कप्पे ।
संजमतियकेवलिसि–ज्झणा य जंबुम्मि वुच्छिन्ना ॥ ३६ ॥

અર્થ:—(**मणपरमोहिपुलाए**) મન:પર્યવજ્ઞાન, પરમાવધિ, પુલાકલબ્ધિ, (**आहारग**) આહારકલબ્ધિ, (**खवग**) ક્ષપકશ્રેણિ, (**उवसमे**) ઉપશમશ્રેણિ, (**कप्पे**) જિનકલ્પ, (**संजमतिय**) સંયમત્રિક–પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત નામના ત્રણ સંયમ-ચારિત્ર, (**केवलि**) કેવળજ્ઞાન (**य**) અને (**सिज्झणा**) સિદ્ધિ–આ દશ સ્થાનો (**जंबुम्मि**) જંબૂસ્વામીને વિષે એટલે તેના નિર્વાણ પછી (**वुच्छिन्ना**) વિચ્છેદ ગયા છે. ૩૬.

પુલાકલબ્ધિને માટે આ પ્રમાણે કહ્યું છે:—

" जिणसासणपडिणीयं, चुन्निज्जा चक्कवट्टिसिन्नं पि ।
कुविओ मुणी महप्पा, पुलायलद्धीइ संपन्नो ॥ "

" પુલાકલબ્ધિવડે યુક્ત એવો મહાત્મા મુનિ જો કોપ પામે તો જિન-શાસનના શત્રુરૂપ ચક્રવર્ત્તીની સેનાને પણ ચૂરી નાંખે. "

सिज्जंभवेण विहिअं, दसयालिय अट्ठनवइ वरिसेहिं ।
सत्तरिसएहिं थक्का, चउ पुव्वा भद्दबाहुम्मि ॥ ३७ ॥

અર્થ:—મહાવીરસ્વામીના નિર્વાણ પછી (**अट्ठनवइ**) અઠ્ઠાણુ (**वरिसेहिं**) વર્ષ ગયા ત્યારે (**सिज्जंभवेण**) શય્યંભવસૂરિએ (**दसयालिय**) દશવૈકાલિક સૂત્ર (**विहिअं**) રચ્યું; તથા મહાવીરસ્વામીના નિર્વાણ પછી (**सत्तरिसएहिं**) એક સો સીતેર વર્ષ ગયા ત્યારે (**चउ पुव्वा**) છેલ્લા ચાર પૂર્વ (**भद्दबाहुम्मि**) ભદ્ર-બાહુને વિષે–તેમની પછી (**थक्का**) થાકયા–અર્થથી રહિત રહ્યા. ૩૭.

तुट्टिंसु थूलभद्दे, दोसयपनरेहिँ पुव्वअणुओगो ।
सुहुममहापाणाणि अ, आइमसंघयणसंठाणा ॥ ३८ ॥

અર્થ:—વીર પ્રભુના નિર્વાણ પછી (**दोसयपनरेहिँ**) બસો ને પંદર વર્ષે (**थूलभद्दे**) શ્રી સ્થૂલભદ્રને વિષે (તેની પછી) (**पुव्वअणुओगो**) પૂર્વનો અનુયોગ (ચાર પૂર્વ) (**सुहुममहापाणाणि**) સૂક્ષ્મ મહાપ્રાણ ધ્યાન એટલે જે ધ્યાનથી

અંતર્મુહૂર્ત્તમાં ચૌદ પૂર્વનું આનુપૂર્વી ને પશ્ચાનુપૂર્વીએ પરાવર્તન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે તે (अ) અને (**आइमसंघयणसंठाणा**) પહેલું સંઘયણ અને પહેલું સંસ્થાન (**तुर्हिसु**) વિચ્છેદ પામ્યા. ૩૮.

पणचुलसीइसु वयरे, दस पुव्वा अध्धकीलिसंघयणं ।
छस्सोलेहिँ अ थक्का, दुब्बलिए सड्ढनव पुव्वा ॥ ३९ ॥

અર્થ:—વીર પ્રભુના નિર્વાણ પછી (**पणचुलसीइसु**) પાંચ સો ચોરાશી વર્ષે (**वयरे**) વજાસ્વામીને વિષે (**दस पुव्वा**) દશ પૂર્વ અને (**अद्धकीलिसंघयणं**) [1]અર્ધનારાચ ને કીલિકા સંઘયણ થાકયા એટલે ત્યારપછી વિચ્છેદ ગયા. (**अ**) અને (**छस्सोलेहिँ**) વીર પ્રભુના નિર્વાણ પછી છ સો ને સોળ વર્ષે (**दुब्बलिए**) દુર્બલિકાપુષ્પમિત્રને વિષે (**सड्ढनव पुव्वा**) સાડાનવ પૂર્વ (**थक्का**) થાકયા–ત્યારપછી વિચ્છેદ ગયા. ૩૯.

छव्वाससएहिँ नवु–त्तरेहिँ सिद्धिं गयस्स वीरस्स ।
रहवीरपुरे नयरे, खमणा पाखंडिआ जाया ॥ ४० ॥

અર્થ:—(**वीरस्स**) વીર પ્રભુ (**सिद्धिं गयस्स**) સિદ્ધિમાં ગયા પછી (**छव्वाससएहिँ नवुत्तरेहिँ**) છ સો ને નવ વર્ષ ગયા ત્યારે (**रहवीरपुरे नयरे**) રથવીરપુર નામના નગરમાં (**पाखंडिआ**) પાખંડી (**खमणा**) દિગંબર સાધુઓ (**जाया**) થયા. (દિગંબર મત નીકળ્યો) ૪૦.

तेणउअनवसएहिं, समइक्कंतेहिँ वद्धमाणाओ ।
पज्जोसवण चउत्थी, कालगसूरिहिँ तो ठविआ ॥ ४१ ॥

અર્થ:—(**वद्धमाणाओ**) વર્ધમાનસ્વામીના નિર્વાણ પછી (**तेणउअनवसएहिं**) નવ સો ને ત્રાણુ વર્ષ (**समइक्कंतेहिँ**) ગયે સતે (**कालगसूरिहिँ तो**) કાલિક સૂરિએ (**पज्जोसवण चउत्थी**) પર્યુષણા પર્વ ચોથને દિવસે (**ठविया**) સ્થાપન કર્યું. ૪૧.

वीरजिणा पुव्वगयं, सव्वं पि गयं सहस्सवरिसेहिं ।
सुन्नमुणिवेअजुत्ता, विक्कमकालाओ जिणकालो ॥ ४२ ॥

---

[1] આ સંઘયણ ચોથું અને પાંચમું હોવાથી બીજું અને ત્રીજું સંઘયણ આની પહેલાં વિચ્છેદ જવું જોઇએ. તેનો વખત અહીં કહ્યો નથી.

અર્થ:—(**वीरजिणा**) વીર પ્રભુના નિર્વાણથી (**सहस्सवरिसेहिं**) હજાર વર્ષ ગયા ત્યારે (**पुव्वगयं**) પૂર્વમાં રહેલું (**सव्वं पि गयं**) સર્વ શ્રુત વિચ્છેદ થયું. (**जिणकालो**) વીર પ્રભુના નિર્વાણથી (**सुन्नमुणिवेअजुत्ता**) ચાર સો ને સીતેર વર્ષે (**विक्कमकालाओ**) વિક્રમ સંવત્સર પ્રવર્ત્યો. ૪૨.

तेरसएहिं वीरा, होहंति अणेगहा मइ (य) विभेआ ।
बंधंति जेहिं जीवा, बहुहा कंखाइमोहणियं ॥ ४३ ॥

અર્થ:—(**वीरा**) વીર જિનેશ્વરના નિર્વાણથી (**तेरसएहिं**) તેર સો વર્ષે (**अणेगहा**) અનેક પ્રકારના (**मइ (य) विभेआ**) મતિ(ત)ના ભેદો (**होहंति**) થશે. (થયા.) (**जेहिं**) જે ભેદોએ કરીને (**जीवा**) જીવો (**बहुहा**) ઘણા પ્રકારના (**कंखाइमोहणियं**) કાંક્ષાદિક–સંદેહાદિક મોહનીય કર્મને (**बंधंति**) બાંધશે. ૪૩.

[1]वीरजिणा गुणवीसं, सएहिँ पण मास बार वरिसेहिं ।
चंडालकुले होही, पाडलिपुरि समणपडिकूलो ॥ ४४ ॥

અર્થ:—(**वीरजिणा**) વીર પ્રભુના નિવાણથી (**गुणवीसं सएहिँ**) ઓગણીશ સો (**बार वरिसेहिं**) અને બાર વર્ષ તથા (**पण मास**) પાંચ માસ ગયે સતે (**पाडलिपुरि**) પાટલીપુર નગરમાં (**चंडालकुले**) ચંડાળના કુળમાં (**समणपडिकूलो**) સાધુનો પ્રતિકૂળ (કલંકીનો જન્મ) (**होही**) થશે. ૪૪.

चित्तट्ठमिविट्ठिभवो, कक्की रुद्दो चउम्मुह तिनामा ।
अट्ठारट्ठारसप–न्नवरिस सिसुदिसिविजयरज्जे ॥ ४५ ॥

અર્થ:—(**चित्तट्ठमिविट्ठिभवो**) ચૈત્ર શુદિ આઠમને દિવસે વિષ્ટિમાં તેનો જન્મ થશે. તથા તે (**कक्की**) કલ્કી, (**रुद्दो**) રુદ્ર અને (**चउम्मुह**) ચતુર્મુખ એ પ્રમાણે (**तिनामा**) ત્રણ નામવાળો થશે. (**अट्ठार**) તે અઢાર વર્ષ (**सिसु**) બાલ્યાવસ્થામાં, (**अट्ठारस**) અઢાર વર્ષ (**दिसिविजय**) દિગ્વિજયમાં અને (**पन्नवरिस**) પચાસ વર્ષ (**रज्जे**) રાજ્યમાં નિર્ગમન કરશે. કુલ છાશી વર્ષનું આયુષ્ય ભોગવશે. ૪૫.

तं मुणिभिक्खछलंसं, मग्गंतं हणिय विप्परूव हरी ।
तस्सुअ दत्तं रज्जे, पइदिणचेइयकरं ठविही ॥ ४६ ॥

---

૧ ૪૪ મીથી ૪૮ મી ગાથા સુધીમાં કહેલી હકીકત ઐતિહાસિક રીતે વિચારતાં બનેલી લાગતી નથી.

અર્થ:—(**मुणिभिक्खछलंसं**) મુનિઓ પાસેથી ભિક્ષાનો છઠ્ઠો ભાગ (**मग्गंतं**) માગતા:એવા (**तं**) તે કલ્કીને (**विप्परूव हरी**) બ્રાહ્મણના રૂપને ધારણ કરનાર ઇંદ્ર (**हणिय**) હણીને (**पइदिणचेइयकरं**) હમેશાં એક નવા ચૈત્યને કરનારા (**तस्सुअ दत्तं**) તેના પુત્ર દત્તને (**रज्जे**) રાજ્યને વિષે (**ठविही**) સ્થાપન કરશે. ૪૬.

अट्ठारसपन्नासेहिं, गहियसोरट्ठखप्परकुरज्जे ।
सो काही बहुवच्छर–अपुज्जसित्तुंजओद्धारं ॥ ४७ ॥

અર્થ:—(**सो**) તે દત્ત રાજા (**अट्ठारसपन्नासेहिं**) અઢાર સો ને પચાસ વર્ષે[1] (**गहियसोरट्ठखप्परकुरज्जे**) સૌરાષ્ટ્ર દેશનું રાજ્ય અને તુરુષ્કનું કુરાજ્ય ગ્રહણ કરીને (**बहुवच्छरअपुज्ज**) ઘણા વર્ષો સુધી અપૂજ્ય રહેલા (**सित्तुंजओद्धारं**) શત્રુંજયના ઉદ્ધારને (**काही**) કરશે. ૪૭. (આ ઉદ્ધારની ગણના કરવામાં આવી નથી)

तस्सुअ जिणदत्ताई–निवा नमिस्संति पाडिवयमाई ।
तइया कहं पि होही, तह जाइसरोहिनाणाई ॥ ४८ ॥

અર્થ:-(**तस्सुअ**) તે દત્ત રાજાના પુત્ર (**जिणदत्ताई**) જિનદત્ત વિગેરે (**निवा**) રાજાઓ (**पाडिवयमाई**) પ્રાતિપદ વિગેરે આચાર્યોને (**नमिस्संति**) વંદના કરશે. (**तइया**) તે વખતે (**कहं पि**) કોઇપણ પ્રકારે (**तह**) તથા-પ્રકારે એટલે થોડું થોડું-કોઇ કોઇ જીવને (**जाइसरोहिनाणाई**) જાતિસ્મરણ અને અવધિજ્ઞાનાદિક (**होही**) થશે. ૪૮.

जिणभत्तनिवाउ इगा–रसलक्खसोलसहस्स होहिंति ।
इहयं वरिससऊणे–गवीससहसेहिं वीरजिणा ॥ ४९ ॥

અર્થ:—(**वीरजिणा**) વીરપ્રભુના નિર્વાણ પછી (**इहयं**) અહીં (**वरि-ससऊण**) સો વર્ષ ન્યૂન[2] (**एगवीससहसेहिं**) એકવીશ હજાર વર્ષ સુધીમાં (**जिणभत्तनिवाउ**) જિનેશ્વરની ભક્તિવાળા રાજા (**इगारसलक्ख**) અગ્યાર લાખ અને (**सोलसहस्स**) સોળ હજાર (**होहिंति**) થશે. ૪૯.

---

૧ " गुणवीसा सोलेहि य " પ્રત્યંતરમાં પાઠ છે તેનો અર્થ " ઓગણીશ સો ને સોળ વર્ષે " એવો છે. આ વાત ઠીક લાગે છે; કારણ કે તેનો પિતા ૧૯૧૨ માં તો થયેલ છે.

૨ અહીં સો વર્ષ ન્યૂન કહેવાનું કારણ સમજાતું નથી.

तह सग्गचुओ सूरी, दुप्पसहो साहुणी अ फग्गुसिरी ।
नाइल सड्ढो सड्ढी, सच्चसिरी अंतिमो संघो ॥ ५० ॥

અર્થ:—(**तह**) તથા એકવીશ હજાર વર્ષને છેડે (**सग्गचुओ**) સ્વર્ગથી ચ્યવીને (**सूरि दुप्पसहो**) દુષ્પ્રસભ નામના આચાર્ય (**अ**) તથા (**फग्गुसिरी**) ફલ્ગુશ્રી નામની (**साहुणी**) સાધ્વી તથા (**नाइल सड्ढो**) નાગિલ નામનો શ્રાવક અને (**सड्ढी सच्चसिरी**) સત્યશ્રી નામની શ્રાવિકા (**अंतिमो संघो**) એ પ્રમાણે છેલ્લો સંઘ થશે. ૫૦.

एगो साहू एगा, य साहुणी सावओ य सड्ढी वा ।
आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥ ५१ ॥

અર્થ:—(**एगो साहू**) એક સાધુ, (**एगा य साहुणी**) એક સાધ્વી, (**सावओ य**) એક શ્રાવક અને (**सड्ढी वा**) એક શ્રાવિકા આ ચાર જ જો (**आणा-जुत्तो**) વીતરાગની આજ્ઞાએ કરીને યુક્ત હોય તો તે (**संघो**) સંઘ કહેવાય છે; (**पुण**) પરંતુ (**सेसो**) બાકીનો એટલે આજ્ઞા રહિત હોય તે કોઇપણ શ્રેષ્ઠ ગુણનો અભાવ હોવાથી (**अट्ठिसंघाओ**) હાડકાનો સંઘાત કહેવાય છે. ૫૧.

दसयालियजिअकप्पा–वस्सयअणुओगदारनंदिधरो ।
सययं इंदाइनओ, छट्ठुग्गतवो दुहत्थतणू ॥ ५२ ॥

અર્થ:—(**दसयालिय**) દશવૈકાલિક, (**जिअकप्प**) જિતકલ્પ, (**आवस्सय**) આવશ્યક, (**अणुओगदार**) અનુયોગદ્વાર અને (**नंदि**) નંદી–આ પાંચ સૂત્રને (**धरो**) ધારણ કરનાર તથા (**सययं**) નિરંતર (**इंदाइनओ**) ઇંદ્રાદિક દેવોએ નમેલા એવા તે આચાર્ય થશે. તથા (**छट्ठुग्गतवो**) ઉત્કૃષ્ટ છઠ્ઠનો તપ કરનાર અને (**दुहत्थतणू**) બે હાથના શરીરવાળા થશે. ૫૨.

गिहि वय गुरुत्त बारस, चउ चउ वरिसो कयट्ठमो अंते ।
सोहम्मि सागराऊ, होइ तओ सिज्झिही भरहे ॥ ५३ ॥

અર્થ:—તે દુષ્પ્રસભસૂરિ (**गिहि**) ગૃહસ્થપણે (**बारस**) બાર વર્ષ રહેશે, (**वय**) વ્રત એટલે સર્વવિરતિપણામાં (**चउ**) ચાર વર્ષ રહેશે અને (**गुरुत्त**) આચાર્યપદને વિષે (**चउ वरिसो**) ચાર વર્ષ રહેશે. એમ વીશવર્ષનું આયુ પાળી (**अंते**) આયુષ્યને છેડે (**कयट्ठमो**) અઠ્ઠમના તપવડે અનશન કરી (**सोहम्मि**) સૌધર્મદેવલોકમાં (**सागराऊ**) એક સાગરોપમના આયુષ્યવાળા (**होइ**) દેવ થશે. (**तओ**) ત્યાંથી ચ્યવીને (**भरहे**) ભરતક્ષેત્રમાં (**सिज्झिही**) સિદ્ધિપદને પામશે. ૫૩.

सुअसूरिसंघधम्मो, पुव्वण्हे छिज्जिही अगणि सायं ।
निवविमलवाहणो सुह–ममंति नयधम्ममज्झण्हे ॥ ५४ ॥

અર્થ:—(**सुअसूरिसंघधम्मो**) તજ્ઞાન, સૂરિ, સંઘ અને ધર્મ એ ચાર (**पुव्वण्णे**) પહેલા પહોરે (**छिज्जिही**) વિચ્છેદ પામશે, (**निवविमलवाहणो**) વિમલવાહન નામનો રાજા, (**सुहममंति**) સુધર્મ નામનો મંત્રી અને (**नयधम्म**) નીતિ ધર્મ આ ત્રણ મધ્યાહ્ન સમયે વિચ્છેદ પામશે, તથા (**अगणि**) અગ્નિ (**सायं**) સાયંકાળે વિચ્છેદ પામશે. ૫૪.

तो खारग्गिविसंबिल–विज्जुघणा सगदिणा पिहु कुपवणा ।
वरिसिय बहुरोगिजलं, काहिंति समं गिरिथलाइं ॥ ५५ ॥

અર્થ:—(**तो**) ત્યારપછી (**खारग्गिविसंबिलविज्जुघणा**) ક્ષારમેઘ (ક્ષારરસવાળા જળનો મેઘ), અગ્નિ જેવા જળનો મેઘ, વિષમિશ્રિત જળનો મેઘ, અમ્લ (ખાટા) રસવાળા જળનો મેઘ અને વિદ્યુત્ મેઘ (જેમાં અત્યંત વિજળી જેવા ઝબકારા થઈ રહ્યા હોય તેવો મેઘ)–એમ પાંચ પ્રકારના મેઘ (**सगदिणा**) સાત સાત દિવસ કુલ ૩૫ દિવસ (**पिहु**) જુદી જુદી વૃષ્ટિ કરશે–વરસશે. (**कुपवणा**) ખરાબ વાયુ વાશે, (**बहुरोगिजलं**) ઘણું રોગી–ઘણા રોગ ઉત્પન્ન કરે તેવું જળ (**वरिसिय**) વરસશે અને (**गिरिथलाइं**) પર્વત તથા સ્થળ વિગેરેને (**समं**) સરખા (**काहिंति**) કરશે. ૫૫.

इंगालछारमुम्मुर–हाहाभूया तणाइरहिय मही ।
होहिंति बीयमित्तं, वेयड्ढाइसु खगाई वि ॥ ५६ ॥

અર્થ:—(**इंगालछारमुम्मुर**) અંગારા, રાખ અને મુર્મુર–ભારેલા અગ્નિ જેવી તથા (**हाहाभूया**) હા દૈવ ! હવે શું થશે ? એ પ્રમાણે હાહાકારવાળી તથા (**तणाइरहिय**) તૃણાદિકથી રહિત એવી (**मही**) પૃથ્વી થશે. તથા (**वेयड्ढाइसु**) વૈતાઢ્યાદિકમાં–તેના બિલોમાં (**खगाई वि**) [1]પક્ષી આદિક પણ (**बीयमित्तं**) બીજ માત્ર (**होहिंति**) રહેશે. ૫૬.

छट्ठअरे दुकरुच्चा, वीसंवरिसाउ मच्छयाहारा ।
बिलवासी कुगइगमा, कुवन्नरूवा नरा कूरा ॥ ५७ ॥

---

૧ અહીં આદિ શબ્દથી બીજ માત્ર પશુઓ પણ બિલોમાં રહેશે.

અર્થઃ—(**छट्ठअरे**) છઠ્ઠા આરામાં (**नरा**) મનુષ્યો (**दुकरुच्चा**) બે હાથ ઉંચા શરીરવાળા (**वीसंवरिसाउ**) વીશ વર્ષના આયુષ્યવાળા, (**मच्छयाहारा**) મત્સ્યનો આહાર કરનારા, (**बिलवासी**) ગંગા અને સિંધુ નદીના બિલમાં વસનારા, (**कुगइगमा**) તિર્યંચ અને નરકરૂપ કુગતિમાં જનારા, (**कुवन्नरूवा**) ખરાબ વર્ણ અને રૂપવાળા તથા (**कूरा**) ક્રૂર પ્રકૃતિવાળા થશે. ૫૭.

निल्लज्जा निव्वसणा, खरवयणा पियसुआइठिइरहिया ।
छवरिसगब्भा इत्थी, सुदुक्खपसवा बहुसुआ य ॥ ५८ ॥

અર્થઃ—(**निल्लज्जा**) વળી તે મનુષ્યો લજ્જા રહિત, (**निव्वसणा**) વસ્ત્ર રહિત, (**खरवयणा**) કઠોર વચનવાળા, (**पियसुआइठिइरहिया**) માત-પિતા, ભાઈ-બહેન અને પુત્ર-કલત્રાદિની સ્થિતિ (મર્યાદા) રહિત થશે. તથા (**इत्थी**) સ્ત્રીઓ (**छवरिसगब्भा**) છ વરસની વયે ગર્ભ ધારણ કરશે, (**सुदुक्खपसवा**) અત્યંત દુઃખે કરીને પ્રસવ કરશે (**य**) અને (**बहुसुआ**) ઘણા પુત્ર-પુત્રીવાળી થશે. ૫૮.

बहुमच्छचक्कवहगंग–सिंधुपासेसु नव नव बिलाइं ।
वेयड्ढोभयपासे, बिसयरि बहुरोगिनरठाणा ॥ ५९ ॥

અર્થઃ—(**बहुमच्छ**) જેમાં ઘણા માછલાંઓ છે એવી અને (**चक्कवह**) રથના ચક્ર જેટલા પ્રવાહવાળી (**गंगसिंधुपासेसु**) ગંગા અને સિંધુ નદીની બન્ને બાજુએ એટલે કાંઠે (**वेयड्ढोभयपासे**) વૈતાઢ્યની બન્ને બાજુએ એટલે ઉત્તર અને દક્ષિણ દિશાએ (**बहुरोगिनरठाणा**) ઘણા રોગી મનુષ્યોના સ્થાનભૂત (**नव नव बिलाइं**) નવ નવ બિલો હોવાથી કુલ (**बिसयरि**) બહોંતેર બિલોમાં રહેશે. (વૈતાઢ્યની ઉત્તર દિશામાં ગંગા નદીના પૂર્વપશ્ચિમ તરફના બે કાંઠામાં નવ નવ બિલ હોવાથી અઢાર બિલ થયા, તે જ રીતે વૈતાઢ્યની દક્ષિણ દિશામાં અઢાર હોવાથી છત્રીશ થયા. તે જ રીતે સિંધુનદીના ચારે તરફના છત્રીશ મળીને કુલ બહોંતેર બિલ થાય છે.) ૫૯.

अग्गिमअराइमाणं, पुव्व अरंते इहं तु छट्ठंते ।
हत्थतणु सोलवरिसाउ, अन्नहुस्सप्पिणी नवरं ॥ ६० ॥

અર્થઃ—(**अग्गिमअराइमाणं**) આગળના ઉત્સર્પિણીના આરાદિકનું માન (આયુષ્ય દેહાદિકનું માન) પૂર્વની જેમ આગલા આરાની જેમ જાણવું. ઉત્સ-

ર્પિણીમાં આદિનું જે જે દેહ આયુષ્ય પ્રમુખનું માન હોય તે તે (**पुव्व अरंते**) પહેલા અવસર્પિણીના આરાને અંતે જાણવું એટલે ઉત્સર્પિણીમાં (**अन्नह**) અન્યથા પ્રકારે જાણવું. (**नवरं**) એટલું વિશેષ છે કે હવે પછીના આરાની ઉત્સર્પિણી સંજ્ઞા છે. (**इहं तु छट्ठंते**) અહીં અવસર્પિણીમાં છઠ્ઠા આરાને અંતે (**हत्थतणु सोलवरिसाउ**) એક હાથનું શરીર અને સોળ વર્ષનું આયુષ્ય હોય. ૬૦. (એ પ્રમાણે ઉત્સર્પિણીના પહેલા આરાના પ્રારંભમાં હોય).

पुक्खलखीरघयामय–रसमेहा वरिसिहंति पढमंते ।
भूसीयलन्ननेहो–सहिरसया सत्तसत्तदिणे ॥ ६१ ॥

અર્થ:—ઉત્સર્પિણીના પહેલા આરાને અંતે અને બીજા આરાના પ્રારંભમાં (**पुक्खल**) પુષ્કરાવર્ત મેઘ વરસશે. તે મેઘ કેવો છે? પહેલાં અવસર્પિણીના છઠ્ઠા આરામાં ક્ષારાદિકના ખરાબ મેઘો વરસવાથી થયેલી ઈંગાલ–ક્ષારમય પૃથ્વીને સ્વાદુ, સ્વચ્છ અને હિતકારી જળ વરસવાથી શાંત કરી દેશે. એ પહેલો પુષ્કરાવર્ત મેઘ દાહને ઉપશમાવે છે. ત્યારપછી (**खीर**) બીજો ખીરરસ મેઘ વરસશે તેથી પૃથ્વી પર ઘણા ધાન્ય નીપજશે. (**घय**) ત્રીજો ઘૃતરસ મેઘ વરસશે તે પૃથ્વીમાં સ્નિગ્ધતાને ઉત્પન્ન કરશે. (**अमय**) ચોથો અમૃતરસ મેઘ વરસશે તે નાના પ્રકારની ઔષધિને તેમજ નાના પ્રકારના વૃક્ષો અને લતાના અંકુરાને ઉત્પન્ન કરશે અને (**रसमेहा**) પાંચમો રસમેઘ સુરસમય ઉદકવાળો વરસશે તે વનસ્પતિઓમાં તિક્તાદિ પાંચ પ્રકારના રસને ઉત્પન્ન કરશે. (**सत्तसत्तदिणे**) આ પાંચે પ્રકારના મેઘો અનુક્રમે સાત સાત દિવસ (**वरिसिहंति**) વરસશે. તે (**भूसीयलन्ननेहोसहिरसया**) પૃથ્વીને શીતલ કરશે, અન્ન ઉપજાવશે અને સ્નેહ સહિત (સ્નિગ્ધ), ઓષધિ સહિત તેમજ રસ સહિત કરશે. ૬૧.

बीए उ पुराइकरो, जाइसरो विमलवाहणसुदामो ।
संगमसुपासदत्तो, सुमुहो सम्मइ कुलगर त्ति ॥ ६२ ॥

અર્થ:—(**बीए उ**) તથા બીજે આરે-પ્રાંત ભાગે (**पुराइकरो**) નગરાદિકને કરનાર, (**जाइसरो**) જાતિસ્મરણજ્ઞાનવાળા (**विमलवाहण**) પહેલા વિમલવાહન, (**सुदामो**) બીજા સુદામ, (**संगम**) ત્રીજા સંગમ, (**सुपास**) ચોથા સુપાર્શ્વ, (**दत्तो**) પાંચમા દત્ત, (**सुमुहो**) છઠ્ઠા સુમુખ અને (**सम्मइ**) સાતમા સન્મતિ–આ સાત (**कुलगर त्ति**) કુલકરો થશે. (સ્થાનાંગસૂત્રના સાતમા સ્થાનમાં કહ્યું છે કે-ભરતક્ષેત્રમાં આવતી ઉત્સર્પિણીમાં મિત્રવાહન ૧, સુભૂમ ૨, સુપ્રભ ૩, સ્વયંપ્રભ ૪, દત્ત ૫, સુધર્મ ૬ અને સુગંધુ ૭. આ નામના સાત કુલકરો થશે તે વ્યવહારાદિક ચલાવશે.) ૬૨.

तइयाइसु उड्ढगई, जिणनारयबल दुहागई चक्की ।
अहरगइ हरिपडिहरी, चउत्थअरयाइसु अ जुअला ॥६३॥

અર્થ:—(**तइयाइसु**) ઉત્સર્પિણીના ત્રીજા ને ચોથા આરામાં (**जिणनारयबल**) જિનેશ્વરો, નારદો અને બળદેવો (**उड्ढगई**) ઊર્ધ્વગતિવાળા થશે. તથા (**चक्की**) ચક્રવર્તીઓ (**दुहागई**) ઊર્ધ્વ અને અધો એમ બંને પ્રકારની ગતિવાળા થશે. તથા (**हरिपडिहरी**) વાસુદેવો અને પ્રતિવાસુદેવો (**अहरगई**) અધોગતિવાળા થશે (**अ**) તથા (**चउत्थअरयाइसु**) [1]ચોથા વિગેરે (પાંચમા અને છઠ્ઠા) એમ ત્રણ આરામાં (**जुअला**) યુગલિયા થશે. ૬૩.

पउमाभसूरदेवो, सुपाससयंपभसव्वअणुभूई ।
देवसुअउदयपेढाल-पुट्टिलसयकित्तिसुवयऽममा ॥ ६४ ॥

અર્થ:—(**पउमाभ**) આવતી ઉત્સર્પિણીમાં ભરતક્ષેત્રને વિષે શ્રેણિકરાજાનો જીવ જે હાલમાં પહેલી નરકમાં વર્તે છે તે ત્યાંથી ચ્યવીને શતદ્વાર નામના નગરમાં મહાપદ્મ નામે રાજા થશે. તે રાજા આવતી ચોવીશીમાં પદ્મનાભ નામના પહેલા તીર્થંકર થશે. તેનું ૭૨ વર્ષનું આયુષ્ય, સાત હાથનું શરીર અને સિંહનું લાંછન થશે. તે મહાપદ્મ રાજાનું બીજું નામ દેવસેન થશે અને ત્રીજું નામ વિમળવાહન થશે. તેનું સર્વ વૃત્તાંત મહાવીરસ્વામીની જેમ જાણવું.

(**सूरदेवो**) વર્ધમાનસ્વામીના કાકા સુપાર્શ્વ નામે જે હતા, તેનો જીવ સૂરદેવ નામના બીજા તીર્થંકર થશે. તે પાર્શ્વનાથ જેવા થશે. તેનું ૧૦૦ વર્ષનું આયુષ્ય, નવ હાથનું શરીર અને સર્પનું લાંછન જાણવું.

(**सुपास**) પોટ્ટિલનો જીવ (પરંતુ ઉવવાયસૂત્રમાં કહેલ છે તે નહીં) સુપાર્શ્વ નામના ત્રીજા તીર્થંકર નેમિનાથ જેવા થશે. તેનું હજાર વર્ષનું આયુષ્ય, દશ ધનુષનું શરીર અને શંખનું લાંછન જાણવું.

(**सयंपभ**) દઢાયુનો જીવ ચોથા સ્વયંપ્રભ નામના તીર્થંકર નમિનાથ જેવા થશે. તેનું દશ હજાર વર્ષનું આયુષ્ય, પંદર ધનુષનું શરીર અને નીલ કમળનું લાંછન જાણવું.

(**सव्वअणुभूई**) કાર્તિક શેઠનો જીવ પાંચમા સર્વાનુભૂતિ નામના તીર્થંકર

---

૧ ચોથા આરાના પ્રારંભમાં થનારા ચોવીશમા તીર્થંકર અને બારમા ચક્રવર્તી બન્ને નિર્વાણ પામ્યા પછી યુગલિક ધર્મ પ્રવર્તશે.

થશે. તે મુનિસુવ્રતસ્વામી જેવા થશે. તેનું ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય, વીશ ધનુષનું શરીર અને કચ્છપનું લાંછન જાણવું.

(**देवसुअ**) શંખ શ્રાવકનો જીવ છઠ્ઠા દેવશ્રુત નામના તીર્થંકર મલ્લિનાથ જેવા થશે. તેનું પંચાવન હજાર વર્ષનું આયુષ્ય, પચીશ ધનુષનું શરીર ને કલશનું લાંછન જાણવું.

(**उदय**) નંદનો જીવ સાતમા ઉદય નામના તીર્થંકર અરનાથ પ્રભુ જેવા થશે. તેનું ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય, ત્રીશ ધનુષનું શરીર અને નંદાવર્તનું લાંછન જાણવું.

(**पेढाल**) સુનંદનો જીવ આઠમા પેઢાલ નામના તીર્થંકર કુંથુનાથ જેવા થશે. તેનું પંચાણુ હજાર વર્ષનું આયુષ્ય, પાંત્રીશ ધનુષનું શરીર અને બોકડાનું લાંછન જાણવું.

(**पुट्टिल**) આનંદનો જીવ નવમા પોટિલ નામના તીર્થંકર શાંતિનાથ જેવા થશે. તેમનું એક લાખ વર્ષનું આયુષ્ય, ચાળીશ ધનુષનું શરીર અને મૃગનું લાંછન જાણવું.

(**सयकित्ति**) શતક શ્રાવકનો જીવ દશમા શતકીર્તિ નામના તીર્થંકર ધર્મનાથ પ્રભુ જેવા થશે. તેમનું દશ લાખ વર્ષનું આયુષ્ય, પીસ્તાળીશ ધનુષનું શરીર અને વજ્રનું લાંછન જાણવું. આ શંખનો મિત્ર જેનું નામ પુષ્કલિ હતું તે જાણવા. (શ્રી હેમવીરચરિત્રમાં નવમા કેકસીના જીવ અને દશમા રેવતીના જીવ કહ્યા છે.)

(**सुवय**) સત્યકી વિદ્યાધરનો જીવ અગ્યારમા સુવ્રત નામના તીર્થંકર અનંતનાથ જેવા થશે. તેમનું ત્રીશ લાખ વર્ષનું આયુષ્ય, પચાસ ધનુષનું શરીર અને સિંચાણાનું લાંછન જાણવું.

(**अमम**) દ્વારકામાં કૃષ્ણ વાસુદેવ નેમિનાથના ભક્ત હતા. તે ધર્મિષ્ઠ શ્રાવક થયા હતા. અન્યદા તેમણે અઢાર હજાર મુનિઓને શુદ્ધ વિધિપૂર્વક વંદન કરી ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કર્યું હતું. તે વખતે સાતમી નરકને યોગ્ય દુષ્કર્મની અપવર્તના કરીને ત્રીજી નરકને યોગ્ય કર્મદલિક કર્યા હતા અને તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું હતું. એ કૃષ્ણનો જીવ બારમા અમમ નામના તીર્થંકર વિમળનાથ જેવા થશે. તેમનું સાઠ લાખ વર્ષનું આયુષ્ય, સાઠ ધનુષનું શરીર અને વરાહનું લાંછન થશે. વસુદેવહિંડીમાં તો કૃષ્ણ ત્રીજી નરકમાંથી નીકળી, ભરતક્ષેત્રમાં શતદ્વાર નગરમાં માંડલિક રાજા થઇ, ચારિત્ર ગ્રહણ કરી તીર્થંકરનામકર્મ નિકાચિત કરી, વૈમાનિક દેવપણે ઉત્પન્ન થઇ ત્યાંથી ચ્યવીને અમમ નામે બારમા તીર્થંકર થશે એમ કહ્યું છે. ૬૪. (નરકમાંથી નીકળીને પરભાર્યા તીર્થંકર થઇ શકતા નથી કારણ કે વચ્ચે કાળ વધારે છે તેથી બીજા બે ભવ થવાની જરૂર છે.)

निकसायनिप्पुलयानिममचित्तगुत्ता समाहिसंवरिया ।
जसहरविजओ मल्लो, देवोऽणंतविरि भद्दकरो ॥ ६५ ॥

અર્થ:—(**निकसाय**) બળદેવનો જીવ તેરમા નિષ્કષાય નામના તીર્થંકર વાસુપૂજ્ય જેવા થશે. તેમનું ૭૨ લાખ વર્ષનું આયુષ્ય, ૭૦ ધનુષનું શરીર અને મહિષનું લાંછન જાણવું. (કૃષ્ણના મોટા ભાઇ બળભદ્ર કૃષ્ણના (અમમ તીર્થંકરના) તીર્થમાં સિદ્ધિપદને પામવાના છે, તેથી આ તીર્થંકરના જીવ બળદેવ કહ્યા છે તે બીજા સમજવા.)

(**निप्पुलय**) રોહિણીનો જીવ નિષ્પુલાક નામના ચૌદમા તીર્થંકર શ્રેયાંસનાથ જેવા થશે. તેમનું ૮૪ લાખ વર્ષનું આયુષ્ય, ૮૦ ધનુષનું શરીર અને ખડ્ગી (ગેંડા)નું લાંછન જાણવું.

(**निमम**) જેને બત્રીશ પુત્રો થયા હતા તે સુલસાનો જીવ પંદરમા નિર્મમ નામના તીર્થંકર શીતળનાથ જેવા થશે. તેમનું લાખ પૂર્વનું આયુષ્ય, ૯૦ ધનુષનું શરીર અને શ્રીવત્સનું લાંછન જાણવું.

(**चित्तगुत्ता**) જેણે પ્રભુને બીજોરાપાક વહોરાવ્યો હતો તે રેવતીનો જીવ સત્તરમા ચિત્રગુપ્ત નામના તીર્થંકર સુવિધિનાથ જેવા થશે. તેમનું બે લાખ પૂર્વનું આયુષ્ય, ૧૦૦ ધનુષનું શરીર અને મગરનું લાંછન જાણવું.

(**समाहि**) ગવાલિનો જીવ સત્તરમા સમાધિ નામના તીર્થંકર ચંદ્રપ્રભુ જેવા થશે. તેમનું દશ લાખ પૂર્વનું આયુષ્ય, ૧૫૦ ધનુષનું શરીર અને ઉડુપતિ (ચંદ્ર)નું લાંછન જાણવું.

(**संवरिया**) ગાગલિનો જીવ અઢારમા સંવર નામના તીર્થંકર સુપાર્શ્વનાથ જેવા થશે. તેમનું વીશ લાખ પૂર્વનું આયુષ્ય, બસો ધનુષનું શરીર અને સ્વસ્તિકનું લાંછન જાણવું.

(**जसहर**) દ્વીપાયનનો જીવ ઓગણીશમા યશોધર નામના તીર્થંકર પદ્મપ્રભ જેવા થશે. તેમનું ત્રીશ લાખ પૂર્વનું આયુષ્ય, અઢીસો ધનુષનું શરીર અને પદ્મનું લાંછન જાણવું.

(**विजओ**) કર્ણનો જીવ વીશમા વિજય નામના તીર્થંકર સુમતિનાથ જેવા થશે. તેમનું ચાળીશ લાખ પૂર્વનું આયુષ્ય, ત્રણ સો ધનુષનું શરીર અને ક્રૌંચનું લાંછન જાણવું.

(**मल्लो**) નારદનો જીવ એકવીશમા મલ્લ નામના તીર્થંકર અભિનંદન જેવા થશે. તેમનું પચાસ લાખ પૂર્વનું આયુષ્ય, સાડાત્રણ સો ધનુષનું શરીર અને કપિ (વાનરા)નું લાંછન જાણવું.

(**देवो**) અંબડનો જીવ બાવીશમા દેવ નામના તીર્થંકર સંભવનાથ જેવા થશે. તેમનું સાઠ લાખ પૂર્વનું આયુષ્ય, ચાર સો ધનુષનું શરીર અને તુરગ (અશ્વ)નું લાંછન જાણવું. (મહાવીરસ્વામીએ જે અંબડ સાથે સુલસાને સુખસાતાના સમાચાર કહેવરાવ્યા હતા તે અંબડ જાણવા. કોઇ ઠેકાણે ધર્મલાભ કહેજે એમ પણ જણાવેલ છે.)

(**अणंतविरि**) દ્વારમદનો જીવ ત્રેવીશમા અનંતવીર્ય નામના તીર્થંકર અજિતનાથ જેવા થશે. તેમનું બોંતેર લાખ પૂર્વનું આયુષ્ય, સાડાચાર સો ધનુષનું શરીર અને ગજનું લાંછન જાણવું. (હૈમવીરચરિત્રમાં બ્રહ્મદત્તચક્રીના જીવ કહ્યા છે.)

(**भद्दकरो**) સ્વાતિનો જીવ ચોવીશમા ભદ્રંકર (ભદ્રકૃત) નામના તીર્થંકર ચોથા આરાના પ્રારંભમાં ઋષભદેવ જેવા થશે. તેમનું ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય, પાંચ સો ધનુષનું શરીર અને વૃષભનું લાંછન જાણવું.

જિનપ્રભસૂરિકૃત પ્રાકૃત ગદ્ય દીવાળીકલ્પમાં તો આ પ્રમાણે છે:—ત્રીજા ઉદાયીના જીવ **સુપાર્શ્વ** જિન, ચોથા પોટ્ટિલના જીવ **સ્વયંપ્રભ** જિન, પાંચમા દઢાયુના જીવ **સર્વાનુભૂતિ** જિન, છઠ્ઠા કાર્તિકના જીવ **દેવસુત** જિન, સાતમા શંખના જીવ **ઉદય** જિન, આઠમા આનંદના જીવ **પેઢાલ** જિન, નવમા સુનંદાના જીવ **પોટ્ટિલ** જિન, દશમા શતકના જીવ **શતકીર્તિ** જિન, અગ્યારમા દેવકીના જીવ **મુનિસુવ્રત** જિન, બારમા કૃષ્ણના જીવ **અમમ** જિન, તેરમા સત્યકીના જીવ **નિષ્કષાય** જિન, ચૌદમા બળદેવના જીવ **નિષ્પુલાક** જિન, પંદરમા સુલસાના જીવ **નિર્મમ** જિન, સોળમા રોહિણીના જીવ **ચિત્રગુપ્ત** જિન (કોઇ કહે છે કે કલ્કીના પુત્ર ચિત્રગુપ્ત), સત્તરમા રેવતીના જીવ **સમાધિ** જિન, અઢારમા સયલના જીવ **સંવર** જિન, ત્રેવીશમા અરનાથ જીવ **અનંતવીર્ય** જિન, ચોવીશમા બુદ્ધના જીવ **ભદ્રંકર** જિન. બાકીના ઉપર કહ્યા પ્રમાણે જાણવા. ૬૫. (આનો નિર્ણય બહુશ્રુત જાણે.)

सड्ढदुसय सहसा, पउणचुलसिया लक्खपणछचउपन्ना ।
समकोडिसहस, तेणूणपलिअचउभाग पलिअद्धं ॥ ६६ ॥

અર્થ:—(**सड्ढदुसय**) પહેલા પદ્મનાભના નિર્વાણથી બીજા સુરદેવનું નિર્વાણ અઢીસો વર્ષે થશે.

(**सहसा पउणचुलसिया**) બીજા અને ત્રીજા જિનનું આંતરું પોણી ચોરાશી હજાર વર્ષ. (આ આંતરૂં બધે નિર્વાણનું જાણવું)

(**लक्खपण**) ત્રીજા અને ચોથા જિનનું આંતરું પાંચ લાખ વર્ષ.

(**छ**) ચોથા અને પાંચમા જિનનું આંતરું છ લાખ વર્ષ.

(**चउपन्ना**) પાંચમા અને છઠ્ઠા જિનનું આંતરું ચોપન લાખ વર્ષ.

(**समकोडिसहस**) છઠ્ઠા અને સાતમા જિનનું આંતરું કોટિ સહસ્ત્ર (હજાર કરોડ) વર્ષ.

(**तेणूणपलिअचउभाग**) સાતમા અને આઠમા જિનનું આંતરું કોટિ સહસ્ત્ર વર્ષે ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ (૫ા પલ્યોપમ).

(**पलिअद्धं**) આઠમા અને નવમા જિનનું આંતરું અર્ધ પલ્યોપમનું જાણવું. ૬૬.

पउणपलिऊण तिअयर, चउनवतीसचउपन्न इगकोडी ।
छव्वीससहस छावट्ठिलक्ख वासायरसऊणा ॥ ६७ ॥

અર્થ:—(**पउणपलिऊण तिअयर**) નવમા અને દશમા જિનનું આંતરું પોણા પલ્યોપમે ન્યૂન ત્રણ સાગરોપમ.

(**चउ**) દશમા અને અગ્યારમા જિનનું આંતરું ચાર સાગરોપમ.
(**नव**) અગ્યારમા અને બારમા જિનનું આંતરું નવ સાગરોપમ.
(**तीस**) બારમા અને તેરમા જિનનું આંતરું ત્રીશ સાગરોપમ.
(**चउपन्न**) તેરમા અને ચૌદમા જિનનું આંતરું ચોપન સાગરોપમ.

ચૌદમા અને પંદરમા જિનનું આંતરું (**छव्वीससहस छावट्ठिलक्ख**) છવીશ હજાર, છાસઠ લાખ (**वास**) વર્ષ[1] (**अयरसऊणा**) અને એક સો સાગરોપમે ન્યૂન (**इग कोडी**) એક કરોડ સાગરોપમનું જાણવું. ૬૭.

नवकोडि नवइकोडी, नवसयकोडी य नवसहसकोडी ।
कोडिसहसनवई नव–दसतीसपन्नकोडिलक्खा ॥ ६८ ॥

અર્થ:—(**नवकोडि**) પંદરમા અને સોળમા જિનનું આંતરું નવ કરોડ સાગરોપમ.

(**नवइकोडी**) સોળમા અને સત્તરમા જિનનું આંતરું નેવું કરોડ સાગરોપમ.

(**नवसयकोडी य**) સત્તરમા અને અઢારમા જિનનું આંતરું નવ સો કરોડ સાગરોપમ.

(**नवसहसकोडी**) અઢારમા અને ઓગણીશમા જિનનું આંતરું નવ હજાર કરોડ સાગરોપમ.

(**कोडिसहसनवई**) ઓગણીશમા અને વીશમા જિનનું આંતરું નેવુ હજાર કરોડ સાગરોપમ.

---

૧ આ બાદબાકી ચોથો આરો ૪૨ હજાર વર્ષે ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો હોવાથી તે ૪૨૦૦૦ અને પહેલાથી છઠ્ઠા પ્રભુ સુધીના આંતરાના ૬૫ લાખ ને ૮૪ હજાર વર્ષ મળીને સમજવી.

(**नव**) વીશમા અને એકવીશમા જિનનું આંતરું નવ લાખ કરોડ સાગરોપમ.

(**दस**) એકવીશમા અને બાવીશમા જિનનું આંતરું દશ લાખ કરોડ સાગરોપમ.

(**तीस**) બાવીશમા અને ત્રેવીશમા જિનનું આંતરું ત્રીશ લાખ કરોડ સાગરોપમ.

(**पन्नकोडिलक्खा**) ત્રેવીશમા અને ચોવીશમા જિનનું આંતરું પચાસ લાખ કરોડ સાગરોપમનું જાણવું. ૬૮.

बल वेजयंत अजिआ, धम्मो सुप्पहसुदंसणाणंदा ।
नंदण पउमा हलिणु–त्ति चक्किणो दीहदंतो अ ॥ ६९ ॥
तह गूढदंतओ सुद्धदंत सिरिदंत–सिरिभुई सोमो ।
पउम महपउम दुसमो, विमल विमलवाहण अरिट्ठो ॥७०॥

અર્થ:—આવતી ચોવીશીના (**हलिणुत्ति**) એટલે નવ બળદેવોનાં નામ—(**बल वेजयंत अजिआ**) બળ ૧, વૈજયંત ૨, અજિત ૩, (**धम्मो**) ધર્મ ૪, (**सुप्पहसुदंसणाणंदा**) સુપ્રભ ૫, સુદર્શન ૬, આનંદ ૭, (**नंदण पउमा**) નંદન ૮ અને પદ્મ ૯ જાણવા.

હવે (**चक्किणो**) બાર ચક્રવર્ત્તીઓનાં નામ કહે છેઃ—(**दीहदंतो अ**) દીર્ઘદંત ૧, (**तह**) તથા (**गूढदंतओ**) ગૂઢદંત ૨, (**सुद्धदंत**) શુદ્ધદંત ૩, (**सिरिदंत**) શ્રીદંત ૪, (**सिरिभुई**) શ્રીભૂતિ ૫, (**सोमो**) સોમ ૬, (**पउम**) પદ્મ ૭, (**महपउम**) મહાપદ્મ ૮, (**दुसमो**) દુસમ ૯, (**विमल**) વિમલ ૧૦, (**विमलवाहण**) વિમલવાહન ૧૧ અને (**अरिट्ठो**) અરિષ્ટ ૧૨. ૬૯–૭૦.

नंदी अ नंदिमित्तो, सुंदरबाहु महबाहु अइबलओ ।
महबल बलो दुविट्ठू, तिविट्ठु इय भावि नव विण्हु ॥ ७१ ॥

અર્થ:—(**नंदी**) ૧, (**अ**) અને (**नंदिमित्तो**) નંદીમિત્ર ૨, (**सुंदरबाहु**) સુંદરબાહુ ૩, (**महबाहु**) મહાબાહુ ૪, (**अइबलओ**) અતિબલ ૫, (**महबल**) મહાબલ ૬, (**बलो**) બલ ૭, (**दुविट्ठू**) દ્વિપૃષ્ઠ ૮ અને (**तिविट्ठु**) ત્રિપૃષ્ઠ ૯ (**इय**) આ પ્રમાણે (**नव विण्हु**) નવ વાસુદેવો (**भावि**) ભાવી કાળે થનારના નામ જાણવા. ૭૧.

भावि पडिविण्हुणो तिलय लोहजंघो अ वयरजंघो अ ।
केसरि बलि पल्हाया, अपराइय भीम सुग्गीवा ॥ ७२ ॥

અર્થ:—(**भावि**) ભાવી કાળમાં થનારા (**पडिविण्हुणो**) નવ પ્રતિવાસુદેવનાં નામ-(**तिलय**) તિલક ૧, (**लोहजंघो**) લોહજંઘ ૨, (**अ**) અને (**वयरजंघो**) વજ્રજંઘ ૩, (**अ**) અને (**केसरि**) કેશરી ૪, (**बलि**) બલિ ૫, (**पल्हाया**) પ્રહ્‌લાદ ૬, (**अपराइय**) અપરાજિત ૭, (**भीम**) ભીમ ૮ અને (**सुग्गीवा**) સુગ્રીવ ૯ જાણવા. ૭૨.

इय बारसारचक्कं, कप्पो तेऽणंतपुग्गलपरट्टो ।
तेऽणंतातीअद्धा, अणागयद्धा अणंतगुणा ॥ ७३ ॥

અર્થ:—(**इय**) આ ઉપર કહ્યા પ્રમાણે (**बारसारचक्कं**) બાર આરારૂપ કાળચક્ર છે, તે એક (**कप्पो**) કલ્પ કહેવાય છે. (**तेऽणंत**) તેવા કલ્પો અનંતા જાય ત્યારે (**पुग्गलपरट्टो**) એક પુદ્ગલપરાવર્ત થાય છે. (**तेऽणंता**) તેવા પુદ્ગલ-પરાવર્ત અનંતા (**अतीअद्धा**) અતીતકાળમાં ગયા છે, (**अणागयद्धा**) અને તેનાથી અનાગત કાળ (**अनंतगुणा**) અનંતગુણો છે. એટલે કે અનંત પુદ્ગલપરાવર્તનનો અતીતકાળ છે અને અનાગતકાળ તેનાથી અનંતગુણો છે. ૭૩.

सिरिदेविंदमुणीसर–विणेअसिरिधम्मघोससूरीहिं ।
अप्पपरजाणणट्ठा, कालसरूवं किमवि भणिअं ॥ ७४ ॥

અર્થ:—(**सिरिदेविंदमुणीसर**) તપગચ્છના શ્રીદેવેંદ્ર મુનીશ્વરના (**विणेअ**) શિષ્ય (**सिरिधम्मघोससूरीहिं**) શ્રીધર્મઘોષ નામના સૂરિએ (**अप्पपरजाणणट्ठा**) પોતાને તથા અન્યને જાણવા માટે (**कालसरूवं**) કાળનું સ્વરૂપ (**किमवि**) કાંઈક એટલે સંક્ષેપથી (**भणिअं**) કહ્યું છે. ૭૪.

શ્રીમાન્ ધર્મઘોષસૂરીશ્વરવિરચિત
કાળસપ્તતિકા પ્રકરણ સમાપ્ત.

श्रीकायस्थिति प्रकरण

(મૂળ તથા ભાષાંતર)

वर्धमानं जिनं नत्वा, यथाभूतार्थदेशकम् ।
कुर्वे कायस्थितिस्तोत्रे, कियदर्थप्रकाशकम् ॥

“ (**यथाभूतार्थदेशकं**) યથાર્થ તત્ત્વના ઉપદેશ કરનાર (**वर्धमानं जिनं**) શ્રીવર્ધમાનસ્વામીને (**नत्वा**) નમસ્કાર કરીને (**कायस्थितिस्तोत्रे**) આ કાયસ્થિતિ નામના સ્તોત્રમાં (**कियदर्थप्रकाशकं**) કેટલાક અર્થનો પ્રકાશ (**कुर्वे**) હું કરું છું.”

जह तुह दंसणरहिओ, कायठिई भीसणे भवारण्णे ।
भमिओ भवभयभंजण, जिणिंद ! तह विन्नविस्सामि ॥ १ ॥

અર્થ:—(**भवभयभंजण**) સંસારના ભયનો નાશ કરનાર (**जिणिंद**) હે જિનેંદ્ર ! (**तुह दंसणरहिओ**) તમારા દર્શન રહિત એવો હું (**जह**) જે પ્રમાણે (**कायठिई**) આ કાયસ્થિતિએ કરીને (**भीसणे**) ભયંકર (**भवारण्णे**) સંસારરૂપ અટવીમાં (**भमिओ**) ભટક્યો છું, (**तह**) તે પ્રમાણે (**विन्नविस्सामि**) તમને વિનંતિ કરું છું અર્થાત્ રોશન કરું છું. ૧.

अव्ववहारियमज्झे, भमिऊण अणंतपुग्गलपरट्टे ।
कह वि ववहाररासिं, संपत्तो नाह ! तत्थवि य ॥ २ ॥

અર્થ:—(**नाह**) હે નાથ ! (**अव्ववहारियमज्झे**) હું અવ્યવહારિકરાશિને વિષે (**अणंतपुग्गलपरट्टे**) અનંત પુદ્ગલપરાવર્તન સુધી (**भमिऊण**) ભ્રમણ કરીને (**कह वि**) કોઈ પણ પ્રકારે—ભવિતવ્યતાને યોગે (**ववहाररासिं**) વ્યવહારરાશિને (**संपत्तो**) પ્રાપ્ત થયો. (**तत्थवि य**) ત્યાં પણ ચિરકાળ ભ્રમણ કર્યું. ૨.

ભાવાર્થ:—સંસારમાં સાંવ્યાવહારિક અને અસાંવ્યાવહારિક એવા બે પ્રકારના જીવો છે. તેમાં જેઓ અનાદિ નિગોદની અવસ્થામાંથી બહાર નીકળીને પૃથ્વીકા-

યાદિકને વિષે આવેલા છે. તેઓ દુનિયામાં લોકોના દૃષ્ટિમાર્ગમાં આવતા હોવાથી પૃથ્વી આદિ વ્યવહારને પામ્યા, માટે તેઓ સાંવ્યાવહારિક કહેવાય છે. જો કે તેઓ ફરીથી પણ નિગોદમાં જાય છે, તો પણ તેઓ વ્યવહારરાશિમાં આવેલા હોવાથી સાંવ્યાવહારિક જ કહેવાય છે અને જેઓ અનાદિ કાળથી નિગોદાવસ્થામાં જ રહેલા છે તે કોઇ વાર પણ વ્યવહારમાર્ગમાં આવેલા નહીં હોવાથી અસાંવ્યાવહારિક કહેવાય છે.

અસાંવ્યાવહારિક અનાદિ નિગોદ જીવરાશિમાં ગયેલા કાળના અનાદિપણાને લીધે અનંતા પુદ્ગલપરાવર્ત સુધી રહીને કોઇપણ પ્રકારે, જેમ પર્વતની નદીમાં રહેલો પાષાણ કેટલેક કાળે ગોળ અને લીસો થાય છે તેમ તેવા પ્રકારની ભવિતવ્યતાના વશથી પૃથ્વી આદિને પામીને હું વ્યવહારરાશિને પ્રાપ્ત થયો, તો હે નાથ ! ત્યાં પણ–વ્યવહારરાશિમાં પણ હું આગળ કહેવાશે તે પ્રકારે તેટલો કાળ ભમ્યો. ૨.

उक्कोसं तिरियगई, असंनि एगिंदि वण नपुंसेसु ।
भमिओ आवलिय असं–खभागसम पुग्गलपरट्टा ॥ ३ ॥

અર્થ:—(**उक्कोसं**) ઉત્કૃષ્ટથી (**तिरियगई**) તિર્યંચગતિમાં, (**असंनि**) અસંજ્ઞીમાં, (**एगिंदि**) એકેંદ્રિયમાં, (**वण**) સૂક્ષ્મ, બાદર નિગોદ અને પ્રત્યેક એ ત્રણ જાતિની વનસ્પતિકાયમાં તથા (**नपुंसेसु**) નપુંસકપણામાં ઉત્કૃષ્ટથી (**आवलिय**) આવલિકાના (**असंखभागसम**) અસંખ્યાતમા ભાગના સમય જેટલા થાય તેટલા (**पुग्गलपरट्टा**) પુદ્ગલપરાવર્ત સુધી (**भमिओ**) હું ભમ્યો. ૩.

सामन्नं सुहुमत्ते, ओसप्पिणिओ असंखलोगसमा ।
भमिओ तह पिहु सुहुमे, पुढवी जल जलण पवण वणे ॥४॥

અર્થ:—(**सुहुमत्ते**) સૂક્ષ્મપણાને વિષે (**सामन्नं**) ઓઘથી (**असंखलोगसमा**) અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલી (**ओसप्पिणिओ**) અવસર્પિણી સુધી (**भमिओ**) હું ભમ્યો. (**तह**) તે જ પ્રકારે–તેટલો જ કાળ (**सुहुमे**) સૂક્ષ્મ (**पुढवी**) પૃથ્વીકાય, (**जल**) અપ્કાય, (**जलण**) અગ્નિકાય, (**पवण**) વાયુકાય અને (**वणे**) વનસ્પતિકાયને વિષે (**पिहु**) પ્રત્યેક પ્રત્યેકમાં પણ ભમ્યો. ૪.

ओहेण बायरत्ते, तह बायरवणस्सईसु ताउ पुणो ।
अंगुलअसंखभागे, दोसड्ढ परट्टय निगोए ॥ ५ ॥

અર્થ:—(**पुणो**) વળી (**ओहेण**) ઓઘથી (**बायरत्ते**) બાદરપણામાં (**तह**) તથા (**बायरवणस्सईसु**) બાદરવનસ્પતિકાયમાં (**अंगुलअसंखभागे**) અંગુલના અસંખ્ય ભાગમાં રહેલા આકાશપ્રદેશ પ્રમાણ એટલે (**ताउ**) તેટલી અવસર્પિણીઓ સુધી હું ભમ્યો, તથા (**निगोए**) નિગોદને વિષે (**दोसड्ढ परट्टय**) અઢી પુદ્ગલપરાવર્તન સુધી હું ભમ્યો એટલે કે વ્યવહારરાશિમાં આવ્યા પછી ફરી જો નિગોદને વિષે જાય તો સામાન્યથી સૂક્ષ્મ અને બાદર નિગોદને વિષે મળીને અઢી પુદ્ગલપરાવર્તન સુધી જીવ ભમે છે. ૫.

बायर पुढवी जल जलण, पवण पत्तेयवण निगोएसु ।
सत्तरि कोडाकोडी, अयराणं नाह ! भमिओ हं ॥ ६ ॥

અર્થ:—વળી (**नाह !**) હે નાથ ! (**बायर**) બાદર (**पुढवी**) પૃથ્વીકાય, (**जल**) અપ્કાય, (**जलण**) અગ્નિકાય, (**पवण**) વાયુકાય, (**पत्तेयवण**) પ્રત્યેક વનસ્પતિકાય અને (**निगोएसु**) સાધારણ વનસ્પતિકાયરૂપ બાદર નિગોદને વિષે (ऽहं) હું (**सत्तरि कोडाकोडी**) સીત્તેર કોડાકોડિ (**अयराणं**) સાગરોપમ સુધી (**भमिओ**) ભમ્યો. ૬. (એ પ્રત્યેક પ્રત્યેકમાં જીવો ફરી ફરીને ઉત્કૃષ્ટથી સીત્તેર કોડાકોડી સાગરોપમ કાળ સુધી ઉત્પન્ન થઈ શકે છે.)

संखिज्जवाससहसे, बितिचउरिंदीसु ओहओ अ तहा ।
पज्जत्तबायरेगिं–दिभूजलानिलपरित्तेसु ॥ ७ ॥

અર્થ:—(**अ**) વળી (**ओहओ**) ઓઘથી (**बितिचउरिंदीसु**) દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચઉરિંદ્રિયને વિષે હું (**संखिज्जवाससहसे**) સંખ્યાતા હજાર વર્ષો સુધી ભમ્યો (**तहा**) તથા (**पज्जत्तबायर**) પર્યાપ્ત બાદર (**एगिंदि**) એકેંદ્રિય (**भूजलानिल-परित्तेसु**) પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિકાયને વિષે પણ સંખ્યાતા હજાર વર્ષો સુધી હું ભમ્યો. ૭.

बायरपज्जग्गि बितिचउ–रिंदिसु संखदिणवासदिणमासा ।
संखिज्जवासअहिआ, तसेसु दो सागरसहस्सा ॥ ८ ॥

અર્થ:—(**बायरपजग्गि**) બાદર પર્યાપ્ત અગ્નિકાય તથા (**बितिचउरिंदिसु**) પર્યાપ્ત દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિયમાં અનુક્રમે (**संखदिणवासदिणमासा**) સંખ્યાતા દિવસ, સંખ્યાતા વર્ષ, સંખ્યાતા દિવસ અને સંખ્યાતા માસ ભમ્યો. એટલે કે–અગ્નિકાયમાં સંખ્યાતા અહોરાત્ર, દ્વીંદ્રિયમાં સંખ્યાતા વર્ષ, ત્રીંદ્રિયમાં સંખ્યાતા દિવસ અને ચતુરિંદ્રિયમાં સંખ્યાતા માસ ઉત્કૃષ્ટ ભમ્યો. (**तसेसु**)

ત્રસકાયમાં ઉત્કૃષ્ટથી (**संखिज्जवासअहिया**) સંખ્યાતા વર્ષે અધિક એવા (**दो सागरसहस्सा**) બે હજાર સાગરોપમ ભમ્યો. ૮.

अयर सहस्सं अहियं, पणिंदिसु तितीस अयर सुरनरए ।
संनिसु तह पुरिसेसुं, अयरसयपुहुत्तमब्भहियं ॥ ९ ॥

અર્થઃ—(**पणिंदिसु**) પંચેંદ્રિયને વિષે (**अयर सहस्सं अहियं**) સંખ્યાતા વર્ષે અધિક એવા એક હજાર સાગરોપમ તથા (**तितीस अयर सुरनरए**) દેવગતિ અને નરકગતિને વિષે તેત્રીશ સાગરોપમ (**संनिसु तह पुरिसेसुं**) સંજ્ઞીપંચેં-દ્રિયને વિષે અને પુરુષવેદને વિષે (**अयरसयपुहुत्तमब्भहियं**) બસોથી નવ સો સાગરોપમથી કાંઈક અધિક ભમ્યો. ૯.

गब्भयतिरियनरेसु य, पल्लतिगं सत्तपुव्वकोडीओ ।
दसहिय पलियसयं, थीसु पुव्वकोडिपुहुत्तजुअं ॥ १० ॥

અર્થઃ—(**गब्भयतिरियनरेसु य**) ગર્ભજ, તિર્યંચ અને મનુષ્યને વિષે ઉત્કૃષ્ટ (**पल्लतिगं**) ત્રણ પલ્યોપમ અને (**सत्तपुव्वकोडीओ**) સાત કરોડ પૂર્વ ભમ્યો. તથા (**थीसु**) સ્ત્રીવેદને વિષે (**दसहिय पलियसयं**) એક સો ને દશ પલ્યોપમ, તથા (**पुव्वकोडिपुहुत्तजुअं**) બેથી નવ કરોડ પૂર્વ ભમ્યો. ૧૦.

ભાવાર્થઃ—ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને વિષે ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ અને સાત કરોડ પૂર્વની કાયસ્થિતિ જાણવી, કેમકે કરોડ પૂર્વ વર્ષના આયુષ્ય-વાળો પંચેંદ્રિય તિર્યંચ કરોડ પૂર્વ વર્ષના આયુષ્યવાળા પંચેંદ્રિય તિર્યંચને વિષે વારંવાર (ફરી ફરીને) ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટથી સાત વાર ઉત્પન્ન થાય, અને જો આઠમી વાર પણ તેમાં જ ઉત્પન્ન થાય તો અવશ્ય અસંખ્યાતા વર્ષના આયુષ્ય-વાળા યુગલિક તિર્યંચને વિષે ઉત્પન્ન થાય. તે અસંખ્યાતા વર્ષના આયુષ્ય-વાળાને વિષે ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું છે, તેથી કરીને ઉપર કહેલું કાય-સ્થિતિનું પ્રમાણ યોગ્ય જ છે. એ જ પ્રમાણે મનુષ્યને વિષે પણ જાણવું. તથા સ્ત્રીવેદને વિષે ઉત્કૃષ્ટથી એક સો દશ પલ્યોપમ અને બેથી નવ કરોડ પૂર્વની કાયસ્થિતિ કહી છે તે આ પ્રમાણેઃ-કોઇ જીવ કરોડ પૂર્વના આયુષ્યવાળા સ્ત્રીપણાને વિષે ઉપરાઉપર પાંચ કે છ ભવ કરીને ઈશાન દેવલોકમાં પંચાવન પલ્યોપમની ઉત્કૃષ્ટ આયુષ્યવાળી અપરિગૃહીતા દેવીમાં ઉત્પન્ન થાય. પછી ત્યાંથી ચ્યવીને ફરીથી કરોડ પૂર્વ વર્ષના આયુષ્યવાળી મનુષ્યની સ્ત્રીને વિષે અથવા તિર્યંચની સ્ત્રીને વિષે સ્ત્રીપણે ઉત્પન્ન થાય. ત્યાંથી ફરીને પણ ઈશાન દેવલોકમાં પ્રથમની જેમ પંચાવન પલ્યોપમને આયુષ્યે ઉત્પન્ન થાય. તે ત્યાંથી ચ્યવીને પછી અવશ્ય બીજા વેદમાં જાય છે, તેથી પૂર્વે કહેલું પ્રમાણ બરાબર છે. ૧૦.

इत्थिनपुंसे समओ, जहन्नु अंतोमुहुत्त सेसेसु ।
अपजे उक्कोसं पि य, पजसुहुमे थूलणंतेऽवि ॥ ११ ॥

અર્થ:—(**इत्थिनपुंसे**) સ્ત્રીવેદ તથા નપુંસકવેદને વિષે (**जहन्नु**) જઘન્ય કાયસ્થિતિ (**समओ**) એક સમયની છે. (**अंतोमुहुत्त सेसेसु**) તે સિવાયના દેવ અને નારકીને વર્જીને શેષ મનુષ્ય તથા તિર્યંચ વિષે જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્તની છે. (**अपजे उक्कोसं पि य**) અપર્યાપ્તને વિષે ઉત્કૃષ્ટથી પણ કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. (**पजसुहुमे थूलणंतेऽवि**) તથા પર્યાપ્ત સૂક્ષ્મને વિષે અને બાદરનિગોદને વિષે પણ તે જ પ્રમાણે અંતર્મુહૂર્ત્તની જઘન્ય કાયસ્થિતિ જાણવી. ૧૧.

विन्नत्ता कायठिइ, कालओ नाह ! जह भमिय पुव्वा ।
भवसंवेहेणिन्हिं तु, विन्नविस्सामि सामिपुरो ॥ १२ ॥

અર્થ:—(**नाह !**) હે નાથ ! (**जह**) જે પ્રકારે (**भमिय पुव्वा**) પૂર્વે ભમ્યો તે પ્રકારે (**कालओ**) કાળને આશ્રીને (**विन्नत्ता कायठिइ**) મેં કાયસ્થિતિની વિજ્ઞપ્તિ કરી, (**तु**) વળી (**इन्हिं**) હવે (**सामिपुरो**) સ્વામીની (આપની) પાસે (**भवसंवेहेण**) ભવસંવેધ એટલે વિવક્ષિત ભવથી બીજા ભવમાં જઇને અથવા તુલ્ય ભવમાં રહીને ફરીથી પણ યથાસંભવ તે જ ભવમાં ઉત્પન્ન થવું તે ભવસંવેધ કહેવાય. તે રીતે (**विन्नविस्सामि**) હું આપની પાસે વિજ્ઞપ્તિ કરીશ. ૧૨.

परभवतब्भवआउं, लहुगुरुचउभंगि सन्निनरतिरिओ ।
नरयछगे उक्कोसं, इगंतरं भमइ अट्ठभवे ॥ १३ ॥

અર્થ:—(**परभवतब्भवआउं**) પરભવ અને તે ભવ(કહેવાને ઇચ્છેલા ભવ)ના આયુષ્યને (**लहुगुरु**) જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિએ વિચારતાં (**चउभंगि**) ચાર ભાંગા થાય છે. તે ચારે ભાંગે વિચારતાં (**सन्निनरतिरिओ**) સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચ (**नरयछगे**) પહેલી છ નરકમાં (**उक्कोसं**) ઉત્કૃષ્ટથી (**इगंतरं भमइ अट्ठभवे**) એકાંતર આઠ ભવ ભ્રમણ કરે છે. ૧૩.

અહીં ચતુર્ભંગી આ પ્રમાણે છે:–આ ભવમાં ઉત્કૃષ્ટ આયુષ્ય અને પરભવમાં પણ ઉત્કૃષ્ટ આયુષ્ય ૧, આ ભવનું ઉત્કૃષ્ટ અને પરભવનું જઘન્ય ૨, આ ભવનું જઘન્ય અને પરભવનું ઉત્કૃષ્ટ ૩ તથા આ ભવનું જઘન્ય અને પરભવનું પણ જઘન્ય ૪.

સંજ્ઞી મનુષ્ય તથા તિર્યંચ પહેલી છ નરકમાં ઉત્કૃષ્ટથી એકાંતર આઠ ભવો સુધી ભ્રમણ કરે છે, તે આ પ્રમાણે–કોઇ સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્ય કે તિર્યંચ સાતમી

નરક સિવાય પ્રથમની છમાંની કોઈ એક નરકમાં ઉત્પન્ન થાય, અને ત્યાંથી નીકળીને પાછો મનુષ્યમાં ઉત્પન્ન થાય, ત્યાંથી ફરીને નરકમાં જાય. એ પ્રમાણે એકાંતર આઠ ભવ કરે છે. પછી નવમે ભવે તે અવશ્ય બીજા પર્યાયપણે ઉત્પન્ન થાય છે. જઘન્યથી તો આગળની ગાથામાં કહેવાશે તે પ્રમાણે બે જ ભવ કરે છે.

भवणवणजोइकप्प–ट्ठगे वि इअ अडभवाउ दु जहन्ना ।
सग सत्तमीइ तिरिओ, पण पुन्नाउसु य ति जहन्ना ॥ १४ ॥

અર્થ:—(**भवणवणजोइकप्पट्ठगे वि**) ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા સૌધર્માદિક આઠ દેવલોકને વિષે એકાંતર ભવભ્રમણ કરતા મનુષ્યો અને તિર્યંચો (**इअ अडभवाउ दु जहन्ना**) ઉત્કૃષ્ટથી આઠ ભવ કરે છે અને જઘન્ય બે ભવ કરે છે. (**सग सत्तमीइ तिरिओ**) સાતમી નરકમાં એકાંતર ભ્રમણ કરતા તિર્યંચો ઉત્કૃષ્ટથી સાત ભવ કરે છે. તે આ પ્રમાણે–જેમ કોઈ કરોડ પૂર્વના આયુષ્યવાળો સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચ ૧ સાતમી નરકમાં જઘન્ય આયુષ્યપણે ઉત્પન્ન થાય, ૨ ત્યાંથી નીકળીને તિર્યંચમાં આવે, ૩ ત્યાંથી ફરીને સાતમીમાં જાય, ૪ ત્યાંથી ફરી તિર્યંચમાં આવે, ૫ ત્યાંથી ફરીને સાતમીમાં જાય, ૬ ત્યાંથી પાછો તિર્યંચમાં ઉત્પન્ન થાય, ૭ ત્યાંથી મરીને તેને સાતમી પૃથ્વીમાં જવાનો અસંભવ છે તેથી સાત જ ભવો થાય છે.. સાતમી નરકમાં એકાંતર ઉત્પન્ન થતા તિર્યંચને સમગ્ર કાળ છાસઠ સાગરોપમ અને ચાર કરોડ પૂર્વ જેટલો છે. (**पण पुन्नाउसु य**) પૂર્ણ આઉખે પાંચ ભવ કરે છે. એટલે જો તિર્યંચ તેત્રીશ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સાતમી પૃથ્વીના નારકીઓમાં પૂર્ણ આયુષ્યે એકાંતરે ઉત્પન્ન થાય તો તે ઉત્કૃષ્ટપણે બે વાર નારકીમાં જાય અને ત્રણ વાર તિર્યંચમાં ઉત્પન્ન થાય એમ પાંચ ભવ કરે છે. (**ति जहन्ना**) જઘન્ય ત્રણ ભવ કરે છે. એટલે એક ભવ નરકમાં અને બે ભવ તિર્યંચમાં એમ ત્રણ ભવ જ થાય છે. મનુષ્યને સાતમી નરકમાં જઘન્યથી અને ઉત્કર્ષથી પણ બે જ ભવ થાય છે, કેમકે સાતમી પૃથ્વીમાંથી નીકળીને તે અવશ્ય તિર્યંચમાં જ ઉત્પન્ન થાય છે; મનુષ્ય થતો નથી. ૧૪.

गेविज्जाण य चउगे, सग पणणूत्तरचउक्कि ति जहन्नं ।
पज्जनरो ति सवट्ठे, दुहा दुभव तमतमाइ पुणो ॥ १५ ॥

અર્થ:—(**पज्जनरो**) પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય (**गेविज्जाण य चउगे**) ગ્રૈવેયકમાં અને આનતાદિક ચાર દેવલોકમાં એકાંતર ગમન કરે તો ઉત્કૃષ્ટથી (**सग**) સાત ભવ કરે છે. જેમ કોઈ મનુષ્ય આનતાદિકમાં ઉત્પન્ન થયો, ત્યાંથી ચ્યવીને મનુષ્ય થયો, ત્યાંથી ફરી આનતાદિકમાં ગયો, એ રીતે ત્રણ વાર દેવલોકમાં અને ચાર વાર મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. (**पणणूत्तरचउक्कि**) તથા ચાર અનુત્તર વિમાનમાં એકાં-

તર ગમન કરે તો ઉત્કૃષ્ટથી પાંચ ભવ કરે છે, તેમાં પહેલો, મધ્યનો અને છેલ્લો એમ ત્રણ ભવ મનુષ્યના, વચ્ચે બે ભવ વિજયાદિકના એમ પાંચ ભવ કરે છે. (**ति जहन्नं**) જઘન્યથી ત્રણ ભવ કરે. (નવ ગ્રૈવેયક, ચાર કલ્પ અને ચાર અનુત્તરમાં મનુષ્ય જઘન્યથી ત્રણ ભવ કરે છે.) (**ति सवट्ठे**) તથા સર્વાર્થસિદ્ધિને વિષે મનુષ્ય જઘન્ય અને ઉત્કૃષ્ટથી પણ ત્રણ ભવ જ કરે છે, કેમકે સર્વાર્થસિદ્ધિમાંથી આવેલો મનુષ્ય અવશ્ય સિદ્ધિમાં જ જાય છે. (**दुहा दुभव तमतमाइ पुणो**) તથા તમસ્તમા નામની સાતમી નરક પૃથ્વીને વિષે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ મનુષ્ય બે ભવ જ કરે છે. ૧૫.

दुह जुगलितिरिअमणुआ, दुभवा भवणवणजोइकप्पदुगे ।
रयणप्पहभवणवणे, दुह दुभव असन्नि पजतिरिओ ॥१६॥

અર્થ:—(**जुगलितिरिअमणुआ**) જુગલિયા તિર્યંચ અને મનુષ્ય (**भवण-वणजोइकप्पदुगे**) ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને પહેલા બે કલ્પોને વિષે (**दुह**) ઉત્કૃષ્ટથી અને જઘન્યથી (**दुभवा**) બે જ ભવ કરે. (**रयणप्पह**) રત્નપ્રભા નામની પહેલી નરકને વિષે અને (**भवणवणे**) ભવનપતિ તથા વ્યંતરને વિષે (**असन्नि पजतिरिओ**) પર્યાપ્ત અસંજ્ઞી તિર્યંચ ઉત્પન્ન થાય તો તે પણ (**दुह**) જઘન્ય અને ઉત્કૃષ્ટથી (**दुभव**) બે ભવ જ કરે છે; કેમકે ત્યાંથી નીકળેલા અસંજ્ઞી તિર્યંચ થતા નથી. ૧૬.

पज्जसन्नितिरिनरेसु य, सहसारंता सुरा य छन्निरया ।
अड भव सत्तमनिरया, तिरिए छ भव चउ पुन्नाऊ ॥१७॥

અર્થ:—(**पजसन्नि**) પર્યાપ્ત અને સંજ્ઞી એવા વિશેષણવાળા (**तिरिनरेसु य**) તિર્યંચો અને મનુષ્યોને વિષે એકાંતરે ઉત્પન્ન થતા (**सहसारंता सुरा य**) ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક તથા પ્રથમના આઠ કલ્પના–સહસ્રાર દેવલોક સુધીના દેવતાઓ અને (**छन्निरया**) છ પૃથ્વીના નારકીઓ (**अड भव**) ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે. જેમ કોઇ ભવનપત્યાદિકમાંથી ચ્યવીને એકાંતર ભવની ઉત્પત્તિવડે ચાર વાર પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય થાય છે. ત્યારપછી એટલે આઠ ભવ કર્યા પછી તે ભવનપત્યાદિકમાં ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે બીજે સ્થાને (તિર્યંચને વિષે) પણ જાણવું. તથા જઘન્ય આયુષ્યવાળા (**सत्तमनिरया**) સાતમી પૃથ્વીના નારકીઓ (**तिरिए**) પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચને વિષે એકાંતર ઉત્પત્તિને આશ્રીને (**छ भव**) છ ભવ પૂરે છે, કેમકે એકાંતરે પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચમાં ઉપજતા સાતમી પૃથ્વીના નારકીને ચોથી વાર સાતમી પૃથ્વીમાં ઉપજવાનો અસંભવ છે. (**पुन्नाऊ**) પૂર્ણ એટલે ઉત્કૃષ્ટ આયુષ્યવાળા સાતમી પૃથ્વીના નારકી પોતાના નારકીના ભવથી

આરંભીને (**चउ**) ચાર ભવ સુધી જ પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચમાં એકાંતરે ભ્રમણ કરે છે, તેથી અધિક ભવ કરે નહીં. ૧૭.

पज्जसन्निनरे छभवा, गेविज्जाण य चउक्कदेवा य ।
चउणुत्तरा चउभवा, दुजहन्न दुहावि दु सवट्ठा ॥१८॥

અર્થઃ—(**गेविज्जाण य चउक्कदेवा य**) ગ્રૈવેયક અને આનતાદિક ચાર દેવલોકના દેવો પોતાના ભવથી માંડીને (**पज्जसन्निनरे**) પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યને વિષે એકાંતરે (**छभवा**) ઉત્કૃષ્ટા છ ભવ કરે છે. (**चउणुत्तरा**) તથા ચાર અનુત્તર વિમાનવાસી દેવો પોતાના ભવથી આરંભીને પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યને વિષે એકાંતરે ઉત્પન્ન થાય તો (**चउभवा**) ઉત્કૃષ્ટા ચાર ભવ કરે છે. (**दुजहन्न**) જઘન્યથી બે ભવ કરે છે. એટલે નવ ગ્રૈવેયક, ચાર આનતાદિક અને ચાર અનુત્તરવાસી દેવો પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યને વિષે જઘન્ય બે ભવ જ કરે છે. (**दुहावि दु सवट्ठा**) તથા સર્વાર્થસિદ્ધના દેવતાઓ પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યને વિષે ઉત્પત્તિને આશ્રીને જઘન્ય તથા ઉત્કૃષ્ટથી પણ બે ભવ જ કરે છે. ૧૮.

भूजलवणेसु दुभवा, दुहा वि भवणवणजोइसदुकप्पा ।
अमिआउतिरिनरे तह, मिह सन्नियरतिरिसन्निनरा ॥१९॥

અર્થઃ—(**भवणवणजोइसदुकप्पा**) ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને સૌધર્મ તથા ઇશાન દેવલોકના દેવો (**भूजलवणेसु**) પૃથ્વી, જળ અને પ્રત્યેક વનસ્પતિકાયને વિષે ઉત્પન્ન થાય તો (**दुहा वि**) જઘન્યપણે તથા ઉત્કૃષ્ટપણે (**दुभवा**) બે ભવ જ કરે છે, કેમકે પૃથિવ્યાદિકમાંથી નીકળીને તેઓની ભવનપત્યાદિકમાં ઉત્પત્તિનો અભાવ છે. (**तह**) તથા (**सन्नियरतिरि**) સંજ્ઞી અને અસંજ્ઞી તિર્યંચો (**सन्निनरा**) તથા સંજ્ઞી મનુષ્યો (**अमिआउ**) અમિત એટલે પલ્યોપમના આયુષ્યવાળા (**तिरिनरे**) યુગલિક તિર્યંચોને વિષે તથા યુગલિક મનુષ્યોને વિષે (**मिह**) માંહોમાંહે ઉત્પન્ન થાય તો બે ભવ જ કરે છે. તે આ પ્રમાણે–સંજ્ઞી અને અસંજ્ઞી તિર્યંચ યુગલિક મનુષ્યને વિષે તથા યુગલિક તિર્યંચને વિષે તેમ જ સંજ્ઞી મનુષ્ય યુગલિક તિર્યંચને વિષે અને યુગલિક મનુષ્યને વિષે ઉત્પત્તિને આશ્રીને બે ભવ જ કરે છે, કેમકે યુગલિકનો ભવ કર્યા પછી તે અવશ્ય દેવપણે જ ઉત્પન્ન થાય છે. ૧૯.

भूजलपवणग्गी मिह, वणा भुवाइसु वणेसु अ भुवाई ।
पूरंति असंखभवे, वणा वणेसु अ अणंतभवे ॥ २० ॥

અર્થઃ—(**भूजलपवणग्गी**) પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય અને અગ્નિકાય

(**मिह**) અન્યાન્યને વિષે—માંહોમાંહે (**पूरंति असंखभवे**) ઉત્કૃષ્ટથી અસંખ્યાતા ભવ પૂરે છે. (કરે છે) (**वणा भुवाइसु**) વનસ્પતિકાય પૃથિવ્યાદિક ચાર કાયને વિષે ઉત્કૃષ્ટથી અસંખ્યાતા ભવ પૂરે છે. અને (**वणेसु अ भुवाई**) પૃથિવ્યાદિક ચાર કાયવાળા વનસ્પતિકાયને વિષે ઉત્કૃષ્ટથી અસંખ્યાતા ભવ પૂરે છે. (**वणा वणेसु अ**) અને વનસ્પતિકાય વનસ્પતિકાયને વિષે (**अणंतभवे**) ઉત્કૃષ્ટથી અનંતા ભવ પૂરે છે. ૨૦.

पण पुढवाइसु विगला, विगलेसु भुवाइ विगलसंखभवे ।
गुरु आउ तिभंगे पुण, भवट्ठ सव्वत्थ दुजहन्ना ॥ २१ ॥

અર્થ:—(**विगला**) વિકલેંદ્રિયો (**पण पुढवाइसु**) પૃથિવ્યાદિક પાંચમાંના દરેકને વિષે (**संखभवे**) સંખ્યાતા ભવ કરે છે. તથા (**भुवाइ**) પૃથિવ્યાદિક પાંચે અને વિકલેંદ્રિયો (**विगलेसु**) વિકલેંદ્રિયોને વિષે (**संखभवे**) સંખ્યાતા ભવ કરે છે. તથા પૂર્વે કહેલા (**गुरु आउ तिभंगे पुण**) ચાર ભાંગામાંના ઉત્કૃષ્ટ આયુષ્યવાળા પહેલા ત્રણ ભાંગામાં એટલે એ ત્રણ ભાંગાની અપેક્ષાએ યથાસંભવ ઉત્પન્ન થતા ઉપરની દોઢ ગાથામાં કહેલા પૃથિવ્યાદિક (**सव्वत्थ**) સર્વે જીવો (**भवट्ठ**) ઉત્કૃષ્ટથી આઠ ભવ કરે છે. જેમકે કોઇ ઉત્કૃષ્ટ આયુષ્યવાળો પૃથ્વીકાયિક જીવ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અપ્કાયિકને વિષે ઉત્પન્ન થાય, ત્યાંથી પાછો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય અને ત્યાંથી ફરીને ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અપ્કાયમાં ઉત્પન્ન થાય, એ રીતે એકાંતર ભવ કરતાં ચાર જ વાર ઉત્પન્ન થાય છે. એટલે બે મળીને આઠ ભવ કરે છે. તથા ઉત્કૃષ્ટ આયુષ્યવાળો પૃથ્વીકાયિક જઘન્ય આયુષ્યવાળા અપ્કાયને વિષે પણ એ જ પ્રમાણે ચાર વાર ઉત્પન્ન થાય છે. તથા જઘન્ય આયુષ્યવાળો પૃથ્વીકાયિક ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અપ્કાયને વિષે એ જ પ્રમાણે આઠ ભવનો પૂરક થાય છે. એ જ પ્રમાણે સર્વે તેઉકાયાદિને માટે જાણવું. આ દોઢ ગાથામાં કહેલા (**सव्वत्थ दुजहन्ना**) સર્વે પૃથ્વીકાયાદિક જીવો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા ત્રણ ભાંગે જઘન્યથી બે ભવ કરે છે. ૨૧

मिह सन्नियरतिरिनरा, विगलभुवाइसु अ नरतिरिसु एए ।
अट्ठ भवा चउभंगे, दुह पवणग्गिसु नरा दुभवा ॥ २२ ॥

અર્થ:—યુગલિકને વર્જીને (**सन्नियर**) સંજ્ઞી, અસંજ્ઞી (**तिरिनरा**) તિર્યંચો તથા મનુષ્યો (**चउभंगे**) ચારે ભાંગે (**मिह**) માંહોમાંહે ઉત્પન્ન થાય તો (**अट्ठ भवा**) ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે. તથા તેઓ જ-સંજ્ઞી, અસંજ્ઞી તિર્યંચ અને મનુષ્યો (**विगलभुवाइसु**) વિકલેંદ્રિયને વિષે તથા પૃથ્વીકાયાદિકને વિષે પણ એકાંતર ઉત્પન્ન થાય તો ચારે ભાંગે ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે. તથા (**एए**) વિકલેંદ્રિય અને પૃથિવ્યાદિક (**नरतिरिसु**) સંજ્ઞી અસંજ્ઞી નર અને તિર્યંચને વિષે એકાંતર ઉત્પન્ન થાય તો ચારે ભાંગે ઉત્કૃષ્ટા આઠ ભવ કરે છે. તથા (**नरा**)

મનુષ્યો (**पवणग्गिसु**) વાયુકાય અને અગ્નિકાયને વિષે (**दुह**) જઘન્યથી અને ઉત્કૃષ્ટથી (**दुभवा**) બે ભવ જ કરે છે; કેમકે વાયુકાય અને અગ્નિકાયથી ઉધરેલો જીવ મનુષ્ય થતો જ નથી. ૨૨.

परतब्भवाउ माणा, इह पहु ! संवेहओऽणुबंधठिई ।
किंत्तिउ विन्नविउमलं, चउभंगि जहन्नुकोस कमा ॥२३॥

અર્થ:—(**पहु !**) હે પ્રભુ ! (**परतब्भवाउ माणा**) પરભવ અને તે ભવના આયુષ્યકાળમાનને આશ્રીને (**इह**) આ સંસારમાં આ પ્રમાણે (**संवेहओऽणुबंधठिई**) સંવેધથી થતા અનુબંધની સ્થિતિ છે. તેમાં સંવેધ એટલે વિવક્ષિત ભવથી બીજા વિવક્ષિત ભવમાં વારંવાર પરાવર્ત કરીને સંભવ પ્રમાણે ઉત્પન્ન થવું તે. અનુબંધ એટલે વિવક્ષિત પર્યાયવડે અંતર વિના નિરંતરપણે ઉત્પન્ન થવું તે. સંવેધથી જે અનુબંધ અને તે અનુબંધની સ્થિતિ તે આ પ્રમાણે—જેમ કરોડ પૂર્વના આયુષ્યવાળો કોઇ મનુષ્ય રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો નારકી થાય તો તેની અનુબંધસ્થિતિ ઉત્કૃષ્ટથી ચાર સાગરોપમ અને ચાર કરોડ પૂર્વની હોય છે. જઘન્યથી એક કરોડ પૂર્વ અને દશ હજાર વર્ષની હોય છે. (**जहन्नुकोस कमा**) તે સર્વને જઘન્ય અને ઉત્કૃષ્ટના ક્રમથી (**चउभंगि**) ચારે ભાંગે (**विन्नविउं**) વિજ્ઞાપના (**कित्तिउ**) કરવાને હું કેમ (**अलं**) શક્તિમાન થાઉં ? અર્થાત્ ન થાઉં. ૨૩.

इय कायठिई भमिओ, सामि ! तुह दंसणं विणा बहुसो ।
दिट्ठो सि संपयं ता, अकायपयसंपयं देसु ॥ २४ ॥

અર્થ:—(**सामि !**) હે સ્વામી ! (**इय**) આ પ્રમાણે એટલે પૂર્વોક્ત યુક્તિવડે (**तुह दंसणं विणा**) હું તમારા દર્શન વિના (**बहुसो**) ઘણી વાર (**कायठिई भमिओ**) કાયસ્થિતિમાં ભમ્યો છું. (**संपयं**) હમણાં મને (**दिट्ठो सि**) તમારું દર્શન થયું છે. (**ता**) તેથી કરીને (**अकायपयसंपयं**) કાય રહિત એટલે સિદ્ધના પદની-મુક્તિની સંપદા (**देसु**) મને આપો. ૨૪.

ઇતિ શ્રી કુલમંડનસૂરિવિરચિત
કાયસ્થિતિ પ્રકરણ સમાપ્ત.

श्री विजयविमळगणिविरचित स्वोपज्ञअवचूरीयुक्त
श्रीभावप्रकरणम्
(ગુજરાતી અનુવાદ સાથે)

आणंदभरिअनयणो, आणंद पाविऊण गुरुवयणे ।
आणंदविमलसूरिं नमिउं वुच्छामि भावे अ ॥ १ ॥

અર્થ:—(**आणंदभरिअनयणो**) આણંદથી ભરેલાં છે નેત્ર જેનાં એવો હું આ પ્રકરણનો કર્તા વિજયવિમળગણિ (**गुरुवयणे**) ગુરુના વચનમાં (**आणंद पाविऊण**) આનંદ પામીને (**आणंदविमलसूरिं**) આણંદવિમલસૂરિને (**नमिउं**) નમસ્કાર કરીને (**भावे**) ઔપશમિકાદિ ભાવોને (**वुच्छामि**) કહું છું. ૧.

હવે દ્વારગાથા કહે છે:—

धम्मा[1]धम्मा[2]गासा[3], कालो[4] पुग्गलखंधा[5] य कम्म[6] गइ[7] जीवा[8] ।
एएसु अ दारेसु, भणामि भावे अ अणुकमसो ॥ २ ॥

અર્થ:—૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ કાળ, ૫ પુદ્ગળસ્કંધ, ૬ કર્મ, ૭ ગતિ અને ૮ જીવ એ આઠ દ્વારોને વિષે અનુક્રમે ભાવોને કહું છું. ૨.

વિવેચન:—જે આઠ દ્વારોને વિષે ભાવ કહેવાના છે તેના નામની વ્યાખ્યા.

૧ (**धर्मास्तिकाय**) જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં જે અપેક્ષા કારણ તે ધર્માસ્તિકાય. અસ્તિ એટલે પ્રદેશોનો સમૂહ તે અસ્તિકાય કહેવાય છે. જેમ પાણી માછલાને ગમન કરવામાં અપેક્ષા કારણ છે તેમ જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં અપેક્ષા કારણ તે ધર્માસ્તિકાય છે. એ ધર્માસ્તિકાયનો સ્કંધ ચૌદ રાજલોકપ્રમાણ છે અને અસંખ્યાત પ્રદેશી છે.

૨ (**अधर्मास्तिकाय**) જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં જે અપેક્ષા કારણ તે અધર્માસ્તિકાય. અધર્માસ્તિકાયનો સ્કંધ ચૌદ રાજલોકપ્રમાણ છે અને અસંખ્યાત પ્રદેશી છે.

૩ (**आकाशास्तिकाय**) આ એટલે મર્યાદાપૂર્વક સર્વે પદાર્થો જ્યાં પ્રકાશે એટલે સર્વે દ્રવ્યો જ્યાં પોતાના સ્વભાવને પામે છે તે આકાશ, તેના પ્રદેશનો

સમુદાય તે આકાશાસ્તિકાય. જે જીવ અને પુદ્ગલને અવકાશ આપે, સાકરને દૂધની જેમ તે આકાશાસ્તિકાય. તેનો સ્કંધ લોકાલોકવ્યાપી, અનંત પ્રદેશી છે. લોક તે ચૌદ રાજલોક, જેમાં છએ દ્રવ્ય હોય છે, તે સિવાયનો અલોકાકાશ જાણવો.

૪ (**काल**)—**कलनं काल:** તે કાળના બે પ્રકાર છે. એક વર્તના લક્ષણ, બીજો સમયાવલિકા લક્ષણ. દ્રવ્યને તેતે રૂપે થવામાં જે પ્રયોજક તે વર્તના. આ વર્તના સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ (પર્યાય) વ્યાપી છે. બીજો સમયાવલિકા કાળ તે અઢી દ્વીપના દ્રવ્યાદિમાં છે, તેની બહાર નથી. તે કાળ જૂનાને નવો કરે અને નવાને જૂનો કરે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાળ જે વર્તમાન મટી ભૂત ક્યારે થયો તથા ભવિષ્ય મટી વર્તમાન ક્યારે થયો તે પણ જણાય નહિ તે સમય. આંખ બંધ કરીને ઉઘાડીએ તેટલા વખતમાં અસંખ્યાતા સમય થાય છે. તેવા અસંખ્યાત સમયની એક આવળી થાય છે.

૫ (**स्कंध**) તે પુદ્ગલ સ્કંધ જાણવા. પૂરણ, ગલન અથવા ચય, ઉપચય ધર્મવાળો તે પુદ્ગલ. તેના બે અણુથી માંડીને અનન્તા અણુ સુધીના બનેલા તે સ્કંધ કહેવાય.

૬ (**कर्म**) આ સમસ્ત ચૌદ રાજલોક કર્મવર્ગણાથી નિરંતર ઠાંસીને ભરેલો છે. તે કર્મવર્ગણાને મિથ્યાત્વાદિ સામાન્ય હેતુવડે અથવા જ્ઞાન જ્ઞાનીનું પ્રત્યનીકપણું આદિ વિશેષ હેતુવડે ગ્રહણ કરીને જીવ આત્મપ્રદેશની સાથે ખીર–નીરની પેઠે અથવા અગ્નિ અને લોહની પેઠે સંબદ્ધ કરે તે. તે કર્મ આઠ પ્રકારનાં છે.

(૧) જેનાવડે વસ્તુ જણાય તે અથવા વિશેષ ગ્રહણાત્મક બોધ તે જ્ઞાન, તેને આવરનાર, ગ્રહણ કરેલી કર્મવર્ગણામાંહેનો વિશિષ્ટ પુદ્ગલસમૂહ તે **જ્ઞાનાવરણીય** કર્મ, (૨) જેનાવડે દેખાય તે અથવા સામાન્ય ગ્રહણાત્મક બોધ તે દર્શન. તે સામાન્ય અવબોધ છે. તેનું આચ્છાદન કરનાર જે કર્મ તે **દર્શનાવરણીય** કર્મ. (૩) જે સુખ–દુઃખરૂપે અનુભવાય તે **વેદનીય** કર્મ. (૪) સદસદ્ વિવેકમાં વિકળ કરે અને જેથી જીવ મોહ પામે તે **મોહનીય** કર્મ. (૫) એક ગતિમાંથી બીજી ગતિમાં લઈ જાય તે **આયુ** કર્મ. (૬) ગત્યાદિપર્યાય અનુભવવા તરફ તત્પર કરે તે **નામ** કર્મ. (૭) જેનાથી ઉંચ નીચ શબ્દવડે જીવ બોલાવાય તે **ગોત્ર** કર્મ. (૮) જેનાથી દાનાદિ લબ્ધિઓ વિશેષપણે હણાય તે **અંતરાય** કર્મ.

૭ (**गति**) જેમાં ગમન કરાય તે ગતિ. તેના પાંચ પ્રકાર. ૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪ દેવતા, ૫ સિદ્ધગતિ.

૮ (**जीव**) જે જીવ્યો, જીવે છે અને જીવશે તે :જીવ. જે દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણને ધારણ કરે તે જીવ.

દ્રવ્યપ્રાણ તે પાંચ ઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ ને આયુ અને ભાવપ્રાણ

તે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ આત્માના ગુણો. તે બંનેને ધારણ કરનાર તે સંસારી જીવ અને માત્ર ભાવપ્રાણને ધારણ કરે તે સિદ્ધના જીવ.

અહીં ગુણસ્થાનવર્તી જીવ લેવા, પણ એકેન્દ્રિયાદિ જીવો લેવા નહિ. ગુણઠાણા આશ્રી ભાવ કહેલા છે માટે. એ પ્રમાણે આ આઠ દ્વારો વિષે ઔપશમિકાદિ ભાવોને અનુક્રમે કહેશે.

પ્રથમ ચૌદ ગુણસ્થાનકોના નામ કહે છે:—

मिच्छे सासण मीसे, अविरय देसे पमत्त अपमत्ते ।
निअट्टि अनिअट्टि सुहुमु-वसम खिण सजोगि अजोगिगुणा ॥३॥

અર્થ:—મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરતિ, દેશવિરતિ, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયત, નિવૃત્તિકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સજોગી અને અજોગી—એ ૧૪ ગુણઠાણા જાણવા. ૩.

વિવેચન:—જ્ઞાન, દર્શન અને ચારિત્રની વિશુદ્ધિ અવિશુદ્ધિના પ્રકર્ષ અપકર્ષરૂપ અધ્યવસાયના તરતમ ભેદ તે ગુણસ્થાન. તે અધ્યવસાય અસંખ્યાતા હોવાથી ગુણસ્થાનના ભેદ પણ અસંખ્યાતા છે; પરંતુ સ્થૂલદૃષ્ટિએ ચૌદ ભેદ જાણવા. તે નીચે પ્રમાણે:—

૧ (**मिच्छे**) મિથ્યાત્વ ગુણસ્થાન. જ્યાં જિનેશ્વરના વચન ઉપર શ્રદ્ધા ન હોય, ખરાને ખોટાપણે અને ખોટાને સાચા પ્રમાણે માને તે.

૨ (**सासण**) સાસ્વાદન ગુણસ્થાન. ઉપશમ સમકિત વમીને મિથ્યાત્વે જતાં અનંતાનુબંધી કષાયના ઉદયથી જીવના જે પરિણામ થાય તે.

૩ (**मीसे**) મિશ્ર ગુણસ્થાન. જિનેશ્વરના વચન ઉપર જ્યાં રાગ-દ્વેષ ન હોય તે.

૪ (**अविरय**) અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન. જ્યાં ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક આ ત્રણ પ્રકારમાંનું એક સમકિત હોય, પણ વિરતિ ન હોય તે.

૫ (**देसे**) દેશવિરતિ ગુણસ્થાન. જ્યાં દેશે એટલે અંશે થોડી વિરતિ હોય તે.

૬ (**प्रमत्त**) પ્રમત્તસંયત ગુણસ્થાન. જ્યાં સર્વવિરતિ છતાં મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથા આ પાંચ પ્રકારના પ્રમાદ હોય તે. (આ ગુણસ્થાનકે મદ્યપાનનો સંભવ નથી, પણ પંચવિધ પ્રમાદની ગણના પ્રસંગે મદ્યપાનનું ગ્રહણ કરેલું હોય તેમ સંભવે છે.)

૭ (**अप्रमत्ते**) અપ્રમત્તસંયત ગુણસ્થાન. જ્યાં સર્વવિરતિ હોય અને નિદ્રાદિ પ્રમાદ રહિત હોય એટલે પ્રમાદ ન હોય તે.

૮ (**निअट्टि**) નિવૃત્તિકરણ ગુણસ્થાન. જ્યાં શ્રેણિ માંડનાર જીવોના એક સરખા અધ્યવસાય ન હોય પણ ફેરફારવાળા હોય તે. તેનું બીજું નામ અપૂર્વ-કરણ ગુણસ્થાન. જેમાં અપૂર્વ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને સ્થિતિબંધ એ પાંચ પદાર્થો કરાય તે અપૂર્વકરણ.

૯ (**अनिअट्टि**) અનિવૃત્તિકરણ બાદરસંપરાય ગુણસ્થાન. જ્યાં શ્રેણિ માંડ-નાર સર્વ જીવોના સરખા અધ્યવસાય હોય તે.

૧૦ (**सुहुम**) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન. જ્યાં સૂક્ષ્મ લોભનો જ રસોદય હોય તે.

૧૧ (**उवसम**) ઉપશાંતમોહ ગુણસ્થાન. જ્યાં મોહનીયકર્મની સર્વ પ્રકૃતિઓ ઉપશમી હોય તે.

૧૨ (**खिण**) ક્ષીણમોહ ગુણસ્થાન. જ્યાં મોહનીયકર્મની સર્વ પ્રકૃતિનો સર્વથા ક્ષય થયો હોય તે.

૧૩ (**सजोगि**) સયોગિકેવલી ગુણસ્થાન. કેવલજ્ઞાન થયા પછી માત્ર યોગ-પ્રવૃત્તિ વર્તતી હોય તે.

૧૪ (**अजोगिगुणा**) અયોગી કેવલી ગુણસ્થાન. જ્યાં યોગપ્રવૃત્તિનો અભાવ હોય પણ હજી મોક્ષે ગયા ન હોય તે.

એ પ્રમાણે ગુણસ્થાનનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું.

હવે છ ભાવના નામો કહે છે:—

उवसम खइओ मीसो, उदओ परिणाम सन्निवाओ अ ।
सव्वे जीवट्ठाणे, परिणामुदओ अजीवाणं ॥ ४ ॥

અર્થ:—(**उवसम**) ૧ ઔપશમિકભાવ, (**खइओ**) ૨ ક્ષાયિકભાવ, (**मीसो**) ૩ મિશ્રભાવ અથવા ૩ ક્ષાયોપશમિકભાવ (**उदओ**) ૪ ઔદયિકભાવ (**परिणाम**) ૫ પારિણામિકભાવ (**अ**) અને (**सन्निवाओ**) ભાવોના સંયોગરૂપ છઠ્ઠો સન્નિપાતિકભાવ. (**सव्वे जीवट्ठाणे**) એ સર્વે ભાવો જીવસ્થાનમાં હોય. (**परिणामुदओ**) પારિણામિક અને ઔદયિક આ બે ભાવ (**अजीवाणं**) અજીવમાં પણ હોય. ૪.

હવે તે ભાવનો અર્થ કહે છે:—

૧ ઔપશમિકભાવ—ઉદય બે પ્રકારે છે: એક રસોદય ને બીજો પ્રદેશોદય. એ બંને પ્રકારના ઉદયનું અટકવું જે ભાવને વિષે હોય તે ઔપશમિકભાવ. એ ભાવ કાળ આશ્રી સાદિસપર્યવસિત જાણવો. આ ભાવ બે પ્રકારે છે. ઉપશમ-ભાવનું સમકિત ને ઉપશમભાવનું ચારિત્ર.

૨ ક્ષાયિકભાવ—કર્મનો અત્યંત નાશ તે ક્ષય તેનાથી થયેલ તે ક્ષાયિકભાવ. તેના નવ ભેદ છે. કાળઆશ્રી સાદિસપર્યવસિત ને સાદિઅપર્યવસિત જાણવો.

૩ મિશ્રભાવ અથવા **ક્ષાયોપશમિકભાવ**—ઉદયમાં આવેલાના ક્ષયથી તથા અનુદીર્ણ એટલે ઉદયમાં નહી આવેલાના ઉપશમથી થયેલ તે મિશ્રભાવ અથવા ક્ષાયોપશમિકભાવ. તેના અઢાર ભેદ છે. કાળઆશ્રી સાદિસપર્યવસિત ૧, અનાદિસપર્યવસિત ૨, અનાદિઅપર્યવસિત ૩. આ ત્રણ ભાંગા આ ભાવને વિષે જાણવા.

૪ ઔદયિકભાવ—શુભાશુભ પ્રકૃતિઓનું વિપાક(રસ)થી અનુભવવું તે ઔદયિકભાવ. તેના એકવીશ ભેદ છે. આ ભાવને વિષે પણ મિશ્રભાવમાં કહ્યા પ્રમાણે ત્રણ ભાંગા જાણવા.

૫ પારિણામિકભાવ—જીવ અને અજીવને જીવત્વાદિ સ્વસ્વરૂપને અનુભવવામાં તૈયાર રહેવું તે પારિણામિકભાવ અથવા પોતપોતાની અવસ્થામાં રહેવુ તે પારિણામિકભાવ. આ ભાવના ત્રણ ભેદ છે. આ ભાવને વિષે કાળઆશ્રી ઉપર કહેલ ત્રણ ભાંગા જાણવા.

કયા કયા ભાવમાં કાળઆશ્રી કયા કયા ભાંગા હોય તેનો યંત્ર.

	સાદિસપર્યવસિત	અનાદિસપર્યવસિત	સાદિઅપર્યવસિત	અનાદિઅપર્યવસિત	કુલ ભાંગા
ઔપશમિક	૧	૦	૦	૦	૧
ક્ષાયિક	૧	૦	૧	૦	૨
ક્ષાયોપશમિક	૧	૧	૦	૧	૩
ઔદયિક	૧	૧	૦	૧	૩
પારિણામિક	૧	૧	૦	૧	૩

૬ સાન્નિપાતિક—પૂર્વે કહેલા ભાવોના સન્નિપાતથી–સંયોગથી થયેલ તે સાન્નિપાતિક ભાવ. તેના (૨૬) ભેદ છે. તે આવી રીતેઃ–દ્વિકસંયોગી દશ, ત્રિકસંયોગી દશ, ચતુઃસંયોગી પાંચ, પંચસંયોગી એક–એ પ્રમાણે (૨૬) ભાંગા જાણવા.

દ્વિસંયોગી.

૧ ઔપશમિક ક્ષાયિક
૨ ઔપશમિક ક્ષાયોપશમિક
૩ ઔપશમિક ઔદયિક
૪ ઔપશમિક પારિણામિક
૫ ક્ષાયિક ક્ષાયોપશમિક
૬ ક્ષાયિક ઔદયિક
૭ ક્ષાયિક પારિણામિક
૮ ક્ષાયોપશમિક ઔદયિક
૯ ક્ષાયોપશમિક પારિણામિક
૧૦ ઔદયિક પારિણામિક

ત્રિસંયોગી.

૧ ઔપ૦ ક્ષાયિક ક્ષાયોપશમિક
૨ ઔપ૦ ક્ષાયિક ઔદયિક
૩ ઔપ૦ ક્ષાયિક પારિણામિક
૪ ઔપ૦ ક્ષાયોપ૦ ઔદયિક
૫ ઔપ૦ ક્ષાયોપ૦ પારિણામિક
૬ ઔપ૦ ઔદયિ૦ પારિણામિક
૭ ક્ષાયિક ક્ષાયોપ૦ ઔદયિક
૮ ક્ષાયિક ક્ષાયોપ૦ પારિણામિક
૯ ક્ષાયિક ઔદયિક પારિણામિક
૧૦ ક્ષાયોપ૦ ઔદયિક પારિણામિક

ચતુઃસંયોગી.

૧ ઔપ૦ ક્ષાયિક ક્ષાયોપ૦ ઔદયિક
૨ ઔપ૦ ક્ષાયિક ક્ષાયોપ૦ પારિણામિક
૩ ઔપ૦ ક્ષાયિક ઔદ૦ પારિણામિક
૪ ઔપ૦ ક્ષાયોપ૦ ઔદ૦ પારિણામિક
૫ ક્ષાયિક ક્ષાયોપ૦ ઔદ૦ પારિણામિક

પંચસંયોગી.

૧ ઔપ૦ ક્ષાયિ૦ ક્ષાયોપ૦ ઔદ૦ પારિણામિક.

એવી રીતે (૨૬) સન્નિપાતિક ભાવ જાણવા. એકમાં સન્નિપાત ન હોય. સંયોગનો અભાવ હોવાથી. એ છવીશમાંથી ૧ દ્વિકસંયોગી સાતમો ભાંગો ક્ષાયિક અને પારિણામિક એ સિદ્ધને હોય. ૨ ત્રિકસંયોગી નવમો ભાંગો ક્ષાયિક ઔદયિક ને પારિણામિક એ કેવલીને હોય. ૩ ત્રિકસંયોગી દશમો ભાંગો ક્ષાયોપશમિક ઔદયિક ને પારિણામિક એ ચારે ગતિમાં હોય. ૪ ચતુઃસંયોગી ચોથો ભાંગો ઔપશમિક ક્ષાયોપશમિક ઔદયિક ને પારિણામિક. ૫ ચતુઃસંયોગી પાંચમો ભાંગો ક્ષાયિક ક્ષાયોપશમિક ઔદયિક અને પારિણામિક આ બે ભાંગા ચારે ગતિમાં પામીએ. ૬ તથા પંચસંયોગી એક ભાંગો ક્ષાયિક સમકિતી ને ઉપશમશ્રેણિ માંડનાર મનુષ્યને પામીએ. એ પ્રમાણે છ સન્નિપાતિક ભાંગા જીવોમાં સંભવે. બાકીના વીશ ભાંગા જીવોમાં સંભવે નહિ તથા અજીવને પારિણામિક અને ઔદાયિક બે ભાવ સંભવે, બીજા ભાવ સંભવે નહિ.

હવે ભાવના મૂળભેદના ઉત્તરભેદ કહે છે:—

केवलनाणं दंसण, खइअं सम्मं च चरणं दाणाई ।
नव खइआलद्धीओ, उवसमिए सम्मचरणं च ॥ ५ ॥

અર્થ:—(**केवलनाणं दंसण**) કેવલજ્ઞાન-કેવલદર્શન (**खइअं सम्मं च चरणं**) ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર (**दाणाई**) અને દાનાદિ પાંચ લબ્ધિઓ એમ (**नव खइआलद्धीओ**) નવ ભેદ ક્ષાયિક ભાવના જાણવા (**उवसमिए**) ઉપશમ ભાવના (**सम्मचरणं च**) ઉપશમસમકિત ને ઉપશમ ચારિત્ર એ બે ભેદ છે. ૫.

વિવેચન—ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે:—૧ કેવલજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવલજ્ઞાન, ૨ કેવલદર્શનાવરણીય કર્મના ક્ષયથી કેવલદર્શન, ૩ દર્શનમોહનીયકર્મના ક્ષયથી ક્ષાયિક સમકિત, ૪ ચારિત્રમોહનીય કર્મના ક્ષયથી ક્ષાયિક ચારિત્ર તથા ૫ થી ૯ પાંચ પ્રકારના અંતરાયકર્મના ક્ષયથી દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ અને વીર્યલબ્ધિ એ પાંચ ક્ષાયિકલબ્ધિઓ.

ઔપશમિક ભાવના બે ભેદ: ઉપશમ સમકિત તે અનંતાનુબંધી ચાર કષાય તથા સમકિતમોહની, મિશ્રમોહની, મિથ્યાત્વમોહની આ સાત પ્રકૃતિનો રસોદય એટલે વિપાકોદય અને પ્રદેશોદય બંને ન હોય તે ઉપશમ સમકિત, પ્રથમ સમ્યક્ત્વ ઉત્પત્તિકાળે તથા ઉપશમશ્રેણિમાં હોય છે. બીજું ઉપશમ ચારિત્ર ઉપશમશ્રેણિમાં ચારિત્રમોહનીયના ઉપશમથી હોય છે.

હવે ક્ષયોપશમ ભાવના ૧૮ ભેદ કહે છે:—

नाणा चउ अण्णाणा, तिण्णि य दंसणतिगं च गिहिधम्मो ।
वेअग सव्वचारित्तं, दाणाइ य मिस्सगा भावा ॥ ६ ॥

અર્થ:—(**नाणा चउ**) જ્ઞાન ચાર, (**अण्णाणा तिण्णि य**) અજ્ઞાન ત્રણ, (**दंसणतिगं च**) દર્શન ત્રણ, (**गिहिधम्मो**) ગૃહસ્થધર્મ–દેશવિરતિ, (**वेअग**) વેદક (ક્ષયોપશમ) સમકિત, (**सव्वचारित्तं**) સર્વવિરતિ ચારિત્ર અને (**दाणाइ य**) દાનાદિક પાંચ લબ્ધિઓ–એ મિશ્રભાવના (૧૮) ભેદ જાણવા. (ક્ષયોપશમ ભાવનાં બીજાં નામ મિશ્ર તથા વેદક પણ છે.) ૬.

વિવેચન—કેવલજ્ઞાન સિવાયના બાકીના મતિ–શ્રુત–અવધિ–મનઃપર્યવ એ ચાર જ્ઞાન તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન–એ સાત જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. ચક્ષુ–અચક્ષુ–અવધિ–એ ત્રણ દર્શન દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય. વેદકસમકિત દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમથી થાય. દેશવિરતિ ને સર્વવિરતિ ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી થાય અને દાનાદિ પાંચ લબ્ધિઓ અંતરાયકર્મના ક્ષયોપશમથી હોય. એ પ્રમાણે ત્રીજા ભાવના અઢાર ભેદ જાણવા. દાનાદિ પાંચ લબ્ધિઓ બે પ્રકારે હોય છે: એક ક્ષાયિકી તે કેવલીને હોય અને બીજી અંતરાય કર્મના ક્ષયોપશમથી થએલી ક્ષાયોપશમિકી તે છદ્મસ્થોને હોય.

હવે ચોથા ઔદયિક ભાવના ૨૧ ભેદ કહે છે:—

अन्नाणमसिद्धत्ताऽ–संजम लेसा कसाय गइ वेया ।
मिच्छं तुरिए भवाऽ–भवत्त जियत्त परिणामे ॥ ७ ॥

અર્થ:—(**अन्नाणमसिद्धत्ता**) અજ્ઞાન ૧, અસિદ્ધત્વ ૧, (**असंजम लेसा**) અસંજમ ૧, લેસ્યા ૬, (**कसाय गइ वेया**) કષાય ૪, ગતિ ૪, વેદ ૩ અને (**मिच्छं**) મિથ્યાત્વ ૧ (**तुरिए**) ચોથા ઔદયિક ભાવના એ (૨૧) ભેદ જાણવા. (**भव्वाभव्वत्त**) ભવ્યત્વ, અભવ્યત્વ અને (**जीवत्त**) જીવત્વ (**परिणामे**) એ પારિણામિક ભાવના ત્રણ ભેદ જાણવા. ૭.

વિવેચન—હવે ચોથા ઔદયિક ભાવના ૨૧ ભેદ આ પ્રમાણે:—જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી થએલ ૧ અજ્ઞાન, આઠ પ્રકારના કર્મના ઉદયથી થએલ ૧ અસિદ્ધત્વ અને પ્રત્યાખ્યાનાવરણીયના ઉદયથી થએલ અસંયમ-અવિરતિપણું ૧, કૃષ્ણાદિ છ લેશ્યા તે કષાયમોહનીય કર્મના ઉદયથી, અથવા આઠે કર્મના ઉદયથી, અથવા નામકર્મના ઉદયથી, અથવા યોગ પરિણામરૂપ સમજવી. તેના નામ:—કૃષ્ણ-નીલ-કાપોત-તેજો-પદ્મ ને શુકલ. કષાય ચાર-કષાયમોહનીય કર્મના ઉદયથી થએલ ક્રોધ, માન, માયા ને લોભ. ગતિ ચાર-નામકર્મના ઉદયથી થએલ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી. નોકષાયમોહનીય કર્મના ઉદયથી થએલ વેદ ત્રણ, મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયથી થએલ મિથ્યાત્વ ૧-એ પ્રમાણે ૨૧ ભેદ સમજવા.

અહીં ઔદયિક ભાવના પાંચ નિદ્રા, સાતા, અસાતા અને હાસ્ય, રતિ વિગેરે કર્મોદયથી થએલા બીજા પણ ઘણા ભેદ જાણવા. આ પ્રકરણમાં એકવીશની સંખ્યા પૂર્વ શાસ્ત્રના અનુસારે કહેલી છે.

હવે પાંચમા પારિણામિક ભાવના ત્રણ ભેદ કહે છે. ભવ્યપણાનો ભાવ તે ભવ્યત્વ, અભવ્યપણાનો ભાવ તે અભવ્યત્વ અને જીવપણાનો ભાવ તે જીવત્વ.

એઓનું એ પ્રમાણે જ સદા પરિણમન હોવાથી. કારણ કે ભવ્ય તે અભવ્ય ન થાય, અભવ્ય તે ભવ્ય ન થાય અને જીવ અજીવ ન થાય.

એવી રીતે મૂળ પાંચ ભાવના ઉત્તરભેદ (૫૩) જાણવા.

મૂલભેદના ઉત્તરભેદનો યંત્ર.

ઔપશમિક	ક્ષાયિક	ક્ષાયોપશમિક	ઔદયિક	પારિણામિક
૨	૯	૧૮	૨૧	૩

હવે પૂર્વે કહેલા ધર્માસ્તિકાયાદિ આઠ દ્વારોને વિષે ઔપશમિકાદિ ભાવો કહે છે:-

आइम चउदारेसु य, भावो परिणामगो य णायव्वो ।
खंधे परिणामुदओ, पंचविहा हुंति मोहंमि ॥ ८ ॥

અર્થઃ—(**आइम**) પ્રથમના (**चउदारेसु य**) ચાર દ્વારોને વિષે (**परिणामगो य**) પારિણામિક (**भावो**) ભાવ (**णायव्वो**) જાણવો. (**खंधे**) સ્કંધને વિષે (**परिणामुदओ**) પારિણામિક ભાવ અને ઔદયિક ભાવ હોય અને (**मोहंमि**) મોહનીયકર્મને વિષે (**पंचविहा हुंति**) પાંચે ભાવ હોય. ૮.

વિવેચનઃ—૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય અને ૪ કાળ. એ ચાર દ્વારોને વિષે એક પારિણામિક ભાવ જ હોય, કારણ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અનાદિ કાળથી આરંભી જીવ અને પુદ્ગલોને અનુક્રમે ગતિમાં તથા સ્થિતિમાં ઉપષ્ટંભ આપવાના અને અવકાશ આપવાના પરિણામમાં પરિણત છે. તથા કાળ પણ આવલિકાદિ પરિણામમાં પરિણત હોવાથી અનાદિ પારિણામિકભાવમાં વર્તવાપણું છે. પાંચમા સ્કન્ધદ્વારને વિષે એટલે પુદ્ગલસ્કંધને વિષે પારિણામિક અને ઔદયિક એ બે ભાવો હોય. તેમાં દ્વયણુકાદિ (બે પરમાણુના બનેલા વિગેરે) સ્કંધોમાં કાળઆશ્રી સાદિપણું હોવાથી સાદિ પારિણામિક ભાવ જાણવો અને મેરુ વિગેરે જે સ્કન્ધો છે તે અનાદિકાળથી તે રૂપે પરિણમેલા હોવાથી અનાદિ પારિણામિકભાવ જાણવો. તથા જે અનન્ત પરમાણુના સ્કન્ધો છે, જેને જીવ કર્મરૂપે પરિણમાવે છે, તેનો કર્મરૂપે ઉદય હોવાથી તેવા સ્કંધોમાં ઔદયિક ભાવ પણ છે તે આવી રીતે–શરીરાદિ નામકર્મના ઉદયથી થએલ ઔદારિકાદિ સ્કન્ધોનો ઔદારિક શરીરપણે ઉદય તે ઔદયિકભાવ જાણવો. જે છૂટા પરમાણુઓ છે તેમાં જીવના ગ્રહણનો અભાવ હોવાથી ઔદયિકભાવ નથી, તેમાં ફક્ત પારિણામિકભાવ જ હોય છે.

હવે છઠ્ઠું કર્મદ્વાર, તેમાં મોહનીય કર્મને વિષે પાંચે ભાવ હોય છે.

તેમાં પ્રથમ ઔપશમિક ભાવ આવી રીતે-મોહનીયકર્મની ભસ્મથી અવરાએલ અગ્નિની પેઠે અનુદય અવસ્થા તે ઔપશમિક ભાવ. અહીં સર્વોપશમ લેવો પણ દેશોપશમ નહિ. દેશોપશમનો સર્વે કર્મોમાં સંભવ હોવાથી. ૨ મોહનીય કર્મ ઉદયમાં આવ્યું તેના ક્ષયથી અને અનુદયના ઉપશમથી થએલ ભાવ તે ક્ષયોપશમભાવ. ૩ જે જે મોહનીય કર્મનો આત્યન્તિક એટલે ફરીથી બંધ ન થાય તેવો નાશ તે ક્ષાયિકભાવ. ૪ મોહનીયકર્મનો ઉદય તે ઔદયિકભાવ. સર્વે સંસારી જીવોને આઠે કર્મનો ઉદય જણાતો હોવાથી. ૫ અને જીવપ્રદેશોની સાથે સંલુલિતપણે એકમેક થવું તે પારિણામિકભાવ. અથવા તે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને અધ્યવસાયની અપેક્ષાએ તથાપ્રકારે સંક્રમાદિરૂપપણે જે પરિણમન તે પારિણામિકભાવ.

આ પ્રમાણે મોહનીયકર્મમાં પાંચે ભાવ સમજવા. બાકીના ૭ કર્મોમાં કહે છે—

दंसणनाणावरणे, विग्घे विणुवसम हुंति चत्तारि ।
वेयाउनामगोए, उवसममीसेण रहिआओ ॥ ९ ॥

અર્થ:--(**दंसणनाणावरणे**) દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય (**विग्घे**) અને અંતરાય કર્મમાં (**विणुवसम**) ઉપશમ વિના (**हुंति चत्तारि**) ચાર ભાવ હોય અને (**वेयाउनामगोए**) વેદની, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મમાં (**उवसममीसेण**) ઉપશમ ને મિશ્ર (**रहिआओ**) રહિત બાકીના ત્રણ ભાવ હોય. ૯.

વિવેચન:--દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મમાં ઉપશમ વિના ચાર ભાવ હોય. આ કર્મોનો ઉપશમ થતો નથી માટે ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક એ ચાર ભાવ હોય. તેમાં પણ કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીયના વિપાકોદયના વિષ્કંભનો અભાવ હોવાથી તેના ક્ષયોપશમનો અસંભવ છે. બાકીના ચાર કર્મ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રને વિષે ઔપશમિક અને મિશ્ર તે ક્ષાયોપશમિક એ બે વિના બાકીના ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક એ ત્રણ ભાવ હોય.

કર્મોને વિષે ભાવનો યંત્ર.

કર્મ.	જ્ઞાના૦	દર્શ૦	વેદ૦	મોહ૦	આયુ૦	નામ૦	ગોત્ર૦	અંત૦
ભાવ.	૪	૪	૩	૫	૩	૩	૩	૪

હવે સાતમું ગતિદ્વાર કહે છેઃ--

चउसु वि गइसु पण पण, खाइअ परिणाम हुंति सिद्धीए ।
अह जीवेसु अ भावे, भणामि गुणठाणरूवेसु ॥ १० ॥

અર્થ:--(**चउसु वि गइसु**) ચારે ગતિમાં (**पण पण**) પાંચ પાંચ ભાવ હોય છે. (**सिद्धीए**) સિદ્ધગતિમાં (**खाइअ**) ક્ષાયિકભાવ અને (**परिणाम**) પારિણામિકભાવ એ બે (**हुंति**) હોય છે. (**अह**) હવે (**गुणठाणरूवेसु**) ગુણસ્થાનરૂપ (**जीवेसु अ**) જીવોમાં (**भावे**) ભાવો (**भणामि**) કહું છું. ૧૦.

વિવેચન:--નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા એ ચારે ગતિમાં પાંચે ભાવ હોય છે. તે આવી રીતેઃ—ઔપશમિક ભાવે ઉપશમ સમકિત ૧, ક્ષાયિકભાવે ક્ષાયિકસમ્યક્ત્વ ૨, ક્ષાયોપશમિક ભાવે ઇંદ્રિયો ૩, ઔદયિક ભાવે નરકગત્યાદિ ૪, પારિણામિક ભાવે જીવત્વાદિ ૫, પાંચમી સિદ્ધિગતિમાં ક્ષાયિક અને પારિણામિક બે જ ભાવ હોય છે. તેમાં કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવે અને જીવત્વ પારિણામિકભાવે હોય.

હવે ગુણસ્થાનરૂપ જીવોમાં એટલે ગુણસ્થાને વર્તતા જીવોમાં ભાવો કહું છુંઃ—

मीसोदयपरिणामा, एए भावा भवन्ति पढमतिगे ।
अग्गे अट्ठसु पण पण, उवसम विणु हुंति खीणंमि ॥ ११ ॥

અર્થ:—(पढमतिगे) પ્રથમના ત્રણ ગુણસ્થાને (मीसोदयपरिणामा) મિશ્ર, ઔદયિક ને પારિણામિક (एए भावा भवन्ति) એ ત્રણ ભાવ હોય છે. (अग्गे अट्ठसु पण पण) આગળના આઠ ગુણઠાણે પાંચ પાંચ ભાવ હોય છે, અને (उवसम विणु) ઉપશમભાવ વિના (हुंति खीणंमि) ક્ષીણમોહ ગુણસ્થાને ચાર ભાવ હોય છે. ૧૧.

खइयोदयपरिणामा, तिन्नि य भावा भवन्ति चरमदुगे ।
एसिं उत्तरभेआ, भणामि मिच्छाइगुणठाणे ॥ १२ ॥

અર્થ:—(खइयोदयपरिणामा) ક્ષાયિક, ઔદયિક ને પારિણામિક (तिन्नि य भावा) આ ત્રણ ભાવ (भवन्ति चरमदुगे) છેલ્લા બે ગુણઠાણે હોય છે.

હવે (एसिं उत्तरभेआ) એના ઉત્તરભેદ (मिच्छाइगुणठाणे) મિથ્યાત્વાદિ ગુણઠાણે (भणामि) કહું છું. ૧૨.

વિવેચનઃ—મિથ્યાત્વગુણસ્થાન, સાસ્વાદનગુણસ્થાન, મિશ્રગુણસ્થાન—એ ત્રણ ગુણઠાણે મિશ્ર, ઔદયિક અને પારિણામિક એ ત્રણ ભાવ હોય છે. તેમાં મિશ્ર એટલે ક્ષયોપશમભાવે ઇન્દ્રિયાદિ, ઔદયિકભાવે ગત્યાદિ અને પારિણામિકભાવે જીવત્વાદિ જાણવા. ત્રીજા ગુણઠાણાથી આગળના આઠ ગુણઠાણા સુધી એટલે અવિરતિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય અને ઉપશાંતમોહે પાંચ પાંચ ભાવ હોય છે. તેમાં ઉપશમભાવે ઔપશમ સમકિત અવિરતિ ગુણઠાણાથી અગિયારમા ગુણઠાણા સુધી હોય છે. ક્ષાયિકભાવે ક્ષાયિકસમકિત પણ તેટલા ગુણઠાણા સુધી હોય છે. ત્રીજા ક્ષયોપશમભાવે ક્ષયોપશમિકી ઇન્દ્રિયાદિ તથા ક્ષયોપશમ સમકિત ચોથા ગુણઠાણાથી સાતમા ગુણઠાણા સુધી હોય છે. આગળ આઠમાથી અગિયારમા સુધીના ચાર ગુણઠાણે ક્ષયોપશમિકી ઇંદ્રિયાદિ જ હોય છે, ક્ષયોપશમ સમકિત હોતું નથી, કારણ કે સમકિતમોહનીયના ઉદયથી તે સમકિત હોય છે ને તેનો ઉદય સાતમા ગુણઠાણા સુધી જ હોય છે. ચોથા ઔદયિકભાવે ગત્યાદિ અને પાંચમા પારિણામિકભાવે જીવત્વાદિ સમજવા. બારમા ક્ષીણમોહ ગુણઠાણે ઉપશમ વિના ચાર ભાવ હોય છે. તેમાં ક્ષયોપશમભાવે ઇંદ્રિયાદિ, ઔદયિક ભાવે ગત્યાદિ, પારિણામિકભાવે જીવત્વાદિ અને ક્ષાયિકભાવે સમકિત અને ચારિત્ર જાણવું. ઉપશમભાવ મોહનીય કર્મનો હોય છે તે મોહનીયનો ક્ષપકને દશમે ગુણઠાણે સર્વથા ક્ષય થયેલ હોવાથી તે ભાવ બારમે ગુણઠાણે હોતો નથી. તેરમા સયોગી તથા ચૌદમા અયોગી ગુણઠાણે ક્ષાયિકભાવે કેવલજ્ઞાનાદિ, ઔદયિકભાવે ગત્યાદિ અને પારિણામિકભાવે જીવત્વાદિ એ ત્રણ ભાવો હોય છે.

ગુણસ્થાનકમાં ભાવના મૂળ ભેદોનું યંત્ર:—

ગુણસ્થાન	मि०	सा०	मि०	अ०	दे०	प्र०	अप्र०	अपू०	अनि०	सू०	उ०	क्षी०	स०	अयो.
મૂળભાવ.	૩	૩	૩	૫	૫	૫	૫	૫	૫	૫	૫	૪	૩	૩

હવે ગુણસ્થાનકને વિષે ઉત્તરભેદ કહે છેઃ—

मिच्छे तह सासाणे, खाओसमिया भवंति दस भेया ।
दाणाइपणग चक्खु य, अचक्खु अन्नाणतिअगं च ॥ १३ ॥

અર્થ:—(**मिच्छे तह सासाणे**) મિથ્યાત્વે તેમજ સાસ્વાદને (**खाओसमिया**) ક્ષાયોપશમિકભાવે (**दाणाइपणग**) દાનાદિ પાંચ (દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય,) લબ્ધિઓ (**चक्खु य**) ચક્ષુદર્શન, (**अचक्खु**) અચક્ષુદર્શન અને (**अन्नाणतिअगं च**) અજ્ઞાનત્રિક (મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન) એ પ્રમાણે (**भवंति दस भेया**) દશ ભેદ હોય છે. ૧૩.

मिस्से मिस्सं सम्मं, तिदंस दाणाइपणग नाणतिगं ।
तुरिए बारस नवरं, मिस्सच्चाएण सम्मत्तं ॥ १४ ॥

અર્થ—(**मिस्से**) મિશ્રગુણઠાણે (**मिस्सं सम्मं**) મિશ્રસમકિત (**तिदंस**) ત્રણ દર્શન (**दाणाइपणग**) દાનાદિ પાંચ અને (**नाणतिगं**) જ્ઞાનત્રિક એ બાર ભાવ હોય છે. (**तुरिए बारस**) ચોથે ગુણઠાણે પણ બાર ભાવ હોય છે, પરંતુ (**नवरं**) એટલું વિશેષ કે (**मिस्सच्चाएण सम्मत्तं**) મિશ્રનો ત્યાગ કરવો અને ક્ષાયોપશમ સમકિત કહેવું. ૧૪.

વિવેચનઃ—ત્રીજા મિશ્રગુણઠાણે મિશ્રસમકિત, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન એ ત્રણ દર્શન, દાનાદિ પાંચ લબ્ધિઓ અને જ્ઞાનત્રિક એ બાર ક્ષયોપશમભાવ હોય. અહીં જ્ઞાન અજ્ઞાનમાં કોઇવાર જ્ઞાનની, કોઇવાર અજ્ઞાનની બાહુલ્યતા હોય અથવા બંનેની સમાનતા પણ હોય. અહીં જ્ઞાનત્રિક કહ્યું તે જ્ઞાનની બાહુલ્યતાની વિવક્ષાથી જાણવું. તથા અહીં અવધિદર્શન કહ્યું તે સિદ્ધાંતના મતની અપેક્ષાએ જાણવું. ચોથા અવિરતિ ગુણઠાણે મિશ્રે કહ્યા તેજ બાર ક્ષયોપશમભાવ હોય. ફક્ત ફેર એટલો કે મિશ્રસમકિતને બદલે ક્ષાયોપશમ સમકિત કહેવું.

सम्मुत्ता ते बारस, विरइक्खेवेण तेर पंचमए ।
छट्ठे तह सत्तमए, चउदस मणनाणखेविकए ॥ १५ ॥

અર્થ:—(**सम्मुत्ता**) અવિરતિ સમ્યક્ત્વગુણઠાણે કહેલા (**ते बारस**) તે બારમાં (**विरइक्खेवेण**) દેશવિરતિ નાખવાથી (**तेर पंचमए**) પાંચમે ગુણઠાણે તેર ભાવ હોય. (**छट्ठे तह सत्तमए**) છઠ્ઠે તેમજ સાતમે (**मणनाणखेविकए**) મનઃપર્યવજ્ઞાન નાખવાથી (**चउदस**) ચૌદ ભાવ હોય. ૧૫.

વિવેચનઃ—ચોથે ગુણઠાણે કહેલા બાર ભાવમાં દેશવિરતિ ઉમેરવાથી પાંચમે

ગુણઠાણે તેર ભાવ હોય. છઠ્ઠે સાતમે ગુણઠાણે તે તેરમાં મનઃપર્યવજ્ઞાન ઉમેરવાથી ચૌદ ક્ષાયોપશમિકભાવ હોય; પણ પાંચમા ગુણઠાણાના તેરમાંથી દેશવિરતિ કાઢી નાખવું અને સર્વવિરતિ ઉમેરવું.

अट्ठमनवमदसमे, विणुसम्मत्तेण होइ तेरसगं।
उवसंतखीणमोहे, चरित्तरहिआ य बार भवे ॥ १६ ॥

અર્થઃ—(**अट्ठमनवमदसमे**) આઠમે, નવમે અને દશમે ગુણઠાણે (**विणुसम्मत्तेण**) ક્ષયોપશમસમકિત વિના (**होइ तेरसगं**) તેર ભાવ હોય. (**उवसंतखीणमोहे**) ઉપશાંતમોહ અને ક્ષીણમોહ ગુણઠાણે (**चरित्तरहिआ य**) ક્ષયોપશમભાવના ચારિત્ર વિના (**बार भवे**) બાર ભાવ હોય. ૧૬.

વિવેચનઃ—આઠમે, નવમે, દશમે ગુણઠાણે પૂર્વે કહેલા ચૌદ ભાવમાંથી ક્ષયોપશમસમકિત વિના બાકીના તેર ભાવ હોય. તે આ પ્રમાણેઃ–દર્શનત્રિક, દાનાદિ પાંચ લબ્ધિઓ, જ્ઞાનચતુષ્ક અને સર્વવિરતિ (ક્ષયોપશમભાવનું ચારિત્ર) એ તેર ભાવ હોય. ક્ષયોપશમસમકિત ચોથાથી સાતમા સુધીના ચાર ગુણઠાણે જ હોય. તથા ઉપશાંતમોહ અને ક્ષીણમોહ એ બે ગુણઠાણે તે તેરમાંથી ક્ષયોપશમ ભાવના ચારિત્ર વિના બાર ભાવ હોય. આગળના બે (૧૩–૧૪) ગુણઠાણે ક્ષયોપશમ ભાવ જ નથી.

હવે ઔદયિક ભાવના ઉત્તરભેદ ગુણઠાણે કહે છેઃ—

अन्नाणाऽसिद्धत्तं, लेसाऽसंजम कसाय गइ वेया।
मिच्छत्तं मिच्छत्ते, भेया उदयस्स इगवीसं ॥ १७ ॥

અર્થઃ—(**अन्नाण**) ૧ અજ્ઞાન, (**असिद्धत्तं**) ૧ અસિદ્ધત્વ, (**लेसा**) ૬ લેશ્યા, (**असंजम**) ૧ અસંયમ, (**कसाय**) ૪ કષાય, (**गइ**) ૪ ગતિ, (**वेया**) ૩ વેદ, (**मिच्छत्तं**) ૧ મિથ્યાત્વ, (**उदयस्स इगवीसं**) એ ઔદયિક ભાવના એકવીશે (**भेया**) ભેદ (**मिच्छत्ते**) મિથ્યાત્વ ગુણઠાણે હોય છે. ૧૭.

बियए मिच्छत्तविणा ते, वीसं भेया भवंति उदयस्स।
तइए तुरिए दसनव, विणुअन्नाणेण णायव्वा ॥ १८ ॥

અર્થઃ—(**बियए**) બીજે ગુણઠાણે (**मिच्छत्तविणा ते**) મિથ્યાત્વ વિના (**उदयस्स**) ઔદયિક ભાવના (**वीसं भेया भवंति**) વીશ ભેદ હોય. (**तइए तुरिए**) ત્રીજે અને ચોથે ગુણઠાણે (**विणुअन्नाणेण**) અજ્ઞાન વિના (**दसनव**) ઓગણીશ ભેદ (**णायव्वा**) જાણવા. ૧૮.

देसे सत्तरस नारग—गइ देवगइण अभावओ हुंति ।
तिरिगइ असंजमाओ—उदए छट्ठस्स न भवंति ॥ १९ ॥

અર્થઃ—(**नारगगइ**) નરકગતિ અને (**देवगइण**) દેવગતિના (**अभावओ**) અભાવથી (**देसे**) દેશવિરતિ ગુણઠાણે (**सत्तरस**) સત્તર ભાવ (**हुंति**) ઔદયિકના હોય. (**छट्ठस्स**) પ્રમત્ત નામના છઠ્ઠે ગુણઠાણે (**तिरिगइ**) તિર્યંચગતિ અને (**असंजमाओ**) અસંજમને (**उदए**) ઉદય (**न भवंति**) ન હોવાથી પંદર ભાવ હોય. ૧૯.

વિવેચનઃ—મિથ્યાત્વ ગુણઠાણે ઉપર ગણાવ્યા તે ઔદયિક ભાવના એકવીશે ભેદ હોય. સાસ્વાદન ગુણઠાણે મિથ્યાત્વ વિના વીશ ઔદયિક ભાવ હોય. મિથ્યાત્વને ઉદય તો પ્રથમ ગુણઠાણે જ હોય, પછી ન હોય. ત્રીજે અને ચોથે ગુણઠાણે વીશમાંથી અજ્ઞાન વિના ઓગણીશ ભેદ ઔદયિક ભાવના હોય. તે આ પ્રમાણે– ૧ અસિદ્ધત્વ, ૬ લેશ્યા, ૧ અસંયમ, ૪ કષાય, ૪ ગતિ અને ૩ વેદ. પાંચમા દેશવિરતિ ગુણઠાણે પૂર્વે કહેલા ઓગણીશમાંથી નરકગતિ અને દેવગતિ વિના બાકીના સત્તર ઔદયિક ભાવ હોય. (નરકગતિ અને દેવગતિને વિષે દેશવિરતિ ગુણઠાણું નહિ હોવાથી) તથા પ્રમત્તગુણઠાણે તે સત્તરમાંથી તિર્યંચગતિ અને અસંયમ વિના બાકીના પંદર ભાવ હોય. તિર્યંચગતિમાં પાંચ ગુણઠાણા જ હોવાથી તથા છઠ્ઠે સંયમ હોવાથી અસંયમ ન હોય માટે ૧ અસિદ્ધત્વ, ૬ લેશ્યા, ૪ કષાય, ૧ મનુષ્યગતિ અને ૩ વેદ એ પંદર ઔદયિક ભાવના ભેદ હોય.

आइतिलेसाऽभावे, बारसभेया भवंति सत्तमए ।
तेउपम्हाऽभावे, अट्ठमनवमे य दसभेया ॥ २० ॥

અર્થઃ—(**आइतिलेसाऽभावे**) પ્રથમની ત્રણ લેશ્યાના અભાવથી (**सत्तमए**) સાતમે ગુણઠાણે (**बारसभेया**) બાર ભેદો (**भवंति**) હોય. (**तेउपम्हाऽभावे**) તેમાંથી તેજોલેશ્યા અને પદ્મલેશ્યાના અભાવથી (**अट्ठमनवमे य**) આઠમે અને નવમે ગુણઠાણે (**दसभेया**) દશ ભેદ હોય. ૨૦.

आइमकसायतियगं, वेयतिगविणा भवंति चत्तारि ।
दसमे उवरिमतियगे, लोभविणा हुंति तिन्नेव ॥ २१ ॥
चरमगुणेऽसिद्धत्तं, मणुआणगई तहा य उदयंमि ।

અર્થઃ—(**आइमकसायत्तियगं**) પ્રથમના ત્રણ કષાય અને (**वेयतिगविणा**) ત્રણ વેદ વિના (**दसमे**) દશમે ગુણઠાણે (**भवंति चत्तारि**) ચાર ભાવ હોય.

(**उवरिमतियगे**) ઉપરના ત્રણ ગુણઠાણે (**लोभविणा**) લોભ વિના (**हुंति तिन्नेव**) ત્રણ ભાવ હોય. (**तहा य**) તથા (**चरमगुणे**) છેલ્લે ગુણઠાણે (**असिद्धतं**) અસિદ્ધત્વ અને (**मणुआणगई**) મનુષ્ય ગતિ (**उदयंमि**) તે બે ઔદયિકભાવ જ હોય. ૨૧.

વિવેચનઃ—છટ્ઠે ગુણઠાણે કહેલ પંદર ભાવમાંથી પ્રથમની ત્રણ લેશ્યા વિના બાકીના બાર ભાવ સાતમે ગુણઠાણે હોય. તે આ પ્રમાણે–અસિદ્ધત્વ, ત્રણ શુભ લેશ્યા, ચાર કષાય, મનુષ્યગતિ ને ત્રણ વેદ. પ્રથમની ત્રણ લેશ્યાનો ઉદય છઠ્ઠા ગુણઠાણા સુધીજ હોય. તેમાંથી તેજોલેશ્યા અને પદ્મલેશ્યા વિના બાકીના દશ ભાવ આઠમે, નવમે ગુણઠાણે હોય. આઠમેથી શ્રેણી માંડે અને શ્રેણી તો શુકલ લેશ્યાએ જ હોય માટે. દશમે ગુણઠાણે પ્રથમના ત્રણ કષાય (લોભ સિવાયના) તથા સ્ત્રી, પુરુષ, નપુંસક એ ત્રણ વેદ વિના બાકીના અસિદ્ધત્વ, શુકલ લેશ્યા, સંજ્વલન લોભ તથા મનુષ્યગતિ એ ચાર ઔદયિક ભાવ હોય. અગિયારમે, બારમે તથા તેરમે ગુણઠાણે સંજ્વલન લોભ વિના બાકીના ત્રણ ભાવ હોય. અસિદ્ધત્વ, શુકલ લેશ્યા ને મનુષ્ય ગતિ. છેલ્લા અયોગી કેવલી ગુણઠાણે અસિદ્ધત્વ અને મનુષ્યગતિ, એ બે જ ઔદયિક ભાવ હોય; કારણ કે ત્યાં લેશ્યાનો અભાવ છે.

હવે ઔપશમિક ભાવના ભેદ ગુણઠાણે કહે છેઃ—

तुरिआओ उवसंतं, उवसमसम्मं भवे पवरं ॥ २२ ॥
नवमे दसमे संते, उवसमचरणं भवे नराणं च,
खाइगभेए भणिमो, इत्तो गुणठाणजीवेसु ॥ २३ ॥

અર્થઃ—(**तुरिआओ उवसंतं**) ચોથાથી અગિઆરમા ગુણઠાણા સુધી (**पवरं**) ઉત્તમ એવું (**उवसमसम्मं भवे**) ઉપશમસમકિત હોય. (**नवमे दसमे संते**) નવમે, દશમે અને અગિઆરમે ઉપશાંતમોહ ગુણઠાણે (**नराणं च**) મનુષ્યને (**उवसमचरणं भवे**) ઉપશમચારિત્ર પણ હોય. (**इत्तो गुणठाणजीवेसु**) હવે ગુણસ્થાનમાં રહેલા જીવને વિષે (**खाइगभेए भणिमो**) ક્ષાયિક ભાવના ભેદ કહું છું. ૨૩.

વિવેચનઃ—પ્રથમનાં ત્રણ ગુણઠાણે ઔપશમિક ભાવ ન હોય. ચોથા ગુણઠાણેથી આઠમા ગુણઠાણા સુધીના પાંચ ગુણઠાણે ઔપશમિક સમકિતરૂપ એક ઔપશમિક ભાવ હોય અને નવમા, દશમા તથા અગિઆરમા એ ત્રણ ગુણઠાણે ઉપશમસમકિત અને ઉપશમચારિત્ર એ બે ઔપશમિક ભાવ મનુષ્યને હોય. છેલ્લા ત્રણ ગુણઠાણે ઉપશમ ભાવ જ ન હોય.

હવે ગુણઠાણે ક્ષાયિક ભાવના ઉત્તરભેદ કહે છેઃ—

खाइगसंमत्तं पुण, तुरियाइगुणट्ठगे सुए भणियं ।
खीणे खाइगसम्मं, खाइगचरणं च जिणकहिअं ॥२४॥

અર્થ:—(**खाइगसंमत्तं पुण**) વળી ક્ષાયિક સમકિત, (**तुरियाइगुणट्ठगे**) ચોથાથી આઠ ગુણઠાણા સુધી એટલે અગ્યારમા ગુણઠાણા સુધી (**सुए भणियं**) સૂત્રમાં કહ્યું છે. (**खीणे**) ક્ષીણમોહે (**खाइगसम्मं**) ક્ષાયિક સમકિત, (**खाइग-चरणं च**) અને ક્ષાયિક ચારિત્ર (**जिणकहियं**) જિનેશ્વરે કહ્યું છે. ૨૪.

दाणाइलद्धिपणगं, केवलजुअलं समत्त तह चरणं ।
खाइगभेआ एए, सजोगिचरमे य गुणठाणे ॥ २५ ॥

અર્થ—(**दाणाइलद्धिपणगं**) દાનાદિ પાંચ લબ્ધિઓ, (**केवलजुअलं**) કેવલજુગલ-કેવળજ્ઞાન ને કેવળદર્શન, (**समत्त तह चरणं**) ક્ષાયિક સમકિત તથા ક્ષાયિક ચારિત્ર (**सजोगिचरमे य गुणठाणे**) સયોગી અને ચરમે-અયોગી ગુણઠાણે (**एए**) એ (**खाइगभेआ**) નવ ક્ષાયિકભાવના ભેદ હોય. ૨૫.

વિવેચનઃ—ચોથાથી આઠ ગુણઠાણા સુધી એટલે અગ્યારમા ગુણઠાણા સુધી ક્ષાયિક ભાવનું એક સમ્યક્ત્વ જ હોય, તથા ક્ષીણમોહ ગુણઠાણે ક્ષાયિક સમકિત અને ક્ષાયિક ચારિત્ર એ બે ભાવ હોય, એ પ્રમાણે તીર્થંકરે કહેલું છે. તેરમા સયોગી તથા ચૌદમા અયોગી ગુણઠાણે દાનાદિ પાંચ લબ્ધિ, કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિક સમકિત અને ક્ષાયિક ચારિત્ર-એ નવે ક્ષાયિકભાવ હોય છે.

હવે ગુણઠાણે પારિણામિક ભાવના ભેદ કહે છે:—

जीवत्तमभवत्तं, भवत्तं आइमे अ गुणठाणे ।
सासणा जा खीणंतं, अभववज्जा य दो भेया ॥ २६ ॥

અર્થ:—(**जीवत्तमभव्वत्तं**) જીવત્વ અને અભવ્યત્વ તથા (**भव्वत्तं**) ભવ્યત્વ એ ત્રણે (**आइमे अ गुणठाणे**) પ્રથમ ગુણઠાણે હોય. (**सासणा जा खीणंतं**) સાસ્વાદનથી ક્ષીણમોહના અંત સુધી (**अभव्ववज्जा य**) અભવ્યત્વ વર્જીને (**दो भेया**) બે ભેદ ભવ્યત્વ ને જીવત્વ હોય. ૨૬.

चरमे दुअगुणठाणे, भवत्तं वज्जिऊण जीवत्तं ।
एए पंच वि भावा, परूविआ सवगुणठाणे ॥ २७ ॥

અર્થ:—(**चरमे**) અંતના છેલ્લા (**दुअगुणठाणे**) બે ગુણઠાણે (**भव्वत्तं वज्जिऊण**) ભવ્યત્વ વર્જીને (**जीवत्तं**) એક જીવત્વ પારિણામિકભાવે હોય. (**एए पंच वि भावा**) એ રીતે આ પાંચે ભાવ (**सव्वगुणठाणे**) સર્વ ગુણઠાણે (**परूविआ**) પ્રરૂપ્યા-કહ્યા. ૨૭.

વિવેચનઃ—પ્રથમના મિથ્યાત્વ ગુણઠાણે જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણે પારિણામિકભાવ હોય, તથા બીજા સાસ્વાદન ગુણઠાણાથી બારમા ક્ષીણ-મોહના અંત સુધી જીવત્વ અને ભવ્યત્વ એ બે ભાવ હોય. મોક્ષગમનને અયોગ્ય તેનો ભાવ તે અભવ્યત્વ. સાસ્વાદને આવનાર તો અવશ્ય ભવ્ય જ હોય માટે અભવ્યત્વ મિથ્યાત્વે જ હોય. છેલ્લા બે ગુણઠાણે ભવ્યત્વ વર્જીને એક જીવત્વ જ હોય. મોક્ષે જવાને યોગ્યપણું તે ભવ્યત્વ. અહીં આસન્નસિદ્ધિ હોવાથી એટલે મોક્ષમાં જવાનું નજીક હોવાથી અથવા બીજા કોઈ પણ કારણથી છેલ્લા બે ગુણઠાણે ભવ્યત્વ નથી કહ્યું. એ પ્રમાણે મિથ્યાત્વાદિ ચૌદ ગુણઠાણે પાંચે ભાવો તથા તેના ઉત્તરભેદો કહ્યા.

હવે પાંચે ભાવના ઉત્તરભેદોનો સરવાળો ચૌદે ગુણઠાણે કહે છે:—

चउतीसा बत्तीसा, तित्तीसा तह य होइ पणतीसा ।
चउतीसा तित्तीसा, तीसा सगवीस अडवीसा ॥२८॥

बावीस वीस एगुण—वीस तेरस य बारस कमेण ।
एए अ सन्निवाइअ, भेया सव्वे य गुणठाणे ॥ २९ ॥

અર્થ:—૧ ચોત્રીશ, ૨ બત્રીશ, ૩ તેત્રીશ, તેમજ ૪ પાંત્રીશ, ૫ ચોત્રીશ, ૬ તેત્રીશ, ૭ ત્રીશ, ૮ સતાવીશ, ૯ અઠાવીશ, ૧૦ બાવીશ, ૧૧ વીશ, ૧૨ ઓગણીશ, ૧૩ તેર અને ૧૪ બાર, (**कमेण**) અનુક્રમે (**एए अ सन्निवाइअ**) એ સન્નિપાતિકના (**भेया**) ભેદો (**सव्वे य गुणठाणे**) સર્વ ગુણઠાણે જાણવા. ૨૮-૨૯.

વિવેચનઃ—**મિથ્યાત્વે** બધા થઈને ત્રણ મૂળ ભાવના (૩૪) ઉત્તરભેદ હોય તે આવી રીતે-ઔદયિકના (૨૧) ભાવ, ક્ષયોપશમિકના દાનાદિ પાંચ લબ્ધિ, પહેલા બે દર્શન, અજ્ઞાનત્રિક એ (૧૦) ભાવ, પારિણામિકના (૩) ભાવ-સર્વે મળીને (૩૪) ભાવ હોય. **સાસ્વાદને** (૩૨) આવી રીતે-મિથ્યાત્વ વિના ઔદ-યિકના (૨૦) ભાવ, ક્ષયોપશમિકના તે જ (૧૦) ભાવ, પારિણામિકના અભવ્યત્વ વિના (૨) ભાવ-સર્વ થઈને (૩૨) ભાવ હોય. **મિશ્રે** ક્ષાયોપશમિક ભાવે પૂર્વના દશમાં મિશ્ર સમકિત અને અવધિ દર્શન સહિત કરતાં (૧૨) ભાવ, તેમાં અજ્ઞાન-મિશ્રિત જ્ઞાન (૩) સમજવા. ઔદયિક ભાવે અજ્ઞાન વિના (૧૯) ભાવ, પારિણામિકના

(૨) ભાવ-સર્વ થઇને (૩૩) ભાવો હોય. **અવિરતિ**એ ઉપશમભાવનું સમ્યકૃત્વ ૧, ક્ષાયિકભાવનું સમ્યકૃત્વ ૧, ક્ષાયોપશમિકના જ્ઞાન ૩, દર્શન ૩, લબ્ધિ ૫ અને સમ્યકૃત્વ એ (૧૨) ભાવ, ઔદયિકના પૂર્વે કહ્યા તે (૧૯) ભાવ, પારિણામિકના (૨) ભાવ-સર્વ મળીને (૩૫) ભાવ હોય. **દેશવિરતિ**એ ઉપશમભાવનું ૧ સમ્યકૃત્વ, ક્ષાયિક ભાવનું ૧ સમ્યકૃત્વ, ક્ષયોપશમિક ભાવના બારમાં દેશવિરતિ સહિત કરતાં (૧૩) ભાવ, ઔદયિકના ઓગણીશમાંથી નરકગતિ, દેવગતિ વિના (૧૭) ભાવ, પારિણામિકના (૨) ભાવ-સર્વ થઈને (૩૪) ભાવ હોય. **પ્રમત્તે** ઉપશમભાવનું સમ્યકૃત્વ, ક્ષાયિકભાવનું સમ્યકત્વ, ક્ષાયોપશમિક ભાવે પૂર્વના તેરમાંથી દેશવિરતિ રહિત અને સર્વવિરતિ સહિત કરતાં અને મનઃપર્યવજ્ઞાન નાખતાં (૧૪) ભાવ, ઔદયિક ભાવે પૂર્વના સત્તરમાંથી તિર્યંચગતિ અને અસંયમ વિના (૧૫) ભાવ, પારિણામિક ભાવે (૨) ભાવ-સર્વ થઈને (૩૩) ભાવ હોય. **અપ્રમત્તે** ઉપશમભાવનું ૧ સમ્યકૃત્વ, ક્ષાયિક ભાવનું ૧ સમ્યકૃત્વ, ક્ષાયોપશમિક ભાવે એ જ (૧૪) ભાવ, ઔદયિક ભાવે પૂર્વના પંદરમાંથી પેલી ત્રણ લેશ્યા વિના (૧૨) ભાવ, પારિણામિકના (૨) ભાવ-સર્વ થઈને (૩૦) ભાવ હોય. **અપૂર્વે** ઉપશમભાવનું સમ્યકૃત્વ, ક્ષાયિકભાવનું સમ્યકૃત્વ, ક્ષયોપશમ ભાવે ક્ષયોપશમ સમ્યકૃત્વ વિના (૧૩) ભાવ, ઔદયિક ભાવે પૂર્વના બારમાંથી તેજો અને પદ્મલેશ્યા વિના (૧૦) ભાવ, પારિણામિકના (૨) ભાવ-સર્વ થઇને (૨૭) ભાવ હોય. **અનિવૃત્તિબાદરે** ઉપશમભાવનું સમ્યકૃત્વ અને ચારિત્ર (૨) ભાવ, ક્ષાયિક ભાવનું ૧ સમ્યકૃત્વ, ક્ષયોપશમ ભાવે પૂર્વના (૧૩) ભાવ, ઔદયિક ભાવે તે જ (૧૦) ભાવ, પારિણામિક ભાવે (૨) ભાવ-સર્વ થઇને (૨૮) ભાવ હોય. દશમા **સૂક્ષ્મસંપરાયે** ઉપશમ ભાવનું સમ્યકૃત્વ અને ચારિત્ર, ક્ષાયિક ભાવનું સમ્યકત્વ, ક્ષયોપશમ ભાવે પૂર્વના (૧૩) ભાવ, ઔદયિક ભાવે અસિદ્ધત્વ, શુકલ લેશ્યા, સંજ્વલન લોભ, અને ૧ મનુષ્યગતિ એ (૪) ભાવ, પારિણામિકના (૨) ભાવ-સર્વ થઇને (૨૨) ભાવ હોય. અગિયારમા **ઉપશાંત મોહે** ઉપશમ ભાવના (૨) ભાવ, ક્ષાયિક ભાવનો (૧) ભાવ, ક્ષાયોપશમિક ભાવે પૂર્વના તેરમાંથી ક્ષાયોપશમિક ચારિત્ર વિના (૧૨) ભાવ, ઔદયિક ભાવે સંજ્વલન લોભ વિના (૩) ભાવ, પારિણામિકભાવે (૨) ભાવ-સર્વ થઇને (૨૦) ભાવ હોય. **ક્ષીણમોહે** ઉપશમ ભાવના બે ભાવ રહિત ક્ષાયિક ભાવનું સમ્યકૃત્વ અને ચારિત્ર એ બે. ક્ષયોપશમભાવે તે જ (૧૨) ભાવ, ઔદયિકભાવે તે જ (૩) ભાવ, પરિણામિક ભાવે (૨) ભાવ-સર્વ થઇને (૧૯) ભાવ હોય. **સયોગી**એ ક્ષાયોપશમિકભાવ વિના, ક્ષાયિક ભાવની દાનાદિ પાંચ લબ્ધિઓ, કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમ્યકૃત્વ અને ચારિત્ર એ (૯) ભાવ, ઔદયિકના (૩) ભાવ, પારિણામિકભાવે ભવ્યત્વ વર્જીને એક જીવત્વ-સર્વ થઈને (૧૩) ભાવ હોય. **અયોગી** ગુણઠાણે ક્ષાયિક ભાવના (૯) ભાવ, ઔદયિક ભાવના શુકલ લેશ્યા વિના અસિદ્ધત્વ અને મનુષ્યગતિ (૨) ભાવ, પારિણામિકભાવે (૧) ભવ્યત્વ-સર્વ થઈને (૧૨) ભાવ હોય.

ગુણઠાણે પાંચ ભાવના ઉત્તરભેદનો યંત્ર.

ગુણસ્થાન સંખ્યા	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
ગુણસ્થાનનું નામ	મિચ્છ	સાસા	મિશ્ર	અવિ	દેશ	પ્રમ	અપ્ર	અપૂ	અનિ	સૂક્ષ્મ	ઉપ	ક્ષીણ	સયો	અયો
ક્ષાયોપશમિક ભેદ	૧૦	૧૦	૧૨	૧૨	૧૩	૧૪	૧૪	૧૩	૧૩	૧૩	૧૨	૧૨	૦	૦
ઔદયિક ભેદ	૨૧	૨૦	૧૯	૧૯	૧૭	૧૫	૧૨	૧૦	૧૦	૪	૩	૩	૩	૨
ક્ષાયિક ભેદ	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨	૯	૯
ઔપશમિક ભેદ	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૨	૨	૨	૦	૦	૦
પારિણામિક ભેદ	૩	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૧	૧
સાનિપાતિક ભેદ	૩૪	૩૨	૩૩	૩૫	૩૪	૩૩	૩૦	૨૭	૨૮	૨૨	૨૦	૧૯	૧૩	૧૨

सिरि आणंदविमलसूरि, सुसिस्सेण विजयविमलेण ।
लिहियं पगरणमेयं, रम्माओ पुव्वगंथाओ ॥ ३० ॥

અર્થ:—(**सिरि**) શ્રી (**आणंदविमलसूरि**) આણંદવિમલસૂરિ, (**सुसिस्सेण**) તેમના સુશિષ્ય (**विजयविमलेण**) વિજયવિમલ મહારાજે, (**रम्माओ**) રમ્ય એવા (**पुव्वगंथाओ**) પૂર્વ ગ્રન્થમાંથી ઉદ્ધરીને (**पगरणमेयं**) આ ભાવપ્રકરણ (**लिहियं**) લખ્યું છે–બનાવ્યું છે. ૩૦

गुण नयन रसेन्दु मिते(१६२३), वर्षे पौषे च कृष्णपञ्चम्याम् ।
अवचूर्णिः प्रकटार्था, विहितेयं विजयविमलेन ॥ १ ॥

અર્થ:—(**गुण**) ત્રણ (**नयन**) બે (**रस**) છ (**इन्दु**) એક એટલે (૧૬૨૩) (**वर्षे च**) વર્ષે (**पौषे च**) પોષ માસની (**कृष्णपंचम्याम्**) અંધારી પાંચમને દિવસે (**इयं अवचूर्णिः**) આ ભાવ પ્રકરણની અવચૂર્ણિ (**प्रकटार्था**) પ્રકટ અર્થવાળી (**विजयविमलेन**) વિજયવિમલે (**विहिता**) લખી છે.

समाप्तमिदं श्री विजयविमलविरचितं
भावप्रकरणम्

卐 卐 श्रीमहेंद्रसूरिविरचित 卐 卐

श्री विचारसप्ततिका प्रकरण

(મૂળ તથા ભાષાંતર યુકત)

વિશ્વની સ્થિતિનો વિચાર કરનાર શ્રી સર્વજ્ઞ જિનેશ્વરને નમસ્કાર કરીને હું આ વિચારસપ્તતિકા (સીત્તરી) નામના ગ્રંથનો કાંઇક સંક્ષેપથી અર્થ કહું છું.

આ સર્વજ્ઞપ્રણીત પ્રવચન(આગમ)ને વિષે અનેક વિચારો રહેલા છે, પરંતુ અહીં (આ ગ્રંથમાં) અચળગચ્છના શૃંગારના હારરૂપ શ્રી મહેન્દ્રસિંહ નામના સૂરીશ્વરે બાર વિચારોનો સંગ્રહ કર્યો છે-તે બારેના નામ માટે પ્રથમ દ્વાર ગાથા કહે છે.—

पडिमा[1] मिच्छा[2] कोडी[3], चेइअ[4] पासाय[5] रविकरप्पसरो[6] ।
पज्जत्ति[7] किन्ह[8] वलया[9], नंदी[10] गिहिकिरिअ[11] गुणठाणा[12] ॥१॥

અર્થ:—(**पडिमा**) પ્રતિમા એટલે શાશ્વતી પ્રતિમાઓની સંખ્યાનો વિચાર ૧, (**मिच्छा**) મિચ્છા-ઇર્યાપથિકીના મિથ્યાદુષ્કૃતની સંખ્યાનો વિચાર ૨, (**कोडी**) કોટિ-કોટિશિલાના સ્વરૂપનો વિચાર ૩, (**चेइअ**) ચૈત્ય-શાશ્વતા સિદ્ધાયતનોની સંખ્યાનો વિચાર ૪, (**पासाय**) પ્રાસાદ-દેવોના વિમાનોના આકારનો વિચાર ૫, (**रविकरप्पसरो**) છ દિશાઓમાં સૂર્યના કિરણો કેટલા પ્રસરે છે તેનો વિચાર ૬, (**पज्जत्ति**) પર્યાપ્તિ-ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણે શરીરને આશ્રીને છ પર્યાપ્તિઓનો વિચાર ૭, (**किन्ह**) કૃષ્ણ-પાંચમા સ્વર્ગમાં રહેલી કૃષ્ણરાજીનો વિચાર ૮, (**वलया**) વલય-વલયાકારે રહેલા માનુષોત્તર, કુંડળ અને રુચક નામના ત્રણ પર્વતનો વિચાર ૯, (**नंदी**) નંદી-નંદીશ્વર નામના આઠમા દ્વીપનો વિચાર ૧૦, (**गिहिकिरिअ**) ગૃહિક્રિયા-શ્રાવકોની ધર્મક્રિયાની વક્તવ્યતા સંબંધી વિચાર ૧૧, (**गुणठाणा**) તથા ગુણસ્થાન-ચૌદે ગુણસ્થાનકોનો વિચાર. ૧૨. (૧)

આ બાર દ્વારોનો વિચાર આ વિચારસપ્તતિકા નામના ગ્રંથમાં કર્યો છે.

તેમાં પહેલું પ્રતિમા દ્વાર કહે છે:—

उसभाईजिणपडिमं, इक्कं पि न्हवंतपूअयंतेहिं ।
चिंतेअव्वं एयं, भव्वेहिं विवेगमंतेहिं ॥ २ ॥

અર્થ:--(**विवेगमंतेहिं**) વિવેકી (**भव्वेहिं**) ભવ્ય જીવોએ (**उसभाई**) ઋષભાદિક (**जिण**) અનેક જિનેશ્વરોની (**पडिमं**) પ્રતિમામાંથી (**इक्कं पि**) કોઇ પણ એક જિનપ્રતિમાનું (**न्हवंत**) સ્નાત્ર કરતાં (**पूअयंतेहिं**) તથા પૂજન કરતાં (**एयं**) આ પ્રમાણે (**चिंतेअव्वं**) વિચાર કરવો. ૨.

જે વિચાર કરવાનો છે તે નીચેની પાંચ ગાથાવડે કહે છેઃ—

भवणवइ भवणेसु, कप्पाइ विमाण तह महीवलए ।
सासयपडिमा पनरस–कोडिसय बिचत्तकोडीओ ॥ ३ ॥
पणपन्नलख्ख पणवीस–सहसा पंच य सयाइं चालीसा ।
तह वणजोइसुरेसु, सासयपाडिमा पुण असंखा ॥ ४ ॥

અર્થ—(**भवणवइ**) ભવનપતિના (**भवणेसु**) ભવનોને વિષે અધોલોકમાં, (**कप्पाइ विमाण**) કલ્પાદિક વિમાનોને વિષે-ઊર્ધ્વલોકમાં, (**तह**) તથા (**महीवलए**) મહીવલય એટલે તિર્ચ્છાલોકને વિષે (**सासयपडिमा**) શાશ્વતી પ્રતિમાઓ (**पनरसकोडिसय**) પનરસો ક્રોડ એટલે પંદર અબજ, (**बिचत्तकोडीओ**) બેતાલીશ કરોડ, (**पणपन्नलख्ख**) પંચાવન લાખ, (**पणवीससहसा**) પચીશ હજાર, (**पंच य सयाइं चालीसा**) પાંચ સો ને ચાલીશ (૧૫૪૨૫૫૨૫૫૪૦) છે, તથા (**वणजोइसुरेसु**) વ્યંતર અને જ્યોતિષિના ભુવનોને વિષે (**पुण असंखा**) અસંખ્ય શાશ્વતી પ્રતિમાઓ છે, કારણ કે તેમના નિવાસસ્થાનો જ અસંખ્યાતા છે. ૩–૪.

આ વિષે બીજા ગ્રંથમાં (જગચિંતામણિ વિગેરેમાં) વ્યંતર ને જ્યોતિષિ સિવાયના બીજા સ્થળોની શાશ્વતી પ્રતિમાઓ પંદરસો કરોડ (પંદર અબજ), બેતાલીશ કરોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર ને એંશી (૧૫૪૨૫૮૩૬૦૮૦) કહી છે.

(આ બે સંખ્યાના ફેરફારનું કારણ નોટમાં જણાવેલ[1] છે.)

---

૧ આ સંખ્યામાં ફેરફારનું કારણ આ પ્રકરણના જ ચોથા દ્વારમાં શાશ્વત ચૈત્યોની સંખ્યામાં તિર્ચ્છાલોકમાં માત્ર ૫૧૧ ચૈત્યો જ લખ્યા છે, તે છે. તિર્ચ્છાલોકમાં શાશ્વત ચૈત્યો ૩૨૫૯ કહેલ છે, પરંતુ તેમાં ૫૪૩ નિર્ણીત છે ને બાકીના ૨૭૧૬ સંદિગ્ધ છે. નિર્ણીત ૫૪૩ માં પણ અન્યત્ર કરેલા કથનને આધારે આ પ્રકરણકારે નંદીશ્વરદ્વીપના ૩૨ રતિકર

હવે અશાશ્વતી પ્રતિમાઓ કહે છે—

तह चेव जंबूदीवे, धायइसंडे य पुक्खरद्धे अ ।
भरहेरवयविदेहे, गामागरनगरमाईसुं ॥ ५ ॥

सुरमणुएहिं कयाओ, चेइअं गिहचेइएसुं जा पडिमा ।
उक्कोस पंचधणुसय, जाव य अंगुट्ठपव्वसमा ॥ ६ ॥

बहुकोडिकोडिलक्खा, ता उ चिय भावओ अहं सव्वा ।
समगं चिय पणमामि, न्हवेमि पूएमि झाएमि ॥ ७ ॥

અર્થ—(**तह**) તથા (**चेव**) નિશ્ચે (**जंबूदीवे**) જંબૂદ્વીપને વિષે, (**धायइसंडे य**) ધાતકીખંડને વિષે (**पुक्खरद्धे अ**) પુષ્કરાર્ધને વિષે આવેલા (**भरहेरवय**) ભરત, ઐરવત ને (**विदेहे**) મહાવિદેહ ક્ષેત્રને વિષે તથા (**गाम**) ગ્રામને વિષે, (**आगर**) ખાણોને વિષે અને (**नगरमाइसुं**) નગરાદિકને વિષે (**सुर**) વિદ્યુન્માલી દેવતાએ શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા બનાવી હતી તેવી તથા (**मणुएहिं कयाओ**) ભરતચક્રી વિગેરે મનુષ્યોએ કરાવેલી અષ્ટાપદ પર્વત વિગેરે પર રહેલી ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓની જેમ તથા કેટલાક શ્રાવકોએ કરાવેલા (**चेइअं**) દેહરાંઓને વિષે રહેલી અને (**गिहचेइएसुं**) કેટલીક

ઉપર ચૈત્યો નહીં ગણીને ૫૧૧ ચૈત્યો જ લખ્યા છે. તે ૫૧૧ પૈકી નંદીશ્વરના ૨૦, કુંડળના ૪ ને રુચકના ૪ કુલ ૨૮ ચૈત્યો ચાર દ્વારવાળા હોવાથી તેમાં ૧૨૪ પ્રતિમા છે તેથી તેમાં પ્રતિમા ૩૪૭૨, અને બાકીના ૪૮૩ ચૈત્યો ત્રણ દ્વારવાળા હોવાથી તે દરેકમાં ૧૨૦ પ્રતિમા છે તેથી તેની પ્રતિમા ૫૭૯૬૦ મળી કુલ પ્રતિમા ૬૧૪૩૨ થાય છે. તિર્ચ્છાલોકના ૩૨૫૯ ચૈત્યોની પ્રતિમા ૩૯૧૩૨૦ કહેલ છે. તે હિસાબે ૩૨૯૮૮૮ ઓછી થવી જોઇએ, પણ કર્તાએ બતાવેલી સંખ્યાનો જગચ્ચિંતામણિની સંખ્યા સાથે વિશ્લેષ કરતાં ૩૧૦૫૪૦ ઘટે છે. આ રીતે ૧૯૩૪૮ નો જિનબિંબની સંખ્યામાં વધારો રહે છે તે સંબંધી વિચાર કરતાં એમ સંભવે છે કે નવ ગ્રૈવેયક ને પાંચ અનુત્તર વિમાનમાં મળીને ૩૨૩ ચૈત્યોમાં ૧૨૦ ને બદલે ૧૮૦ માનેલ હોય તો ૩૨૩ ને ૬૦ વડે ગુણતાં ૧૯૩૮૦ જિનબિંબ વધે. ત્યારે વળી ૩૨ નો ફેર રહે તેને માટે રુચક ને કુંડળ દ્વીપના ૮ ચૈત્યોમાં ૧૨૪ ને બદલે ૧૨૦ ગણેલ હોય તો એ ફેર રહે નહીં. એ રીતે પ્રકરણકારને હિસાબે નીચે પ્રમાણે ત્રણ લોકમાં જિનબિંબો સમજવા.

૧૫૨૯૪૬૪૧૪૦	ઊર્ધ્વલોકમાં	ચૈત્ય ૮૪૯૭૦૨૩ માં બિંબ ૧૮૦ પ્રમાણે
૧૩૮૯૬૦૦૦૦૦૦	અધોલોકમાં	ચૈત્ય ૭૭૨૦૦૦૦૦ માં બિંબ ૧૮૦ પ્રમાણે
૬૧૪૦૦	તિર્ચ્છાલોકમાં	૨૦ માં ૧૨૪=૨૪૮૦ અને ૪૯૧ માં ૧૨૦ પ્રમાણે
૧૫૪૨૫૫૨૫૫૪૦	કુલ જિનબિંબ થાય.	બિંબ ૫૮૯૨૦ કુલ ૬૧૪૦૦

ગૃહચૈત્યોને એટલે ઘર–દેરાસરોને વિષે રહેલી એમ (**जा पडिमा**) જે જે જિનપ્રતિમાઓ છે, તેઓના દેહનું પ્રમાણ (**उक्कोस**) ઉત્કૃષ્ટથી (**पंचधणुसय**) પાંચ સો ધનુષનું અને જઘન્યથી (**जाव य अंगुट्ठपव्वसमा**) યાવત્ અંગુષ્ઠના પર્વ જેટલું હોય છે. તે અશાશ્વતી પ્રતિમાઓ (**बहुकोडिकोडिलक्खा**) ઘણા લાખ કોટિ કોટિ છે. (**ता**) તે (**उ**) તથા પૂર્વે કહેલી શાશ્વતી પ્રતિમાઓ, (**सव्वा**) તે સર્વને (**अहं**) હું (**चिय**) નિશ્ચે (**भावओ**) ભાવથી (**समगं**) સમકાળે જ (**पणमामि**) મસ્તકવડે પ્રણામ કરું છું, (**न्हवेमि**) સુગંધી જળવડે સ્નાન કરાવું છું, (**पूएमि**) ચંદન અને પુષ્પાદિકવડે પૂજા કરું છું (**झाएमि**) તથા મનવડે ધ્યાન કરું છું. એ પ્રમાણે ચિંતવવું. ૫, ૬, ૭. **ઇતિ પ્રથમ પ્રતિમાદ્વાર.**

હવે ઈર્યાપથિકી મિથ્યાદુષ્કૃત નામનું બીજું દ્વાર કહે છે.—

चउदसपय अडचत्ता, तिगहिअतिसइ सयं च अडनउअं ।
चउगइ दसगुण मिच्छा, पण सहसा छ सय तीसा य ॥८॥

અર્થ:—(**चउदसपय**) નરકને વિષે જીવના ચૌદ પદ-ભેદ, (**अडचत्ता**) તિર્યંચને વિષે અડતાળીશ ભેદ, (**तिगहिअतिसइ**) મનુષ્યોને વિષે ત્રણ સો ને ત્રણ ભેદ તથા (**सयं च अडनउअं**) દેવતાઓને વિષે એકસો અઠ્ઠાણુ ભેદ–એ પ્રમાણે (**चउगइ**) ચારે ગતિમાં ઉત્પન્ન થતા જીવોના કુલ પાંચસો ને ત્રેસઠ (૫૬૩) ભેદો છે. તેને ઈર્યાપથિકી દંડકની સાતમી સંપદામાં કહેલા અભિહતા વિગેરે (**दसगुण**) દસ પદોવડે ગુણવાથી (**पण सहसा**) પાંચ હજાર (**छ सय तीसा य**) છસો ને ત્રીશ (૫૬૩૦) (**मिच्छा**) મિથ્યા દુષ્કૃતના સંક્ષેપથી ભેદ કહેલા છે. ૮

એ પ્રમાણેના જીવભેદો શી રીતે થાય છે તે વિસ્તારથી કહે છે:—

नेरइआ सत्तविहा, पज्जत्तापज्जत्तणेण चउदसहा ।
अडचत्ताइ संखा, तिरिनरदेवाण पुण एवं ॥ ९ ॥

અર્થ: –(**सत्तविहा**) રત્નપ્રભા પૃથ્વી આદિ સાત ભેદે કરીને (**नेरइआ**) નારકીઓ સાત પ્રકારના છે, તેઓ (**पज्जत्तापज्जत्तणेण**) પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદવાળા હોવાથી (**चउदसहा**) ચૌદ પ્રકારના થાય છે. (**पुण**) તથા (**तिरि**) તિર્યંચ, (**नर**) નર અને (**देवाण**) દેવોના (**अडचत्ताइ**) અડતાળીશ વિગેરે ભેદોની (**संखा**) જે સંખ્યા કહી છે તે (**एवं**) આ પ્રમાણે થાય છે. ૯.

भूदग्गिवाउणंता, वीसं सेसतरु विगल अट्ठेव ।
गब्भेयर पज्जेयर, जल थल नह उर भुआ वीसं ॥१०॥

અર્થ:—(**भूदग्गिवाउणंता**) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને સાધારણ વનસ્પતિકાય-સૂક્ષ્મ ને બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ (**वीसं**) વીશ ભેદ થાય. (**सेस**) બાકીના (**तरु**) પ્રત્યેક વનસ્પતિકાય, (**विगल**) વિકલેંદ્રિય-બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય-તે ચારે પર્યાપ્ત ને અપર્યાપ્ત મળી (**अट्ठेव**) આઠ ભેદ થાય. (**जल थल नह उर भुआ**) જળચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ એ પાંચેને (**गब्भेयर**) ગર્ભજ ને સંમૂર્છિમ તથા (**पज्जेयर**) પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ચારે ગુણતાં (**वीसं**) વીશ ભેદ થાય-એ સર્વે મળીને તિર્યંચના અડતાળીશ ભેદ થાય છે. ૧૦.

હવે મનુષ્યના ભેદો કહે છે:—

पनरस तीस छपन्ना, कम्माकम्मा तहंतरद्दीवा ।
गब्भा पज्ज अपज्जा, समुच्छ अपज्जा तिसय तिन्नि ॥ ११ ॥

અર્થ:—(**पनरस**) પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ-એ પંદર (**कम्म**) કર્મભૂમિના મનુષ્યો તથા (**तीस**) ભરત અને ઐરવતની વચ્ચે રહેલા પાંચ હેમવંત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્, પાંચ હૈરણ્યવંત, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ-એ ત્રીશ (**अकम्मा**) અકર્મભૂમિના મનુષ્યો, (**तह**) તથા (**अंतरद्दीवा**) ક્ષુદ્રહિમવંત ને શિખરી પર્વતના પર્યંત ભાગે પૂર્વ ને પશ્ચિમ તરફ હાથીના દાંતને આકારે બબ્બે દાઢાઓ નીકળીને લવણસમુદ્રમાં ગયેલી છે. તે દાઢાઓ કુલ આઠ છે, તે દરેક દાઢાઓ ઉપર સાત સાત અંતરદ્વીપો છે, ત્યાં યુગલિયા મનુષ્યો થાય છે તે (**छपन्ना**) છપ્પન અંતરદ્વીપો કહેવાય છે. તે પંદર, ત્રીશ અને છપ્પન મળીને એક સો ને એક ક્ષેત્રમાં (**गब्भा**) ગર્ભજ મનુષ્યો થાય છે. તેના (**पज्ज अपज्जा**) પર્યાપ્ત અને અપર્યાપ્તા એમ બે બે ભેદ ગણતાં બસો ને બે ભેદ થયા તથા (**समुच्छ**) એક સો ને એક ક્ષેત્રને વિષે સંમૂર્છિમ મનુષ્યો ઉપજે છે, તે (**अपज्जा**) અપર્યાપ્ત જ હોય છે, તે ભેળવતાં (**तिसय तिन्नि**) સર્વ મળીને ત્રણ સો ને ત્રણ ભેદ મનુષ્યના થાય છે. ૧૧.

હવે દેવતાઓના ભેદો કહે છે—

भवणा परमा जंभय, वणयर दस पनर दस य सोलसगं ।
गइ ठिइ जोइस दसगं, किब्बिस तिग नव य लोगंता ॥१२॥
कप्पा गेविज्जणुत्तर, बारस नव पण पजत्तमपजत्ता ।
अडनउअ सयं अभिहय-वत्तियमाइहिं दसगुणिआ ॥ १३ ॥

અર્થ:—(**भवणा दस**) દશ ભુવનપતિ, (**परमा पनर**) પંદર પરમાધાર્મિક, (**जंभय दस**) દશ તિર્યગ્જૃંભક, (**वणयर सोलसगं**) વ્યંતર ને વાણવ્યંતર મળીને સોળ, (**गइ ठिइ**) ગતિ, સ્થિતિ અથવા ચર અને સ્થિર મળીને (**जोइस दसगं**) દશ પ્રકારના જ્યોતિષ્ક, (**किब्बिस तिग**) ત્રણ કિલ્બિષિક, (**नव य लोगंता**) નવ લોકાંતિક, (**कप्पा बारस**) બાર દેવલોક, (**गेविज्ज नव**) નવ ગ્રૈવેયક અને (**अणुत्तर पण**) પાંચ અનુત્તર વિમાનના દેવો-એ સર્વ મળીને નવાણુ પર્યાપ્તા ને નવાણુ અપર્યાપ્તા મળી (**अडनउअ सयं**) એક સો ને અઠાણુ ભેદો દેવોના થાય છે. એ પ્રમાણે ચારે ગતિના મળીને પાંચસો ને ત્રેસઠ ભેદો થાય છે. તેને (**अभिहयवत्तियमाइहिं**) તે સર્વના અભિહત, વર્ત્તિત આદિ (**दसगुणिआ**) દશ પદવડે ગુણવાથી જે સંખ્યા થાય છે તે નીચેની ગાથામાં કહે છે. ૧૨-૧૩.

अभिहयपयाइ दहगुण, पण सहसा छ सय तीसई भेआ ।
ते रागदोस दुगुणा, इक्कारस सहस दोसया सट्ठी ॥ १४ ॥

અર્થ:—ઉપર કહેલા પાંચ સો તેસઠ ભેદોને (**अभिहयपयाइ**) અભિહત વિગેરે (**दहगुण**) દશ પદવડે ગુણવાથી (**पण सहसा**) પાંચ હજાર (**छ सय तीसई भेआ**) છસો ને ત્રીશ ભેદ થાય છે. (**ते रागदोस**) તેને રાગ-દ્વેષ એમ (**दुगुणा**) બે પ્રકારે ગુણવાથી (**इक्कारस सहस दोसया सट्ठी**) અગીઆર હજાર બસો ને સાઠ ભેદ થાય છે. ૧૪.

मणवयकाए गुणिआ, तित्तीस सहस्स सत्तसयसीया ।
करकारणानुमइए, लख्खं सहसो तिसय चाला ॥ १५ ॥

અર્થ:—તે (૧૧૨૬૦) ને (**मणवयकाए**) મન, વચન અને કાયાવડે (**गुणिआ**) ગુણવાથી (**तित्तीस सहस्स**) તેત્રીશ હજાર (**सत्तसयसीया**) સાત સો ને એંશી (૩૩૭૮૦) ભેદ થાય છે. (**करकारणानुमइए**) તેને પણ કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ કરણવડે ગુણવાથી (**लख्खं सहसो तिसय चाला**) એક લાખ, એક હજાર ત્રણ સો ને ચાળીશ (૧૦૧૩૪૦) ભેદ થાય છે. ૧૫.

कालतिगेणं गुणिआ, ति लख्ख चउ सहस्स वीसमहिआ य ।
अरिहंत[1]सिद्ध[2]साहु[3]—देव[4]यगुरु[5]अप्प[6]सख्खीहिं ॥ १६ ॥
अट्ठारस लख्खाइं, चउवीस सहस्स एगवीसहिआ ।
इरिआमिच्छादुक्कड—पमाणमेअं सुए भणियं ॥ १७ ॥

અર્થ:—તે (૧૦૧૩૪૦) ને (**कालतिगेणं**) ત્રણ કાળવડે એટલે અતીત કાળ સંબંધી પાપને નિંદું છું, અનાગત–ભવિષ્યકાળ સંબંધી પ્રત્યાખ્યાન કરું છું અને વર્તમાનકાળ આશ્રી સંવરું છું. એમ અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણ કાળવડે (**गुणिआ**) ગુણવાથી (**ति लक्ख चउ सहस्स**) ત્રણ લાખ, ચાર હજાર (**वीसमहिआ य**) ને વીસ (૩૦૪૦૨૦) ભેદ થાય છે. તેને (**अरिहंत सिद्ध साहु**) અરિહંત, સિદ્ધ, સાધુ, (**देवय गुरु अप्पसक्खीहिं**) સમ્યગ્દૃષ્ટિ ઇંદ્રાદિક દેવો, ગુરુ અને આત્માની સાક્ષીરૂપ છએ ગુણવાથી (**अट्ठारस लक्खाइं**) અઢાર લાખ (**चउवीस सहस्स एगवीसहिआ**) ચોવીશ હજાર, એક સો ને વીશ (૧૮૨૪૧૨૦) ભેદ થાય છે (**एअं**) આ પ્રમાણે (**इरिआ**) ઈર્યાપથિકીના (**मिच्छादुक्कड**) મિથ્યાદુષ્કૃતનું (**पमाणं**) પ્રમાણ (**सुए भणियं**) શ્રુતમાં કહેલું છે. કોઇ ઠેકાણે આભોગ અને અનાભોગરૂપ બેએ ગુણીને છત્રીશ લાખ, અડતાલીશ હજાર, બસેં ને ચાળીશ (૩૬૪૮૨૪૦) ભેદો કહેલા છે. ૧૬–૧૭.

(इति मिथ्यादुष्कृतद्वारम् ॥ २ ॥)

હવે કોટિશિલા નામનું ત્રીજું દ્વાર કહે છે.—

जोयणपिहुलायामा, दसन्नपव्वयसमीवकोडिसिला ।
जिणछक्कतित्थसिद्धा, तत्थ अणेगा उ मुणिकोडी ॥ १८ ॥

અર્થ:—(**जोयणपिहुलायामा**) ઉત્સેધ અંગુલના માપથી એક યોજન પહોળી, એક યોજન લાંબી અને એક યોજન ઉંચી (જાડી) (**कोडिसिला**) કોટિશિલા નામની ગોળ શિલા ભરતક્ષેત્રના મધ્યખંડમાં મગધદેશને વિષે (**दसन्नपव्वयसमीव**) દશાર્ણ પર્વતની સમીપે છે. તે કોટિશિલા ઉપર (**जिणछक्क**) શ્રી શાંતિનાથ જિનેશ્વરથી આરંભીને છ તીર્થંકરોના (**तित्थ**) તીર્થના (**तत्थ अणेगा उ मुणिकोडी**) ત્યાં અનેક કરોડો મુનિઓ (**सिद्धा**) સિદ્ધ થયા છે. ૧૮.

શી રીતે સિદ્ધ થયા છે ? તે કહે છે:—

पढमं संतिगणहर–चक्काउहणेगसाहुपरियरिओ ।
बत्तीसजुगेहिं तओ, सिद्धा संखिज्जमुणिकोडी ॥ १९ ॥

અર્થ:—કોટિશિલા પર (**पढमं संतिगणहर**) પ્રથમ શ્રી શાંતિનાથ જિનેશ્વરના પ્રથમ ગણધર (**चक्काउह**) શ્રી ચક્રાયુધ (**अणेगसाहुपरियरिओ**) અનેક સાધુ સહિત સિદ્ધિપદને પામ્યા છે. (**तओ**) ત્યારપછી (**बत्तीसजुगेहिं**) બત્રીશ યુગવડે કરીને એટલે તેમની પટ્ટપરંપરામાં બત્રીશ પાટ સુધી (**संखिज्जमुणिकोडी**) સંખ્યાતા કરોડ મુનિઓ (**सिद्धा**) સિદ્ધ થયા છે. ૧૯.

संखिज्जा मुणिकोडी, अडवीसजुगेहिं कुंथुनाहस्स ।
अरजिण चउवीसजुगा, बारसकोडीओ सिद्धाओ ॥ २० ॥

અર્થ:—તથા (**कुंथुनाहस्स**) શ્રી કુંથુનાથસ્વામીના તીર્થમાં (**अडवीसजुगेहिं**) અઠ્ઠાવીશ યુગ (પાટ) સુધીમાં (**संखिज्जा मुणिकोडी**) સંખ્યાતા કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. તથા (**अरजिण**) શ્રી અરનાથ જિનેશ્વરના તીર્થમાં (**चउवीसजुगा**) ચોવીશ યુગ (પાટ) સુધી (**बारसकोडीओ**) બાર કરોડ મુનિઓ (**सिद्धाओ**) સિદ્ધ થયા છે. ૨૦.

मल्लिस्स वीसजुगा, छ कोडि मुणिसुव्वयस्स कोडितिगं ।
नमितित्थे इगकोडी, सिद्धा तेणेव कोडिसिला ॥ २१ ॥

અર્થ:—(**मल्लिस्स**) શ્રી મલ્લિનાથ જિનેશ્વરના તીર્થમાં (**वीसजुगा**) વીશ યુગ (પાટ) સુધી (**छ कोडि**) છ કરોડ સાધુઓ સિદ્ધ થયા છે. તથા (**मुणिसुव्वयस्स**) શ્રી મુનિસુવ્રત જિનેશ્વરના તીર્થમાં (**कोडितिगं**) ત્રણ કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. તથા (**नमितित्थे**) શ્રી નમિનાથ તીર્થંકરના તીર્થમાં (**इगकोडी**) એક કરોડ મુનિઓ સિદ્ધ થયા છે. (તે સિવાય બીજા પણ ઘણા મુનિઓ ત્યાં સિદ્ધ થયા છે) (**तेणेव**) તેથી કરીને તે શિલા પર કરોડો મુનિઓ (**सिद्धा**) સિદ્ધ થવાથી (**कोडिसिला**) તે કોટિશિલા નામે ઓળખાય છે. ૨૧.

હવે તે કોટિશિલા કોણે ને કેટલી ઉંચી ઉપાડી ! તે કહે છે:—

छत्ते सीसंमि गीवा, वच्छे कुच्छी कडीइ ऊरूसु ।
जाणू कहमावि जाणू, नीया सा वासुदेवेहिं ॥ २२ ॥

અર્થ:—નવ વાસુદેવોએ તે શિલા ઉપાડતી વખતે નીચે લખેલા પોતપોતાના અંગ સુધી આણી હતી. પહેલા ત્રિપૃષ્ટ વાસુદેવે તે શિલા વામ હસ્તે ઉપાડીને મસ્તકથી ઉંચે (**छत्ते**) છત્રને સ્થાને રાખી હતી. બીજા દ્વિપૃષ્ટ વાસુદેવે તેજ રીતે ઉપાડીને (**सीसंमि**) મસ્તક સુધી આણી હતી. ત્રીજા સ્વયંભૂ વાસુદેવે તેજ રીતે ઉપાડીને (**गीवा**) ડોક સુધી આણી હતી. ચોથા પુરુષોત્તમ વાસુદેવે (**वच्छे**) વક્ષસ્થળ-હૃદય સુધી આણી હતી. પાંચમા પુરુષસિંહ વાસુદેવે (**कुच्छी**) ઉદર સુધી આણી હતી. છઠ્ઠા પુરુષપુંડરીક વાસુદેવે (**कडीइ**) કટીભાગ સુધી આણી હતી. સાતમા દત્ત નામના વાસુદેવે (**ऊरूसु**) સાથળ સુધી આણી હતી-આઠમા લક્ષ્મણ વાસુદેવે (**जाणू**) ઢીંચણ સુધી ઉંચી કરી હતી અને

નવમા કૃષ્ણ વાસુદેવે (**कहमवि जाणू नीया सा**) જાનુથી કાંઇક નીચે સુધી તેને ઉપાડીને ઉંચી કરી હતી. ૨૨.

(इति कोटिशिलाद्वारं तृतीयम् ॥ ३ ॥)

હવે ચોથું શાશ્વત ચૈત્યદ્વાર કહે છે:—

इक्कारअहिअपणसय, सासयचेइअ नमामि महिवलए ।
तीसं वासहरेसु, वेयड्डेसुं च सयरिसयं ॥ २३ ॥

અર્થ:—(**महिवलए**) પૃથ્વી વલયમાં-તિર્યગ્લોકમાં રહેલા (**इक्कारअहिअ-पणसय**) પાંચ સો ને અગ્યાર[1] (**सासय चेइअ**) શાશ્વત ચૈત્યોને (**नमामि**) હું વંદના કરૂં છું. (ઊર્ધ્વલોકમાં જે ૮૪૯૭૦૨૩ ચૈત્યો તથા અધોલોકમાં ૭૭૨૦૦૦૦૦ ચૈત્યો તથા વ્યંતર અને જ્યોતિષ્કોને વિષે અસંખ્યાતા ચૈત્યો શાશ્વતા છે. તે અન્ય ગ્રંથોમાં સ્પષ્ટ રીતે કહ્યા છે ત્યાંથી જાણવા. અહીં તો તિર્યગ્લોકમાં રહેલા ચૈત્યોનાં સ્થાનકોની જ વિવક્ષા કરી છે.) તે આ પ્રમાણે:—(**तीसं वास-हरेसु**) ત્રીશ વર્ષધર પર્વતો ઉપર ત્રીશ ચૈત્યો છે, કારણ કે દરેક પર્વત ઉપર એકએક ચૈત્ય છે. (**च**) તથા (**वेयड्डेसु**) ૧૭૦ દીર્ઘવૈતાઢ્ય પર્વતો પર (**सयरिसयं**) એક સો ને સીતેર શાશ્વત ચૈત્યો છે. ૨૩. તથા—

वीसं गयदंतेसुं, कुरुदुमदसगे तहेव नउई अ ।
वक्खारगिरिसु असिई, पणसीई मेरुपणगंमि ॥ २४ ॥

અર્થ:—(**वीसं गयदंतेसुं**) ૨૦ ગજદંત પર્વતો ઉપર વીશ ચૈત્યો છે, (**तहेव**) તથા (**कुरुदुमदसगे**) દેવકુરુ, ઉત્તરકુરુમાં રહેલા જંબૂવૃક્ષાદિક દશ વૃક્ષો પર (**नउई अ**) નેવું ચૈત્યો છે તે આ પ્રમાણે-એ વૃક્ષના મધ્યની ઊર્ધ્વ શાખા પર એક અને તે વૃક્ષની દિશાઓ તથા વિદિશાઓ મળી આઠ બાજુએ રહેલા આઠ કૂટની ઉપર એક એક ચૈત્ય હોવાથી દરેક વૃક્ષે નવ નવ ચૈત્યો થયા, તેથી દશ વૃક્ષના નેવુ ચૈત્યો થયા. તથા પાંચ મહાવિદેહમાં રહેલા (**वक्खारगिरिसु असिई**) એંશી વક્ષસ્કાર પર્વતો પર એંશી ચૈત્યો છે તથા (**मेरुपणगंमि**) પાંચ મેરુપર્વતના સંબંધના (**पणसीई**) પંચાશી ચૈત્યો છે. તે આ પ્રમાણે-ચારે વનોમાં ચારે દિશાએ એકેક ચૈત્ય હોવાથી સોળ અને એક ચૈત્ય ચૂલિકા પર હોવાથી દરેક મેરુપર્વતે સતર સતર ચૈત્યો છે; તેથી પાંચ મેરુ પર્વતના મળીને પંચાશી ચૈત્યો છે. ૨૪.

---

૧. તિર્ચ્છાલોકમાં નિર્ણીત ૫૪૩ સિદ્ધાયતનો કહ્યા છે, તેમાં નંદીશ્વરદ્વીપે ૫૨ કહ્યા છે. આમાં ૨૦ કહ્યા છે તેથી ૩૨ રતિકરના કમી કરતાં ૫૧૧ થાય છે.

इसुमणुकुंडलरुअगे, चउ चउ वीसं च नंदिसरदीवे ।
अडवीस नंदिकुंडलि–रुअगे सयपन्नबासयरी ॥ २५ ॥

અર્થ:—(**इसु**) ચાર ઇષુકાર ઉપર એકેક અને (**मणु**) માનુષોત્તર, (**कुंडल**) કુંડલ અને (**रुअगे**) રુચક–એની ઉપર (**चउ चउ**) પ્રત્યેકે ચાર ચાર ચૈત્યો હોવાથી કુલ ૧૬ ચૈત્યો છે, (**च**) અને (**नंदिसरदीवे**) નંદીશ્વરદ્વીપમાં (**वीसं**) વીશ ચૈત્યો છે. હવે આ ચૈત્યોના ઉચ્ચત્વ વિગેરેનું પ્રમાણ કહે છેઃ—(**नंदि**) નંદીશ્વરના વીશ અને (**कुंडलिरुअगे**) કુંડલ તથા રુચકના આઠ મળી (**अडवीस**) અઠ્ઠાવીશ ચૈત્યો પૂર્વ પશ્ચિમ (**सय**) સો યોજન લાંબા છે. દક્ષિણ ઉત્તર (**पन्न**) પચાસ યોજન પહોળાં છે, તથા (**बासयरी**) બોંતેર યોજન ઉંચા છે. ૨૫.

હવે તેથી અર્ધા પ્રમાણવાળા કહે છેઃ—

अट्ठाराहिय दुसई, पन्नद्ध छत्तीस दीहपिहुलुच्चा ।
माणुसइसुगयदंत य, वख्खारवासहरमेरूसुं ॥ २६ ॥

અર્થ:—(**माणुस इसु**) માનુષોત્તરના ચાર, ઇષુકારના ચાર, (**गयदंत य**) ગજદંતાના વીશ, (**वख्खार**) વક્ષસ્કારના એંશી, (**वासहर**) વર્ષધરના ત્રીશ (**मेरूसुं**) ચૂલિકા સિવાય પાંચ મેરુપર્વતના ચાર વનના એંશી–એ સર્વ મળીને (**अट्ठाराहिय दुसई**) બસો ને અઢાર ચૈત્યો (**पन्नद्ध**) પચાસ યોજન (**दीह**) લાંબા, તેથી અર્ધ એટલે પચીશ યોજન (**पिहुल**) પહોળા અને (**छत्तीस**) છત્રીશ યોજન (**उच्चा**) ઉંચા જાણવા. ૨૬.

पणसट्ठिअहिअ सयदुग, संपुण्णं कोसमद्ध देसूणं ।
दीहे पिहु उच्चत्ते, कुरुदुमवेअड्ढचूलासु ॥ २७ ॥

અર્થ:—(**कुरुदुम**) દશ કુરુક્ષેત્રમાં રહેલા જંબૂ આદિ દશ વૃક્ષોના નેવુ ચૈત્યો, પાંચ મહાવિદેહની ૧૬૦ વિજય, ૫ ભરત, ૫ ઐરવત કુલ ૧૭૦ ક્ષેત્રમાં રહેલા ૧૭૦ (**वेअड्ढ**) દીર્ઘવૈતાઢ્યો ઉપરના એક સો ને સીતેર ચૈત્યો, તથા (**चूलासु**) પાંચ મેરુની ચૂલિકાના પાંચ ચૈત્યો, એ સર્વ મળીને (**पणसट्ठिअहिअ सयदुग**) બસો ને પાંસઠ ચૈત્યો (**संपुण्ण कोसमद्ध देसूणं**) સંપૂર્ણ એક ગાઉ (**दीहे**) લાંબા, અર્ધ ગાઉ (**पिहु**) પહોળા અને દેશ ઊણ ગાઉ (**उच्चत्ते**) ઉંચા છે. એમ સર્વ મળીને (૨૮–૨૧૮–૨૬૫) તિર્ચ્છાલોકમાં ૫૧૧ શાશ્વત ચૈત્યો છે. ૨૭.

દેવેન્દ્રસૂરિ વિગેરેએ કરેલા શાશ્વત જિનસ્તોત્રોને વિષે તિર્યગ્લોકમાં શાશ્વત

ચૈત્યો ૩૨૫૯ કહ્યા છે, તે મતાંતર જાણવું. તે વિષે (**वीरं जय सेहर**) એ પ્રથમ પદવાળા ક્ષેત્રસમાસમાં કહ્યું છે કે-તિર્યગ્ લોકમાં રહેલા જિનચૈત્યોને માટે વિસંવાદ-ભિન્ન ભિન્ન મતો છે, તેનો ખુલાસો ગીતાર્થ જ જાણી શકે છે.

(इति चैत्यद्वारं चतुर्थम् ॥ ४ ॥)

હવે પાંચમું પ્રાસાદદ્વાર કહે છે:—

पासाया ईसाणे, सुहमा[१] सिद्धो[२]ववायं[३] हरए अं[४] ।
अभिसेअं[५] अलंकारा[६], ववसाएँ[७] नंदि[८] बलिपीढं[९] ॥ २८ ॥

અર્થ:—દેવતાના (**पासाया ईसाणे सुहमा**) મૂળ પ્રાસાદાવતંસકથી ઇશાનખૂણમાં આસ્થાન સભાની જેવી જિનેશ્વરની દાઢાવડે યુક્ત એવા માણવક ચૈત્યસ્તંભાદિકથી યુક્ત સુધર્મા નામની સભા હોય છે ૧. તેની આગળ ઇશાન ખૂણમાં જ (**सिद्ध**) સિદ્ધાયતન-જિનગ્રહ હોય છે ૨. તેની આગળ (**उववाय**) ઉપપાતસભા હોય છે કે જ્યાં તે તે વિમાનમાં થનારા દેવો ઉત્પન્ન થાય છે ૩. તેની આગળ નિર્મળ જળથી ભરેલા (**हरए अ**) દ્રહ હોય છે, જેમાં દેવતાઓ સ્નાન કરે છે ૪. તેની આગળ (**अभिसेअ**) અભિષેક સભા હોય છે તેમાં દેવતાઓ પોતપોતાના વિમાનાધિપતિને અભિષેક કરે છે ૫. તેની આગળ (**अलंकारा**) અલંકાર સભા હોય છે, તેમાં અભિષેક થયા પછી આવીને તે દેવોનો સ્વામી અલંકાર વિગેરે ધારણ કરે છે ૬. તેની આગળ (**ववसाए**) વ્યવસાય સભા હોય છે, ત્યાં આવીને ત્યાં રહેલા શાશ્વત પુસ્તકો વાંચી ધાર્મિક વ્યવસાયો ગ્રહણ કરે છે ૭. તેની આગળ (**नंदि**) નંદા પુષ્કરિણી (વાવ) હોય છે, તેમાં હાથ-પગ ધોઇને તેમાં ઉગેલા કમળો લઇ જિનભવનમાં આવી ગર્ભગૃહમાં (ગભારામાં) રહેલી પાંચસો ધનુષ્યના દેહમાનવાળી એક સો ને આઠ જિનપ્રતિમાઓની સત્તરભેદી આદિ પૂજા, સ્તુતિ, વંદના વિગેરે શક્રસ્તવ કહેવા પર્યંત કરે છે ૮. ત્યારપછી સમગ્ર વિમાનને ચંદનના છાંટા નાંખીને પૂજે છે. પછી નંદાપુષ્કરિણીની આગળ (**बलिपीढं**) બળિપીઠ હોય છે, ત્યાં આવીને બળિ મૂકે છે ૯. દરેક વિમાનમાં આ નવ સ્થાનકો ત્રણ ત્રણ દ્વારવાળા અને મૂળ પ્રાસાદથી ઇશાન ખૂણમાં જ અનુક્રમે રહેલા હોય છે. ૨૮.

मुहमंडं[१] पिच्छमंडवं[२], थूभं[३] चेइअं[४] झओअं[५] पुक्खरिणी[६] ।
जम्मुत्तरपुव्वासुं, जिणभवणसभासु पत्तेअं ॥ २९ ॥

અર્થ:—(**जम्मुत्तरपुव्वासुं**) પશ્ચિમ દિશા સિવાય દક્ષિણ, ઉત્તર અને પૂર્વ દિશામાં એકેક દ્વાર હોય છે, તે ત્રણે દ્વારમાં પ્રવેશ કરતાં પ્રથમ (**मुहमंड**)

મુખમંડપ હોય છે ૧. તેની આગળ (**पिच्छमंडव**) પ્રેક્ષામંડપ હોય છે ૨. તેની આગળ (**थूभं**) સ્તૂપ હોય છે, તે સ્તૂપની ઉપર આઠ મંગળ હોય છે, સ્તૂપની ચારે દિશાઓમાં એકેક મણિપીઠ હોય છે, તે દરેક મણિપીઠ ઉપર સ્તૂપની સન્મુખ અનુક્રમે ઋષભ, વર્ધમાન ચંદ્રાનન અને વારિષેણ નામની એક એક જિનપ્રતિમા હોય છે ૩. તે સ્તૂપની આગળ (**चेइअ**) ચૈત્યવૃક્ષ હોય છે ૪. તેની આગળ (**झओअ**) ઇંદ્રધ્વજ હોય છે ૫. તેની આગળ જળથી ભરેલી (**पुक्खरिणी**) પુષ્કરિણી હોય છે ૬. આ છ પ્રકારો (**जिणभवण**) જિનભવનને વિષે તથા (**सभासु**) પાંચ સભાઓને વિષે (**पत्तेअं**) પ્રત્યેક પ્રત્યેક દ્વારે હોય છે. જિનભવન તથા સભા વિગેરે નવેનું પ્રમાણ તથા મુખમંડપ વિગેરેનું પ્રમાણ રાજપ્રશ્નીય ઉપાંગ આદિ સૂત્રોથી જાણી લેવું. ૨૯.

હવે મૂળ પ્રાસાદાવતંસક કયાં છે? તે કહે છે:—

ओआरियलयणंमि अ, पहुणो पणसीइ हुंति पासाया।
तिसय इगचत्त कत्थय, कत्थवि पणसट्ठि तेरसया ॥ ३० ॥

અર્થ:—સૌધર્મ વિમાનમાં ચોતરફ પ્રાકાર છે, તે ત્રણસો યોજન ઉંચો છે. મૂળમાં સો યોજન પહોળો છે, મધ્યમાં પચાસ યોજન પહોળો છે અને ઉપરના ભાગમાં પચીશ યોજન પહોળો છે. ભવનપતિનિકાયના ભવનોને વિષે રહેલો પ્રાકાર ઉંચાઇ અને પહોળાઇમાં સૌધર્મ વિમાનના પ્રાકાર કરતાં અર્ધ પ્રમાણવાળો છે. તે પ્રાકારની મધ્યે (વચમાં) સર્વત્ર (**ओआरियलयणंमिअ**) ઉપકારિકાલયન એટલે પીઠિકાઓ હોય છે. તે સર્વ પીઠિકાઓની ઉપર (**पहुणो**) વિમાનના સ્વામીના (**पणसीइ हुंति पासाया**) પંચાશી પ્રાસાદો હોય છે. (**कत्थय**) કોઇ વિમાનમાં તે પીઠિકાઓની ઉપર (**तिसय इगचत्त**) ત્રણ સો ને એકતાળીશ પ્રાસાદો હોય છે અને (**कत्थवि**) કોઇ વિમાનમાં તે પીઠિકાઓની ઉપર (**पणसट्ठि तेरसया**) એક હજાર ત્રણ સો ને પાંસઠ પ્રાસાદો હોય છે. એમ ત્રણ પ્રકાર જાણવા. ૩૦.

તે પ્રાસાદો તેટલી સંખ્યામાં શી રીતે રહેલા છે? તે કહે છે:—

मुहपासाओ चउदिसि, चउहिं ते सोलसेहिं सोलावि।
चउसट्ठीए सावि अ, छप्पन्नेहिं दुहीसएहिं ॥ ३१ ॥

અર્થ:—(**मुहपासाओ**) મુખ્ય પ્રાસાદની (**चउदिसि**) ચારે દિશામાં (**चउहिं**) ચાર પ્રાસાદો રહેલા છે. તે પહેલી પંક્તિ, તેમાં મૂળ પ્રાસાદ ભેગો ગણતાં પાંચ પ્રાસાદ થયા. ચાર બાજુના ચાર પ્રાસાદોની ચારે દિશામાં એક એક પ્રાસાદ હોવાથી તેવા (**सोलसेहिं**) સોળ પ્રસાદો છે, એટલે દરેક પ્રાસાદની ફરતા ચાર

ચાર પ્રાસાદો છે. એ બીજી પંક્તિ. તેમાં સર્વ મળીને ૨૧ પ્રાસાદો થયા. હવે તે (**सोला वि**) સોળ પ્રાસાદો બીજા (**चउसट्ठीए**) સોળે પ્રાસાદોને ચારગુણા કરતાં ચોસઠ પ્રાસાદોથી પરિવરેલા છે તે ત્રીજી પંક્તિ. તે સર્વે મળીને ચોસઠમાં એકવીશ ભેળવતાં ૮૫ થયા. (**सा वि अ**) તે ચોસઠ પ્રાસાદો બીજા (**छप्पन्नेहिं दुसएहिं**) ચોસઠ ને ચાર ગુણા કરતાં બસેંને છપ્પન (૨૫૬) પ્રાસાદોથી પરિવરેલા છે, તે ચોથી પંક્તિ. તે સર્વે મળીને બસેં ને છપ્પનમાં પંચાશી ભેળવતાં (૩૪૧) થયા. ૩૧.

ते वि अ पुण सहसेणं, चउवीसहिएण हुंति परिअरिआ।
मूलुच्चत्तपुहुत्ता, अद्धद्धे पण वि पंतीओ ॥ ३२ ॥

અર્થ:—(**ते वि अ**) તે બસેંને છપ્પન પ્રાસાદો પણ (**पुण**) વળી (**सहसेणं चउवीसहिएण**) બસેં છપ્પનને ચારગુણા કરવાથી એક હજાર અને ચોવીશ પ્રાસાદોથી (**हुंति परिअरिआ**) પરિવરેલા છે, તે પાંચમી પંક્તિ. તે સર્વે મળીને એક હજાર ને ચોવીશમાં ત્રણ સો એકતાળીશ નાંખવાથી ૧૩૬૫ થયા. (**पण वि पंतीओ**) આ પાંચે પંક્તિઓ (**मूलुच्चत्तपुहुत्ता**) મૂળ પ્રાસાદાવતંસકની ઉંચાઇ, પહોળાઇ અને લંબાઇ કરતાં (**अद्धद्धे**) અનુક્રમે અર્ધા અર્ધા પ્રમાણવાળી છે. એટલે કે જ્યાં મૂળ પ્રાસાદાવતંસક ઉંચાઇ અને પહોળાઇમાં પાંચસો યોજનના છે ત્યાં પહેલી ચાર પ્રાસાદવાળી પંક્તિ અઢીસો યોજનના માનવાળી હોય છે. બીજી પંક્તિના પ્રાસાદો તે કરતાં અર્ધા પ્રમાણવાળા હોય છે. ત્રીજી પંક્તિના પ્રાસાદો તે કરતાં અર્ધપ્રમાણવાળા હોય છે, એ રીતે અનુક્રમે પાંચે પંક્તિમાં ઉંચાઇ જાણવી. ૩૨.

હવે દરેક વિમાનમાં કેટલા પ્રાસાદો હોય છે? તે કહે છે:—

तेर सय पणसट्ठाइ अ, पणपंतीहिं हुंति पासाया ।
पणसी पंतितिगेणं, तिसई इगचत्त चउहिं तु ॥ ३३ ॥

અર્થ:—વિમાનોમાં પંક્તિના સંબંધમાં ત્રણ ભેદ-પ્રકાર છે. તે આ પ્રમાણે-કેટલાક વિમાનોમાં પાંચ પંક્તિ છે, કેટલાકમાં ચાર પંક્તિ છે અને કેટલાકમાં ત્રણ પંક્તિ હોય છે. તેથી ઓછા પ્રાસાદોવાળા વિમાન ચારે નિકાયને વિષે નથી, તેમાં (**पणपंतीहिं**) પાંચ પંક્તિવાળામાં (**तेर सय पणसट्ठाइ अ**) એક હજાર ત્રણસો ને પાંસઠ ૧૩૬૫ (**हुंति पासाया**) પ્રાસાદો હોય છે (**पंतितिगेणं**) ત્રણ પંક્તિ હોય છે ત્યાં (**पणसी**) પંચાશી પ્રાસાદો હોય છે, અને (**चउहिं तु**) ચાર પંક્તિ હોય છે ત્યાં (**तिसइ इगचत्त**) ત્રણસો ને એકતાળીશ પ્રાસાદો હોય

છે. (અહીં ચાર પંક્તિની સંખ્યા પછી ત્રણ પંક્તિની સંખ્યા કહેવી જોઇએ, છતાં તેમ ન કર્યું તેનું કારણ મૂળ ગાથા એવા વ્યતિક્રમથી રચેલી છે તેમ સમજવું.) ૩૩.

આ ત્રણે પ્રકારમાં દરેક દિશાએ કેટલા પ્રાસાદો હોય છે ? તે કહે છે:—

पणसीई इगवीसा, पणसी पुण एगचत्त तिसईए ।
तेरससय पणसट्ठा, तिसई इगचत्त पइक्कुहं ॥ ३४ ॥

અર્થ:—ત્રણ પંક્તિવાળામાં (**पइक्कुहं**) દરેક દિશામાં (**इगवीसा**) એકવીશ એકવીશ પ્રાસાદો હોવાથી મૂળ પ્રાસાદ સહિત (**पणसीई**) પંચાશી પ્રાસાદો થાય છે. (**पुण**) તથા ચાર પંક્તિવાળામાં દરેક દિશામાં (**पणसी**) પંચાશી પંચાશી પ્રાસાદો હોવાથી મૂળ પ્રાસાદ સહિત (**एगचत्त तिसईए**) ત્રણ સો ને એકતાળીશ પ્રાસાદો થાય છે, તથા પાંચ પંક્તિવાળા વિમાનોને વિષે દરેક દિશાઓમાં મધ્યવર્તી પ્રાસાદો સહિત (**तिसई इंगचत्त**) ત્રણ સો ને એકતાળીશ પ્રાસાદો હોવાથી (**तेरससय पणसट्ठा**) એક હજાર ત્રણ સો ને પાંસઠ પ્રાસાદો થાય છે. ૩૪.

॥ इति पञ्चमं प्रासादद्वारम् ॥ (५)

હવે કિરણપ્રસર નામનું છઠ્ઠું દ્વાર કહે છે. તેમાં પ્રથમ સૂર્યનો પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તરદિશાનો વિભાગ દેખાડે છેઃ—

पिट्ठे पुव्वा पुरओ, अवरा वलए भमंतसूरस्स ।
दाहिणकरंमि मेरू, वामकरे होइ लवणोही ॥ ३५ ॥

અર્થ:—મેરુપર્વતની (**वलए**) ચોતરફ પ્રદક્ષિણા (**भमंतसूरस्स**) ફરતા સૂર્યની (**पिट्ठे**) પાછળ (**पुव्वा**) પૂર્વદિશા અને (**पुरओ अवरा**) આગળ પશ્ચિમ દિશા હોય છે. સૂર્યના (**दाहिणकरंमि**) જમણા હાથ તરફ (**मेरू**) મેરુપર્વત રહે છે અને (**वामकरे**) વામ (ડાબા) હાથ તરફ (**लवणोही**) લવણસમુદ્ર (**होइ**) રહે છે. આ સૂર્યની પોતાની દિશાઓ છે, પણ લોકની દિશા નથી. લોકની દિશા સૂર્યની અપેક્ષાએ જ હોય છે, સર્વ ક્ષેત્રોમાં તે (દિશાઓ) તાપ દિશાઓ કહેવાય છે, પણ સ્વાભાવિક તો ક્ષેત્રદિશા છે તે (દિશાઓ) મેરુપર્વતમાં આવેલા રુચકપ્રદેશોથી ઉત્પન્ન થાય છે. મેરુપર્વતના પૃથ્વીતળ ઉપર ચોતરફથી બરાબર મધ્યમાં રહેલા આઠ આકાશપ્રદેશો છે તે રુચકપ્રદેશ કહેવાય છે અને તે સમભૂતળને સ્થાને ગોસ્તનને આકારે ઉપર નીચે ચાર ચાર રહેલા છે. તેમાં ચારે બાજુએ બે બે પ્રદેશો છે તે પ્રદેશો ગાડાની ઉધીને આકારે આગળ વધતા વધતા છે, તે પૂર્વાદિક ચારે મહાદિશાઓ છે અને એક પ્રદેશરૂપ ચાર રુચકો મુક્તાફળની શ્રેણીને આકારે

રહેલા છે તે ચારે વિદિશાઓ છે. તથા ચાર પ્રદેશવાળી સમશ્રેણીએ ઊર્ધ્વ (ઉંચી) અને અધો (નીચી) દિશા છે. આ રીતે જંબૂદ્વીપની જગતીમાં વિજયદ્વારે પૂર્વ દિશા છે, વૈજયન્તદ્વારે દક્ષિણ દિશા છે, જયંતદ્વારે પશ્ચિમ દિશા છે અને અપરાજિતદ્વારે ઉત્તર દિશા છે. આ પ્રમાણે ક્ષેત્રદિશાઓનો નિર્ણય જાણવો. ૩૫.

હવે છ દિશાઓમાં હમેશાં જંબૂદ્વીપમાં રહેલા સૂર્યના કિરણો કેટલા દૂર સુધી પ્રસરે છે ? તે છ ગાથાવડે બતાવે છેઃ—

सगचत्तसहस दुसई, तेवट्ठा तहिगवीससट्ठंसा ।
पुव्वावरकरपसरो, कक्के सूरा अहुत्तरउ ॥ ३६ ॥

અર્થ:—(**कक्के**) કર્ક સંક્રાંતિને પહેલે દિવસે (**सगचत्तसहस**) સુડતાળીશ હજાર (**दुसई तेवट्ठा**) બસો ને ત્રેસઠ યોજન (**तहिगवीससट्ठंसा**) તથા એક યોજનના સાઠ ભાગ કરીને તેવા એકવીશ ભાગ ૪૭૨૬૩$\frac{૨૧}{૬૦}$ એટલો (**सूरा**) સૂર્યથી (**पुव्वावरकरपसरो**) પૂર્વ દિશામાં અને એટલો જ સૂર્યથી પશ્ચિમ દિશામાં કિરણનો પ્રસાર છે. તે દિવસે બન્ને દિશાનું મળીને ઉદય અને અસ્તનું આંતરું ૯૪૫૨૬$\frac{૪૨}{૬૦}$ યોજન હોય છે. (**अहुत्तरउ**) હવે ઉત્તર દિશામાં કિરણના પ્રસારનું માન કહે છે. ૩૬.

असिईसऊण सहसा पणयालीसाऽह जम्मओ दीवे ।
असिइसयं लवणेऽवि अ, तित्तीससहस्स सतिभागा ॥ ३७ ॥

અર્થ:—સર્વ અભ્યંતર મંડલમાં વર્તતો સૂર્ય કર્કસંક્રાંતિને (**अह**) પહેલે દિવસે એક સો ને એંશી યોજન જગતીથી દ્વીપની અંદર પેઠેલ હોય છે. તેથી (**सहसा पणयालीसा**) પીસ્તાળીશ હજાર યોજનમાં તેટલા (**असिईसऊण**) એક સો એંશી યોજન ઓછા જાણવા. એટલે કે ચુમાળીશ હજાર, આઠ સો ને વીશ ૪૪૮૨૦ યોજન ઉત્તર દિશામાં મેરુ સુધી કિરણો પ્રસરે છે, (**जम्मओ दीवे**) હવે દક્ષિણ દિશામાં કિરણનો પ્રસર કહે છે—દક્ષિણ દિશામાં દ્વીપ સંબંધી (**असिइसयं**) ૧૮૦ યોજન અને (**लवणेऽवि अ**) લવણસમુદ્રમાં (**तित्तीससहस्स सतिभागा**) તેત્રીશ હજાર તથા હજારનો ત્રીજો ભાગ એટલે ત્રણસો ને તેત્રીશ યોજન તથા એક યોજનનો ત્રીજો ભાગ પસરે છે તેથી કુલ ૩૩૫૧૩$\frac{૧}{૩}$ યોજન કિરણોનો પ્રસર છે. એજ પ્રમાણે જંબૂદ્વીપમાં રહેલા બીજા સૂર્યનો પણ કિરણપ્રસર જાણી લેવો. ૩૭.

હવે મકરસંક્રાંતિમાં કેટલો કિરણપ્રસર હોય છે ? તે કહે છેઃ—

इगतीससहस अडसय, इगतीसा तह य तीससट्ठंसा ।
मयरे रविरस्सीओ, पुव्ववरेणं अह उ दीणे ॥ ३८ ॥

અર્થ:—સૌથી અંદરના માંડલામાંથી બહાર નીકળતો સૂર્ય અનુક્રમે કિરણના પ્રસરમાં ઓછો થતો થતો સૌથી બહારના માંડલામાં આવે છે ત્યાં (**इगतीस सहस**) એકત્રીશ હજાર (**अडसय इगतीसा**) આઠ સો ને એકત્રીશ યોજન (**तह य**) તથા (**तीससट्ठंसा**) એક યોજનના સાઠીયા ત્રીશ ભાગ ૩૧૮૩૧$\frac{૩૦}{૬૦}$ આટલા યોજન કિરણનો પ્રસર (**मयरे**) મકરસંક્રાંતિમાં (**पुव्ववरेणं**) પૂર્વ અને પશ્ચિમ દિશામાં હોય છે, બન્ને મળીને તે (**अह उ दीणे**) દિવસે (**रविरस्सीओ**) સૂર્યના ઉદય અને અસ્તનું સૂર્યના કિરણપ્રસરનું આંતરું ૬૩૬૬૩ યોજન થાય છે. અહીં હમેશાં ૧૭૨$\frac{૧૦}{૬૦}$ । $\frac{૧૪૪}{૧૮૩}$ । યોજન કિરણ પ્રસરની હાનિ થતી જાય છે. તેમાં પૂર્વ અને પશ્ચિમ એ દરેકને માટે જુદું જુદું કહીએ તો તેથી અર્ધ એટલે ૮૬$\frac{૫}{૬૦}$ । $\frac{૭૨}{૧૮૩}$ । યોજન કિરણ પ્રસરની હાનિ થાય છે. ૩૮.

હવે મકરસંક્રાંતિમાં ઉત્તર તથા દક્ષિણ દિશામાં થતા કિરણના પ્રસરને કહે છે:—

लवणे तिसई तीसा, दीवेण पणचत्त सहस अह जम्मे ।
लवणम्मि जोअणतिगं, सतिभाग सहस्स तित्तीसा ॥ ३९ ॥

અર્થ:—સૂર્ય સૌથી બહારના માંડલામાં આવે ત્યારે તે (**लवणे**) લવણ-સમુદ્રને વિષે (**तिसई तीसा**) ત્રણ સો ને ત્રીશ યોજન જાય છે, તેથી (**लवणम्मि**) લવણસમુદ્ર સંબંધી ત્રણ સો ને ત્રીશ તથા (**दीवेण**) દ્વીપ સંબંધી (**पणचत्त सहस**) પીસ્તાળીશ હજાર, એ બન્ને મળીને ૪૫૩૩૦ યોજન ઉત્તર દિશામાં કિરણનો પ્રસર છે (**अह जम्मे**) તથા દક્ષિણમાં (લવણની દિશામાં) ત્રણશેં ત્રીશ બાદ કરતાં (**सहस्स तित्तीसा**) તેત્રીશ હજાર ને (**जोअणतिगं**) ત્રણ જોજન તથા (**सतिभाग**) એક યોજનનો ત્રીજો ભાગ ૩૩૦૦૩$\frac{૧}{૩}$ એટલા યોજન કિરણનો પ્રસર છે. ૩૯.

હવે ઉંચે તથા નીચે (ઊર્ધ્વ તથા અધોદિશામાં) તેજના પ્રસરનું સ્વરૂપ કહે છે:—

मयरम्मि वि कक्कम्मि वि, हिट्ठा अट्ठारजोअणसयाइ ।
जोयणसयं च उड्ढे, रविकर एवं छसु दिसासु ॥ ४० ॥

અર્થ:—(**मयरम्मि वि**) મકર વિગેરે છ સંક્રાંતિને વિષે તથા (**कक्कम्मि वि**) કર્ક વિગેરે છ સંક્રાંતિને વિષે પણ અર્થાત્ સર્વે માંડલામાં વર્તતા (**रविकर**) સૂર્યના તેજ-કિરણનો પ્રસર (**अट्ठारजोअणसयाइ**) અઢાર સો યોજન સુધી (**हिट्ठा**) નીચે જાય છે; કારણ કે સૂર્યથી આઠ સો યોજન સમભૂતલ છે અને સમભૂતળની અપેક્ષાએ એક હજાર યોજન નીચે અધોગ્રામ છે. એ બે મળીને ૧૮૦૦ યોજન સમજવા. (**च**) તથા (**उड्ढे**) ઉંચે (ઊર્ધ્વદિશામાં) સર્વે ક્ષેત્રોમાં સર્વે સૂર્યના કિરણનો પ્રસર (**जोयणसयं**) એક સો યોજન સુધી છે. (**एवं छसु दिसासु**) એ પ્રમાણે છએ દિશામાં પ્રસરતા કિરણોનું માન કહ્યું. ૪૦.

હવે જંબૂદ્વીપમાં જ દક્ષિણ અને ઉત્તરમાં સર્વદા (હમેશાં) સર્વ મળીને કિરણપ્રસરનું માન કહે છે:—

पइदिणमवि जम्मुत्तर, अडसत्तरिसहस सहसतइअंसो ।
उड्डह गुणवीससया, अठिया पुव्वावरा रस्सी ॥ ४१ ॥

અર્થ:—(**पइदिणमवि**) હમેશાં (**जम्मुत्तर**) દક્ષિણ અને ઉત્તરના કિરણોનો પ્રસર મેળવતાં (**अडसत्तरिसहस**) અઠ્ઠોતેર હજાર અને (**सहसतइअंसो**) હજારનો ત્રીજો અંશ એટલે ત્રણ સો તેત્રીશ યોજન તથા એક યોજનનો ત્રીજો ભાગ ૭૮૩૩૩⅓ એટલા યોજન કિરણ પ્રસરે છે, તથા (**उड्डह**) ઊર્ધ્વ અને અધો મળીને (**गुणवीससया**) ઓગણીશ સો યોજન કિરણ પ્રસરે છે. સૂર્યથી (**पुव्वावरा रस्सी**) પૂર્વમાં અને પશ્ચિમમાં સૂર્યના કિરણો (**अठिया**) અસ્થિત છે; કેમકે સર્વે માંડલામાં હાનિ–વૃદ્ધિ થાય છે. આ પ્રમાણે સૂર્યના તેજનો પ્રસર જંબૂદ્વીપને વિષે જ જાણવો. કેમકે લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદ સમુદ્ર અને પુષ્કરાર્ધદ્વીપમાં સૂર્યોના તેજનો પ્રસર તો ચારે દિશામાં અધિક અધિક છે. ઊર્ધ્વ તથા અધો મળીને તો નવ સો યોજન જ છે, કારણ કે ત્યાં અધોગ્રામ નથી. તેનું સ્વરૂપ અમારા કરેલા મંડળપ્રકરણમાંથી જાણી લેવું. મનુષ્યલોકની બહારના ક્ષેત્રોમાં સૂર્ય અને ચંદ્ર સ્થિર રહેલા છે. ૪૧.

(इति रविकरप्रसरद्वारं षष्ठम् ॥ ६ ॥)

હવે સાતમું પર્યાપ્તિ દ્વાર કહે છે—

आहारसरीरिंदिय–ऊसासवओमणो छ पज्जत्ति ।
चउ पंच पंच छप्पिअ, इगविगलाऽमणसमणतिरिए ॥ ४२ ॥

અર્થ:—(**पज्जत्ति**) આત્માની વિશેષ પ્રકારની શકિત તે પર્યાપ્તિ–તેના નામ કહે છે—(**आहार**) આહારપર્યાપ્તિ, (**सरीर**) શરીરપર્યાપ્તિ, (**इंदिय**) ઇંદ્રિયપર્યાપ્તિ. (**ऊसास**) શ્વાસોશ્વાસપર્યાપ્તિ, (**वओ**) વચન–ભાષાપર્યાપ્તિ અને (**मणो**) મનપર્યાપ્તિ–એ છ પર્યાપ્તિ જાણવી. તેમાંથી (**इग**) એકેંદ્રિયને પહેલેથી (**चउ**) ચાર પર્યાપ્તિ, (**विगला**) વિકલેંદ્રિયને (**पंच**) પહેલેથી પાંચ પર્યાપ્તિ, (**अमण**) અસંજ્ઞિને પણ (**पंच**) પાંચ પર્યાપ્તિ અને (**समणतिरिए**) સંજ્ઞિ-પંચેંદ્રિય તિર્યંચને (**छप्पिअ**) છએ પર્યાપ્તિ મન સહિત હોય છે. ૪૨.

गब्भयमणुआणं पुण, छप्पिअ पज्जत्ति पंच देवेसु ।
जं तेसिं वयमणाण, दुवे वि पज्जत्ति समकालं ॥ ४३ ॥

અર્થ:—(**पुण**) વળી (**गब्भयमणुआणं**) ગર્ભજ મનુષ્યોને (**छप्पिअ पज्जत्ति**) છએ પર્યાપ્તિઓ હોય છે. સંમૂર્છિમ મનુષ્યો અપર્યાપ્તપણે જ મરણ પામે છે તેથી તેમને પહેલી પાંચ પર્યાપ્તિઓ હોય છે તથા (**देवेसु**) દેવ અને ઉપલક્ષણથી નારકીઓને (**पंच**) પાંચ પર્યાપ્તિઓ હોય છે. (**जं तेसिं**) કારણ કે તેમને (**वयमणाण दुवे वि पज्जत्ति**) વચનપર્યાપ્તિ અને મનપર્યાપ્તિ બંને (**समकालं**) સમકાળે જ પૂર્ણ થાય છે. ૪૩.

હવે પહેલા ત્રણ શરીરને વિષે સર્વ પર્યાપ્તિઓને યોગ્ય એવા કાળનું પ્રમાણ કહેવાને ઇચ્છતા સતા કહે છે:—

उरालविउव्वाहारे, छन्हऽवि पज्जत्ति जुगवमारंभे ।
तिन्हऽवि पढमिगसमए, बीआ पुण अंतमोहुत्ती ॥ ४४ ॥

અર્થ:—(**उरालविउव्वाहारे**) ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણે શરીરને વિષે (**जुगवं**) સમકાળે (**छन्ह वि पज्जत्ति**) છએ પર્યાપ્તિઓનો (**आरंभे**) આરંભ થાય છે, એવી વ્યવસ્થા છે અને પૂર્ણતા અનુક્રમે પામે છે. (**तिन्हऽवि**) ત્રણે શરીરમાં પણ (**पढम**) પહેલી આહારપર્યાપ્તિ (**इगसमए**) એક સમયે જ પૂર્ણ થાય છે, (**बीआ पुण**) બીજી શરીરપર્યાપ્તિ ત્રણે શરીરમાં (**अंतमोहुत्ती**) અંતર્મુહૂર્તના પ્રમાણવાળી છે. ૪૪.

હવે બાકીની પર્યાપ્તિઓનું કાળપ્રમાણ ઔદારિક શરીરને આશ્રીને ગાથાના પૂર્વાર્ધવડે કહે છે અને વૈક્રિય તથા આહારક શરીરને આશ્રીને ગાથાના ઉત્તરાર્ધવડે કહે છે:—

पिहु पिहु असंखसमइअ, अंतमुहुत्ता उराल चउरोऽवि ।
पिहु पिहु समया चउरोऽवि, हुंति वेउव्विआहारे ॥ ४५ ॥

અર્થ:—ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી એ (**चउरोऽवि**) ચારે પર્યાપ્તિઓ (**उराल**) ઔદારિક શરીરને વિષે (**असंखसमइअ**) અસંખ્યાતા સમયવાળા (**पिहु पिहु**) પૃથક્ પૃથક્ (**अंतमुहुत्ता**) અંતર્મુહૂર્તે પૂર્ણ થાય છે, એટલે તે સર્વે પર્યાપ્તિઓ ચાર અંતર્મુહૂર્તવડે પરિપૂર્ણ થાય છે. (**वेउव्विआहारे**) તથા વૈક્રિય અને આહારક શરીરને વિષે ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી એ (**चउरोऽवि**) ચારે પર્યાપ્તિઓ (**पिहु पिहु**) પૃથક્ પૃથક્ (**समया हुंति**) એક એક સમયે પૂર્ણ થાય છે. એક સમયે ઇંદ્રિયપર્યાપ્તિ, બીજે સમયે ઉચ્છ્વાસપર્યાપ્ત, ત્રીજે સમયે ભાષાપર્યાપ્તિ અને ચોથે સમયે મનપર્યાપ્તિ પૂર્ણ થાય છે. ૪૫.

આ પ્રમાણે મનુષ્ય અને તિર્યંચને આશ્રીને પર્યાપ્તિઓ કહી.

હવે દેવ અને નારકીને આશ્રીને કહે છેઃ—

छन्हऽवि सममारंभे, पढमा समएऽवि अंतमोहुत्ती ।
ति तुरिअ समए समए, सुरेसु पण छट्ठ इगसमए ॥४६॥

અર્થ:—(**सुरेसु**) દેવ અને ઉપલક્ષણથી નારકીને વિષે (**छन्हऽवि**) છએ પર્યાપ્તિઓનો (**सममारंभे**) સમકાળે પ્રારંભ થાય છે, તેમાંથી (**पढमा**) પહેલી ઓજાહારરૂપ પર્યાપ્તિ (**समएऽवि**) એક સમયે પરિપૂર્ણ થાય છે. બીજી શરીર પર્યાપ્તિ ત્યારપછી (**अंतमोहुत्ती**) અંતર્મુહૂર્તે પૂર્ણ થાય છે, (**ति**) ત્રીજી અને (**तुरिअ**) ચોથી પર્યાપ્ત ત્યારપછી પૃથક્ પૃથક્ (**समए समए**) એક એક સમયે પૂર્ણ થાય છે. તથા (**पण छट्ठ**) પાંચમી વચનપર્યાપ્તિ અને છઠ્ઠી મનઃ-પર્યાપ્તિ એ બન્ને ત્યારપછી (**इगसमए**) એક જ સમયે પૂર્ણ થાય છે; કારણ કે તેનો તેવો સ્વભાવ જ છે. દેવ અને નારકીને ઉત્તરવૈક્રિયમાં પણ એ જ પ્રમાણે પર્યાપ્તિઓ પૂર્ણ થાય છે. ૪૬.

(इति पर्याप्तिद्वारं सप्तमम् ॥ ७ ॥)

હવે કૃષ્ણરાજીના સ્વરૂપનું આઠમું દ્વાર કહે છે.

बंभे रिट्ठे तइअंमि, पत्थडे अट्ठ कण्हराईओ ।
इंदय चउसु दिसासुं, अक्खाडगसंठिआ दिग्घे ॥४७॥

અર્થ:—(**बंभे**) બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકમાં રહેલા (**रिट्ठे तइअंमि**) ત્રીજા રિષ્ટ નામના (**पत्थडे**) પાથડામાં (**अट्ठ कण्हराईओ**) આઠ કૃષ્ણરાજીઓ છે. તે સચિત્ત અને અચિત્ત પૃથ્વીના પરિણામરૂપ ભીંતને આકારે છે. તેનો આકાર કેવો છે ? તે કહે છે—રિષ્ટ નામના ત્રીજા પ્રસ્તરમાં રહેલા (**इंदय**) ઈન્દ્રક વિમાનની (**चउसु दिसासुं**) ચારે દિશાઓમાં બબે કૃષ્ણરાજીઓ છે તે આ પ્રમાણે–પૂર્વ દિશામાં દક્ષિણ ઉત્તર લાંબી અને તીર્છી પહોળી બે કૃષ્ણરાજીઓ છે. એ જ પ્રમાણે દક્ષિણ દિશામાં પૂર્વ પશ્ચિમ લાંબી અને તિર્છી પહોળી બે કૃષ્ણરાજીઓ છે. પશ્ચિમ દિશામાં દક્ષિણ ઉત્તર લાંબી અને તિર્છી પહોળી બે કૃષ્ણરાજીઓ છે, તથા ઉત્તર દિશામાં પૂર્વ પશ્ચિમ લાંબી અને તિર્છી પહોળી બે કૃષ્ણરાજીઓ છે. તે સર્વ મળીને આઠ છે. તે કૃષ્ણરાજીઓ કેવી છે ? તે કહે છે. (**अक्खाडगसंठिआ दिग्घे**) આખાટકના સંસ્થાન જેવી લાંબી છે. આખાટક એટલે પ્રેક્ષણને સ્થળે (અખાડાની ભૂમિમાં) ચારે તરફ બેસવાના આસન હોય છે તે આકારે રહેલી છે. પ્રજ્ઞાપ્તની ટીકામાં પણ એ પ્રમાણે કહેલું છે. ૪૭. હવે લંબાઇનું પ્રમાણ કહે છેઃ—

जोअणअसंख पोहत्ति, संख ईसाणि अच्चि अच्चिमाली।
वइरोअणं पहंकर, चंदाभं सूरिअ सुकाभं ॥ ४८ ॥
सुपइट्ठाभं रिट्ठं, मज्झे वट्टं बहिं विचित्तट्ठं।
तेसिं पहु सारस्सय-पमुहा तद्दुगपरिवारा ॥ ४९ ॥

અર્થ:—તે કૃષ્ણરાજીઓ (**जोअणअसंख**) અસંખ્યાતા હજાર યોજન લાંબી છે, (**पोहत्ति संख**) સંખ્યાતા હજાર યોજન પહોળી છે તથા તેમનો વિસ્તાર-પરિધિ અસંખ્યાતા હજાર યોજનનો છે. તેમની ઉંચાઇ આ પ્રમાણે-કોઈ મહર્દ્ધિક દેવતા જે ગતિવડે ત્રણ ચપટી વગાડીએ તેટલી વારમાં આખા જંબૂદ્વીપની ફરતી એકવીશ વાર પ્રદક્ષિણા દે, તે દેવતા તેજ ગતિવડે પંદર દિવસે એક કૃષ્ણરાજીનું ઉલ્લંઘન કરે, પણ બીજીનું ઉલ્લંઘન કરી શકે નહિ. એટલી તે ઉંચી છે. તે કૃષ્ણરાજીની વચમાં શું છે ? તે કહે છે:—આ કૃષ્ણરાજીની (**ईसाणि**) ઇશાન વિગેરે દિશા તથા વિદિશાઓ મળી આઠે આંતરામાં એટલે બબ્બે રાજીની વચ્ચે ચાર દિશામાં ચાર અને બબ્બે રાજીના ખૂણા ઉપર ચાર વિદિશામાં ચાર એમ આઠ વિમાનો છે. તે આ પ્રમાણે-ઉત્તર અને પૂર્વની અભ્યંતરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે વિદિશામાં (**अच्चि**) અર્ચિ નામનું વિમાન છે ૧, પૂર્વ દિશાની બે કૃષ્ણરાજીની વચ્ચે (**अच्चिमाली**) અર્ચિમાલી નામનું વિમાન છે ૨, પૂર્વ અને દક્ષિણના અભ્યંતરની બે કૃષ્ણરાજીની વચ્ચે વિદિશામાં (**वइरोअणं**) વૈરોચન નામનું વિમાન છે ૩, દક્ષિણની બે કૃષ્ણરાજીઓની વચ્ચે (**पहंकर**) પ્રભંકર નામનું વિમાન છે ૪, દક્ષિણ અને પશ્ચિમની અભ્યંતરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે વિદિશામાં (**चंदाभं**) ચંદ્રાભ નામનું વિમાન છે ૫, પશ્ચિમની બે કૃષ્ણરાજીની વચ્ચે (**सूरिअ**) સૂરાભ નામનું વિમાન છે ૬, પશ્ચિમ અને ઉત્તરની અભ્યંતરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે વિદિશામાં (**सुकालं**) સુકાલ નામનું વિમાન છે ૭, ઉત્તરની બે કૃષ્ણરાજીઓની વચ્ચે (**सुपइट्ठाभं**) સુપ્રતિષ્ઠાભ નામનું વિમાન છે ૮ તથા સર્વે કૃષ્ણરાજીઓના (**मज्झे**) મધ્ય ભાગમાં (**रिट्ठं**) રિષ્ટાભ નામનું વિમાન છે. ૯. તે એક વિમાન (**वट्टं**) વર્તુલાકારે છે, અને (**बहिं विचित्तट्ठं**) બહારના આઠ વિચિત્ર આકારના છે, કારણ કે તે આવલિકામાં રહેલા નથી. તે વિમાનોથી અસંખ્યાતા હજાર યોજનને છેટે અલોક છે. (**तेसिं पहु**) તે વિમાનોના સ્વામી (**सारस्सयपमुहा**) સારસ્વત વિગેરે લોકાંતિક દેવતાઓ છે. (**तद्दुगपरिवारा**) તેઓ બે બેના ભેળા પરિવારવાળા છે. ૪૯.

પ્રથમના ત્રણ યુગળમાં આગળ કહેશું તેટલા દેવોનો પરિવાર છે:—

सत्तसय सत्त चउदस, सहसा चउदाहिअ सगसहस सत्त।
नव नवसय नव नवाहिअ, अव्वाबाहागिच्चरिट्ठेसु ॥ ५० ॥

અર્થઃ—સારસ્વત અને આદિત્ય નામના બન્ને દેવોનો મળીને (**सत्त सय सत्त**) સાત સો ને સાત દેવોનો પરિવાર છે. અગ્નિ અને વરુણ એ બન્ને દેવોનો મળીને (**चउदस सहसा चउदहिअ**) ચૌદ હજાર ને ચૌદ દેવોનો પરિવાર છે. ગર્દતોય અને તુષિતનો મળીને (**सगसहस सत्त**) સાત હજાર ને સાત દેવોનો પરિવાર છે. બાકીના (**अव्वाबाहागिच्चरिट्ठेसु**) અવ્યાબાધ, આગ્નેય તથા રિષ્ટ એ ત્રણેમાંના દરેકને આ ગ્રંથકારના મતે (**नव नव सय**) નવ નવ સો ને (**नव नव हिअ**) નવ નવ અધિક દેવોનો પરિવાર છે. સર્વ મળીને તે પરિવારના દેવો ૨૪૪૫૫ છે. પ્રવચનસારોદ્ધાર વિગેરે ઘણા ગ્રંથોમાં તો છેલ્લા ત્રણ દેવોના મળીને નવ સો ને નવ દેવોનો પરિવાર કહ્યો છે તેના મત પ્રમાણે સર્વ વિમાનના મળીને સર્વે દેવો ૨૨૬૩૭ થાય છે. ૫૦.

હવે તે દેવોનાં નામો કહે છે.—

सारस्सयमाइच्चा, वण्ही वरुणा य गद्दतोया य ।
तुसिआ अव्वाबाहा, अग्गिया चेव रिट्ठा य ॥ ५१ ॥

અર્થઃ—(**सारस्सयं**) સારસ્વત ૧, (**आइच्चा**) આદિત્ય ૨, (**वण्ही**) વન્હિ ૩, (**वरुणा य**) વરુણ ૪, (**गद्दतोया य**) ગર્દતોય ૫, (**तुसिआ**) તુષિત ૬, (**अव्वाबाहा**) અવ્યાબાધ ૭, (**अग्गिया**) આગ્નેય ૮, (**चेव रिट्ठा य**) તથા રિષ્ટ ૯. તે દેવતાઓનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય આઠ સાગરોપમનું છે, તથા તેઓ સાત આઠ ભવે મોક્ષે જવાના હોય છે. ૫૧.

હવે કૃષ્ણરાજીઓનું પરસ્પર સ્પર્શ થવાનું સ્વરૂપ કહે છેઃ—

पुव्वंतर जम्मबहिं, पुट्ठा जम्मंतरा बहिं वरुणं ।
तम्मज्झुत्तर बाहिं, उईणमज्झा बहिं पुव्वं ॥ ५२ ॥

અર્થઃ—(**पुव्वंतर**) પૂર્વ દિશાની આભ્યંતર રાજી (**जम्मबहिं पुट्ठा**) દક્ષિણની બહારની રાજીનો સ્પર્શ કરે છે ૧. (**जम्मंतरा बहिं वरुणं**) દક્ષિણની આભ્યંતર રાજી પશ્ચિમની બહારની રાજીનો સ્પર્શ કરે છે. ૨. (**तम्मज्झुत्तर बाहिं**) પશ્ચિમની આભ્યંતર રાજી ઉત્તરની બહારની રાજીનો સ્પર્શ કરે છે ૩ તથા (**उईणमज्झा बहिं पुव्वं**) ઉત્તરની આભ્યંતર રાજી પૂર્વની બહારની રાજીનો સ્પર્શ કરે છે. ૫૨.

હવે તે કૃષ્ણરાજીઓના આકારનો વિભાગ કહે છેઃ—

पुव्वावरा छलंसा, तंसा पुण दाहिणुत्तरा बज्झा ।
अब्भंतर चउरंसा, सव्वा वि अ कण्हराईओ ॥ ५३ ॥

અર્થ:—(**पुव्वावरा**) પૂર્વ અને પશ્ચિમની બહારની બે કૃષ્ણરાજીઓ (**छलंसा**) છ હાંશવાળી છે, (**पुण दाहिणुत्तरा बज्झा**) અને ઉત્તર દક્ષિણની બહારની બે કૃષ્ણરાજીઓ (**तंसा**) ત્રિકોણ છે. (**अब्भंतर**) આભ્યંતરની (**सव्वा वि अ कण्हराईओ**) ચારે કૃષ્ણરાજીઓ (**चउरंसा**) ચોખંડી છે. ૫૩.

(इति कृष्णराजी द्वारमष्टमम् ॥ ८ ॥)

હવે નવમું વલયદ્વાર કહે છે—

पुक्खरिगारस तेरेव, कुंडले रुअगि तेर ठारे वा ।
मंडलिआचलतिन्नि उ, मणुउत्तर कुंडलो रुअगो ॥ ५४ ॥

અર્થ:—કાલોદ સમુદ્રની બહાર વલયના આકારે રહેલો સોળ લાખ યોજનના વિસ્તારવાળો (**पुक्खर**) પુષ્કરવર નામનો દ્વીપ છે. તેના બહારના અર્ધના પ્રારંભ દળમાં માનુષોત્તર પર્વત છે ૧, તથા જંબૂદ્વીપથી (**इगारस तेरेव**) અગ્યારમો, કોઇના મતે તેરમો (**कुंडले**) કુંડલદ્વીપ છે, તેના બીજા અર્ધ ભાગના પ્રારંભમાં બીજો તે જ નામનો પર્વત છે ૨, તથા **जंबूधायइपुक्कर** એ પ્રમાણે સંગ્રહણિમાં દેખાડેલા ક્રમવડે (**रुअगि तेर ठारे वा**) તેરમો અથવા બીજાને મતે અઢારમો રુચકદ્વીપ છે, તેમાં ત્રીજો તે નામનો પર્વત છે. એ પ્રમાણે (**मंडलिआचलतिन्नि उ**) મંડલાચલ-વલયાકાર ત્રણ પર્વતો પુષ્કરવર, કુંડલ અને રુચક નામના દ્વીપોમાં અર્ધા અર્ધા ભાગના મધ્યમાં કિલ્લાના આકારે રહેલા છે. તે પર્વતોના નામ (**मणुउत्तर कुंडलो रुअगो**) માનુષોત્તર, કુંડલ અને રુચક છે. ૫૪.

હવે ગાથાના પૂર્વાર્ધવડે તે પર્વતોની ઉંચાઈ કહે છે—

सत्तरसय इगवीसा[1], बायालसहस्स[2] चुलसिसहसुच्चा[3] ।
चउसय तीसा कोसं[1], सहसं[2] सहसं[3] च ओगाढा ॥ ५५ ॥

અર્થ:—માનુષોત્તર પર્વત (**सत्तरसय इगवीसा**) સતર સો ને એકવીશ યોજન ઉંચો છે ૧, કુંડલપર્વત (**बायालसहस**) બેંતાળીશ હજાર યોજન ઉંચો છે ૨ અને રુચક પર્વત (**चुलसिसहसुच्चा**) ચોરાશી હજાર યોજન ઉંચો છે ૩. હવે ગાથાના ઉત્તરાર્ધવડે તે પર્વતોની ભૂમિમાં ઊંડાઇ બતાવે છે.—પહેલો માનુષોત્તર પર્વત ઉંચાઇને ચોથે ભાગે એટલે (**चउसय तीसा कोसं**) ચાર સો ને ત્રીશ

યોજન તથા એક ગાઉ ભૂમિમાં અવગાહીને રહ્યો છે. (**च**) અને બીજા બે કુંડલ તથા રુચક પર્વતો (**सहसं सहसं**) હજાર હજાર યોજન ભૂમિમાં (**ओगाढा**) અવગાહીને રહ્યા છે. ૫૫.

હવે તે પર્વતોના નીચે, વચ્ચે તથા ઉપરના વિષ્કંભનું માન કહે છે:—

भुवि दससय बावीसा, मज्झे सत्त य सया उ तेवीसा ।
सिहरे चत्तारि सया, चउवीसा मणुअ कुंडलगा ॥ ५६ ॥

અર્થ:—પહેલા બે પર્વતનો વિષ્કંભ કહે છે–સમાન (**भुवि**) ભૂતળની અપેક્ષાએ (તળેટીએ) (**दससय बावीसा**) એક હજાર ને બાવીશ યોજનનો વિસ્તાર છે, (**मज्झे**) મધ્ય ભાગમાં (**सत्त य सया उ तेवीसा**) સાત સો ને ત્રેવીશ યોજનનો વિસ્તાર છે અને (**सिहरे**) શિખર ઉપર (**चत्तारि सया चउवीसा**) ચાર સો ને ચોવીશ યોજનનો વિસ્તાર છે. આ પ્રમાણે (**मणुअ कुंडलगा**) માનુષોત્તર અને કુંડલ પર્વતનો વિષ્કંભ–વિસ્તાર જાણવો. ૫૬.

હવે રુચક પર્વતનો ત્રણે સ્થાનનો વિસ્તાર એ બન્ને પર્વતો કરતાં ભિન્ન છે તે કહે છે:—

दस सहसा बावीसा, भुवि मज्झे सगसहस्स तेवीसा ।
सिहरे चउरो सहसा, चउवीसा रुअगसेलंमि ॥ ५७ ॥

અર્થ:—(**रुअगसेलंमि**) રુચક પર્વતનો (**भुवि**) પૃથ્વીની સપાટી પર (**दस सहसा बावीसा**) દશ હજાર ને બાવીશ યોજનનો વિસ્તાર છે, (**मज्झे**) મધ્યભાગમાં (**सगसहस्स तेवीसा**) સાત હજાર ને ત્રેવીશ યોજનનો વિસ્તાર છે, તથા (**सिहरे**) શિખર પર (**चउरो सहसा चउवीसा**) ચાર હજાર ને ચોવીશ યોજનનો વિસ્તાર છે. ૫૭.

હવે પૂર્વે કહેલા બે પર્વતો કરતાં આ રુચક પર્વતના શિખર પર જે વિશેષ છે તે કહે છે:—

रुअगसिहरे चउदिसि, बिअसहसेगेगचउथिअट्ठट्ठ ।
विदिसि चउइ अ चत्ता, दिसिकुमरी कूड सहसंका ॥ ५८ ॥

અર્થ:—વલયાકારવાળા (**रुअगसिहरे**) રુચક પર્વતના ચાર હજાર ને ચોવીશ યોજનના વિસ્તારવાળા શિખરભાગના ચાર વિભાગ કરવા. એટલે દરેક વિભાગ એક હજાર ને છ યોજનનો થાય છે. તેના પ્રથમ ભાગને મૂકીને (**बिअ**) બીજા

ભાગમાં (**चउदिसि**) પૂર્વાદિક ચારે દિશામાં (**सहसेगेग**) સહસ્રકૂટ નામના એક એક (બધા મળીને ચાર) સિદ્ધકૂટ છે, તથા તે રુચક પર્વતના શિખરના એક હજાર ને છ યોજનના વિસ્તારવાળા (**चउत्थि**) ચોથા ભાગમાં (દરેક દિશાએ) (**अठ्ठ**) આઠ આઠ કૂટો છે. (બધા મળીને બત્રીશ છે.) તે બત્રીશ દિક્કુમારીઓનાં સ્થાનો છે એમ જાણવું. મધ્યે રહેલા ચાર સિદ્ધકૂટ સહિત તો દરેક દિશામાં નવ નવ કૂટો થાય છે, પણ અંદરના ચાર સિદ્ધકૂટ ઉપર જિનેશ્વરની પ્રતિમાથી સુશોભિત સિદ્ધાયતન છે. તથા તે જ ચોથા ભાગમાં (**विदिसि**) વિદિશાઓમાં એકેક કુલ (**चउइ अ**) ચાર કૂટો છે. તે સર્વે મળીને (૩૬) (**सहसंका**) સહસ્રકૂટ નામવાળા છે. એટલે તે મૂળમાં (તળેટીમાં) હજાર યોજનના વિસ્તારવાળા છે, મધ્યમાં સાડીસાતસો યોજન વિસ્તારવાળા છે, શિખર પર પાંચ સો યોજન વિસ્તારવાળા છે અને એક હજાર યોજન ઉંચા છે. તે ૩૬ કૂટો ઉપર તથા રુચકદ્વીપમાં જમીન પર રહેલા બીજા ચાર કૂટ ઉપર ભુવનપતિ નિકાયની (**चत्ता दिसिकुमरी**) ચાલીશ દિક્કુમારીઓ પોતાના પરિવાર સહિત રહે છે. ૫૮.

હવે તે પર્વતો સંબંધી વિશેષ વિચાર કહે છે:—

पढमो सीहनिसाई, अद्धजवनिभो अ चउदिसि सिहरे ।
पन्नाई चउ जिणगेहो, सयाइ चउ चेइआ दुन्नि ॥ ५९ ॥

અર્થ:—(**पढमो**) પહેલો માનુષોત્તર નામનો પર્વત (**सीहनिसाई**) બેઠેલા સિંહના આકાર જેવો છે, એ માનુષોત્તર પર્વત જંબૂદ્વીપની દિશા તરફ છિન્નટંક એટલે ઉંચી ભીંતની જેવો સરખો-સપાટ છે અને પાછળના ભાગમાં શિખરના ભાગથી આરંભીને નીચે નીચે પહોળાઈમાં વધતો વધતો છે. અથવા તે પર્વત (**अद्धजवनिभो**) અર્ધા જવની જેવો છે અથવા જવના અર્ધા ઢગલા જેવો છે. (**च**) વળી (**सिहरे**) તે પર્વતના શિખર પર (**चउदिसि**) ચારે દિશામાં (**चउ जिणगेहो**) ચાર જિનચૈત્યો છે ? તે ચૈત્યો કેવાં છે ? તે કહે છે-(**पन्नाई**) પચાસ યોજન લાંબા, પચીશ યોજન પહોળા અને છત્રીશ યોજન ઉંચા એવા ચાર શાશ્વત જિનચૈત્યો રહેલાં છે. તથા (**दुन्नि**) કુંડલ અને રુચક એ દરેક પર્વતના શિખર પર ચારે દિશામાં (**चउ चेइआ**) ચાર ચાર જિનચૈત્યો છે તે (**सयाइ**) સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને બોંતેર યોજન ઉંચા છે. ૫૯.

(**इति नवमं वलयद्वारम् ॥ ९ ॥**)

હવે દશમું નંદીશ્વરદ્વીપ સંબંધી દ્વાર કહે છે:—

तेवठ्ठं कोडिसयं, लक्खा चुलसीइ वलयविक्खंभो ।
नंदीसरठ्ठमदीवो, चउदिसि चउ अंजणा मज्झे ॥ ६० ॥

અર્થ:—(**तेवट्ठं कोडिसयं**) એક અબજ, ત્રેસઠ કરોડ અને (**लक्खा चुलसीइ**) ચોરાશી લાખ (૧૬૩૮૪૦૦૦૦૦) યોજનના (**वलयविक्खंभो**) વલય વિષ્કંભ (ઘેરાવા)વાળો, જંબૂદ્વીપથી (**नंदीसरट्ठमदीवो**) આઠમો નંદીશ્વર નામનો દ્વીપ છે. તે દ્વીપ સમગ્ર સુર અને અસુરના સમૂહને આનંદ આપનાર તથા મોટા જિનાલયો, ઉદ્યાનો, પુષ્કરિણીઓ (વાવો) અને પર્વતો વિગેરે પદાર્થોના સમૂહથી ઉત્પન્ન થયેલી વિભૂતિવડે ઈશ્વર (શ્રેષ્ઠ) છે, તેથી તે નંદીશ્વર એવા સાર્થક નામવાળો છે. તે દ્વીપના વલયના (**मज्झे**) મધ્ય ભાગમાં પૂર્વ વિગેરે (**चउदिसि**) ચારે દિશાઓમાં મધ્ય ભાગે (**चउअंजणा**) ચાર અંજનગિરિ રહેલા છે. તેમના નામ આ પ્રમાણે છે:-પૂર્વ દિશામાં દેવરમણ, દક્ષિણમાં નિત્યોદ્યોત, પશ્ચિમમાં સ્વયંપ્રભ અને ઉત્તરમાં રમણીય નામે અંજનગિરિ છે. ૬૦.

હવે તે અંજનગિરિનું સ્વરૂપ કહે છે:—

गोपुच्छा अंजणमय, चुलसीसहसुच्च सहसमोगाढा ।
समभुवि दससहसपिहु, सहसुवरिं तेसिं चउदिसिसु ॥६१॥

અર્થ:—(**गोपुच्छा**) ઉંચા કરેલા ગાયના પુચ્છના સંસ્થાને રહેલા એટલે કે જેમ ગાયનું પૂછડું મૂળમાં સ્થૂળ હોય અને નીચે જતાં અનુક્રમે નાનું નાનું (પાતળું પાતળું) હોય તેમ આ ચારે અંજનપર્વતો નીચે અધિક વિસ્તારવાળા અને ઉપર ઉપર અનુક્રમે થોડા થોડા વિસ્તારવાળા છે. તે પર્વતો સર્વથા (**अंजणमय**) અંજનરત્નમય (નીલરત્નમય) છે. તે ચારે પર્વતો (**चुलसीसहसुच्च**) પૃથ્વી પરથી ચોરાશી હજાર યોજન ઉંચા છે, (**सहसमोगाढा**) એક હજાર યોજન પૃથ્વીની અંદર રહેલા છે, (**समभुवि**) પૃથ્વીની સપાટી ઉપર (**दससहसपिहु**) દસ હજાર યોજનના વિસ્તારવાળા છે અને ત્યાંથી ઉપર જતાં અનુક્રમે હીન થતાં થતાં છેક (**सहसुवरिं**) ઉપર એક હજાર યોજનના વિસ્તારવાળા છે. તે પર્વતોની પરિધિ મૂળમાં એકત્રીશ હજાર છશેં ને ત્રેવીશ (૩૧૬૨૩) યોજનથી કાંઈક હીન છે, અને શિખરપરની પરિધિ ત્રણ હજાર એકસો ને બાસઠ (૩૧૬૨) યોજન છે. (**तेसिं**) તે પર્વતોની (**चउदिसिसु**) ચારે દિશાઓમાં શું છે ? તે કહે છે. ૬૧.

लक्खंतरिआ चउ चउ, वावी स दस य जोअणुव्विद्धा ।
लक्खं दीहपिहुच्चे, तम्मज्झे दहिमुहा सोल ॥ ६२ ॥

અર્થ:—(**लक्खंतरिआ**) લાખ યોજનને આંતરે એટલે તે ચારે અંજનગિરિની ચારે દિશાઓમાં લાખ લાખ યોજન છેટે (**चउ चउ वावी**) ચાર ચાર વાવો છે. બધી મળીને સોળ વાવો છે. (**स**) તે દરેક વાવો (**दस य जोअणुव्विद्धा**)

દશ દશ યોજન ઊંડી છે. નિર્મળ, શીતળ અને સ્વાદુ જળથી ભરેલી છે. તે દરેક વાવ (**लक्खं दीहपिहुत्ते**) લંબાઈ તથા પહોળાઈમાં લાખ લાખ યોજનની છે. તે દરેક વાવ પૂર્વ વિગેરે દિશાના અનુક્રમે અશોક, સપ્તચ્છદ, ચંપક અને આમ્ર વનોએ કરીને વ્યાપ્ત છે. એટલે સર્વ મળીને ચોસઠ વનો છે. (**तम्मज्झे**) તે દરેક વાવોના મધ્યમાં (**दहिमुहा**) દધિમુખ નામના (**सोल**) સોળ પર્વતો રહેલા છે. ૬૨.

તે દધિમુખ નામના પર્વતો કેવા છે તે કહે છેઃ—

सहसोगाढा चउसट्ठि–सहसुच्चा दससहस्स पिहुला य ।
सव्वत्थ समा पल्लग–सरिसा रुप्पामया सव्वे ॥ ६३ ॥

અર્થ:—તે દરેક દધિમુખ પર્વતો (**सहसोगाढा**) એક હજાર યોજન પૃથ્વીની અંદર રહેલા છે. બહાર (**चउसट्ठिसहसुच्चा**) ચોસઠ હજાર યોજન ઉંચા છે, અને (**सव्वत्थसमा**) સર્વત્ર મૂળમાં, મધ્યમાં અને શિખરમાં સરખા (**दस-सहस्स पिहुला य**) દશ હજાર યોજન પહોળા છે; માટે જ તે (**पल्लगसरिसा**) પલ્યની જેવા કહેવાય છે. પલ્ય એટલે અનાજ ભરવાનો કોઠો અથવા માણું તેને આકારે રહેલા છે. વળી તે પર્વતો (**सव्वे**) સર્વે (**रुप्पामया**) રૂપામય છે એટલે શ્વેત વર્ણવાળા છે. ૬૩.

હવે અંજનગિરિ અને દધિમુખ પર્વતો પર જિન ચૈત્યો છે તે વિષે કહે છેઃ—

अंजणदहिमुहचेइअ, वीसं चउदार दीहपिहुउच्चा ।
सय पन्ना बावत्तरि, जोअण ठाणांगि जिअभिगमे ॥ ६४ ॥

અર્થ:—(**अंजणदहिमुह**) ચારે અંજન પર્વતો પર અને સોળે દધિમુખ પર્વતો પર (**चेइअ**) એક એક ચૈત્ય હોવાથી સર્વ મળીને (**वीसं**) વીશ ચૈત્યો છે, તે દરેક ચૈત્ય (**चउदार**) ચાર ચાર દ્વારવાળા છે. (અન્ય આચાર્યને મતે ચારે વિદિશામાં દરેક દધિમુખના આંતરામાં બેબે હોવાથી બત્રીશ રતિકર નામના પર્વતો પર પણ એક એક ચૈત્ય હોવાથી એકંદર બાવન ચૈત્યો છે.) તે દરેક સિદ્ધાયતનો (ચૈત્યો) (**सय**) સો સો યોજન પૂર્વ પશ્ચિમ લાંબા, (**पन्ना**) પચાસ પચાસ યોજન ઉત્તર દક્ષિણ પહોળા અને (**बावत्तरि जोअण**) બોંતેર યોજન ઉંચા છે. તે દરેક ચૈત્યના દરેક દ્વારમાં મુખમંડપ ૧, પ્રેક્ષામંડપ ૨, ચૈત્યસ્તૂપ ૩, ચૈત્યવૃક્ષ ૪, મહેન્દ્રધ્વજ ૫ અને પુષ્કરિણી (વાવ) એ છ પદાર્થો રહેલા છે. તેમાં મુખમંડપ અને પ્રેક્ષામંડપ સો યોજન લાંબાં, પચાસ યોજન પહોળા અને સોળ યોજન ઉંચા છે. ચૈત્યસ્તૂપ સોળ યોજન લાંબા અને સોળ યોજન પહોળા છે. ચૈત્યવૃક્ષ અને મહેન્દ્રધ્વજની પીઠિકાઓ આઠ યોજન લાંબી

પહોળી છે અને પુષ્કરિણી વાવો સો યોજન લાંબી પહોળી અને દશ યોજન ઊંડી છે. આ પર્વત ઉપરની વાવોમાં મત્સ્ય વિગેરે જળચર પ્રાણીઓ છે, એમ પ્રજ્ઞાપનાના ત્રીજા પદની વૃત્તિમાં કહ્યું છે. ચૈત્યવૃક્ષ અને ઇંદ્રધ્વજનું પ્રમાણ જીવાભિગમ ઉપાંગથી જાણી લેવું. આ પ્રમાણે વીશ સિદ્ધાયતનોનું સ્વરૂપ (**ठाणंगि जिअभिगमे**) ઠાણાંગ સૂત્રમાં અને જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે. ૬૪.

હવે રતિકર પર્વતો વિષે કહે છે:—

नंदी विदिसिं चउरो, दसिगसहस्सा पिहुच्च पाऊहे ।
झल्लरिसरिस चेइअ, रइकर ठाणंगिसुत्तम्मि ॥ ६५ ॥

અર્થ:—(नंदी) નંદીશ્વર દ્વીપની (**विदिसिं चउरो**) ચારે વિદિશામાં (**रइकर**) ચાર રતિકર પર્વતો છે, તે પર્વતો પણ (**चेइअ**) ચૈત્યો સહિત છે. પ્રવચનસારોદ્ધારાદિક ગ્રંથને અનુસારે તો ચાર વાવોના આંતરામાં બે બે રતિકર પર્વતો રહેલા છે. (આ પ્રમાણે એક દિશામાં ચાર વાવો હોવાથી આઠ રતિકર પર્વતો છે. એક દિશામાં જેમ છે તેમ જ બીજી ત્રણ દિશામાં હોવાથી સર્વે મળીને બત્રીશ રતિકર પર્વતો સિદ્ધાયતન સહિત છે.) હવે પ્રથમ કહેલા ચાર રતિકર પર્વતોનું તથા અન્ય આચાર્યના મતે બત્રીશ રતિકર પર્વતોનું એક સરખું જ પ્રમાણ છે, તે કહે છે-(**दसिगसहस्सा पिहुच्च**) દશ હજાર યોજન પહોળા અને દશ હજાર યોજન વિસ્તારવાળા એટલે લાંબા, ગોળ, એક હજાર યોજન ઉંચા અને એક હજાર યોજનના (**पाऊहे**) ચોથા ભાગે એટલે અઢીસો યોજન ભૂમિની અંદર રહેલા છે. તે પર્વતો નીચે (તળેટીએ) તથા ઉપર (શિખરે) દશ હજાર યોજન સરખા પહોળા હોવાથી (**झल्लरिसरिस**) ઝલ્લરી નામના વાજિત્ર જેવા વર્તુલાકારે છે. આ સર્વ હકીકત (**ठाणंगिसुत्तम्मि**) ઠાણાંગ સૂત્રમાં કહેલી છે. ૬૫. (ટીકાવાળી પ્રતમાં ત્રીજા પાદમાં (**अचेइअ**) એવો પાઠ છે અને ટીકામાં ચૈત્ય રહિત એમ અર્થ પણ કર્યો છે.)

હવે ઉપર કહેલા સ્થાનથી બીજા સ્થાનોમાં એટલે ઊર્ધ્વલોક અને અધોલોકમાં જે સિદ્ધાયતનો છે તેની ઉંચાઇ વિગેરેનું પ્રમાણ કહે છે:—

नंदीसरव्व उड्ढं, पन्नासाई असुरजिणभवणं ।
तयं अद्धं नागाइसु, वंतरनगरेसु तयं अद्धं ॥ ६६ ॥

અર્થ:—(नंदीसरव्व) નંદીશ્વરમાં રહેલા ચૈત્યોની જેમ (**उड्ढं**) ઉર્ધ્વલોકે દેવલોકમાં રહેલા સિદ્ધાયતનો સો યોજન લાંબા, (**पन्नासाई**) પચાસ યોજન પહોળા તથા બોંતેર યોજન ઉંચા છે. પરંતુ ત્રણ ત્રણ દ્વારવાળા છે, (**असुरजिणभवणं**)

ભુવનપતિમાં અસુરકુમાર નિકાયના જિનભવનો (**तयं अद्धं**) તેનાથી અર્ધા પ્રમાણવાળા છે, એટલે પચાસ યોજન લાંબા, પચીશ યોજન પહોળા અને છત્રીશ યોજન ઉંચા છે. (**नागाइसु**) તથા નાગકુમારાદિક નવ નિકાયોમાં રહેલા ચૈત્યો તેથી પણ અર્ધા પ્રમાણવાળા એટલે પચીશ યોજન લાંબા, સાડાબાર યોજન પહોળા અને અઢાર યોજન ઉંચા છે. તથા (**वंतरनगरेसु**) વ્યંતરોના નગરોમાં રહેલા ચૈત્યો (**तयं अद्धं**) તેથી પણ અર્ધા પ્રમાણવાળા એટલે સાડાબાર યોજન લાંબા, સવા છ પહોળા અને નવ યોજન ઉંચા છે. જ્યોતિષ્ક વિમાનોમાં અને તિર્છા લોકમાં રહેલા ચૈત્યો ભિન્ન ભિન્ન પ્રમાણવાળા છે. ૬૬.

(इति नंदीश्वरद्वीपद्वारं ॥ १० ॥)

હવે અગિઆરમું ગ્રહિક્રિયા નામનું દ્વાર કહે છે:—

मन्नह जिणाण आणं[१], मिच्छं परिहरह[२] धरह सम्मत्तं[३] ।
छव्विह आवसयंमि अ, उज्जुत्तो होइ पइदिअहं[४] ॥६७॥

અર્થ:—(**मन्नह जिणाणं आणं**) જિનેશ્વરની આજ્ઞા માનવી (૧) (**मिच्छं परिहरह**) મિથ્યાત્વનો ત્યાગ કરવો (૨) (**धरह सम्मत्तं**) સમ્યક્ત્વને ધારણ કરવું (૩) (**छव्विह आवसयंमि अ**) છ પ્રકારના આવશ્યકમાં (**उज्जुत्तो होइ पइदिअहं**) પ્રતિદિન ઉદ્યમવંત થવું. (૪) ૬૭.

पव्वेसु पोसहवयं[५], दाणं[६] सीलं[७] तवो अ[८] भावो[९] अ ।
सज्झाय[१०] नमुक्कारो[११], परोवयारो[१२] अ जयणा[१३] य ॥ ६८ ॥

અર્થ:—(**पव्वेसु पोसहवयं**) પર્વને દિવસે પૌષધ વ્રત લેવું ૫. (**दाणं**) દાન દેવું ૬. (**सीलं**) શીલ પાળવું ૭. (**तवो अ**) તપ કરવો ૮. (**भावो अ**) ભાવના ભાવવી ૯. (**सज्झाय**) સ્વાધ્યાય ધ્યાન કરવું ૧૦. (**नमुक्कारो**) નવકારનો જાપ કરવો ૧૧. (**परोवयारो अ**) પરોપકાર કરવો ૧૨. (**जयणा य**) યતના કરવી ૧૩. ૬૮.

जिणपूआ[१४] जिणथुणणं[१५], गुरुथुइ[१६] साहमिआण वच्छल्लं[१७] ।
ववहारस्सयसुद्धी[१८], रहजत्ता[१९] तित्थजत्ता[२०] य ॥ ६९ ॥

અર્થ:—(**जिणपूआ**) જિનેશ્વરની પૂજા કરવી ૧૪. (**जिणथुणणं**) જિનેશ્વરની સ્તુતિ કરવી ૧૫. (**गुरुथुइ**) ગુરુની સ્તુતિ કરવી ૧૬. (**साहमिआण वच्छल्लं**)

સાધર્મીવાત્સલ્ય કરવું ૧૭. (**ववहारस्स य सुद्धी**) વ્યવહારની શુદ્ધિ કરવી ૧૮. (**रहजत्ता**) રથયાત્રા ૧૯ અને (**तित्थजत्ता य**) તીર્થયાત્રા કરવી. ૨૦. ૬૯.

संघोवरि बहुमाणो[२१], धम्मिअमित्ती[२२] पभावणा[२३] तित्थे ।
नवखित्ते धणवयणं[३२], पुत्थयलिहणं विसेसेणं[३३] ॥ ७० ॥

અર્થઃ—(**संघोवरि बहुमाणो**) સંઘની ઉપર બહુમાન રાખવું ૨૧. (**धम्मिअमित्ती**) સમાન ધર્મવાળા સાથે મૈત્રી કરવી ૨૨. (**पभावणा तित्थे**) શાસનની પ્રભાવના કરવી ૨૩. (**नवखित्ते धणवयणं**) નવ ક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય કરવો. ૩૨. (**पुत्थयलिहणं विसेसेण**) વિશેષે કરીને પુસ્તકો લખાવવાં. ૩૩. ૭૦.

परिगहमाणा[३४]ऽभिग्गह[३५], इक्कारसड्डपडिमफासणया[३६] ।
सव्वविरईमणोरह[३७], एमाई सड्ढकिच्चाइं ॥ ७१ ॥

અર્થઃ—(**परिगहमाणा**) પરિગ્રહનું પ્રમાણ કરવું ૩૪. (**अभिग्गह**) અભિગ્રહ ધારણ કરવા ૩૫, (**इक्कारसड्डपडिमफासणया**) શ્રાવકની અગ્યાર પ્રતિમાઓનું વહન કરવું ૩૬ (**सव्वविरईमणोरह**) અને સર્વવિરતિ (ચારિત્ર) ગ્રહણ કરવાનો મનોરથ કરવો (ઇચ્છા રાખવી) ૩૭. (**एमाई सड्ढकिच्चाइं**) એ વિગેરે શ્રાવકોનાં કૃત્યો જાણવા. ૭૧.

(इति ग्रहिक्रियाद्वार ॥ ११ ॥)

હવે ચૌદ ગુણસ્થાન નામનું બારમું દ્વાર કહે છે:—

अह चउदससु गुणेसुं, कालपमाणं भणामि दुविहं पि[१] ।
न मरइ मरइ[२] वि जेसुं, सह परभवुं जेहिं[३] अप्पबहूं ॥ ७२ ॥

અર્થઃ—(**अह**) હવે આ ગુણસ્થાન નામના દ્વારમાં ચાર પ્રતિદ્વારો (અંતર્ગતદ્વારો) છે તે આ પ્રમાણેઃ—(**चउदससु गुणेसुं**) ચૌદ ગુણસ્થાનકોમાં (**दुविहं पि**) જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને પ્રકારની સ્થિતિના (**कालपमाणं**) કાળનું પ્રમાણ ૧. (**न मरइ मरइ वि जेसुं**) જે જે ગુણસ્થાનોમાં રહેલો જીવ મરે અથવા ન મરે તેનું સ્વરૂપ ૨. (**सह परभवुं जेहिं**) જીવ જે જે ગુણસ્થાન સહિત પરભવમાં જાય તે ૩. (**अप्पबहू**) તથા ગુણસ્થાનોમાં વર્તતા જીવોનું અલ્પબહુત્વ ૪. આ પ્રમાણે ગુણસ્થાનોનાં ચાર પ્રતિદ્વારોને (**भणामि**) હું કહું છું. ૭૨.

તેમાં પહેલા પ્રતિદ્વારની વ્યાખ્યા કરવા ઇચ્છતા આચાર્ય મિથ્યાત્વની સ્થિતિના કાળભેદ બતાવે છે:—

मिच्छं अणाइनिहणं, अभवे भवे वि सिवगमाजुग्गे ।
सिवगमा अणाइसंतं, साईसंतं पि तं एवं ॥ ७३ ॥

અર્થ:—અનાદિ અનંત ૧, અનાદિ સાંત ૨, સાદિ અનંત ૩ અને સાદિ સાંત ૪. એ ચાર ભેદોમાં (**अभवे**) અભવ્ય જીવને (**अणाइनिहणं**) અનાદિ અનંત ભાંગે (**मिच्छं**) મિથ્યાત્વ હોય છે. તથા (**भवे वि**) ભવ્યમાં પણ જે (**सिवगमाजुग्गे**) મોક્ષ પામવાને અયોગ્ય હોય[1] તેને પણ અનાદિ અનંત ભાંગે મિથ્યાત્વ હોય છે. આથી કરીને જાતિભવ્ય અને અભવ્ય બન્નેને અનાદિ અનંત મિથ્યાત્વ સિદ્ધ થયું, એ પ્રથમ ભાંગો જાણવો. તથા (**सिवगमा**) મોક્ષ પામવાને યોગ્ય એવા ભવ્ય જીવને (**अणाइसंतं**) અનાદિ સાંત એટલે આદિ રહિત અને અંત સહિત મિથ્યાત્વ હોય છે. જેમકે કોઈક જીવ મરુદેવી માતાની જેમ સમકિત પામીને (વમ્યા સિવાય) તે ભવમાં જ મોક્ષે જાય, એ બીજો ભાંગો જાણવો. ૨. તથા કોઈક જીવને (**साईसंतं पि**) સાદિ સાંત મિથ્યાત્વ હોય છે. જેમકે કોઇ જીવ શ્રી મહાવીરસ્વામી વિગેરેની જેમ સમકિત પામીને પછી ફરીથી મિથ્યાત્વ પામે છે અને ત્યારપછી ફરીને સમકિત પામી મોક્ષે જાય છે. (**तं एवं**) એ ચોથો ભાંગો જાણવો. (સાદિ અનંત નામનો ત્રીજો ભાંગો મિથ્યાત્વના વિષયમાં હોતો નથી.) ૭૩.

ત્રીજો સાદિ સાંત નામનો ભાંગો મિથ્યાત્વને વિષે કેટલા કાળ સુધી રહે છે ? તે કહે છે:--

लहु अंतमुहू गुरुअं, देसूणमवड्डपुग्गलपरट्टं ।
सासाणं लहु समओ, आवलिछक्कं च उक्कोसं ॥ ७४ ॥

અર્થ:--તે સાદિ સાંત ભાંગે મિથ્યાત્વ (**लहु अंतमुहू**) જઘન્યથી અંતર્મુહૂર્ત્ત સુધી રહે છે, (**गुरुअं**) ઉત્કૃષ્ટથી (**देसूणमवड्डपुग्गलपरट्टं**) દેશે ઊણા અર્ધપુદ્ગલપરાવર્ત સુધી રહે છે ૧. (**सासाणं**) તથા સાસ્વાદન નામનું બીજું ગુણસ્થાનક (**लहु समओ**) જઘન્યથી એક સમય (**च**) અને (**उक्कोसं**) ઉત્કૃષ્ટથી (**आवलिछक्कं**) છ આવલિ સુધી રહે છે, તેથી વધારે રહેતું નથી ૨. ૭૪.

अजहन्नमणुक्कोसं, अंतमुहू मीसगं अह चउत्थं ।
समहिअतित्तीसयरे, उक्कोसं अंतमुहु लहुअं ॥ ७५ ॥

---

૧ કેટલાક ભવ્ય જીવો એવા પણ છે કે જે નિગોદમાંથી નીકળવાના જ નથી તે જાતિભવ્ય કહેવાય છે.

અર્થ:—(**मीसगं**) ત્રીજું મિશ્ર ગુણસ્થાનક (**अजहन्नमणुक्कोसं**) અજઘન્યોત્કૃષ્ટ અસંખ્ય સમયવાળા (**अंतमुहू**) અંતર્મુહૂર્ત્ત સુધી રહે છે. (**अह चउत्थं**) ચોથું અવિરતિ નામનું ગુણસ્થાન (**उक्कोसं**) ઉત્કૃષ્ટથી (**समहिअतित्तीसयरे**) તેત્રીશ સાગરોપમથી કાંઇક અધિક કાળ સુધી રહે છે; કારણ કે સવાર્થસિદ્ધ વિમાનની સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે, તેમાં એક મનુષ્ય ભવનું આયુષ્ય વધે છે, તે અપેક્ષાએ એટલું પ્રમાણ જાણવું. કહ્યું છે કે:—

' **साहिअ तित्तीसायर खइअं दुगुणं खओवसमं** ' (ક્ષાયિકને આશ્રીને તેત્રીશ સાગરોપમથી અધિક સ્થિતિ છે અને ક્ષાયોપશમિકને આશ્રીને તેથી બમણી સ્થિતિ છે.) એ સ્થળે છાસઠ સાગરોપમથી કાંઈક અધિક સ્થિતિ કહી છે તે સમ્યકત્વ છતાં પણ દેશવિરતિ વિગેરે ગુણસ્થાનકના અંતર્ગતપણાએ કરીને જાણવી. ચોથા ગુણસ્થાનકની (**लहुअं**) જઘન્ય સ્થિતિ (**अंतमुहु**) અંતર્મુહૂર્ત્તની જાણવી. ૪. ૭૫.

देसूणपुव्वकोडी, गुरुअं च अंतमुहु देसं ।
छट्ठाइगारसंता, लहु समया अंतमुहु गुरुआ ॥ ७६ ॥

અર્થ:—(**देसं**) પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકની (**गुरुअं**) ઉત્કૃષ્ટ સ્થિતિ (**देसूणपुव्वकोडी**) આઠ વર્ષે ઊણી ક્રોડ પૂર્વની જાણવી, કારણ કે કોઈક ક્રોડ પૂર્વના આયુષ્યવાળો જીવ આઠ વર્ષની ઉમ્મર થયા પછી દેશવિરતિને ગ્રહણ કરે, તેથી આ પ્રમાણે સ્થિતિ હોઇ શકે છે. તથા (**लहु**) જઘન્ય સ્થિતિ (**अंतमुहु**) અંતર્મુહૂર્ત્તની છે ૫. (**छट्ठाइगारसंता**) છઠ્ઠાથી અગ્યારમા પર્યંત છ ગુણસ્થાનકની (**लहु समया**) જઘન્ય સ્થિતિ એક સમયની છે, (**अंतमुहु गुरुआ**) છએની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. ૭૬.

(અહીં છઠ્ઠા સાતમા ગુણસ્થાનની સ્થિતિ ભેળી દેશે ઊણી ક્રોડ પૂર્વની સમજવી.)

अंतमुहुत्तं एगं, अलहुक्कोसं अजोगिखीणेसु ।
देसूणपुव्वकोडी, गुरुअं लहु अंतमुहु जोगी ॥ ७७ ॥

અર્થ:—(**अजोगि**) અયોગીકેવલી નામના ચોદમા અને (**खीणेसु**) ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકની (**अलहुक्कोसं**) જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ (**अंतमुहुत्तं एगं**) એક અંતર્મુહૂર્ત્તની છે. તથા (**जोगी**) સયોગી કેવલી નામના તેરમા ગુણસ્થાનકની (**गुरुअं**) ઉત્કૃષ્ટ સ્થિતિ (**देसूणपुव्वकोडी**) નવ વર્ષ ઊણી એક ક્રોડ પૂર્વની છે અને (**लहु अंतमुहु**) જઘન્ય અંતર્મુહૂર્ત્તની છે. ૭૭.

હવે બીજું ને ત્રીજું પ્રતિદ્વાર કહે છે:—

मीसे खीण सजोगी, न मरंत मरंतेगारसगुणेसु ।
तह मिच्छसासाणअविरइ सहपरभवगा न सेसट्ठा ॥७८॥

અર્થ:—(**मीसे**) ત્રીજા મિશ્ર ગુણસ્થાનકે, (**खीण**) બારમા ક્ષીણમોહે અને (**सजोगी**) સયોગી નામના તેરમે ગુણસ્થાને વર્તતા જીવ (**न मरंत**) મરણ પામતા નથી, (**मरंतेगारसगुणेसु**) બાકીના અગ્યાર ગુણસ્થાનને વિષે વર્તતા જીવ મરણ પામે છે. (એ બીજું પ્રતિદ્વાર પૂર્ણ થયું) હવે ઉત્તરાર્ધ ગાથાવડે ત્રીજું પ્રતિદ્વાર કહે છે (**तह मिच्छसासाणअविरइ**) તેમજ મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરતિ એ ત્રણ ગુણસ્થાનક (**सहपरभवगा**) સહિત જીવો પરભવમાં જાય છે અર્થાત્ તે ત્રણ ગુણસ્થાનો જીવની સાથે પરભવમાં જાય છે. (**न सेसट्ठा**) બાકીના આઠ ગુણસ્થાનો જીવની સાથે પરભવમાં જતા નથી. બારમા, તેરમા ને ચૌદમાની તો નિયમા મોક્ષગતિ જ છે. ૭૮. (અહીં ત્રીજું પ્રતિદ્વાર પૂર્ણ થયું.)

હવે ચોથું અલ્પબહુત્વ નામનું પ્રતિદ્વાર કહે છે:—

उवसंतिजिणा थोवा, संखिज्जगुणाओ खीणमोहिजिणा ।
सुहुमनिअट्टिअनिअट्टि, तिन्नि वि तुल्ला विसेसहिआ ॥ ७९ ॥

અર્થ: —આધારને વિષે આધેયનો ઉપચાર કરવાથી ગુણસ્થાનને ઠેકાણે ગુણસ્થાનને વિષે વર્તતા જીવો લેવાય છે. તેથી કરીને (**उवसंतिजिणा**) ઉપશાંતિ જિનો એટલે ઉપશાંતમોહ ગુણઠાણાને વિષે વર્તતા જીવો (**थोवा**) સર્વથી થોડા હોય છે, કારણ કે ઉપશમ શ્રેણી પ્રતિપદ્યમાન જીવો એક સમયમાં ઉત્કૃષ્ટથી ચોપન લભ્ય થાય છે. તેનાથી (**खीणमोहिजिणा**) ક્ષીણમોહી જિનો (**संखिज्जगुणाओ**) સંખ્યાતગુણા હોય છે, કારણ કે ક્ષપકશ્રેણી પ્રતિપદ્યમાન જીવો ઉત્કૃષ્ટા એક સમયે એક સો ને આઠ લભ્ય થઈ શકે છે. આ ઉત્કૃષ્ટની અપેક્ષાએ જાણવું, જઘન્યની અપેક્ષાએ તો તેથી ઉલટું પણ હોઈ શકે. જેમકે ક્ષીણમોહી થોડા હોય અને ઉપશાંતમોહી તેનાથી સંખ્યાતગુણા હોય. તેનાથી (ક્ષીણમોહથી) (**सुहुमनिअट्टिअनिअट्टि**) સૂક્ષ્મસંપરાય, અનિવૃતિ (અનિયટ્ટી) અને અપૂર્વકરણ (નિયટ્ટી) એ (**तिन्नि वि**) એ ત્રણે ગુણઠાણે વર્તતા જીવો (**विसेसहिआ**) વિશેષ અધિક હોય છે. (**तुल्ला**) તેઓ પોતપોતાને સ્થાને એકબીજાની (**तुल्य**) સરખા હોય છે. ૭૯.

जोगि अपमत्त इयरे, संखगुणा देस सासणा मिस्सा ।
अविरय अजोगि मिच्छा, चउर असंखा दुवे णंता ॥ ८० ॥

અર્થ:—તેનાથી (**जोगि**) સયોગી કેવલી (**संखगुणा**) સંખ્યાતગુણા હોય છે, કારણ કે તેઓ બેથી નવ ક્રોડ પામી શકાય છે. તેનાથી (**अपमत्त**)

અપ્રમત્ત સંખ્યાત ગુણા હોય છે, કારણ કે તેઓ બે હજાર ક્રોડથી નવ હજાર ક્રોડ પામી શકાય છે. તેનાથી (**इयरे**) બીજા પ્રમત્ત ગુણસ્થાનવાળા સંખ્યાત ગુણા હોય છે, કારણ કે ઘણા જીવો પ્રમાદી હોય છે અને પ્રમત્તપણું ઘણા કાળ સુધી રહે છે. તેનાથી (**देस सासणा मिस्सा**) દેશવિરત, સાસ્વાદન, મિશ્ર અને (**अविरय**) અવિરત (**चउर असंखा**) એ ચારે અસંખ્યાતગુણા હોય છે, કારણ કે દેશવિરતિને ધારણ કરનાર તિર્યંચો અસંખ્યાતા છે. સાસ્વાદનવાળા તો કોઇવાર ન પણ હોય અને હોય ત્યારે પણ જઘન્યથી એક બે હોય છે, તથા ઉત્કૃષ્ટથી દેશવિરતિ કરતાં અસંખ્યાતગુણા હોય છે. તેમનાથી મિશ્ર અસંખ્યાતગુણા હોય છે, કારણ કે સાસ્વાદનના છ આવલિકારૂપ ઉત્કૃષ્ટ કાળ કરતાં મિશ્રનો અંતર્મુહૂર્ત સંબંધી કાળ ઘણો મોટો છે. તેનાથી અવિરતિ જીવો અસંખ્યાતગુણા હોય છે, કારણ કે તે ગુણસ્થાને ચારે ગતિના જીવો હોય છે. ત્યારપછી (**अजोगि मिच्छा**) અયોગી અને મિથ્યાદષ્ટિ (**दुवे णंता**) એ બે અનંતા હોય છે. અવિરતોથી ભવસ્થ (કેવળી) અને અભવસ્થ (સિદ્ધ) એ બે પ્રકારના અયોગી અનંતગુણા હોય છે, કારણ કે સિદ્ધો અનંત છે. તેનાથી મિથ્યાદષ્ટિઓ અનંતગુણા છે, કારણ કે તેમાં અનંતા વનસ્પતિકાય જીવોનો સમાવેશ થાય છે. તેઓ મિથ્યાદષ્ટિ જ છે. આ પ્રમાણે ચોથું પ્રતિદ્વાર પૂર્ણ થયું અને તેથી કરીને ગુણસ્થાન નામનું બારમું દ્વાર પણ પૂર્ણ થયું. ૮૦.

હવે ગ્રંથનો ઉપસંહાર (સમાપ્તિ) કરે છે:—

चउदसगुणसोवाणे, इअ दुहरोहे कमेण रुहिऊणं ।
नरसुरमहिंदवंछिय–सिवपासाए सया वसह ॥ ८१ ॥

અર્થ:—(**इअ**) આ પ્રમાણે હે ભવ્ય જીવો ! (**चउदसगुणसोवाणे**) ચૌદ ગુણસ્થાનરૂપ પગથિયાં કે જે ભારેકર્મીઓવડે (**दुहरोहे**) દુઃખે આરોહણ કરાય તેવા છે, તેના પર (**कमेण**) અનુક્રમે (**रुहिऊणं**) આરોહણ કરીને (**नरसुरमहिंदवंछिय**) મનુષ્ય, દેવ અને તેના ઇંદ્રોએ પણ ઇચ્છેલા (**सिवपासाए**) મોક્ષરૂપ પ્રાસાદને વિષે જઇને (**सया वसह**) નિરંતર નિવાસ કરો. અથવા મનુષ્ય અને દેવોએ તથા મહેંદ્રસિંહ નામના સૂરિએ વાંછિત એવા મોક્ષપ્રાસાદને વિષે શાશ્વત નિવાસ કરો. આ અર્થથી ગ્રંથકારે પોતાનું નામ સૂચવ્યું છે. ૮૧.

શ્રી તપગચ્છરૂપી આકાશના આંગણામાં (મધ્યમાં) સૂર્ય સમાન શ્રી વિજયદેવ નામના સૂરિની આજ્ઞાથી વિનયકુશળ નામના મુનિએ આ વૃત્તિની રચના કરી છે.

શ્રીવિચારસપ્તતિકા પ્રકરણ વૃત્તિસહિતનો
ગુજરાતી અનુવાદ સંપૂર્ણ.

श्री आनंदविमळसूरिशिष्य वानरर्षिविरचित

श्री विचारपञ्चाशिका प्रकरण

(मूळ तथा भाषांतर युक्त)

वीरपयकयं नमिउं, देवासुरनरबिरेफसेविअयं ।
जिणसमयसमुद्दाओ, विचारपंचासियं वुच्छं ॥ १ ॥

ભાવાર્થ:—(**देवासुरनर**) સુર, અસુર અને મનુષ્યોરૂપી (**बिरेफ**) ભ્રમરોએ (**सेविअयं**) સેવન કરેલા (**वीरपयकयं**) શ્રીમહાવીરસ્વામીના ચરણ-કમળને (**नमिउं**) નમસ્કાર કરીને (**जिणसमय**) જિનેશ્વરે કહેલા સિદ્ધાન્તરૂપી (**समुद्दाओ**) સમુદ્રમાંથી ઉદ્ધરીને (**विचारपंचासियं**) વિચારપંચાશિકાને (**वुच्छं**) હું કહું છું. ૧.

વિશેષાર્થ:—આ વિચારપંચાશિકા નામના ગ્રંથમાં નવ પદાર્થોનો વિચાર કહેવામાં આવશે. તેમાં પ્રથમ શરીર સંબંધી વિચાર (૧). જીવ કેટલો કાળ ગર્ભમાં રહીને નરકે તથા સ્વર્ગે જાય તથા તે નરક અને સ્વર્ગમાંથી નીકળી મનુષ્ય અને તિર્યંચમાં આવી કેટલો કાળ જીવે ? તેનો વિચાર (૨). અપુદ્ગલી તથા પુદ્ગલીનો વિચાર (૩). સંમૂર્છિમ મનુષ્યની ગતિ તથા આગતિનો વિચાર (૪). પર્યાપ્તિનો વિચાર (૫). જીવાદિકનું અલ્પબહુત્વ (૬). પ્રદેશ પુદ્ગલ તથા અપ્રદેશ પુદ્ગલનો વિચાર (૭). કડજુમ્મા વિગેરેનો વિચાર (૮). અને પૃથ્વી આદિનું પરિમાણ (૯). એ નવ વિચાર કહેવાના પ્રારંભમાં પ્રથમ શરીરનું સ્વરૂપ-શરીર સંબંધી વિચાર વિસ્તારથી કહે છે:—

ओरालिय वेउव्विय, आहारग तेअ कम्मुणं भणियं ।
एयाण सरीराणं, नवहा भेयं भणिस्सामि ॥ २ ॥

ભાવાર્થ:—શરીરો (**ओरालिय**) ઔદારિક, (**वेउव्विय**) વૈક્રિય, (**आहारग**) આહારક, (**तेअ कम्मुणं**) તૈજસ અને કાર્મણ એ પાંચ (**भणियं**) કહ્યાં છે.

(**एयाण**) એ (**सरीराणं**) પાંચ શરીરના (**नवहा भेयं**) નવ ભેદોને (**भणिस्सामि**) હું કહીશ. ૨.

એ નવ ભેદો આ પ્રમાણે-કારણ ૧, પ્રદેશ સંખ્યા ૨, સ્વામી ૩, વિષય ૪, પ્રયોજન ૫, પ્રમાણ ૬, અવગાહના ૭, સ્થિતિ ૮ તથા અલ્પબહુત્વ ૯.

बायरपुग्गलबद्धं, ओरालिय उयारमागमे भणियं ।
सुहुमसुहुमेण तत्तो, पुग्गलबंधेण भणियाणि ॥ ३ ॥

અર્થ:—(**ओरालिय**) ઔદારિક શરીર (**बायरपुग्गलबद्धं**) બાદર-સ્થૂલ પુદ્ગલોથી બંધાયેલું છે. તે (**उयारं**) ઉદાર એટલે પ્રધાન છે. ઔદારિકની પ્રાધાન્યતાનું સ્વરૂપ-કારણ (**आगमे भणियं**) આગમને વિષે કહેલું છે. (**तत्तो**) તે ઔદારિકથકી ઉત્તરોત્તર (**सुहुमसुहुमेण**) સૂક્ષ્મ સૂક્ષ્મ (**पुग्गलबंधेण**) પુદ્ગલના બંધે કરીને બંધાયેલા બીજાં (ચાર) શરીરો (**भणियाणि**) કહેલા છે. ૩.

વિશેષાર્થ:—બાદર પુદ્ગલો એટલે સ્થૂલ પુદ્ગલોથી બંધાયેલ-ઉપચય પામેલ ઔદારિક શરીર છે. તે કેવું છે ? ઉદાર એટલે પ્રધાન છે. તેના પ્રાધાન્ય સંબંધી આવશ્યક સૂત્રમાં કહ્યું છે કે:—

જિનેશ્વરના રૂપથી ગણધરનું રૂપ અનંતગુણહીન હોય છે, ગણધરના રૂપથી અનંતગુણહીન આહારક શરીર છે, તેનાથી અનંતગુણહીન અનુત્તરવિમાન-વાસી દેવતાનું રૂપ છે, તેનાથી અનંતગુણહીન ગ્રૈવેયકવાસી દેવોનું રૂપ હોય છે. તેનાથી અચ્યુત દેવતાનું, તેનાથી આરણનું, એ રીતે પ્રાણત, આનત, સહસ્રાર, શુક્ર, લાંતક, બ્રહ્મ, માહેંદ્ર, સનત્કુમાર, ઇશાન, સૌધર્મ, ભવનપતિ અને જ્યોતિષી એ સર્વ દેવોનું રૂપ ઉત્તરોત્તર અનંતગુણ અનંતગુણ હીન હોય છે. જ્યોતિષી દેવથી વ્યંતરનું રૂપ અનંતગુણહીન છે, તેનાથી ચક્રવર્તીનું રૂપ અનંતગુણહીન છે, તેનાથી વાસુદેવનું રૂપ અનંતગુણહીન છે, તેનાથી બળરામનું રૂપ અનંતગુણહીન છે, તેનાથી મંડલિક રાજાનું રૂપ અનંતગુણહીન છે, ત્યાર પછીના બીજા રાજાઓ અને સર્વે મનુષ્યોનું રૂપ છ ઠાણ ગત હોય છે. તે છ સ્થાન આ પ્રમાણે-અનંતભાગહીન ૧, અસંખ્યભાગહીન ૨, સંખ્યાતભાગહીન ૩, સંખ્યાતગુણહીન ૪, અસંખ્યાતગુણહીન ૫ અને અનંતગુણહીન ૬. ઔદારિક શરીરથી સૂક્ષ્મ પુદ્ગલોવડે વૈક્રિય શરીર બંધાયેલું હોય છે, તેનાથી સૂક્ષ્મ પુદ્ગલોવડે આહારક શરીર બંધાયેલું છે, તેનાથી સૂક્ષ્મ પુદ્ગલોવડે તૈજસ અને તૈજસથી સૂક્ષ્મ પુદ્ગલોવડે કાર્મણ શરીર બંધાયેલું છે.

એ પાંચે શરીરના પ્રદેશની સંખ્યા કહે છે:—

ओरालिए अनंता, तत्तो दोसुं असंखगुणियाओ ।
तत्तो दोसु अणंता, पएससंखा सुए भणिया ॥ ४ ॥

અર્થઃ—(**ओरालिए अनंता**) ઔદારિક શરીરમાં અનંતા પ્રદેશો છે. (**तत्तो दोसुं**) તેનાથી બીજા બે શરીરમાં (**असंखगुणियाओ**) અસંખ્યાતગુણા છે, એટલે કે ઔદારિક શરીરમાં પ્રદેશો સર્વથી થોડા છે, તેનાથી વૈક્રિય શરીરમાં અસંખ્યાત ગુણ અધિક છે, અને તેનાથી આહારક શરીરમાં અસંખ્યાત ગુણ અધિક છે. (**तत्तो दोसु अणंता**) તેનાથી-તે આહારક શરીરથી છેલ્લા બે શરીરમાં અનંત ગુણા પ્રદેશો છે, એટલે કે આહારક શરીરથી અનંતગુણા તૈજસ શરીરમાં અને તૈજસથી અનંત ગુણા કાર્મણ શરીરમાં પ્રદેશો રહેલા છે. (**पएससंखा सुए भणिया**) એ પ્રમાણે પાંચ શરીરના પ્રદેશની સંખ્યા સિદ્ધાન્તમાં કહી છે. ૪.

હવે તેના સ્વામી કહે છે:—

तिरिअनराणमुरालं, वेउव्वं देवनारगाणं च ।
तिरियनराणं पि तहा, तल्लद्धिजुयाए तं भणियं ॥ ५ ॥

અર્થઃ—(**तिरिअनराणं**) તિર્યંચ અને મનુષ્યને (**उरालं**) ઔદારિક શરીર હોય છે, (**देवनारगाणं च**) દેવતાઓ અને નારકીઓને (**वेउव्वं**) વૈક્રિય શરીર હોય છે. (**तहा**) તેમજ (**तल्लद्धिजुयाए**) વૈક્રિયલબ્ધિવાળા કેટલાક (**तिरिनराणं पि**) તિર્યંચ મનુષ્યોને પણ (**तं भणियं**) તે વૈક્રિય શરીર કહ્યું છે. ૫.

चउदसपुव्विजईणं, होइ आहारगं न अन्नेसिं ।
तेअं कम्मण भणियं, संसारत्थाण जीवाणं ॥ ६ ॥

અર્થઃ—(**चउदसपुव्विजईणं**) ચૌદપૂર્વને ધારણ કરનાર મુનિઓને (**होइ आहारगं**) આહારક શરીર હોઇ શકે છે, (**न अन्नेसिं**) તે સિવાય બીજાને તે (આહારક) શરીર હોતું નથી. (**तेअं कम्मण**) તથા તૈજસ અને કાર્મણ એ બે શરીર (**संसारत्थाण जीवाणं**) સર્વે ચારે ગતિવાળા સંસારી જીવોને હોય છે એમ (**भणिअं**) કહ્યું છે. ૬.

હવે તે પાંચે શરીરનો વિષય કહે છે:—

ओरालियस्स विसओ, तिरियं विज्जाहराणमासज्ज ।
आनंदीसर गुरुओ, जंघाचरणाण आरुयगो ॥ ७ ॥

અર્થ:—(**ओरालियस्स**) ઔદારિક શરીરનો (**विसओ**) વિષય (**विज्जाहराणमासज्ज**) વિદ્યાધરોને આશ્રીને (**तिरियं**) તીર્છો (**आनंदीसर गुरुओ**) ઉત્કૃષ્ટથી નંદીશ્વરદ્વીપ સુધી છે, તથા (**जंघाचारणाण**) જંઘાચારણ મુનિને આશ્રીને (**आरुयगो**) ઉત્કૃષ્ટથી રુચક પર્વત સુધી છે. ૭.

उड्ढं उभयाणं पिय, आपंडगवणं सुए सया भणिओ ।
वेउव्वियस्स विसओ, असंखदीवा जलहिणो य ॥ ८ ॥

અર્થ:—(**उड्ढं**) ઉંચે ગતિ કરવામાં (**उभयाणं पिय**) તે બન્નેનો એટલે વિદ્યાધર અને જંઘાચારણ મુનિનો વિષય (**आपंडगवणं**) મેરુપર્વત ઉપરના પંડક નામના વન સુધી (**सुए सया भणिओ**) કાયમને માટે સિદ્ધાન્તમાં કહેલ છે. (**वेउव्वियस्स विसओ**) વૈક્રિય શરીરનો વિષય (**असंखदीवा**) અસંખ્ય દ્વીપ (**जलहिणो य**) અને સમુદ્રો સુધી છે. ૮.

आहारगस्स विदेहा, तेयाकम्माण सव्वलोगो य ।
ओरालियस्स कज्जं, केवलधम्माइयं भणियं ॥ ९ ॥

અર્થ:—(**आहारगस्स**) આહારક શરીરનો વિષય (**विदेहा**) મહાવિદેહ ક્ષેત્ર પર્યંત છે, (**तेयाकम्माण**) તથા તૈજસ અને કાર્મણ શરીરનો વિષય (**सव्वलोगो य**) સમગ્ર લોક છે; કેમકે જીવ કેવળીસમુદ્ઘાત કરે છે ત્યારે તે સર્વલોકમાં વ્યાપી જાય છે.

હવે તે પાંચે શરીરનું પ્રયોજન (પાંચમો ભેદ) કહે છે.

(**ओरालियस्स कज्जं**) ઔદારિક શરીરનું પ્રયોજન (**केवलधम्माइयं**) કેવલજ્ઞાન, ધર્મ તથા સુખદુઃખાદિકની પ્રાપ્તિ એટલે અનુભવ કરવો તે (**भणियं**) કહેલ છે. ૯.

थुलसुहुमं च रूवं, एगअणेगाइ कज्जयं कहियं ।
वेउव्वियस्स आहारगस्स संदेहविच्छेयं ॥ १० ॥

અર્થ:—(**थुलसुहुमं च**) સ્થૂલ અને સૂક્ષ્મ એવાં (**रूवं**) રૂપ (**एगअणेगाइ**) એક અથવા અનેક કરવાં એ (**वेउव्वियस्स**) વૈક્રિય શરીરનું (**कज्जयं**

कहियं) કાર્ય-પ્રયોજન કહેલું છે, તથા (संदेहविच्छेयं) સૂક્ષ્મ પદાર્થના સંબંધમાં થયેલા સંશયનો વિનાશ કરવો-આહારકશરીરવડે કેવળી પાસે જઈ પૂછી લેવું ઈત્યાદિક (आहारगस्स) આહારક શરીરનું પ્રયોજન કહ્યું છે. ૧૦.

तेजससरीरकज्जं, आहारपायं सुए समक्खायं ।
सावाणुग्गहणं पुण, कम्मणस्स भवंतरे गइयं ॥ ११ ॥

અર્થઃ—(आहारपायं) ખાધેલા આહારનો પરિપાક કરવો તથા (सावाणुग्गहणं) શાપ દેવો અથવા અનુગ્રહ કરવો-આશિષ દેવી એ (तेजससरीरकज्जं) તૈજસ શરીરનું પ્રયોજન છે, એમ (सुए समक्खायं) શ્રુતમાં કહ્યું છે; (पुण) તથા (भवंतरे गइयं) એક ભવમાંથી બીજા ભવમાં ગતિ કરવી તે (कम्मणस्स) કાર્મણ શરીરનું પ્રયોજન છે. ૧૧.

હવે એ પાંચે શરીરનું પ્રમાણ (છઠ્ઠો ભેદ) કહે છેઃ—

ओरालियं सरीरं, जोयणदससयपमाणओ अहियं ।
वेउव्वियं च गुरुअं, जोअणलक्खं समहियं वा ॥ १२ ॥

અર્થઃ—(ओरालियं सरीरं) એક ઔદારિક શરીર ઉત્કૃષ્ટ (पमाणओ) પ્રમાણથી (जोयणदससय) એક હજાર જોજનથી કાંઈક (अहियं) અધિક છે, (वेउव्वियं च) અને એક વૈક્રિય શરીરનું (गुरुअं) ઉત્કૃષ્ટ માન (जोअणलक्खं) લાખ જોજન (वा) અથવા તેથી કાંઈક (समहियं) અધિક છે. આ વિષય પર પ્રજ્ઞાપના સૂત્રના એકવીશમા પદમાં કહ્યું છે કે--તિર્યંચ જાતિમાં બાદરપર્યાપ્ત વાયુકાય, જળચર, ચતુષ્પદ (ચાર પગવાળા જાનવરો), ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચરો (પક્ષીઓ) ને તથા સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો-આટલાને જ વૈક્રિય શરીર હોય છે, તે સિવાય બીજાને વૈક્રિય શરીરનો નિષેધ છે; કેમકે તેઓને ભવસ્વભાવથી જ વૈક્રિયલબ્ધિનો અસંભવ છે. ૧૨. (ઔદારિકનું પ્રમાણ બાદર વનસ્પતિકાય (કમળાદિ) ને લઈને કહેલ છે અને વૈક્રિયનું પ્રમાણ ઉત્તરવૈક્રિય દેવકૃતને લઈને કહેલ છે.)

आहारगं सरीरं, हत्थपमाणं सुए समक्खायं ।
तेयसकम्मणमाणं, लोयपमाणं सया भणियं ॥ १३ ॥

અર્થઃ—(आहारगं सरीरं) આહારક શરીરનું (हत्थपमाणं) પ્રમાણ એક હાથનું (सुए) શ્રુતમાં (समक्खायं) કહ્યું છે. (तेयसकम्मण) તૈજસ

અને કાર્મણ શરીરનું (**माणं**) માન ઉત્કૃષ્ટથી (**लोयपमाणं**) લોક પ્રમાણ (લોક જેવડું) (**सया भणियं**) સદા કહ્યું છે. ૧૩ (લોકપ્રમાણ કેવળીસમુદ્ઘાતને લઈને જાણવું.)

હવે પાંચે શરીરની અવગાહના (સાતમો ભેદ) કહે છે:—

अस्संखपएसठियं, ओरालियमयं जिणेण वज्जरियं ।
इत्तो य बहुयरेसुं, चवियं वेउव्वियसरीरं ॥ १४ ॥

અર્થ:—(**ओरालियमयं**) ઔદારિક શરીર (**अस्संखपएसठियं**) અસંખ્યાતા આકાશપ્રદેશમાં સ્થિત છે, એમ (**जिणेण**) જિનેશ્વરે (**वज्जरियं**) કહ્યું છે; (**वेउव्वियसरीरं**) વૈક્રિય શરીર (**इत्तो य**) તે કરતાં (**बहुयरेसुं चवियं**) વધારે આકાશપ્રદેશમાં રહેલું છે એમ કહ્યું છે. ૧૪.

एहिंतो अप्पंमी, पएसवग्गे तईय वज्जरियं ।
सव्वे लोगागासे, तेयसकम्माण गाहणयं ॥ १५ ॥

અર્થ:—(**एहिंतो**) ઉપર કહેલા બે શરીર કરતાં (**अप्पंमी**) અલ્પ (થોડા) (**पएसवग्गे**) પ્રદેશવર્ગમાં (**तईय**) ત્રીજા આહારક શરીરની અવગાહના (**वज्जरियं**) કહેલી છે. તથા (**तेयसकम्माण**) તૈજસ અને કાર્મણ શરીરની (**गाहणयं**) ઉત્કૃષ્ટ અવગાહના (**सव्वे लोगागासे**) સર્વ લોકાકાશ પ્રદેશમાં કહેલી છે. ૧૫.

હવે પાંચ શરીરની સ્થિતિનો ભેદ (આઠમો પ્રકાર) કહે છે:—

अंतोमुहुत्त लहुयं, ओरालियआउमाण संगहियं ।
गुरुयं तिपल्लमुत्तं, वेउव्वे अह भणिस्सामि ॥ १६ ॥

અર્થ:—(**ओरालिय**) ઔદારિક શરીરના (**आउमाण**) આયુષ્યનું પ્રમાણ (સ્થિતિનું માન) (**लहुयं**) જઘન્ય (**अंतोमुहुत्त**) અંતર્મુહૂર્તનું (**संगहियं**) સમ્યક્ પ્રકારે ગ્રહણ કરેલું-કહેલું છે. (**गुरुयं**) અને ઉત્કૃષ્ટથી (**तिपल्लमुत्तं**) ત્રણ પલ્યોપમનું કહ્યું છે. (**अह**) હવે (**वेउव्वे**) વૈક્રિય વિષે (**भणिस्सामि**) કહું છું. ૧૬.

दसवरिससहस्साइं, उक्कोसं सागराणि तित्तीसं ।
उत्तरवेउव्वियंमि, लहुय मुहुत्तं गुरुयमेवं ॥ १७ ॥

અર્થ:—(વૈક્રિય શરીરનું આયુષ્યમાન) જઘન્ય (**दसवरिससहस्साइं**) દશ હજાર વર્ષનું અને (**उक्कोसं**) ઉત્કૃષ્ટ (**सागराणि तित्तीसं**) તેત્રીશ સાગરો-પમનું છે. તથા (**उत्तरवेउव्वियंमि**) ઉત્તર વૈક્રિયનું આયુષ્ય-સ્થિતિ (**लहुय मुहुत्तं**) જઘન્ય અંતર્મુહૂર્ત્તની છે અને (**गुरुयमेवं**) ઉત્કૃષ્ટથી આ પ્રમાણે છે, એટલે આગળ લખેલી જીવાભિગમની ગાથામાં કહેલ છે તે પ્રમાણે છે. ૧૭.

अंतोमुहुत्त निरएसु, होइ (मुहुत्त) चत्तारि तिरियमणुएसु।
देवेसु अद्धमासो, उक्कोस विउव्वणे कालो ॥ १८ ॥

અર્થ:—(**निरएसु**) નરકને વિષે ઉત્તરવૈક્રિયનું ઉત્કૃષ્ટ કાળપ્રમાણ (**अंतो-मुहुत्त होइ**) અંતર્મુહૂર્ત્તનું છે, (**तिरियमणुएसु**) તિર્યંચ અને મનુષ્યનું (**चत्तारि**) ચાર મુહૂર્ત્તનું છે, (**देवेसु**) દેવતાઓને વિષે (**अद्धमासो**) અર્ધ માસનું છે. આ પ્રમાણે (**उक्कोस विउव्वणे**) ઉત્કૃષ્ટપણે વૈક્રિય શરીરનું (**कालो**) સ્થિતિ-માન જાણવું. ૧૮. શ્રી ભગવતીસૂત્રમાં વાયુકાયિકને તથા પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને ઉત્કૃષ્ટપણાથી પણ ઉત્તરવૈક્રિય શરીરનું સ્થિતિમાન અન્તર્મુહૂર્ત્તનું કહ્યું છે. તેનું રહસ્ય જ્ઞાનીગમ્ય છે.

आहारगस्स कालो, अंतमुहुत्तं जहन्नमुक्किट्ठो ।
तेयसकम्मणरूवे, सव्वेसिमणाइए भणिए ॥ १९ ॥

અર્થ:—(**आहारगस्स**) આહારક શરીરનું (**कालो**) કાળમાન (**जहन्नं**) જઘન્યથી તથા (**उक्किट्ठो**) ઉત્કૃષ્ટથી (**अंतमुहुत्तं**) અંતર્મુહૂર્ત્તનું છે, તથા (**तेयस**) તૈજસ અને (**कम्मणरूवे**) કાર્મણ શરીર (**सव्वेसिमणाइए**) સર્વ (ભવ્ય અને અભવ્ય) જીવોને અનાદિ (**भणिए**) કહેલું છે. (અર્થાત્ તૈજસ અને કાર્મણ શરીર અનાદિ કાળથી જીવને લાગેલ છે.) ૧૯.

भव्वे सपज्जवसिए, अपज्जवसिए अभव्वजीवेसु ।
अप्पबहुत्तं भणिमो, एगं दो वा जहन्नेणं ॥ २० ॥
उक्कोस नवसहस्सा, आहारसरीरगा हवंति सुए ।
अंतरमस्स जहन्नं, समयं छम्मास गुरु भणियं ॥ २१ ॥

અર્થ:—તેજસ કાર્મણ શરીર (**भव्वे**) ભવ્ય પ્રાણીને આશ્રીને (**सपज्ज-वसिए**) સપર્યવસિત એટલે સાંત અને (**अभव्वजीवेसु**) અભવ્ય જીવોને આશ્રીને (**अपज्जवसिए**) અપર્યવસિત એટલે અનંત કહેલ છે.

હવે તે પાંચે શરીરનું (**अप्पबहुत्तं**) અલ્પબહુત્વ (નવમો ભેદ) (**भणिमो**) કહીએ છીએઃ—સર્વ કરતાં આહારક શરીર થોડા છે, કેમકે તે કદાચિત્ સંભવે છે. જ્યારે તેનો સંભવ હોય છે ત્યારે પણ (**जहन्नेणं**) જઘન્યથી (**एगं दो वा**) એક કે બે હોય છે અને (**उक्कोस**) ઉત્કૃષ્ટપણે (**नवसहस्सा**) નવ હજાર (**आहार-सरीरगा**) આહારક શરીર (**हवंति**) હોય છે. (**सूए**) સિદ્ધાંતમાં (**अंतरमस्स**) એ શરીરનું અંતર (આંતરું) (**जहन्नं**) જઘન્યથી (**समयं**) એક સમયનું અને (**गुरु**) ઉત્કૃષ્ટથી (**छम्मास भणियं**) છ માસનું કહેલું છે. ૨૦-૨૧.

इत्तो असंख वेउव्विआणि हुंति (य) सरीरगाणि जए।
तत्तो असंखगुणिआ, ओरालिअदेहसंघाया ॥ २२ ॥

અર્થઃ—(**इत्तो**) એ આહારક શરીરથી (**जए**) જગતમાં (**वेउव्विआणि**) વૈક્રિય (**सरीरगाणि**) શરીરો (**असंख**) અસંખ્યગુણા (**हुंति**) છે. (**तत्तो**) તે વૈક્રિય શરીરોથી (**ओरालिअ देहसंघाया**) ઔદારિક શરીરના સમૂહો (**असंखगुणिआ**) અસંખ્યગુણા છે. ૨૨.

(અનંતા નિગોદ જીવોનું શરીર ઔદારિક એક જ હોવાથી ઔદારિક શરીર અસંખ્યાતા જ છે.)

तत्तो तेअसकम्मण, हुंति सरीराणिणंतगुणिआणि ।
वित्थर भेयविआरो, णेअव्वो सुअसमुद्दाओ ॥ २३ ॥

અર્થઃ—(**तत्तो**) તે ઔદારિક શરીરોથી (**तेअसकम्मण**) તૈજસ અને કાર્મણ (**सरीराणि**) શરીરો પ્રત્યેક જીવને એકેક જુદા જુદા હોવાથી (**अणंतगुणिआणि**) અનંતગુણા (**हुंति**) છે. (**भेय**) આ નવે ભેદોનો (**वित्थर**) વિસ્તારથી (**विआरो**) વિચાર (**सुअसमुद्दाओ**) શ્રુતરૂપી સમુદ્રથી (**णेअव्वो**) જાણી લેવો. (અર્થાત્ અહીં સંક્ષેપથી કહ્યો છે.) ૨૩.

પ્રથમ શરીરનો વિચાર કહ્યો, હવે બીજો વિચાર કહે છેઃ—

नरसंखाउयगमणं, रयणाए भवण जाव ईसाणे ।
ताण तणु जहन्नेणं, परिमाणं अंगुलपहुत्तं ॥ २४ ॥
ताण ठिइ जहन्नेणं, मासपहुत्तंति होइ नायव्वा ।
उक्कोस पुव्वकोडी, जेट्ठतणू पंचधणुहसयं ॥ २५ ॥

અર્થ:—(**नरसंखाउय**) સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા જે ગર્ભજ મનુષ્યો (**रयणाए**) રત્નપ્રભા નામની પહેલી નરકે અને ઉપર (**भवण जाव ईसाणे**) ભવનપતિમાં, વ્યંતરમાં, જ્યોતિષીમાં અને સૌધર્મ તથા ઇશાન દેવલોક સુધી (**गमणं**) જાય છે, (**ताव तणु**) તેઓના શરીરનું (**परिमाणं**) પ્રમાણ (**जहन्नेणं**) જઘન્યથી (**अंगुलपहुत्तं**) અંગુળ પૃથક્ત્વ (બેથી નવ આંગળનું) હોય છે. (**ताण ठिइ**) અને તેની સ્થિતિ એટલે આયુષ્ય (**जहन्नेणं**) જઘન્યથી (**मासपहुत्तं**) માસ પૃથક્ત્વ (બેથી નવ માસ) નું (**होइ**) હોય છે એમ (**नायव्वा**) જાણવું. તથા તેમની (**उक्कोस**) ઉત્કૃષ્ટ સ્થિતિનું માન (**पुव्वकोडी**) ક્રોડ પૂર્વનું છે અને (**जेट्ठतणु**) ઉત્કૃષ્ટ શરીરનું પ્રમાણ (**पंचधणुहसयं**) પાંચ સો ધનુષનું હોય છે. ૨૪–૨૫.

सक्करसणाइएसुं, मणुयाणं तणु जहन्नओ होइ ।
रयणिपहुत्तं णेअं, उक्कोसं पुव्वभणिअं तु ॥ २६ ॥

અર્થ:—જે મનુષ્યોનું ગમન (**सक्कर**) શર્કરાપ્રભા નરકપૃથ્વીથી આરંભીને છએ નરકમાં તથા (**सणाइएसुं**) સનત્કુમાર દેવલોકથી આરંભીને અનુત્તર વિમાન પર્યંત હોય છે તે (**मणुयाणं तणु**) મનુષ્યોના શરીરનું માન (**जहन्नओ**) જઘન્યથી પણ (**रयणिपहुत्तं**) રત્નીપૃથક્ત્વ એટલે બેથી નવ હાથનું (**होइ**) હોય છે અને (**उक्कोसं**) ઉત્કૃષ્ટથી (**पुव्वभणिअं तु**) પૂર્વે કહેલું છે એટલું એટલે પાંચ સો ધનુષનું (**णेअं**) જાણવું. ૨૬.

ताण ठिइ जहन्नेणं, वासपहुत्तं तु होइ णायव्वा ।
उक्कोसा पुव्वं पिव, आगममाणस्स एमेव ॥ २७ ॥

અર્થ:—(**ताण ठिइ**) તેમની સ્થિતિ (આયુ) (**जहन्नेणं**) જઘન્ય (**वासपहुत्तं तु**) બેથી નવ વર્ષની (**होइ**) હોય છે અને (**उक्कोसा**) ઉત્કૃષ્ટ (**पुव्वं पिव**) પૂર્વે કહ્યા પ્રમાણે એટલે ક્રોડ પૂર્વની હોય છે. (**णायव्वा**) એમ જાણવું. (**आगममाणस्स**) આગમનનું પ્રમાણ પણ (**एमेव**) એ જ પ્રકારે જાણવું. શી રીતે જાણવું ? તે વિવરીને કહે છે:—

રત્નપ્રભા પૃથ્વીથી નીકળીને જેઓ ગર્ભજ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે તેમની સ્થિતિ જઘન્ય બેથી નવ માસની હોય છે, અર્થાત્ તેટલા કાળની અંદર તેઓ કાળધર્મ પામતા નથી અને તેઓના શરીરનું જઘન્ય પ્રમાણ બેથી નવ અંગુળનું હોય છે. તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ એક ક્રોડ પૂર્વની હોય છે અને તેમના શરીરનું માન ઉત્કૃષ્ટ પાંચ સો ધનુષનું હોય છે. જેઓ શર્કરાપ્રભાદિક પાંચ નરકભૂમિમાંથી આવીને ગર્ભજ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે, તેઓની જઘન્ય

સ્થિતિ બેથી નવ વર્ષની હોય છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક ક્રોડ પૂર્વની હોય છે. તથા જેઓ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઇશાન દેવલોકથી આવીને ગર્ભજ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે તેઓની જઘન્ય સ્થિતિ બેથી નવ માસની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રોડ પૂર્વની હોય છે તેઓના શરીરનું માન જઘન્યથી બેથી નવ અંગુળનું હોય છે અને ઉત્કૃષ્ટથી પાંચ સો ધનુષનું હોય છે. જેઓ સનત્કુમારથી આરંભીને અનુત્તર વિમાન સુધીના દેવલોકથી ચ્યવીને ગર્ભજ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે તેઓની જઘન્ય સ્થિતિ બેથી નવ વર્ષની હોય છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રોડ પૂર્વની હોય છે તેઓનું શરીર જઘન્યથી બેથી નવ હાથનું હોય છે અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષનું હોય છે. ૨૭.

એ રીતે બીજો વિચાર કહ્યો હવે પુદ્‌ગલી અને અપુદ્‌ગલી નામનો ત્રીજો વિચાર કહે છે:—

धम्माधम्मागासा, जीवा कालो य खायगं चेव ।
सासायण उवसमियं, अपुग्गलाइं तु एआइं ॥ २८ ॥

અર્થ:—(**धम्मा**) ધર્માસ્તિકાય, (**अधम्मा**) અધર્માસ્તિકાય, (**आगासा**) આકાશાસ્તિકાય, (**जीवा**) જીવ, (**कालो य**) કાળ, (**खायगं चेव**) ક્ષાયિકભાવ, (**सासायण**) સાસ્વાદનભાવ અને (**उवसमियं**) ઔપશમિકભાવ, (**एआइं**) એ આઠ (**अपुग्गलाइं तु**) અપૌદ્‌ગલિક છે. ૨૮.

ओरालिअ वेउव्विअ, आहारग तेयसं झूणी (य) मणो ।
उस्सासं निस्सासं, कम्मण कम्माणि छाय तमो ॥२९॥
वग्गणअणंत आयव, मिस्सखंधो अचित्तमहखंधो ।
वेअग खाओवसमं, उज्जोय पुग्गल सुए भणिअं ॥३०॥

અર્થ:—(**ओरालिअ**) ઔદારિક, (**वेउव्विअ**) વૈક્રિય, (**आहारग**) આહારક, (**तेयसं**) તૈજસ, (**झूणी**) ધ્વનિ(ભાષા), (**मणो**) મન, (**उस्सासं निस्सासं**) ઉચ્છ્વાસ નિઃશ્વાસ, (**कम्मण**) કાર્મણશરીર, (**कम्माणि**) કર્મ, (**छाय**) છાયા-પડછાયો, (**तमो**) અંધકાર, (**वग्गणअणंत**) અનંતી વર્ગણા, (**आयव**) આતપ, (**मिस्सखंधो**) મિશ્રસ્કંધ, (**अचित्तमहखंधो**) અચિત્ત-મહાસ્કંધ, (**वेअग**) વેદક સમકિત, (**खाओवसमं**) ક્ષાયોપશમ સમકિત અને (**उज्जोअ**) ઉદ્યોત એ અઢાર (**पुग्गल**) પુદ્‌ગલિક છે, એમ (**सुए**) શ્રુતમાં (**भणिअं**) કહેલું છે. ૨૯-૩૦.

એ રીતે ત્રીજો વિચાર કહ્યો, હવે સંમૂર્છિમ મનુષ્યની ગતિ અને આગતિ નામનો ચોથો વિચાર કહે છે:—

नेरइअदेवअगणी–वाउ य वज्जिअ असंखजीवाओ ।
सेसा सव्वे वि जिया, समुच्छिममणुएसु गच्छंति ॥ ३१ ॥

અર્થ:—(**नेरइअ**) નારકી, (**देव**) દેવતા, (**अगणी**) અગ્નિકાય, (**वाउ य**) વાયુકાય, (**असंखजीवाओ**) અસંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યો એટલાને (**वज्जिअ**) વર્જીને (**सेसा सव्वे वि जिया**) બાકીના સર્વે સંસારી જીવો (**समुच्छिममणुएसु**) સંમૂર્છિમ મનુષ્યમાં (**गच्छंति**) જાય છે–ઉત્પન્ન થાય છે. ૩૧.

नेरइअदेवजुयला, वज्जिअ सेसेसु जीवठाणेसु ।
मुच्छिमनराण गमणं, सव्वे वि अ पढमगुणठाणी ॥३२॥

અર્થ:—(**मुच्छिमनराण**) સંમૂર્છિમ મનુષ્યોનું (**गमणं**) ગમન–ઉત્પત્તિ (**नेरइअदेवजुयला**) નારકી, દેવ અને યુગલિયાને (**वज्जिअ**) વર્જીને (**सेसेसु**) બાકીના (**जीवठाणेसु**) જીવસ્થાનકોને વિષે હોય છે, (**अ**) અને તેઓ (**सव्वे वि**) સર્વે (**पढमगुणठाणी**) પ્રથમ ગુણસ્થાનમાં વર્તનારા એટલે મિથ્યાદૃષ્ટિ, અન્તર્મુહૂર્ત્તની ભવસ્થિતિવાળા અને એથી નવમુહૂર્ત્તની કાયસ્થિતિવાળા હોય છે. ૩૨.

એ રીતે ચોથો વિચાર કહ્યો, હવે પર્યાપ્તિના સ્વરૂપનો પાંચમો વિચાર કહે છે:—

आहार सरीरिंदिय, ऊसासे वय मणे छ पज्जत्ती ।
चउ पंच पंच छप्पिय, इगविगलामणसमणतिरिए ॥३३॥
गब्भय नर निरएसुं, छप्पिय पज्जत्ति पंच देवाणं ।
जं तेसि वयमणाणं, दोण्ह वि पज्जत्ति समकालं ॥ ३४ ॥

અર્થ:—(**आहार**) આહાર પર્યાપ્તિ, (**सरीरिंदिय**) શરીર પર્યાપ્તિ, ઇંદ્રિયપર્યાપ્તિ (**उसासे**) ઉચ્છ્વાસ પર્યાપ્તિ, (**वय**) વચન પર્યાપ્તિ, (**मणे**) અને મન પર્યાપ્તિ એ (**छ पज्जत्ती**) છ પર્યાપ્તિ છે. તેમાં (**इग**) એકેંદ્રિયોને (**चउ**) પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે. (**विगला**) એટલે દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિયને (**पंच**) પહેલી પાંચ પર્યાપ્તિઓ હોય છે, (**अमण**) અસંજ્ઞી મનુષ્ય અને (**तिरिए**) તિર્યંચને એટલે સંમૂર્છિમ પંચેંદ્રિય મનુષ્ય અને તિર્યંચને (**पंच**) પહેલી પાંચ પર્યાપ્તિઓ હોય છે. તથા (**समण**) સંજ્ઞી ગર્ભજ તિર્યંચોને (**छप्पिय**) છએ પર્યાપ્તિઓ હોય છે. (**गब्भय नर**) ગર્ભજ મનુષ્યો અને (**निरएसुं**) નારકીઓને (**छप्पिय पज्जत्ति**) છએ પર્યાપ્તિઓ હોય છે, તથા (**पंच देवाणं**) દેવતાઓને પાંચ પર્યાપ્તિઓ હોય છે. (**जं**) કારણ કે (**तेसि**) દેવતાઓને (**वयमणाणं**) વચન અને મન સંબંધી

(दोण्ह) બે **(पज्जत्ति)** પર્યાપ્તિઓ **(समकालं)** સમકાળે–એકી વખતે જ પૂર્ણ થાય છે. શ્રી રાજપ્રશ્નીય ઉપાંગને વિષે કહ્યું છે કે–' ત્યારપછી તે સૂર્યાભ દેવતા પાંચ પ્રકારના પર્યાપ્તિભાવને પામ્યો. તે આ પ્રમાણે:–આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઇંદ્રિય પર્યાપ્તિ, ઉચ્છ્વાસ પર્યાપ્તિ, તથા વચન મન પર્યાપ્ત.' ૩૨ થી ૩૪.

उरलविउव्वाहारे, छण्ह वि पज्जत्ति जुगवमारंभो ।
तिण्हं पढमिगसमए, बीआ अंतोमुहुत्तिआ हवइ ॥३५॥
पिहु पिहु असंखसमइय, अंतमुहुत्ता उरालि चउरोऽवि ।
पिहु पिहु समया चउरो, हुंति(तह)विउव्वियाहारे ॥ ३६ ॥

અર્થ:—(**उरल**) ઔદારિક, (**विउव्वाहारे**) વૈક્રિય અને આહારક શરીરવાળાને (**छण्हवि**) છએ (**पज्जत्ति**) પર્યાપ્તિનો **(जुगवमारंभो)** આરંભ સમકાળે જ થાય છે. તેમાં (**तिण्हं**) તે ત્રણે શરીરવાળાને (**पढमिगसमए**) પહેલી આહાર પર્યાપ્તિ એક સમયમાં થાય છે અને (**बीआ**) બીજી શરીર પર્યાપ્તિ **(अंतोमुहुत्तिआ)** અંતર્મુહૂર્તે (**हवइ**) થાય છે. (**उरालि चउरोऽवि**) ઔદારિક શરીરવાળાને છેલ્લી ચારે પર્યાપ્તિઓ **(पिहु पिहु)** જુદા જુદા **(असंखसमइय)** અસંખ્ય અસંખ્ય સમયવાળા **(अंतमुहुत्ता)** અંતર્મુહૂર્તે પૂર્ણ થાય છે, **(तह)** તથા (**विउव्वियाहारे**) વૈક્રિય અને આહારક શરીરવાળાને (**चउरो**) ચારે પર્યાપ્તિઓ (**पिहु पिहु**) ભિન્ન ભિન્ન (**समया**) સમયે (**हुंति**) થાય છે. એટલે કે પહેલે સમયે ઇંદ્રિય પર્યાપ્તિ, બીજે સમયે ઉચ્છ્વાસ પર્યાપ્તિ, ત્રીજે સમયે વચન પર્યાપ્તિ અને ચોથે સમયે મન પર્યાપ્તિ. એ પ્રમાણે પૂર્ણ થાય છે. ૩૫–૩૬.

छण्हवि सममारंभो, पढमा समएण अंतमुहु बीया ।
तितुरिअ समए समए, सुरेसु पण छट्ठ इगसमए ॥३७॥

અર્થ:—(**सुरेसु**) દેવતાઓને (**छण्हवि**) છએ પર્યાપ્તિનો (**सममारंभो**) આરંભ સમકાળે થાય છે. પછી તેમાંની (**पढमा**) પહેલી આહાર પર્યાપ્તિ (**समएण**) એક સમયે પૂર્ણ થાય છે, (**बीया**) બીજી શરીર પર્યાપ્તિ (**अंतमुहु**) અંતર્મુહૂર્તે પૂર્ણ થાય છે, (**ति**) ત્રીજી અને (**तुरिअ**) ચોથી (**समए समए**) એક એક સમયે પૂર્ણ થાય છે એટલે ત્રીજી ઇંદ્રિય પર્યાપ્તિ એક સમયે થાય છે, ચોથી ઉચ્છ્વાસ પર્યાપ્તિ ત્યારપછીના બીજે સમયે થાય છે. (**पण**) પાંચમી વચન પર્યાપ્તિ અને (**छट्ठ**) છઠ્ઠી મન પર્યાપ્તિ (**इगसमए**) એક જ સમયે પૂર્ણ થાય છે. ૩૭.

જે જીવો પોતપોતાની પર્યાપ્તિઓવડે અપર્યાપ્તા છતા જ મરણ પામે છે તેઓ

પણ પહેલી ત્રણ પર્યાપ્તિઓને તો સમાપ્ત એટલે પૂર્ણ કરીને પછી એક અંતર્મુહૂર્ત્તમાં આયુષ્ય બાંધીને (આયુષ્યનો બંધ કરીને) અને ત્યારપછી અબાધાકાળરૂપ અંતર્મુહૂર્ત્ત સુધી જીવીને પછી જ મરે છે, પણ તે પહેલાં મરતા નથી; કારણ કે આવતા ભવનું આયુષ્ય આહાર, શરીર અને ઇંદ્રિય એ ત્રણ પર્યાપ્તિવડે પર્યાપ્તા થયેલા જીવો જ બાંધે છે. (અને આગામી ભવનું આયુષ્ય બાંધ્યા વિના જીવ મરણ પામતો નથી, તેમ જ જઘન્ય અંતર્મુહૂર્ત્ત જેટલા પણ અબાધાકાળ વિના તે આયુ ઉદયમાં આવતું નથી તેથી ઉપર કહેલું યુક્તિયુક્ત છે.)

सो लद्धिए पज्जत्तो, जो य मरइ पूरिउं सपज्जत्ति ।
लद्धिअपज्जत्तो पुण, जो मरई ता अपूरित्ता ॥ ३८ ॥

અર્થ:—(**जो**) જે જીવ (**सपज्जत्ति**) પોતાની પર્યાપ્તિઓ (**पूरिउं**) પૂર્ણ કરીને (**मरइ**) મરે (**सो**) તે (**लद्धिए पज्जत्तो**) લબ્ધિ પર્યાપ્તો કહેવાય છે (**य**) અને (**जो**) જે જીવ પોતાની પર્યાપ્તિઓ (**अपूरित्ता**) પૂર્ણ કર્યા પહેલાં (**मरइ**) મરી જાય છે (**ता**) તે (**लद्धिअपज्जत्तो**) લબ્ધિ અપર્યાપ્તો કહેવાય છે. ૩૮.

नज्जावि पूरेइ परं, पुरिस्सइ स इह करणअपज्जत्तो ।
सो पुण करणपज्जत्तो, जेणं ता पूरिया हुंति ॥ ३९ ॥

અર્થ:—(**जेणं**) જેણે પોતાની પર્યાપ્તિઓ (**नज्जावि पूरेइ**) અદ્યાપિ પૂર્ણ કરી નથી, (**परं**) પરંતુ આગળ ઉપર (**पुरिस्सइ**) પૂર્ણ કરવાનો છે, (**स इह**) તે કરણ એટલે શરીર ઇંદ્રિયાદિવડે અપર્યાપ્તો હોય ત્યાંસુધી (**करण-अपज्जत्तो**) કરણ અપર્યાપ્તો કહેવાય છે અને જેણે (**ता पूरिया**) પોતાની પર્યાપ્તિઓ પૂર્ણ કરી હોય છે (**सो पुण**) તે (**करणपज्जत्तो हुंति**) કરણ પર્યાપ્તો હોય છે-કહેવાય છે. ૩૯. ઇતિ પંચમ વિચાર.

હવે અલ્પ બહુત્વ નામનો છઠ્ઠો વિચાર કહે છે:—

नर नेरइया देवा, सिद्धा तिरिया कमेण इह हौंति ।
थोव असंख असंखा, अणंतगुणिया अणंतगुणा ॥ ४० ॥

અર્થ:—(**इह**) અહીં (**नर थोव**) મનુષ્યો સૌથી થોડા (**हौंति**) છે, તેનાથી (**असंख**) અસંખ્યગુણા (**नेरइया**) નારકી છે, (**असंखा**) તેનાથી અસંખ્યગુણા (**देवा**) દેવતા છે, (**अणंतगुणिया**) તેનાથી અનંતગુણા (**सिद्धा**) સિદ્ધો છે અને તેનાથી (**अणंतगुणा**) અનંતગુણા (**तिरिया**) તિર્યંચો છે, એમ (**कमेण**) અનુક્રમે જાણવું. આ અલ્પબહુત્વ પાંચ ગતિની અપેક્ષાએ કહેલું છે. ૪૦.

नारी नर नेरइया, तिरित्थि सुर देवि सिद्ध तिरिया य ।
थोव असंखगुणा चउ, संखगुणाऽनंतगुण दुन्नि ॥ ४१ ॥

અર્થ:—(**नारी**) મનુષ્યમાં ગર્ભજ સંમુર્છમની અપેક્ષાએ સ્ત્રીઓ (**थोव**) સૌથી થોડી છે, તેનાથી (**असंखगुणा चउ**) ચાર અસંખ્યગુણા છે, એટલે મનુષ્યની સ્ત્રીઓથી (**नर**) મનુષ્યો અસંખ્યગુણા છે, અહીં સંમૂર્છિમ મનુષ્યો પણ ભેળા લેવા, કેમકે અહીં વેદની વિવક્ષા નથી. તેનાથી (**नेरइया**) નારકીઓ અસંખ્યગુણા છે, તેનાથી (**तिरित्थि**) તિર્યંચની સ્ત્રીઓ અસંખ્યગુણી છે, અને તેનાથી (**सुर**) દેવતાઓ અસંખ્યગુણા છે. દેવતાઓથી (**संखगुण**) સંખ્યાતગુણી (**देवी**) દેવીઓ છે. ત્યારપછીના (**दुन्नि**) બે (**अनंतगुण**) અનંતગુણા છે, એટલે દેવીઓથી અનંતગુણા (**सिद्ध**) સિદ્ધ છે, અને તેનાથી પણ અનંતગુણા (**तिरिया य**) તિર્યંચો છે. (સૂક્ષ્મ બાદર નિગોદના જીવો અંદર ગણવાથી) આ અલ્પબહુત્વ આઠ ગતિને આશ્રીને કહેલું છે. ૪૧.

હવે એકેંદ્રિયાદિકનું અલ્પબહુત્વ કહે છે:—

पण चउ ति दुय अणिंदिअ, एगिंदिय सेंदिया कमा हुंति ।
थोवा तिआति अहिया, दोऽणंतगुणा विसेसाहिआ ॥ ४२ ॥

અર્થ:—(**पण**) પંચેંદ્રિય સૌથી (**थोवा**) થોડા છે, તેનાથી (**चउ**) ચતુરિંદ્રિય, તેનાથી (**ति**) ત્રીંદ્રિય અને તેનાથી (**दुय**) દ્વીંદ્રિય એમ (**तिअति**) એ ત્રણ (**अहिया**) અધિક અધિક છે, તેનાથી (**अणिंदिअ**) અનિંદ્રિય એટલે સિદ્ધો અને તેનાથી (**एगिंदिय**) એકેંદ્રિય (વનસ્પતિ નિગોદ વિગેરે) (**दोऽणंतगुणा**) એ બે અનંતગુણા છે, અને (**सेंदिया कमा**) અનુક્રમે સેંદ્રિય એટલે એકેંદ્રિય, દ્વીંદ્રિય વિગેરે (**विसेसहिआ**) વિશેષાધિક (**हुंति**) છે. ૪૨. આમાં પહેલા પછી ત્રણ સાધિક છે ને પછી બે અનંતગુણા છે. ૪૨.

હવે છકાયનું અલ્પબહુત્વ કહે છે:—

तस तेउ पुढवि जल, वाउकाय अकाय वणस्सइ सकाया ।
थोव असंखगुणाहिय, तिन्निओ दोऽणंतगुण अहिआ ॥ ४३ ॥

અર્થ:—સૌથી (**थोव**) થોડા (**तस**) ત્રસ જીવો છે, તેનાથી (**तेउ**) તેજસ્કાય (**असंखगुण**) અસંખ્યગુણા છે, તેનાથી (**तिन्निओ**) એટલે ત્રણ (**अहिअ**) અધિક છે તે આ રીતે:–(**पुढवि**) તેઉકાયથી પૃથ્વીકાય અધિક છે, તેનાથી (**जल**) અપ્કાય અધિક છે, તેનાથી (**वाउकाय**) વાયુકાય અધિક છે,

તેનાથી (**दोऽणंत**) બે અનંતગુણા છે, એટલે વાયુકાયથી (**अकाय**) સિદ્ધ અનંતગુણા છે. તેનાથી (**वणस्सइ**) વનસ્પતિકાય અનંતગુણા છે, અને તેનાથી (**सकाया**) સકાય (**अहिआ**) અધિક છે. ૪૩.

(અહીં અકાય શબ્દે સિદ્ધો જાણવા અને સકાય શબ્દે સર્વ સંસારી જીવો જાણવા.)

હવે જીવાજીવાદિનું અલ્પબહુત્વ આ પ્રમાણેઃ—

जीवा पुग्गल समया, दव्व पएसा य पज्जवा चेव ।
थोवाणंताणंता, विसेसमहिआ दुवेऽणंता ॥ ४४ ॥

અર્થઃ—(**जीवा**) જીવ, (**पुग्गल**) પુદ્ગલ, (**समया**) સમય, (**दव्व**) દ્રવ્ય, (**पएसा**) પ્રદેશ, (**य**) અને (**पज्जवा चेव**) પર્યાયો—એ અનુક્રમે (**थोवा**) થોડા, (**अणंता**) અનંતગુણા, (**अणंता**) અનંતગુણા, (**विसेसमहिआ**) વિશેષાધિક અને છેલ્લા (**दुवेऽणंता**) બે અનંતગુણા—એ પ્રમાણે છે.

વિશેષાર્થઃ—(**जीवा**) પ્રત્યેક જીવો અનંતાનંત પુદ્ગલોથી બંધાયેલા હોય છે, અને પુદ્ગલો જીવ સાથે સંબદ્ધ અને અસંબદ્ધ એમ બન્ને પ્રકારના હોય છે તેથી જીવ પુદ્ગલો કરતાં (**थोवा**) સ્તોક છે. જીવથી (**पुग्गल**) પુદ્ગલો અનંતગુણા છે. તૈજસાદિક શરીર જીવે ગ્રહણ કરેલા છે, તેના પુદ્ગલો પરિમાણને આશ્રીને જીવ કરતાં (**अणंता**) અનંતગુણા છે. તથા ઔદારિકાદિ પંદર પ્રકારના પ્રયોગથી પરિણત એવા **પ્રયોગસા** પુદ્ગલો થોડા છે. તેનાથી મિશ્ર પરિણત **મિશ્રસા** પુદ્ગલો અનંતગુણા છે. તેનાથી પ્રયોગકૃત આકારને જેણે સર્વથા તજ્યો નથી અને જે સ્વભાવે (વિશ્રસા પરિણામે) પરિણામાંતરને પામેલા છે, એવા મૃત કલેવરાદિક **વિશ્રસા** પરિણત પુદ્ગલો અનંતગુણા છે. એ પ્રમાણે ત્રણે પ્રકારના સર્વ પુદ્ગલો જીવ કરતાં અનંતગુણા છે. (**समया**) પુદ્ગલો કરતાં સમયો (**अणंता**) અનંતગુણા છે. શી રીતે ? સમયક્ષેત્રને વિષે—અઢીદ્વીપને વિષે જે દ્રવ્યોના પર્યાયો છે, તે એક એક પર્યાયોમાં વર્તમાન સમય વર્તે છે. એ રીતે વર્તમાન સમય સમયક્ષેત્રમાં રહેલા દ્રવ્યપર્યાય જેટલો છે, પરંતુ સર્વ (આખા) લોકમાં રહેલા દ્રવ્યોના પર્યાયોમાં તે સમય વર્તતો હોવાથી તેના કરતાં પણ તે (સમય) અનંતગુણા છે. (**दव्व**) સમય કરતાં દ્રવ્યો (**विसेसमहिआ**) વિશેષાધિક છે. કેવી રીતે ? તે કહે છે. સર્વ સમયો ઉપરાંત બાકીના પ્રત્યેક દ્રવ્યો, જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય વિગેરેને તે ત્રીજા બોલમાં કહેલ સમયમાં ક્ષેપન કરીએ, તો તે કેવળ સમય કરતાં સમસ્ત દ્રવ્યો વિશેષાધિક જ થાય છે. ત્યારપછી (**दुवेऽणंता**) બે અનંતગુણા છે એટલે (**पएसा**) દ્રવ્ય કરતાં પ્રદેશો અનંતગુણા છે, શી રીતે ? તે કહે છે—અદ્ધા સમય દ્રવ્ય કરતાં આકાશપ્રદેશો લોકાલોકના મળીને અનંતગુણા

છે. તેથી અને (**पज्जवा चेव**) પ્રદેશો કરતાં અનંતગુણા પર્યાયો છે. કારણ કે એક એક આકાશપ્રદેશમાં અનંતા અગુરુલઘુ પર્યાયો રહેલા છે. ૬. ૪૪. ઇતિ ષષ્ઠ વિચાર.

(આ છઠ્ઠો વિચાર બહુ વિસ્તારથી સમજવા જેવો છે.)

હવે અપ્રદેશ અને સપ્રદેશ પુદ્ગલના સ્વરૂપનો સાતમો વિચાર કહે છે:—

दव्वे खित्ते काले, भावे अपएसपुग्गला चउहा ।
सपएसा वि य चउहा, अप्पबहुत्तं च एएसिं ॥ ४५ ॥

અર્થ:—(**अपएसपुग्गला**) અપ્રદેશ પુદ્ગલો (**दव्वे**) દ્રવ્ય, (**खित्ते**) ક્ષેત્ર, (**काले**) કાળ (**भावे**) અને ભાવથી એમ (**चउहा**) ચાર પ્રકારે છે. (**सपएसा वि य**) સપ્રદેશ પુદ્ગલો પણ એ જ પ્રમાણે (**चउहा**) ચાર પ્રકારના છે. (**एएसिं**) તેઓનું-અપ્રદેશ અને સપ્રદેશ પુદ્ગલોનું (**अप्पबहुत्तं च**) અલ્પબહુત્વ હવે કહે છે તે નીચે કહ્યા પ્રમાણે જાણવું. ૪૫.

પ્રથમ અપ્રદેશનું સ્વરૂપ કહે છે:—

दव्वेणं परमाणू, खित्तेणेगप्पएसमोगाढा ।
कालेणेगसमइया, भावेणेगगुणवण्णाई ॥ ४६ ॥

અર્થ:—(**दव्वेणं परमाणू**) જે પરમાણુઓ પરસ્પર મળેલા ન હોય, (છૂટા હોય) તે દ્રવ્યથી અપ્રદેશ પુદ્ગલો જાણવા. (**खित्तेणेगप्पएसमोगाढा**) જે પરમાણુઓ એક એક આકાશપ્રદેશને અવગાહીને રહ્યા સતા પોતપોતાના ક્ષેત્રને છોડે નહીં, તે ક્ષેત્રથી અપ્રદેશી પુદ્ગલો જાણવા. (**कालेणेगसमइया**) જ્યારે જ્યારે પોતપોતાના ક્ષેત્રને છોડીને પરમાણુઓ બીજા બીજા ક્ષેત્રમાં ગતિ કરે છે તેમાંના જે જે સ્થાને એક એક સમય સુધી સ્થિર રહે ત્યારે કાળથી અપ્રદેશી પુદ્ગલો જાણવા. (**भावेणेगगुणवण्णाई**) તથા જે પરમાણુઓ વર્ણથી એક ગુણ કાળા અથવા એક ગુણ પીતાદિક વર્ણવાળા હોય, ગંધથી એક ગુણ સુરભિ આદિ ગંધવાળા હોય, રસથી એક ગુણ તિક્ત કટુ આદિ રસવાળા હોય, તથા સ્પર્શથી એક ગુણ રૂક્ષ ને એક ગુણ શીત સ્પર્શવાળા, અથવા એક ગુણ રૂક્ષ ને એક ગુણ ઉષ્ણ સ્પર્શવાળા, અથવા એક ગુણ સ્નિગ્ધ ને એક ગુણ શીત સ્પર્શવાળા, અથવા એક ગુણ સ્નિગ્ધ ને એક ગુણ ઉષ્ણ સ્પર્શવાળા હોય-તે પરમાણુઓ ભાવથી અપ્રદેશ પુદ્ગલો જાણવા. ૪૬.

अपएसगाओ एए, विवरिय सपएसगा सया भणिया ।
भा-का-द-खि अपएसा, थोवा तिन्नि य असंखगुणा ॥४७॥

અર્થ:—(**एए**) એ પૂર્વ ગાથામાં કહેલા (**अपएसगाओ**) અપ્રદેશ પુદ્ગલોથી જે (**विवरिय**) વિપરીત હોય, તેને (**सया**) નિરંતર (**सपएसगा**) સપ્રદેશ પુદ્ગલો (**भणिया**) કહ્યા છે. એટલે કે જે પરમાણુઓ બે કે તેથી અધિક પરસ્પર મળેલા હોય, તે દ્રવ્યથી સપ્રદેશ પુદ્ગલો જાણવા. જે બે આદિ પરમાણુઓના સ્કંધ બે આદિ આકાશપ્રદેશને અવગાહન કરીને રહેલ હોય તે ક્ષેત્રથી સપ્રદેશ પુદ્ગલો જાણવા. જે પરમાણુસ્કંધો બે સમયથી આરંભીને અસંખ્યાતા સમય સુધીની ભિન્ન ભિન્ન આકાશપ્રદેશમાં સ્થિતિવાળા હોય તે સર્વે કાળથી સપ્રદેશ પુદ્ગલો જાણવા તથા જે પરમાણુસ્કંધ બે ગુણ વર્ણાદિથી આરંભીને અનંત ગુણ વર્ણાદિવાળા હોય, તે સર્વે ભાવથી સપ્રદેશ પુદ્ગલો જાણવા.

હવે અપ્રદેશ અને સપ્રદેશ પુદ્ગલોનું અલ્પબહુત્વ કહે છે:—

(**भा-का-द-खिअपएसा**) ભાવથી અપ્રદેશી પુદ્ગલો (**थोवा**) સૌથી થોડા છે, તેનાથી (**तिन्नि य असंखगुणा**) ત્રણ અસંખ્યગુણા છે એટલે ભાવથી કાળ અપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણા છે, તેથી દ્રવ્ય અપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણા છે, તેથી ક્ષેત્ર અપ્રદેશી પુદ્ગલો અસંખ્યગુણા છે. ૪૭.

खित्त अपएसगाओ, खित्ते सपएसऽसंखगुणियाओ ।
दव्व-का-भा सपएसा, विसेससहिआ सुए भणिआ ॥ ४८ ॥

અર્થ:—(**खित्त अपएसगाओ**) ક્ષેત્ર અપ્રદેશ પુદ્ગલોથી (**खित्ते सपएस**) ક્ષેત્ર સપ્રદેશ પુદ્ગલો (**असंखगुणिआओ**) અસંખ્યગુણા છે, તેથી (**दव्व**) દ્રવ્ય સપ્રદેશ પુદ્ગલો (**विसेसहिआ**) વિશેષાધિક છે, તેથી (**का**) કાળ સપ્રદેશ પુદ્ગલો વિશેષાધિક છે અને તેથી (**भा सपएसा**) ભાવ સપ્રદેશ પુદ્ગલો વિશેષાધિક (**सुए भणिआ**) સૂત્રમાં કહ્યા છે. ૪૮. ઈતિ સપ્તમ વિચાર:

હવે કડજુમ્માદિકના સ્વરૂપનો આઠમો વિચાર કહે છે—

कड तेउए य दावर, कलिउ य तह संहवंति जुम्माओ ।
अवहीरमाण चउ चउ, चउ ति दुगेगाओ चिट्ठंति ॥ ४९ ॥

અર્થ:—(**कड**) કડ જુમ્મા, (**तेउए य**) ત્રેતા જુમ્મા, (**दावर**) દાવર જુમ્મા, (**कलिउ य**) કલિયુગ જુમ્મા-(**जुम्माओ**) એ ચાર જુમ્મા છે. (**तह संहवंति**) તે આ રીતે સંભવે છે:—જે સંખ્યામાંથી (**चउ चउ**) ચાર ચાર (**अवहीरमाण**) કાઢતાં બાકી (**चउ**) ચાર રહે, તે કડજુમ્મા, (**ति**) ત્રણ રહે તે ત્રેતા જુમ્મા, (**दुग**) બે રહે તે દાવર જુમ્મા અને (**एगाओ चिट्ठंति**) એક રહે તે કલિયુગ જુમ્મા જાણવા. ૪૯.

વિસ્તરાર્થ:—જુમ્મા એટલે રાશિ (સમુદાય) કહેવાય છે. કડ વિગેરે શબ્દો સાથે જુમ્મા શબ્દ જોડવાથી કડજુમ્મા વિગેરે ચારે જુમ્મા થાય છે. કોઇ પણ રાશિમાંથી ચાર ચાર કાઢી લેતાં (ચારે ભાંગતાં) ચાર, ત્રણ, બે અથવા એક બાકી રહે તે ચારેનું સ્વરૂપ આ પ્રમાણે-એક જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા લોકાકાશ તે દરેકના પ્રદેશો અસંખ્યાતા છે અને પરસ્પર તુલ્ય છે. તેની અસત્ કલ્પનાએ વીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર કાઢતાં બાકી ચાર જ રહે છે તેને આગમ ભાષાવડે કડજુમ્મા કહેવાય છે. ૧. તથા અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીને વિષે જેટલા સમયો છે, તેટલા સૌધર્મ તથા ઇશાનકલ્પને વિષે દેવતાઓ છે. તેની અસત્કલ્પનાએ ત્રેવીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર લેતાં (ચારે ભાંગતાં) બાકી ત્રણ જ રહે છે તેથી તે ત્રેતાજુમ્મા કહેવાય છે. ૨. એક એક આકાશપ્રદેશને અવગાહીને અનંતા પરમાણુ સુધીના સ્કંધો રહેલા છે, તેની અસત્કલ્પનાએ કરીને બાવીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર લેતાં બાકી બે જ રહે છે માટે તે દાવરજુમ્મા કહેવાય છે. ૩. તથા પર્યાપ્ત બાદર વનસ્પતિ ૧, બાદર પર્યાપ્ત ૨, અપર્યાપ્ત બાદર વનસ્પતિ ૩, બાદર અપર્યાપ્ત ૪, બાદર ૫, સૂક્ષ્મ અપર્યાપ્ત વનસ્પતિ ૬, સૂક્ષ્મ અપર્યાપ્ત ૭, સૂક્ષ્મ પર્યાપ્ત વનસ્પતિ ૮, સૂક્ષ્મ પર્યાપ્ત ૯, સૂક્ષ્મ ૧૦, ભવ્ય ૧૧, નિગોદના જીવો, ૧૨ વનસ્પતિના જીવો ૧૩, એકેંદ્રિય ૧૪, તિર્યંચ ૧૫, મિથ્યાદષ્ટિ ૧૬, અવિરતિ ૧૭, સકષાયી ૧૮, છદ્મસ્થ ૧૯, સયોગી ૨૦, સંસારી જીવો ૨૧ તથા સર્વ જીવો ૨૨-એ બાવીશ જીવરાશિઓ આઠમે મધ્યમ અનંતાઅનંતે છે; તો પણ અસત્કલ્પનાએ કરીને તેની પચીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર લેતાં બાકી એક રહે છે, માટે તે કલિયુગ જુમ્મા કહેવાય છે. આ જુમ્માઓનું કાર્ય-પ્રયોજન (ઉપયોગ) સૂત્રથી જાણી લેવું, અહીં તો તેનું સ્વરૂપ માત્ર જ દેખાડયું છે. ઇતિ અષ્ટમ વિચાર.

હવે પૃથ્વી આદિકના પરિમાણનો નવમો વિચાર કહે છેઃ—

धजवस परिव बि ति च समुन
पणथ ज ख ना भ व र वि न सु स पमुति अ ।
जगनभप ध अ इगाजिय
ट्ठिअ नि सि नि वजी स पु अ भ अ पर वणका ॥ ५० ॥

અર્થ:—(**ध**) ધરા-પૃથ્વી ૧, (**ज**) જળ ૨, (**व**) વહ્નિ-અગ્નિ ૩, (**स**) સમીરણ-વાયુ ૪, (**परि व**) પરિત્ત-પ્રત્યેક વનસ્પતિ ૫, (**बि**) દ્વીંદ્રિય ૬, (**ति**) ત્રીંદ્રિય ૭, (**च**) ચતુરિંદ્રિય ૮, (**समु न**) સંમૂર્છિમ નર-મનુષ્ય ૯, (**पण थ**) પંચે-

દ્રિય થળચર ૧૦, (**ज**) જળચર ૧૧, (**ख**) ખચર ૧૨, (**ना**) નારકી ૧૩, (**भ**) ભવનપતિ ૧૪, (**व**) વ્યંતર ૧૫, (**र**) રવિ-સૂર્ય ૧૬, (**वि**) વિધુ-ચંદ્ર ૧૭, (**न**) નક્ષત્ર ૧૮, (**सु**) સુર-વૈમાનિક દેવો ૧૯, (**स**) સમુદ્ર ૨૦, (**प मु ति**) પંચેંદ્રિય સંમૂર્છિમ તિર્યંચ ૨૧-એ એકવીશ પ્રકારના જીવો (**अ**) અસંખ્યાતા જાણવા. તથા (**जग**) જગતના-લોકના (**नभ-प**) નભ-આકાશ પ્રદેશ ૧, (**ध**) ધર્માસ્તિકાયના પ્રદેશ ૨, (**अ**) અધર્માસ્તિકાયના પ્રદેશ ૩, (**इग जिय**) એક જીવના પ્રદેશ ૪, (**ठिअ**) સ્થિતિબંધના અધ્યવસાયસ્થાન ૫, (**नि**) તથા નિગોદ શરીર ૬-એ છ પણ અસંખ્યાતા જાણવા. તથા (**सि**) સિદ્ધ ૧, (**निं**) નિગોદના જીવ ૨, (**व जी**) વનસ્પતિના જીવ ૩. (**स**) સમય ૪, (**पु**) પુદ્ગલ ૫, (**अ**) અભવ્ય જીવો ૬, (**भ**) ભવ્ય જીવો ૭, (**अ**) અલોક ૮, (**पर**) પ્રતિપતિત-પડિવાઇ જીવો ૯ અને (**वण का**) વનસ્પતિકાયની સ્થિતિ ૧૦-એ દશ અનંતા જાણવા. ૫૦.

इय सुत्ताओ भणिया, वियारपंचासिया य सपरकए।
मुनिसिरिआनंदविमलसूरिवराणं विणेएण ॥ ५१ ॥

અર્થ:—(**इय**) આ પ્રમાણે (**मुनिसिरिआनंदविमल**) મુનિશ્રી આનંદવિમલ નામના (**सूरिवराणं**) સૂરિવરના (**विणेएण**) વાનર નામના શિષ્યે (**सपरकए**) પોતાને તથા અન્ય જીવોને માટે (**सुत्ताओ**) સૂત્રમાંથી ઉદ્ધરીને (**विआरपंचासिया**) આ વિચારપંચાશિકા (**भणिया**) કહી છે. ૫૧.

ઇતિ શ્રી વાનર્ષિ અપરનામ વિજયવિમળ-
વિરચિતા વિચારપંચાશિકા પ્રકરણ
સાર્થ સમાપ્ત.

आचार्य श्री देवेन्द्रसूरिविरचिता

श्री सिद्धदण्डिकास्तव

जं उसहकेवलाओ, अंतमुहुत्तेण सिवगमो भणिओ।
जा पुरिसजुगअसंखा, तत्थ इमा सिद्धदंडीओ ॥ १ ॥

અર્થ:—(**जं**) જે (**उसहकेवलाओ**) ઋષભદેવને કેવળજ્ઞાન થયા પછી (**अंतमुहुत्तेण**) અંતર્મુહૂર્ત પછી (**सिवगमो भणिओ**) મોક્ષગમન શરૂ થયું એમ કહ્યું છે તે (**जा पुरिसजुगअसंखा**) યાવત્ અસંખ્યાતા પુરુષ જુગ સુધી રહ્યું છે (**तत्थ इमा**) તેમાં આ પ્રમાણે (**सिद्धदंडीओ**) સિદ્ધદંડિકા–સિદ્ધિને પામેલાની સંખ્યા છે તે કહે છે.

વિવેચનઃ—આ અવસર્પિણી કાળમાં ત્રીજા આરાની પ્રાંતે પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયા પછી અન્તર્મુહૂર્તે મોક્ષમાર્ગ વહ્યો એટલે મોક્ષમાર્ગમાં જવાની શરૂઆત થઈ, ત્યારપછી તેમના વંશમાં અસંખ્યાતા પુરુષ જુગ સુધી એટલે અસંખ્યાતા પાટ સુધી મોક્ષગમન શરૂ રહ્યું તે જણાવનાર આ સિદ્ધદંડિકા પ્રકરણ છે. ૧.

सत्तुंजयसिद्धा भरहवंसनिवई सुबुद्धिणा सिट्ठा।
जह सगरसुआणऽट्ठावयंमि तह कित्तिअं थुणिमो ॥ २ ॥

અર્થ:—(**जह सगरसुआण**) જેમ સગર ચક્રવર્તીના પુત્રોની આગળ (**अट्ठावयंमि**) અષ્ટાપદ પર્વત ઉપર (**सुबुद्धिणा**) સુબુદ્ધિ મંત્રીએ (**भरहवंसनिवई**) ભરત ચક્રીના વંશના રાજાઓ (**सत्तुंजयसिद्धा**) શત્રુંજય પર્વત ઉપર સિદ્ધિપદને પામ્યાનું (**सिट्ठा**) કહ્યું છે (**तह**) તેમ (**कित्तिअं**) કહેલા સિધ્ધોને અમે (**थुणिमो**) સ્તવશું–કહેશું. ૨.

आइच्चजसाइ सिवे, चउदसलक्खा य एगु सव्वट्ठे।
एवंजा इक्किक्का, असंख इग दुग तिगाई वि ॥ ३ ॥

અર્થ:—(**आइच्चजसाइ**) ભરતચક્રીના પુત્ર આદિત્યયશાદિ (**सिवे चउदसलक्खा य**) ચૌદ લાખ રાજાઓ મોક્ષે ગયા પછી (**एगु सव्वट्ठे**) એક સર્વાર્થસિદ્ધે દેવ થયા (**एवं जा इक्किक्का**) એવી રીતે તે એક એક (**असंख**) અસંખ્યાતા થાય, (**इग दुग तिगाई वि**) તેમજ એકની જેમ અંતરમાં સર્વાર્થસિધ્ધે જનારા બે બે, ત્રણ ત્રણ પણ અસંખ્યાતા થાય ત્યાંસુધી કહેવું. ૩.

વિવેચન:—નાભેય એટલે નાભિરાજાના પુત્ર ઋષભદેવના વંશમાં ઉત્પન્ન થયેલા ત્રણ ખંડના અધિપતિ આદિત્યયશાદિ ચૌદ લાખ રાજાઓ નિરંતર મોક્ષે ગયા એટલે એ વંશમાં ભરતપુત્ર આદિત્યયશાથી માંડીને જે જે રાજાઓ પાટે આવ્યા તે મોક્ષે ગયા, ત્યારપછી એક સર્વાર્થસિદ્ધે ગયા, ત્યારપછી ચૌદ લાખ મોક્ષે ગયા, ત્યારપછી એક સર્વાર્થસિદ્ધે ગયા, એ પ્રમાણે ચૌદ ચૌદ લાખને અંતરે એક એકની સંખ્યા અસંખ્યાતી થાય ત્યાંસુધી કહેવું. ત્યારપછી ફરીથી ચૌદ લાખ મોક્ષે અને બે સર્વાર્થસિદ્ધે, વળી પાછા ચૌદ લાખ મોક્ષે અને બે સર્વાર્થસિદ્ધે, એવી રીતે ચૌદ ચૌદ લાખને અંતરે બે બેની સંખ્યા અસંખ્યાત થાય ત્યાંસુધી કહેવું. ત્યારપછી ફરીથી ચૌદ લાખ મોક્ષે અને ત્રણ સર્વાર્થસિદ્ધે એમ ચૌદ લાખને અન્તરે ત્રણ ત્રણની સંખ્યા અસંખ્યાતી થાય ત્યાંસુધી કહેવું.

जा पन्नासमसंखा, तो सव्वट्ठंमि लक्खचउदसगं ।
एगो सिवे तहेव य, अस्संखा जाव पन्नासं ॥ ४ ॥

અર્થ:—(**जा पन्नासमसंखा**) યાવત્ પચાસ સુધી આંતરામાં સિદ્ધ થયેલા અસંખ્યાતા થાય (**तो**) ત્યારપછી (**सव्वट्ठंमि**) સર્વાર્થસિધ્ધે (**लक्खचउदसगं**) ચૌદ લાખ (**एगो सिवे**) અને એક મોક્ષે (**तहेव य**) તેમજ (**अस्संखा जाव पन्नासं**) યાવત્ અસંખ્યાતી વાર પચાસ જાય ત્યાંસુધી કહેવું. ૪

વિવેચન:—ઉપર કહેલ ત્રણ ત્રણની સંખ્યા અસંખ્યાતી થયા પછી ચૌદ લાખ મોક્ષે અને ચાર સર્વાર્થસિધ્ધે એમ ચૌદ ચૌદ લાખ ને અંતરે ચાર ચાર અસંખ્યાતી વાર કહેવા. એમ પાંચ-છ-સાત યાવત્ ૫૦ સુધી અસંખ્યાત થાય ત્યાંસુધી કહેવું.

૧ अनुलोम सिद्धदंडिकानी स्थापना

મોક્ષે	૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪ અસંખ્યેય વાર
સર્વાર્થસિધ્ધે	૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૨૦-૩૦-૪૦-૫૦ અસંખ્યેય વાર

યંત્રમાં ચૌદની સંખ્યા ચૌદ લાખ જણાવવાને માટે છે અને એક, બે વિગેરે સંખ્યા આંતરે આંતરે સર્વાર્થસિધ્ધે જનારાની છે.

ત્યારપછી ચૌદ લાખ સર્વાર્થસિધ્ધે અને એક મોક્ષે, વળી ચૌદ લાખ સર્વાર્થસિધ્ધે એક મોક્ષે, એમ ચૌદ ચૌદ લાખ અને અંતરે એક એક સિદ્ધની સંખ્યા અસંખ્યાતી થાય ત્યાંસુધી કહેવું. ત્યારપછી ચૌદ ચૌદ લાખને અંતરે બે બે સિદ્ધની સંખ્યા અસંખ્યાતી થાય ત્યાં સુધી કહેવું. ત્યારપછી ચૌદ ચૌદ લાખને અંતરે ત્રણ ત્રણ, ચાર ચાર, પાંચ પાંચ, છ છ, સાત સાત, એમ યાવત્ પચાસ પચાસની સંખ્યા અસંખ્યાતી થાય ત્યાંસુધી કહેવું.

२ प्रतिलोम सिद्धदंडिकानी स्थापना

મોક્ષે	૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૨૦-૩૦-૪૦-૫૦ અસંખ્યેય વાર.
સર્વાર્થસિધ્ધે	૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪-૧૪ લાખ અસંખ્યેય વાર.

तो दोलक्खा मुक्खे, दुलक्ख सव्वट्ठि मुक्खि लक्खतिगं।
इय इगलक्खुत्तरिआ, जा लक्खअसंख दोसु समा ॥ ५ ॥

અર્થ:—(**तो**) ત્યારપછી (**दोलक्खा मुक्खे**) બે લાખ મોક્ષે, (**दुलक्ख सव्वट्ठि**) બે લાખ સર્વાર્થસિધ્ધે, ત્યારપછી (**मुक्खि लक्खतिगं**) ત્રણ લાખ મોક્ષે, ત્રણ લાખ સર્વાર્થસિધ્ધે, (**इय**) એ પ્રમાણે (**इगलक्खुत्तरिया**) એક એક લાખ વધારતાં (**जा लक्खअसंख दोसु समा**) યાવત્ અસંખ્યાતા લાખ સુધી બંનેમાં સરખા કહેવા.

વિવેચનઃ—અસંખ્યાતમી વાર પચાસ મોક્ષે ગયા પછી ચૌદ લાખ સર્વાર્થ-સિદ્ધે-એ પ્રમાણે આગલી ગાથામાં કહ્યા પછી બે લાખ મોક્ષે અને બે લાખ સર્વાર્થસિદ્ધે, પછી ત્રણ લાખ મોક્ષે અને ત્રણ લાખ સર્વાર્થે, પછી ચાર લાખ મોક્ષે અને ચાર લાખ સર્વાર્થે, એમ એક એક લાખની સંખ્યા વધારતાં બંનેમાં-મોક્ષમાં અને સર્વાર્થસિદ્ધમાં સરખા સરખા કહેતાં અસંખ્યાતા લાખ લાખ થાય ત્યાંસુધી કહેવું. ૫.

३ समसंख्य सिद्धदंडिकानी स्थापना

મોક્ષે	૨-૩-૪-૫-૬ ૭-૮-૯-૧૦-૧૧ ૧૨ અસંખ્યાત લાખ સુધી કહેવું
સર્વાર્થસિધ્ધે	૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨ અસંખ્યાત લાખ સુધી કહેવું

तो एगु सिवे सवट्ठि, दुन्नि ति सिवम्मि चउर सवट्ठे ।
इय एगुत्तरवुड्ढी, जाव असंखा पुढो दोसु ॥ ६ ॥

અર્થ:—(**तो एगु सिवे**) ત્યારપછી એક મોક્ષે, (**सवट्ठि दुन्नि**) બે સર્વાર્થસિદ્ધે, (**ति सिवम्मि**) ત્યારપછી ત્રણ મોક્ષે, (**चउर सवट्ठे**) ચાર સર્વાર્થસિદ્ધે, (**इय एगुत्तरवुड्ढी**)એમ એકોત્તર વૃદ્ધિ કરતાં (**जाव असंखा पुढो दोसु**) યાવત્ બંનેમાં પ્રત્યેકે અસંખ્યાતા થાય ત્યાંસુધી કહેવું. ૬.

વિવેચનઃ—એવી રીતે ત્રણ પ્રકારની દંડિકા કહીને હવે ચાર પ્રકારની ચિત્રાંતર એટલે જુદા જુદા પ્રકારના અંતરવાળી દંડિકા કહે છે.

૧ એકાદિ એકોત્તરા— એકથી માંડીને એક એક અધિક.

૨ એકાદિ દ્વ્યુત્તરા— ,, બે બે અધિક.

૩ એકાદિ ત્ર્યુત્તરા— ,, ત્રણ ત્રણ અધિક.

૪ ત્ર્યાદિકા દ્વયાદિ ક્ષેપક વિષમોત્તરા-ત્રણ આદિ લઇ બે આદિ વિષમોત્તરા એટલે જેમાં વૃદ્ધિ(ક્ષેપક)ની સંખ્યા સરખી નહી તે.

આ ચારમાંથી પહેલી એકાદિ એકોત્તરા આવી રીતે, એક મોક્ષે જાય અને બે સર્વાર્થસિદ્ધે જાય, પછી ત્રણ મોક્ષે જાય અને ચાર સવાર્થસિદ્ધે જાય, પછી પાંચ મોક્ષે જાય અને છ સર્વાર્થસિદ્ધે જાય-એમ બંનેમાં અનુક્રમે એક એક વધારતાં દરેકમાં અસંખ્યાતા થાય ત્યાંસુધી કહેવું.

૪ एकोत्तरा सिद्धदंडिकानी स्थापना

મોક્ષે	૧-૩-૫-૭-૯-૧૧-૧૩-૧૫-૧૭-૧૯-૨૧-૨૩ એમ અસંખ્યાત સુધી
સર્વાર્થસિધ્ધે	૨-૪-૬-૮-૧૦-૧૨-૧૪-૧૬-૧૮-૨૦-૨૨-૨૪ એમ અસંખ્યાત સુધી

इक्को मुक्खे सवट्ठि, तिन्नि पण मुक्खि इअ दुरुत्तरिआ ।
जा दोसुऽवि अ असंखा, एमेव तिउत्तरा सेढी ॥ ७ ॥

અર્થ:—(**इक्को मुक्खे**) એક મોક્ષે, (**सव्वट्ठि तिन्नि**) ત્રણ સર્વાર્થસિધ્ધે, (**पण मुक्खे**) પાંચ મોક્ષે, સાત સર્વાર્થસિધ્ધે (**इअ दुरुत्तरिआ**) એ પ્રમાણે દ્વિકોત્તરા વૃદ્ધિ (**जा दोसुऽवि अ**) યાવત્ બંનેમાં (**असंखा**) અસંખ્યાત થાય ત્યાંસુધી કહેવી. (**एमेव तिउत्तरा सेढी**) એ જ પ્રમાણે ત્રિકોત્તરા શ્રેણી જાણવી. ૭.

વિવેચન:—હવે બીજી એકાદિ દ્વ્યુત્તરા વૃદ્ધિ કહે છે. એક મોક્ષે અને

ત્રણ સર્વાર્થસિદ્ધે, પછી પાંચ મોક્ષે અને સાત સર્વાર્થસિધ્ધે-એમ અનુક્રમે બે બેની વૃદ્ધિ કરતાં બંનેમાં અસંખ્યાત થાય ત્યાંસુધી કહેવું.

५ द्विकोत्तरा सिद्धदंडिकानी स्थापना

મોક્ષે	૧-૫-૯-૧૩-૧૭-૨૧-૨૫-૨૯-૩૩-૩૭-૪૧ એમ અસંખ્યાત સુધી
સર્વાર્થસિધ્ધે	૩-૭-૧૧-૧૫-૧૯-૨૩-૨૭-૩૧-૩૫-૩૯-૪૩ એમ અસંખ્યાત સુધી

હવે ત્રીજી ત્રિકોત્તરા વૃદ્ધિ આ પ્રમાણે:-એક મોક્ષે, ચાર સર્વાર્થસિધ્ધે, સાત મોક્ષે, દશ સર્વાર્થસિધ્ધે-એ પ્રમાણે અનુક્રમે ત્રણ ત્રણ વધારતાં બંનેમાં અસંખ્યાત થાય ત્યાંસુધી કહેવું.

६ त्रिकोत्तरा सिद्धदंडिकानी स्थापना

મોક્ષે	૧-૭-૧૩-૧૯-૨૫-૩૧-૩૭-૪૩-૪૯-૫૫ એમ અસંખ્યાત સુધી
સર્વાર્થસિધ્ધે	૪-૧૦-૧૬-૨૨-૨૮-૩૪-૪૦-૪૬-૫૨-૫૮ એમ અસંખ્યાત સુધી

विसमुत्तरसेढीए, हिट्ठुवरिं ठविय अउणतीसातिआ ।
पढमे नत्थि क्खेवो, सेसेसु सया इमो खेवो ॥ ८ ॥

અર્થ:—(**विसमुत्तरसेढीए**) વિષમોત્તર શ્રેણિમાં (**हिट्ठुवरिं**) હેઠ અને ઉપર એટલે એક લાઇનમાં (**अउणतीसतिआ**) ઓગણત્રીશ વાર ત્રણ (**ठविअ**) સ્થાપન કરવા એટલે ત્રણનો અંક મૂકવો. (**पढमे नत्थि क्खेवो**) તેમાંના પ્રથમના ત્રણમાં નાખવાની સંખ્યા નથી. (**सेसेसु सया इमो खेवो**) બાકીના ૨૮ માં નિરંતર આ પ્રમાણે ખેપવવાનું છે. ૮.

વિવેચન:—હવે ચોથી વિષમોત્તરાની સ્થાપના જાણવાનો ઉપાય આ પ્રમાણે છે. પટ્ટિકાદિકમાં (૨૯) વાર (૩) ના આંક હેઠ ઉપર સ્થાપવા. પ્રથમના (૩) માં કાંઇ નાખવું નહી, બાકીના ૨૮ ત્રણને વિષે નિરંતર આગલી ગાથાઓમાં કહેવાય છે તે અંકનો અનુક્રમે પ્રક્ષેપ કરવો.

दुग पण नवगं तेरस, सत्तरस बावीस छच्च अट्ठेव ।
बारस चउदस तह अड—वीसा छव्वीस पणवीसा ॥ ९ ॥
एगारस तेवीसा, सीयाला सयरि सत्तहत्तरिआ ।
इग दुग सत्तासीई, इगहत्तरिमेव बासट्ठी ॥ १० ॥

अउणत्तरि चउवीसा, छायाला तह सयं च छवीसा ।
मेलित्तु इगंतरिआ, सिद्धीए तह य सवट्ठे ॥ ११ ॥

અર્થ:—બે-પાંચ-નવ-તેર-સત્તર-બાવીશ-છ-આઠ-બાર-ચઉદ-(**तह**) તેમ જ અઠાવીશ-છવીશ-પચીશ-અગિયાર-તેવીશ-સુડતાલીશ-સીત્તેર-સીત્યોતેર-એક-બે-સત્યાશી-ઇકોતેર એમ બાસઠ-અગણોતેર-ચઉવીશ-છેંતાલીશ-તેમજ સો અને છવીશ-આ પ્રમાણે અઠ્ઠાવીશ અંકો ત્રણમાં (**मेलित्तु**) મેળવતાં જે જે સંખ્યા થાય તે અનુક્રમે (**इगंतरिआ**) એકાંતરે (**सिद्धीए**) મોક્ષમાં (**तह य सवट्ठे**) તેમ જ સર્વાર્થસિદ્ધે જાણવી.

વિસ્તરાર્થ:—પ્રથમ સ્થાનમાં (ત્રણમાં) નાખવાનું નથી એટલે ત્રણ મોક્ષે જાય, ત્યારપછી ત્રણમાં બે વધારતાં પાચ સર્વાર્થસિદ્ધે જાય, પછી ત્રણમાં પાંચ વધારતાં આઠ મોક્ષે જાય, પછી ત્રણમાં નવ વધારતાં બાર સર્વાર્થસિદ્ધે જાય, એવી રીતે ત્રણમાં ઉપર કહેલી સંખ્યા વધારતાં જે થાય તે કહે છેઃ—

(૩+૧૩) ૧૬ મોક્ષે, (૩+૧૭) ૨૦ સર્વાર્થે, (૩+૨૨) ૨૫ મોક્ષે, (૩+૬) ૯ સર્વાર્થે, (૩+૮) ૧૧ મોક્ષે, (૩+૧૨) ૧૫ સર્વાર્થે, (૩+૧૪) ૧૭ મોક્ષે, (૩+૨૮) ૩૧ સર્વાર્થે, (૩+૨૬) ૨૯ મોક્ષે, (૩+૨૫) ૨૮ સર્વાર્થે, (૩+૧૧) ૧૪ મોક્ષે, (૩+૨૩) ૨૬ સર્વાર્થે, (૩+૪૭) ૫૦ મોક્ષે, (૩+૭૦) ૭૩ સર્વાર્થે, (૩+૭૭) ૮૦ મોક્ષે, (૩+૧) ૪ સર્વાર્થે, (૩+૨) ૫ મોક્ષે, (૩+૮૭) ૯૦ સર્વાર્થે, (૩+૭૧) ૭૪ મોક્ષે, (૩+૬૨) ૬૫ સર્વાર્થે, (૩+૬૯) ૭૨ મોક્ષે, (૩+૨૪) ૨૭ સર્વાર્થે, (૩+૪૬) ૪૯ મોક્ષે, (૩+૧૦૦) ૧૦૩ સર્વાર્થે અને (૩+૨૬) ૨૯ મોક્ષે જાય. ૯-૧૦-૧૧.

७ प्रथमा विषमोत्तरा सिद्धदंडिकानी स्थापना

મોક્ષે	૩-૮-૧૬-૨૫-૧૧-૧૭-૨૯-૧૪-૫૦-૮૦-૫-૭૪-૭૨-૪૯-૨૯.
સર્વાર્થસિદ્ધે	૫-૧૨-૨૦-૯-૧૫-૩૧-૨૮-૨૬-૭૩-૪-૯૦-૬૫-૨૭-૧૦૩.

अंतिल्ल अंक आइं, ठविउं बीआइ खेवगा तह य ।
एवमसंखा नेआ, जा अजिअपिआ समुप्पन्नो ॥ १२ ॥

અર્થ:—(**अंतिल्ल अंक आइं**) છેલ્લા આંકને આદિમાં (**ठविउं**) સ્થાપીને, (**बीआइ**) બીજા વિગેરે આંકમાં (**तह य**) તેમજ (**खेवगा**) નાખવા. (**जा अजिअपिआ**) યાવત્ અજિતનાથના પિતા (**समुप्पन्नो**) ઉત્પન્ન થયા (**एवमसंखा नेआ**) એમ ત્યાંસુધી અસંખ્યાતા જાણવા.

વિવેચનઃ—એવી રીતે દ્વયાદિ ક્ષેપકાંકવાળી વિષમોત્તરા અસંખ્યાતી સિદ્ધદંડિકાઓ અજિતજિનના પિતા જિતશત્રુ ઉત્પન્ન થયા ત્યાંસુધી કહેવી, પણ એટલું વિશેષ કે પાછલ (પૂર્વે) કહેલી દંડિકામાં મોક્ષનું જે છેલ્લું અંકસ્થાન હોય તે તેની પછીની દંડિકામાં સર્વાર્થસિદ્ધનું પ્રથમ સ્થાન કહેવું. તે દંડિકામાં સર્વાર્થસિદ્ધનું જે છેલ્લું અંકસ્થાન હોય તે ત્યારપછીની દંડિકામાં મોક્ષનું પહેલું અંકસ્થાન કહેવું. એવી રીતે અસંખ્યાતી દંડિકામાં અંકસ્થાનો અનુક્રમે મોક્ષના અને સર્વાર્થસિદ્ધના જાણવા. તે જ કહે છેઃ—

હવે પ્રથમ સિદ્ધદંડિકામાં છેલ્લું અંક સ્થાન (૨૯)નું છે તેથી ૨૯ ઊર્ધ્વ અને અધો અનુક્રમે ૨૯ વાર સ્થાપવા. તેમાં પ્રથમ સ્થાનમાં કાંઇ નાખવાનું નથી માટે તેટલા સર્વાર્થસિધ્ધે જાય. ત્યારપછી દ્વિતીયાદિ અંકસ્થાનોમાં દુગ, પણગ, એ પૂર્વે કહેલી ગાથાની સંખ્યાવાળા ૨૮ અંક અનુક્રમે નાખવાથી જે સંખ્યા આવે તેટલા અનુક્રમે મોક્ષે અને સર્વાર્થસિધ્ધે જાય એમ જાણવું તે આ પ્રમાણે.

૨૯ સર્વાર્થસિધ્ધે, (૨૯+૨) ૩૧ મોક્ષે, (૨૯+૫) ૩૪ સર્વાર્થે, (૨૯+૯) ૩૮ મોક્ષે, (૨૯+૧૩) ૪૨ સર્વાર્થે, (૨૯+૧૭) ૪૬ મોક્ષે, (૨૯+૨૨) ૫૧ સર્વાર્થે, (૨૯+૬) ૩૫ મોક્ષે, (૨૯+૮) ૩૭ સર્વાર્થે, (૨૯+૧૨) ૪૧ મોક્ષે, (૨૯+૧૪) ૪૩ સર્વાર્થે, (૨૯+૨૮) ૫૭ મોક્ષે, (૨૯+૨૬) ૫૫ સર્વાર્થે, (૨૯+૨૫) ૫૪ મોક્ષે, (૨૯+૧૧) ૪૦ સર્વાર્થે, (૨૯+૨૩) ૫૨ મોક્ષે, (૨૯+૪૭) ૭૬ સર્વાર્થે, (૨૯+૭૦) ૯૯ મોક્ષે, (૨૯+૭૭) ૧૦૬ સર્વાર્થે, (૨૯+૧) ૩૦ મોક્ષે, (૨૯+૨) ૩૧ સર્વાર્થે, (૨૯+૮૭) ૧૧૬ મોક્ષે, (૨૯+૭૧) ૧૦૦ સર્વાર્થે, (૨૯+૬૨) ૯૧ મોક્ષે, (૨૯×૬૯) ૯૮ સર્વાર્થે, (૨૯+૨૪) ૫૩ મોક્ષે, (૨૯+૪૬) ૭૫ સર્વાર્થે, (૨૯+૧૦૦) ૧૨૯ મોક્ષે અને (૨૯+૨૬) ૫૫ સર્વાર્થે.

સર્વાર્થસિધ્ધે	૨૯-૩૪-૪૨-૫૧-૩૭-૪૩-૫૫-૪૦-૭૬-૧૦૬-૩૧-૧૦૦-૯૮-૭૫-૫૫
મોક્ષે	૩૧-૩૮-૪૬-૩૫-૪૧-૫૭ ૫૪-૫૨-૯૯-૩૦-૧૧૬-૯૧-૫૩-૧૨૯.

આ દંડિકામાં છેલ્લું અંકસ્થાન ૫૫ છે તેથી ત્રીજી વિષમોત્તર દંડિકામાં આ જ આદ્ય અંકસ્થાન જાણવું તેથી ૫૫ ઓગણત્રીશ વાર સ્થાપવા. પછી પ્રથમ અંકસ્થાનમાં પ્રક્ષેપ નથી, દ્વિતીયાદિ ૨૮ સ્થાનમાં પૂર્વે કહેલી સંખ્યા નાખવી. આ દંડિકામાં આદ્ય અંકસ્થાન ૫૫ મોક્ષે ગયેલ જાણવું, કારણ કે બીજીમાં પહેલું સર્વાર્થનું હતું, ત્યારપછી અનુક્રમે પૂર્વે કહેલી સંખ્યા વધારતાં જે જે અનુક્રમે આવે તેટલા તેટલા પ્રથમ અંકસ્થાનથી આરંભી મોક્ષે અને સર્વાર્થે અનુક્રમે જાણવા. એવી રીતે બીજી દંડિકાઓમાં જાણી લેવું.

આ પ્રમાણે અસંખ્યાતી દંડિકાઓ કરવી.

अस्संखकोडिलक्खा, सिद्धा सव्वट्ठगा य तह सिद्धा ।
एगभवेणं देविंद-वंदिआ दिंतु सिद्धिसुहं ॥ १३ ॥

અર્થ:—(**अस्संखकोडिलक्खा**) અસંખ્યાત ક્રોડ લાખ (**सिद्धा**) સિદ્ધ થયેલા (**सव्वट्ठगा य**) અને સર્વાર્થે ગયેલા જાણવા કે જે (**एगभवेणं**) એક ભવવડે (**देविंदवंदिआ**) દેવેંદ્રોવડે વંદાયેલા અથવા દેવેંદ્રસૂરિએ વાંદેલા થશે (મોક્ષે જશે.) (**तह सिद्धा**) તે સિદ્ધો મને (**सिद्धिसुहं**) મોક્ષસુખ (**दिंतु**) આપો. ૧૩.

ઈતિ શ્રી દેવેંદ્રસૂરિવિરચિત
સિદ્ધદંડિકા પ્રકરણ સંપૂર્ણ.

श्रीमद्देवेन्द्रसूरिविरचिता

श्री सिद्धपंचाशिका ।

सिद्धं सिद्धत्थसुअं, नमिउं तिहुअणपयासयं वीरं ।
सिरिसिद्धपाहुडाओ, सिद्धसरूवं किमवि वुच्छं ॥ १ ॥

અર્થ:—(**सिद्धं**) પ્રસિદ્ધ (**तिहुअणपयासयं**) ત્રણ ભુવનમાં કેવલજ્ઞાન-વડે પ્રકાશ કરનારા (**सिद्धत्थसुअं**) સિદ્ધાર્થ રાજાના પુત્ર (**वीरं**) શ્રી મહાવીર-સ્વામીને (**नमिउं**) નમસ્કાર કરીને (**सिरिसिद्धपाहुडाओ**) શ્રી સિદ્ધપ્રાભૃતમાંથી ઉદ્ધરીને (**सिद्धसरूवं**) સિદ્ધ ભગવાનનું સ્વરૂપ (**किमवि वुच्छं**) કાંઇક કહીશ. ૧.

વિવેચન—(**सिद्धत्थसुअं**) એ પદનો અર્થ આવી રીતે પણ થાય છે. સિદ્ધ એટલે અચલ છે અર્થ–જીવાદિ પદાર્થો શ્રુતમાં–દ્વાદશાંગરૂપ સિદ્ધાંતમાં જેના એવા અથવા સિદ્ધ થયા છે (મોક્ષપ્રાપ્તિરૂપ) અર્થ જેમના એવા સુત એટલે ગણધરાદિ શિષ્યો છે જેમને એવા અથવા સિદ્ધાર્થ એટલે નિષ્ઠિતાર્થ–જેમના સર્વ સર્વ પ્રયોજન સમાપ્ત થયા છે એવા અથવા સિદ્ધાર્થ રાજાના પુત્ર મહાવીરસ્વામીને નમસ્કાર કરીને સિદ્ધ ભગવાનનું સ્વરૂપ કાંઇક કહીશ. (જેમણે પૂર્વે બાંધેલા આઠે કર્મો ક્ષય કર્યા હોય છે તે સિદ્ધ ભગવાન કહેવાય છે.)

संतपयपरूवणया, दव्वपमाणं च खित्त फुसणा य ।
कालो य अंतरं तह, भावो अप्पाबहू दारा ॥ २ ॥

અર્થ:—(**संतपयपरूवणया**) ૧ છતા પદની પ્રરૂપણા દ્વાર. (**दव्वपमाणं च**) ૨ દ્રવ્યપ્રમાણ દ્વાર, એટલે કેટલી સંખ્યા મોક્ષમાં છે તે. (**खित्त**) ૩ ક્ષેત્ર દ્વાર, કયા કયા ક્ષેત્રમાંથી સિદ્ધ થાય તે. (**फुसणा य**) ૪ સ્પર્શના દ્વાર, સિદ્ધના જીવોને સ્પર્શના કેટલી હોય તે. (**कालो य**) ૫ કાળ દ્વાર, સિદ્ધના જીવોની સ્થિતિનો સાદિ અનંતાદિ કાળ કહેવો તે. (**अंतरं तह**) ૬ અંતર દ્વાર, સિદ્ધના જીવોનું અંતર કહેવું તે. (**भावो**) ૭ ભાવદ્વાર, સિદ્ધના જીવો કયે ભાવે વર્તે છે તે. (**अप्पाबहू दारा**) ૮ અલ્પબહુત્વ દ્વાર, એટલે સિદ્ધના જીવોને પરસ્પર થોડાઘણા કહેવા તે. ૨.

एहिँ अणंतरसिद्धा, परंपरा सन्निकरिसजुत्तेहिं ।
तेहिं विआरणिज्जा, इमेसु पनरससु दारेसु ॥ ३ ॥

અર્થ:—(**एहिँ**) એ આઠ દ્વાર દ્વારાએ (**अणंतरसिद्धा**) અનંતર સિદ્ધનો અને (**सन्निकरिसजुत्तेहिं**) સન્નિકર્ષયુક્ત નવ દ્વારવડે (**परंपरा**) પરંપરસિદ્ધનો (**तेहिं**) તે (**इमेसु**) આ આગલી ગાથામાં કહે છે તે (**पनरससु दारेसु**) પંદર દ્વારને વિષે (**विआरणिज्जा**) વિચાર કરવો. ૩.

વિવેચન—ઉપરની ગાથામાં કહેલા આઠ દ્વારવડે અનંતર સિદ્ધો વિચારવા. એક સમયનું પણ અન્તર જેઓને ન હોય તે અનન્તર સિદ્ધ એટલે સિદ્ધત્વના પ્રથમ સમયમાં વર્તતા-અમુક વિવક્ષિત સમયે સિદ્ધ થયેલા તે અને તે આઠ દ્વાર સાથે સન્નિકર્ષ દ્વાર વધારતાં નવ દ્વારવડે પરંપરસિદ્ધ વિચારવા.

વિવક્ષિત પ્રથમ સમયે જે સિદ્ધ થયા તેની અપેક્ષાએ તેના પૂર્વના સમયે સિદ્ધ થયેલા તે **પરસિદ્ધ** અને તે પૂર્વ સમયે સિદ્ધ થનારથી પૂર્વના સમયે સિદ્ધ થયા તે **પરંપરસિદ્ધ**. તાત્પર્ય એ કે અનન્તરસિદ્ધમાં અમુક એક સમયની અપેક્ષાએ વિચારવું અને પરંપરસિદ્ધમાં અમુક વિવક્ષિત સમયથી પૂર્વે પૂર્વે અનંતા ભૂતકાળ સુધીમાં થઈ ગયેલા સિદ્ધોની અપેક્ષાએ વિચારવું. તે પરંપરસિદ્ધને વિષે સન્નિકર્ષ સાથે નવ દ્વાર કહેશે. (સન્નિકર્ષ એટલે સંયોગગત અલ્પબહુત્વ વિશેષ જાણવો.)

પ્રથમ પંદર દ્વારના નામ કહે છે.

खित्ते[१] काले[२] गइ[३] वेअ[४], तित्थ[५] लिंगे[६] चरित्त[७] बुद्धे[८] य ।
नाणो[९]गाहु[१०]क्कस्से[११], अंतर[१२]मणुसमय[१३]गणण[१४]अप्पबहू[१५] ॥ ४ ॥

અર્થ અને **વિવેચન**—(**खित्ते**) ક્ષેત્ર દ્વાર ત્રણ પ્રકારે-ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છા ૧. (**काले**) કાળ દ્વાર બે પ્રકારે-ઉત્સર્પિણી અને અવસર્પિણી ૨. (**गइ**) ગતિ દ્વાર ચાર પ્રકારે-નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ ૩. (**वेअ**) વેદ દ્વાર ત્રણ પ્રકારે-સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ ૪. (**तित्थ**) તીર્થ દ્વાર બે પ્રકારે-તીર્થંકરનું તીર્થ અને તીર્થંકરીનું તીર્થ ૫. (**लिंगे**) લિંગ દ્વાર બે પ્રકારે-દ્રવ્યલિંગ અને ભાવલિંગ. દ્રવ્યલિંગ ત્રણ પ્રકારે-૧ ગૃહસ્થલિંગ, ૨ અન્યલિંગ, ૩ સ્વલિંગ ૬. (**चरित्त**) ચારિત્ર દ્વાર પાંચ પ્રકારે-સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત ૭. (**बुध्धे य**) બુદ્ધ દ્વાર ચાર પ્રકારે-બુદ્ધબોધિત, બુદ્ધિબોધિત, સ્વયંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ ૮. (**नाण**) જ્ઞાન દ્વાર પાંચ પ્રકારે-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન ૯. (**ऊगाह**) અવ-

ગાહના દ્વાર ત્રણ પ્રકારે-જઘન્ય અવગાહના, ઉત્કૃષ્ટ અવગાહના અને મધ્યમ અવગાહના ૧૦. (**उक्कस्से**) ઉત્કર્ષ દ્વાર ચાર પ્રકારે-અનંત કાળથી સમ્યક્ત્વથી પડેલા અસંખ્યાત કાળથી પડેલા, સંખ્યાત કાળથી પડેલા અને સમકિતથી નહિ પડેલા ૧૧. (**अंतरं**) અંતર દ્વાર-સિદ્ધ એક થયા પછી કેટલું અંતર પડે તે ૧૨. (**अणुसमय**) અણુસમય દ્વાર-નિરંતરપણે કેટલા સમય સુધી સિઝે તે ૧૩. (**गणण**) ગણના દ્વાર-કેટલા સિઝે તેની ગણતરી ૧૪. (**अप्पबहू**) અલ્પબહુત્વ દ્વાર-ઓછા વત્તા-કોણ કોણથી ઓછા અથવા વધારે છે તે. ૧૫.

હવે તે પંદર દ્વાર વિવરીને કહે છે:—

खित्ति तिलोगे १ काले, सिज्झंति अरेसु छसु वि संहरणा ।
अवसप्पिणि ओसप्पिणि, दुतिअरगे जम्मु तिदुसु सिवं २ ॥५॥

અર્થ:—(**खित्ति**) ક્ષેત્ર દ્વારે-(**तिलोगे**) ત્રણ લોકમાં, (**काले**) કાળદ્વારે વિચારતાં (**संहरणा**) સંહરણથકી (**अरेसु छसु वि**) છએ આરામાં, (**सिज्झंति**) મોક્ષે જાય; (**जम्मु**) અને જન્મથી (**अवसप्पिणि**) અવસર્પિણીમાં (**दुअरगे**) ત્રીજા અને ચોથા આરાના જન્મેલા (**तिसु सिवं**) ત્રીજા, ચોથા અને પાંચમા એ ત્રણ આરામાં મોક્ષે જાય. (**ओसप्पिणि**) ઉત્સર્પિણીમાં (**तिअरगे**) બીજા, ત્રીજા અને ચોથા એ ત્રણ આરાના જન્મેલા (**दुसु सिवं**) ત્રીજા અને ચોથા એ આરામાં મોક્ષે જાય. ૫.

વિવેચનઃ—પ્રથમ સત્પદદ્વારને વિષે ક્ષેત્રાદિ પંદર દ્વારોમાં અનંતર સિદ્ધ જીવો વિચારાય છે. ૧ ક્ષેત્રદ્વારે ત્રણે લોકમાં-તેમાં ઊર્ધ્વલોકે પંડકવનાદિમાં, અધોલોકે અધોલૌકિક ગ્રામોમાં અને તિર્ચ્છાલોકે પંદર મનુષ્યક્ષેત્રમાં સિદ્ધ થાય છે. સંહરણથી નદી, સમુદ્ર અને વર્ષધર પર્વતો વિગેરેમાં પણ સિદ્ધ થાય છે.

૨ કાળદ્વારેઃ—કાળ તે ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ તેમાં સંહરણથી છએ આરામાં સિઝે, કારણ કે મહાવિદેહમાં હમેશાં સુષમદુષમારૂપ એક ચોથો જ આરો વર્તે છે, ત્યાં હમેશાં મોક્ષગમન હોવાથી ત્યાંથી સંહરણ કરાયા સતા તેઓ ભરતાદિક ક્ષેત્રમાં જે આરો વર્તતો હોય તેમાં સિઝતા હોવાથી છએ આરામાં મોક્ષગમન થાય છે. તીર્થંકરનો ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં સુષમદુષમા અને દુઃષમસુષમારૂપ બે આરામાં જ જન્મ થાય છે અને સિદ્ધિ પામે છે. તેમને સંહરણનો અભાવ હોવાથી બીજા આરાઓમાં તેમનું મોક્ષગમન થતું નથી. તીર્થંકરનું અધોલોકે અધોલૌકિક ગ્રામોમાં અને તિર્ચ્છાલોકે પંદર કર્મભૂમિમાં સિદ્ધિગમન થાય છે. ૫.

चउगइआगय नरगइ–ठिय सिव ३ वेयतिग ४ दुविहतित्थेऽवि ५ ।
गिहि–अन्न–सलिंगेसु अ ६, चरणे अहक्खाइ वट्टंता ॥ ६ ॥

અર્થ ને વિવેચન—૩ ગતિદ્વારે (**चउगइआगय**) સામાન્યે ચારે ગતિમાંથી આવેલા (**नरगइ ठिय**) મનુષ્યગતિમાં રહેલા (**सिव**) સિઝે. વિશેષથી નરકગતિની અપેક્ષાએ પ્રથમની ચાર નરકથી આવેલા સિઝે. તિર્યંચગતિની અપેક્ષાએ પૃથ્વીકાય, અપ્‌કાય, પ્રત્યેક વનસ્પતિકાય અને પંચેન્દ્રિય તિર્યંચમાંથી આવેલા સિઝે. મનુષ્યગતિની અપેક્ષાએ સ્ત્રી, પુરુષ, નપુંસક ત્રણે વેદમાંથી આવેલા સિઝે. દેવગતિમાં ચારે નિકાયના દેવામાંથી આવેલા સિઝે, પણ તીર્થંકર તો દેવગતિમાંથી એટલે વૈમાનિક દેવમાંથી આવેલા અને નરકગતિમાંથી એટલે પ્રથમની ત્રણ નરકમાંથી આવેલા જ સિઝે. વર્તમાન નયને આશ્રીને મનુષ્યગતિમાં રહેલા જ મોક્ષ પામે. ૪ વેદદ્વારે (**वेयतिग**) ત્રણે વેદમાં સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદમાં સિઝે. તેમાં પ્રત્યુત્પન્ન નયને આશ્રીને અવેદી જ સિઝે. તે ભવમાં પૂર્વે અનુભવેલ વેદની અપેક્ષાએ અને બાહ્ય આકાર માત્રની અપેક્ષાએ ત્રણે વેદમાંથી સિઝે. તીર્થંકર તો સ્ત્રીવેદ અને પુરુષવેદે વર્તતા જ સિઝે. ૫ તીર્થદ્વારે (**दुविहतित्थेऽवि**) તીર્થ બે પ્રકારે-તીર્થંકરે પ્રવર્તાવેલ અને તીર્થંકરીએ પ્રવર્તાવેલ, એ બંને તીર્થમાં સિઝે. ૬ લિંગદ્વારે-(**गिहि-अन्न-सलिंगेसु अ**) લિંગ બે પ્રકારે-દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યલિંગ ત્રણ પ્રકારે-ગૃહસ્થલિંગ, અન્યલિંગ અને સ્વલિંગ. એ ત્રણે લિંગે સિઝે, અને સંયમરૂપ ભાવલિંગની અપેક્ષાએ તો સ્વલિંગે જ સિઝે. ૭ ચારિત્રદ્વારે (**चरणे अहक्खाइ वट्टंता**) ચારિત્રના પાંચ પ્રકાર-સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત. તેમાંથી ક્ષાયિક યથાખ્યાત ચારિત્રમાં વર્તતા જ સિઝે. (ઉપશમ યથાખ્યાતમાં વર્તતા ન સિઝે) ૬.

ति चउ पण पुव्वि तिचरण, जिणा ७ सयं बुद्धि-बुद्ध-पत्तेया ८।
दु-ति-चउनाणा ९ लहुतणु, दुहत्थ गुरु पणधणुसयाओ १०॥७॥

અર્થ:—(**पुव्वि तिचरण**) તે ભવમાં પૂર્વે અનુભવેલા ચારિત્રની અપેક્ષાએ (**ति चउ पण**) ત્રણ, ચાર અથવા પાંચ ચારિત્ર પામીને સિઝે. એટલે કેટલાક પહેલું, ચોથું અને પાંચમું એ ત્રણ ચારિત્ર પામીને સિઝે, કેટલાક પહેલું, બીજું, ચોથું અને પાંચમું એ ચાર પામીને સિઝે, કેટલાક પહેલું, ત્રીજું, ચોથું અને પાંચમું એ ચાર પામીને સિઝે અને કેટલાક ઉપર કહેલા પાંચે ચારિત્ર પામીને સિઝે. (**जिणा**) તીર્થંકર તો સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ત્રણ ચારિત્ર પામીને જ સિઝે. ૮ બુદ્ધદ્વાર ચાર પ્રકારે છે:—(**सयं**) સ્વયંબુદ્ધ, (**बुद्धिबुद्ध**) બુદ્ધિબુદ્ધ, (**बुद्धबुद्ध**) બુદ્ધબુદ્ધ અને (**पत्तेया**) પ્રત્યેકબુદ્ધ-એ ચારેમાંથી સિઝે. સ્વયં એટલે બાહ્ય હેતુ વિના જાતિસ્મરણાદિ પામીને બોધ પામેલા તે સ્વયંબુદ્ધ, બુદ્ધિ એટલે મલ્લિસ્વામી તીર્થંકર અથવા સામાન્ય સ્ત્રી તેમનાથી બોધ પામેલા તે બુદ્ધિબુદ્ધ, આચાર્યાદિક તે બુદ્ધ તેમનાથી બોધ પામેલા બુદ્ધબુદ્ધ અને પ્રત્યેક એટલે કાંઈક બાહ્ય હેતુ જોઈને બોધ પામેલા તે પ્રત્યેકબુદ્ધ જાણવા.

વિવેચન:—પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધમાં બોધિ, ઉપધિ, શ્રુત અને લિંગવડે ભેદ છે, તેથી તે પ્રત્યેક એટલે જુદા વિહાર કરે પણ ગચ્છવાસીની પેઠે સાથે વિચરતા નથી. સ્વયંબુદ્ધને પાત્રાદિક બાર પ્રકારની ઉપધિ હોય અને પ્રત્યેકબુદ્ધને જઘન્યથી રજોહરણ અને મુહપત્તિરૂપ બે પ્રકારની અને ઉત્કૃષ્ટથી પ્રાવરણ (વસ્ત્ર) વર્જીને નવ પ્રકારની ઉપધિ હોય. સ્વયંબુદ્ધને પૂર્વે ભણેલું શ્રુત હોય અથવા ન હોય. જો હોય તો દેવતા લિંગ અર્પે અથવા ગુરુ પાસે અંગીકાર કરે અને એકલા વિહાર કરવા સમર્થ હોય તો તે એકલા વિહાર કરે, નહિ તો ગચ્છમાં રહે. જો પૂર્વાધીત શ્રુત ન હોય તો નિશ્ચે ગુરુ પાસે લિંગ અંગીકાર કરે અને ગચ્છનો ત્યાગ કરે જ નહિ. પ્રત્યેકબુદ્ધને પૂર્વાધીત શ્રુત અવશ્ય હોય. જઘન્યથી અગિયાર અંગનું અને ઉત્કૃષ્ટથી કાંઈક ઊણા દશ પૂર્વનું હોય. તેમને લિંગ દેવતા અર્પે અથવા કદાચિત્ લિંગ રહિત પણ હોય. હવે ગાથાનો બાકીનો અર્થ કહે છે:—

અર્થ:—૯ જ્ઞાનદ્વારે-જ્ઞાન પાંચ પ્રકારે-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન. તેમાં કેવલજ્ઞાને વર્તતા સિઝે. તે ભવમાં પૂર્વે અનુભવેલ જ્ઞાનની અપેક્ષાએ (**दु-ति-चउनाणा**) કેટલાક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન એ બે જ્ઞાની, કેટલાક મતિ, શ્રુત, અવધિ અથવા મતિ, શ્રુત અને મન:પર્યવ એ ત્રણ જ્ઞાની અને કેટલાક મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યવ એ ચાર જ્ઞાની સિઝે. તીર્થંકર તો ચાર જ્ઞાની જ સિઝે.

૧૦ અવગાહનાદ્વારે-અવગાહના બે પ્રકારે-(**लहुतणु दुहत्थ**) જઘન્યથી બે હાથની અવગાહનાવાળા (**गुरु पणधणुसयाओ**) અને ઉત્કૃષ્ટથી પાંચ સો ધનુષ્યની અવગાહનાવાળા સિઝે. મરુદેવીમાતા આદિ પાંચસોથી અધિક પચીશ ધનુષ્યના શરીરવાળા પણ સિઝે, કારણ કે મરુદેવીની અવગાહના નાભિકુલકર તુલ્ય પરપ ધનુષ્યની હતી. 'સંઘયણ, સંસ્થાન અને ઊંચપણું કુલકરની સ્ત્રીનું કુલકર સરખું હોય છે. આ પ્રમાણે સિદ્ધપ્રાભૃતની ટીકામાં કહ્યું છે.' બે હાથની ઉપર અને પાંચ સો ધનુષ્યની અંદરની મધ્યમ અવગાહનાએ વર્તતા સિઝે. તીર્થંકર તો જઘન્યથી સાત હાથના અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્યના પ્રમાણવાળા જ સિઝે. બાકીના જીવો મધ્યમ અવગાહનાએ પણ સિઝે. ૭.

कालमणंतमसंखं, संखं चुअसम्म अचुअसम्मत्ता ११ ।
लहुगुरुअंतर समओ, छमास १२ अडसमय अव्वहिआ १३ ॥८॥

અર્થ:—૧૧ ઉત્કર્ષદ્વારે-(**चुअसम्म**) સમ્યક્ત્વથી પડીને કેટલાક (**कालमणंतं**) ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્તન કાળરૂપ અનંતકાળ સુધી સંસારમાં ભમીને, ફરી સમ્યક્ત્વાદિ રત્નત્રય પામીને સિઝે. (**असंखं संखं**) કેટલાક બીજા અનુત્કૃષ્ટથી અસંખ્યાતકાળ સુધી અને સંખ્યાતકાળ સુધી ભમીને સિઝે. (**अचुअसम्मत्ता**) કેટલાક સમ્યક્ત્વથી પડ્યા વિના પણ સિઝે.

૧૨ અંતરદ્વારે—(**लहुगुरुअंतर**) જઘન્યથી અંતર (**समओ**) એક સમયનું અને ઉત્કર્ષથી (**छमास**) છ માસનું અંતર પડે. ૧૩ અનુસમય એટલે નિરંતરદ્વારે-(**अडसमय**) જઘન્યથી બે સમય સુધી અને ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી (**अव्वहिया**) અવ્યવધાને-નિરંતર સિઝે. ૮

जहनियर इक्क अडसय १४, अणेग एगा य थोव संखगुणा १५ ।
चउ उड्ढ नंदण जले, वीसपहुत्तं अहोलोए ॥ ९ ॥

અર્થઃ—૧૪ ગણનાદ્વારે-(**जहनियर इक्क अडसय**) જઘન્યથી એક અને ઈતર ઉત્કૃષ્ટથી એક સો ને આઠ એક સમયે સિઝે. ઋષભદેવના નિર્વાણ સમયે એક સો આઠ એક સમયે સિદ્ધ થયા હતા. ૧૫ અલ્પબહુત્વદ્વારે-(**अणेग थोव**) અનેક એટલે એકસાથે બે ત્રણ સિદ્ધ થાય તે થોડા, તેનાથી (**एगा य संखगुणा**) એક સમયે એક સિદ્ધ સંખ્યાતગુણા. વિવક્ષિતસમયે એકએક સિદ્ધનું બાહુલ્યપણું હોવાથી. એવી રીતે ક્ષેત્રાદિક પંદર દ્વારને વિષે સત્પદપ્રરૂપણાદ્વાર કહ્યું.

હવે ક્ષેત્રાદિ પંદર દ્વારને વિષે દ્રવ્યપ્રમાણ નામે બીજું દ્વાર કહે છેઃ—

૧ ક્ષેત્રદ્વારે-(**चउ उड्ढ नंदण जले**) ઊર્ધ્વલોકે મેરુ આદિમાં, નંદનવનમાં અને જળમાં એટલે સામાન્યથી નદ્યાદિકમાં ચાર-ચાર સિઝે. (**वीसपहुत्तं अहोलोए**) અધોલોકમાં વીશ પૃથક્ત્વ[1] સિઝે. સંગ્રહણિમાં બાવીશ સિઝે એમ કહ્યું છે. ઉત્તરાધ્યયનમાં ' **दोअवीसा अहोलोए** ' બે વીશ-એટલે ચાળીશ અધોલોકમાં સિઝે એમ કહ્યું છે (અધોલોકમાં બે વિજય આવે છે તેથી). ૯.

इगविजय वीस अडसय, पत्तेयं कम्मभूमि तिरिलोए ।
दु दु जलहि पंडगवणे, अकम्ममहि दस य संहरणा १ ॥१०॥

અર્થઃ—(**इगविजय वीस**) એક એક વિજયને વિષે વીશ વીશ સિઝે. (**पत्तेयं कम्मभूमि**) પ્રત્યેક (૫) ભરત (૫) ઐરવત (૫) મહાવિદેહ એ પંદર કર્મભૂમિ દરેકમાં (**अडसय**) એક સો આઠ સિઝે. (**तिरिलोए**) તિર્ચ્છાલોકમાં પણ એક સો આઠ સિઝે. (**दु दु जलहि पंडगवणे**) સામાન્યથી સમુદ્રમાં અને પંડકવનમાં બબે સિઝે. ૫ હેમવંત, ૫ હરિવર્ષ, ૫ દેવકુરુ, ૫ ઉત્તરકુરુ, ૫ રમ્યક, ૫ ઐરણ્યવત-એ (**अकम्ममहि दस य संहरणा**) ૩૦ અકર્મભૂમિ દરેકમાં સંહરણથી દશ દશ સિઝે. ૧૦.

ति चउत्थ अरे अडसय, पंचमए वीस दस दस य सेसे २ ।
नरगतिग भवण वण नर-जोइस तिरि तिरिक्खिणी दसगं ॥ ११ ॥

૧ અહીં પૃથક્ત્વ શબ્દે વીશથી કાંઈક અધિક સમજવા.

અર્થ:—૨ કાળદ્વારે-(**ति चउत्थ अरे**) ઉત્સર્પિણી અને અવસર્પિણીના ત્રીજા અને ચોથા આરામાં (**अडसय**) એક સો ને આઠ સિઝે. (**पंचमए वीस**) અવસર્પિણીના પાંચમા આરામાં વીશ સિઝે. (**दस दस य सेसे**) ઉત્સર્પિણી અને અવસર્પિણી બે કાળના બાકીના આરાઓમાં દરેકમાં સંહરણથી દશ દશ સિઝે.

૩ ગતિદ્વારે-(**नरगतिग भवण वण नर जोइस तिरि तिरिखिणी दसगं**) પહેલી ત્રણ નરક, ભવનપતિ, વ્યંતર, મનુષ્ય, જ્યોતિષી, તિર્યંચ ને તિર્યંચિણી-એમાંથી આવેલા દશ દશ સિઝે. ૧૧.

वेमाणिअ अट्ठसयं, हरिय छऊ पंकपुढविजल चउरो ।
जोइविमाणिनरित्थी, वीसं भवणवणथी पणगं ३ ॥ १२ ॥

અર્થ:—(**वेमाणिअ अट्ठसयं**) વૈમાનિક દેવથી આવેલા એક સો ને આઠ સિઝે. (**हरिय छऊ**) વનસ્પતિકાયમાંથી આવેલા છ સિઝે. (**पंकपुढविजल चउरो**) પંકપ્રભા નામે ચોથી નરક, પૃથ્વીકાય અને અપ્કાય એ ત્રણમાંથી આવેલા ચાર ચાર સિઝે. (**जोइविमाणीनरित्थी**) જ્યોતિષીની દેવી, વૈમાનિકની દેવી અને મનુષ્યિણીથી આવેલા (**वीसं**) વીશ સિઝે. (**भवणवणथी पणगं**) ભવનપતિની દેવી તથા વ્યંતરની દેવીથી આવેલા પાંચ પાંચ સિઝે. આ સર્વ સંખ્યા ઉત્કૃષ્ટથી જાણવી. જઘન્યથી એક, બે, ત્રણ સિઝે. ૧૨.

वीसत्थि दस नपुंसग, पुरिसट्ठसयं नरा नरुवट्टा ।
इय भंगे अट्ठसयं, दस दस सेसट्ठ भंगेसुं ॥ १३ ॥

અર્થ:—૪ વેદદ્વારે (**वीसत्थि**) સ્ત્રીઓ વીશ, (**दस नपुंसग**) નપુંસક દશ અને (**पुरिसट्ठसयं**) પુરુષ એક સો આઠ સિઝે. (**नरा नरुवट्टा**) દેવાદિ પુરુષમાંથી આવેલા નરો-પુરુષો (**इयभंगे अट्ठसयं**) એ એક ભાંગે એક સો ને આઠ સિઝે. (**दस दस सेसट्ठ भंगेसु**) બાકીના આઠ ભાંગે દશ દશ સિઝે. ૧૩.

२ पुरुषमांथी	आवी	स्त्रीपणे	उत्पन्न	थएला	१०
३ ,,	,,	नपुंसकपणे	,,	,,	१०
४ स्त्रीमांथी	,,	पुरुषपणे	,,	,,	१०
५ ,,	,,	स्त्रीपणे	,,	,,	१०
६ ,,	,,	नपुंसकपणे	,,	,,	१०
७ नपुंसकमांथी	,,	पुरुषपणे	,,	,,	१०
८ ,,	,,	स्त्रीपणे	,,	,,	१०
९ ,,	,,	नपुंसकपणे	,,	,,	१०

વેદ આશ્રી પ્રથમભંગે ૧૦૮ અને બાકીના આઠ ભંગે દશ દશ સિઝે એમ સમજવું.

तित्थयरी जिण पत्तेअबुद्ध संबुद्ध दु चउ दस चउरो ५ ।
चउ दस अडसय गिहि पर, सलिंग ६ परिहारविणु ओहो ॥१४॥

અર્થ:—૫ તીર્થદ્વારે—(**तित्थयरी दु**) તીર્થંકરી એક સમયે બે સિઝે. (**जिण चउ**) જિન એટલે તીર્થંકર એક સમયે ચાર સિઝે. (**पत्तेअबुद्ध दस**) પ્રત્યેકબુદ્ધ એક સમયે દશ સિઝે. (**संबुद्ध चउरो**) સ્વયંબુદ્ધ એક સમયે ચાર સિઝે.

૬ લિંગદ્વારે—(**चउ गिहि**) ગૃહસ્થલિંગે ચાર સિઝે, (**दस पर**) અન્ય લિંગે દશ સિઝે, (**सलिंग अडसय**) સ્વલિંગે એક સો ને આઠ સિઝે.

૭ ચારિત્રદ્વારે—(**परिहारविणु ओहो**) પરિહાર વિના ઓઘ એટલે જે ભાંગામાં પરિહારવિશુદ્ધિ ચારિત્રપદ ન આવે ત્યાં ઓઘ એટલે સામાન્યથી ૧૦૮ સિઝે. તે ભાંગા આ પ્રમાણે—સામાયિક, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત—એ ત્રિકસંયોગી ભાંગે અને સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત—એ ચતુઃ-સંયોગીભાંગે—એ બે ભાંગે ૧૦૮ સિઝે. ૧૪.

दस परिहारजुए ७ बुद्धिबोहिथी वीस जीव वीस पहू ८ ।
चउ मइसुअ मइसुअमणनाणे दस सेस दुगि ओहो ९ ॥१५॥

અર્થ:—(**दस परिहारजुए**) પરિહારવિશુદ્ધિ સહિત ભાંગાને વિષે દશ દશ સિઝે. તે આ પ્રમાણે—પહેલું, ત્રીજું, ચોથું ને પાંચમું એ ચતુઃસંયોગી ભાંગે અને પહેલું, બીજું, ત્રીજું, ચોથું, પાંચમું—એ પંચસંયોગી ભાંગે—આ બંને ભાંગે દશ દશ સિઝે. (પૃથક્ત્વ શબ્દ કાંઇક અધિક વાચક સમજવો.)

૮ બુદ્ધદ્વારે—(**बुद्धिबोहिथी**) બુદ્ધિબોધિત સ્ત્રીઓ એક સમયે (**वीस**) વીશ સિઝે. (**जीव वीस पहू**) બુદ્ધિબોધિત જીવો સ્ત્રી, પુરુષ અને નપુંસકની વિવક્ષા વિના વીશ પૃથક્ત્વ સિઝે. (પૃથક્ત્વ શબ્દ કાંઇક અધિક વાચક સમજવો.)

આ પ્રમાણે સિદ્ધપ્રાભૃતમાં કહ્યું છે. હવે વિશેષ કહે છે:—બુદ્ધબોધિત પુરુષો ૧૦૮, સ્ત્રી ૨૦ અને નપુંસક ૧૦ સિઝે

૯ જ્ઞાનદ્વારે—(**चउ मइसुअ**) પૂર્વે અનુભવેલ જ્ઞાનની અપેક્ષાએ મતિ અને શ્રુતજ્ઞાની ૪ સિઝે. (**मइसुअमणनाणे दस**) મતિ, શ્રુત અને મનઃપર્યવ એ ત્રણ જ્ઞાની ૧૦ સિઝે. (**सेस दुगि ओहो**) બાકીના મતિ, શ્રુત અને અવધિજ્ઞાની અને મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાની આ બે ભાંગે ૧૦૮ સિઝે. ૧૫.

मज्झ गुरु लहुवगाहण, अडसय दुग चउर अट्ठ जवमज्झे १०।
चुअणंतकालसम्मा, अडसय चउ अचुअ दस सेसा११-१२॥१६॥

અર્થ:—૧૦ અવગાહનાદ્વારે-(**मज्झ अडसय**) મધ્યમ અવગાહનાવાળા (૧૦૮) સિઝે. (**गुरु दुग**) ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બે સિઝે. (**लहुवगाहण चउर**) જઘન્ય અવગાહનાવાળા ચાર સિઝે. (**अट्ठ जवमज्झे**) જવમધ્ય અવગાહનાવાળા આઠ સિઝે. જવમધ્ય એટલે ઉત્કૃષ્ટ અવગાહના (૫૨૫) ધનુષ્યની છે તેથી અર્ધ (૨૬૨ાા) ધનુષની અવગાહનાવાળા સમજવા. આગળ પણ જવમધ્ય સંજ્ઞા આવે ત્યાં ઉત્કૃષ્ટથી અર્ધ પ્રમાણ જાણવું.

૧૧ ઉત્કૃષ્ટદ્વારે-(**चुअणंतकालसम्मा**) અનંતકાળથી સમ્યકત્વથી પડેલા (**अडसय**) ૧૦૮ સિઝે. (**चउ अचुअ**) સમકિતથી નહિ પડેલા ચાર સિઝે. (**दस सेसा**) અને બાકીના અસંખ્યાત કાળથી અને સંખ્યાત કાળથી સમ્યકત્વથી પડેલા દશ દશ સિઝે. ૧૬.

૧૨ અંતરદ્વાર-અલ્પવિષયી હોવાથી સૂત્રમાં નથી કહ્યું પણ દેખાડે છે:—

એકાદિ સમયને અન્તરે એક પણ સિઝે અને ઘણા પણ સિઝે. એટલે ૧૦૮ સુધી સિઝે.

अड दुरहिअसय सय छनुई, चुलसी दुगसयरि सट्ठि अडयाला।
बत्तीस इक्क दु ति चउ, पण छग सग अड निरंतरिया १३॥१७॥

અર્થ:—૧૩ અનુસમયદ્વારે-(**अडसय**) ૧૦૮ (**दुरहिअसय**) ૧૦૨ (**छनुई**) ૯૬ (**चुलसी**) ૮૪ (**दुगसयरि**) ૭૨ (**सट्ठि**) ૬૦ (**अडयाला**) ૪૮ (**बत्तीस**) ૩૨ એ પ્રમાણે (**इक्क**) એક સમય સુધી, (**दु**) બે સમય સુધી, (**ति**) ત્રણ સમય સુધી, (**चउ**) ચાર સમય સુધી, (**पण**) પાંચ સમય સુધી, (**छग**) ૭ સમય સુધી, (**सग**) સાત સમય સુધી, (**अड**) આઠ સમય સુધી (**निरंतरिया**) નિરંતર સિઝે.

૧૦૩ થી ૧૦૮		૧	સમય	સુધી	સિઝે	પછી અવશ્ય	અંતર પડે.
૯૭ થી ૧૦૨	નિરંતરપણે	૨	”	”	”	”	”
૮૫ થી ૯૬	”	૩	”	”	”	”	”
૭૩ થી ૮૪	”	૪	”	”	”	”	”
૬૧ થી ૭૨	”	૫	”	”	”	”	”

૪૯ થી ૬૦	”	૬	”	”	”	”	”
૩૩ થી ૪૮	”	૭	”	”	”	”	”
૧ થી ૩૨	”	૮	”	”	”	”	”

૧૪ મું ૧૫ મું ગણના દ્વાર ને અલ્પબહુત્વદ્વાર પૂર્વે કહેલા સત્પદ પ્રરૂપણા-દ્વારની પેઠે જાણવું. એવી રીતે ક્ષેત્રાદિ ૧૫ દ્વારે બીજું દ્રવ્યપ્રમાણદ્વાર કહ્યું. ૧૭.

હવે એક ગાથાવડે ક્ષેત્ર અને સ્પર્શના દ્વાર કહે છેઃ—

लोअग्गठिआ सिद्धा, इह बुंदिं चइय पडिहय अलोए ३ ।
फुसइ अणंते सिद्धे, सव्वपएसेहि सो सिद्धो ४ ॥ १८ ॥

અર્થઃ—ક્ષેત્ર દ્વારે-(**इह बुंदिं चइय**) આ મનુષ્ય ક્ષેત્રે સર્વથા શરીરનો ત્યાગ કરીને (**लोअग्गठिआ सिद्धा**) લોકના અગ્રભાગને વિષે સિદ્ધશિલા ઉપર રહેલા (**पडिहय अलोए**) અલોકથી રોકાએલા છતાં ત્યાં જ રહે છે, કારણ કે અલોકમાં ધર્માસ્તિકાય નહિ હોવાથી જીવ ગમન કરી શકતો નથી.

એ પ્રમાણે મૂળ આઠ દ્વારને વિષે ત્રીજું ક્ષેત્રદ્વાર જાણવું ૩. ચોથા સ્પર્શના દ્વારે વિવક્ષિત સમયમાં સિદ્ધ થએલ (**सो सिद्धो**) તે સિદ્ધ (**अणंते सिद्धे**) અનંતા સિદ્ધોને (**सव्वपएसेहि**) પોતાના સર્વ પ્રદેશોવડે (**फुसइ**) સ્પર્શે અને જે તેના દેશપ્રદેશોવડે સ્પર્શાય તે તેના કરતાં અસંખ્યાત ગુણા જાણવા. એ રીતે મૂલ આઠ દ્વારમાં ચોથું સ્પર્શના દ્વાર જાણવું. ૪. ૧૮.

जत्थट्ठसयं सिज्झइ, अट्ठ उ समया निरंतरं तत्थ ।
वीस दसगेसु चउरो, दु सेसि जवमज्झि चत्तारि ५ ॥१९॥

અર્થઃ—હવે મૂળના પાંચમા કાળ દ્વારે (**जत्थट्ठसयं**) ક્ષેત્રાદિ પંદરે દ્વારમાં જે જે સ્થાને એક સમયે ઉત્કૃષ્ટ એક સો ને આઠ (**सिज्झइ**) સિજ્ઝે (**तत्थ**) ત્યાં (**अट्ठ उ समया निरंतरं**) નિરંતરપણે આઠ સમયનો કાળ કહેવો (**वीस दसगेसु चउरो**) જ્યાં એક સમયમાં વીશ અથવા એક સમયમાં દશ સિજ્ઝે ત્યાં ચાર સમયનો નિરંતર-પણે કાળ જાણવો. (**दु सेसि**) બાકીના સ્થાને બે સમયનો નિરંતરપણે કાળ જાણવો. (**जवमज्झि चत्तारि**) યવમધ્યમાં ચાર સમયનો નિરંતરપણે કાળ જાણવો.

હવે ઉત્તર દ્વાર ૧૫ માં દરેક દ્વારે કેટલા કેટલા સિજ્ઝે તે કહે છેઃ—

૧ **क्षेत्रद्वारे**—પંદર કર્મભૂમિમાં આઠ સમય સુધી નિરંતરપણે સિજ્ઝે. હરિ-વર્ષાદિ ૩૦ અકર્મભૂમિમાં અને અધોલોકમાં ચાર સમય સુધી નિરંતરપણે સિજ્ઝે. નંદન વનમાં, પાંડુક વનમાં અને લવણ સમુદ્રમાં બેબે સમય સુધી નિરંતરપણે સિજ્ઝે.

૨ **कालद्वारे**—ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના ત્રીજા અને ચોથા આરાને વિષે આઠ આઠ સમય સુધી સિઝે અને બાકીના આરામાં ચાર ચાર સમય સુધી નિરંતરપણે સિઝે.

૩ **गतिद्वारे**—દેવગતિથી આવેલા આઠ સમય સુધી સિઝે, બાકીની ગતિમાંથી આવેલા ચાર સમય સુધી નિરંતરપણે સિઝે.

૪ **वेदद्वारे**—પુરુષવેદી આઠ સમય સુધી અને સ્ત્રી તથા નપુંસકવેદી ચાર સમય સુધી સિઝે. પુરુષવેદમાંથી આવી પુરુષવેદમાં ઉપજ્યા હોય તે ભાંગાવાળા આઠ સમય સુધી સિઝે, બાકીના આઠ ભાંગાવાળા ચાર ચાર સમય સુધી નિરંતરપણે સિઝે.

૫ **तीर्थद्वारे**—તીર્થંકર અને તીર્થંકરીના તીર્થમાં, અતીર્થંકર સિદ્ધ (તીર્થંકર થયા સિવાયના) ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી સિઝે. તીર્થંકર અને તીર્થંકરી બે સમય સુધી નિરંતરપણે સિઝે.

૬ **लिंगद्वारे**—સ્વલિંગે આઠ સમય, અન્યલિંગે ચાર સમય અને ગૃહસ્થલિંગે બે સમય સુધી નિરંતર સિઝે.

૭ **चारित्रद्वारे**—તે ભવમાં પૂર્વે પરિહારવિશુદ્ધિ ચારિત્ર અનુભવનાર ચાર સમય સુધી, બાકીના ચારિત્રવાળા આઠ સમય સુધી નિરંતરપણે સિઝે.

૮ **बुद्धद्वारे**—સ્વયંબુદ્ધ બે સમય સુધી, બુદ્ધબોધિત આઠ સમય સુધી, પ્રત્યેકબુદ્ધ અને બુદ્ધિબોધિત સ્ત્રી અને પુરુષો સામાન્યે ચાર સમય સુધી નિરંતરપણે સિઝે.

૯ **ज्ञानद्वारे**—મતિ, શ્રુત જ્ઞાની બે સમય સુધી, મતિ, શ્રુત અને મનઃપર્યવજ્ઞાની ચાર સમય સુધી, મતિ, શ્રુત અને અવધિજ્ઞાની તથા મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવજ્ઞાની આઠ સમય સુધી નિરંતરપણે સિઝે.

૧૦ **अवगाहनाद्वारे**—ઉત્કૃષ્ટ અને જઘન્ય અવગાહનાવાળા બેબે સમય સુધી, યવમધ્યવાળા ચાર સમય સુધી અને મધ્યમ અવગાહનવાળા આઠ સમય સુધી નિરંતરપણે સિઝે.

૧૧ **उत्कृष्टद्वारे**—સમ્યક્ત્વથી પડેલા બે સમય સુધી, સંખ્યાત કાળથી સમ્યક્ત્વથી પડેલા તથા અસંખ્યાત કાળથી સમ્યક્ત્વથી પડેલા ચાર સમય સુધી અને અનંતકાળથી સમ્યક્ત્વથી પડેલા આઠ સમય સુધી નિરંતરપણે સિઝે.

૧૨ થી ૧૫ સુધીના અંતરાદિ ચાર દ્વાર અહીં ઘટે નહિં.

એવી રીતે પાંચમું કાળદ્વાર કહ્યું. હવે મૂળ છઠ્ઠું અંતર દ્વાર કહે છે:—

जंबुद्दीवे धायइ, ओह विभागे य तिसु विदेहेसु ।
वासपहुत्तं अंतर, पुक्खरदुविदेह वासहियं ॥ २० ॥

અર્થ:—૧ ક્ષેત્રદ્વારે-(**जंबुद्दीवे धायइ**) જંબૂદ્વીપમાં અને ધાતકી ખંડમાં (**ओह**) સામાન્યપણે (**वासपहुत्तं अंतर**) વર્ષપૃથક્ત્વનું એટલે બે વર્ષથી નવ વર્ષ સુધીનું અંતર જાણવું, (**विभागे य**) અને વિશેષપણે (**तिसु विदेहेसु**) જંબૂદ્વીપના એક મહાવિદેહ અને ધાતકી ખંડના બે મહાવિદેહ મળી ત્રણ મહાવિદેહને વિષે પણ તેટલું જ અંતર જાણવું. (**पुक्खरदुविदेह**) સામાન્યપણે પુષ્કરાર્ધમાં અને વિશેષતાથી તેના બે વિદેહને વિષે (**वासहियं**) વર્ષાધિક અંતર જાણવું. ૨૦.

भरहेरवए जम्मा, कालो जुगलीण संखसमसहसा ।
संहरण नरयतिरिए, समसहसा समसयपहुत्तं ॥ २१ ॥

અર્થ:—૨ કાળદ્વારે—(**भरहेरवए जम्मा**) ભરત અને ઐરવત ક્ષેત્રમાં જન્મથી (**कालो जुगलीण**) જુગળિયાના કાળ જેટલું એટલે કાંઇક ઊણા અઢાર કોડાકોડી સાગરોપમનું અંતર જાણવું. અવસર્પિણીના પહેલે, બીજે અને ત્રીજે, તેમજ ઉત્સર્પિણીના ચોથે, પાંચમે અને છઠ્ઠે આરે (**संहरण**) સંહરણથી (**संखसमसहसा**) સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું.

૩ ગતિદ્વારે (**नरय**) નરકગતિમાંથી આવેલાને (**समसहसा**) હજાર વર્ષનું અને (**तिरिए**) તિર્યંચ ગતિમાંથી આવેલાને (**समसयपहुत्तं**) શતપૃથક્ત્વ વર્ષનું અંતર જાણવું. ૨૧.

तिरिईसुरनरनारीसूरीहिँ उवएससिध्धीलद्धीए ।
वासहिअंतर अह सयबोहीओ संखसमसहसा ॥ २२ ॥

અર્થ:—(**तिरिईसुरनरनारीसूरीहिँ**) તિર્યંચિણી, દેવતા, મનુષ્ય, મનુષ્યિણી અને દેવીમાંથી આવીને (**उवएससिध्धीलद्धीए**) ઉપદેશલબ્ધિએ ઉપદેશવડે સિદ્ધિ પામનારને (**वासहिअंतर**) વર્ષ સાધિક અંતર જાણવું. (**अह सयबोहीओ**) અને સ્વયંબોધીને (**संखसमसहसा**) સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું. ૨૨.

सयमुवएसा भूजलवण–सुहमीसाणपढमदुगनरया ।
थीकीवेसुं भंगट्ठगे अ संखिज्जसमसहसा ॥ २३ ॥

અર્થ :—(**भूजलवण**) પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયથી તથા (**सुहमीसाणपढमदुगनरया**) સૌધર્મ, ઇશાન દેવલોકથી અને પ્રથમની બે નરકથી આવેલા (**सयमुवएसा**) પોતાની મેળે તથા ઉપદેશથી સિદ્ધિ પામનારને (**संखिज्ज-समसहसा**) સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું.

૪ વેદદ્વારે—(**थीकीवेसुं**) સ્ત્રીવેદી અને નપુંસકવેદી (**अ**) તેમ જ પૂર્વે કહેલા વેદના નવ ભાંગામાંથી પુરુષવેદથી આવીને પુરુષવેદી થાય તે પ્રથમ ભંગ સિવાયના (**भंगट्ठगे**) બાકીના આઠ ભાંગે (**संखिज्जसमसहसा**) સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું. ૨૩.

नरवेअपढमभंगे, वरिसं पत्तेअजिणजिणीसेसा ।
संखसमसहस पुव्वासहसपिहूणंतहिअवरिसं ॥ २४ ॥

અર્થ :—(**नरवेअपढमभंगे**) પુરુષવેદીને તથા પ્રથમ ભંગે પુરુષવેદથી આવીને પુરુષવેદી થઇને સિઝે તેને (**वरिसं**) એક વર્ષનું અંતર જાણવું.

૫ તીર્થદ્વારે—(**पत्तेअ**) પ્રત્યેકબુદ્ધનું (**संखसमसहस**) સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવુ, (**जिण**) તીર્થંકરને (**पुव्वासहसपिहु**) હજાર પૃથક્ત્વ પૂર્વ એટલે બે હજારથી નવ હજાર પૂર્વનુ અંતર, (**जिणी**) તીર્થંકરીને (**णंत**) અનંતકાળનું અંતર, (**सेसा**) બાકી રહેલા સર્વ પુરુષોને (**हिअवरिसं**) એક વર્ષ અધિક ઉત્કૃષ્ટ અંતર જાણવું. ૨૪.

संखसमसहस गिहि अन्नलिंग हिअ वरिस तिचरण सलिंगे ।
सेसच रित्ते जुअली, बुहबोहिअ पुरिसवरिसाहिअं ॥ २५ ॥

અર્થ :—૬ લિંગદ્વારે—(**गिहि अन्नलिंग**) ગૃહસ્થલિંગે અને અન્યલિંગે (**संखसमसहस**) સંખ્યાતા હજાર વરસનું અંતર જાણવું. (**सलिंगे**) સ્વલિંગે (**हिअ वरिस**) એક વરસ અધિક અંતર જાણવું.

૭ ચારિત્રદ્વારે—(**तिचरण**) સામાયિક, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ ત્રણ ચારિત્રને વિષે (**हिअवरिस**) એક વરસ અધિક અંતર, (**सेसचरित्ते जुअली**) સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ ચતુષ્કસંયોગી અને સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય ને યથાખ્યાત, એ પંચ-સંયોગી આ બન્ને ભાંગાના ચારિત્રમાં યુગલિક કાળ જેટલું, એટલે અઢાર કોડાકોડી સાગરોપમમાં કાંઇક ન્યૂન એટલું અંતર જાણવું; કારણ કે એ બે સંયોગી ભંગ ભરત અને ઐરવત ક્ષેત્રમાં પહેલા, છેલ્લા તીર્થંકરના તીર્થમાં જ હોય છે તેથી ઉત્કૃષ્ટ તેટલું અંતર જાણવું.

૮ બુદ્ધદ્વારે—(**बुद्दबोहिअ पुरिस**) બુદ્ધબોધિત પુરુષોને (**वरिसहिअं**) વર્ષાધિક અંતર જાણવું. ૨૫.

संखसमसहस सेसा, पुव्वसहस्सप्पहुत्त संबुद्धे ।
मइसुअ पलियअसंखो, भागोहिजुएऽहिअं वरिसं ॥ २६ ॥

અર્થ :—(**संखसमसहस सेसा**) બાકીના બુદ્ધબોદ્ધિત સ્ત્રીનું અને પ્રત્યેક બુદ્ધનું સંખ્યાતા હજાર વર્ષનું અંતર અને (**पुव्वसहस्सप्पहुत्त संबुद्धे**) સ્વયં-બુદ્ધનું હજાર પૃથક્ત્વ પૂર્વનું અંતર જાણવું. ૯ જ્ઞાનદ્વારે (**मइसुअ**) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનવાળાનું (**पलिय असंखो भाग**) પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું ઉત્કૃષ્ટ અંતર અને (**ओहिजुएऽहिअं वरिसं**) અવધિજ્ઞાન યુક્ત કરતાં ત્રણ જ્ઞાનવાળાનું વર્ષાધિક અંતર જાણવું. ૨૬.

सेसदुभंगे संखा, समसहसा गुरुलहूइ जवमज्झे ।
सेढीअसंखभागो, मज्झवगाहे वरिसमहिअं ॥ २७ ॥

અર્થ:—(**सेसदुभंगे**) બાકીના બે ભાંગા મતિ, શ્રુત, મનઃપર્યવ એ ત્રણ જ્ઞાનવાળાનું અને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ એ ચાર જ્ઞાનવાળાનું (**संखा समसहसा**) સંખ્યાતા હજાર વર્ષનું ઉત્કૃષ્ટ અંતર જાણવું.

૧૦ અવગાહના દ્વારે—(**गुरुलहूइ जवमज्झे**) ઉત્કૃષ્ટ અવગાહનાએ, જઘન્ય અવગાહનાએ અને યવમધ્યને વિષે (**सेढीअसंखभागो**) શ્રેણીના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશપ્રદેશ તેટલા સમય પ્રમાણ કાળનું અંતર જાણવું. ચૌદ રાજ પ્રમાણ લોકનો બુદ્ધિપૂર્વક સાત રાજ પ્રમાણ ઘન થાય. તેની એક પ્રદેશી સાત રાજ લાંબી એવી શ્રેણી કહેવાય છે. તેના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશ-પ્રદેશ હોય. તેમાંથી એક એક સમયે એક એક આકાશપ્રદેશ અપહરતાં જેટલો કાળ જાય તેટલું અંતર જાણવું. (**मज्झवगाहे वरिसमहिअं**) મધ્યમ અવગાહનાએ વર્ષાધિક અંતર જાણવું. ૨૭.

अचुअ असंखं सुअही, अणंतहिअवास सेस संखसमा ।
संतर अणंतरं इग, अणेग समसहस संखिज्जा ॥ २८ ॥

અર્થ:—૧૧ ઉત્કૃષ્ટદ્વારે—(**अचुअ**) સમકિતથી નહિ પડેલાને (**असंखं सुअही**) સાગરોપમના અસંખ્યાતમા ભાગનું અંતર જાણવું. (**अणंतहिअवास**) અનંત કાળથી સમકિતથી પડેલાને વર્ષાધિક અંતર (**सेस संखसमा**) બાકીના અસંખ્યાત કાળથી સમકિતથી પડેલાને તથા સંખ્યાત કાળથી સમકિતથી પડેલાને સંખ્યાતા વર્ષનું

અંતર જાણવું. ૧૨ અન્તર દ્વારે-(**संतर**) સાંતર સિદ્ધને (**समसहस संखिज्जा**) સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું. ૧૩ અનુસમયદ્વારે-(**अणंतरं**) નિરંતર સિદ્ધને સંખ્યાતા હજાર વર્ષનું અને ૧૪ ગણનાદ્વારે-(**इग अणेग**) એક સિદ્ધને તથા અનેક સિદ્ધને સંખ્યાતા હજાર વર્ષનું અંતર જાણવું. ૨૮.

इअ गुरुअंतरमुत्तं, लहु समओ ६ भावु सव्वहिं खइओ ७।
चउ दस वीसा वीसप्पहुत्त अट्ठसयं कमसो ॥ २९ ॥
सम थोव समा संखागुणिआ इय भणिअणंतरा सिद्धा ।
अह उ परंपरसिद्धा, अप्पबहुं मुत्तु भणिअत्था ॥ ३० ॥

અર્થ:—(**इअ गुरुअंतरमुत्तं**) એ પ્રમાણે ઉત્કૃષ્ટથી અંતર કહ્યું. (**लहु समओ**) જઘન્યથી અંતર સઘળે સ્થળે એક સમયનું જાણવું. એવી રીતે ૧૫ દ્વારને વિષે અંતરનામે છઠ્ઠું મૂળ દ્વાર કહ્યું.

હવે સાતમું ભાવ દ્વાર કહે છે. (**भावु सव्वहिं खइओ**) ક્ષેત્રાદિ સઘળા દ્વારને વિષે ક્ષાયિક ભાવ જાણવો. એ પ્રમાણે ભાવનું સાતમું મૂળ દ્વાર જાણવું.

હવે આઠમા અલ્પબહુત્વદ્વારે (**चउ दस**) જે તીર્થંકરો અને જળમાં તથા ઊર્ધ્વ લોકાદિકમાં ચાર ચાર સિદ્ધ થનારા કહ્યા છે અને હરિવર્ષાદિકને વિષે સંહરણથી દશ દશ સિદ્ધ થનારા કહ્યા છે તે (**सम**) પરસ્પર તુલ્ય છે, કારણ કે ઉત્કૃષ્ટથી એક સાથે એક સમયમાં તેટલા પ્રાપ્ત થતા હોવાથી સરખા છે. (**वीसा**) તેના કરતાં વીશ સિદ્ધ થનારા સ્ત્રીમાં અને દુષમઆરામાં તેમજ એક એક વિજયમાં પ્રાપ્ત થાય છે તે (**थोव**) થોડા છે (**समा**) તેની સરખા (**विसप्पहुत्त**) વીશ પૃથક્ત્વ સિદ્ધ જાણવા. કારણ કે તે અધોલૌકિકગ્રામને વિષે અને બુદ્ધિબોધિત સ્ત્રી આદિમાં પામી શકાય છે તે વીશ સિદ્ધની તુલ્ય સમજવા. ક્ષેત્રકાળનું સ્વલ્પપણું હોવાથી અને કદાચિત સંભવ હોવાથી. (**अट्ठसयं कमसो**) તેના કરતાં એક સો આઠ સિદ્ધ તે (**संखा-गुणिआ**) સંખ્યાત ગુણા જાણવા. (**कमसो**) આ પ્રમાણે ક્રમ સમજવો. એ રીતે અલ્પબહુત્વ દ્વાર પૂર્ણ થયું. (**इय भणिअणंतरासिद्धा**) એવી રીતે પૂર્વે કહેલા પ્રકારવડે અનન્તર સિદ્ધમાં સત્પદાદિ આઠ દ્વાર કહ્યા (**अह उ परंपरसिद्धा**) હવે પરંપરસિદ્ધમાં સત્પદાદિ આઠ દ્વાર છે:—

પરંપરસિદ્ધને વિષે જે આઠ દ્વાર કહેવાના છે તે (**अप्पबहुं मुत्तु भणिअत्था**) અલ્પબહુત્વ સિવાય બાકીના સાત દ્વાર અનન્તર સિદ્ધને વિષે કહ્યા છે તે જ પ્રકારે કહેવા. તેમાં વિશેષતા આ પ્રમાણે છે-દ્રવ્યપ્રમાણમાં ક્ષેત્રાદિ સર્વ દ્વારને વિષે અનંતા કહેવા ક્ષેત્ર અને સ્પર્શના પૂર્વની પેઠે જાણવી. કાળ અનાદિરૂપ અનન્ત

કહેવો, અંતરનો અસંભવ હોવાથી અંતર ન કહેવું. હવે બાકી રહેલ અલ્પબહુત્વ દ્વાર પરંપરસિદ્ધને વિષે કહે છે.

सामुद्द दीव जल थल, थोवा संखगुण थोव संखगुणा ।
उड्ढ अह तिरिअलोए, थोवा दुन्नि पुण संखगुणा ॥ ३१ ॥

અર્થ:—૧ ક્ષેત્રદ્વારે (**सामुद्द**) સમુદ્રમાં સિદ્ધ થયેલા (**थोवा**) થોડા, (**दीव**) દ્વીપમાં સિદ્ધ થયેલા (**संखगुण**) સંખ્યાતગુણા. (**जल**) જળમાં સિદ્ધ થયેલા (**थोव**) થોડા; (**थल**) થળમાં સિદ્ધ થયેલા (**संखगुणा**) સંખ્યાતગુણા જાણવા. (**उड्ढ**) ઊર્ધ્વલોકમાં સિદ્ધ થયેલા (**थोवा**) થોડા અને (**दुन्नि पुण अह तिरिअलोए संखगुणा**) એમાં વળી એટલે અધોલોકમાં સંખ્યાતગુણા અને તેથી તિર્ચ્છા લોકમાં સંખ્યાતગુણા જાણવા. ૩૧.

लवणे कालोअम्मि य, जंबुद्दीवे अ धायईसंडे ।
पुक्खरवरदीवड्ढे, कमसो थोवा उ संखगुणा ॥ ३२ ॥

અર્થ:—(**लवणे**) લવણસમુદ્રમાં સિદ્ધ થયેલા (**थोवा**) થોડા, (**उ**) વળી (**कालोअम्मि य**) તેથી કાલોદધિમાં (**संखगुणा**) સંખ્યાતગુણા, (**जंबुद्दीवे अ**) તેથી જંબૂદ્વીપમાં સંખ્યાતગુણા, (**धायईसंडे**) તેથી ધાતકીખંડમાં સંખ્યાતગુણા અને તેથી (**पुक्खरवरदीवड्ढे**) પુષ્કરવર દ્વીપાર્ધમાં સંખ્યાતગુણા. (**कमसो**) અનુક્રમે કહેવા. ૩૨.

हिमवंते हेमवए, महहिमवं कुरुसु हरि निसढ भरहे ।
संखगुणा य विदेहे, जंबुद्दीवे समा सेसे ॥ ३३ ॥

અર્થ:—(**जंबुद्दीवे समा सेसे**) જંબૂદ્વીપમાં બાકીના રહેલા ક્ષેત્ર અને પર્વતમાં સરખા જાણવા તે કહે છે-(**हिमवंते**) જંબૂદ્વીપના હિમવંત પર્વતને વિષે અને શિખરી પર્વતને વિષે સિદ્ધ થયેલા થોડા, (**हेमवए**) તેથી હૈમવંત ક્ષેત્રમાં અને ઐરણ્યવત ક્ષેત્રમાં સંખ્યાતગુણા, (**महहिमवं**) તેથી મહાહિમવંત પર્વતને વિષે અને રૂપીપર્વતને વિષે સંખ્યાતગુણા, (**कुरुसु**) તેથી દેવકુરુક્ષેત્રમાં અને ઉત્તરકુરુક્ષેત્રમાં સંખ્યાતગુણા, (**हरि**) તેથી હરિવર્ષક્ષેત્રમાં અને રમ્યકક્ષેત્રમાં સંખ્યાત ગુણા, (**निसढ**) તેથી નિષધ પર્વતમાં તથા નીલવંત પર્વતમાં સંખ્યાતગુણા જાણવા. જ્યાં જ્યાં સંખ્યાતગુણા કહ્યા છે ત્યાં ત્યાં ક્ષેત્રનું બાહુલ્યપણું હોવાથી કહ્યા છે અને જે જે સ્થળે સરખા કહ્યા છે ત્યાં ત્યાં ક્ષેત્રનું સરખાપણું હોવાથી કહ્યા છે. (**भरहे**) તેથી ભરતક્ષેત્રમાં અને ઐરવતક્ષેત્રમાં સંખ્યાત ગુણા જાણવા. (**संखगुणा य विदेहे**) તેથી મહાવિદેહમાં સંખ્યાતગુણા જાણવા. સિદ્ધ થવાનો સદા ભાવ હોવાથી તેમજ ક્ષેત્ર મોટું હોવાથી જાણવું. ૩૩.

चुल्ल महाहिमव निसढे, हेमकुरूहरिसु भारह विदेहे ।
चउ छट्ठे साहीया, धायइ सेसा उ संखगुणा ॥ ३४ ॥

અર્થ:—(**धायइ**) ધાતકીખંડમાં (**चउ छट्ठे**) ચોથા અને છઠ્ઠા સ્થાનમાં (**साहीया**) સાધિક કહેવા. (**सेसा उ संखगुणा**) બાકીના સ્થાનમાં સંખ્યાતગુણા કહેવા. તે હવે કહે છે:—

ધાતકીખંડમાં (**चुल्ल**) લઘુહિમંવત પર્વતમાં સિદ્ધ થએલા થોડા, તેથી (**महाहिमव**) મહાહિમવંત પર્વતમાં સંખ્યાતગુણા, (**निसढे**) તેથી નિષધપર્વતમાં સંખ્યાતગુણા, (**हेम**) તેથી હૈમવંતક્ષેત્રમાં વિશેષાધિક, (**कुरू**) તેથી દેવકુરુમાં સંખ્યાતગુણા, (**हरिसु**) તેથી હરિવર્ષ ક્ષેત્રમાં વિશેષાધિક, (**भारह**) તેથી ભરતક્ષેત્રમાં સંખ્યાતગુણા, (**विदेहे**) તેથી મહાવિદેહમાં સંખ્યાતગુણા. સ્વસ્થાન હોવાથી તેમજ ક્ષેત્રની બાહુલ્યતા હોવાથી જાણવા. ૩૪.

पुक्खरवरेऽवि एवं, चउत्थठाणंमि नवरि संखगुणा ।
एसुं संहरणेणं, सिज्झंति समा य समगेसु ॥ ३५ ॥

અર્થ:—(**पुक्खरवरेऽवि एवं**) પુષ્કરાર્ધમાં પણ ધાતકીખંડની પેઠે જાણવું. (**नवरि**) પણ એટલું વિશેષ છે કે (**चउत्थठाणंमि**) ચોથા સ્થાનમાં હેમવંતક્ષેત્રમાં (**संखगुणा**) સંખ્યાતગુણા કહેવા. અહીં કોઇ શંકા કરે કે હિમવંતાદિ પર્વતોને વિષે મનુષ્યોની ઉત્પત્તિનો અભાવ હોવાથી સિદ્ધિનો સંભવ કેવી રીતે હોય ? તેને ઉત્તર આપે છે કે-(**एसुं संहरणेणं**) ‘ એને વિષે દેવાદિકના સંહરણથી સિદ્ધ થાય છે.’ જો એમ છે તો પછી શિખરી આદિ પર્વતોને વિષે સિદ્ધ થાય તેની શી વાર્તા ! (**समा य समगेसु**) ધાતકીખંડ અને પુષ્કરાર્ધને વિષે બાકી રહેલા પર્વત અને ક્ષેત્રમાં એટલે તેમના સરખા પ્રમાણવાળા ક્ષેત્ર અને પર્વતમાં સમાન જાણવું. જેમકે હેમવંત ક્ષેત્ર સરખા ઐરણ્યવત ક્ષેત્રમાં અને દેવકુરુ જેટલા ઉત્તરકુરુમાં અને હિમવંત પર્વત જેટલા શિખરીપર્વતમાં અને મહાહિમવંત જેટલા રૂપ્પિપર્વતમાં (**सिज्झंति**) સિદ્ધ થાય છે. ઇત્યાદિ. ૩૫.

હવે સર્વ ક્ષેત્ર અને પર્વતોનું ભેળું અલ્પબહુત્વ કહે છે:—

जंबुनिसहंत मीसे, जं भणिअं पुव्वमहिअ बीअहिमे ।
दु ति महहिम हिमवंते, निसढ महाहिमव बिअहिमवे ॥ ३६ ॥

तिअनिसहें बिअकुरुसुं, हरिसु अ तह तइअ हेम कुरु हरिसु ।
दु दु संख एग अहिआ, कम भरह विदेह तिग संखा ॥३७॥

અર્થ:—**(मीसे)** ક્ષેત્રદ્વિકાદિના યોગવાળા (**जंबुनिसहंत**) જંબૂદ્વીપમાં નિષધ પર્વત સુધી (**जं भणिअं पुव्वं**) જેમ પ્રથમ કહ્યું છે તેમજ જાણવું. તે આ પ્રમાણે:- ૧ જંબૂદ્વીપના હિમવંતપર્વતે સિદ્ધ થયેલ થોડા, ૨ તેથી હૈમવંતક્ષેત્રમાં સંખ્યાતગુણા, ૩ તેથી મહાહિમવંત પર્વતમાં સંખ્યાતગુણા, ૪ તેથી દેવકુરુક્ષેત્રમાં સંખ્યાતગુણા, ૫ તેથી હરિવર્ષક્ષેત્રમાં સંખ્યાતગુણા, તેથી ૬ નિષધપર્વતમાં સંખ્યાતગુણા. (**अहिअ बीअ हिमे**) તેથી ૭ બીજા ધાતકીખંડના બે હિમવંત પર્વતમાં વિશેષાધિક (**दु महहिम**) ૮ બીજા ધાતકીખંડના બે મહાહિમવંત પર્વતમા સંખ્યાતગુણા. (**ति हिमवंते**) ૯ ત્રીજા પુષ્કરાર્ધના બે હિમવંત પર્વતમાં સંખ્યાતગુણા, તેથી (**निसढ**) ૧૦ બીજા ધાતકીખંડના બે નિષધપર્વતમાં સંખ્યાતગુણા કે વિશેષાધિક [સાડત્રીશમી ગાથામાં બે બે સંખ્યાતગુણા અને એક વિશેષાધિક એમ કહેલ છે એ ક્રમ પ્રમાણે તો વિશેષાધિક જોઇએ પણ ટીકામાં દશમા સ્થાનમાં સંખ્યાતગુણા લખેલ છે.] (**महाहिमव**) ૧૧ ત્રીજા પુષ્કરાર્ધના બે મહાહિમવંત પર્વતમાં સંખ્યાતગુણા (**बिअहिमवे**) ૧૨ બીજા ધાતકીખંડના બે હૈમવંતક્ષેત્રમાં વિશેષાધિક, (**तिअनिसहे**) ૧૩ ત્રીજા પુષ્કરાર્ધના બે નિષધપર્વતે સંખ્યાતગુણા (**बिअकुरुसु**) ૧૪ તેથી બીજા ધાતકીખંડના બે દેવકુરુમાં સંખ્યાતગુણા. (**हरिसु अ**) ૧૫ તેથી બીજા ધાતકીખંડના બે હરિવર્ષ ક્ષેત્રમાં વિશેષાધિક. (**तह तइअ हेम**) ૧૬ તેથી ત્રીજા પુષ્કરાર્ધના બે હૈમવંતક્ષેત્રમાં સંખ્યાતગુણા, (**कुरू**) ૧૭ તેથી ત્રીજા પુષ્કરાર્ધના બે દેવકુરુમાં સંખ્યાતગુણા, (**हरिसु**) ૧૮ તેથી ત્રીજા પુષ્કરાર્ધના બે હરિવર્ષ ક્ષેત્રમાં વિશેષાધિક. એમ (**दु दु संख**) બે બે સંખ્યાતગુણા અને (**एग अहिआ**) એક વિશેષાધિક કહેવા. (**कम भरह विदेह तिगसंखा**) અનુક્રમે ભરતત્રિકમાં અને મહાવિદેહત્રિકમાં સંખ્યાતગુણા કહેવા તે આ પ્રમાણે—૧૯ તેથી જંબૂદ્વીપના ભરતમાં સંખ્યાતગુણા, ૨૦ તેથી ધાતકીખંડના બે ભરતમાં સંખ્યાતગુણા, ૨૧ તેથી પુષ્કરાર્ધના બે ભરતમાં સંખ્યાતગુણા, ૨૨ તેથી જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં સંખ્યાતગુણા, ૨૩ તેથી ધાતકીખંડના બે મહાવિદેહમાં સંખ્યાતગુણા. ૨૪ તેથી પુષ્કરાર્ધના બે મહાવિદેહમાં સંખ્યાતગુણા. ઉપર જણાવેલા દ્વીપના સરખા પ્રમાણવાળા ક્ષેત્ર અને પર્વતોનું તે તે દ્વીપમાં કહ્યા પ્રમાણે સરખું પ્રમાણ કહેવું એટલે ધાતકીખંડના એક ભરતક્ષેત્રનું કહ્યું તેટલું જ તેના બીજા ભરતક્ષેત્રનું તથા તેના બે ઐરવતક્ષેત્રનું એમ ચારે ક્ષેત્રનું જાણવું.[1] ૩૬-૩૭.

---

૧ આમાં સંખ્યાતગુણા ને વિશેષાધિકમાં ટીકામાં કહેલ છે તે બરાબર સમજાતું નથી તેથી સ્ખલનાનો સંભવ છે.

અઢીદ્વીપમાં પરંપરાસિદ્ધનું મિશ્ર અલ્પબહુત્વ

૧ જંબૂદ્વીપમાં	હિમવંતપર્વતે	સિદ્ધ થયેલા	થોડા.
૨ ,,	હિમવંતક્ષેત્રમાં	,,	સંખ્યાતગુણા
૩ ,,	મહાહિમવંતપર્વતમાં	,,	,,
૪ ,,	દેવકુરુક્ષેત્રમાં	,,	,,
૫ ,,	હરિવર્ષ ક્ષેત્રમાં	,,	,,
૬ ,,	નિષધ પર્વતમાં	,,	,,
૭ ધાતકીખંડના	બે હિમવંત પર્વતમાં	,,	વિશેષાધિક
૮ ,,	બે મહાહિમવંત પર્વતમાં	,,	સંખ્યાતગુણા
૯ પુષ્કરાર્ધના	બે હિમવંત પર્વતમાં	,,	,,
૧૦ ધાતકીખંડના	બે નિષધ પર્વતમાં	,,	વિશેષાધિક
૧૧ પુષ્કરાર્ધના	બે મહાહિમવંત પર્વતમાં	,,	સંખ્યાતગુણા
૧૨ ધાતકીખંડના	બે હિમવંત ક્ષેત્રમાં	,,	વિશેષાધિક
૧૩ પુષ્કરાર્ધના	બે નિષધ પર્વતમાં	,,	સંખ્યાતગુણા
૧૪ ધાતકીખંડના	બે દેવકુરુમાં	,,	,,
૧૫ ,,	બે હરિવર્ષ ક્ષેત્રમાં	,,	વિશેષાધિક
૧૬ પુષ્કરાર્ધના	બે હિમવંત ક્ષેત્રમાં	,,	સંખ્યાતગુણા
૧૭ ,,	બે દેવકુરુ ક્ષેત્રમાં	,,	,,
૧૮ ,,	બે હરિવર્ષ ક્ષેત્રમાં	,,	વિશેષાધિક
૧૯ જંબૂદ્વીપના	ભરતક્ષેત્રમાં	,,	સંખ્યાતગુણા
૨૦ ધાતકીખંડના	બે ભરતક્ષેત્રમાં	,,	,,
૨૧ પુષ્કરાર્ધના	બે ભરતક્ષેત્રમાં	,,	,,
૨૨ જંબૂદ્વીપના	મહાવિદેહમાં	,,	,,
૨૩ ધાતકીખંડના	બે મહાવિદેહમાં	,,	,,
૨૪ પુષ્કરાર્ધના	બે મહાવિદેહમાં	,,	,,

એવી રીતે પ્રથમ ક્ષેત્રદ્વારને વિષે અલ્પબહુત્વ કહ્યું. હવે બીજા કાળદ્વારે અલ્પબહુત્વ કહે છે.

दुसमदुसमाइ थोवा, दुसम संखगुण सुसमदुसमाए ।
अस्संखा पण छट्टे, अहिआ तुरिअंमि संखगुणा ॥ ३८ ॥

અર્થ:—કાળદ્વારે-(**दुसमदुसमाइ थोवा**) ૧ સંહરણથી અવસર્પિણીના દુષમ-દુષમઆરામાં સિદ્ધ થોડા. (**दुसमसंखगुण**) ૨ તેથી દુષમઆરામાં સંખ્યાતગુણા. (**सुसमदुसमाइ**) ૩ તેથી સુષમદુષ્મઆરામાં (**अस्संखा**) અસંખ્યાતગુણા. કાળનું અસંખ્યેયપણું હોવાથી. (**पण छट्टे अहिया**) ૪ તેથી પાંચમો આરો સુષમ નામનો તેમાં વિશેષાધિક. તેથી છઠ્ઠો આરો સુષમસુષમ નામનો તેમાં વિશેષાધિક. (**तुरिअंमि संखगुणा**) ૬ તેથી ચોથા દુષમસુષમ આરામાં સિદ્ધ સંખ્યાતગુણા જાણવા. ૩૮.

अवसप्पिणिअरएसुं, एवं ओसप्पिणीइ मीसे वि ।
परमुवसप्पिणी दुस्सम, अहिआ सेसेसु दुसुवि समा ॥३९॥

અર્થ:—(**अवसप्पिणिअरएसुं**) અવસર્પિણીના આરામાં જેમ અલ્પબહુત્વ કહ્યું (**एवं ओसप्पिणीइ**) એમજ ઉત્સર્પિણી આરાને વિષે અલ્પબહુત્વ જાણવું. (**मीसे वि**) અવસર્પિણી ઉત્સર્પિણીરૂપ મિશ્રને વિષે એટલે મહાવિદેહક્ષેત્રમાં પણ તેવી જ રીતે જાણવું. (**परमुवसप्पिणी**) પણ એટલું વિશેષ કે ઉત્સર્પિણીના (**दुस्सम**) દુષમઆરામાં (**अहिआ**) વિશેષાધિક કહેવા. (**दुसुवि**) અવસર્પિણી ઉત્સર્પિણીના (**सेसेसु**) બાકીના આરામાં (**समा**) સરખું કહેવું તે આ પ્રમાણે:—

૧ અવસર્પિણી ઉત્સર્પિણી બંનેના દુષમદુષમ આરામાં સિદ્ધ થોડા.
૨ તેથી ઉત્સર્પિણીના દુષમ આરાને વિષે સિદ્ધ વિશેષાધિક.
૩ તેથી અવસર્પિણીના દુષમ આરાને વિષે સિદ્ધ સંખ્યાતગુણા.
૪ તેથી અવસર્પિણી ઉત્સર્પિણી બંનેના સુષમદુષમ આરામાં અસંખ્યાતગુણા.
૫ તેથી „ „ „ સુષમ આરામાં વિશેષાધિક.
૬ તેથી „ „ „ સુષમસુષમ આરામાં વિશેષાધિક.
૭ તેથી „ „ „ દુષમસુષમ આરામાં સિદ્ધ સંખ્યાતગુણા.
૮ તેથી અવસર્પિણીના સર્વ સિદ્ધ સંખ્યાતગુણા.
૯ તેથી ઉત્સર્પિણીના સર્વ સિદ્ધ વિશેષાધિક.

એ રીતે બીજું કાળદ્વાર કહ્યું. હવે ત્રીજું ગતિદ્વાર કહે છે.

थी १ नर २ नरय ३ तिरित्थी ४,
तिरि ५ देवी ६ देव ७ थोव १ संखगुणा ६ ।

इग १ पणिंदि २ थोव १ संखा २,
तरु १ भू २ जल ३ तसिहि ४ संखगुणा ॥ ४० ॥

અર્થઃ-

૧ (**थी**) મનુષ્યણીથી	અનન્તર	આવીને	સિદ્ધ	થયેલા		થોડા
૨ (**नर**) તેથી મનુષ્યથી	”	”	”	”		સંખ્યાતગુણા
૩ (**नरय**) તેથી નારકીથી	”	”	”	”		”
૪ (**तिरित्थी**) તેથી તિર્યંચિણીથી	”	”	”	”		”
૫ (**तिरि**) તેથી તિર્યંચથી	”	”	”	”		”
૬ (**देवी**) તેથી દેવીથી	”	”	”	”		”
૭ (**देव**) તેથી દેવથી	”	”	”	”		”

૧ (**इग थोव**) એકેન્દ્રિયથી	”	”	”	,	થોડા
૨ (**पणिंदि**) તેથી પંચેન્દ્રિયથી	”	”	”	”	સંખ્યાતગુણા

૧ (**तरु**) વનસ્પતિકાયથી	”	”	”	”	થોડા
૨ (**भू**) તેથી પૃથિવીકાયથી	”	”	”	”	સંખ્યાતગુણા
૩ (**जल**) તેથી અપ્કાયથી	”	”	”	”	”
૪ (**तसिहि**) તેથી ત્રસકાયથી	”	”	”	”	”

चउ १ ति २ दुग ३ नरय तरु ४,
माहि ५ जल ६ भवण ७-८ वणिंद ९-१० जोइ ११ देवि सुरा १२ ।
नारी १३ नर १४ रयणाए १५,
तिरिई १६ तिरि १७ णुत्तरा य १८-१९ सुरा २० ॥ ४१ ॥
दुपढमदिवदेवि ३०-३१-सुरा–३२-३३

અર્થઃ-

૧ (**चउ**) ચોથી નરકથી	આવીને	સિદ્ધ	થયેલા	થોડા
૨ (**ति**) તેથી ત્રીજી નરકથી	”	”	”	સંખ્યાતગુણા
૩ (**दुगनरय**) તેથી બીજી નરકથી	”	”	”	”
૪ (**तरु**) તેથી પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિથી	”	”	”	”

૫ (**महि**) તેથી પર્યાપ્તા બાદર પૃથ્વીકાયથી	,,	,,	,,	,,
૬ (**जल**) તેથી પર્યાપ્તા બાદર અપ્‌કાયથી	,,	,,	,,	,,
૭ (**भवण**) તેથી ભવનપતિની દેવીથી	,,	,,	,,	,,
૮ તેથી ભવનપતિના દેવથી	,,	,,	,,	,,
૯ (**वणिंद**) તેથી વ્યન્તરની દેવીથી	,,	,,	,,	,,
૧૦ તેથી વ્યન્તરના દેવથી	,,	,,	,,	,,
૧૧ (**जोइ**) તેથી જ્યોતિષ્ક દેવીથી	,,	,,	,,	,,
૧૨ તેથી જ્યોતિષ્ક દેવથી	,,	,,	,,	,,
૧૩ (**नारी**) તેથી મનુષ્યણીથી	,,	,,	,,	,,
૧૪ (**नर**) તેથી મનુષ્યથી	,,	,,	,,	,,
૧૫ (**रयणाए**) તેથી રત્નપ્રભા પહેલી નરકથી	,,	,,	,,	,,
૧૬ (**तिरिई**) તેથી તિર્યંચિણીથી	,,	,,	,,	,,
૧૭ (**तिरि**) તેથી તિર્યંચથી	,,	,,	,,	,,
૧૮ (**अणुत्तरा य**) તેથી પાંચ અનુત્તરથી	,,	,,	,,	,,
૧૯ તેથી નવ ગ્રૈવેયકથી	,,	,,	,,	,,
૨૦ (**सुरा**) તેથી અચ્યુત દેવલોકથી	,,	,,	,,	,,
૨૧ તેથી આરણ દેવલોકથી	,,	,,	,,	,,
૨૨ તેથી પ્રાણુત દેવલોકથી	,,	,,	,,	,,
૨૩ તેથી આનત દેવલોકથી	,,	,,	,,	,,
૨૪ તેથી સહસ્રાર દેવલોકથી	,,	,,	,,	,,
૨૫ તેથી શુક્ર દેવલોકથી	,,	,,	,,	,,
૨૬ તેથી લાંતક દેવલોકથી	,,	,,	,,	,,
૨૭ તેથી બ્રહ્મ દેવલોકથી	,,	,,	,,	,,
૨૮ તેથી માહેંદ્ર દેવલોકથી	,,	,,	,,	,,
૨૯ તેથી સનત્કુમાર દેવલોકથી	,,	,,	,,	,,
૩૦ તેથી ઈશાન દેવલોકની દેવીથી	,,	,,	,,	,,
૩૧ તેથી સૌધર્મ દેવલોકની દેવીથી	,,	,,	,,	,,
૩૨ તેથી ઈશાન દેવલોકના દેવથી	,,	,,	,,	,,
૩૩ તેથી સૌધર્મ દેવલોકના દેવથી	,,	,,	,,	,,

આ રીતે ગતિદ્વાર કહ્યું. હવે બીજા દ્વારો કહે છે—

कीवि त्थी नर ४ गिहन्ननिअलिंगे ५ ।
तित्थयरि तित्थपत्ते, समणी मुणि कमिणसंखगुणा ॥४२॥
तित्थयर तित्थिपत्ते, समणी मुणिणंतसंखसंखगुणा ॥६॥

અર્થ:—૪ **वेदद्वारे** (**कीवि**) નપુંસકવેદે સિદ્ધ થયેલા થોડા. (**त्थी**) તેથી સ્ત્રીવેદે સિદ્ધ થયેલા સંખ્યાતગુણા. (**नर**) તેથી પુરુષવેદે સિદ્ધ થયેલા સંખ્યાતગુણા.

૫ **लिंगद्वारे** (**गिह**) ગૃહસ્થલિંગે સિદ્ધ થયેલા થોડા, (**अन्न**) તેથી અન્ય લિંગે સિદ્ધ અસંખ્યાતગુણા, (**निअलिंगे**) તેથી સ્વલિંગે સિદ્ધ અસંખ્યાતગુણા.

૬ **तीर्थद्वारे** (**तित्थयरि**) તીર્થંકરીપણે સિદ્ધ થયેલા થોડા. (**तित्थपत्ते**) તેથી એના જ તીર્થમાં પ્રત્યેકબુદ્ધ સિદ્ધ સંખ્યાતગુણા. (**समणी मुणि**) તેથી તેના જ તીર્થમાં અતીર્થંકરી-સામાન્ય સાધ્વી થઈને સિદ્ધ અને તેના જ તીર્થમાં સાધુ થઇને સિદ્ધ (**कमिणसंखगुणा**) અનુક્રમે સંખ્યાતગુણા કહેવા. ૪૨

(**तित्थयर**) તેથી તીર્થંકર સિદ્ધ (**णंत**) અનંતગુણા. (**तित्थिपत्ते**) તેથી તીર્થંકરના જ તીર્થના પ્રત્યેકબુદ્ધ સિદ્ધ (**संख**) સંખ્યાતગુણા. (**समणीमुणिसंख-गुणा**) તેથી તેના તીર્થમાં શ્રમણી સિદ્ધ સંખ્યાતગુણા, તેથી તેના તીર્થમાં મુનિ સિદ્ધ સંખ્યાતગુણા.

परिहार चउग पणगे, छेय ति चउ सेसचरणंमि ॥ ४३ ॥
संख असंख दु संखा ७

અર્થ:—૭ **चारित्रद्वारे** (**परिहार चउग**) સામાયિક ચારિત્ર રહિત છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત—આ ચાર ચારિત્રવાળા સિદ્ધ થોડા, અહિં છેદોપસ્થાપનીય ભગ્નચારિત્રીની અપેક્ષાનું જાણવું. (**पणगे**) તેથી એ ચાર ચારિત્રમાં સામાયિક ચારિત્ર મેળવતાં પાંચ ચારિત્રવાળા સિદ્ધ (**संख**) સંખ્યાતગુણા (**छेयति**) તેથી છેદો૦ સૂક્ષ્મ૦ યથા૦ આ ત્રણ ચારિત્રવાળા સિદ્ધ (**असंख**) અસંખ્યાતગુણા (**चउ**) તેથી સામાયિક, છેદો૦ સૂક્ષ્મ૦ યથા૦ આ ચાર ચારિત્રવાળા સિદ્ધ અને (**सेसचरणंमि**) તેથી બાકીનાં સામાયિક, સૂક્ષ્મ૦ યથા૦ આ ત્રણ ચારિત્રવાળા સિદ્ધ (**दु संखा**) આ બન્નેને એક એકથી સંખ્યાતગુણા કહેવા.

सं पत्ते बुद्धि बुद्ध संखगुणा ८ ।
मणजुअ थोवा मइसुअ, संख चउ असंख तिग संखा ९ ॥४४॥

અર્થ:—૮ **बुद्धद्वारे (सं)** સ્વયંબુદ્ધ સિદ્ધિ પામેલા થોડા. (**पत्ते**) તેથી પ્રત્યેકબુદ્ધ સંખ્યાતગુણા. (**बुद्धि बुद्ध संखगुणा**) તેથી બુદ્ધિબોધિત સંખ્યાતગુણા. તેથી બુદ્ધબોધિત સંખ્યાતગુણા.

૯ **ज्ञानद्वारे**-(**मणजुअ थोवा**) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ને મનઃપર્યવજ્ઞાન એ ત્રણ જ્ઞાને સિદ્ધિ પામેલા થોડા. (**मइसुअ संख**) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાને સિદ્ધિ પામેલા સંખ્યાતગુણા. (**चउ असंख**) તેથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન આ ચાર જ્ઞાને સિદ્ધિ પામેલા અસંખ્યાતગુણા. (**तिग संखा**) તેથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન આ ત્રણ જ્ઞાને સિદ્ધ થયેલા સંખ્યાતગુણા જાણવા. ૪૪.

अडसमयसिद्ध थोवा, संखिज्जगुणा उ सत्तसमयाई १३ ।
अचुअ चुअ तीसु थोवा, असंख संखा असंखा य ११ ॥४५॥

અર્થ:—૧૩ **अनुसमयद्वारे**-(**अडसमयसिद्ध थोवा**) આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થોડા, કારણ કે આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થયેલા થોડા પ્રાપ્ત થાય છે. (**संखिज्जगुणा उ सत्तसमयाई**) તેથી સાત સમય સુધી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા. એવી રીતે સમય સમયની હાનિ કરતાં બે સમય સિદ્ધ-સુધી સંખ્યાતગુણા સંખ્યાતગુણા કહેવા. એક સમય સિદ્ધમાં નિરંતરપણાનો અભાવ હોવાથી તેના અલ્પબહુત્વનો અભાવ છે.

૧૧ **उत्कृष्टद्वारे**-(**अचुअ थोवा**) સમ્યક્ત્વથી નહિ પડેલા સિદ્ધ થયેલા થોડા. (**चुअ तीसु**) તેથી સંખ્યાતકાળથી સમ્યક્ત્વથી પડીને સિદ્ધ થયેલા (**असंख**) અસંખ્યાતગુણા. તેથી અસંખ્યાતકાળથી સમ્યક્ત્વથી પડીને સિદ્ધ થયેલા (**संखा**) સંખ્યાતગુણા. તેથી અનંતકાળથી સમ્યક્ત્વથી પડીને સિદ્ધ થયેલા (**असंखाय**) અસંખ્યાતગુણા જાણવા. ૪૫

एगो जा जवमज्झं, संखगुण परा उ संखगुणहीणा ।
छम्मासंता १२ लहु गुरु, मज्झ तणू थोव दुअसंखा १०॥४६॥

અર્થ:—૧૨ **अन्तरद्वारे** (**छम्मासंता**) છ માસના ઉત્કૃષ્ટ અંતરે સિદ્ધ થયેલા થોડા. (**एगो**) તેથી એક સમયના અંતરે સિદ્ધ થયેલા (**संखगुण**) સંખ્યાતગુણા, તેથી બે સમયના અંતરે સિદ્ધ થયેલા સંખ્યાતગુણા. (**जा जवमज्झ**)

યાવત્ એ પ્રમાણે સમય સમય વિશેષ અંતરે સંખ્યાતગુણ સંખ્યાતગુણ કહેતાં યવમધ્ય સુધી એટલે ત્રણ માસ સુધી કહેવું. (**परा उ संखगुणहीणा**) ત્યારપછી આગળ એટલે ત્રણ માસ ને એક સમયને અંતરે સિદ્ધ થએલા સંખ્યાતગુણહીન, તેથી સમયાધિક અંતરે સિદ્ધ થએલા સંખ્યાતગુણહીન, એ પ્રમાણે સમય સમય વિશેષ અંતરને વિષે સંખ્યાતગુણહીન સંખ્યાતગુણહીન કરતાં યાવત્ છ માસમાં એક સમયહીન સુધી કહેવું.

૧૦ **अवगाहनाद्वारे**-(**लहु**) જઘન્ય અવગાહનાએ સિદ્ધ થયેલા (**थोव**) થોડા. (**गुरु**) તેથી ઉત્કૃષ્ટ અવગાહનાએ સિદ્ધ થયેલા અને (**मज्झ तणू**) મધ્યમ અવગાહનાએ સિદ્ધ થયેલા એ બંને અસંખ્યાત અસંખ્યાતગુણા. ટીકામાં આટલું વિશેષ છે કે સર્વથી થોડા સિદ્ધ સાત હાથની અવગાહનાવાળા, તેથી પાંચશેં ધનુષની અવગાહનાવાળા વિશેષાધિક જાણવા. ૪૬.

अट्ठसयसिद्ध थोवा, सत्तहिअ अणंतगुणिअ जा पन्ना ।
जा पणवीसमसंखा, एगंता जाव संखगुणा १४ ॥ ४७ ॥

અર્થ:—૧૪ **गणनाद्वारे** (**अट्ठसयसिद्ध**) એક સમયે એક સો ને આઠ સિદ્ધ થએલા (**थोवा**) થોડા, (**सत्तहिअ**) તેથી એક સો સાત સિદ્ધ થએલા (**अणंतगुणिअ**) અનંતગુણા, (**जा पन्ना**) યાવત્ પચાસ સુધી કહેવું. એટલે ૧૦૭ થી ૧૦૬ સિદ્ધ થએલ અનંતગુણા, તેથી ૧૦૫ સિદ્ધ થએલ અનંતગુણા, એમ એક એક ઓછો કરતાં પચાસ સુધી અનંતગુણ અનંતગુણ કહેવા. (**जा पणवीसमसंखा**) તેથી ઓગણપચાસ સિદ્ધ થએલ અસંખ્યાતગુણા, તેથી અડતાળીશ સિદ્ધ થએલ અસંખ્યાતગુણા. તેથી સુડતાલીશ સિદ્ધ થએલ અસંખ્યાતગુણા, એમ અસંખ્યાત ગુણ પચીશ સુધી કહેવું. (**एगंता जाव संखगुणा**.) તેથી ચોવીશ સિદ્ધ થએલ સંખ્યાતગુણા, તેથી ત્રેવીશ સિદ્ધ થએલ સંખ્યાતગુણા, એમ એક એક ઓછો કરતાં બે સિદ્ધથી એક સિદ્ધ સંખ્યાતગુણ કહેવા. ૪૭. (૧૦-૧૧-૧૨-૧૩ દ્વાર અનુક્રમ રહિત કહેલા છે).

અલ્પબહુત્વ દ્વારે વિશેષ કહે છે:—

उम्मंथिअ उद्धट्ठिअ, उक्कडि वीरासणे निउंजे अ ।
पासिल्लग उत्ताणग, सिद्धा उ कमेण संखगुणा १५ ॥ ४८ ॥

અર્થ:—૧૫ **अल्पबहुत्वद्वारे**-(**उम्मंथिअ**) ૧ ઉન્મન્થિત આસને સિદ્ધ થએલા થોડા એટલે અધોમુખે રહેલા. પૂર્વ વૈરી પગવડે ઉપાડીને લઈ જાય ત્યારે અથવા અધોમુખે કાયોત્સર્ગે રહેલ હોય ત્યારે જે આસન હોય તે આસને સિદ્ધ

થાય તે. (**उद्धट्ठिअ**) ૨ તેથી ઊર્ધ્વસ્થિત સિદ્ધ થએલ સંખ્યાતગુણા, ઊર્ધ્વસ્થિત એટલે ઊભા ઊભા કાયોત્સર્ગે રહેલા. (**उक्कडि**) ૩ તેથી ઉત્કટ આસને સિદ્ધ થએલા સંખ્યાતગુણા, એટલે બે પગના તળીયાં જમીન ઉપર રાખીને અધર બેસીને સિદ્ધિ પામેલા. (**वीरासणे**) ૪ તેથી વીરાસન સિદ્ધ સંખ્યાતગુણ એટલે ખુરસી ઉપર બેઠાં થકાં પાછળથી તે આસન લઇ લઇએ અને જે આસન થાય તે આસન વીરાસન કહેવાય છે. (**निउंजे अ**) ૫ તેથી ન્યુબ્જાસને સિદ્ધ થએલા સંખ્યાતગુણા. એટલે બેસીને નીચે દૃષ્ટિ રાખવી એ આસને બેઠેલા તે ન્યુબ્જાસન સિદ્ધ કહેવાય છે. (**पासिल्लग**) ૬ તેથી એક પાસે સૂઇ રહીને સિદ્ધિ પામેલા સંખ્યાતગુણા. (**उत्ताणग सिद्धा उ**) ૭ તેથી ચત્તા સૂઇ રહીને સિદ્ધિ પામેલા સંખ્યાતગુણા. આ બધા (**कमेण संखगुणा**) અનુક્રમે સંખ્યાતગુણા જાણવા. એવી રીતે પંદરદ્વારે અલ્પબહુત્વ કહ્યું.

હવે સર્વગત અલ્પબહુત્વમાં વિશેષ દેખાડવાને નવમું સંનિકર્ષદ્વાર કહે છે. સંનિકર્ષ એટલે સંયોગ અથવા સંબંધ. હ્રસ્વ દીર્ઘની જેમ. વિવક્ષિત કોઇ કોઇને લઇને વિવક્ષિત બીજાને અલ્પપણે કે બહુપણે અથવા અવસ્થાનપણે હોવું તે સંબંધ સમજવો.

पणवीस पन्न अडसय, पण दस वीसा य ति पण दसगं च ।
संख असंख अणंत य, गुणहाणि चउट्ठआइंता ॥ ४९ ॥
इग दुग इग दुग चउ बहुणंत, बहु असंखणंतगुणहीणा ।
इय सिद्धाण सरूवं, लिहिअं देविंदसूरीहिं ॥ ५० ॥

અર્થઃ—संनिकर्षद्वारे-જ્યાં જ્યાં એક સો ને આઠ સિદ્ધ પામતા હોય ત્યાં ત્યાં આ પ્રમાણે વ્યાપ્તિ જાણવી. એક એક સિદ્ધિ પામેલા ઘણા, બે બે સિદ્ધિ પામેલા (**संख**) સંખ્યાતગુણહીન, ત્રણ ત્રણ સિદ્ધિ પામેલા સંખ્યાતગુણહીન, એવી રીતે ચાર પાંચ યાવત્ (**पणवीस**) પચીશ સુધી સંખ્યાતગુણહીન સંખ્યાતગુણ હીન કહેવા. તેથી છવીશ સિદ્ધ (**असंख**) અસંખ્યાતગુણહીન, તેથી સત્તાવીશ સિદ્ધ અસંખ્યાતગુણહીન, એમ એક એક વધારતાં (**पन्न**) પચાશ સિદ્ધ સુધી અસંખ્યાતગુણહીન કહેવા. તેથી એકાવન સિદ્ધ (**अणंत य**) અનંતગુણહીન, તેથી બાવન સિદ્ધ અનંતગુણહીન, એમ એક એક વધારતાં એક સો ને આઠ સુધી અનંતગુણહીન કહેવા.

જ્યાં જ્યાં વીશ સિદ્ધ થતા હોય ત્યાં આ પ્રમાણે વ્યાપ્તિ જાણવી. એક એક સિદ્ધ સર્વથી અધિક, તેથી બે બે સિદ્ધ (**संख**) સંખ્યાતગુણહીન, તેથી ત્રણ ત્રણ સિદ્ધ સંખ્યાત ગુણહીન, તેથી ચાર સિદ્ધ સંખ્યાતગુણહીન, (**पण**) તેથી પાંચ સિદ્ધ સંખ્યાતગુણહીન, તેથી છ સિદ્ધ (**असंख**) અસંખ્યાતગુણહીન,

એમ એક એક વધારતાં (**दस**) દશ સિદ્ધ સુધી અસંખ્યાતગુણહીન કહેવા. તેથી અગિયાર સિદ્ધ (**अणंत य**) અનંતગુણહીન, એમ એક એક વધારતાં યાવત્ (**विसा य**) વીશ સુધી અનંતગુણહીન કહેવા. એ પ્રમાણે અધોલોકાદિકને વિષે જાણવું.

જ્યાં જ્યાં વીશપૃથક્ત્વસિદ્ધ થતા હોય ત્યાં પ્રથમના ચોથા ભાગે સંખ્યાતગુણહીન, બીજા ચોથા ભાગને વિષે અસંખ્યાતગુણહીન અને ત્રીજા ચોથા ભાગથી માંડીને ઉપર સઘળે ઠેકાણે અનંતગુણહીન કહેવા.

જ્યાં જ્યાં દશ દશ સિદ્ધ થતા હોય ત્યાં આ પ્રમાણે વ્યાપ્તિ કહેવી. એક એક સિદ્ધ સર્વથી અધિક, તેથી બે બે સિદ્ધ સંખ્યાતગુણહીન. (**ति**) તેથી ત્રણ ત્રણ સિદ્ધ સંખ્યાતગુણહીન, તેથી ચાર ચાર સિદ્ધ અસંખ્યાતગુણહીન, (**पण**) તેથી પાંચ પાંચ સિદ્ધ અસંખ્યાતગુણહીન, ત્યાંથી આગળ છ સિદ્ધ અનંતગુણહીન. એમ એક એક વધારતાં (**दसगं च**) દશ સિદ્ધ સુધી અનંતગુણહીન કહેવા.

(**चउट्ठयाइंता**) યવમધ્યાદિકમાં જ્યાં જ્યાં આઠ સિદ્ધ થાય છે ત્યાં ત્યાં ચાર સુધી આદિના સંખ્યાતગુણહીન તે આ પ્રમાણે-એક એક સિદ્ધ સર્વથી અધિક. તેથી બે બે સિદ્ધ સંખ્યાતગુણહીન, તેથી ત્રણ ત્રણ સિદ્ધ સંખ્યાતગુણહીન, તેથી ચાર ચાર સિદ્ધ સંખ્યાત ગુણહીન, પછી એક એક વધારતાં પાંચથી આઠ સુધી અનંતગુણહીન કહેવા. ૪૯.

બીજી ગાથાનો અર્થ:—બે બે સિદ્ધમાં (**इग दुग बहु**) એક એક સિદ્ધ સર્વથી અધિક, (**णंत**) તેથી બેબે સિદ્ધ અનંતગુણહીન લવણાદિકમાં સમજવા. ચાર ચાર સિદ્ધમાં (**इग दुग बहु**) ઊર્ધ્વલોકમાં એક એક સિદ્ધ સર્વથી અધિક, તેથી બેબે સિદ્ધ (**असंख**) અસંખ્યાતગુણહીન, તેથી ત્રણ ત્રણ સિદ્ધ (**णंतगुणहीणा**) અનંતગુણહીન, તેથી ચાર ચાર સિદ્ધ અનંતગુણહીન કહેવા.

એવી રીતે દ્રવ્યપ્રમાણને વિષે વિસ્તારપૂર્વક સંનિકર્ષદ્વાર કહ્યું. બાકીના દ્વારને વિષે સિદ્ધપ્રાભૃત ટીકાથકી વિશેષ જાણવું. (**इय सिद्धाण सरूवं**) પૂર્વોક્ત પ્રમાણે મુક્તિને પ્રાપ્ત થએલ સિદ્ધના જીવોનું સ્વરૂપ (**लिहिअं देविंदसूरिहिं**) સિદ્ધપ્રાભૃતથકી શ્રી દેવેંદ્રસૂરિએ લખ્યું છે.

ઇતિ શ્રી દેવેન્દ્રસૂરિવિરચિત સિદ્ધપંચાશિકા પ્રકરણ સાર્થ સમાપ્ત.

આચાર્ય શ્રી અભયદેવસૂરિવિરચિત

श्री पंचनिर्ग्रंथी प्रकरण

श्रीनयविजयगुरूणां, प्रसादमासाद्य सकलकर्महरम् ।
व्याख्यां कुर्वे काञ्चिल्लोकगिरा पञ्चनिर्ग्रन्थ्याः ॥

અર્થ:—શ્રીનયવિજય નામના ગુરુના સકળ કર્મને હરનારા પ્રસાદને (કૃપાને) પામીને પંચનિર્ગ્રંથી નામના પ્રકરણની કાંઈક વ્યાખ્યા લોકભાષા (ગુજરાતી)માં કરું છું.

હવે પ્રકરણની શરૂઆત કરવામાં આવે છે:—

नमिऊण महावीरं, भवहियट्ठा समासओ किंचि ।
वुच्छामि सरूवमहं, पुलायपमुहाण साहूणं ॥ १ ॥

અર્થ:—(**नमिऊण महावीरं**) શ્રીમહાવીરસ્વામીને નમસ્કાર કરીને (**भव-हियट्ठा**) ભવ્ય જીવોના હિતને માટે (**पुलायपमुहाण**) પુલાક પ્રમુખ (**साहूणं**) પાંચ પ્રકારના સાધુઓનું (**किंचि**) લેશમાત્ર (**समासओ**) સંક્ષેપથી (**सरूवं**) સ્વરૂપ (**अहं**) હું (**वुच्छामि**) કહું છું. ૧.

[1]पन्नवण [2]वेय [3]रागे, [4]कप्प [5]चरित्त [6]पडिसेवणा [7]नाणे ।
[8]तित्थे [9]लिंग [10]सरीरे, [11]खित्त [12]काल [13]गइ [14]संजम [15]निगासे ॥१॥
[16]जोग [17]उवओग [18]कसाए, [19]लेसा [20]परिणाम [21]बंधणे [22]वेए ।
[23]कम्मोदीरण [24]उवसंपजहण [25]सन्ना य [26]आहारे ॥ २ ॥

---

૧ આ ગાથા અવચૂરિવાળી છપાયેલી પ્રતમાં નથી, પણ જરૂરની લાગે છે. એનો આંક ચડાવેલ નથી.

भॅव[27] आॅगरिसे[28] कॅालं[29]-तॅरे[30] य समुग्घॅाय[31] खित्ते[32] फुसॅणा[33] य ।
भॅावे[34] परिमॅाणं[35] खलु, अप्पॅाबहुयं[36] नियंठाणं ॥ ३ ॥

અર્થ:—આ પ્રકરણમાં પાંચ નિર્ગ્રંથોને અંગે ૩૬ દ્વાર કહેવાના છે તે આ પ્રમાણે:—

१ **प्रज्ञापनाद्वार**—નિર્ગ્રન્થોનું સ્વરૂપ, સંખ્યા અને ભેદાદિક કહેવું તે.

२ **वेदद्वारः**—વેદ ત્રણ છે. ૧ સ્ત્રીવેદ, ૨ પુરુષવેદ, ૩ નપુંસકવેદ. કયા કયા નિર્ગ્રંથને કયા કયા વેદ હોય? (વેદ સિવાયના અવેદી કહે)

३ **रागद्वार**—રાગના ત્રણ પ્રકાર છે-કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ. તે રાગ કોને કોને હોય અને કોને કોને ન હોય? (રાગ સિવાયના તે અરાગી કહેવાય છે.)

४ **कल्पद्वार**—કલ્પ બે પ્રકારે-૧ સ્થવિરકલ્પ. ૨ જિનકલ્પ. (બંનેથી પર તે કલ્પાતીત કહેવાય છે.) કયા નિર્ગ્રંથ કયા કલ્પમાં હોય?

બીજા પરિહારવિશુદ્ધિક વિગેરેનો એમાં અંતર્ભાવ સમજવો.

५ **चारित्रद्वार**—ચારિત્ર પાંચ પ્રકારે—૧ સામાયિક, ૨ છેદોપસ્થાપનીય, ૩ પરિહારવિશુદ્ધિ, ૪ સૂક્ષ્મસંપરાય, ૫ યથાખ્યાત. તેમાંનું કયું ચારિત્ર હોય?

६ **प्रतिसेवनाद्वार**—પ્રતિકૂળપણે સેવના તે પ્રતિસેવના-વિરાધના તે બે પ્રકારે. ૧ મૂળગુણ પ્રતિસેવના, ૨ ઉત્તરગુણ પ્રતિસેવના.

७ **ज्ञानद्वार**—પાંચ પ્રકારે—૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવલજ્ઞાન. તેમાંના કયા જ્ઞાન હોય?

८ **तीर्थद्वार**—બે પ્રકારે-૧ તીર્થંકરે પ્રવર્તાવેલું તે તીર્થ ને તે વિના ૨ અતીર્થ.

९ **लिंगद्वार**—બે પ્રકારે-૧ દ્રવ્યલિંગ ને ૨ ભાવલિંગ. દ્રવ્યલિંગ ત્રણ પ્રકારે-૧ સ્વલિંગ તે સાધુનો વેષ, ૨ અન્યલિંગ તે તાપસાદિ પરતીર્થીઓનો વેષ, ૩ ગૃહસ્થ લિંગ તે ગૃહસ્થનો વેષ અને ભાવલિંગ તે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ.

१० **शरीरद्वार**—પાંચ પ્રકારે-ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ, ૫ કાર્મણ. તેમાંના કેટલા ને કયા શરીર હોય?

११ **क्षेत्रद्वार**—બે પ્રકારે-૧ જન્મથી ને ૨ વિહારથી. કર્મભૂમિ, અકર્મભૂમિ-રૂપ ક્ષેત્ર સમજવું. તેમાંથી કયાં હોય?

१२ **कालद्वार**—ઉત્સર્પિણી તથા અવસર્પિણીરૂપ બે પ્રકારે.

१३ **गतिद्वार**—કયા કયા નિર્ગ્રન્થ મરણ પામીને કયાં કયાં ઉપજે? તે ગતિ પાંચ પ્રકારે-નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ અને મોક્ષ.

૧૪ **संयमद्वार**—ચારિત્રના અધ્યવસાયના વિશુદ્ધિસ્થાન તે કોને કેટલા હોય ?

૧૫ **निकर्षद्वार**—નિકર્ષ એટલે સંયોગ. પરસ્પર હીનાધિકપણું. તે બે પ્રકારે ૧ સ્વસ્થાનનિકર્ષ, ૨ પરસ્થાનનિકર્ષ.

૧૬ **योगद्वार**—યોગ ત્રણ પ્રકારે-મન, વચન, કાયા. એ મૂળભેદ, તેના ઉત્તરભેદ પંદર સમજવા. તેમાંથી કયા ને કેટલા યોગ હોય ?

૧૭ **उपयोगद्वार**—ઉપયોગ બે પ્રકારે-૧ સાકારોપયોગ, ૨ નિરાકારોપયોગ. તે જ્ઞાન ને દર્શનરૂપ બાર પ્રકારે જાણવો. તેમાંથી કયા ને કેટલા હોય ?

૧૮ **कषायद्वार**—કષાય ચાર પ્રકારે-૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ.

૧૯ **लेश्याद्वार**—લેશ્યા છ પ્રકારે-૧ કૃષ્ણ, ૨ નીલ, ૩ કાપોત, ૪ તેજો, ૫ પદ્મ, ૬ શુકલ. એમાંની કેટલી ને કઇ કઈ હોય ?

૨૦ **परिणामद्वार**—પરિણામ તે ચારિત્રની શુદ્ધિના અધ્યવસાય તે કેટલા કેટલા હોય ? તેના ત્રણ પ્રકાર—વર્ધમાન, હીયમાન, અવસ્થિત.

૨૧ **बंधनद्वार**—કયા કયા નિર્ગ્રંથ કેટલી કેટલી કર્મપ્રકૃતિ બાંધે ?

૨૨ **वेदनद्वार**—વેદન એટલે કર્મનું વેદવું. કયા નિર્ગ્રંથ કેટલી પ્રકૃતિને વેદે ? (ઉદયે ભોગવે)

૨૩ **कर्मोदीरणद्वार**—કયા નિર્ગ્રંથને કેટલી કર્મપ્રકૃતિની ઉદીરણા હોય ?

૨૪ **उपसंपज्जहनद्वार**—અમુક નિર્ગ્રંથ તે અવસ્થાને મૂકીને કઇ કઈ અવસ્થા પામે ?

૨૫ **संज्ञाद्वार**—સંજ્ઞા ચાર પ્રકારે-૧ આહાર, ૨ ભય, ૩ મૈથુન, ૪ પરિગ્રહ. ઉપરાંત ૫ ક્રોધ, ૬ માન, ૭ માયા, ૮ લોભ, ૯ ઓઘ, ૧૦ લોક-એમ દશ પ્રકારે પણ સંજ્ઞા હોય છે. તેમાંની કેટલી હોય ?

૨૬ **आहारद्वार**—કયા નિર્ગ્રંથ આહારી તથા અણાહારી હોય ?

૨૭ **भवद्वार**—કયા નિર્ગ્રંથ કેટલા કેટલા ભવ કરે ?

૨૮ **आकर्षणद्वार**—કયા નિર્ગ્રંથ એક ભવમાં તથા ઘણા ભવમાં તે તે અવસ્થાને પામીને ત્યાંથી પડીને કેટલી વખત તે ભાવને પામે ?

૨૯ **कालद्वार**—તે તે નિર્ગ્રંથપણામાં કેટલો કાળ રહે ?

૩૦ **अंतरद्वार**—એક વાર તે તે નિર્ગ્રંથપણાને પામી, તજીને ફરી તે અવસ્થાને પામે તેની વચ્ચે કેટલું અંતર પડે ? તે એક જીવ આશ્રી તેમ જ ઘણા જીવ આશ્રી એમ બે પ્રકારે.

૩૧ समुद्घातद्वार—સમુદ્ઘાત સાત પ્રકારે—૧ વેદના, ૨ કષાય, ૩ મરણ, ૪ વૈક્રિય, ૫ તૈજસ, ૬ આહારક, ૭ કેવળી સમુદ્ઘાત. તેમાંથી કેટલા હોય ?

૩૨ क्षेत्रद्वार—કયા કયા નિર્ગ્રંથને કેટલા ક્ષેત્રની અવગાહના હોય ?

૩૩ स्पर्शनाद्वार—કોને કોને કેટલી કેટલી સ્પર્શના હોય ?

૩૪ भावद्वार—ભાવ પાંચ પ્રકારે-ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક ને પારિણામિક. તેમાં ઔદયિક ને પારિણામિકનું જીવસ્વરૂપપણું છે, તેમાં મોક્ષમાર્ગનો અભાવ છે અને અપ્રશસ્ત છે માટે એ બે ગ્રહણ કરેલ નથી અને સંનિપાતિકનું તો સંયોગરૂપપણું છે માટે ગ્રહણ કરેલ નથી; બાકીના ત્રણ ભાવ જ ગ્રહણ કર્યા છે. તેમાંથી કયા ભાવે વર્તતા હોય ?

૩૫ परिमाणद्वार—કયા કયા નિર્ગ્રંથની પ્રતિપદ્યમાન તથા પ્રતિપન્ન એ બે પ્રકારની સંખ્યા કેટલી હોય ?

૩૬ अल्पबहुत्व—કયા નિર્ગ્રંથ થોડા હોય અને કયા વધારે હોય ?

ટીકાને આધારે પાંચે પ્રકારના નિર્ગ્રંથોનું વિવરણ

અહીં પાંચે નિર્ગ્રંથોમાં જ્ઞાન, દર્શન, ચારિત્રના પરિણામ કેટલાક યથાયોગ્ય હોવાથી જ નિર્ગ્રંથના વ્યપદેશને (નામને) પામે છે, જ્ઞાનાદિ પરિણામના અભાવે નિર્ગ્રંથ શબ્દના અર્થની સંગતિ જ થતી નથી. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે-મૂળ નિર્ગ્રંથ અને પેટાભેદરૂપ (ચોથા) નિર્ગ્રંથમાં પ્રતિવિશેષપણું (જુદાપણું) શું છે ? તેને ઉત્તર આપે છે કે-મૂળ નિર્ગ્રંથપણું મોહનીય કર્મના ક્ષયોપશમાદિ પ્રકારે કરીને (ઉદયનો સદ્ભાવ છતાં પણ) કહેવાય છે અને પ્રભેદ નિર્ગ્રંથપણું (ચોથા ભેદરૂપ) મોહનીય કર્મની ઉપશમના કે ક્ષપણાવડે સર્વથા ઉદયના અભાવે જ (શ્રેણીમાં) થાય છે. એટલો મોટો તે બેમાં ફેર છે. પુલાકના બે ભેદ છે. તેમાં લબ્ધિપુલાકપણું લબ્ધિ ઉપજીવનવડે ચારિત્રને અસાર કરવાથી પ્રાપ્ત થાય છે અને આસેવનાપુલાકપણું તો જરા જરા અતિચારના આસેવનથી ચારિત્રના સર્વથા અવિરાધક અને અલ્પતર વિરાધકપણાથી પ્રાપ્ત થાય છે. બકુશ અતિચારને આશ્રયીને કાંઈક અધિકતર વિરાધક હોય છે. અથવા દેહવિભૂષાદિકમાં આસક્ત છતાં પણ અતિચારના લાઘવપણાથી પુલાકથી વિશુધ્ધ પણ હોય છે. કુશીલ તો બંને પ્રકારના જ્ઞાનાદિ ઉપજીવનવડે અને કષાયના આસેવનવડે સ્ફુટ રીતે જ જુદા પડે છે. સંયમસ્થાનને આશ્રયીને આદિમાં પુલાક સાથે અને મધ્યમાં બકુશ સાથે તુલ્ય છતાં આગળ તે બંનેને અતિક્રમીને વિશુદ્ધતર પણ હોય છે. આ પ્રમાણે એ પાંચેનું પ્રતિવિશેષ (જુદું જુદું) સ્વરૂપ છે.

એ પાંચે પ્રકારના નિર્ગ્રંથોનો આ ક્રમોપન્યાસ વિશુદ્ધિના ક્રમને અપેક્ષીને જ સંભવે છે. તે આ પ્રમાણે-સર્વથી ઓછી વિશુદ્ધિ પુલાકમાં, તેથી વધારે

બકુશમાં, તેથી વધારે કુશીલમાં, તેથી વધારે નિર્ગ્રંથમાં ને તેથી વધારે સ્નાતકમાં. સ્નાતકની તો અતિ વિશુધ્ધ જ્ઞાનદર્શનાદિ ગુણની પ્રાપ્તિવડે મોહનીયાદિ ઘાતીકર્મના ક્ષયથી નિર્ગ્રંથ કરતાં અત્યંત વિશુદ્ધિ છે.

આ ક્ષેત્રમાં વર્તમાનકાળે બકુશ ને કુશીલ બે નિર્ગ્રંથો જ હોય છે. બાકીના ત્રણ નિર્ગ્રંથ વિચ્છેદ પામેલા છે. કહ્યું છે કે–' પુલાક સહિત નિર્ગ્રંથ ને સ્નાતક એ ત્રણ વિચ્છેદ પામેલા છે.' બકુશ ને કુશીલ એ બે તો જ્યાંસુધી તીર્થ પ્રવર્તશે ત્યાંસુધી રહેવાના છે. ૨–૩.

પ્રથમ નિર્ગ્રંથના પાંચ પ્રકાર કહે છેઃ—

पंच नियंठा भणिया, पुलायबउसा कुसीलनिग्गंथा ।
होइ सिणाओ य तहा, इक्किक्को सो भवे दुविहो ॥ ४ ॥

અર્થ:—બાહ્ય આભ્યંતર ગ્રંથીથકી નીકળ્યા તે નિર્ગ્રંથ-(**पंच नियंठा भणिया**) તીર્થંકરે પાંચ પ્રકારના નિર્ગ્રંથ કહ્યા છે. (**पुलाय**) ૧ પુલાક, (**बउसा**) ૨ બકુશ, (**कुसील**) ૩ કુશીલ, (**निग्गंथा**) ૪ નિર્ગ્રંથ (**तहा**) તેમ જ (**सिणाओ य**) ૫ સ્નાતક (**सो**) તે (**इक्किक्को**) એક એકના (**भवे दुविहो**) બબે પ્રકાર (**होइ**) છે. ૪

હવે નિગ્રંથ શબ્દનો અર્થ કહે છેઃ—

गंथो मिच्छत्त धणाइओ मओ जे अ निग्गया तत्तो ।
ते निग्गंथा वुत्ता, तेसि पुलाओ भवे पढमो ॥ ५ ॥

અર્થ:—(**गंथो**) જેનાથી કર્મે કરી જીવ ગુંથાય તે ગ્રન્થ. તેના બે પ્રકાર છે–૧ ભાવગ્રન્થ, ૨ દ્રવ્યગ્રન્થ. (**मिच्छत्त**) મિથ્યાત્વ ૧, કષાય ૪, નોકષાય ૯ એ ચૌદ પ્રકારે આભ્યંતર ગ્રન્થ અથવા ભાવગ્રન્થ અને (**धणाइओ**) ૨ ધનાદિ એટલે ધન ૧, ધાન્ય ૨, હિરણ્ય ૩, સુવર્ણ ૪, ક્ષેત્ર ૫, વાસ્તુ ૬, કુપ્પ ૭, દ્વિપદ ૮, ચતુષ્પદ ૯ આ નવ પ્રકારે બાહ્યગ્રન્થ અથવા દ્રવ્યગ્રન્થ (**मओ**) એમ બંને પ્રકારને ગ્રન્થ માનેલો છે (**तत्तो**) તેનાથી–તેને છોડીને (**जे अ निग्गया**) જે નીકળ્યા (**ते निग्गंथा वुत्ता**) તેને નિર્ગ્રન્થ કહ્યા છે. (**तेसि**) તે નિર્ગ્રન્થના પાંચ ભેદ છે તેમાં (**पुलाओ भवे पढमो**) પહેલો પુલાક નામે નિર્ગ્રન્થ જાણવો. ૫

પુલાકનું સ્વરૂપ કહે છેઃ—

धन्नमसारं भन्नइ, पुलायसद्देण तेण जस्स समं ।
चरणं सो उ पुलाओ, लद्धी (पडि)सेवाहिं सो य दुहा ॥ ६ ॥

અર્થ:—(**पुलायसद्देण**) પુલાક શબ્દવડે (**धन्नमसारं**) સત્ત્વ વિનાનું ફોતરા સરખું અસાર ધાન્ય (**भन्नइ**) કહેવાય છે. (**तेण**) તેના (**समं**) સરખું (**जस्स**) જેનું (**चरणं**) ચારિત્ર દોષે કરીને અસાર હોય (**सो उ**) તે પુલાક કહીએ. (**सो य पुलाओ**) તે પુલાક (**लद्धी**) ૧ લબ્ધિપુલાક અને (**पडिसेवाहिं**) ૨ પ્રતિસેવાપુલાકના ભેદવડે (**दुहा**) બે પ્રકારે છે. ૬.

લબ્ધિપુલાકનું લક્ષણ કહે છેઃ—

संघाइयाण कज्जे, चुन्निज्जा चक्कवट्टिमवि जीए ।
तीए लद्धीइ जुओ, लद्धिपुलाओ मुणेयव्वो ॥ ७ ॥

અર્થ:—જે સાધુ મહાતપસ્વી (**संघाइयाण कज्जे**) સંઘાદિકનું કાર્ય ઉપજે થકે અપવાદ માર્ગે (**जीए**) જે લબ્ધિવડે (**चक्कवट्टिमवि**) ચક્રવર્તીને પણ (**चुन्निज्जा**) ચૂરી શકે (**तीए लद्धीइ जुओ**) તેવી લબ્ધિવડે યુક્ત હોય તે (**लद्धिपुलाओ मुणेयव्वो**) લબ્ધિપુલાક જાણવો. તેની દેવેંદ્ર સમાન ઋદ્ધિ (શક્તિ) હોય છે. ૭.

હવે પ્રતિસેવના પુલાકનું લક્ષણ કહે છેઃ—

आसेवणापुलाओ, पंचविहो नाणदंसणचरित्ते ।
लिंगंमि अहासुहुमे, य होइ आसेवणानिरओ ॥ ८ ॥

અર્થ:—(**आसेवणापुलाओ**) બીજા આસેવના પુલાકના (**पंचविहो**) પાંચ પ્રકાર છે. તેના નામ આ પ્રમાણે-(**नाणदंसणचरित्ते**) ૧ જ્ઞાન પુલાક,૨ દર્શન પુલાક, ૩ ચારિત્ર પુલાક, (**लिंगंमि**) ૪ લિંગ પુલાક (**अहासुहुमे य**) અને ૫ યથાસૂક્ષ્મ પુલાક. તે પાંચેને વિષે (**आसेवणानिरओ**) આસેવના રક્તપણું (**होइ**) હોય છે. ૮.

એ જ્ઞાનાદિકના ઇષત્ વિરાધક હોય છે તે જ કહે છે:—

नाणे दंसणचरणे, ईसीसि विराहयं असारो जो ।
सो नाणाइपुलाओ, भण्णइ नाणाइ जं सारो ॥ ९ ॥

અર્થ:—(**नाणे दंसणचरणे**) જ્ઞાનને વિષે, દર્શનને વિષે અને ચારિત્રને વિષે (**ईसीसि विराहयं**) લગાર લગાર વિરાધના કરતો (**जो**) જે (**असारो**) અસાર થાય અર્થાત્ જેનું ચારિત્ર અસાર થાય (**सो नाणाइपुलाओ**) તે જ્ઞાનાદિ પુલાક (**भण्णइ**) કહેવાય છે (**जं**) જે કારણ માટે (**नाणाइ**) જ્ઞાન, દર્શન, ચારિત્ર જ ચારિત્રમાર્ગમાં (**सारो**) સારભૂત (**भण्णइ**) કહેવાય છે. જે સારથી રહિત તે આસેવનાપુલાક કહેવાય છે. ૯.

खलियाइदूसणेहिं, नाणं संकाइएहिँ सम्मत्तं ।
मूलुत्तरगुणपडिसेवणाइ चरणं विराहेइ ॥ १० ॥

અર્થ:—(खलियाइदूसणेहिं) સ્ખલિત-મિલિતાદિક દૂષણોવડે (**नाणं**) જ્ઞાનને, (**संकाइएहिं सम्मत्तं**) શંકાદિક દૂષણોવડે સમ્યક્ત્વને અને (**मूलुत्तरगुण**) મૂળગુણ તથા ઉત્તરગુણની (**पडिसेवणाइ**) પ્રતિકૂળસેવનાવડે (**चरणं विराहेइ**) ચારિત્રને વિરાધે છે. ૧૦.

વિવેચનઃ—હવે આસેવના પુલાક જ્ઞાન, દર્શન તથા ચારિત્રને વિષે લગાર લગાર વિરાધના કઇ રીતે કરે છે? તે દેખાડે છેઃ—સ્ખલિતમિલિતાદિક દૂષણોવડે જ્ઞાનની વિરાધના કરે છે. અક્ષરની સ્ખલના તે સ્ખલિત કહીએ, આદિ-શબ્દે મિલિતાદિક લેવા. દર્શન એટલે સમકિત-જિનેશ્વરના વચન ઉપર શ્રદ્ધા તે સમકિત. તેમાં શંકાદિ કરવા તે સમકિતના દૂષણ કહેવાય છે. તે પાંચ છે. તેનાં નામ-૧ શંકા, ૨ કાંક્ષા, ૩ વિતિગિચ્છા, ૪ મિથ્યાત્વીની પ્રશંસા, ૫ મિથ્યાત્વીની સંગત (પરિચય). તેનાવડે સમકિતની વિરાધના કરે છે અને મૂળગુણ તથા ઉત્તરગુણની પ્રતિસેવનાવડે ચારિત્રને વિરાધે છે. પ્રાણાતિપાત-વિરમણાદિ પાંચ મહાવ્રત તથા છઠ્ઠું રાત્રિભોજનવિરમણ એ છ મૂળગુણ જાણવા તથા પિંડવિશુદ્ધયાદિ ઉત્તરગુણ જાણવા. ૧૦.

लिंगपुलाओ अन्नं, निक्कारणओ करेइ जो लिंगं ।
मणसा अकप्पियाणं, निसेवओ हो अहासुहुमो ॥ ११ ॥

અર્થ:—(**जो**) જે સાધુ (**निक्कारणओ**) નિષ્કારણ-કારણ વિના-પુષ્ટ હેતુ વિના (**अन्नं**) અન્ય અન્ય (**लिंगं**) લિંગ (**करेइ**) કરે-ગૃહસ્થના તથા કુતીર્થી વિગેરેના વેષ કરે તેને (**लिंगपुलाओ**) ચોથા લિંગપુલાક કહીએ. અને (**मणसा**) મને કરીને (**अकप्पियाणं**) અકલ્પિત વસ્તુનો-જે સાધુને કલ્પે નહીં તેનો (**निसेवओ**) સેવનાર (**हो अहासुहुमो**) પાંચમો યથાસૂક્ષ્મ પુલાક હોય. વચન અને કાયાની અપેક્ષાએ મનની વિરાધના સૂક્ષ્મ છે માટે. ૧૧.

बउसं सबलं कब्बुरमेगट्ठं तमिह जस्स चारित्तं ।
अइयारपंकभावा, सो बउसो होइ निग्गंथो ॥ १२ ॥

અર્થ:—પૂર્વે કહેલા નિર્ગ્રન્થના પાંચ પ્રકારમાંથી પ્રથમ ભેદ પુલાકનું સ્વરૂપ કહીને હવે બીજા બકુશ નિર્ગ્રન્થનું સ્વરૂપ કહે છેઃ-(**बउसं**) બકુશ, (**सबलं**) શબલ, (**कब्बुरमेगट्ठं**) કર્બુર એ એકાર્થવાચી શબ્દો છે. તેનો અર્થ મેલું, ગંદું એવો થાય છે. જેમ કાદવથી સ્વચ્છ વસ્તુ મેલી થાય છે (**तमिह जस्स चारित्तं**)

તેમ અહીં જેનું ચારિત્ર (**अइयारपंकभावा**) અતિચારરૂપી કાદવના સદ્ભાવથી મેલું થયેલ હોય (**सो बउसो होइ निग्गंथो**) તે બકુશ નિર્ગ્રંથ કહેવાય છે. ૧૨.

उवगरणसरीरेसुं, स दुहा दुविहोऽवि होइ पंचविहो ।
आभोगअणाभोगे, अस्संवुडसंवुडे सुहुमे ॥ १३ ॥

અર્થ:—(**स दुहा**) તે બકુશ નિર્ગ્રન્થના બે ભેદ. (**उवगरण**) ૧ ઉપકરણ બકુશ એટલે વસ્ત્ર-પાત્રાદિક ઉપકરણની વિભૂષા કરવામાં પ્રવર્તે તે અને (**सरीरेसुं**) ૨ શરીર બકુશ એટલે કર-ચરણાદિક શરીરના અવયવોની વિભૂષા કરવામાં પ્રવર્તે તે. (**दुविहोऽवि होइ पंचविहो**) એ બંનેના પાંચ પ્રકાર છે. જે સાધુ આ અકૃત્ય છે એમ જાણતો સતો આચરે તે (**आभोग**) આભોગ બકુશ, અણજાણતો કરે તે (**अणाभोगे**) અણાભોગ બકુશ, મૂળગુણે અથવા ઉત્તરગુણે કરી સંવૃત થકો વર્તે તે (**संवुडे**) સંવૃત બકુશ, અસંવૃત થકો વર્તે તે (**अस्संवुड**) અસંવૃત બકુશ અને (**सुहुमे**) નેત્ર, નાસિકા, મુખાદિકના મળને દૂર કરતો યથાસૂક્ષ્મ બકુશ જાણવો. ૧૩.

હવે બકુશના મૂળ બે ભેદમાંથી ઉપકરણ બકુશનું સ્વરૂપ કહે છે—

जो उवगरणे बउसो, सो धुवइ अपाउसेऽवि वत्थाइं ।
इच्छइ य लण्हयाइं, किंचि विभूसाइ भुंजइ य ॥ १४ ॥

અર્થ:—(**जो उवगरणे बउसो**) જે ઉપકરણ બકુશ હોય (**सो**) તે (**अपाउसेऽवि**)ચોમાસા વિના પણ (**वत्थाइं**) વસ્ત્રાદિક (**धुवइ**) ધૂવે (**इच्छइ य लण्हयाइं**) વળી શરીરના સુખને માટે શ્લક્ષ્ણ-સુંવાળા વસ્ત્રની વાંછા કરે. (**किंचि विभूसाइ भुंजइ य**) વળી કાંઇક શરીરની શોભાને માટે વસ્ત્ર સમારે વાપરે. ૧૪.

तह पत्तदंडयाई, घट्टं मट्ठं सिणेहकयतेयं ।
धारेइ विभूसाए, बहुं च पत्थेइ उवगरणं ॥ १५ ॥

અર્થ:—(**तह**) તથા વળી તે ઉપકરણ બકુશ (**पत्तदंडयाई**) પાત્રા અને ડાંડાદિકને (**घट्टं**) કઠણ પત્થરવડે ઘસે, (**मट्ठं**) સુંવાળા પત્થરવડે મસળે, (**सिणेह**) તેલ પ્રમુખે કરીને (**कयतेयं**) તેજવાળાં કરે, પછી તેને (**धारेइ विभूसाए**) શોભાને અર્થે ધારણ કરે. (જીવરક્ષા માટે તો સુંવાળાં પાત્ર રાખવાં કહ્યાં છે). (**च**) તથા (**बहुं**) ઘણા એટલે જેટલાં વાપરવાની શાસ્ત્રમાં આજ્ઞા છે તેથી અધિક (**पत्थेइ उवगरणं**) ઉપકરણોની પ્રાર્થના કરે-રાખવાનું વાંછે. ૧૫.

હવે દેહબકુશનું સ્વરૂપ કહે છે:—

देहबउसो अकज्जे, करचरणनहाइयं विभूसेइ ।
दुविहोऽवि इमो इड्डिं, इच्छइ परिवारपभिईयं ॥ १६ ॥

અર્થ:—(**अकज्जे**) કારણ વિના-અશુચિ નેત્રવિકારાદિ કારણ વિના (**करचरणनहाइयं**) હાથ, પગ, નખ વગેરે (**विभूसेइ**) શણગારે એટલે ધોવે, (**देहबउसो**) તે શરીર બકુશ કહેવાય છે. (**दुविहोऽवि इमो**) આ ઉપકરણ બકુશ તથા શરીર બકુશ-એ બંને પ્રકારના બકુશ (**परिवारपभिईयं**) પરિવાર પ્રમુખ (**इड्डिं**) ઋદ્ધિને (**इच्छइ**) વાંછે. એટલે ઘણા શિષ્યો થાઓ, ઘણા શ્રાવકો અમારા ભક્ત થાઓ, ઘણો વૈભવ થાઓ વગેરેની ઇચ્છા કરે. ૧૬.

पंडिच्चतवाइकयं, जसं च पत्थेइ तंमि तुसइ य ।
सुहसीलो न य बाढं, जयइ अहोरत्त किरियासु ॥ १७ ॥

અર્થ:—વળી તે બકુશ પોતાની (**पंडिच्चतवाइकयं**) પંડિતાઇ અને તપાદિકથી થતા (**जसं च पत्थेइ**) યશની વાંછા કરે, (**य**) વળી (**तंमि तुस्सइ**) કોઇને પોતાનો યશ બોલતો સાંભળીને પોતે સંતોષ પામે, વળી (**सुहसीलो**) સુખશીલ હોય એટલે શરીરની સરસ આહારાદિકે લાલનાપાલના કરે, સ્નાન-વિલેપનાદિ કરે. (**य**) વળી (**अहोरत्त**) રાતદિવસની (**किरियासु**) ક્રિયાઓમાં (**न बाढं जयइ**) અત્યંત આદરપૂર્વક યતના (પ્રયત્ન) કરે નહિ. ૧૭.

परिवारो य असंजम, अविवित्तो होइ किंचि एयस्स ।
घंसियपाओ तिल्लाइमसिणिओ कत्तरियकेसो ॥ १८ ॥

અર્થ:—(**एयस्स**) વળી એ બકુશનો (**परिवारो य**) પરિવાર (**असंजम**) અસંયમવંત હોય, (**अविवित्तो**) અવિવિક્ત એટલે વસ્ત્રપાત્રાદિકના મોહથી અળગો ન હોય. તથા (**किञ्चि**) કાંઇક (**घंसियपाओ**) જેના પગ ઘસેલા હોય તેવો તથા (**तिल्लाइमसिणिओ**) તૈલાદિકથી મર્દન કરાયેલો અને (**कत्तरियकेसो**) કાતરેલા કેશવાળો (**होइ**) હોય. ૧૮.

तह देससव्वछेयारिहेहिं सबलेहिं संजुओ बउसो ।
मोहक्खयट्ठमब्भुट्ठिओ अ सुत्तंमि भणियं च ॥ १९ ॥

અર્થ:—(**तह देसछेय**) તથા દેશછેદ તે છેદ પ્રાયશ્ચિત્ત જાણવું. જેનો દીક્ષા-પર્યાય ઘટાડવાનો દંડ થાય તે છેદ પ્રાયશ્ચિત્ત. તથા (**सव्वछेयारिहेहिं**) સર્વછેદ

તે મૂળ પ્રાયશ્ચિત્ત એટલે સર્વ પર્યાયનો છેદ કરી જેને ફરીથી દીક્ષા લેવારૂપ દંડ કરવામાં આવે તે. આ બંને પ્રકારના પ્રાયશ્ચિત્તને યોગ્ય એવા (**सबलेहिं संजुओ बउसो**) શબલ ચારિત્રિયાઓ સહિત તે બકુશ જાણવો. અત્ર એવી શંકા થાય કે 'આવા દોષ તો પાસત્થાના પણ કહ્યા છે તો પાસત્થા અને બકુશમાં ફેર શો ?' ઉત્તર-જો કે પાસત્થામાં તથા બકુશમાં સરખા લક્ષણ દેખાય છે, તો પણ પાસત્થો નિર્ધ્વંસ હોય અને બકુશ નિર્ગ્રન્થ પ્રાયશ્ચિત્તાદિ સાપેક્ષ હોય (**मोहक्खयट्ठमब्भुट्ठिओ**) અને મોહના ક્ષયમાં અભ્યુત્થિત-ઉજમાળ હોય. (**अ**) વળી (**सुत्तंमि भणियं च**) સૂત્રમાં પણ કહ્યું છે કે—૧૯

उवगरणदेहचुक्खा, रिद्धीजसगारवासिया निच्चं ।
बहुसबलछेयजुत्ता, निग्गंथा बाउसा भणिया ॥ २० ॥

અર્થ:—બકુશ નિર્ગ્રંથ કેવા હોય ? (**उवगरणदेहचुक्खा**) ઉપકરણ અને શરીરને ચોકખા રાખનાર હોય, (**रिद्धीजसगारवासिया निच्चं**) નિત્ય ઋદ્ધિગારવ, યશગારવ[1] અને શાતાગારવયુક્ત હોય તથા પૂર્વે કહી ગયેલા (**बहुसबलछेयजुत्ता**) છેદ અને મૂલ પ્રાયશ્ચિત્તને યોગ્ય એવા ઘણા શબલ ચારિત્રીયાના પરિવારયુક્ત હોય તે (**निग्गंथा बाउसा भणिया**) બકુશ નિર્ગ્રંથો કહ્યા છે. ૨૦,

ઉપર કહેલા દોષ સહિત, આત્મોત્કર્ષ રહિત છતાં શુદ્ધ માર્ગ પ્રરૂપક, ભવભીરુ તથા મોક્ષને અર્થે ઉદ્યમ કરતા હોય તેને ચારિત્રી કહીએ; પણ જેઓ કાળોચિત આહારવસત્યાદિ યતનામાં પ્રમાદી હોય તેવા ઉત્કૃષ્ટનામધારીને સર્વથા યતિ ન કહીએ.

आभोगे जाणंतो, करेइ दोसं अजाणमणभोगे ।
मूलुत्तरेहिँ संवुड, विवरीय असंवुडो होइ ॥ २१ ॥

અર્થ:—હવે ઉપકરણ બકુશ તથા શરીર બકુશના જે પાંચ ભેદ કહ્યા છે તેનું સ્વરૂપ કહે છે:—

(**आभोगे जाणंतो करेइ दोसं**) ૧ આભોગ બકુશ-અમુક કાર્ય કરતાં દોષ લાગે છે એમ જાણતો થકો જે દોષ કરે તે. (**अजाणमणभोगे**) ૨ અનાભોગ બકુશ-અજાણતો થકો જે દોષ કરે તે. (**मूलुत्तरेहिँ संवुड**) ૩ સંવૃત બકુશ-જેના પાંચ મહાવ્રતાદિ મૂળગુણ તથા પિંડવિશુદ્ધયાદિ ઉત્તરગુણના દોષ લોકમાં પ્રસિદ્ધ ન હોય તે. (**विवरीय असंवुडो होइ**) ૪ અસંવૃત બકુશ-સંવૃત બકુશથી ઊલટો એટલે જેના દોષો લોકમાં પ્રસિદ્ધ હોય તે. ૨૧.

---

૧ રસગારવ એવો પણ પાઠ છે.

अच्छिमुहमज्जमाणो, होइ अहासुहुमओ तहा बउसो ।
सीलं चरणं तं जस्स कुच्छियं सो इह कुसीलो ॥ २२ ॥

અર્થ:—હવે (**तहा**) તેમજ (**अच्छिमुहमज्जमाणो**) આંખ અને મુખને પ્રમાર્જતો-સાફ કરતો એટલે આંખ પ્રમુખનો મેલ દૂર કરે, મુખે ભીનો હાથ લગાડે તે (**अहासुहुमओ बउसो**) યથાસૂક્ષ્મ બકુશ (**होइ**) હોય છે.

એવી રીતે બીજા બકુશ નિર્ગ્રન્થના પાંચ ભેદ કહીને હવે ત્રીજા કુશીલ નિર્ગ્રન્થનું સ્વરૂપ કહે છે-(**सीलं चरणं तं जस्स**) જેનું શીલ અને ચારિત્ર (**कुच्छियं**) કુત્સિત-મલીન હોય (**सो इह कुसीलो**) તેને અહીં કુશીલ કહીએ. ૨૨.

पडिसेवणा कसाए, दुहा कुसीलो दुहावि पंचविहो ।
नाणे दंसण चरणे, तवे य अहासुहुमए चेव ॥ २३ ॥

અર્થ:—ત્રીજા કુશીલ નિર્ગ્રન્થ (**दुहा**) બે ભેદે છે. (**पडिसेवणा कसाए**) ૧ પ્રતિસેવના કુશીલ તે વિપરીત આરાધના-પ્રતિસેવના તેણે કરી કુશીલ અને ૨ કષાય કુશીલ તે સંજ્વલનકષાયના ઉદયાદિકથી કુશીલ તે કષાયકુશીલ (**दुहावि पंचविहो**) તે બંને કુશીલના પાંચ પાંચ પ્રકાર છે. (**नाणे दंसण चरणे**) ૧ જ્ઞાન કુશીલ, ૨ દર્શન કુશીલ, ૩ ચારિત્ર કુશીલ, (**तवे य अहासुहुमए चेव**) ૪ તપ-કુશીલ અને પાંચમો યથાસૂક્ષ્મ કુશીલ. ૨૩.

इह नाणाइकुसीलो, उवजीवं होइ नाणपभिईए ।
अहसुहुमो पुण तुस्सं, एस तवस्सि त्ति संसाए ॥ २४ ॥

અર્થ:—(**नाणपभिईए**) જ્ઞાનાદિ-જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપવડે (**उवजीवं होइ**) ઉપજીવિકા કરે (**इह नाणाइकुसीलो**) તે અહીં જ્ઞાનાદિ કુશીલ જાણવા. (**पुण एस तवस्सि त्ति संसाए**) વળી આ તપસ્વી છે એવી પ્રશંસા સાંભળીને (**तुस्सं**) સંતોષ પામે તે (**अहसुहुमो**) યથાસૂક્ષ્મ કુશીલ જાણવો. ૨૪.

વિવેચન:—૧ જ્ઞાન પ્રતિસેવના કુશીલ-જે વસ્ત્રાદિક લાભને અર્થે જ્ઞાનગુણ વાપરે-તેનો ઉપયોગ કરે તે.

૨ દર્શન પ્રતિસેવના કુશીલ-જે વસ્ત્રાદિક લાભને અર્થે સમ્યકત્વ ગુણ વાપરે તે.

૩ ચારિત્ર પ્રતિસેવના કુશીલ-જે વસ્ત્રાદિક લાભને અર્થે ચારિત્ર ક્રિયા કરે તે.

૪ તપ પ્રતિસેવના કુશીલ-જે વસ્ત્રાદિક લાભને અર્થે માસક્ષપણાદિ તપ કરે તે.

૫ યથાસૂક્ષ્મ પ્રતિસેવના કુશીલ–જે આ સાધુ તપસ્વી છે એવી પ્રશંસા સાંભળીને સંતોષ પામે–ખુશી થાય તે.

जो नाणदंसणतवे, अणुजुंजइ कोहमाणमायाहिं ।
सो नाणाइकुसीलो, कसायओ होइ नायव्वो ॥ २५ ॥

અર્થ:—(**जो नाणदंसणतवे**) જે જ્ઞાન, દર્શન, તપને (**कोहमाणमायाहिं**) ક્રોધ, માન, માયા સાથે (**अणुजुंजइ**) જોડે (**सो नाणाइकुसीलो कसायओ होइ**) તે જ્ઞાનાદિ કષાયકુશીલ હોય એમ (**नायव्वो**) જાણવું. ૨૫.

બીજા કષાયકુશીલના પાંચ પ્રકાર કહે છે:—

૧ જ્ઞાન કષાય કુશીલ—જે સંજ્વલન કષાયવંત પોતાના ક્રોધ માન માયાને વિષે જ્ઞાનને વાપરે તે. ૨ દર્શન કષાય કુશીલ—જે સંજ્વલન કષાયવંત પોતાના ક્રોધ માન માયાને વિષે દર્શનને વાપરે તે. ૩ તપ કષાય કુશીલ—જે સંજ્વલન કષાયવંત પોતાના ક્રોધ માન માયાને વિષે તપને વાપરે તે.

चारित्तंमि कुसीलो, कसायओ जो पयच्छइ सावं ।
मणसा कोहाईए, निसेवयं हो अहासुहुमो ॥ २६ ॥

અર્થ:—(**चारित्तंमि कुसीलो**) ૪ ચારિત્ર કષાય કુશીલ (**जो**) જે સાધુ (**कसायओ**) ક્રોધિત થયો થકો (**सावं पयच्छइ**) શ્રાપ આપે તે. (**अहासुहुमो**) ૫ યથાસૂક્ષ્મ કષાય કુશીલ (**मणसा कोहाईए**) જે મનથી કષાય (**निसेवयं**) સેવે પણ વચનાદિક વિષયમાં વિકાર કરે નહિ તે. (**हो**) હોય છે. ૨૬.

अहवाऽवि कसाएहिं, नाणाईणं विराहओ जो य ।
सो नाणाइकुसीलो, नेओ वक्खाणभेएण ॥ २७ ॥

અર્થ:—(**अहवाऽवि**) અથવા પણ (**जो य**) જે (**कसाएहिं**) કષાયોવડે (**नाणाईणं विराहओ**) જ્ઞાનાદિકનો વિરાધક (**सो नाणाइकुसीलो**) તે જ્ઞાનાદિ કુશીલ જાણવો. (**नेओ वक्खाणभेएहिं**) એમાં વ્યાખ્યાનભેદે જ ભેદ જાણવો. (એ વ્યાખ્યાનમાં પ્રકારમાત્રનો ભેદ છે, પણ પરમાર્થે ભેદ નથી) ૨૭.

अन्ने लिंगकुसीलं, तु तवकुसीलस्स ठाणए बिंति ।
निग्गंथो पुण गंथाओ मोहओ निग्गओ जो सो ॥ २८ ॥

અર્થ:—(**अन्ने**) અન્ય આચાર્યો (**तवकुसीलस्स ठाणए**) તપકુશીલના સ્થાનકે (**लिंगकुसीलं तु**) લિંગકુશીલ (**बिंति**) કહે છે. (**पुण**) હવે નિર્ગ્રન્થના ચોથા ભેદ નિર્ગ્રન્થનો અર્થ કહે છે. (**जो मोहओ**) જે મોહરૂપ (**गंथाओ**) ગ્રંથથી એટલે બન્ધનથી (**निग्गओ**) નીકળ્યા (**सो**) તેને (**निग्गंथो**) નિર્ગ્રન્થ કહીએ. ૨૮.

उवसामओ य खवओ, दुहा नियंठो दुहावि पंचविहो ।
पढमसमओ अपढमो, चरमोऽचरमो अहासुहुमो ॥ २९ ॥

અર્થ:—(**उवसामओ य खवओ**) ઉપશામક અને ક્ષપક એમ (**दुहा नियंठो**) બે પ્રકારે નિર્ગ્રન્થ જાણવા. (**दुहावि पंचविहो**) તે બંનેના પાંચ પાંચ પ્રકાર છે:— (**पढमसमओ**) ૧ પ્રથમ સમયના, (**अपढमो**) ૨ અપ્રથમસમયના, (**चरमोऽचरमो**) ૩ ચરમ સમયના, ૪ અચરમ સમયના અને (**अहासुहुमो**) ૫ યથાસૂક્ષ્મ. ૨૯.

વિવેચન:—નિર્ગ્રન્થના ચોથા ભેદ નિર્ગ્રન્થના બે પ્રકાર છે:—

૧ ઉપશામક નિર્ગ્રન્થ—જે મોહનીય કર્મનો ઉપશમાવનાર હોય તે.
૨ ક્ષપક નિર્ગ્રન્થ—જે મોહનીય કર્મનો ક્ષય કરનાર હોય તે.

આ બંનેના પાંચ પાંચ પ્રકાર છે તે નીચે પ્રમાણે:—

अंतमुहुत्तपमाणयनिग्गंथद्धाइ पढमसमयंमि ।
पढमसमए नियंठो, अन्नेसु अपढमसमओ सो ॥ ३० ॥

અર્થ:—(**अंतमुहुत्तपमाणय**) અન્તર્મુહૂર્ત પ્રમાણના (**निग्गंथद्धाइ**) નિર્ગ્રન્થના કાળના (**पढमसमयंमि**) પ્રથમ સમયે વર્તતો તે (**पढमसमए नियंठो**) પ્રથમ સમય નિર્ગ્રન્થ. (**अन्नेसु**) અન્ય (સમયો) માં વર્તતો તે (**अपढमसमओ सो**) અપ્રથમ સમય નિર્ગ્રન્થ જાણવો. ૩૦.

વિવેચન:—મોહનીયકર્મને ઉપશમાવનાર ઉપશમશ્રેણિ માંડે છે, એટલે મોહનીય કર્મને ઉપશમાવતો સાધુ મોહનીયકર્મની પ્રકૃતિના રસોદય તથા પ્રદેશોદયને શાંત કરે છે. તે ઉપશામક નિર્ગ્રંથ અગિયારમે ગુણઠાણે વર્તતા જાણવા. તેને મોહનીયકર્મની પ્રકૃતિનાં દલિયાં સત્તામાં રહે છે અને ક્ષપકશ્રેણિ કરનાર સાધુ મોહનીયકર્મનાં દલિયાંનો સર્વથા નાશ કરે છે એટલે તેને સત્તામાં તે દલિયાં હોતાં નથી. આ ક્ષપક નિર્ગ્રન્થ બારમે ગુણઠાણે જાણવા. આ બંને નિર્ગ્રન્થનો કાળ અન્તર્મુહૂર્તનો છે. હવે તેના પાંચ પાંચ પ્રકાર કહે છે.

૧ ઉપશાંત અદ્ધાના પ્રથમ સમયે વર્તતા સાધુ તે પ્રથમ સમય ઉપશામક નિર્ગ્રન્થ.

૨ ઉપશાંત અદ્ધાના પ્રથમ સિવાયના અન્ય સમયોમાં વર્તતા સાધુ તે અપ્રથમ સમય ઉપશામક નિર્ગ્રન્થ.

૧ ક્ષપક અદ્ધાના પ્રથમ સમયે વર્તતા સાધુ તે પ્રમથ સમય ક્ષપક નિર્ગ્રંથ.

૨ ક્ષપક અદ્ધાના પ્રથમ સમય સિવાયના અન્ય સમયોમાં વર્તતા સાધુ તે અપ્રથમ સમય ક્ષપક નિર્ગ્રંથ. ૩૦.

एमेव तयद्धाए, चरमे समयंमि चरमसमओ सो ।
सेसेसु पुण अचरमो, सामन्नेणं तु अहसुहुमो ॥ ३१ ॥

અર્થ:—(**एमेव तयद्धाए**) એ જ પ્રમાણે તેના કાળમાં (**चरमे समयंमि**) ચરમ સમયે વર્તતો (**चरमसमओ सो**) તે ચરમ સમય નિર્ગ્રંથ (**सेसेसु पुण**) અને બાકીના સમયમાં વર્તતો (**अचरमो**) અચરમ સમય નિર્ગ્રંથ જાણવો તથા (**सामन्नेणं तु अहसुहुमो**) સામાન્યપણે તેમાં વર્તતાને યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ જાણવો. ૩૧.

વિવેચનઃ—હવે નિર્ગ્રંથના પાંચ પ્રકારમાંહેલા છેલ્લા ત્રણ પ્રકાર કહે છે:—

૩ ઉપશમ અદ્ધાના ચરમ (છેલ્લા) સમયે વર્તતા તે ચરમ સમય ઉપશામક નિર્ગ્રંથ.

૪ ઉપશમ અદ્ધાના અચરમ સમયે (છેલ્લા સિવાયના અન્ય સમયોમાં) વર્તતા તે અચરમ સમય ઉપશામક નિર્ગ્રંથ.

૫ ઉપશમ અદ્ધાના સર્વ સમયમાં સામાન્યપણે (વિશેષ વિવક્ષા વિના) વર્તતા તે યથાસૂક્ષ્મ ઉપશામક નિર્ગ્રંથ.

૩ ક્ષપક અદ્ધાના ચરમ સમયે વર્તતા તે ચરમ સમય ક્ષપક નિર્ગ્રંથ.

૪ ક્ષપક અદ્ધાના અચરમ સમયોમાં વર્તતા તે અચરમ ક્ષપક નિર્ગ્રંથ.

૫ ક્ષપક અદ્ધાના સર્વ સમયોમાં (વિશેષ વિવક્ષા વિના) વર્તતા તે યથાસૂક્ષ્મ ક્ષપક નિર્ગ્રંથ.

હવે નિર્ગ્રંથના પાંચમા ભેદ સ્નાતકનો અર્થ અને ભેદ કહે છે:—

सुहझाणजलविसुद्धो, कम्ममलाविक्खया सिणाओ त्ति ।
दुविहो य सो सजोगी, तहा अजोगी विणिद्दिट्ठो ॥ ३२ ॥

અર્થ:—(**कम्ममलाविक्खया**) ઘાતીકર્મરૂપી મળને ધોવાની અપેક્ષાએ (**सुहझाणजल**) શુક્લધ્યાનરૂપી પાણીવડે (**विसुद्धो**) વિશુદ્ધ થયેલા તે (**सिणाओ त्ति**) સ્નાતક કહેવાય છે (**सो**) તે (**दुविहो**) બે પ્રકારે છે. (**सजोगी**) ૧ સયોગી સ્નાતક તે તેરમે ગુણઠાણે વર્તતા (**तहा अजोगी विणिद्दिट्ठो**) તથા ૨ અયોગી સ્નાતક તે ચૌદમે ગુણઠાણે વર્તતા જાણવા. ૩૨.

सो पुण पंचविअप्पो, अच्छविओ असबलो अकम्मंसो ।
अप्परिसावी संसुद्धनाणदंसणधरो तह य ॥ ३३ ॥

અર્થ:—(**सो पुण**) વળી તે સયોગી સ્નાતક (**पंचविअप्पो**) પાંચ પ્રકારે જાણવો. (**अच्छविओ**) ૧ અચ્છવી સ્નાતક, (**असबलो**) ૨ અશબલ સ્નાતક, (**अकम्मंसो**) ૩ અકર્માંશ સ્નાતક, (**अप्परिसावी**) ૪ અપરિશ્રાવી સ્નાતક, (**संसुद्धनाणदंसणधरो तह य**) તેમજ ૫ સંશુદ્ધ જ્ઞાનદર્શનધર સ્નાતક ૩૩.

भणणइ छवी सरीरं, जोगनिरोहेण तस्स य अभावे ।
अछवि त्ति होइ अहवा, खेअअभावेण अच्छविओ ॥ ३४ ॥

અર્થ:—હવે અચ્છવી સ્નાતકનો અર્થ કહે છે:—(**भणणइ छवी सरीरं**) છવી એટલે શરીર કહેવાય છે (**तस्स य जोगनिरोहेण**) તે શરીરનો યોગ નિરોધ કરવાવડે (**अभावे**) અભાવ માન્યે સતે (**अछवि त्ति होइ**) અછવી સ્નાતક હોય (**अहवा**) અથવા (**खेअअभावेण**) ખેદ સહિત જીવવ્યાપાર તે જેને **નથી** તેને પ્રાકૃત ભાષાએ (**अच्छविओ**) અચ્છવી કહીએ. અથવા ઘાતીકર્મનો ક્ષય કરેલો હોવાથી ફરીને તેનો ક્ષય કરવો નથી માટે અક્ષપી એટલે અચ્છવી કહીએ. ૩૪.

अस्सबलोऽणइयारो, निट्ठियकम्मो य हो अकम्मंसो ।
निस्सेसजोगरोहे, अपरिस्सावी अकिरियत्ता ॥ ३५ ॥

અર્થ:—(**अस्सबलोऽणइयारो**) અતિચાર રહિત તે અશબલ, (**निट्ठियकम्मो य हो अकम्मंसो**) નિષ્ટિતકર્માંશ તે અકર્માંશ હોય (**य**) વળી (**निस्सेसजोगरोहे**) સમસ્ત જોગ રુંધ્યે થકે (**अकिरियत्ता**) અક્રિયપણાવડે (**अपरिस्सावी**) અપરિશ્રાવી હોય. ૩૫.

વિવેચન:—સ્નાતકના પહેલા ભેદ અચ્છવીનો અર્થ ઉપરની ગાથામાં કહ્યો છે.

હવે બીજા ભેદોના અર્થ કહે છે:—

૨ અશબલ સ્નાતક—અતિચારરૂપ મેલ જેને વિષે ન હોય તે.

૩ અકર્માંશ સ્નાતક—કર્માંશ કહેતાં ઘાતીકર્મ જેના સર્વથા નાશ પામ્યા છે તે.

૪ અપરિશ્રાવી સ્નાતક—મન વચન કાયાનાં સમસ્ત યોગ રુંધ્યે થકે અક્રિયપણું—કર્મબંધ રહિતપણું જેને પ્રાપ્ત થયું હોય તે.

असहाय असाहारण, अनंतनाणाइधरणओ होइ ।
संसुद्धनाणदंसणधरो सिणाओऽत्थ पंचविहो ॥ ३६ ॥ दारं १

અર્થ:—(**असहाय**) હવે સ્નાતકનો પાંચમો ભેદ કહે છે. જે અસહાય એટલે સહાય રહિત કારણ કે કેવળજ્ઞાન થાય ત્યારે મત્યાદિક ચાર જ્ઞાન નહિ હોવાથી તથા કેવળદર્શન થાય ત્યારે બાકીના ત્રણ દર્શનનો અભાવ હોવાથી અસહાય કહીએ. (**असाहारण**) તેમ જ જેના સરખું બીજું કોઇ ન હોય તેને અસાધારણ કહીએ. (**अनंतनाणाइधरणओ होइ**) આવા પ્રકારના અનંત જ્ઞાન અને દર્શનને ધરનાર તે સ્નાતકનો પાંચમો ભેદ (**संसुद्धनाणदंसणधरो**) સંશુદ્ધ જ્ઞાનદર્શનધર કહીએ. (**सिणाओऽत्थ पंचविहो**) એવી રીતે સ્નાતકના પાંચ ભેદ સમજવા. ૩૬.

એવી રીતે પહેલું પ્રજ્ઞાપના દ્વાર કહ્યું. હવે બીજું વેદદ્વાર કહે છેઃ—

थीवज्जो उ पुलाओ, बउस्सपडिसेवगा तिवेयाऽवि ।
सकसाओ य तिवेओ, उवसंतखीणवेओ वा ॥ ३७ ॥
उवसंतखीणवेओ, निग्गंथो ण्हायओ खवियवेओ । दारं २ ॥
एवं चिय रागंमि वि, आइमचउरो सराग त्ति ॥३८॥ दारं ३॥

અર્થ:—હવે પાંચ નિર્ગ્રન્થને વિષે બીજું વેદ દ્વાર કહે છેઃ—(**थीवज्जो उ पुलाओ**) પુલાક નિર્ગ્રન્થને સ્રીવેદ વિના બાકીના બે વેદ પુરુષવેદ અને કૃત્રિમ નપુંસકવેદ હોય, કારણ કે સ્રીને પુલાક લબ્ધિ હોતી નથી. (**बउस्सपडिसेवगा तिवेयाऽवि**) બકુશ નિર્ગ્રંથ તથા પ્રતિસેવાકુશીલ એ બે નિર્ગ્રંથને ત્રણે વેદ હોય. (પુલાક, બકુશ, પ્રતિસેવાકુશીલને ઉપશમશ્રેણી ને ક્ષપકશ્રેણીનો અભાવ છે.) (**सकसाओ य तिवेओ**) કષાય કુશીલ છઠ્ઠે, સાતમે, આઠમે એ ત્રણે ગુણઠાણે વર્તતા ત્રણે વેદી હોય, અનિવૃત્તિબાદર અને સૂક્ષ્મસંપરાય ગુણઠાણે (**उवसंतं**) ઉપશમશ્રેણીવાળા (**उवसंत**) ઉપશાંતવેદી હોય, અને (**खीणवेओ वा**) ક્ષપકશ્રેણીવાળા ક્ષીણવેદી હોય અર્થાત્ (**निग्गंथो**) ચોથા નિર્ગ્રંથ (**उवसंत खीणवेओ**) ઉપશાંતવેદી તેમજ ક્ષીણવેદી હોય. અગિયારમે ગુણઠાણે વર્તતા ઉપશાંતવેદી હોય, બારમે ગુણઠાણે વર્તતા ક્ષીણવેદી હોય, તેમને ક્ષપકશ્રેણી ને ઉપશમશ્રેણીનો સદ્ભાવ છે. (**ण्हायओ खवियवेओ**) સ્નાતક ક્ષપકવેદી જ હોય, તેરમે, ચૌદમે ગુણઠાણે વેદનો અભાવ હોવાથી.

હવે ત્રીજું રાગદ્વાર કહે છેઃ—(**एवं चिय रागंमि वि**) એ જ પ્રમાણે રાગદ્વાર જાણવું. (**आइमचउरो**) એટલે પ્રથમના [1]ચાર (**सराग त्ति**) સરાગી જાણવા.

[1] કુશીલના બે ભેદ ગણવાથી ચાર સમજવા.

નિર્ગ્રંથ ઉપશાંતરાગી અથવા ક્ષીણરાગી હોય અને સ્નાતક તો ક્ષીણરાગી જ હોય. ૩૭–૩૮.

હવે ચોથું કલ્પદ્વાર કહે છે:—

पढमो य थेरकप्पो, कप्पाईया नियंठगसिणाया ।
सकसाओ तिविहोऽवि य, सेसा जिणथेरकप्पंमि ॥३९॥ दारं ४

અર્થ:—(**पढमो य थेरकप्पो**) પહેલો પુલાક નિર્ગ્રંથ સ્થવિરકલ્પી જ હોય, (**कप्पाईया नियंठगसिणाया**) નિર્ગ્રંથ તથા સ્નાતક કલ્પાતીત હોય કારણ કે તેમને સ્થવિરકલ્પાદિક સમાચારી નથી. (**सकसाओ तिविहोऽवि य**) કષાય કુશીલ ત્રણે પ્રકારે હોય. એટલે સ્થવિરકલ્પી હોય, જિનકલ્પી હોય તથા કલ્પાતીત એટલે કલ્પ રહિત પણ હોય, કારણ કે છદ્મસ્થ સકષાય તીર્થંકર કલ્પાતીત હોય. (**सेसा जिणथेरकप्पंमि**) બાકી રહેલા બકુશ તથા પ્રતિસેવા કુશીલ તે સ્થવિરકલ્પે તેમજ જિનકલ્પે હોય. ૩૯.

હવે પાંચમું સંયમ દ્વાર કહે છે:—

आइमसंजमजुयले, तिन्नि उ पढमा कसायवं चउसु ।
निग्गंथसिणाया पुण, अहखाए संजमे हुंति ॥ ४० ॥ दारं ५

અર્થ:—(**आइमसंजमजुयले**) પ્રથમનું સંજમજુગલ તે સામાયિક ચારિત્ર તથા છેદોપસ્થાપનીય ચારિત્ર એ બે ચારિત્રે (**तिन्नि उ पढमा**) પ્રથમના ત્રણ નિર્ગ્રંથ પુલાક, બકુશ તથા પ્રતિસેવા કુશીલ હોય. (**कसायवं चउसु**) કષાય કુશીલ યથાખ્યાત વર્જીને બાકીના ચાર ચારિત્રે હોય. (**निग्गंथसिणाया पुण**) તથા વળી નિર્ગ્રંથ ને સ્નાતક (**अहखाए संजमे हुंति**) યથાખ્યાત ચારિત્રે જ હોય, કારણ કે તે બે અનુક્રમે ૧૧ મે, ૧૨ મે અને ૧૩ મે, ૧૪ મે ગુણઠાણે હોય છે. ત્યાં છેલ્લું યથાખ્યાત ચારિત્ર જ હોય. એવી રીતે પાંચમું સંજમદ્વાર કહ્યું ૪૦.

હવે છઠ્ઠું પ્રતિસેવના દ્વાર કહે છે:—

मूलुत्तरगुणविसया–पडिसेवासेवए पुलाए य ।
उत्तरगुणेसु बउसो, सेसा पडिसेवणारहिया ॥ ४१ ॥ दारं ६

અર્થ:—(**पुलाए य**) પુલાક તથા પ્રતિસેવના કુશીલ એ બે (**मूलगुण**) પ્રાણાતિપાતવિરમણાદિ મૂળગુણ (**उत्तरगुण विसया**) અને દશવિધ પ્રત્યાખ્યાન આદિ

ઉત્તરગુણ વિષયવાળી (**पडिसेवा सेवए**) પ્રતિકૂળ સેવાને સેવનારા હોય છે. (**बउसो उत्तरगुणेसु**) બકુશને ઉત્તરગુણની જ પ્રતિસેવના હોય છે. તે મૂળગુણને પ્રતિસેવે ત્યારે પ્રતિસેવના કુશીલ થાય. (**सेसा पडिसेवणारहिया**) બાકી રહેલા ૧ કષાય કુશીલ, ૨ નિર્ગ્રન્થ અને ૩ સ્નાતક એ ત્રણ પ્રતિસેવના રહિત હોય છે. ૪૧.

હવે સાતમું જ્ઞાનદ્વાર કહે છે:--

बउसासेविपुलाया, आइमनाणेसु दोसु तिसु वावि ।
ण्हाओ केवलनाणे, सेसा पुण चउसु भयणाए ॥ ४२ ॥

અર્થ:--(**बउसासेविपुलाया**) બકુશ નિર્ગ્રંથ, પ્રતિસેવા કુશીલ અને પુલાક નિર્ગ્રંથ એ ત્રણ નિર્ગ્રંથને (**आइमनाणेसु दोसु**) પ્રથમના બે એટલે મતિ અને શ્રુતજ્ઞાન હોય (**तिसु वावि**) અથવા પ્રથમના ત્રણ એટલે મતિ, શ્રુત અને અવધિજ્ઞાન હોય, (**ण्हाओ केवलनाणे**) સ્નાતક કેવલજ્ઞાને હોય, કારણ કે છેલ્લા બે ગુણઠાણે કેવળજ્ઞાન જ હોય (**सेसा पुण चउसु भयणाए**) બાકીના નિર્ગ્રંથોને ચાર જ્ઞાન ભજનાએ હોય. કષાયકુશીલ અને નિર્ગ્રંથ એ બે નિર્ગ્રંથોને મતિ અને શ્રુત-એ બે હોય, અથવા મતિ, શ્રુત, અવધિ એ ત્રણ હોય અથવા મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાન હોય. ૪૨.

पढमस्स जहण्णेणं, होइ सुयं जाव नवमपुव्वस्स ।
आयारतइयवत्थुं, उक्कोसेणं तु नवपुव्वा ॥ ४३ ॥

અર્થ:--હવે શ્રુતજ્ઞાન કેટલું હોય તે કહે છે:—(**पढमस्स जहण्णेणं**) પહેલા પુલાક નિર્ગ્રંથને જઘન્યથી (**होइ सुयं जाव नवमपुव्वस्स**) ઓછામાં ઓછું શ્રુત હોય તો નવમા પૂર્વના (**आयारतइयवत्थुं**) આચાર નામે ત્રીજા વસ્તુ સુધીનું હોય. (પૂર્વાન્તર્ગત અધિકાર વિશેષને વસ્તુ કહે છે.) (**उक्कोसेणं तु नवपुव्वा**) ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) સંપૂર્ણ નવ પૂર્વનું હોય. ૪૩.

बउसकुसीलनियंठाणं, पवयणमायरो जहन्नसुयं ।
बउसपडिसेवगाणं, पुव्वाइँ दसेव उक्कोसं ॥ ४४ ॥

અર્થ:--(**बउसकुसीलनियंठाणं**) બકુશ, પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ નિર્ગ્રંથને (**जहन्नसुयं**) જઘન્યશ્રુત (**पवयणमायरो**) આઠ પ્રવચન માતાનું (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું) હોય અને (**बउसपडिसेवगाणं**) બકુશ તથા પ્રતિસેવા કુશીલને (**उक्कोसं**) ઉત્કૃષ્ટથી (**पुव्वाइ दसेव**) દશ પૂર્વ જેટલું શ્રુત હોય. ૪૪.

निग्गंथकसाईणं, चउदस उ सिणायओ सुयाईओ । दारं ७
आइतियं तित्थंमि उ, तित्थातित्थेसु अंततियं ॥४५॥ दारं ८

અર્થ:--હવે નિર્ગ્રંથના ચોથા ભેદ (**निग्गन्थ कसाईणं**) નિર્ગ્રંથને તથા કષાય કુશીલ નિર્ગ્રંથને ઉત્કૃષ્ટથી (**चउदस उ**) ચૌદપૂર્વનું શ્રુતજ્ઞાન હોય. (**सिणायओ सुयाईओ**) સ્નાતક શ્રુતાતીત હોય કારણ કે તેરમે, ચૌદમે ગુણઠાણે કેવળજ્ઞાન હોય અને છાદ્મસ્થિક (એટલે પહેલાં ચાર) જ્ઞાન ટળે ત્યારે જ કેવલી થાય.

હવે આઠમું તીર્થદ્વાર કહે છે:--(**आइतियं तित्थंमि उ**) પ્રથમના ત્રણ નિર્ગ્રંથ એટલે ૧ પુલાક, ૨ બકુશ અને ૩ પ્રતિસેવા કુશીલ એ તીર્થમાંજ હોય. (**अंततियं**) છેલ્લા ત્રણ કષાય કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક (**तित्थातित्थेसु**) તીર્થે હોય અને અતીર્થે પણ હોય. અતીર્થે તીર્થંકર તથા પ્રત્યેકબુદ્ધ જ હોય, એ બે વિના બીજા તીર્થે જ હોય. ૪૫.

હવે નવમું લિંગદ્વાર કહે છે:--

नियलिंगे परलिंगे, गिहिलिंगे वावि दव्वओ हुज्जा ।
नियलिंगि च्चिय भावेण, हुज्ज सव्वे पुलागाई ॥ ४६ ॥ दारं ९

અર્થ:--(**नियलिंगे**) પુલાકાદિ પાંચે નિર્ગ્રંથો સ્વલિંગે એટલે સાધુવેષે, (**परलिंगे**) અન્યલિંગે એટલે અન્ય તીર્થીને વેષે તથા (**गिहिलिंगे वावि**) ગૃહસ્થલિંગે એ ત્રણે લિંગે (**दव्वओ हुज्जा**) દ્રવ્યથી હોય. (**नियलिंगि च्चिय भावेण**) અને ભાવથી સ્વલિંગે જ (**हुज्ज सव्वे पुलागाई**) એ પાંચે પુલાકાદિ નિર્ગ્રંથો હોય. એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ નિજલિંગે જ હોય. ૪૬.

હવે દશમું શરીરદ્વાર કહે છે:--

ण्हायनियंठपुलाया, ओरालियतेयकम्मणसरीरा ।
बउसासेवि विउव्वा वि, कसायाहारगतणू वि ॥४७॥ दारं १०

અર્થ:--(**ण्हायनियंठपुलाया**) સ્નાતક નિર્ગ્રંથ, નિર્ગ્રંથ નિર્ગ્રંથ અને પુલાક નિર્ગ્રંથ એ ત્રણ નિર્ગ્રંથને (**ओरालियतेयकम्मणसरीरा**) ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર હોય. (**बउसासेवि विउव्वा वि**) બકુશ અને પ્રતિસેવા કુશીલને વૈક્રિય સહિત ચાર શરીર પણ હોય. (**कसायाहारगतणू वि**) કષાયકુશીલને આહારક શરીર સહિત પાંચ શરીર પણ હોય. ૪૭.

હવે અગિયારમું ક્ષેત્રદ્વાર કહે છેઃ--

कम्मधराइ पुलाओ, सेसा जम्मेण कम्मभूमीसु ।
संहरणेणं पुण ते, अकम्मभूमीसु वि हविज्जा ॥४८॥ दारं ११

અર્થ:—(**कम्मधराइ पुलाओ**) પુલાક નિર્ગ્રંથ કર્મભૂમિને વિષે ઉત્પન્ન થાય છે અને ત્યાં જ વિહાર કરે છે (વિચરે છે) પણ અકર્મભૂમિમાં ઉત્પન્ન થતા નથી, કેમકે અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલાને ચારિત્ર હોય જ નહીં. તથા પુલાકનિર્ગ્રંથનું કોઇ દેવાદિક સંહરણ પણ કરી શકતા નથી, તેથી તેઓનો અકર્મભૂમિમાં વિહાર પણ થતો નથી. (**सेसा जम्मेण कम्मभूमीसु**) બાકીના સર્વે એટલે બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક જન્મથી કર્મભૂમિમાં હોય (**संहरणेणं पुण ते**) પરંતુ દેવાદિકના સંહરણથી (**अकम्मभूमीसु वि हविज्जा**) અકર્મભૂમિમાં પણ હોય-વિચરે. ત્યાં સંહરણ કર્યા પછી બકુશ તથા કુશીલને નિર્ગ્રંથ અને સ્નાતકપણું પ્રાપ્ત થાય એમ સમજવું. ૪૮.

હવે બારમું કાળદ્વાર કહે છેઃ—

तइयचउत्थसमासुं, जम्मेणोसप्पिणीइ उ पुलाओ ।
संतइभावेणं पुण, तइयचउपंचमासु सिया ॥ ४९ ॥

અર્થ:—(**पुलाओ**) પુલાક નિર્ગ્રંથનો (**ओसप्पिणीइ उ**) અવસર્પિણીમાં (**जम्मेण**) જન્મ (**तइयचउत्थसमासुं**) ત્રીજા અને ચોથા આરામાં હોય. (**संतइ भावेणं पुण**) પણ સત્તાની અપેક્ષાએ-હોવાપણારૂપે (**तइयचउपंचमासु सिया**) ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં પણ હોય. ચોથા આરામાં જન્મ્યા હોય તે પાંચમા આરામાં પુલાકપણું પામે, પણ પાંચમા આરામાં જન્મેલા પુલાકપણું પામે નહીં. ૪૯.

उस्सप्पिणीइ बीयतइयचउत्थासु हुज्ज जम्मणओ ।
संतइभावेणं पुण, तइयचउत्थासु सो हुज्जा ॥ ५० ॥

અર્થ:—(**उस्सप्पिणीइ**) ઉત્સર્પિણી કાળના (**बीयतइयचउत्थासु**) બીજા, ત્રીજા અને ચોથા આરામાં (**हुज्ज जम्मणओ**) પુલાક નિર્ગ્રંથનો જન્મ હોય, એટલે એ ત્રણ આરામાં જન્મેલા પુલાકપણું પામે, તથા (**संतइभावेणं पुण**) સત્તાભાવે એટલે પુલાકપણે વર્તતા તો (**तइयचउत्थासु सो हुज्जा**) ત્રીજા અને ચોથા આરામાં જ હોય. તે બે આરામાં જ ચારિત્ર લઇ શકાય છે. બીજા આરામાં જન્મેલા તે ત્રીજા આરામાં પુલાકપણું પામે. ૫૦.

ओसप्पिणीउसप्पिणीवइरित्ते जम्मणेण संतीए।
हुज्ज चउत्थे काले पुलायसमणो तहन्नेऽवि ॥ ५१ ॥

અર્થઃ—(**ओसप्पिणीउसप्पिणीवइरित्ते**) ઉત્સર્પિણી અને અવસર્પિણીથી રહિત એવા મહાવિદેહ ક્ષેત્રમાં (**चउत्थे काले**) ચોથા આરા સમાન કાળમાં (**जम्मणेण संतीए**) જન્મથી અને સત્તાથી (**पुलायसमणो तहन्नेऽवि**) પુલાક નિર્ગ્રંથ અને બીજા નિર્ગ્રંથો પણ (**हुज्ज**) હોય છે. ૫૧.

बउसकुसीला ओसप्पिणीइ संतीए जम्मणेणं च।
तिचउत्थपंचमासुं, समासु ओसप्पिणीइ पुणो ॥ ५२ ॥
बीअतिअचउत्थियासुं, जम्मणओ संतओ तितुरियासु।
निग्गंथाण सिणायाणं, जम्मणसंती जह पुलाए ॥ ५३ ॥

અર્થઃ—(**बउसकुसीला**) બકુશ તથા કુશીલ એ બે નિર્ગ્રંથ (**ओसप्पिणीइ**) અવસર્પિણીના (**तिचउत्थपंचमासुं समासु**) ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં (**संतीए जम्मणेणं च**)સત્તા અને જન્મથી હોય. (**ओसप्पिणीइ पुणो**) વળી ઉત્સર્પિણીને વિષે (**जम्मणओ**) જન્મથી (**बीअतियचउत्थियासुं**) બીજા, ત્રીજા અને ચોથા આરામાં હોય (**संतओ**) તથા સત્તાથી એટલે તે રૂપે વર્તતા તો (**तितुरियासु**) ત્રીજા અને ચોથા આરામાં જ હોય. (**निग्गंथाण सिणायाणं**) નિર્ગ્રંથ અને સ્નાતકને (**जम्मणसंति**) જન્મથી અને સત્તાથી (**जह पुलाए**) જેમ પુલાકને કહ્યું છે તે પ્રમાણે જાણવું. ૫૩.

संहरणेणं सव्वेऽवि, हुंति सव्वेसु चेव कालेसु।
मुत्तु पुलायं समणं, एवं कालु त्ति विक्खायं ॥५४॥ दारं १२

અર્થઃ—(**मुत्तु पुलायं समणं**) પુલાક નિર્ગ્રંથને મૂકીને (**सव्वेऽवि**) બાકીના સર્વ નિર્ગ્રંથો (**संहरणेणं**) સંહરણથી (**सव्वेसु चेव कालेसु**) સર્વ કાળમાં નિશ્ચે (**हुंति**) હોય. (મહાવિદેહમાં તેઓની સત્તા હંમેશા હોવાથી.) પુલાકનું સંહરણ પૂર્વે કહેલી યુક્તિથી હોતું નથી. તથા નિર્ગ્રંથ અને સ્નાતકપણું પૂર્વે સંહરણ કર્યા પછી પ્રાપ્ત થાય છે એમ જાણવું, કારણ કે અપગતવેદીનું તો સંહરણ થતું નથી. કહ્યું છે કેઃ—

समणीमवगयवेयं, परिहारपुलायमप्पमत्तं च।
चउदसपुव्विं आहारगं च न य कोइ संहरइ ॥

અર્થ—સાધ્વી, વેદ રહિત, પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા, પુલાક એવા અપ્રમત્ત મુનિ, ચૌદપૂર્વી અને આહારકલબ્ધિવાળા–આટલાનું સંહરણ થતું નથી.

(**एवं कालु त्ति विक्खायं**) એ પ્રમાણે કાળદ્વાર કહ્યું. ૫૪.

હવે તેરમું ગતિ દ્વાર કહે છેઃ—

अंतिमदुयवज्जाणं, उववाओ जहन्नओ उ सोहम्मे ।
उक्कोसेणं सो पुण, होइ पुलायस्स सहसारे ॥ ५५ ॥

અર્થઃ--(**अंतिमदुयवज्जाणं**) નિર્ગ્રન્થ અને સ્નાતક એ બે નિર્ગ્રન્થને વર્જીને બાકીના પુલાક, બકુશ અને કુશીલ એ ત્રણ નિર્ગ્રન્થનો (**उववाओ जहन्नओ उ सोहम्मे**) ઉપપાત–ઉપજવું જઘન્યથી સૌધર્મ દેવલોકમાં થાય. (**पुण**) અને (**पुलायस्स**) પુલાકનું (**उक्कोसेणं**) ઉત્કૃષ્ટથી (**सो होइ सहसारे**) સહસ્રાર દેવલોકમાં ઉપજવું થાય. ૫૫.

बउसपडिसेवयाणं, तु अच्चुएऽणुत्तरेसु सकसाए ।
अजहण्णाणुक्कोसेणणुत्तरेसुं नियंठस्स ॥ ५६ ॥

અર્થઃ--(**बउसपडिसेवयाणं तु**) બકુશ અને પ્રતિસેવાકુશીલનું (**अच्चुए**) ઉત્કૃષ્ટથી અચ્યુત દેવલોકમાં ઉપજવું થાય. (**अणुत्तरेसु सकसाए**) કષાયકુશીલનું ઉત્કૃષ્ટથી અનુત્તર વિમાનમાં ઉપજવું થાય. (**नियंठस्स**) નિર્ગ્રન્થનું (**अजहण्णाणुक्कोसेण**) અજઘન્ય અને અનુત્કૃષ્ટથી (**अणुत्तरेसुं**) અનુત્તરે જ ઉપજવું થાય. ૫૬.

सिद्धीइ ण्हायगस्स उ, एए अविराहगा पुण हविज्जा ।
इंदा सामाणिय तायतीसया लोगपाला वा ॥ ५७ ॥

અર્થઃ—(**सिद्धीइ ण्हायगस्स उ**) સ્નાતક નિર્ગ્રંથનું મોક્ષે જ ગમન થાય, કારણ કે તેરમે ચૌદમે ગુણઠાણે સ્નાતક હોય અને તે ગુણઠાણે વર્તતા કેવળી તો અવશ્ય મોક્ષે જ જાય. (**एए**) નિર્ગ્રંથ ને સ્નાતક સિવાયના બાકીના આ ત્રણ નિર્ગ્રંથો (**अविराहगा पुण**) અવિરાધક થકા (**इंदा सामाणिय**) ઇંદ્ર, સામાનિક દેવ, (**तायतीसया लोगपाला वा**) ત્રાયસ્ત્રિંશ દેવ અથવા લોકપાલ (**हविज्जा**) થાય. (વિરાધકનું ભુવનપત્યાદિકને વિષે ઉપજવું થાય.) ૫૭.

पलियपुहुत्तं थोवा, देवठिई अंतदुअविवज्जाणं ।
उक्कोसा सव्वेसिं, जा जंमि उ होइ सुरलोए ॥५८॥ दारं १३

અર્થ:—(**अंतदुअविवज्जाणं**) નિર્ગ્રન્થ તથા સ્નાતક એ બે વર્જીને બાકીના ત્રણ પુલાક, બકુશ તથા કુશીલ (**देवठिई**) દેવલોકમાં ઉપજે ત્યાં તેની સ્થિતિ (**थोवा**) સ્તોક જઘન્ય (**पलियपुहुत्तं**) પલ્યોપમ પૃથક્ત્વ એટલે બેથી નવ પલ્યોપમની હોય અને ઉત્કૃષ્ટથી (**जा जंमिउ सुरलोए**) જે દેવલોકમાં જેટલી (**उक्कोसा**) ઉત્કૃષ્ટ સ્થિતિ (**होइ**) હોય તેટલી (**सव्वेसिं**) તે સર્વની હોય. ૫૮.

હવે ચૌદમું સંયમસ્થાન દ્વાર કહે છેઃ—

पत्तेअमसंखिज्जा, संजमठाणा हवंति हु चउण्हं ।
निग्गंथसिणायाणं, इक्कं चिय संजमट्ठाणं ॥ ५९ ॥

અર્થ:—(**चउण्हं**) પુલાક, બકુશ, પ્રતિસેવાકુશીલ અને કષાયકુશીલ એ ચારના (**पत्तेअमसंखिज्जा**) પ્રત્યેકના અસંખ્યાતા (**संजमठाणा हवंति**) સંયમ-સ્થાન હોય, કારણ કે ચારિત્રમોહનીયના ક્ષયોપશમનું વિચિત્રપણું છે. સંયમસ્થાન તે અધ્યવસાયની વિશુદ્ધિરૂપ સ્થાનક જાણવા. અસંખ્યાતા લોકાકાશના જેટલા પ્રદેશ તેટલા સંયમના અધ્યવસાય સ્થાનો છે. (**निग्गंथसिणायाणं**) નિર્ગ્રંથને તથા સ્નાતકને (**इक्कं चिय**) એક એક જ (**संजमट्ठाणं**) સંયમસ્થાન હોય, કારણ કે તેમને ઉપશમ અથવા ક્ષપક રૂપ એક એક જ અધ્યવસાય છે. બીજા અધ્યવસાય સ્થાન તેના કારણભૂત નથી. ૫૯.

निग्गंथसिणायाणं, तुल्लं इक्कं च संजमट्ठाणं ।
पत्तेयमसंखगुणा, पुलायबउसाण ते हुंति ॥ ६० ॥

અર્થ:—(**निग्गंथसिणायाणं**) નિર્ગ્રન્થ તથા સ્નાતકના (**संजमट्ठाणं**) સંયમસ્થાન સૌથી થોડા અને (**तुल्लं इक्कं च**) તુલ્ય તેમજ એક એક જ હોય, (**पुलायबउसाण**) પુલાક નિર્ગ્રંથ તથા બકુશ નિર્ગ્રંથના (**ते पत्तेयमसंखगुणा**) તે અધ્યવસાયસ્થાનો પ્રત્યેકે અસંખ્યાતગુણા (**हुंति**) છે. એટલે પુલાકના અસં-ખ્યાતા છે અને તે કરતાં બકુશના અસંખ્યાતગુણા છે. ૬૦.

पडिसेवणाकसाईणं, तहेव तत्तो असंखगुणिया य ।
छण्हं पि य पत्तेयं, चारित्तियपज्जवाणंता ॥६१॥ दारं १४

અર્થ:—(**तहेव**) તથા વળી (**पडिसेवणाकसाईणं**) પ્રતિસેવના કુશીલ અને કષાયકુશીલના પ્રત્યેકના અધ્યવસાય સ્થાન (**तत्तो असंखगुणिया य**) તેના કરતાં અસંખ્યાતગુણા છે. ક્ષયોપશમનું વિચિત્રપણું છે માટે. બકુશ કરતાં પ્રતિસેવના-કુશીલના અસંખ્યાતગુણા છે, તેનાથી કષાયકુશીલના અસંખ્યાતગુણા છે. (**छण्हं**

पि य पत्तेयं) એ છએ નિર્ગ્રન્થના પ્રત્યેકના (**चारित्तियपज्जवाणंता**) ચારિત્રના પર્યાયો અનંતા છે. ૬૧.

હવે પંદરમું સંનિકર્ષ દ્વાર કહે છે:—

सट्ठाणसंनिगासे, पुलओ पुलयस्स पज्जवेहिँ समो ।
हीणहिओ छट्ठाणा, परठाणकसाइणो एवं ॥ ६२ ॥

અર્થ:—સંનિકર્ષ એટલે પરસ્પર સંયોગ. (**सट्ठाणसंनिगासे**) અહિં સ્વસ્થાનનો સંનિકર્ષ પરસ્પર (**पज्जवेहिँ समो**) પર્યાયોની વિશુદ્ધિવડે સમાન હોય છે, (**हीणहिओ**) અવિશુદ્ધ પર્યાયના યોગથી હીન હોય છે તથા વિશુદ્ધતર પર્યાયના યોગથી અધિક પણ હોય છે. સંનિકર્ષ બે પ્રકારે છે—૧ સ્વસ્થાન સંનિકર્ષ. ૨ પરસ્થાન સંનિકર્ષ. સ્વસ્થાન સંનિકર્ષ એટલે સ્વજાતિમાં એકબીજા સાથે (**पुलओ पुलयस्स**) પુલાકના પુલાક સાથે અને (**परठाणकसाइणो**) પરસ્થાન એટલે ભિન્ન જાતિ સાથે જેમકે પુલાકનો કષાયકુશીલ સાથે કેવી રીતે સન્નિકર્ષ હોય ? તે બંને પ્રકાર કહે છે—

પુલાકનો સ્વસ્થાન સંનિકર્ષ આ પ્રમાણે:—પુલાકના પુલાક સાથે સરખા પણ હોય એટલે અમુક અમુક પર્યાયો વિશુદ્ધિમાં સરખા હોય તથા અવિશુદ્ધિમાં હીન પણ હોય એટલે એકથી બીજાના વિશુદ્ધિના પર્યાયો ઓછી વિશુદ્ધિવાળા પણ હોય અને વિશેષ વિશુદ્ધિવાળા પણ હોય. એવી રીતે જે હીનાધિક હોય તે (**छट्ठाणा**) છ પ્રકારે હીન હોય અથવા છ પ્રકારે અધિક હોય તે (**एवं**) આવી રીતે—

હીનનાં છ સ્થાન	**વૃદ્ધિનાં છ સ્થાન**
૧ અનંત ભાગ હીન	૧ અનંત ભાગ અધિક
૨ અસંખ્યાત ભાગ હીન	૨ અસંખ્યાત ભાગ અધિક
૩ સંખ્યાત ભાગ હીન	૩ સંખ્યાત ભાગ અધિક
૪ સંખ્યાત ગુણ હીન	૪ સંખ્યાત ગુણ અધિક
૫ અસંખ્યાત ગુણ હીન	૫ અસંખ્યાત ગુણ અધિક
૬ અનંત ગુણ હીન	૬ અનંત ગુણ અધિક

એમ સ્વસ્થાને છ પ્રકારે પરસ્પર હીનાધિક હોય.

હવે પરસ્થાને આ પ્રમાણે હોય-કષાયકુશીલની અપેક્ષાએ પુલાક સમહીનાધિક છ સ્થાને હોય. એટલે પુલાક કષાયકુશીલથકી હીન વા તુલ્ય વા અધિક હોય, કારણ કે પુલાકના તથા કષાયકુશીલના સર્વ જઘન્ય સંયમસ્થાનક શરૂઆતથી

મંડાય તે અસંખ્યાતા અસંખ્યાતા સ્થાનક સરખા ચાલે, તેથી ત્યાંસુધી સમવિશુદ્ધિ હોય. પછી પુલાક હીન પરિણામે રહી જાય અને કષાયકુશીલ વિશુદ્ધ પરિણામે વધતો વધતો અસંખ્યાતા સ્થાન આગળ ચાલે. પછી કષાયકુશીલ, પ્રતિસેવાકુશીલ અને બકુશ અસંખ્યાતા સ્થાન સાથે ચાલે એટલે સરખી વિશુદ્ધિએ વર્તે, પછી બકુશ પાછળ રહે એટલે વિશુદ્ધિમાં વધે નહિ. પ્રતિસેવાકુશીલ અને કષાયકુશીલ અસંખ્યાતા સ્થાન સાથે ચાલે, પછી પ્રતિસેવાકુશીલ રહી જાય, કષાયકુશીલ અસંખ્યાતા સ્થાન ચાલે. ત્યારપછી આગળ એકજ ઉત્કૃષ્ટ સંયમસ્થાન નિર્ગ્રંથનું ને સ્નાતકનું આવે. તેથી કષાયકુશીલ તથા પુલાકમાં છટ્ઠાણવડીઆ સંભવે છે.

અસત્કલ્પનાએ છ વૃદ્ધિહાનિ આવી રીતે સમજવી

૧ સોથી એક સો એક તે અનંતભાગ વૃદ્ધિ.
૨ સોથી એક સો પાંચ તે અસંખ્યાતભાગ વૃદ્ધિ.
૩ સોથી એક સો દશ તે સંખ્યાતભાગ વૃદ્ધિ.
૪ સોથી હજાર સંખ્યાતગુણ વૃદ્ધિ.
૫ સોથી બે હજાર અસંખ્યાતગુણ વૃદ્ધિ.
૬ સોથી દશ હજાર અનંતગુણ વૃદ્ધિ.

હાનિ

૧ સોથી નવાણુ તે અનંતભાગ હીન.
૨ સોથી પંચાણુ તે અસંખ્યાતભાગ હીન.
૩ સોથી નેવું તે સંખ્યાતભાગ હીન.
૪ સોથી દશ તે સંખ્યાતગુણ હીન.
૫ સોથી પાંચ તે અસંખ્યાતગુણ હીન.
૬ સોથી એક તે અનંતગુણ હીન.

बउसासेविनियंठगण्हायाणं हुज्जऽणंतगुणहीणो ।
बउसो सठाणसेवगकसाइणं तुल्लग छठाणो ॥ ६३ ॥

અર્થઃ—(**बउसासेविनियंठगण्हायाणं**) બકુશથી, પ્રતિસેવી કુશીલથી, નિર્ગ્રંથથી અને સ્નાતકથી (**हुज्जऽणंतगुणहीणो**) પુલાક અનંતગુણ હીન હોય. (**बउसो सठाण**) બકુશ-સ્વસ્થાન પ્રતિયોગી બકુશ, (**सेवगकसाइणं**) પ્રતિસેવીકુશીલ અને કષાયકુશીલની અપેક્ષાએ (**तुल्लग छठाणो**) તુલ્ય હોય તથા છ સ્થાન હીનાધિક પણ હોય. ૬૩.

હવે બકુશનો સ્વસ્થાન તથા પરસ્થાન સંનિકર્ષ આ પ્રમાણેઃ-સ્વસ્થાને એક

બકુશથી બીજો બકુશ વિશુદ્ધિએ સરખો પણ હોય તથા હીનાધિક પણ હોય. તે હીનાધિકમાં છઠ્ઠાણવડીઆ હોય. સ્વસ્થાનની પેઠે પરસ્થાનમાં પણ પ્રતિસેવીકુશીલ તથા કષાયકુશીલની અપેક્ષાએ બકુશની વિશુદ્ધિ જાણવી. એટલે સરખી તથા છ સ્થાન હીનાધિક હોય. ૬૩.

एवं सेवीकसाई, नेया निग्गंथण्हायगा य पुणो ।
तुल्ला इयराणं पुण, अहिया तेऽणंतगुणिएणं ॥ ६४ ॥

અર્થ:—(**एवं सेवीकसाई नेया**) એ પ્રમાણે-બકુશની પેઠે પ્રતિસેવા-કુશીલ તથા કષાયકુશીલ જાણવા. પુલાકથકી બકુશ અધિક જ હોય, પણ બકુશ કષાયકુશીલથી અધિક ન હોય. તથા કષાયકુશીલમાં પરસ્પર છ સ્થાનવડીયા હોય. (**निग्गंथण्हायगा य पुणो**) વળી નિર્ગ્રંથ અને સ્નાતક પરસ્પર સ્વસ્થાને પરસ્થાને (**तुल्ला**) તુલ્ય જ હોય. (**इयराणं पुण अहिया तेऽणंतगुणिएणं**) અને પ્રથમના ચાર પુલાકાદિ કરતાં અનંત ગુણ અધિક, અનંત ગુણ અધિક વિશુદ્ધિએ વર્તતા હોય. ૬૪.

सकसायपुलायाणं, समा जहन्ना उ पज्जवा थोवा ।
तेहिंतोऽणंतगुणा, उक्कोसा ते पुलायस्स ॥ ६५ ॥

અર્થ:—(**सकसायपुलायाणं**) કષાયકુશીલ અને પુલાકના (**जहन्ना उ पज्जवा थोवा**) જઘન્ય ચારિત્રપર્યાયો થોડા છે (**समा**) અને પરસ્પર સરખા છે. (**तेहिंतो**) તે કરતાં (**ते पुलायस्स**) પુલાકનાં (**उक्कोसा**) ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યાયો (**अणंतगुणा**) અનંતગુણા છે. ૬૫.

बउसपडिसेवगाणं, समा जहन्ना तएहऽणंतगुणा ।
बउसासेविकसाई—णुक्कोसाणंतगुण कमसो ॥ ६६ ॥

અર્થ:—(**बउसपडिसेवगाणं**) બકુશ નિર્ગ્રંથ અને પ્રતિસેવાકુશીલ નિર્ગ્રંથના (**समा जहन्ना**) જઘન્ય ચારિત્રપર્યાય પરસ્પર સરખા છે (**तएहऽणंतगुणा**) અને પુલાક કરતાં અનંતગુણ છે. (**बउसासेवीकसाईण**) બકુશના, પ્રતસેવીકુશીલના ને કષાયકુશીલના (**उक्कोसाणंतगुण कमसो**) ઉત્કૃષ્ટ ચારિત્રપર્યાય અનુક્રમે અનંત-ગુગુ છે. બકુશથી પ્રતિસેવાકુશીલના ઉત્કૃષ્ટ અનંતગુણ છે ને તેથી કષાયકુશીલના ઉત્કૃષ્ટ અનંતગુણ છે, એમ અનુક્રમે જાણવું. ૬૬

णिग्गंथसिणायाणं अजहण्णुक्कोसया समा हुंति ।
पुरिमाणमणंतगुणा, निगासदारं गयं एयं ॥६७॥ दारं १५

અર્થ:—(**णिग्गंथसिणायाणं**) નિર્ગ્રન્થ અને સ્નાતકના ચારિત્રપર્યાયો (**अजहण्णुक्कोसया**) અજઘન્ય અનુત્કૃષ્ટ પરસ્પર (**समा हुंति**) સરખા છે, (**पुरिमाणमणंतगुणा**) પરંતુ પૂર્વના ચારે નિર્ગ્રંથો કરતા અનંતગુણા છે. (**निगासदारं गयं एयं**) એ પ્રમાણે પંદરમું સંનિકર્ષદ્વાર પૂરું થયું. ૬૭.

હવે ૧૬ મું યોગ, ૧૭ મું ઉપયોગ અને ૧૮ મું કષાયદ્વાર કહે છેઃ—

मणवयकाइयजोगा, एए उ सिणायओ अजोगोऽवि। दारं १६
दुविहुवओगा सव्वे, (दारं १७) आइतियं चउकसाइल्लं ॥६८॥

અર્થઃ—(**मणवयकाइयजोगा एए उ**) પાંચે નિર્ગ્રંથને મન, વચન અને કાયાના ત્રણે યોગ હોય. તેર ગુણઠાણા સુધી યોગ હોવાથી. તથા (**सिणायओ अजोगोऽवि**) સ્નાતક અયોગી પણ હોય, ચૌદમે ગુણઠાણે યોગનો અભાવ હોવાથી.

હવે સત્તરમું ઉપયોગ દ્વાર કહે છેઃ—(**दुविहुवओगा सव्वे**) પાંચે નિર્ગ્રંથ સાકારોપયોગ અને નિરાકારોપયોગ અથવા જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એ બંને ઉપયોગવંત હોય.

હવે અઢારમું કષાયદ્વાર કહે છેઃ—(**आइतियं चउकसाइल्लं**) પુલાક, બકુશ તથા પ્રતિસેવાકુશીલને સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચારે કષાય હોય. ૬૮.

सकसाओ पुण चउसु वि, तिसु दुसु वा इक्कहि व लोहंमि।
खीणुवसंतकसाओ, निग्गंथो ण्हायगकसाओ ॥६९॥ दारं १८

અર્થ:—(**सकसाओ पुण चउसु वि**) તથા કષાયકુશીલને પ્રથમ એ ચારે કષાય હોય. તથા ઉપશમશ્રેણીએ સંજ્વલન ક્રોધ ઉપશમાવે થકે અથવા ક્ષપકશ્રેણિએ ખપાવે થકે (**तिसु**) ક્રોધ વિના ત્રણ કષાય હોય, (**दुसु वा**) માન ખપાવે અથવા ઉપશમાવે થકે ક્રોધ અને માન વિના બે કષાય હોય, (**इक्कहि व लोहंमि**) તથા માયા ઉપશમાવે અથવા ખપાવે ત્યારે એકલો લોભ હોય અને લોભ ખપાવે કે ઉપશમાવે ત્યારે તે (**निग्गंथो**) નિર્ગ્રંથ થાય. તે નિર્ગ્રંથ (**खीणु-उवसंतकसाओ**) ક્ષીણકષાયી અથવા ઉપશાંતકષાયી હોય. (**ण्हायगकसाओ**) તથા સ્નાતક તો અકષાયી જ હોય. ૬૯.

હવે ઓગણીશમું લેશ્યા દ્વાર કહે છેઃ—

आइतियं सुहलेसं, कसायवं छसु वि छट्ठिइ नियंठो।
ण्हाओ य परमसुक्को, लेसाईओ व हुज्जाहि ॥७०॥ दारं १९

અર્થ:—(**आइतियं सुहलेसं**) પુલાક, બકુશ તથા પ્રતિસેવાકુશીલને ભાવ-લેશ્યાની અપેક્ષાએ તેજો, પદ્મ અને શુકલ એ ત્રણ શુભ લેશ્યા હોય. (**कसायवं छसु वि**) કષાયકુશીલને છએ લેશ્યા હોય. (**छट्टिइ नियंठो**) નિર્ગ્રંથને છઠ્ઠી શુકલ લેશ્યા જ હોય અને (**ण्हाओ य परमसुक्को**) સ્નાતકને તેરમે ગુણઠાણે પરમ શુકલ લેશ્યા હોય (**लेसाईओ व हुज्जाहि**) અથવા ચૌદમે ગુણઠાણે લેશ્યા-તીત હોય એટલે એકે લેશ્યા ન હોય–અલેશી હોય. ૭૦.

હવે વીશમું પરિણામ દ્વાર કહે છેઃ—

वड्ढंतहीयमाणयवट्ठियपरिणामया कसायंता ।
नो हीयमाणभावा, निग्गंथसिणायया हुंति ॥ ७१ ॥

અર્થઃ—(**कसायंता**) કષાયકુશીલ સુધીના એટલે પુલાક, બકુશ, પ્રતિસેવા-કુશીલ તથા કષાયકુશીલ એ ચારે નિર્ગ્રંથો (**वड्ढंतहीयमाणयवट्ठियपरिणामया**) વધતે પરિણામે પણ હોય, ઘટતે પરિણામે પણ હોય અને અવસ્થિત પરિણામે પણ હોય. (**निग्गंथसिणायया**) નિર્ગ્રન્થ તથા સ્નાતક (**नो हीयमाणभावा**) હીયમાન પરિણામે ન (**हुंति**) હોય એટલે વધતા પરિણામે જ હોય અથવા અવસ્થિત પરિણામે હોય, કારણ કે અગ્યારમેથી પડતો નિર્ગ્રન્થ તે કષાય-કુશીલ જ હોય, તે નિર્ગ્રંથ ન કહેવાય. ૭૧.

समयमवट्ठियभावो, जहन्न इयरो उ सत्तसमयाओ ।
समयंतमुहुत्ताइं, सेसाओ आइमचउण्हं ॥ ७२ ॥

અર્થઃ—(**आइमचउण्हं**) પુલાક, બકુશ, પ્રતિસેવાકુશીલ તથા કષાયકુશીલ એ ચારને (**अवट्ठियभावो**) અવસ્થિત ભાવ (**जहन्न समयं**) જઘન્યથી એક સમય હોય (**इयरो उ सत्तसमयाओ**) અને ઉત્કૃષ્ટથી સાત સમય હોય. (**सेसाओ**) બાકીના બે ભાવ વર્ધમાન તથા હીયમાન (**समयंतमुहुत्ताइं**) જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત સુધી હોય. ૭૨.

निग्गंथंतमुहुत्तं, दुहावि भावो पवड्ढमाणो उ ।
समयं जहण्णवट्ठिय, अंतमुहुत्तं च उक्कोसो ॥ ७३ ॥

અર્થઃ—(**निग्गंथ**) નિર્ગ્રન્થને (**पवड्ढमाणो उ भावो**) પ્રવર્ધમાન ભાવ (**अंतमुहुत्तं दुहावि**) જઘન્યથી ને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત હોય તથા (**समयं जहण्णवट्ठिय**) અવસ્થિત ભાવ જઘન્ય એક સમય (**अंतमुहुत्तं च उक्कोसो**) અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત્ત હોય. ૭૩.

ण्हायस्स वड्ढमाणो, अंतमुहुत्तं दुहावि परिणामो ।
एवं अवट्ठिओ वि हु, उक्कोसो पुव्वकोडूणो ॥७४॥ दारं २०

અર્થઃ—(**ण्हायस्स वड्ढमाणो**) સ્નાતકનો વર્ધમાન (**परिणामो**) પરિણામ (**अंतमुहुत्तं दुहावि**) જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત શૈલેશીકરણકાળે હોય. (**एवं अवट्ठिओ वि हु**) તથા અવસ્થિત પરિણામ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્ત્ત અવસ્થિત પરિણામી થઈને શૈલેશીકરણ અંગીકાર કરે અને (**उक्कोसो पुव्वकोडूणो**) ઉત્કૃષ્ટથી અવસ્થિત પરિણામનો કાળ દેશે ઊણી પૂર્વ કોડી એટલે પૂર્વકોટિમાં કાંઇક ઓછો હોય. (જન્મથકી જઘન્ય નવ વરસ ગયા પછી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય તેથી પૂર્વકોટિમાં તેટલો ઓછો સમજવો.) ૭૪.

હવે એકવીશમું બંધન દ્વાર કહે છેઃ—

बंधइ सत्त पुलाओ, कम्मपयडीओ आउवज्जाओ ।
बउसासेवी सत्तट्ठ, कसाई सत्त अट्ठ छ वा ॥ ७५ ॥
मोहाउवज्जिआ छ उ, निग्गंथो वेयणीयमेविक्कं ।
ण्हाओ य सायवेयं, बंधइ बंधेण रहिओ वा ॥ ७६ ॥ दारं २१

અર્થઃ—(**पुलाओ**) પુલાક (**आउवज्जाओ**) આયુષ્યકર્મ સિવાયની બાકીની (**बंधइ सत्त कम्मपयडीओ**) સાત કર્મપ્રકૃતિ બાંધે કારણ કે એને આયુષ્ય યોગ્ય અધ્યવસાય ન હોવાથી આયુષ્યનો બંધ ન હોય. (**बउसासेवी सत्तट्ठ**) બકુશ તથા પ્રતિસેવા કુશીલ આયુષ્ય વિના સાત તથા આયુષ્ય સાથે આઠ પણ બાંધે. (**कसाई सत्त अट्ठ छ वा**) કષાયકુશીલ આયુષ્ય વિના સાત અને આયુષ્ય સાથે આઠ કર્મ બાંધે તથા સૂક્ષ્મસંપરાય ગુણઠાણે આયુષ્ય અને મોહનીય વિના છ કર્મ બાંધે. એ (**छ उ**) છનો બંધ (**मोहाउवज्जिआ**) મોહનીય અને આયુષ્ય એ બે કર્મ વર્જીને જાણવો. (**निग्गंथो वेयणीयमेविक्कं**) નિર્ગ્રંથને એક સાતાવેદનીયનો બંધ જ હોય. (**ण्हाओ य सायवेयं बंधइ**) સ્નાતકને પણ એક સાતાવેદનીયનો જ બંધ તેરમે ગુણઠાણે હોય (**बंधेण रहिओ वा**) અથવા ચૌદમે ગુણઠાણે બંધ રહિત હોય. યોગના અભાવથી કર્મનો બંધ હોય નહીં. ૭૫-૭૬.

હવે બાવીશમું ઉદય દ્વાર કહે છેઃ—

वेयंति अट्ठ चउरो, निग्गंथो सत्त मोहवज्जाओ ।
ण्हाओ घाइविवज्जे, चउरो वेएइ कम्मंसे ॥ ७७ ॥ दारं २२

અર્થ:—(**चउरो**) પુલાક, બકુશ, પ્રતિસેવાકુશીલ ને કષાયકુશીલ એ ચાર નિર્ગ્રન્થો (**वेयंति अट्ठ**) આઠે કર્મ વેદે. દશ ગુણઠાણા સુધી આઠે કર્મનો ઉદય હોવાથી. (**निग्गंथो सत्त मोहवज्जाओ**) નિર્ગ્રન્થ મોહનીય વિના સાત કર્મ વેદે. અગિયારમે, બારમે ગુણઠાણે મોહનીયનો ઉદય નહિ હોવાથી. (**ण्हाओ घाइविवज्जे**) સ્નાતક જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિકર્મ વર્જીને બાકીના (**चउरो वेएइ कम्मंसे**) વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતિકર્મ વેદે. ૭૭.

હવે ત્રેવીશમું ઉદીરણા દ્વાર કહે છે:—

वेयणीयाउअवज्जा, पयडीओ उदीरए छ उ पुलाओ ।
बउसासेवी सत्तट्ठ छच्च सत्ताउवज्जाओ ॥ ७८ ॥

અર્થ:—(**पुलाओ**) પુલાકને (**वेयणीयाउअवज्जा**) વેદનીય અને આયુષ્ય વર્જીને (**पयडीओ उदीरए छ उ**) છ કર્મપ્રકૃતિની ઉદીરણા હોય. (**बउसासेवी सत्तट्ठ छच्च**) બકુશ અને પ્રતિસેવાકુશીલને સાત કર્મની, આઠ કર્મની અને છ કર્મની ઉદીરણા હોય. સર્વે કર્મની હોય ત્યારે આઠની, આયુષ્ય વિના સાતની અને વેદનીય તથા આયુષ્ય વિના છની ઉદીરણા હોય. (**सत्ताउवज्जाओ**) કષાયકુશીલને આયુષ્ય વિના સાતની ઉદીરણા હોય. ૭૮. અને

सकसाओ एयाओ, पंच य वेयाउमोहवज्जाओ ।
एवं पंच नियंठो, दुन्नि य नामं च गुत्तं च ॥ ७९ ॥

અર્થ:—(**सकसाओ**) કષાયકુશીલને (**वेयाउमोहवज्जाओ**) વેદનીય, આયુષ્ય અને મોહનીય એ ત્રણ વર્જીને (**एयाओ पंच य**) આ પાંચ કર્મની ઉદીરણા પણ હોય, (**एवं पंच नियंठो**) નિર્ગ્રન્થને એ જ પાંચ કર્મની ઉદીરણા હોય તથા બારમા ગુણઠાણાના અંતમાં (**दुन्नि य नामं च गुत्तं च**) નામ અને ગોત્ર એ બે કર્મની જ ઉદીરણા હોય. ૭૯.

ण्हाओ एवं दुन्नि उ, उदीरणावज्जिओ व सो होइ । दारं २३
चइऊण पुलायत्तं, होइ कसाई अविरओ वा ॥ ८० ॥

અર્થ:—(**ण्हाओ एवं दुन्नि उ**) સ્નાતકને પણ નામ અને ગોત્ર એ બે કર્મની જ ઉદીરણા હોય અથવા (**उदीरणावज्जिओ व सो होइ**) ઉદીરણાવર્જિત

પણ તે હોય. એટલે તેરમે ગુણઠાણે ઉદીરણા હોય, ચૌદમે તો અનુદીરક હોય એટલે કોઈ કર્મની ઉદીરણા ન હોય.

હવે ચોવીશમું ઉવસંપદ્દહાન દ્વાર કહે છેઃ—(**चइऊण पुलायत्तं**) પુલાકપણું તજીને (**होइ कसाई**) કષાયકુશીલ થાય, કારણ કે તે સરખા પરિણામી છે. એવી રીતે જેના સદૃશ સંયમસ્થાન હોય તે તેવા ભાવને પામે. [કષાયકુશીલાદિને મૂકીને એ પ્રમાણે સમજવું] (**अविरओ वा**) અથવા પુલાક દેવપણું પામે ત્યાં અવિરતિ પણ થાય. ૮૦.

बउसत्तचुओ सेवी, कसायवं अविरओ य सड्ढो वा ।
सेवित्तचुओ बउसो, कसाइ सड्ढो अविरओ वा ॥ ८१ ॥

અર્થ:—(**बउसत्तचुओ**) બકુશ નિર્ગ્રંથ બકુશપણું તજીને (**सेवी कसायवं**) પ્રતિસેવાકુશીલ થાય અથવા કષાયકુશીલ થાય અથવા (**अविरओ य सड्ढो वा**) અવિરતિ પણ થાય ને શ્રાવક પણ થાય. (**सेवित्तचुओ बउसो**) તથા પ્રતિસેવાકુશીલ કુશીલપણું મૂકીને બકુશ પણ થાય, (**कसाइ सड्ढो अविरओ वा**) કષાયકુશીલ થાય, શ્રાવક પણ થાય અને અવિરતિપણું પણ પામે. ૮૧.

सकसाओ पुण पुलओ, बउसो पडिसेवगो नियंठो वा ।
सड्ढो असंजओ वा, हविज्ज चइउं कसाइत्तं ॥ ८२ ॥

અર્થ:—(**सकसाओ**) કષાયકુશીલ (**चइउं कसाइत्तं**) કષાયકુશીલપણાને ત્યજીને (**पुण पुलओ**) પુલાક થાય, (**बउसो पडिसेवगो नियंठो वा**) બકુશ થાય, પ્રતિસેવાકુશીલ થાય અથવા નિર્ગ્રંથ પણ થાય. (**सड्ढो असंजओ वा हविज्ज**) અથવા શ્રાવક થાય અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ પણ થાય. ૮૨.

निग्गंथत्तचुओ पुण, सकसाइ सिणायगो अविरओ वा ।
ण्हाओ चइअ सिणायत्तणं तु सिद्धो हविज्ज त्ति ॥८३॥ दारं २४

અર્થ:—(**निग्गंथत्तचुओ**) નિર્ગ્રંથ નિર્ગ્રંથપણું મૂકીને (**पुण सकसाइ**) વળી કષાયકુશીલ થાય (**सिणायगो अविरओ वा**) અથવા સ્નાતક થાય અથવા અવિરતિ પણ થાય. (**ण्हाओ चइअ सिणायत्तणं तु**) સ્નાતક સ્નાતકપણું મૂકીને (**सिद्धो हविज्ज त्ति**) સિદ્ધ થાય–મોક્ષે જાય. ૮૩.

વિવેચનઃ—અગિઆરમે તથા બારમે ગુણઠાણે નિર્ગ્રંથ થાય. તેમાં બારમા ગુણઠાણાથી તેરમે આવે ત્યારે સ્નાતક થાય અને અગિઆરમા ગુણઠાણાવાળા

નિર્ગ્રંથ અવશ્ય પડે. તેમાં ગુણઠાણાના કાળક્ષયથી પડે તે અવશ્ય દશમે ગુણઠાણે આવે ત્યાં કષાયકુશીલ કહેવાય. આયુષ્યક્ષયે પડે તે અવશ્ય દેવ થાય ત્યાં અવિરતિ હોય. તથા સ્નાતક સ્નાતકપણું મૂકીને અવશ્ય મોક્ષે જ જાય. એ પ્રમાણે ઉવસંપદ્હાન દ્વાર જાણવું.

હવે ૨૫ મું સંજ્ઞાદ્વાર ને ૨૬ મું આહારદ્વાર કહે છેઃ—

ण्हायनियंठपुलाया, नो उवउत्ता हवंति सन्नासु ।
सेसा दुहावि हुज्जा, (दारं२५) ण्हाओ दुह सेसगाहारा ॥ ८४ ॥
(दारं २६)

અર્થ:—(**ण्हायनियंठपुलाया**) સ્નાતક, નિર્ગ્રંથ અને પુલાક (**नो उवउत्ता हवंति सन्नासु**) સંજ્ઞાને વિષે ઉપયુક્ત ન હોય, કારણ કે પ્રધાન જ્ઞાનોપયોગે વર્તતા હોવાથી આહારાદિનો અતિ અભિલાષ ન હોય. (**सेसा दुहावि हुज्जा**) બાકીના એટલે બકુશ તથા પ્રતિસેવાકુશીલ અને કષાયકુશીલ તેવા પ્રકારના સંયમસ્થાનવાળા હોવાથી બંને પ્રકારના હોય. સંજ્ઞાવાળા પણ હોય અને સંજ્ઞા વિનાના પણ હોય.

હવે ૨૬ મું આહારદ્વાર કહે છેઃ—(**ण्हाओ दुह सेसगाहारा**) સ્નાતક આહારી પણ હોય અને અણાહારી પણ હોય. તેરમે ગુણઠાણે કેવળી સમુદ્ઘાત કરતાં ત્રીજો, ચોથો અને પાંચમો એ ત્રણ સમય અણાહારી પણ હોય; બાકીના વખતે આહારી હોય. તથા ચૌદમે ગુણઠાણે અણાહારી જ હોય. સ્નાતક સિવાયના બાકીના પાંચ નિર્ગ્રંથ આહારી જ હોય, કારણ કે અણાહારી ઉપર કહેલી અવસ્થામાં તથા પરભવ જતાં વક્રગતિએ જ હોય, તે એમને નથી. ૮૪.

હવે ૨૭ મું ભવદ્વાર કહે છેઃ—

पंच वि य जहन्नेणं, एगभवुक्कोसओ कमेणेवं ।
पुलयस्स तिन्नि तिन्हं, तु अट्ठ तिन्नेव इक्को य ॥ ८५॥ दारं २७

અર્થ:—(**पंच वि य जहन्नेणं**) પાંચ નિર્ગ્રંથને જઘન્યથી (**एगभव**) એક ભવ હોય, એટલે તે જ ભવમાં મોક્ષે જાય. (**उक्कोसओ**) ઉત્કૃષ્ટથી (**पुलयस्स तिन्नि**) પુલાકને ત્રણ ભવ હોય. (**तिन्हं तु अट्ठ**) બકુશ, પ્રતિસેવાકુશીલ તથા કષાયકુશીલ એ ત્રણ આઠ ભવ કરે. (**तिन्नेव**) નિર્ગ્રંથ ત્રણ ભવ કરે (**इक्को य**) સ્નાતક એક જ ભવ કરે–તે જ ભવે મોક્ષે જાય. ૮૫.

ત્યાં પુલાક જઘન્યથી એક ભવ ગ્રહણને વિષે પુલાક થઈને કષાયકુશીલાદિ

બીજા સંયતપણાને પામીને એક વાર અનેક વાર તે જ ભવમાં અથવા બીજા ભવમાં કષાયકુશીલાદિ ચારિત્ર પામીને સિઝે. ઉત્કૃષ્ટથી દેવાદિ ભવના આંતરે ત્રીજા ભવમાં પુલાકપણું પામીને સિદ્ધ થાય. ઈહાં બકુશાદિ કોઇક એક ભવમાં બકુશપણું પામીને કષાયકુશીલત્વાદિ થઇને સિઝે, કોઇક એક ભવમાં બકુશપણું પામી, બીજા ભવમાં અન્ય એટલે પ્રતિસેવાકુશીલ ચારિત્ર તથા કષાયકુશીલ ચારિત્રવાળા થઇને સિઝે. એટલા માટે કહે છે કે—જઘન્ય એક ભવ કરે અને ઉત્કૃષ્ટથી આઠ ભવ કરે. આઠે ભવમાં ચારિત્ર પામે તેમાંના કોઇક આઠ વાર બકુશપણાએ કરીને અને છેલ્લે ભવે કષાયકુશીલત્વાદિ ચારિત્રયુક્તપણાએ કરીને તથા પ્રતિસેવાકુશીલત્વાદિ ચારિત્રપણાએ યુક્ત થઇને આઠ ભવ પૂરે. આઠ ભવથી વધારે ન કરે.

હવે ૨૮ મું આકર્ષદ્વાર કહે છેઃ—

इक्को य जहन्नेणं, आगरिसुक्कोसओ कमेणेवं ।
पुलयस्स तिन्नि तिन्हं, सयग्गसो दुन्नि इक्को अ ॥ ८६ ॥

અર્થ:—જે અવસ્થામાં વર્તતો હોય તે મૂકી ફરીથી તે અવસ્થા પામે તે આકર્ષ કહેવાય. તે આકર્ષ બે પ્રકારે-૧ એક ભવ આશ્રી, ૨ ઘણા ભવ આશ્રી. પ્રથમ એક ભવ આશ્રી આકર્ષ કહે છેઃ—પાંચે નિર્ગ્રંથને (**इक्को अ जहन्नेणं**) જઘન્યથી એક જ આકર્ષ હોય એટલે એક જ વાર ચારિત્ર પામી મોક્ષે જાય. (**आगरिसुक्कोसओ कमेणेवं**) હવે ઉત્કૃષ્ટથી આ પ્રમાણે આકર્ષ જાણવા. (**पुलयस्स तिन्नि**) પુલાકને ત્રણ આકર્ષ હોય. (**तिन्हं**) બકુશ, પ્રતિસેવા-કુશીલ તથા કષાયકુશીલ એ ત્રણને (**सयग्गसो**) શત પૃથક્ત્વ આકર્ષ હોય. (**दुन्नि**) નિર્ગ્રંથને બે આકર્ષ, એક ભવમાં બે વખત ઉપશમશ્રેણી કરે તેને આશ્રીને હોય. (**इक्को य**) અને સ્નાતકને એક જ હોય. ૮૬.

नाणभवे आगरिसा, हुंति जहन्नेण दोन्नि पंचण्हं ।
उक्कोसओ कमेणं, सत्त हवं ते पुलायस्स ॥ ८७ ॥

અર્થ:—હવે (**नाणभवे आगरिसा**) નાના ભવ આશ્રી આકર્ષ કહે છેઃ— (**जहन्नेणं दोन्नि पंचण्हं**) જઘન્યથી સ્નાતક સિવાય બાકીના પાંચ નિર્ગ્રંથને બે આકર્ષ હોય છે. એક તે ભવમાં અને બીજો અન્ય ભવમાં હોય. (**पुलायस्स**) પુલાકને (**उक्कोसओ कमेणं सत्त हवं ते**) ઉત્કૃષ્ટથી સાત આકર્ષ હોય. પ્રથમ ભવે એક વાર અને ત્યારપછી બંને ભવમાં ત્રણ ત્રણ વાર એમ સાત આકર્ષ થાય. ૮૭.

सहस्सग्गसो उ तिन्हं, पंच नियंठस्स ण्हायए नत्थि । दारं २८
अंतमुहुत्तं कालो, होइ दुहावि पुलायस्स ॥ ८८ ॥

અર્થ:—(**सहस्सग्गसो उ तिन्हं**) બકુશ, પ્રતિસેવાકુશીલ અને કષાયકુશીલ એ ત્રણને સહસ્રપૃથક્ત્વ આકર્ષ નાના ભવને આશ્રીને હોય છે, કારણ કે એક ભવને વિષે શતપૃથક્ત્વ આકર્ષ કહ્યા છે, તેથી જ્યારે આઠ ભવ કરે ત્યારે ઉત્કર્ષથી દરેક ભવમાં નવસો નવસો આકર્ષ થાય. એટલે નવસોને આઠવડે ગુણતાં સાત હજાર ને બસો (૭૨૦૦) આકર્ષ થાય. (**पंच नियंठस्स**) નિર્ગ્રંથ નિર્ગ્રંથને નાના ભવ આશ્રી પાંચ આકર્ષ હોય, તેમાં એક ભવમાં બે, બીજા ભવમાં બે, અને ત્યારપછી ત્રીજા ભવમાં એક એટલે ક્ષપક નિર્ગ્રંથ થઇ મોક્ષે જાય. (**ण्हायए नत्थि**) સ્નાતકને નાના ભવ આશ્રી આકર્ષ નથી, કારણ કે તે તો તે જ ભવમાં મોક્ષે જાય છે.

હવે ઓગણત્રીશમું કાળદ્વાર કહે છે—(**पुलायस्स**) પુલાકને (**दुहा वी**) જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી (**अंतमुहुत्तं कालो होइ**) અંતર્મુહૂર્ત્ત કાળ હોય એમ જાણવું, કારણ કે પુલાકપણાને પામેલો નિર્ગ્રંથ અંતર્મુહૂર્ત્ત પૂર્ણ કર્યા વિના મરતો નથી, તેમજ અંતર્મુહૂર્ત્તમાં પુલાકપણાથી પડતો પણ નથી; તેથી જઘન્ય અને ઉત્કર્ષથી પણ અંતર્મુહૂર્ત્ત જાણવું. ૮૮.

बउसासेवि कसाई, जहन्नओ समयमियरओ कोडी ।
समयं होइ नियंठो, अंतमुहुत्तं तु उक्कोसो ॥ ८९ ॥

અર્થ:—(**बउसासेवि कसाई**) બકુશ, પ્રતિસેવાકુશીલ અને કષાયકુશીલ એ ત્રણેનો (**जहन्नओ समयं**) જઘન્યથી એક સમયનો કાળ હોય, એ ત્રણે ચારિત્ર પામ્યા પછી એક સમયમાં મરણ પામે તે અપેક્ષાએ તે કાળ જાણવો. (**इयरओ कोडी**) તથા ઉત્કર્ષથી દેશે ઊણી પૂર્વ કોટિ કાળ જાણવો, કારણ કે ચારિત્રનો ઉત્કૃષ્ટ કાળ તેટલો છે. (**समयं होइ नियंठो**) નિર્ગ્રંથનો જઘન્યથી એક સમયનો કાળ છે, તે ઉપશમશ્રેણિએ ચડી, અગ્યારમે ગુણઠાણે પહોંચી, એક સમયમાં મરણ પામે તેની અપેક્ષાએ જાણવો. (**अंतमुहुत्तं च उक्कोसो**) અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્તનો કાળ જાણવો, કારણ કે અગ્યારમા તથા બારમા ગુણઠાણાનો તેટલો જ કાળ છે. ૮૯.

ण्हाओ अंतमुहुत्तं, जहन्नओ इयरओ य पुव्वाणं ।
देसूणा कोडी खलु, बउसाई हुंति सव्वद्धं ॥ ९० ॥

અર્થ:—(**ण्हाओ**) સ્નાતક (**जहन्नओ अंतमुहुत्तं**) જઘન્યથી અંતર્મુહૂર્ત્ત હોય. કારણ કે અંતગડકેવળીનો તેટલો કાળ હોય છે. (**इयरओ य पुव्वाणं देसूणा कोडी**) અને ઉત્કૃષ્ટથી દેશે ઊણી પૂર્વકોડી કાળ (**खलु**) નિશ્ચયે જાણવો, કારણ કે કેવળી અવસ્થાનો ઉત્કૃષ્ટપણે તેટલો કાળ છે. (**बउसाई हुंति सव्वद्धं**) હવે નાના

જીવની અપેક્ષાએ બકુશાદિ એટલે બકુશ, પ્રતિસેવાકુશીલ અને સ્નાતક સર્વ કાળે હોય છે, કારણ કે મહાવિદેહમાં સર્વદા સંભવે છે. ૯૦.

निग्गंथा य पुलाया, इक्कं समयं जहन्नओ हुंति ।
उक्कोसेणं पुण ते, अंतमुहुत्तं चिय हवंति ॥ ९१ ॥ दारं २९

અર્થ:—(**निग्गंथा य पुलाया**) નિર્ગ્રંથ અને પુલાકનો (**इक्कं समयं जहन्नओ हुंति**) જઘન્યથી એક સમયનો કાળ હોય છે. (**उक्कोसेणं पुण ते**) ઉત્કૃષ્ટથી તે નિર્ગ્રંથ તથા પુલાક (**अंतमुहुत्तं चिय हवंति**) અંતર્મુહૂર્ત્ત હોય છે. ફેર એટલો કે એકની સ્થિતિના અંતર્મુહૂર્ત્તથી ઘણાની સ્થિતિનું અંતર્મુહૂર્ત્ત મોટું હોય. ૯૧. (સંખ્યામાં પુલાક જઘન્યથી એક બે હોય ઉત્કૃષ્ટ સહસ્રપૃથકત્વ હોય પણ સતત કાળ તો અંતર્મુહૂર્ત્ત જ હોય.)

હવે ત્રીશમું અંતરદ્વાર કહે છેઃ—

अंतोमुहुतमेसिं, जहन्नओ अंतरं तु पंचण्हं ।
उक्कोसेण अवड्ढं, पुग्गलपरिअट्टदेसूणं ॥ ९२ ॥

અર્થ:—(**एसिं**) આ (**पंचण्हं**) સ્નાતક સિવાય બાકીના પાંચનું (**जहन्नओ अंतरं तु**) જઘન્યથી અંતર (**अंतोमुहुत्तं**) અંતર્મુહૂર્ત્તનું હોય. આ અંતર એક જીવની અપેક્ષાએ જાણવું. એક પુલાક પુલાકપણું છોડીને જઘન્યથી અંતર્મુહૂર્ત્તમાં ફરીથી પુલાકપણું પામે. એમ પાંચેમાં સમજવું. (**उक्कोसेण**) ઉત્કૃષ્ટથી (**अवड्ढं पुग्गल-परिअट्टदेसूणं**) દેશે ઊણું અર્ધ પુદ્ગલપરાવર્તન જેટલું અંતર જાણવું, કારણ કે સમકિત પામેલ જીવ સમકિત પામ્યા પછી ઉત્કૃષ્ટપણે તેટલો જ કાળ સંસારમાં રહે છે. (અનંતા કાળચક્રનું એક પુદ્ગલપરાવર્તન થાય છે.) ૯૨. આ એક જીવ આશ્રી ફરીને તે તે નિર્ગ્રંથપણું પામવાનો કાળ સમજવો.

ण्हायस्स अंतरं नो, समयं तु जहन्नओ पुलायाणं ।
संखिज्जगवासाई, उक्कोसगमंतरं तेसिं ॥ ९३ ॥

અર્થ—(**ण्हायस्स अंतरं नो**) સ્નાતકને અંતર નથી, કારણ કે સ્નાતક તો અવશ્ય તે ભવે મોક્ષે જ જાય અને સ્નાતકપણું તજીને ફરીથી સ્નાતક થાય ત્યારે અંતર કહેવાય, તે સ્નાતકને નથી તેથી તેને અંતર નથી. એકની અપેક્ષાએ પુલાકાદિકનું અંતર ઉપર કહ્યું છે, હવે અનેકની અપેક્ષાએ અંતર કહે છેઃ-(**समयं तु जहन्नओ पुलायाणं**) પુલાકને જઘન્યથી એક સમયનું અંતર

હોય. એક જીવ પુલાકપણું પામ્યા પછી વચમાં એક સમય ગયા પછી વળી કોઇ બીજો જીવ પુલાકપણું પામે તે અપેક્ષાએ સમયાંતર જાણવું. (**तेसिं**) તે પુલાકોનું (**उक्कोसगमंतरं**) ઉત્કૃષ્ટથી અંતર (**संखिज्जगवासाई**) સંખ્યાતા વર્ષનું જાણવું. ૯૩.

निग्गंथाणं समयं, उक्कोसं अंतरं तु छम्मासा ।
सेसाणं तु चउण्हं, नो चेव य अंतरं अत्थि ॥९४॥ दारं ३०

અર્થ—(**निग्गंथाणं समयं**) નિર્ગ્રંથોને જઘન્યથી એક સમયનું અંતર હોય, અને (**उक्कोसं**) ઉત્કૃષ્ટથી (**तु**) તો (**छम्मासा**) છ માસનું (**अंतरं**) અંતર હોય. (**सेसाणं तु चउण्हं**) બાકીના બકુશ, પ્રતિસેવાકુશીલ, કષાયકુશીલ અને સ્નાતક એ ચારને (**नो चेव य अंतरं अत्थि**) અંતર નથી જ. તે કાયમ હોય છે. ૯૪.

હવે ૩૧ મું સમુદ્ઘાત દ્વાર કહે છે.--

वेयणकसायमरणे, तिन्नि पुलायस्स हुंति समुघाया ।
पंचासेवगबउसे, वेउव्वियतेयगेहिँ सह ॥ ९५ ॥

અર્થ—(**पुलायस्स**) પુલાકને (**वेयणकसायमरणे**) વેદના, કષાય અને મરણ (**तिन्नि समुघाया हुंति**) એ ત્રણ સમુદ્ઘાત હોય. સંજ્વલન કષાયોદયથી કષાય સમુદ્ઘાત સંભવે છે. તથા પુલાકને મરણ નથી તો પણ મરણસમુદ્ઘાતનો વિરોધ નથી, એટલે સમુદ્ઘાતથી નિવર્તી કષાયકુશીલાદિકપણું પામીને મરણ પામે. તથા (**आसेवगबउसे**) પ્રતિસેવાકુશીલ અને બકુશને (**वेउव्वियतेयगेहिँ सह**) વૈક્રિય અને તૈજસ સહિત (**पंच**) પાંચ સમુદ્ઘાત હોય. ૯૫.

आहारएण सहिया, कसाइणो छ नियंठए नत्थि ।
केवलियसमुग्घाओ, इक्को वि य होइ ण्हायस्स ॥९६॥ दारं ३१

અર્થ—(**कसाइणो**) કષાયકુશીલને (**आहारएण सहिया**) આહારક સહિત (**छ**) છ સમુદ્ઘાત હોય. (**नियंठए**) નિર્ગ્રંથને (**नत्थि**) એકે સમુદ્ઘાત ન હોય. (**ण्हायस्स**) સ્નાતકને (**केवलियसमुग्घाओ इक्को वि य होइ**) એક જ કેવલી સમુદ્ઘાત હોય. ૯૬.

હવે બત્રીશમું ક્ષેત્રદ્વાર કહે છે.—

लोगमसंखिज्जइमे, भागे पंचण्ह होइ ओगाहा ।
ण्हायस्स असंखिज्जे, असंखभागेसु लोए वा ॥९७॥ दारं ३२

અર્થ—(**पंचण्ह**) પુલાકાદિક પાંચ નિર્ગ્રંથને (**लोगमसंखिज्जइमे भागे ओगाहा होइ**) લોકના અસંખ્યાતમા ભાગની અવગાહના હોય. પુલાકાદિકના શરીરનું લોકના અસંખ્યેય ભાગ માત્ર અવગાહીપણું હોવાથી. (**ण्हायस्स असंखिज्जे**) સ્નાતક શરીરસ્થ હોય ત્યારે લોકને અસંખ્યાતમે ભાગે હોય અને (**असंखभागेसु लोए वा**) લોકને અસંખ્યાતમે ભાગે તથા આખા લોકમાં કેવળી-સમુદ્ઘાત કરે ત્યારે અવગાહના હોય. કેવળીસમુદ્ઘાતમાં દંડાદિક કરે ત્યારે લોકના અસંખ્યાતમે ભાગે પ્રથમના બે સમયે અવગાહે, મન્થન કરવાને સમયે લોકના ઘણા ભાગનું વ્યાપવાપણું હોવાથી અને થોડા લોકનું વ્યાપવાપણું ન હોવાથી લોકના અસંખ્યેય ભાગને વિષે અવગાહના હોય અને ચોથે સમયે આખો લોક પૂરે ત્યારે સર્વ લોક જેટલી અવગાહના હોય છે. ૯૭.

હવે ૩૩ મું સ્પર્શના ને ૩૪ મું ભાવદ્વાર કહે છે.—

एयं चेव य फुसणा, (दारं ३३) चउरो भावे खओवसमियंमि ।
ण्हाओ खाइयभावे, उवसमि खइयंमि वि नियंठो ॥९८॥ दारं ३४

અર્થ:—(**एवं चेव य फुसणा**) જે પ્રમાણે અવગાહના કહી તે પ્રમાણે સ્પર્શના જાણવી. વિશેષ એટલું કે સ્પર્શના કાંઇક અધિક હોય. જેટલા પ્રદેશોને ચારે બાજુ સ્પર્શે તેટલી અધિક સ્પર્શના જાણવી.

હવે ૩૪ મું ભાવદ્વાર કહે છે:—(**चउरो**) પુલાક, બકુશ, પ્રતિસેવાકુશીલ તથા કષાયકુશીલ એ ચાર નિર્ગ્રંથ (**भावे खओवसमियंमि**) ક્ષયોપશમ ભાવે હોય. (**ण्हाओ खाइयभावे**) સ્નાતક ક્ષાયિક ભાવે હોય. (**नियंठो**) તથા નિર્ગ્રંથ (**उवसमि**) અગિઆરમે ગુણઠાણે ઉપશમભાવે હોય અને (**खइयंमि वि**) બારમે ગુણઠાણે ક્ષાયિકભાવે હોય ૯૮.

હવે ૩૫ મું પરિમાણ દ્વાર કહે છે:—

पडिवज्जंत पुलाया, इक्काई जाव सयपुहुत्तं ति ।
पडिवन्ना जइ हुंती, सहसपुहुत्तंत एगाई ॥ ९९ ॥

અર્થ:—(**पडिवज्जंत पुलाया**) પ્રતિપદ્યમાન એટલે પુલાકપણાને પામતા જઘન્યથી એક સમયે એક હોય અને ઉત્કૃષ્ટપણે (**इक्काई जाव सयपुहुत्तं ति**) એકથી માંડીને શતપૃથક્ત્વ હોય. (**पडिवन्ना जइ**) તથા પૂર્વપ્રતિપન્ન પુલાકપણામાં વર્તતા જઘન્ય (**एगाई**) એકથી માંડીને (**सहस्सपुहुत्तंत हुंति**) ઉત્કૃષ્ટ સહસ્રપૃથક્ત્વ સુધી હોય. ૯૯.

सेविबउसा पवज्जंतगा य इक्काइ जा सयपुहुत्तं ।
पडिवन्नगा जहन्नग, इयरे कोडीसयपुहुत्तं ॥ १०० ॥

અર્થઃ--(**सेविबउसा पवज्जंतगा य**) પ્રતિસેવાકુશીલપણાને તથા બકુશપણાને પામતા (**इक्काइ जा सयपुहुत्तं**) એકાદિથી માંડીને યાવત્ શતપૃથકત્વ હોય, અને (**पडिवन्नगा**) તે પણાને પામેલા (**जहन्नग इयरे**) જઘન્યથી અને ઉત્કૃષ્ટથી (**कोडीसयपुहुत्तं**) કોટિ શતપૃથકત્વ હોય. ૧૦૦.

सकसाया इक्काई, सहसपुहुत्तं सिया पवज्जंता ।
कोडीसहसपुहुत्तं, उक्कोस जहन्नग पवन्ना ॥ १०१ ॥

અર્થઃ--(**सकसाया**) કષાયકુશીલ (**पवज्जंता**) પ્રતિપદ્યમાન-પામનારા (**इक्काई सहसपुहुत्तं सिया**) એકથી માંડીને સહસ્રપૃથક્ત્વ હોય તથા (**पवन्ना**) પૂર્વપ્રતિપન્ન (**उक्कोस जहन्नग**) ઉત્કૃષ્ટથી અને જઘન્યથી (**कोडीसहसपुहुत्तं**) કોટિ સહસ્રપૃથક્ત્વ હોય. ૧૦૧.

पडिवज्जंत नियंठा, इक्काई जा सयं तु बासट्ठं ।
अट्ठसयं खवगाणं, उवसमगाणं तु चउवन्ना ॥ १०२ ॥

અર્થ:—હવે (**नियंठा**) નિર્ગ્રંથપણાને (**पडिवज्जंत**) પ્રતિપદ્યમાન-પામનારા (**इक्काई जा सयं तु बासट्ठं**) જઘન્યપણે એકથી માંડીને ઉત્કૃષ્ટપણે ૧૬૨ હોય; કેમકે ઉત્કૃષ્ટ (**अट्ठसयं खवगाणं**) ક્ષપકશ્રેણિ એકી સાથે ૧૦૮ માંડે અને (**उवसमगाणं तु चउवन्ना**) ઉપશમશ્રેણિ એકી સાથે ૫૪ જીવો માંડે. તે બન્ને મળીને એક સાથે નિર્ગ્રંથપણું પામતા ૧૬૨ જીવો હોય. ૧૦૨.

पुव्वपवन्ना जइ ते, इक्काई हुंति जा सयपुहुत्तं ।
ण्हाया उ पवज्जंता, अट्ठसयं जाव समयंमि ॥ १०३ ॥

અર્થ:—(**जइ ते**) જો તે નિર્ગ્રંથ (**पुव्वपवन्ना**) પૂર્વપ્રતિપન્ન ગણીએ તો (**इक्काई हुंति जा सयपुहुत्तं**) એકથી માંડીને યાવત્ શતપૃથક્ત્વ હોય. (**ण्हाया उ**) અને સ્નાતક તો (**समयंमि**) એક સમયમાં (**पवज्जंता**) પ્રતિપદ્યમાન ઉત્કૃષ્ટ (**अट्ठसयं जाव**) એકથી માંડીને ૧૦૮ સુધી ક્ષપકશ્રેણિવાળા હોય. ૧૦૩.

पुव्वपवन्नसिणाया, कोडिपुहुत्तं जहन्नया हुंति ।
उक्कोसा चेवं चिय, परिमाणमिमेसि एवं तु ॥१०४॥ दारं ३५

અર્થ:—(**पुव्वपवन्नसिणाया**) પૂર્વપ્રતિપન્ન સ્નાતક (**कोडिपुहुत्तं जहन्नया हुंति**) જઘન્યથી કોડી પૃથક્ત્વ (કેવળી) હોય. (**उक्कोसा चेवं चिय**) ઉત્કૃષ્ટપણે પણ (**परिमाणमिमेसि एवं तु**) એમનું એટલું જ પરિમાણ જાણવું. ૧૦૪.

હવે ૩૬ મું અલ્પ બહુત્વ દ્વાર કહે છે:—

निग्गंथपुलयण्हाया, बउसा पडिसेवगा कसाइल्ला ।
थोवा संखिज्जगुणा, जहुत्तरं ते विणिद्दिट्ठा ॥१०५॥ दारं ३६

અર્થ:—(**निग्गंथ**) નિર્ગ્રંથ (**थोवा**) સૌથી થોડા હોય કેમકે તે ઉત્કૃષ્ટ પણ શતપૃથક્ત્વ પ્રમાણ જ હોય. (**पुलय संखिज्जगुणा**) તેથી પુલાક સંખ્યાતગુણા હોય કારણ કે તે સહસ્રપૃથક્ત્વ હોય. (**ण्हाया**) તેથી સ્નાતક સંખ્યાતગુણા કારણ કે તે કોટિ પૃથક્ત્વ હોય. (**बउसा**) તેથી બકુશ સંખ્યાતગુણા હોય. તે શતકોટિ પૃથક્ત્વ હોવાથી. (**पडिसेवगा**) તેથી પ્રતિસેવાકુશીલ સંખ્યાતગુણા હોય.

અહીં કોઇ શંકા કરે કે પ્રતિસેવાકુશીલ તથા બકુશની સંખ્યા સરખી કહી છે છતાં તે સંખ્યાતગુણ કેમ? તેનો **ઉત્તર**—બકુશનું કોટિ શતપૃથક્ત્વ બે ત્રણ કોટિશત પ્રમાણ છે અને પ્રતિસેવાકુશીલનું કોટિ શત પૃથક્ત્વ ચતુષ્ક કોટિશત પ્રમાણ છે તેથી તેમાં વિરોધ નથી. (**कसाइल्ला**) તેથી કષાયકુશીલ સંખ્યાતગુણા છે કારણ કે તેની સંખ્યા સહસ્રકોટિ પૃથક્ત્વની હોય છે. (**जहुत्तरं ते विणिद्दिट्ठा**) એ રીતે ઉત્તરોત્તર એક એકથી એ પ્રમાણે વધારે સમજવા. ૧૦૫.

भगवइपणवीससयस्स छट्ठउद्देसगस्स संगहणी ।
एसा उ नियंठाणं, रइया भावत्थसरणत्थं ॥ १०६ ॥

અર્થ:—(**भगवइ**) શ્રી ભગવતી સૂત્રના (**पणवीससयस्स छट्ठउद्देसगस्स**) પચીશમા શતકના છઠ્ઠા ઉદ્દેશાની (**संगहणी**) આ સંગ્રહણી (દ્વારનો સમૂહ) (**एसा उ नियंठाणं**) એ નિર્ગ્રંથોના (**भावत्थसरणत्थं**) ભાવાર્થનું સ્મરણ કરવાને માટે (**रइया**) રચી છે. ૧૦૬.

ઇતિ શ્રી અભયદેવસૂરિવિરચિત પંચનિર્ગ્રંથી
પ્રકરણ સાર્થ સમાપ્ત.

पूर्वाचार्यप्रणीत—

निगोद षट्त्रिंशिका प्रकरणम्

लोगस्सेगपएसे, जहन्नयपयम्मि जियपएसाणं ।
उक्कोसपए य तहा, सव्वजियाणं च के बहुया ? ॥ १ ॥

અર્થ:—(**लोगस्सेगपएसे**) લોકના એક પ્રદેશમાં (**जहन्नयपयम्मि**) જઘન્ય પદે (**जियपएसाणं**) જીવના પ્રદેશો (**तहा**) તથા (**उक्कोसपए य**) ઉત્કૃષ્ટપદે જીવના પ્રદેશો અને (**सव्वजियाणं च**) સર્વ જીવો-તેમાં (**के बहुया**) કોણ ઘણા છે ?

વિવેચન:—આ ગાથામાં ત્રણ રાશિના અલ્પબહુત્વનો પ્રશ્ન પૂછે છે:—

૧ જઘન્યપદે (જે આકાશપ્રદેશમાં સર્વથી થોડા જીવના પ્રદેશ હોય તે) એક આકાશપ્રદેશમાં જીવોના પ્રદેશ કેટલા ?

૨ ઉત્કૃષ્ટપદે (જે આકાશપ્રદેશે વધારેમાં વધારે જીવપ્રદેશો હોય તે) એક આકાશપ્રદેશમાં જીવોના પ્રદેશ કેટલા ?

૩ સર્વ જીવોની સંખ્યા.

ચૌદ રાજપ્રમાણ લોક છે. જ્યાં છએ દ્રવ્ય હોય છે તેને **લોકાકાશ** કહે છે. તે ચૌદ રાજલોકના પ્રદેશ અસંખ્યાતા છે. જે આકાશક્ષેત્રના કેવળીની બુદ્ધિએ પણ એકના બે વિભાગ ન કલ્પી શકાય તેને **પ્રદેશ** કહે છે. આ ચૌદ રાજલોક **નિગોદ**થી ભરેલો છે. એ નિગોદના બે પ્રકાર છે. ૧ સૂક્ષ્મનિગોદ અને ૨ બાદરનિગોદ. તેમાં સૂક્ષ્મ નિગોદ ચૌદ રાજલોકમાં સર્વત્ર છે, બાદર નિગોદ નિયતસ્થાનવર્તી (અમુક અમુક ભાગમાં જ) હોય છે. અનંત જીવોનું સાધારણ શરીર તેને નિગોદ કહે છે, એટલે એક એક નિગોદમાં અનંતા અનંતા જીવો છે. એક એક જીવના અસંખ્યાત પ્રદેશો છે. તે અસંખ્યાત લોકાકાશના પ્રદેશ સરખું જાણવું.

આ જીવની ઉત્કૃષ્ટ અવગાહના ચૌદરાજપ્રમાણ છે, કારણ કે જ્યારે જીવ કેવળી સમુદ્ઘાત કરે છે ત્યારે ચોથે સમયે તેનો એક એક પ્રદેશ લોકાકાશના

એક એક પ્રદેશ ઉપર આવી જાય છે, તેથી તે ચૌદરાજલોકવ્યાપ્ત થાય છે. જીવની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ હોય છે. જીવ જ્યારે ઘણો સંકુચિત થાય છે ત્યારે તે અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ અવગાહનાવાળો થાય છે. આવી સંકુચિત અવગાહના નિગોદમાં હોવાથી એક નિગોદની અવગાહના પણ અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. નિગોદના અનંતા જીવોનું એક સાધારણ શરીર હોવાથી સઘળા જીવો સરખી અવગાહનાવાળા હોય છે. તેથી એક આકાશપ્રદેશમાં અનંતા જીવોના અસંખ્યાત અસંખ્યાત આત્મપ્રદેશો હોય છે. ॥ ૧ ॥

પ્રથમ ગાથામાં ત્રણ રાશિના પરસ્પર અલ્પબહુત્વનો પ્રશ્ન છે તેનો ઉત્તર એક જ ગાથાવડે કહે છે:—

थोवा जहन्नयपए, जियप्पएसा जिया असंखगुणा ।
उक्कोसपयपएसा, तओ विसेसाहिया भणिया ॥ २ ॥

અર્થ:—(**जहन्नयपए**) જઘન્યપદે (**जियप्पएसा**) જીવપ્રદેશો (**थोवा**) થોડા છે, તેથી (**जिया**) જીવો (**असंखगुणा**) અસંખ્યાતગુણા છે, (**तओ**) તેથી (**उक्कोसपयपएसा**) ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો (**विसेसाहिया**) વિશેષાધિક (**भणिया**) કહ્યા છે.

વિવેચનઃ—પ્રથમ ગાથામાં કહેલા ત્રણ રાશિમાંથી જઘન્યપદે (**એટલે જે** આકાશપ્રદેશમાં સર્વથી થોડા જીવપ્રદેશો હોય તે સ્થાને) જીવપ્રદેશો થોડા છે, તે જઘન્યપદે રહેલા જીવપ્રદેશોથી સર્વ જીવોની સંખ્યા અસંખ્યાતગુણી છે. સર્વ જીવોની સંખ્યાથી ઉત્કૃષ્ટપદે (જે આકાશપ્રદેશમાં વધારેમાં વધારે જીવપ્રદેશો રહેલા હોય તે સ્થાને) જીવપ્રદેશો વિશેષાધિક છે.

૧ જઘન્યપદે જીવપ્રદેશો થોડા છે. તેનાથી

૨ સર્વ જીવોની સંખ્યા અસંખ્યાતગુણી છે. તેનાથી

૩ ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો વિશેષાધિક છે. ॥ ૨ ॥

હવે જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદ ક્યાં હોય? તે કહે છે:—

तत्थ पुण जहन्नपयं, लोयंते जत्थ फासणा तिदिसिं ।
छद्दिसिमुक्कोसपयं, समत्थगोलंमि नन्नत्थ ॥ ३ ॥

અર્થ:—(**तत्थ पुण जहन्नपयं**) તેમાં પણ જઘન્યપદ (**लोयंते**) લોકને અંતે (**जत्थ**) જ્યાં (**तिदिसिं**) ત્રણ દિશાની (**फासणा**) સ્પર્શના હોય ત્યાં

હોય. (**उक्कोसपयं**) ઉત્કૃષ્ટપદ, (**छद्दिसिं**) છ દિશાની સ્પર્શનાવાળા (**समत्थ-गोलंमि**) સમસ્ત-સંપૂર્ણ ગોળામાં હોય છે. (**नन्नत्थ**) બીજે હોતું નથી.

વિવેચનઃ—જઘન્યપદ લોકને અંતે જ્યાં નિષ્કુટ-ખૂણા હોય ત્યાં હોય છે, કારણ કે ત્યાં આવેલ ગોળાઓમાં (અસંખ્યાતા નિગોદનો એક ગોળો થાય છે, તે આગળ કહેશે) કેટલાકને ત્રણ દિશાની, કેટલાકને ચાર દિશાની અને કેટલાકને પાંચ દિશાની સ્પર્શના હોય છે. તેમાંથી જઘન્યપદ ત્રણ દિશાની સ્પર્શનાવાળા ગોળામાં હોય છે. તેને બાકીની ત્રણ દિશાઓની સ્પર્શના અલોકથી આચ્છાદિત થયેલી હોય છે. અલોકમાં જીવની ગતિ નહીં હોવાથી ત્યાં જીવો હોતા નથી. આવા ઓછી સ્પર્શનાવાળા ખંડગોળા કહેવાય છે, માટે જઘન્યપદ ત્રણ દિશાની સ્પર્શ-નાવાળા ખંડગોળામાં હોય છે.

જે ગોળામાં છ દિશામાં નવા ગોળાને ઉત્પન્ન કરનાર નિગોદરાશિની સ્પર્શના હોય છે તે ઉત્કૃષ્ટપદ કહેવાય છે. આ ઉત્કૃષ્ટપદ સંપૂર્ણ ગોળામાં જ હોય છે, પણ ખંડગોળામાં હોતું નથી. સંપૂર્ણ ગોળા તો લોકમધ્યે જ હોય છે, લોકને છેડે હોતા નથી. ॥ ૩ ॥

હવે ગ્રંથકાર પ્રતિવાદીને જે શંકા ઉપસ્થિત થઇ શકે એવી શંકા સ્વતઃ ઉપજાવે છે:—

અવતરણ—ગ્રંથકાર પ્રતિવાદી તરફથી શંકા કરતા સતા કહે છે:—

उक्कोसमसंखगुणं, जहन्नयाओ पयं हवइ किं नु ।
नणु तिद्दिसिफुसणाओ, छद्दिसिफुसणा भवे दुगुणा ॥ ४ ॥

અર્થ:—(**जहन्नयाओ पयं**) જઘન્યપદથી (**उक्कोसं असंखगुणं**) ઉત્કૃષ્ટપદ અસંખ્યગુણ (**किं नु हवइ**) કેવી રીતે હોય ? કારણ કે (**तिद्दिसिफुसणाओ**) ત્રણ દિશાની સ્પર્શના કરતાં (**छद्दिसिफुसणा**) છ દિશાની સ્પર્શના સામાન્ય રીતે (**दुगुणा भवे**) બમણી થવી જોઇએ.

વિવેચનઃ—ખંડગોળામાં જઘન્ય પદ કહ્યું તે ખંડગોળાની સ્પર્શના ત્રણ દિશાની છે અને સંપૂર્ણ ગોળામાં ઉત્કૃષ્ટ પદ કહ્યું તેની સ્પર્શના છ દિશાની છે, માટે બમણી થાય પણ અસંખ્યાતગુણી કેવી રીતે થાય ? વળી જઘન્ય પદે એક આકાશપ્રદેશમાં રહેલ જીવપ્રદેશરાશિની અપેક્ષાએ સર્વ જીવોની સંખ્યા અસંખ્યાત-ગુણી કહી અને તેથી ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશ વિશેષાધિક કહ્યા; માટે તે પણ (ઉત્કૃષ્ટપદસ્થિત જીવપ્રદેશ) તમારા કથન પ્રમાણે જઘન્યપદથી અસંખ્યાતગુણા થાય તે કેવી રીતે ઘટે ? ॥ ૪ ॥

હવે આ પાંચમી ગાથામાં તે વિરોધનો પરિહાર સમજાવે છે:—

थोवा जहन्नयपए, निगोयमित्तावगाहणा फुसणा।
फुसणाऽसंखगुणत्ता, उक्कोसपए असंखगुणा ॥ ५ ॥

અર્થ:—(**थोवा जहन्नयपए**) જઘન્યપદે જીવપ્રદેશો થોડા હોય છે. ત્યાં (**निगोयमित्तावगाहणा**) નિગોદ માત્ર અવગાહનાની (**फुसणा**) સ્પર્શના હોવાથી અને (**उक्कोसपए**) ઉત્કૃષ્ટપદે સ્પર્શના જ (**असंखगुणत्ता**) અસંખ્યાતગુણી હોવાથી જીવપ્રદેશો (**असंखगुणा**) અસંખ્યગુણા હોય છે.

વિવેચનઃ—જઘન્યપદે એક આકાશપ્રદેશમાં જીવપ્રદેશની સંખ્યા થોડી છે, કારણ કે તેની (જઘન્યપદની) નિગોદ જેટલી અવગાહનાની જ સ્પર્શના છે.

એક નિગોદની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે. તે નિગોદ, જેટલા આકાશપ્રદેશમાં રહેલી હોય છે ત્યાં જ બીજા આકાશપ્રદેશની સ્પર્શનાના પરિહારવડે જે બીજી અસંખ્યાત નિગોદો રહેલી છે, તે એકાવગાહના નિગોદ કહેવાય છે. તે એકાવગાહનાવાળી નિગોદોએ જે આકાશપ્રદેશ અવગાહ્યા છે, તેની જઘન્યપદમાં સ્પર્શના પણ તેટલી જ છે; ખંડગોળા ઉત્પન્ન કરનારી બીજી નિગોદોનો તેને સ્પર્શ નહીં હોવાથી. ભૂમિના નજીકના વચલા ભાગનો જે ખૂણો તે ખૂણાના છેલ્લા પ્રદેશરૂપ જઘન્ય પદ છે, તેને અલોકનો સંબંધ હોવાથી એકાવગાહનાવાળી નિગોદો જ સ્પર્શે છે, પણ ખંડગોળાને ઉત્પન્ન કરનારી બીજી નિગોદોનો તેને સ્પર્શ નથી. પ્રદેશની વૃદ્ધિ અને હાનિવાળી અને તુલ્ય અવગાહનાવાળી બીજી નિગોદોની સ્પર્શના ત્યાં હોતી નથી.

ઉત્કૃષ્ટ પદમાં સ્પર્શના આ પ્રમાણે હોય છેઃ—એકાવગાહનાવાળી સંપૂર્ણ ગોળાની નિષ્પાદક અસંખ્યાતી નિગોદો છે તે ઉત્કૃષ્ટપદને (જે અવગાહનામાં ઉત્કૃષ્ટપદરૂપ જે આકાશપ્રદેશ રહેલ હોય તેને) નહીં છોડનારી પ્રથમ નિગોદની અવગાહનાની અપેક્ષાએ એક એક પ્રદેશની શ્રેણિની હાનિવાળી પ્રત્યેક અસંખ્યાતી નિગોદોવડે સ્પર્શાયેલી છે, માટે તેમાં જઘન્ય પદ કરતાં અંખ્યાતગુણા વધારે જીવપ્રદેશની સ્પર્શના છે. તે સ્પર્શના અસંખ્યાતગુણી છતાં અસત્કલ્પનાએ કોટિ સહસ્ર ગણતાં અને દરેક જીવના લાખ પ્રદેશો ગણતાં ત્યાં દશ કોટાકોટિ જીવપ્રદેશો થાય. તે જઘન્યપદના એક ક્રોડ જીવપ્રદેશો કરતાં અસંખ્યાતગુણા થાય, કારણ કે અસંખ્યાતને લાખકલ્પ્યા છે, તેને ક્રોડ ગુણ કરતાં લાખ ક્રોડ થાય તે કરતાં પણ દશ કોટાકોટિ વધારે છે. ॥ ૫ ॥

હવે ગોળાની પ્રરૂપણા કરે છેઃ—

उक्कोसपयममुत्तं, निगोयओगाहणाइ सव्वत्तो।
निप्फाइज्जइ गोलो, पएसपरिवुड्ढिहाणीहिं ॥ ६ ॥

અર્થ:—(**उक्कोसपयममुत्तुं**) ઉત્કૃષ્ટપદને છોડ્યા વિના (**सव्वत्तो**) સર્વ બાજુએ (**निगोय**) નિગોદની (**ओगाहणाइ**) અવગાહનાવાળી (**पएसं**) એક એક પ્રદેશની (**परिवुड्ढिहाणीहिं**) વૃદ્ધિ અને હાનિએ કરીને (**गोलो**) ગોળા (**निप्फाइज्जइ**) બનાવાય છે.

વિવેચનઃ—લોકની મધ્યમાં આવેલા ગોળાની અંદર રહેલ ઘણા જીવ-પ્રદેશવડે સ્પર્શાએલ આકાશપ્રદેશ રૂપ ઉત્કૃષ્ટ પદ છે. એક અવગાહનાવાળી નિગોદના વિવક્ષિત (અમુક જે કલ્પીએ તે) પ્રદેશને છોડ્યા વિના સર્વ દિશામાં એક એક પ્રદેશની વૃદ્ધિ અને હાનિવડે વિવક્ષિત અવગાહનાના કેટલાક પ્રદેશને મૂકતી એવી અન્ય અન્ય નિગોદોની સ્થાપનાવડે અસંખ્ય ગોળાઓ ઉત્પન્ન થાય છે.

ભાવાર્થઃ—જે વિવક્ષિત અંગુલના અસંખ્યાતમા ભાગરૂપ આકાશપ્રદેશમાં એક નિગોદ અવગાહેલ છે, તેને જ વિષે (તેટલી જ અવગાહનામાં) બીજી અસંખ્યાતી નિગોદો અવગાહેલી છે, તેમ જ તે વિવક્ષિત નિગોદની અવગાહનાની અપેક્ષાએ તેના કેટલાક પ્રદેશોને મૂકીને બાકીના કેટલાક પ્રદેશોમાં વ્યાપીને રહેલી એવી સર્વ દિશાઓમાં અસંખ્યાતી નિગોદો છે, તેનાવડે ગોળાઓ ઉત્પન્ન થાય છે. ॥ ૬ ॥

હવે બીજા ગોળા કેવી રીતે નીપજે છે ? તે કહે છે:—

तत्तो च्चिय गोलाओ, उक्कोसपयं मुइत्तु जो अन्नो ।
होइ निगोओ तंमि वि, अन्नो निप्फज्जई गोलो ॥ ७ ॥

અર્થ:—(**तत्तो च्चिय गोलाओ**) ત્યારપછી તે ગોળાના (**उक्कोसपयं**) ઉત્કૃષ્ટ પદને (**मुइत्तु**) છોડીને (**जो अन्नो**) જે બીજી (**होइ निगोओ**) નિગોદો રહેલી છે. (**तंमि वि**) તેમાં પણ (**अन्नो निप्फज्जइ गोलो**) બીજા ઉત્કૃષ્ટપદથી બીજા ગોળાઓ નીપજે છે.

વિવેચનઃ—ઉપર કહેલા ગોળાને આશ્રીને બીજા ગોળા બને છે. કેવી રીતે ? **ઉત્તર**—પ્રથમના ગોળાનું વિવક્ષિત ઉત્કૃષ્ટ પદ છોડીને જે બીજી નિગોદો રહી છે, તેમાં અન્ય ઉત્કૃષ્ટ પદની કલ્પનાથી બીજા ગોળા બને છે. ભાવાર્થ આ પ્રમાણે–પ્રથમના ઉત્કૃષ્ટ પદને આશ્રી વિવક્ષિત નિગોદની અવગાહનામાં એક એક પ્રદેશની વૃદ્ધિ અને હાનિવડે જે અન્ય નિગોદો સ્થાપી છે, તેમાંની કોઇ એક પણ નિગોદને આશ્રીને બીજી નિગોદો સ્થાપવાથી બીજા ગોળા બને છે, એટલે એક એક આકાશ-પ્રદેશની વૃદ્ધિ–હાનિવડે જે નિગોદો રહી છે તે નિગોદોમાં અન્ય ઉત્કૃષ્ટ પદ સ્થાપવાથી બીજા ગોળા બને છે. (એ પ્રમાણે અસંખ્યાતા ગોળા બને છે.) ॥ ૭ ॥

एवं निगोयमित्ते, खित्ते गोलस्स होइ निप्फत्ती।
एवं निप्फज्जंते, लोगे गोला असंखिज्जा ॥ ८ ॥

અર્થ:—(**एवं निगोयमित्ते**) એ પ્રમાણે નિગોદ માત્ર (**खित्ते**) ક્ષેત્રમાં (**गोलस्स होइ निप्फत्ती**) ગોળાની નિષ્પત્તિ થાય છે, અને (**एवं**) એ પ્રમાણે (**लोगे**) લોકાકાશમાં (**असंखिज्जा**) અસંખ્યાતા (**गोला**) ગોળાઓ (**निप्फज्जंते**)નીપજે છે.

વિવેચન:—ઉપરની ગાથામાં કહેલા ક્રમ મુજબ અમુક વિવક્ષિત નિગોદમાં અન્ય નિગોદ સ્થાપવાવડે નિગોદ માત્ર ક્ષેત્રમાં એટલે ઇચ્છિત જુદી જુદી એક એક નિગોદની અવગાહનાવાળા આકાશપ્રદેશથી અન્ય ગોળાની ઉત્પત્તિ થાય છે. વિવક્ષિત નિગોદની અવગાહનાથી ભિન્ન એટલે એક એક પ્રદેશની વૃદ્ધિ તથા હાનિવાળી અન્ય નિગોદના દેશોની અવગાહનાનો પ્રવેશ બીજા ગોળામાં થાય છે, અથવા સ્પર્શ થાય છે. આ પ્રમાણે લોકમાં અસંખ્યાતા ગોળાઓ બને છે, કારણ કે લોકાકાશના તમામ પ્રદેશો નિગોદના સમૂહથી અવગાહેલા છે. દરેક નિગોદની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે અને દરેક નિગોદે ગોળાની ઉત્પત્તિ થાય છે, માટે ગોળા પણ અસંખ્યાતા છે. ॥ ૮ ॥

હવે પ્રથમ કહેલ ઉત્કૃષ્ટપદ દરેક ગોળામાં હોય છે તે લેવું કે અન્ય ? તે કહે છેઃ—

ववहारनएण इमं, उक्कोसपयावि इत्तिया चेव।
जं पुण उक्कोसपयं, निच्छइयं होइ तं वुच्छं ॥ ९ ॥

અર્થ:—(**ववहारनएण**) વ્યવહાર નયવડે (**इमं**) આ (**उक्कोसपयावि**) ઉત્કૃષ્ટ પદ જાણવા. એટલે ઉત્કૃષ્ટપદ પણ (**इत्तिया चेव**) એટલા જ—ગોળા જેટલા જ જાણવા. પરંતુ (**निच्छइयं**) નિશ્ચય નયે (**जं पुण उक्कोसपयं**) જે (જ્યાં) ઉત્કૃષ્ટપદ (**होइ**) થાય છે, (**तं वुच्छं**) તે હવે કહું છું.

વિવેચન:—વ્યવહાર નયથી સામાન્યપણે ઉપર બતાવ્યું તે ઉત્કૃષ્ટપદ જાણવું, એટલે ખંડગોળા સિવાયના દરેક ગોળામાં ઉત્કૃષ્ટપદ હોવાથી ઉત્કૃષ્ટ પદની સંખ્યા પણ ગોળા જેટલી જ અસંખ્યાતી છે. હવે નિશ્ચયથી ઉત્કૃષ્ટપદ કયું ? તે આથી સમજાયું નહીં, કારણ કે-છ દિશાના સ્પર્શવાળા સર્વે ગોળામાં ઉત્કૃષ્ટ પદ છે, માટે નિશ્ચયથી કયું ઉત્કૃષ્ટપદ લેવું ? તે આગલી ગાથામાં કહે છે ॥ ૯ ॥

बायरनिगोयविग्गह—गइयाई जत्थ समहिया अन्ने।
गोला हुज्ज सुबहुया, निच्छइपयं तदुक्कोसं ॥ १० ॥

અર્થ:—(**जत्थ**) જ્યાં (**बायरनिगोय**) બાદર નિગોદ તથા (**अन्ने**) અન્ય (**विग्गहगइयाई**) વિગ્રહગતિ આદિકના જીવો (**समहिआ**) અધિક હોય તેવા (**हुज्ज सुबहुया गोला**) ઘણા ગોળાઓ હોય છે, તેમાં (**निच्छइय**) નિશ્ચયથી (**तदुक्कोसपयं**) ઉત્કૃષ્ટપદ જાણવું.

વિવેચનઃ—નિગોદ બે પ્રકારની છે.-૧ સૂક્ષ્મ નિગોદ અને ૨ બાદર નિગોદ. બાદર નિગોદ તે સાધારણ વનસ્પતિકાય જીવોનાં શરીર જાણવા, એટલે અનંત જીવોનું જે એક શરીર તે સાધારણ વનસ્પતિકાયનું શરીર જાણવું. તે સાધારણ વનસ્પતિકાય બે પ્રકારે છે-૧ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય અને ૨ બાદર સાધારણ વનસ્પતિકાય. સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના જે શરીર-સૂક્ષ્મ નિગોદ તે ચૌદ રાજલોકવ્યાપી છે. બાદર સાધારણ વનસ્પતિકાયના જે શરીર તે બાદર નિગોદ છે. તે કંદમૂળાદિ જાણવા. તે બાદર નિગોદ નિયતસ્થાનવર્તી છે. તે નિરાધારપણે રહી શકતી નથી, પણ પ્રત્યેક બાદર પૃથ્વી આદિ જીવના શરીરને આધારે રહે છે, છે. બાદર નિગોદો પૃથ્વી આદિ સ્વસ્થાને ઉપજી શકે છે તેમજ રહી શકે છે, પણ સૂક્ષ્મ નિગોદની જેમ સર્વત્ર નથી.

હવે નિશ્ચયથી ઉત્કૃષ્ટપદ કેવી રીતે થાય ? તે કહે છે—જ્યાં સૂક્ષ્મ નિગોદના સમૂહથી ઉત્પન્ન થયેલ ગોળા હોય ત્યાં જો બાદર નિગોદો અવગાહેલા હોય, વળી ત્યાં સૂક્ષ્મ નિગોદના જીવો સજાતીય અથવા વિજાતીય નિગોદમાં ઉત્પન્ન થતા હોય એટલે સૂક્ષ્મ નિગોદના જીવો સૂક્ષ્મ નિગોદમાં અથવા બાદર નિગોદમાં તેમજ બાદર નિગોદના જીવો સૂક્ષ્મ નિગોદમાં અથવા બાદર નિગોદમાં ઉત્પન્ન થતા હોય કે વાટે વહેતા હોય, વળી બીજા પણ પૃથ્વીકાયાદિક જીવો ભવાંતરમાં વિગ્રહગતિ અથવા ઋજુગતિએ ગમન કરતા હોય, વળી ત્યાં સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ તો રહેલા જ હોય-આ સર્વ સંયોગો જે સ્થાને એકઠા થાય ત્યાં નિશ્ચયનયથી ઉત્કૃષ્ટપદ જાણવું. ॥૧૦॥

તે જ વાત દર્શાવે છે.—

इहरा पडुच्च सुहुमे, बहुतुल्ला पायसो सगलगोला ।
तो बायराइगहणं, कीरइ उक्कोसयपयम्मि ॥ ११ ॥

અર્થ:—(**इहरा**) અન્યથા બાદર નિગોદના આશ્રય વિના (**सुहुमे**) સૂક્ષ્મ નિગોદને (**पडुच्च**) આશ્રીને (**पायसो**) પ્રાયે કરીને બધા ગોળા (**बहु तुल्ला**) નિગોદની સંખ્યાએ કરીને અતિ સરખા છે. પરંતુ ઉત્કૃષ્ટપદ નિશ્ચયથી લાવવા માટે તો (**सगलगोला**) સકલ ગોળા એટલે લોકના મધ્યવર્તી સંપૂર્ણ ગોળા, પણ લોકના અંતવર્તી ખંડગોળા નહીં (**तो**) તે (**उक्कोसयपयंमि**) ઉત્કૃષ્ટપદમાં (**बायराइगहणं**) બાદર નિગોદ વિગેરેનું પણ ગ્રહણ (**कीरइ**) કરવું.

વિવેચનઃ—એક સૂક્ષ્મ નિગોદ અસંખ્યાત આકાશપ્રદેશરૂપ અંગુલના અસંખ્યાતમા ભાગને સ્પર્શીને રહેલી છે. તેટલા જ ક્ષેત્રમાં એટલે તેટલી જ અવગાહનાવાળી ત્યાં બીજી અસંખ્યાતી સૂક્ષ્મ નિગોદો રહેલી છે. તે જ ક્ષેત્રમાં એક એક પ્રદેશની વૃદ્ધિ-હાનિવડે બીજી અસંખ્યાતી નિગોદરૂપ અસંખ્યાત ગોળાઓ છએ દિશામાં વિવક્ષિત સૂક્ષ્મ નિગોદને અવગાહે છે. વળી તે જ ક્ષેત્રમાં બાદર નિગોદ રહેલ હોય તે તથા બાદર નિગોદમાંથી નીકળી બાદર નિગોદમાં અથવા સૂક્ષ્મ નિગોદમાં ઉત્પન્ન થનાર જીવોના તેમ જ સૂક્ષ્મ પૃથ્વીકાયાદિક ત્યાં રહેલા અને ભવાંતરને વિષે વિગ્રહગતિથી અગર ઋજુગતિથી જતા જીવોના આત્મપ્રદેશો વિવક્ષિત ક્ષેત્રને અગવાહે તેને તાત્ત્વિક ઉત્કૃષ્ટ પદ જાણવું ॥ ૧૧ ॥

હવે ગોળાદિકનું પરિમાણ કહે છેઃ—

गोला य असंखिज्जा, हुंति निगोया असंखया गोले ।
इक्किक्को य निगोओ, अणंतजीवो मुणेयव्वो ॥ १२ ॥

અર્થઃ—(**गोला य असंखिज्जा**) વળી ગોળા અસંખ્યાતા છે. (**गोले**) એક એક ગોળામાં (**असंखया**) અસંખ્યાતી (**निगोया**) નિગોદો (**हुंति**) છે; (**इक्किक्को य निगोओ**) તથા એક એક નિગોદમાં (**अणंतजीवो**) અનંતા જીવો છે એમ (**मुणेयव्वो**) જાણવું.

વિવેચન—ગોળાઓ અસંખ્યાતા છે. ચૌદ રાજલોકમાં હોવાથી. એક એક ગોળામાં અસંખ્યાતી નિગોદો એટલે શરીરો છે, કારણ કે સરખી અવગાહનાવાળી અસંખ્યાતી નિગોદોનો એક ગોળો બને છે. વળી એક એક નિગોદમાં અનંતા જીવો છે. આ અનંતું સિદ્ધના જીવોના અનંતાથી અનંતગુણું છે, કારણ કે એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયેલ છે, એવું શાસ્ત્રનું વચન છે. ॥ ૧૨ ॥

હવે જીવના પ્રદેશનું પરિમાણ કહે છે અને નિગોદમાં રહેલા જીવની અને ગોળાની અવગાહના કહે છેઃ--

लोगस्स य जीवस्स य, हुंति पएसा असंखया तुल्ला ।
अंगुलअसंखभागो, निगोयजियगोलगोगाहो ॥ १३ ॥

અર્થઃ—(**लोगस्स य जीवस्स य**) લોકાકાશના અને એક જીવના (**पएसा**) પ્રદેશો (**असंखया**) અસંખ્યાતા (**हुंति**) છે અને (**तुल्ला**) તુલ્ય છે. (**निगोय-जियगोलगोगाहो**) નિગોદના જીવની અને ગોળાની અવગાહના (**अंगुलअसंखभागो**) અંગુલના અસંખ્યાતમા ભાગની છે.

વિવેચન—લોકાકાકાશના એટલે ચૌદ રાજલોકના પ્રદેશો અસંખ્યાતા છે અને તેટલા જ પ્રદેશો એક જીવના પણ છે, એટલે કે તે બન્નેના પ્રદેશોની સંખ્યા સરખી છે પણ ન્યૂનાધિક નથી; કારણ કે કેવળીસમુદ્ઘાતમાં કેવળી પોતાના પ્રદેશોવડે સમસ્ત લોકાકાશને પૂરે છે. તે જ જીવ જ્યારે અત્યંત સંકોચને પામે છે ત્યારે તેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી થાય છે. એવી અવગાહનાવાળું જે શરીર તે નિગોદ છે. તેમ જ એક ગોળાની અવગાહના પણ તેટલી જ છે, કારણ કે સરખી અવગાહનાવાળી અસંખ્યાતી નિગોદનો જે સમૂહ તે ગોળો છે; માટે એ ત્રણેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. ॥ ૧૩ ॥

હવે નિગોદ વિગેરેની સમ અવગાહનાનું સમર્થન કરે છેઃ—

जंमि जिओ तमेव निगोओ तो तंमि चेव गोलोऽवि ।
निप्फज्जइ जं खित्ते, तो ते तुल्लावगाहणया ॥ १४ ॥

અર્થઃ—(**जं खित्ते**) જે ક્ષેત્રમાં (**जंमि जिओ**) જ્યાં જીવ છે (**तमेव निगोओ**) ત્યાં જ નિગોદ છે (**तो तंमि चेव**) અને તે જ ક્ષેત્રમાં (**गोलोऽवि**) ગોળો પણ (**निप्फज्जइ**) નીપજે છે; (**तो**) તેથી કરીને (**ते तुल्लावगाहणया**) તે ત્રણે સરખો અવગાહનાવાળા છે.

વિવેચન—જે ક્ષેત્રમાં એક નિગોદ રહેલી છે, તેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગરૂપ જાણવી, એટલે કે અસંખ્યાતા આકાશપ્રદેશરૂપ અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણવો. તે નિગોદમાં રહેલ દરેક જીવની અવગાહના પણ તેટલી જ છે, કારણ કે તે નિગોદરૂપ તેનું શરીર છે. તેમ જ ગોળાની અવગાહના પણ તેટલી જ છે, કારણ કે તે વિવક્ષિત નિગોદની અવગાહના સરખી એકાવગાહનાવાળી બીજી અસંખ્યાતી નિગોદો જે ત્યાં જ રહેલી છે તેનો બને છે. હવે તે ગોળો જેટલા પ્રદેશમાં રહ્યો છે, તેની એક પ્રદેશની શ્રેણિને છોડતી અને બીજી બાજુએ વ્યાપતી છએ દિશામાં બીજી અસંખ્યાતી નિગોદો છે, તેનો જેટલો ભાગ વિવક્ષિત ગોળામાં આવે તે તે વિવક્ષિત ગોળામાં ગણવો અને બાકી રહેલ અવગાહનાનો ભાગ બીજા ગોળામાં ગણવો. આમ હોવાથી જીવ, નિગોદ અને ગોળાની અવગાહના સરખી જાણવી ॥ ૧૪ ॥

આ ગાથામાં પ્રશ્નરૂપે એ ત્રણ અભિધેય કહે છેઃ—

उक्कोसपयपएसे, किमेगजीवप्पएसरासिस्स ।
हुज्जेगनिगोयस्स व, गोलस्स व किं समोगाढं ? ॥ १५ ॥

અર્થ:—(**उक्कोसपयपएसे**) ઉત્કૃષ્ટપદવાળા આકાશપ્રદેશમાં (**किमेगजीवप्पएसरासिस्स**) એક જીવની પ્રદેશરાશિ, (**हुज्जेगनिगोयस्स व**) એક નિગોદની પ્રદેશરાશિ અને (**गोलस्स व**) એક ગોળાની પ્રદેશરાશિ (**किं समोगाढं**) શું શું અવગાહેલ હોય ?

વિવેચનઃ—જ્યારે એક જીવ કે જેનો પ્રદેશરાશિ લોકાકાશ તુલ્ય છે, તે સંકોચ પામીને પોતાના આત્મપ્રદેશને નિગોદ માત્ર ક્ષેત્રમાં અવગાહે ત્યારે તેના કેટલા પ્રદેશો તે ઉત્કૃષ્ટ પદરૂપ આકાશપ્રદેશમાં હોય? તેમ જ એક નિગોદના અને એક ગોળાના કેટલા કેટલા પ્રદેશ તેણે અવગાહેલ હોય? ॥ ૧૫ ॥

પ્રથમ જીવ આશ્રી ઉત્તર કહે છેઃ—

जीवस्स लोगमित्तस्स, सुहुमओगाहणावगाढस्स ।
इक्किक्कंमि पएसे, हुंति पएसा असंखिज्जा ॥ १६ ॥

અર્થ:—(**लोगमित्तस्स**) લોકાકાશના પ્રદેશપ્રમાણવાળા (**जीवस्स**) જીવના (**सुहुम ओगाहणावगाढस्स**) સૂક્ષ્મ અવગાહનામાં રહેલાના (**इक्किक्कंमि पएसे**) આકાશના એક એક પ્રદેશમાં (**असंखिज्जा**) અસંખ્યાતા (**पएसा हुंति**) પ્રદેશો હોય છે.

વિવેચન:—એક જીવના પ્રદેશો ચૌદ રાજલોકના પ્રદેશ તુલ્ય છે. તે અસંખ્યાતા છે. તે જીવ જ્યારે સૂક્ષ્મનામકર્મના ઉદયથી સૂક્ષ્મ અવગાહનામાં રહે છે ત્યારે અંગુલના અસંખ્યાતમા ભાગમાં પણ રહી શકે છે. અસંખ્યાતાના અસંખ્યાત ભેદ હોવાથી લોકાકાશના અસંખ્યાત પ્રદેશોને અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત પ્રદેશે ભાંગતાં અસંખ્યાત આવે, એટલે તે એકેક આકાશપ્રદેશમાં દરેક જીવના અસંખ્યાત અસંખ્યાત પ્રદેશો અવગાહેલ હોય છે. ॥૧૬॥

હવે નિગોદ સંબંધી પ્રરૂપણા કરે છે:—

लोगस्स हिए भागे, निगोयओगाहणाइ जं लद्धं ।
उक्कोसपएऽतिगयं, इत्तियमिक्किक्कजीवाओ ॥ १७ ॥

અર્થ:—(**लोगस्स**) લોકાકાશના પ્રદેશને (**निगोयओगाहणाइ**) નિગોદની અવગાહનાના પ્રદેશોવડે (**हिए भागे**) ભાગ હરવાથી–ભાંગવાથી (**जं लद्धं**) જે આવે, (**इत्तियं**) એટલા પ્રદેશો (**उक्कोसपए**) ઉત્કૃષ્ટપદે (**इक्किक्कजीवाओ**) એકેક જીવના (**अतिगयं**) અવગાહેલ હોય છે.

વિવેચન:—પૂર્વે કહેલી ગાથા પ્રમાણે લોકાકાશના પ્રદેશને નિગોદની અવગાહનારૂપ અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત આકાશપ્રદેશવડે

ભાંગવાથી જે આવે તેટલા ઉત્કૃષ્ટ પદે એક એક આકાશપ્રદેશ ઉપર એક જીવના (અસંખ્યાત) પ્રદેશો રહેલા છે. વળી તે જ આકાશપ્રદેશે તે જ નિગોદવ્યાપી બીજા અનંત જીવો રહેલા છે તે દરેકના ઉપરના ભાંગાકારથી આવેલ અસંખ્યાત જેટલા અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો રહેલા છે. એટલે એક નિગોદગત જીવોના એકંદર અસંખ્યાત અનંત પ્રદેશો એકેક આકાશપ્રદેશે રહેલા છે. ॥ ૧૭ ॥

અસત્કલ્પનાએ એક પ્રદેશે એક જીવના લાખ પ્રદેશ રહેલ હોવાથી અનંત જીવના અનંત લાખ પ્રદેશો રહેલા છે. એમ સમજવું.

હવે ગોળા સંબંધી પ્રરૂપણા કરે છેઃ—

एवं दव्वट्ठाए, सव्वेसिं इक्कगोलजीवाणं ।
उक्कोसपयमइगया, होंति पएसा असंखगुणा ॥ १८ ॥

અર્થ:—(**एवं दव्वट्ठाए**) એ પ્રમાણે દ્રવ્યાર્થપણે-પ્રદેશાર્થપણે નહીં, કારણ કે (**सव्वेसिं इक्कगोलजीवाणं**) એક ગોળાના સર્વ જીવો કરતાં (**उक्कोसपयं**) ઉત્કૃષ્ટપદમાં (**अइगया**) રહેલા (**पएसा**) જીવપ્રદેશો (**असंखगुणा**) અસંખ્યાત ગુણા (**होंति**) હોય છે.

વિવેચનઃ—એક નિગોદમાં જેટલા જીવો છે, તેથી અસંખ્યાતગુણા તેમના પ્રદેશો ઉત્કૃષ્ટપદમાં રહેલા છે, કારણ કે એક નિગોદમાં જીવો અનંતા છે, અને ઉત્કૃષ્ટ પદમાં–વિવક્ષિત આકાશપ્રદેશમાં તેમાંના એક એક જીવના અસંખ્યાત પ્રદેશ રહેલા છે; તેથી તે ઉત્કૃષ્ટપદમાં તે નિગોદગત સર્વ જીવોના મળી અનંત અસંખ્યાત પ્રદેશો છે, માટે અનંત જીવો કરતાં તે પ્રદેશોની સંખ્યા અસંખ્યાત ગુણી જાણવી.

તેમજ એક ગોળામાં રહેલા જીવો કરતાં તેના ઉત્કૃષ્ટપદમાં રહેલા જીવપ્રદેશો અસંખ્યાતગુણ જાણવા, કારણ કે એક ગોળામાં અસંખ્યાતી નિગોદ અને એક નિગોદમાં અનંતા જીવ છે, તેથી એક ગોળામાં અનંત અસંખ્યાત જીવ થયા, અને તે ગોળાના વિવક્ષિત ઉત્કૃષ્ટપદમાં સર્વ નિગોદના જીવપ્રદેશો અસંખ્યાત અનંત અસંખ્યાત છે, ઉપર એક નિગોદની અપેક્ષાએ એક પ્રદેશમાં અનંત અસંખ્યાત પ્રદેશ કહ્યા, તેવી અસંખ્યાત નિગોદો તે ગોળામાં હોવાથી અસંખ્યાત અનંત અસંખ્યાત જીવપ્રદેશો એક આકાશપ્રદેશરૂપ તે ઉત્કૃષ્ટપદમાં રહેલા છે, માટે અસંખ્યાતગુણ કહ્યા છે ॥ ૧૮ ॥

જે ઉપર કહ્યું તેમાં અસંખ્યગુણ શબ્દથી અસંખ્યગુણ પ્રમાણ કેટલું ? તે આ ગાથામાં કહે છેઃ—

तं पुण केवइएणं, गुणियमसंखिज्जयं भविज्जाहि ? ।
भण्णइ दव्वट्ठाए, जावइया सव्वगोलत्ति ॥ १९ ॥

અર્થ:—(**तं पुण**) તે રાશિ વળી (**केवइएणं**) કેટલા પ્રમાણુથી (**गुणियं**) ગુણીએ કે જેથી (**असंखिज्जयं**) અસંખ્યાતગુણ (**भविज्जाहि**) થાય? આ પ્રશ્નના ઉત્તરમાં (**भण्णइ**) કહે છે કે-(**दव्वट्ठाए**) દ્રવ્યાર્થની અપેક્ષાએ (**जावइया**) જેટલા (**सव्वगोलत्ति**) સર્વ ગોળા છે તેટલી સંખ્યાએ એને ગુણતાં ઇષ્ટ અસંખ્યાત રાશિ આવે.

વિવેચનઃ—કેટલા પ્રમાણુવાળી અસંખ્યાત રાશિથી ગુણીએ તો ઉત્કૃષ્ટપદમાં જીવપ્રદેશરાશિ સંબંધી ગણિત આવે ? **ઉત્તર**—જીવોના પ્રદેશદ્વારા નહીં પણ જીવદ્રવ્યોની અપેક્ષાએ સમગ્ર લોકની અંદર જેટલા ગોળા છે તેટલા ગોળાથી ગુણાકાર કરવો. એટલે એક આકાશપ્રદેશ ઉપર જેટલા જીવના પ્રદેશો છે તેટલા ગોળા છે, કારણ કે બધા ગોળાઓની સંખ્યા પણ તેટલી જ છે. સારાંશ એ કે-એક ગોળામાં જે સમગ્ર જીવો છે, તેને સમગ્ર ગોળાની રાશિથી ગુણો, અથવા એક આકાશપ્રદેશ ઉપર રહેલ એક જીવના પ્રદેશરાશિથી ગુણો એટલે તે વડે ગુણવાથી જે રાશિ આવે તેટલો ઉત્કૃષ્ટપદને વિષે જીવપ્રદેશ રાશિ જાણવો ॥૧૯॥

किं कारणमोगाहण–तुल्लत्ता जियनिगोयगोलाणं ।
गोला उक्कोसपएक्क–जियपएसेहिं तो तुल्ला ॥ २० ॥

અર્થ:—(**उक्कोसपए**) ઉત્કૃષ્ટપદે (**इक्कजियपएसेहिं**) એક જીવના પ્રદેશ (**तो तुल्ला**) રાશિ તુલ્ય (**गोला**) ગોળા છે. તેનું (**किं कारणं**) શું કારણ ? (**जियनिगोयगोलाणं**) જીવ, નિગોદ અને ગોળાની (**ओगाहण**) અવગાહના (**तुल्लत्ता**) સરખી છે માટે એમ સમજવું.

વિવેચન:—ઉત્કૃષ્ટપદે એક જીવના પ્રદેશરાશિ તુલ્ય ગોળા હોવાનું કારણ શું ? **ઉત્તર**-જીવ, નિગોદ અને ગોળાની અવગાહના તુલ્ય હોવાથી-એક ગોળાની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે, અને સકળ લોક ગોળાઓથી ભરેલો છે, માટે લોકના પ્રદેશની રાશિને અંગુલના અસંખ્યાતમા ભાગના પ્રદેશ રાશિવડે ભાંગવાથી જે સંખ્યા આવે તેટલી જ સંખ્યા એક જીવના ઉત્કૃષ્ટપદે રહેલા પ્રદેશોની પણ છે, કારણ કે જીવની પ્રદેશરાશિ લોકાકાશના પ્રદેશરાશિ તુલ્ય છે અને અહીં જીવની અવગાહના અંગુલના અસંખ્યાત ભાગપ્રમાણ છે; માટે બન્નેમાં ભાજ્ય ભાજક સંખ્યા સરખી હોવાથી ભાંગાકાર સરખો જ આવે, માટે સમગ્ર ગોળાઓ અને ઉત્કૃષ્ટપદે એક જીવપ્રદેશોની સંખ્યા સરખી જાણવી. ॥૨૦॥

એજ વાતને વિશેષ સમજાવવા માટે ફરીથી કહે છે:—

गोलेहिं हिए लोगे, आगच्छइ जं तमेगजीवस्स ।
उक्कोसपयगयपएसरासितुल्लं हवइ जम्हा ॥ २१ ॥

અર્થ:—(**जम्हा**) જે માટે (**लोगे**) લોકાકાશના પ્રદેસોને (**गोलेहिं**) ગોળાની અવગાહનાવડે (**हिए**) ભાંગવાથી (**जं**) જે રાશિ (**आगच्छइ**) આવે (**तं**) તે (**रासितुल्लं**) રાશિ તુલ્ય (**एगजीवस्स**) એક જીવના (**उक्कोसपयगयपएस**) ઉત્કૃષ્ટપદે રહેલા પ્રદેશો (**हवइ**) હોય છે.

વિવેચનઃ—લોકાકાશના પ્રદેશરાશિને એક ગોળાની અવગાહના જે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે તેના વડે ભાંગવાથી જે રાશિ આવે તેટલા ઉત્કૃષ્ટપદે એક જીવના પ્રદેશો હોય છે. ॥ ૨૧ ॥

अहवा लोगपएसे, इक्किक्के ठवय गोलमिक्किक्कं ।
एवं उक्कोसपएक्कजियपएसेसु मायंति ॥ २२ ॥

અર્થ:—(**अहवा**) અથવા (**लोग**) લોકાકાશના (**इक्किक्के**) એક એક (**पएसे**) પ્રદેશે (**गोलमिक्किक्कं**) એક એક ગોળાને (**ठवय**) સ્થાપન કરો. (**एवं**) એ પ્રમાણે (**उक्कोसपए**) ઉત્કૃષ્ટપદે રહેલા (**एक्कजियपएसेसु**) એક જીવ પ્રદેશ તુલ્ય પ્રદેશમાં તે ગોળા (**मायंति**) સમાય છે.

વિવેચન:—અથવા લોકના એક એક પ્રદેશને વિષે એક એક ગોળો સ્થાપન કરવો, અને તે પ્રમાણે સ્થાપન કરતાં તે ગોળાઓ જેટલા આકાશપ્રદેશને રોકે તેટલા જ એક જીવના ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો જાણવા; માટે ગોળાઓ તેમજ ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો સરખા જાણવા. ॥ ૨૨ ॥

गोलो जीवो य समा, पएसओ जं च सव्वजीवाऽवि ।
हुंति समोगाहणया, मज्झिमओगाहणं पप्प ॥ २३ ॥

અર્થ:—(**गोलो**) ગોળો (**य**) તથા (**जीवो**) જીવ એ બન્ને અવગાહનાના (**पएसओ**) પ્રદેશ આશ્રી (**समा**) તુલ્ય છે. (**जं च**) જે કારણ માટે (**सव्वजीवाऽवि**) સર્વ જીવો પણ (**मज्झिमओगाहणं**) મધ્યમ અવગાહનાને (**पप्प**) પામીને-આશ્રીને (**समोगाहणया**) સરખી અવગાહનાવાળા (**हुंति**) હોય છે.

વિવેચન:—ગોળો તથા જીવ એ બંને અવગાહનાના પ્રદેશોને આશ્રીને તુલ્ય

છે. બન્નેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોવાથી. અસતૂકલ્પનાએ બન્ને દશ હજાર આકાશપ્રદેશમાં અવગાહ્યા છે, કારણ કે સૂક્ષ્મ સર્વ જીવો પણ મધ્યમ અવગાહનાને આશ્રી સરખી અવગાહનાવાળા છે. અસત્ કલ્પનાથી જઘન્ય અવગાહના પાંચ હજાર પ્રદેશની અને ઉત્કૃષ્ટ અવગાહના પંદર હજાર પ્રદેશની ગણો એટલે બન્ને અવગાહના મેળવી અર્ધી કરવાથી મધ્યમ અવગાહના દશ હજાર પ્રદેશની થાય છે. ॥ ૨૩ ॥

तेण फुडं चिय सिद्धं, एगपएसम्मि जे जियपएसा ।
ते सव्वजीवतुल्ला, सुणसु पुणो जह विसेसाहिया ॥२४॥

અર્થ:—(तेण) તે કારણ માટે **(चिय)** નિશ્ચે **(फुडं)** સ્પષ્ટપણે **(सिद्धं)** સિદ્ધ થયું કે-(**एगपएसम्मि**) ઉત્કૃષ્ટ પદવાળા એક આકાશપ્રદેશમાં (**जे**) જેટલા **(जियपएसा)** જીવપ્રદેશો છે, **(ते सव्वजीवतुल्ला)** તે સર્વ જીવ તુલ્ય છે. **(पुणो जह)** હવે જે રીતે જીવપ્રદેશો **(विसेसहिया)** વિશેષાધિક થાય છે તે **(सुणसु)** સાંભળો.

વિવેચનઃ—ઉત્કૃષ્ટપદે વર્તતા જીવોના જેટલા પ્રદેશો છે તે સર્વ જીવ તુલ્ય છે. તે અસતૂકલ્પનાએ બતાવે છે-પૂર્વે કહ્યા પ્રમાણે એક જીવના સો કોટિ પ્રદેશો છે. તેને દશ હજાર પ્રદેશની નિગોદની અવગાહના હોવાથી તેનાવડે ભાંગતાં એક આકાશપ્રદેશે એક એક લાખ પ્રદેશ આવે છે. હવે એક નિગોદમાં અનંતા જીવ છતાં અસતૂકલ્પનાએ લાખ ગણવા. લાખને લાખે ગુણવાથી હજાર કોટિ જીવપ્રદેશો થયા. હવે નિગોદો અસંખ્યાતી છતાં અસતૂકલ્પનાએ લાખ ગણવાથી પૂર્વની રાશિને લાખે ગુણવાથી દશ કોટા-કોટિ જીવપ્રદેશો ઉત્કૃષ્ટપદે થયા. અને ગોળામાં જીવદ્રવ્યો એટલે એક ગોળાવર્તી સર્વ જીવો પણ તેટલા જ અસત્કલ્પનાએ દશ કોડાકોડી છે. એ રીતે બંને સરખા થયા. ॥૨૪॥

હવે સર્વ જીવથી ઉત્કૃષ્ટપદે રહેલા જીવપ્રદેશો વિશેષાધિક કેવી રીતે? તે બતાવે છે:—

जं संति केइ खंडा–गोला लोगंतवत्तिणो अन्ने ।
बायरविग्गहिएहि य, उक्कोसपयं जमब्भहियं ॥ २५ ॥

અર્થ:—(**जं**) જે કારણ માટે (**लोगंत**) લોકને અંતે (**केइ**) કેટલાક (**खंडागोला**) ખંડગોળાઓ (**संति**) છે. (**अन्ने**) જે પૂર્ણ ગોળાથી જુદા છે તેથી તે રાશિ કાંઇક ઘટે છે પરંતુ (**जं**) જે કારણ માટે **(उक्कोसपयं)** ઉત્કૃષ્ટપદમાં **(बायर)** બાદર નિગોદના અને **(विग्गहिएहि य)** વિગ્રહગતિવાળા જીવોના પ્રદેશો **(अब्भहियं)** અધિક છે તેથી અધિકપણું થાય છે.

વિવેચનઃ—વળી બાદર નિગોદોના તથા વિગ્રહગતિવાળા જીવોના પ્રદેશો ઉત્કૃષ્ટપદને વિષે રહેલા હોવાથી ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો સર્વજીવરાશિથી વિશેષાધિક છે. ભાવાર્થ એ છે કે-બાદર નિગોદ સર્વ જીવોના અસંખ્યાતમા ભાગ જેટલી છે. કલ્પનાવડે એક કોટિપ્રમાણ છે, તેને પ્રથમની જીવરાશિ ખંડગોળાને લઇને ઉત્કૃષ્ટપદથી એક કોટિ ઓછી ગણી છે તેમાં નાંખવાથી જીવરાશિ તથા ઉત્કૃષ્ટપદ સરખું થાય. હવે તે બાદર નિગોદજીવરાશિ જે અસત્કલ્પનાએ એક ક્રોડ છે તેમાંથી કલ્પનાવડે સો જીવો ઇચ્છિત સૂક્ષ્મ નિગોદના ગોળા ઉપરાંત અવગાહેલ છે. તે જીવો આકાશના એક એક પ્રદેશ ઉપર પોતાના એક એક લાખ પ્રદેશથી વ્યાપેલા છે. આવા સો જીવો સૂક્ષ્મ નિગોદના ગોળા ઉપર અવગાહેલ હોવાથી એક લાખને સોએ ગુણવાથી એક કોટિ થાય, તે સંખ્યા ઉત્કૃષ્ટપદની સંખ્યામાં નાંખવાથી તેની સંખ્યા એક કોટિ પ્રદેશ (સર્વ સૂક્ષ્મનિગોદ જીવરાશિ કરતાં) અધિક થાય છે. ॥ ૨૫ ॥

એ પ્રમાણે થવાથી શું સિદ્ધ થયું ? તે કહે છેઃ—

तम्हा सव्वेहिंतो, जीवेहिंतो फुडं गहेयवं ।
उक्कोसपयपएसा, हुंति विसेसाहिया नियमा ॥ २६ ॥

અર્થઃ—(**तम्हा**) તે કારણ માટે (**सव्वेहिंतो**) સર્વ (**जीवेहिंतो**) જીવોથકી (**उक्कोसपयपएसा**) ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો (**नियमा**) નિશ્ચયથી (**विसेसाहिया**) વિશેષાધિક (**हुंति**) છે એમ (**फुडं**) પ્રગટપણે (**गहेयव्वं**) ગ્રહણ કરવું-જાણવું. ॥ ૨૬ ॥

अहवा जेण बहुसमा, सुहुमा लोएऽवगाहणाए य ।
तेणिक्किक्कं जीवं, बुद्धीए विरल्लए लोए ॥ २७ ॥

અર્થઃ—(**अहवा**) અથવા (**जेण**) જે કારણ માટે (**लोए**) લોકને વિષે (**सुहुमा**) સૂક્ષ્મનિગોદના ગોળાઓ (**अवगाहणाए य**) અવગાહનાને આશ્રીને (**बहु**) ઘણે ભાગે (**समा**) સરખા છે. (**तेण**) તે કારણ માટે (**इक्किक्कं**) એક એક (**जीवं**) જીવને (**बुद्धीए**) બુદ્ધિવડે (**लोए**) લોકને વિષે (**विरल्लए**) વિસ્તારવા-સ્થાપવા.

વિવેચનઃ—સૂક્ષ્મ નિગોદના ગોળાઓ જીવની સંખ્યાવડે ઘણે ભાગે સરખા છે. ખંડગોળા સાથે વ્યભિચાર દોષ દૂર કરવાને માટે ગાથામાં (**बहुसमा**) શબ્દ મૂકયો છે. કલ્પનાવડે એક ગોળા સંબંધી અવગાહનાને વિષે એક હજાર કોટી જીવો રહ્યા છે. આવા ગોળાઓ કલ્પનાથી લોકને વિષે એક લાખ છે. અવગાહનાથી બધા ગોળાઓ સરખા છે. કલ્પનાથી દરેક ગોળાઓ આકાશના દશ હજાર પ્રદેશને વિષે વ્યાપીને રહ્યા છે. હવે આકાશના એક પ્રદેશને વિષે

રહેલા જીવપ્રદેશો તથા સમગ્ર જીવો આ બન્નેનું સરખાપણું જાણવાને માટે એક એક જીવને બુદ્ધિવડે કેવળી સમુદ્ઘાત ગતિથી વિસ્તારવા, એટલે એક ગોળા સંબંધી જીવના જેટલા પ્રદેશો છે–કલ્પનાવડે દશ કોટાકોટિ છે તેટલા જ પ્રદેશો લોકાકાશના એકેક પ્રદેશ ઉપર આવે છે. કેવળી સમુદ્ઘાતની માફક જીવપ્રદેશોનો વિસ્તાર કર્યે સતે જીવો પણ તેટલા જ છે. આથી કરીને ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો તથા સમગ્ર જીવો બન્ને તુલ્ય થાય છે. '**बहुसमा**' શબ્દમાં બહુ એટલે વિશેષે કરીને અથવા પ્રાય: શબ્દ કહ્યો છે તે ખંડગોળાઓ સંબંધી દોષના પરિહાર માટે કહ્યો છે. અર્થાત્ સર્વે સૂક્ષ્મ નિગોદના ગોળા સરખા નથી, પરંતુ ઘણી સંખ્યાવાળા અખંડ ગોળા જીવસંખ્યાની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે, અને અતિ અલ્પ સંખ્યાવાળા ખંડગોળા જીવસંખ્યાપેક્ષાએ સરખા નથી એટલે અખંડ ગોળા જેવા નથી, એ અર્થ સૂચવવા માટે ગાથામાં 'બહુસમા' એટલે પ્રાયઃ સરખા કહ્યા છે, પણ એકાંતે સરખા જ છે એમ કહ્યું નથી. ॥ ૨૭ ॥

एवं पि समा जीवा, एगपएसगयजियपएसेहिं ।
बायर बाहुल्ला पुण, हुंति पएसा विसेसहिया ॥ २८ ॥

અર્થ:—(**एवं पि**) એ પ્રમાણે (**जीवा**) જીવો (**एगपएसगय**) એક આકાશપ્રદેશ ઉપર રહેલા (**जियपएसेहिं**) જીવપ્રદેશોની (**समा**) સરખા છે, (**पुण**) પરંતુ (**बायर**) બાદર નિગોદ (**पएसा**) જીવોના પ્રદેશોના (**बाहुल्ला**) બાહુલ્યપણાથી–ઉત્કૃષ્ટપદ ઉપર તે પ્રદેશો વધારે હોવાથી ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો સર્વ જીવ કરતાં (**विसेसहिया**) વિશેષાધિક (**हुंति**) થાય છે. ॥ ૨૮ ॥

तेसिं पुण रासीणं, निदरिसणमिणं भणामि पच्चक्खं ।
सुहगहणगाहणत्थं, ठवणारासिप्पमाणेहिं ॥ २९ ॥

અર્થ—(**पुण**) વળી (**तेसिं**) તે (**रासीणं**) રાશિઓને–ઉત્કૃષ્ટપદે રહેલા જીવપ્રદેશ રાશિને તથા એક નિગોદમાં રહેલ જીવરાશિને (**सुहगहणगाहणत्थं**) સુખપૂર્વક ગ્રહણ કરવા તથા કરાવવા માટે કલ્પનાવડે (**ठवणा**) સ્થાપન કરેલ (**रासिप्पमाणेहिं**) જીવ તથા પ્રદેશોની રાશિના પ્રમાણવડે (**निदरिसणमिणं**) આ દૃષ્ટાંત (**पच्चक्खं**) પ્રત્યક્ષ (**भणामि**) કહું છું ॥ ૨૯ ॥

गोलाण लक्खमिक्कं, गोले गोले निगोयलक्खं तु ।
इक्किक्के य निगोए, जीवाणं लक्खमिक्किक्कं ॥ ३० ॥

અર્થ—(**गोलाण**) કલ્પનાથી ગોળાઓ (**लक्खमिक्कं**) એક લાખ છે. (**तु**) વળી (**गोले गोले**) દરેક ગોળામાં (**निगोयलक्खं**) લાખ લાખ નિગોદ

છે. (**य**) અને (**इक्किक्के**) એક એક (**निंगोए**) નિગોદમાં (**जीवाणं**) જીવો (**लक्खमिक्किक्कं**) એક એક લાખ છે. ॥ ૩૦ ॥

कोडिसयमेगजीव–प्पएसमाणं तमेव लोगस्स ।
गोलनिगोयजियाणं, दस उ सहस्सा समोगाहो ॥ ३१ ॥

અર્થ—(**एगजीवप्पएसमाणं**) એક જીવના પ્રદેશનું પ્રમાણ કલ્પનાએ કરીને (**कोडिसयं**) એક સો કોટિ છે. (**तमेव लोगस्स**) તેટલું જ લોકાકાશના પ્રદેશનું પ્રમાણ છે. (**गोल**) ગોળા, (**निगोय**) નિગોદ અને (**जियाणं**) જીવોની (**समोगाहो**) અવગાહના સરખી છે. અને તે (**दस उ सहस्सा**) દશ હજાર પ્રદેશ પ્રમાણ છે ॥ ૩૧ ॥

जीवस्सिक्किक्कस्स य, दससाहस्सावगाहिणो लोए ।
इक्किक्कम्मि पएसे, पएसलक्खं समोगाढं ॥ ३२ ॥

અર્થઃ—(**लोए**) લોકાકાશમાં (**दससाहस्सावगाहिणो**) દશ હજાર આકાશપ્રદેશની અવગાહનાવાળા (**जीवस्सिक्किक्कस्स य**) એક એક જીવના (**पएसलक्खं**) લાખ લાખ જીવપ્રદેશો (**इक्किक्कम्मि पएसे**) એક એક આકાશપ્રદેશે (**समोगाढं**) અવગાહ્યા છે. ॥ ૩૨ ॥

जीवसयस्स जहण्णे, पयम्मि कोडीजियप्पएसाणं ।
ओगाढा उक्कोसे, पयम्मि वुच्छं पएसग्गं ॥ ३३ ॥

અર્થઃ—(**जहण्णे पयम्मि**) જઘન્યપદમાં (**जीवसयस्स**) સો જીવ હોય છે, અને તે સો (**जिय**) જીવના (**कोडी**) એક કરોડ (**प्पएसाणं**) આત્મપ્રદેશો જઘન્યપદરૂપ એક આકાશપ્રદેશમાં ખંડગોળાને વિષે (**ओगाढा**) અવગાહ્યા છે. હવે (**उक्कोसे पयम्मि**) ઉત્કૃષ્ટપદરૂપ એક આકાશપ્રદેશમાં અખંડ ગોળાને વિષે (**पएसग्गं**) આત્મપ્રદેશોનો સમૂહ કેટલો છે તે (**वुच्छं**) કહું છું ॥ ૩૩ ॥

कोडिसहस्स जियाणं, कोडाकोडीदसप्पएसाणं ।
उक्कोसे ओगाढा, सव्वजिया वि तत्तिया चेव ॥ ३४ ॥

અર્થઃ—(**उक्कोसे**) ઉત્કૃષ્ટપદમાં (**कोडिसहस्स जियाणं**) હજાર ક્રોડ જીવો છે તે દરેક જીવોના લાખ લાખ આત્મપ્રદેશો હોવાથી (**दस**) દશ (**कोडाकोडी**) કોટાકોટિ (**प्पएसाणं**) આત્મપ્રદેશો (**ओगाढा**) અવગાહ્યા છે, અને (**सव्वजीया वि**) સર્વ સૂક્ષ્મ નિગોદના જીવો પણ (**चेव**) નિશ્ચે (**तत्तिया**) તેટલા જ (દશ કોટાકોટિ) છે. ॥ ૩૪ ॥

**कोडी उक्कोसपयम्मि, बायरजियप्पएसपक्खेवो ।
सोहणयमित्तियं चिय, कायव्वं खंडगोलाणं ॥ ३५ ॥**

અર્થ:—(**उक्कोसपयम्मि**) ઉત્કૃષ્ટપદને વિષે (**बायर**) બાદર નિગોદ (**जिय**) જીવોના (**कोडी**) એક ક્રોડ (**प्पएस**) આત્મપ્રદેશો (**पक्खेवो**) પ્રક્ષેપવા, અને (**खंडगोलाणं**) ખંડગોળામાં જીવપ્રદેશોની સંખ્યા (**सोहणयमित्तियं**) એટલી જ છે તે ઓછી (**चिय**) નિશ્ચે (**कायव्वं**) કરવી એટલે બંને સરખા થશે.

વિવેચનઃ—ઉત્કૃષ્ટપદમાં પૂર્વે કહેલ સૂક્ષ્મજીવપ્રદેશ રાશિમાં–હજાર ક્રોડમાં બાદર જીવો જે ત્યાં અવગાહ્યા છે, તેના કોટિ પ્રદેશ અધિક ગણવા; કારણ કે વિવક્ષિત સૂક્ષ્મનિગોદના ગોળા ઉપર બાદર સો જીવો અવગાહેલ હોવાથી અને દરેક જીવના લાખ લાખ પ્રદેશ એકેક આકાશપ્રદેશ ઉપર રહેલ હોવાથી ક્રોડ થાય. તેમજ સર્વ જીવરાશિમાંથી એક કોટિનું શોધન કરવું એટલે એક ક્રોડ ઓછા કરવા, કારણ કે ખંડગોળામાં તેટલી સંખ્યા ઓછી છે. અથવા ખંડગોળામાં બાદર નિગોદ તેમજ વિગ્રહગતિવાળા જીવોના પ્રદેશો નાંખવાથી બધા ગોળા એક સરખા થાય છે, તો પણ ઉત્કૃષ્ટપદને વિષે બાદર સો જીવોના એક કોટિ જીવ પ્રદેશો વિશેષ હોવાથી સમગ્ર જીવો કરતાં ઉત્કૃષ્ટપદ વિશેષાધિક જાણવું.૩૫.

**एएसि जहासंभव–मत्थोवणयं करिज्ज रासीणं ।
सब्भावओ अ जाणिज्ज ते अणंता असंखा वा ॥ ३६ ॥**

અર્થ:—(**एएसि**) એ પૂર્વે કહેલા (**रासीणं**) જીવરાશિનો (**अत्थोवणयं**) ઉપનય–સમન્વય (**जहासंभवं**) જેમ સંભવે તેમ (**करिज्ज**) કરી લેવો. બાકી (**सब्भावओ अ**) યથાર્થપણાથી તો (**ते**) જીવો (**अणंता**) અનંતા અને નિગોદો તથા ગોળાઓ (**असंखा वा**) અસંખ્યાતા (**जाणिज्ज**) જાણવા.

વિવેચન:—અહીં અર્થનો ઉપનય (સમન્વય) તેના યોગ્ય સ્થાનકે કરવાનો પૂર્વે બતાવેલો છે. તેમાં એક નિગોદમાં જીવો એક લાખ કલ્પ્યા છે, પણ નિશ્ચયથી અનંતા છે, તેમજ સર્વ જીવો પણ અનંતા છે. નિગોદો કલ્પનાથી લાખ ગણી છે પણ નિશ્ચયથી તે અસંખ્યાતી છે. ગોળાઓ લાખ કલ્પ્યા છે તે પણ નિશ્ચયથી અસંખ્યાતા છે. એ પ્રમાણે સૂક્ષ્મ નિગોદ, બાદર નિગોદ તેમજ ગોળાની અવગાહના સંબંધી વિચાર જાણવો. ॥ ૩૬ ॥

**ઈતિ શ્રી ભગવતી સૂત્રના ૧૧ મા શતકના
૧૦ મા ઉદ્દેશામાંથી ઉદ્ધરેલ શ્રી નિગોદ
ષટ્ત્રિંશિકા પ્રકરણ સાર્થ સમાપ્ત.**

श्रीपूर्वाचार्य प्रणीत

श्रीसमवसरण प्रकरण

(મૂળ તથા શબ્દાર્થ યુક્ત.)

थुणिमो केवलिवत्थं, वरविज्जाणंद्धम्मकित्तिऽत्थं ।
देविंद्नयपयत्थं, तित्थयरं समवसरणत्थं ॥ १ ॥

અર્થ:—(**केवलिवत्थं**) કેવળી અવસ્થાવાળા અને (**वरविज्जाणंदधम्मकित्तिऽत्थं**) પ્રધાન છે વિદ્યા (જ્ઞાનલક્ષ્મી), આનંદ (સહજ સુખ), ધર્મ (સર્વ સંવરરૂપ), કીર્તિ (લોકમાં ગુણની શ્લાઘા) અને અર્થ (પુરુષાર્થ) જેને એવા તથા (**देविंदनयपयत्थं**) ભુવનપતિ આદિના દેવેંદ્રોએ નમેલા એવા તીર્થંકરપદમાં રહેલા તેમજ (**समवसरणत्थं**) દેવકૃત સમવસરણમાં બિરાજેલા એવા (**तित्थयरं**) શ્રી ભાવ-તીર્થંકરની (**थुणिमो**) અમે સ્તુતિ કરીએ છીએ. ૧.

पयडियसमत्थभावो, केवलिभावो जिणाण जत्थ भवे ।
सोहंति सव्वओ तहिं, महिमाजोयणमानिलकुमरा ॥ २ ॥

અર્થ:—(**पयडियसमत्थभावो**) પ્રગટ કર્યા છે જીવ-અજીવ આદિ સમગ્ર પદાર્થો જેણે એવા (**केवलिभावो**) કેવળીપણાનો ભાવ (**जिणाण**) જિનેશ્વરોને (**जत्थ**) જે ઠેકાણે (**भवे**) ઉત્પન્ન થાય છે,[1] (**तहिं**) તે ઠેકાણે પ્રથમ (**सव्वओ**) ચોતરફથી (**आजोयणं**) એક યોજન સુધી (**महिं**) પૃથ્વીને (**अनिलकुमरा**) વાયુકુમાર દેવો (**सोहंति**) શુદ્ધ કરે છે. ૨.

वरिसंति मेहकुमरा, सुरहिजलं उउसुरा कुसुमपसरं ।
विरयंति वणा मणिकणग-रयणाचित्तं महिअलं तो ॥ ३ ॥

---

૧ જ્યાં તીર્થંકરને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યાં ચારે નિકાયના દેવો મળીને પ્રથમ સમવસરણ રચે છે. તેમાં કઇ કઇ જાતિના દેવો શું શું કરે છે ? તે પૃથક્ પૃથક્ રીતે અહીં વર્ણવી બતાવેલ છે.

અર્થ:—પછી તે સ્થાને (**मेहकुमरा**) મેઘકુમાર દેવો (**सुरहिजलं**) સુગંધી જળની (**वरिसंति**) વૃષ્ટિ કરે છે, (ભૂમિની રજ સમાવે છે.) પછી (**उउसुरा**) છએ ઋતુના અધિષ્ઠાયક દેવો (**कुसुमपसरं**) નીચા ડીંટવાળા પાંચ વર્ણના પુષ્પોના સમૂહની વૃષ્ટિ કરે છે, (**तो**) ત્યારપછી (**वणा**) વાનમંતર દેવો (**मणिकणगरयणचित्तं**) મણિ, સુવર્ણ અને રત્નવડે ચિત્રવિચિત્ર (**महिअलं**) પૃથ્વીતળને (**विरयंति**) રચે છે-બાંધે છે-પીઠબંધ[1] કરે છે. ૩.

હવે સમવસરણની રચના સંબંધી કહે છે:—

अब्भिंतर-मज्झ—बहिं, तिवप्प मणि-रयण-कणयकविसीसा ।
रयण-ज्जुण-रुप्पमया, वेमाणिअ-जोइ-भवणकया ॥ ४ ॥

અર્થ:—(**अब्भिंतरमज्झबहिं**) અંદરનો, મધ્યનો અને બહારનો તથા (**मणिरयणकणयकविसीसा**) મણિ, રત્ન અને સુવર્ણના કાંગરાવાળા (**रयणज्जुणरुप्पमया**) રત્ન, સુવર્ણ અને રૂપામય એવા (**तिवप्प**) ત્રણ ગઢ (**वेमाणिअजोइभवणकया**) વૈમાનિક, જ્યોતિષી અને ભવનપતિ દેવો બનાવે છે. અર્થાત્ વૈમાનિક દેવો મણિના કાંગરાવાળો રત્નમય અંદરનો ગઢ બનાવે છે, જ્યોતિષી દેવો રત્નના કાંગરાવાળો સુવર્ણમય મધ્યનો ગઢ બનાવે છે અને ભવનપતિ દેવો સોનાના કાંગરાવાળો રૂપામય બહારનો ગઢ બનાવે છે. ૪.

સમવસરણ બે પ્રકારના થાય છે. ગોળ ને ચોખંડું. તેમાં પ્રથમ ગોળ સમવસરણનું પ્રમાણ વિગેરે કહે છે:—

वट्टम्मि दुतीसंगुल, तितीसधणु पिहुला पणसयधणुच्चा ।
छद्धणुसयइगकोसं-तरा य रयणमयचउदारा ॥ ५ ॥

અર્થ:—(**वट्टम्मि**) ગોળ સમવસરણને વિષે ત્રણે ગઢની દરેક ભીંતો (**तितीसधणु**) તેત્રીશ ધનુષ (**दुतीसंगुल**) ને બત્રીશ અંગુલ (**पिहुला**) પહોળી એટલે જાડી હોય છે અને (**पणसयधणुच्चा**) પાંચસો ધનુષ ઊંચી હોય છે, (**य**) તથા (**छद्धणुसय**) છસો ધનુષ અને (**इगकोसंतरा**) એક કોશનું બે તરફનું મળીને દરેક ગઢનું આંતરું હોય છે. તથા (**रयणमयचउदारा**) રત્નમય ચાર ચાર દ્વાર હોય છે. ૫.

વિશેષાર્થ:—દેવતાઓ જે સમવસરણ રચે છે, તે બે પ્રકારના હોય છે.-

---

૧ આ પીઠબંધ ત્રણે ગઢના મધ્ય મધ્યનો ભાગ સમજવો. તદ્દન જમીન ઉપર સમજવો નહીં. કાળલોકપ્રકાશમાં સવા ગાઉ ઊંચું પીઠબંધ કરે એમ કહેલ છે.

ગોળ અને ચોખંડું. તેમાં ગોળ સમવસરણમાં આ પ્રમાણે હોય છે–ત્રણે ગઢની દરેક ભીંતો તેત્રીશ ધનુષ અને બત્રીશ આંગળ પહોળી હોય છે, તેથી તેને ત્રણગુણ કરતાં ત્રણે ગઢની ભીંતોનું પ્રમાણ એકત્ર કરીએ, એટલે કે તેત્રીશને ત્રણગુણું કરતાં નવાણું ધનુષ થાય છે, અને બત્રીશને ત્રણગણું કરતાં છન્નુ આંગળ થાય તેનો એક ધનુષ થયો, તે નવાણું ધનુષમાં નાખવાથી સો ધનુષ થયા. સૌથી બહાર પ્રથમ દશ હજાર પગથિયા ચડીએ ત્યારે પહેલો ગઢ આવે છે, તે પગથિયા ગઢની બહાર હોવાથી સમવસરણનું પ્રમાણ જે એક યોજનનું છે, તેમાં ગણાતા નથી. હવે પહેલા ગઢથી પચાસ ધનુષનો પ્રતર એટલે કે પચાસ ધનુષ સીધી સપાટ ભૂમિ જઈએ ત્યારે એક એક હાથ પ્રમાણ પહોળા અને ઊંચા પાંચ હજાર પગથિયા આવે છે, તેના પાંચ હજાર હાથ થયા. ચાર હાથનો એક ધનુષ હોવાથી પાંચ હજાર હાથના સાડા બારસો ધનુષ થયા, તેમાં પચાસ ધનુષ પ્રતરના નાંખવાથી તેર સો ધનુષ થયા. તેથી પ્રતર અને પગથિયા મળીને પહેલા અને બીજા ગઢની વચ્ચેનું અંતર તેરસો ધનુષનું થાય છે. એ જ રીતે બીજા અને ત્રીજા ગઢની વચ્ચેનું અંતર પણ પ્રતર અને પગથિયા મળીને તેરસો ધનુષનું થાય છે. પછી પહેલા ગઢની અંદર તેરસો ધનુષ જઈએ ત્યારે પીઠનો મધ્ય ભાગ એટલે આખા સમવસરણનું મધ્યબિંદુ આવે છે, તેથી ત્રણ વાર તેરસો મળી ઓગણચાળીશ સો ધનુષ થયા. તેમાં ત્રણે ગઢોના સો ધનુષ નાખીએ ત્યારે ચાર હજાર ધનુષ થાય છે. તેટલું મધ્યબિંદુથી છેડા સુધીનું એક તરફનું પ્રમાણ છે, તેટલું જ બીજી તરફનું પ્રમાણ હોવાથી કુલ આઠ હજાર ધનુષ થયા. બે હજાર ધનુષનો એક ગાઉ હોવાથી આઠ હજાર ધનુષના ચાર ગાઉ એટલે એક યોજન થાય છે. તેટલું ગોળ સમવસરણ હોય છે.

હવે ચોરસ સમવસરણનું ગઢ વિગેરેનું પ્રમાણ કહે છેઃ—

चउरंसे इगधणुसय–पिहु वप्पा सड्ढकोसअंतरिआ ।
पढमबिआ बिअतइआ, कोसंतर पुव्वमिव सेसं ॥ ६ ॥

અર્થઃ—(**चउरंसे**) ચતુરસ્ર–ચોરસ સમવસરણમાં (**वप्पा**) બહારનો ગઢ ગણતરીમાં લેવાનો ન હોવાથી બે ગઢની બન્ને બાજુની મળીને ચાર ભીંતો છે. તે દરેક (**इगधणुसयपिहु**) એકસો ધનુષ પહોળી–જાડી હોવાથી ચારસો ધનુષ થયા. (**पढमबिआ**) પહેલા અને બીજા ગઢની વચ્ચે બન્ને બાજુનું મળીને (**सड्ढकोस-अंतरिआ**) દોઢ ગાઉનું આંતરું છે. (**बिअतइआ**) બીજા અને ત્રીજા ગઢની વચ્ચે (**कोसंतर**) બન્ને બાજુનું મળી એક ગાઉનું આંતરું છે. (**सेसं**) બાકીનું (**पुव्वमिव**) પૂર્વની જેમ જાણવું. એટલે ત્રીજા ગઢની વચ્ચે એક ગાઉ અને છસો ધનુષનું આંતરું છે. તેમાં પૂર્વના ચારસો ધનુષ ભેળવતાં એક ગાઉ અને હજાર

ધનુષ એટલે દોઢ ગાઉ થાય, તે પૂર્વના અઢી ગાઉમાં ભેળવતાં ચાર ગાઉ (એક યોજન પ્રમાણ) સમવસરણ થાય છે.

વિશેષાર્થ:—અહીં વૃત્ત સમવસરણની જેમ એક તરફનું અર્ધ યોજનનું પ્રમાણ આ પ્રમાણે છે.–બહારના પહેલા વપ્રની ભીંત ગણતરીમાં લેવાની ન હોવાથી પહેલા અને બીજા ગઢની વચ્ચે પંદરસો ધનુષનું આંતરું છે. તેમાં પગથિયા છ હજાર[1] સમજવા, પ્રતર સમજવું નહીં. પછી બીજા ગઢની ભીંત સો ધનુષ જાડી છે, અને બીજા ત્રીજા ગઢની વચ્ચે એક હજાર ધનુષનું આંતરું છે. તેમાં ચાર હજાર[2] પગથિયા સમજવા, પ્રતર સમજવું નહીં. પછી ત્રીજા ગઢની ભીંત સો ધનુષ જાડી છે, અને ત્રીજા ગઢથી પીઠના મધ્ય ભાગ સુધી તેર સો ધનુષ છે. આ સર્વ એકત્ર કરવાથી ચાર હજાર ધનુષ એટલે અર્ધ યોજન થાય છે, એટલું જ બીજી બાજુ હોવાથી પૂર્ણ યોજન થાય છે. ૬.

सोवाण सहस दस कर-पिहुच्च गंतुं भुवो पढमवप्पो ।
तो पन्ना धणु पयरो, तओ अ सोवाण पण सहसा ॥ ७ ॥

અર્થ:—(**भुवो**) પૃથ્વી ઉપરથી (**करपिहुच्च**) એક એક હાથ પહોળા અને ઊંચા (**सहस दस**) દશ હજાર (**सोवाण**) પગથિયા (**गंतुं**) જઈએ–ચડીએ ત્યારે (**पढमवप्पो**) પહેલો ગઢ આવે છે. (**तो**) ત્યારપછી (**पन्ना धणु**) પચાસ ધનુષનો (**पयरो**) પ્રતર–સરખો ભૂમિભાગ આવે છે, (**अ**) અને (**तओ**) ત્યારપછી એક એક હાથ પહોળા અને ઊંચા (**पण सहसा**) પાંચ હજાર (**सोवाण**) પગથિયા આવે છે. ૭.

तो बिय वप्पो पन्ना-धणु पयर सोवाण सहस पण तत्तो ।
तइओ वप्पो छस्सय-धणु इगकोसेहिं तो पीढं ॥ ८ ॥

અર્થ:—(**तो**) ત્યારપછી (**बियवप्पो**) બીજો ગઢ આવે છે, ત્યારપછી (**पन्नाधणु**) પચાસ ધનુષનો (**पयर**) પ્રતર આવે છે, (**तत्तो**) ત્યારપછી (**सहस पण**) પાંચ હજાર (**सोवाण**) પગથિયા આવે છે, ત્યારપછી (**तइओ**)

૧-૨ આ છ હજાર ને ચાર હજાર પગથિયાની કલ્પના સમાસને અંગે કરેલી છે. એ પ્રમાણેની સંખ્યાનો પાઠ જોવામાં આવ્યો નથી.

શ્રીકાળલોકપ્રકાશમાં સમવસરણને અધિકારે ચોખંડા સમવસરણમાં પહેલા બીજા ગઢ વચ્ચેના ૧૩૦૦ ધનુષ્યના આંતરામાં ૨૫૦ યોજનનું પ્રતર ને ૧૨૫૦ ધનુષ્યમાં ૫૦૦૦ પગથિયા કહ્યા છે. બીજા ગઢની વચ્ચેના ૧૦૦૦ ધનુષ્યના આંતરામાં હાથહાથના પ્રમાણવાળા ૫૦૦૦ પગથિયા કેમ સમાય? તેને માટે બહુશ્રુતને ભળાવે છે.

ત્રીજો (**वप्पो**) ગઢ આવે છે. (**तो**) ત્યારપછી (**इगकोसेहिं**) એક કોસ-ગાઉ અને (**छस्सयधणु**) છસો ધનુષ પ્રમાણની (**पीढं**) ત્રીજા ગઢની વચ્ચેની પીઠ એટલે સમાન ભૂમિ આવે છે. ૮. (આ બંને ગાથાની હકીકત વૃત્ત સમવસરણ માટે જાણવી.)

चउदार तिसोवाणं, मज्झे मणिपीढयं जिणतणुच्चं ।
दो धणुसय पिहुदीहं, सड्ढदुकोसेहिं धरणिअला ॥ ९ ॥

અર્થ:—(**मज्झे**) તે સમાન ભૂમિની મધ્યે (**चउदार**) ચાર દ્વાર અને (**तिसोवाणं**) ત્રણ ત્રણ પગથિયાવાળી (**जिणतणुच्चं**) જિનેશ્વરના શરીર જેટલી ઊંચી (**मणिपीढयं**) મણિપીઠિકા હોય છે. તે (**दो धणुसय**) બસો ધનુષ (**पिहुदीहं**) પહોળી અને લાંબી-ચોરસ હોય છે, અને (**धरणिअला**) પૃથ્વીતળથી (**सड्ढदुकोसेहिं**) અઢી કોશ ઊંચી હોય છે. (ત્રણ ગઢના મળીને કુલ વીશ હજાર પગથિયા હોવાથી પાંચ હજાર ધનુષ એટલે અઢી કોસ થાય છે.) ૯.

जिणतणुबारगुणुच्चो, समहिअजोअणपिहू असोगतरू ।
तयहो य देवच्छंदो, चउ सीहासण सपयपीढा ॥ १० ॥

અર્થ:—(**जिणतणुबारगुणुच्चो**) જિનેશ્વરના શરીરથી બારગુણો ઊંચો અને (**समहिअजोअणपिहू**) એક યોજનથી કાંઈક અધિક પહોળો-વિસ્તારવાળો (**असोगतरू**) અશોક વૃક્ષ હોય છે, (**य**) અને (**तयहो**) તેની નીચે (**देवच्छंदो**) દેવચ્છંદક હોય છે. તેની ઉપર (**सपयपीढा**) પાદપીઠ સહિત (**चउ सीहासण**) ચાર સિંહાસન હોય છે.

વિવેચન:—ઋષભદેવના સમવસરણમાં આ અશોક વૃક્ષ ત્રણ ગાઉ ઊંચો હોય છે, બીજા બાવીશ પ્રભુના સમવસરણમાં પણ તે જ પ્રમાણે તેમના શરીરથી બારગુણો ઊંચો હોય છે અને વીર ભગવાનના સમવસરણમાં રહેલો અશોક વૃક્ષ બત્રીશ ધનુષ ઊંચો કહ્યો છે.[1] તે આ પ્રમાણે-વીર પ્રભુનું શરીર સાત હાથ એટલે પોણા બે ધનુષ ઊંચુ હોવાથી પોણા બેને બારગુણા કરતાં એકવીશ ધનુષ થાય,

---

૧ બત્રીશ ધનુષ ઊંચો અશોક વૃક્ષ પાંચ સો ધનુષ ઊંચી ગઢની ભીંતોની બહાર નીકળી શકે નહીં તેથી જે પ્રભુના શરીરને ૧૨ ગુણું કરતાં ૫૦૦ ધનુષ ન થાય ત્યાં પ્રભુના અતિશયથી બહાર નીકળે એમ માનવું. અથવા ગઢની ઊંચાઇ દરેક પ્રભુના શરીર પ્રમાણે હોય તો એક યોજનના વિસ્તારમાં વાંધો આવે નહીં. જુઓ ! મધ્યની મણિપીઠ દરેક પ્રભુન શરીર પ્રમાણે ઊંચી જ હોય છે. વળી સમવસરણ નાનું નાનું થાય ને ગઢ પ્રથમ પ્રમાણે જ ઊંચા રહે તે પણ ઠીક લાગતું નથી.

તેટલો ઊંચો અશોક વૃક્ષ હોય છે, અને તેની ઉપર અગ્યાર ધનુષનો ચૈત્યવૃક્ષ[1] હોવાથી કુલ બત્રીશ ધનુષ થાય છે. ૧૦.

तदुवरि चउ छत्ततिआ, पडिरूवातिगं तहट्ठचमरधरा ।
पुरओ कणयकुसेसय–ट्ठिअ फालिअधम्मचक्कचऊ ॥ ११ ॥

અર્થ:—(**तदुवरि**) તે ચારે સિંહાસન ઉપર (**चउ**) ચાર (**छत्ततिआ**) ઉપરાઉપર રહેલા ત્રણ ત્રણ છત્રો છે, તથા (**पडिरूवतिगं**) પૂર્વ સિવાયના બીજા ત્રણ સિંહાસનો ઉપર વ્યંતરેંદ્રોએ વિકુર્વેલા પ્રભુના ત્રણ પ્રતિબિંબો હોય છે. (**तह**) તથા (**अट्ठचमरधरा**) દરેક બાજુના પ્રભુ પાસે બબે હોવાથી કુલ આઠ ચામરધારી દેવો હોય છે. તથા (**पुरओ**) સિંહાસનની આગળ (**कणयकुसेसयट्ठिअ**) સુવર્ણકમળ ઉપર રહેલા (**फालिअ**) સ્ફટિક રત્નના (**धम्मचक्कचऊ**) ચાર ધર્મચક્ર હોય છે. ૧૧.

झयछत्तमयरमंगल–पंचालीदामवेइवरकलसे ।
पइदारं मणितोरण–तिअ धूवघडी कुणंति वणा ॥ १२ ॥

અર્થ:—(**पइदारं**) ત્રણે ગઢના દ્વાર દ્વાર પ્રત્યે–ચારે બાજુના મળીને બાર દ્વારે (**वणा**) વાણવ્યંતર દેવો (**झय**) ધ્વજ, (**छत्त**) છત્ર, (**मयर**) મકર, (**मंगल**) અષ્ટમંગળ, (**पंचाली**) પુતળી, (**दाम**) પુષ્પમાળા, (**वेइ**) વેદિકા-ઓટલી, (**वरकलसे**) પૂર્ણ કળશ, (**मणितोरणतिअ**) મણિમય તોરણના ત્રિક અને (**धूवघडी**) ધૂપની ઘટી–આ સર્વ વસ્તુઓ (**कुणंति**) કરે છે–વિકુર્વે છે. ૧૨.

जोयणसहस्सदंडा, चउज्झया धम्ममाणगयसीहा ।
ककुभाइजुया सव्वं, माणमिणं निअनिअकरेण ॥ १३ ॥

અર્થ:—તથા (**जोयणसहस्सदंडा**) એક હજાર યોજનના દંડવાળા અને (**ककुभाइजुया**) નાની નાની ઘંટડીઓ અને ધ્વજાઓવડે યુક્ત એવા (**धम्ममाणगयसीहा**) ધર્મધ્વજ, માનધ્વજ, ગજધ્વજ અને સિંહધ્વજ નામના (**चउज्झया**) ચાર ધ્વજ ચારે દિશામાં અનુક્રમે સમવસરણની બહાર હોય છે. અહીં (**सव्वं माणमिणं**) આ સર્વ પ્રમાણ (**निअनिअकरेण**) પોતપોતાના હાથવડે જાણવું. એટલે જે પ્રભુનું સમવસરણ હોય તે પ્રભુના આત્માંગુળે જાણવું. ૧૩.

पविसिअ पुव्वाइ पहू, पयाहिणं पुव्वआसण निविट्ठो ।
पयपीढठवियपाओ, पणमिअतित्थो कहइ धम्मं ॥ १४ ॥

---

૧ જ્ઞાનોત્પત્તિનું વૃક્ષ તે ચૈત્યવૃક્ષ કહેવાય છે. તે વીર પ્રભુનું સાલવૃક્ષ હતું.

અર્થ:—(**पहू**) પ્રભુ (**पुव्वाइ**) પૂર્વ દિશાના દ્વારે (**पविसिअ**) પ્રવેશ કરી (**पयाहिणं**) ત્રણ પ્રદક્ષિણા કરી (**पुव्वआसण**) પૂર્વ દિશાના સિંહાસન પર (**निविट्ठो**) બેસીને (**पयपीढठवियपाओ**) પાદપીઠ પર પગને સ્થાપન કરી (**पणमिअतित्थो**) ' **नमो तित्थस्स** ' એમ બોલી-તીર્થને નમસ્કાર કરીને પછી (**धम्मं**) ધર્મદેશનાને (**कहइ**) કહે છે. ૧૪.

मुणि वेमाणिणि समणी, सभवणजोइवणदेविदेवतिअं ।
कप्पसुरनरित्थितियं, ठंतिग्गेयाइविदिसासु ॥ १५ ॥

અર્થ:—(**अग्गेयाइविदिसासु**) અગ્નિ આદિક વિદિશાઓને વિષે (**ठंति**) પર્ષદાઓ બેસે છે, તે આ પ્રમાણે—(**मुणि**) સાધુઓ, (**वेमाणिणि**) વૈમાનિક દેવીઓ અને (**समणी**) સાધ્વીઓ-એ ત્રણ પર્ષદા પૂર્વ દિશાના દ્વારે પ્રવેશ કરી અગ્નિખૂણામાં અનુક્રમે બેસે છે. પહેલા સાધુ, તેની પાછળ વૈમાનિકની દેવી અને તેની પાછળ સાધ્વી. (એમ અનુક્રમ સર્વત્ર જાણવો.) (**सभवणजोइवणदेवा**) ભવનપતિની દેવીઓ, જ્યોતિષની દેવીઓ અને વાનવ્યંતરની દેવીઓ-એ ત્રણ પર્ષદાઓ દક્ષિણ દિશાના દ્વારે પ્રવેશ કરી નૈઋત ખૂણામાં અનુક્રમે બેસે છે. (**देवतिअं**) તેના જ ત્રણ દેવો એટલે ભવનપતિ, જ્યોતિષ અને વાનવ્યંતર દેવો એ ત્રણ પર્ષદા પશ્ચિમ દિશાના દ્વારે પ્રવેશ કરી વાયવ્ય ખૂણામાં બેસે છે, તથા (**कप्पसुरनरित्थितियं**) વૈમાનિક દેવો, પુરુષો અને સ્ત્રીઓ, એ ત્રણ પર્ષદા ઉત્તર દિશાના દ્વારે પ્રવેશ કરી ઈશાન ખૂણામાં બેસે છે. (આ રીતે ચાર દિશાની મળીને બાર પર્ષદા સમજવી. તે સર્વ પર્ષદા પ્રભુને પ્રદક્ષિણા કરી નમસ્કાર કરીને પોતપોતાની પર્ષદામાં જાય છે.) ૧૫.

चउदेवि समणी उद्ध-ट्ठिआ निविट्ठा नरित्थिसुरसमणा ।
इय पण सग परिस सुणं-ति देसणं पढमवप्पंतो ॥ १६ ॥

અર્થ:—બાર પર્ષદામાંની (**चउदेवि**) ચાર પ્રકારની (નિકાયની) દેવીઓ અને (**समणी**) સાધ્વીઓ (**उद्धट्ठिआ**) ઊભી રહે છે અને (**नरित्थिसुरसमणा**) પુરુષો, સ્ત્રીઓ, ચાર પ્રકારના દેવો અને સાધુઓ (**निविट्ठा**) બેસે છે. (**इय**) આ પ્રમાણે (**पढमवप्पंतो**) પહેલા એટલે અંદરના વપ્રની મધ્યે રહેલી (**पण सग**) પાંચ અને સાત મળીને બાર (**परिस**) પર્ષદાઓ (**देसणं**) પ્રભુની દેશનાને (**सुणंति**) સાંભળે છે. ૧૬.

इय आवस्सयवित्ती-वुत्तं चुन्नीइ पुण मुणि निविट्ठा ।
दो वेमाणिणि समणी, उद्धा सेसा ठिआ उ नव ॥ १७ ॥

અર્થ:—(**इय**) આ પ્રમાણે-ઉપલી ગાથામાં કહ્યા પ્રમાણે (**आवस्सय-**

वित्तीवुत्तं) આવશ્યકની વૃત્તિમાં–ટીકામાં કહ્યું છે, (**पुण**) પરંતુ (**चुन्नीइ**) તેની ચૂર્ણિમાં તો એમ કહ્યું છે કે–(**मुणि**) સાધુઓ (**निविट्ठा**) ઉત્કટિક આસને બેસે છે, (**दो वेमाणिणि समणी**) વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ એ બે પર્ષદા (**उड्ढा**) ઊભી રહે છે, (**उ**) તથા (**सेसा**) બાકીની (**नव**) નવ પર્ષદા (**ठिआ**) બેસે છે. ૧૭.

बीअंतो तिरि ईसाणि, देवच्छंदो अ जाण तइअंतो ।
तह चउरंसे दु दु, वावी कोणओ वट्टि इक्किका ॥ १८ ॥

અર્થ:—(**बीअंतो**) બીજા વપ્રની મધ્યે (**तिरि**) તિર્યંચો રહે છે. (**अ**) તથા તેના (**ईसाणि**) ઇશાન ખૂણામાં (**देवच्छंदो**) પ્રભુને વિશ્રામ લેવા માટે રત્નમય દેવચ્છંદ બનાવેલો હોય છે. તથા (**तइअंतो**) ત્રીજા એટલે બહારના વપ્રની અંદર (**जाण**) વાહનો રહે છે. (**तह**) તથા (**चउरंसे**) ચતુરસ્ર સમવસરણની બહારના વપ્રની ચારે બાજુએ જમીન ઉપર (**कोणओ**) ખૂણે ખૂણે (**दु दु वावी**) બબે વાવો હોય છે, અને (**वट्टि**) વૃત્ત–ગોળ સમવસરણમાં (**इक्किका**) એક એક વાવ હોય છે. ૧૮. (ચોરસમાં પગથિયાની બે બાજુએ એક એક એમ ચારે દિશાએ બે બે હોય છે.)

पीअ-सिअ-रत्त-सामा, सुर-वण-जोई-भवणा रयणवप्पे ।
धणु-दंड-पास-गयहत्थ, सोम-जम-वरुण-धणयक्खा ॥ १९ ॥

અર્થ:—(**रयणवप्पे**) અંદરના રત્નમય વપ્રને વિષે અનુક્રમે પૂર્વાદિ ચાર દરવાજે (**पीअ**) પીત, (**सिअ**) શ્વેત, (**रत्त**) રક્ત અને (**सामा**) શ્યામવર્ણવાળા (**सुर**) વૈમાનિક, (**वण**) વાનવ્યંતર, (**जोई**) જ્યોતિષી અને (**भवणा**) ભવનપતિ નિકાયના (**धणु**) ધનુષ, (**दंड**) દંડ, (**पास**) પાશ અને (**गय**) ગદાને (**हत्थ**) હાથમાં ધારણ કરનારા (**सोम**) સોમ, (**जम**) યમ, (**वरुण**) વરુણ અને (**धणयक्खा**) ધનદ નામના દ્વારપાળો ઊભા રહે છે. ૧૯.

સમજુતી માટે યંત્ર

દ્વારપાળના નામ	નિકાય	વર્ણ	શસ્ત્ર	દિશા
૧. સોમ	વૈમાનિક	પીત	ધનુષ	પૂર્વ
૨. યમ	વાનવ્યંતર	શ્વેત	દંડ	દક્ષિણ
૩. વરુણ	જ્યોતિષ	રક્ત	પાશ	પશ્ચિમ
૪. ધનદ	ભવનપતિ	શ્યામ	ગદા	ઉત્તર

जय-विजया-ऽजिय-अपरा-जिअ त्ति सिअ-अरुण-पीअ-नीलाभा ।
बीए देवी जुअला, अभयं-कुस-पास-मगरकरा ॥ २० ॥

અર્થ:—(**बीए**) બીજા વપ્રના ચાર દરવાજે એક સરખા નામવાળી (**देवी जुअला**) બબ્બે દેવીઓ પૂર્વાદિ દિશાના અનુક્રમે ઊભી રહે છે. તે (**जय**) જયા, (**विजया**) વિજયા, (**अजिय**) અજિતા અને (**अपराजिअत्ति**) અપરાજિતા નામની, (**सिअ**) શ્વેત, (**अरुण**) રક્ત, (**पीअ**) પીત અને (**निलाभा**) નીલ વર્ણવાળી તથા (**अभय**) અભય, (**अंकुस**) અંકુશ, (**पास**) પાશ અને (**मगरकरा**) મકરાકાર શસ્ત્રને હાથમાં ધારણ કરનારી હોય છે. ૨૦.

સમજુતી માટે યંત્ર.

બબ્બે દ્વારપાલિકાના નામ	વર્ણ	શસ્ત્ર	દિશા
૧ જયા	શ્વેત	અભય[૧]	પૂર્વ
૨ વિજયા	રક્ત	અંકુશ	દક્ષિણ
૩ અજિતા	પીત	પાશ	પશ્ચિમ
૪ અપરાજિતા	નીલ	મકર	ઉત્તર

આ દેવીઓ કઈ નિકાયની છે તે કહેલ નથી પણ ચારે નિકાયની પ્રથમ ગઢ પ્રમાણે સંભવે છે.

तइअ बहि सुरा तुंबरु–खट्टंगि–कवाल–जडमउडधारी ।
पुव्वाइदारवाला, तुंबरुदेवो अ पडिहारो ॥ २१ ॥

અર્થ:—(**तइअ बहि**) ત્રીજા વપ્રની બહાર ચારે દરવાજે (**तुंबरु**) તુંબરુ, (**खट्टंगि**) ખટ્વાંગી, (**कवाल**) કપાલધારી અને (**जडमउडधारी**) જટામુકુટધારી એ ચાર (**पुव्वाइदारवाला**) પૂર્વાદિક દ્વારે ઊભા રહેનારા દ્વારપાળો હોય છે. (**अ**) તથા વળી (**तुंबरुदेवो**) તુંબરુ નામનો દેવ (**पडिहारो**) પ્રતિહાર છે, કારણ કે પ્રભુ પૂર્વદ્વારવડે પ્રવેશ કરે છે. ૨૧.

सामन्नसमोसरणे, एस विही एइ जइ महिड्ढिसुरो ।
सव्वमिणं एगो वि हु, स कुणइ भयणेयरसुरेसु ॥ २२ ॥

અર્થ:—(**सामन्नसमोसरणे**) સામાન્ય સમવસરણને વિષે (**एस विही**) આ ઉપર કહ્યો તે સર્વ વિધિ જાણવો. (એટલે કે ચારે નિકાયના દેવો પોતપોતાના અધિકાર પ્રમાણે જુદા જુદા કાર્ય કરે છે.) પરંતુ (**जइ**) જો કોઈ (**महिड्ढिसुरो**) મહર્દ્ધિક દેવ (**एइ**) આવે તો (**स**) તે (**एगो वि हु**) એકલો પણ (**सव्वमिणं**) આ સર્વ (**कुणइ**) કરે છે અને (**इयरसुरेसु**) મહર્દ્ધિક સિવાય બીજા દેવો

૧ અભય એ શસ્ત્ર નથી પરંતુ કોઇ પણ જીવને અભયદાન આપતી વખતે જેમ હાથ કરવામાં આવે તેવી હસ્તાકૃતિ છે.

હોય તો (**भयणा**) ભજના જાણવી એટલે કે તેઓ સમવસરણ કરી શકે પણ ખરા અને ન પણ કરી શકે. ૨૨.

पुव्वमजायं जत्थ उ, जत्थेइ सुरो महिड्डिमघवाई ।
तत्थोसरणं नियमा, सययं पुण पाडिहेराइं ॥ २३ ॥

અર્થઃ—(**जत्थ उ**) વળી જ્યાં તે તીર્થંકરને આશ્રીને (**पुव्वं**) પહેલાં કોઇ વાર (**अजायं**) સમવસરણ ન થયું હોય, તથા (**जत्थेइ**) જ્યાં (**सुरो महिड्डिमघवाई**) મહર્દ્ધિક દેવ કે ઇંદ્રાદિક (**एइ**) આવે, (**तत्थ**) ત્યાં તે (**नियमा**) અવશ્ય (**ओसरणं**) સમવસરણ કરે છે; (**पुण**) અને (**पाडिहेराइं**) આઠ મહાપ્રાતિહાર્યાદિક તો (**सययं**) નિરંતર હોય છે. ૨૩.

વિશેષમાં આ પ્રમાણે જાણવું—જે સાધુએ કોઇ વાર સમવસરણ જોયું ન હોય, તેણે બાર યોજન દૂરથી પણ સમવસરણમાં આવવું જોઇએ, જો ન આવે તો તેને ચતુર્લઘુ નામનું પ્રાયશ્ચિત્ત આવે છે. તથા પ્રભુ પહેલી પોરિસી પૂર્ણ થાય ત્યાંસુધી દેશના આપે છે, ત્યારપછી ત્યાં રાજા મહારાજા તરફથી બળિનો પ્રવેશ થાય છે—બળિ લાવવામાં આવે છે. તે બળિ ઉછાળવામાં આવે છે. તેને દેવ, મનુષ્ય વિગેરે સર્વે યથાયોગ્ય ગ્રહણ કરે છે. તે બળિના પ્રભાવથી વર્તતા હોય તે સર્વ વ્યાધિઓ દૂર થાય છે અને છ માસ સુધી નવા વ્યાધિઓ ઉત્પન્ન થતા નથી. બળિક્ષેપ થઇ રહ્યા પછી પ્રભુ પહેલા વપ્રના ઉત્તર દિશાના દ્વારથી બહાર નીકળી બીજા વપ્રના ઇશાન ખૂણામાં રહેલા દેવચ્છંદકને વિષે વિશ્રાંતિ લેવા પધારે છે અને બીજી પોરિસીએ ગણધર મહારાજ પાદપીઠ ઉપર બેસીને ધર્મોપદેશ આપે છે. તેઓ પણ અસંખ્યાતા ભવ કહી શકે છે. ઇત્યાદિક વિસ્તાર શ્રી આવશ્યક સૂત્રાદિકથી જાણવો.

दुत्थिअसमत्थअत्थिअ-जणपत्थिअअत्थसत्थसुसमत्थो ।
इत्थं थुओ लहु जणं, तित्थयरो कुणउ सु(स)पयत्थं ॥२४॥

અર્થઃ—(**दुत्थिअ**) દુઃખ પામતા (**समत्थ**) સમગ્ર (**अत्थिअजण**) અર્થીજનોના (**पत्थिअअत्थसत्थ**) પ્રાર્થિત-ઇચ્છિત અર્થોના સમૂહને આપવામાં (**सुसमत्थो**) અત્યંત સમર્થ એવા (**तित्थयरो**) શ્રી તીર્થંકર દેવ (**इत्थं**) આ પ્રમાણે (**थुओ**) સ્તુતિ કરાયા છે, તે ભગવાન (**लहु**) શીઘ્રપણે (**जणं**) ભવ્ય પ્રાણીને (**सु (स) पयत्थं**) મોક્ષપદમાં રહેલા અથવા પોતાના પદમાં રહેલા (**कुणउ**) કરો. ૨૪.

॥ इति पूर्वाचार्यप्रणीत समवसरण स्तव ॥

श्री क्षमाकुलकम्

नमिऊण पुव्वपुरिसाण, पसमरससुट्ठियाण पयकमलं ।
नियजीयस्सणुसट्ठिं, कसायवसगस्स वुच्छामि ॥ १ ॥

અર્થ:—(**पसमरससुट्ठियाण**) પ્રશમરસમાં સારી રીતે રહેલા (**पुव्वपुरिसाण**) પૂર્વપુરુષોના (**पयकमलं**) ચરણકમલને (**नमिऊण**) નમસ્કાર કરીને (**कसाय-वसगस्स**) કષાયના વશ થયેલા (**नियजीयस्स**) પોતાના જીવને સમજવા યોગ્ય (**अणुसट्ठिं**) શિક્ષાને (**वुच्छामि**) હું કહું છું. ૧.

गयमेयज्जमहामुणि–खंदगसीसाण साहुचरियाइं ।
समरंतो कह कुप्पसि, इत्तियमित्ते वि रे जीव ! ॥ २ ॥

અર્થ:—(**रे जीव**) હે જીવ ! (**गयमेयज्जमहामुणि**) મહામુનિ ગજસુકુમાલ તથા મેતાર્ય અને (**खंदगसीसाण**) સ્કંદકસૂરિના શિષ્યોના (**साहुचरियाइं**) ઉત્તમ ચરિત્રોને (**समरंतो**) સંભારતો થકો-જાણતો સતો (**इत्तियमित्ते वि**) આટલા માત્ર સહજ નિમિત્તથી પણ (**कह कुप्पसि**) શા માટે કોપ કરે છે ? ૨.

पिच्छसु पाणविणासे वि, नेव कुप्पंति जे महासत्ता ।
तुज्ज पुण हीणसत्तस्स, वयणमित्ते वि एस खमा ॥ ३ ॥

અર્થ:—(**पिच्छसु**) તું જો ! (**जे महासत्ता**) જે મહાધૈર્યવાળા પુરુષો હોય છે તે તો (**पाणविणासे वि**) પ્રાણનો નાશ થયે સતે પણ (**नेव कुप्पंति**) નિશ્ચે કોપ કરતા નથી (**पुण हीणसत्तस्स**) અને હીણ સત્ત્વવાળા એવા (**तुज्ज**) તારા જેવાને (**वयणमित्ते वि**) એક વચનમાત્રમાં પણ (**एस खमा**) આવી જ ક્ષમા છે ને ? અર્થાત્ કેમ ક્ષમા રાખી શકતો નથી ? ૩.

अक्कोस-हणण-मारण-धम्मब्भंसाण बालसुलभाणं ।
लाभं मन्नइ धीरा, जहुत्तराणं अभावम्मि ॥ ४ ॥

અર્થઃ—(**बालसुलभाणं**) અજ્ઞાનીને સુલભ એવા (**अक्कोस**) આક્રોશ, (**हणण**) હનન, (**मारण**) મારણ (**धम्मब्भंसाण**) તથા ધર્મનો નાશ-તેના (**जहुत्तराणं**) અનુક્રમે (**अभावम्मि**) અભાવમાં (**धीरा**) ધીર પુરુષો (**लाभं मन्नइ**) લાભ માને છે. એટલે અજ્ઞાનીના કરેલા આક્રોશમાં હનનાદિક તો નથી કર્યું ? અને હનન કરે તો હજુ મારણ તો નથી કર્યું-મરણ પમાડ્યા તો નથી ? કદી મૃત્યુ પમાડે તો પણ મારો ધર્મભ્રંશ તો કર્યો નથી ? એમ ઉત્તરોત્તર અભાવથી લાભને માને છે અર્થાત્ મૃત્યુ પર્યંતના કષ્ટમાં પણ ક્રોધ કરતા નથી. ૪

रे जीव ! सुहदुहेसु, निमित्तमित्तं परो जीयाणं पि ।
सकयफलं भुंजंतो, कीस मुहा कुप्पसि परस्स ॥ ५ ॥

અર્થઃ—(**रे जीव**) હે જીવ ! (**जीयाणं पि**) જીવોના એટલે પ્રાણીઓના (**सुहदुहेसु**) સુખ દુઃખને વિષે (**परो**) અન્ય મનુષ્ય તો (**निमित्तमित्तं**) નિમિત્ત માત્ર જ છે, તેથી (**सकयफलं**) પોતાના કરેલા કર્મના ફળને (**भुंजंतो**) ભોગવતો થકો (**परस्स**) બીજા ઉપર (**कीस मुहा**) શા માટે ફોગટ (**कुप्पसि**) કોપ કરે છે ? ૫.

कोहवसट्टे भंते !, जीवे किं जणइ इय विजाणंतो ।
भगवइवयणं निल्लज्ज, देसि कोवस्स अवगासं ॥ ६ ॥

અર્થઃ—' (**भंते**) હે ભગવન્ ! (**कोहवसट्टे**) ક્રોધને આધીન થયો થકો (**जीवे**) જીવ (**किं जणइ ?**) શું ઉત્પન્ન કરે છે ? ' એના ઉત્તર માટેનું (**इय भगवइवयणं**) આ ભગવતીનું વચન (**विजाणंतो**) જાણતો થકો પણ (**निल्लज्ज**) હે નિર્લજ્જ ! (**कोवस्स**) ક્રોધને (**अवगासं**) અવકાશ કેમ (**देसि**) આપે છે ? ૬.

શ્રી ભગવતીસૂત્રમાં ક્રોધ કરતો જીવ અનેક પ્રકારના માઠા કર્મને બાંધે છે વિગેરે સ્પષ્ટ કહેલું છે તે પાઠ સાથે કહે છે—

कोहवसट्टे भंते जीवे किं बंधइ ? किं पकरेइ ? किं चिणोइ ? किं उवचिणोइ ? गोयमा ! कोहवसट्टेणं जीवे आउअवज्जाओ सत्तकम्मपगडिओ सिढिलबंधणबद्धाओ घणियबंधणबद्धाओ पकरेइ । हस्सकालठिइआओ दीहकालठिइआओ पकरेइ । मंदाणुभागाओ तिव्वाणुभागाओ पकरेइ । अप्पपएसगाओ बहुपए-

सगाओ पकरेइ । आउअं च णं कम्मं सिअ बंधइ सिअ नो बंधइ। असाया वेअणिज्जं च णं कम्मं भुज्जो भुज्जो उवचिणोइ । अणाइयं च णं अणवयग्गं दीहमद्धं चाउरंतं संसारकंतारं अणुपरियट्टइ ॥

અર્થ:—(**कोहवसट्टे भंते**) 'હે ભગવન્ ! ક્રોધને આધીન થયેલા (**जीवे किं बंधइ**) જીવ શું બાંધે ? (**किं पकरेइ**) શું કરે ? (**किं चिणोइ**) શું એકઠું કરે ? (**किं उवचिणोइ**) શું વિશેષે એકઠું કરે ? '(**गोयमा**) 'હે ગૌતમ! (**कोहवसट्टेणं जीवे**) ક્રોધને વશ થયેલા જીવ (**आउअवज्जाओ**) આયુષ્ય કર્મ વર્જીને (**सत्तकम्मपगडिओ**) સાત કર્મની પ્રકૃતિઓ (**सिढिलबंधणबद्धाओ**) શિથિલ બંધનથી બાંધેલીઓને (**घणियबंधणबद्धाओ पकरेइ**) ગાઢ બંધનવાળીઓ કરે છે. (**हस्सकालठिइआओ**) થોડા કાળની સ્થિતિવાળીને (**दीहकालठिइआओ पकरेइ**) લાંબાકાળની સ્થિતિવાળી કરે છે. (**मंदाणुभागाओ**) મંદ અનુભાગ(રસ)વાળી બાંધેલીને (**तिव्वाणुभागाओ पकरेइ**) તીવ્ર અનુભાગ(રસ)વાળી કરે છે. (**अप्पपएसगाओ**) થોડા પ્રદેશવાળીઓને (**बहुपएसगाओ पकरेइ**) ઘણા પ્રદેશવાળી કરે છે. (**आउअं च णं कम्मं सिअ बंधइ, सिअ नो बंधइ**) આયુષ્યકર્મને કવચિત્ બાંધે, કવચિત્ ન પણ બાંધે. (**असाया-वेयणिज्जं च णं कम्मं भुज्जो भुज्जो उवचिणोइ**) અશાતાવેદનીય કર્મને વારંવાર એકઠું કરે છે-બાંધે છે. (**अणाइयं च णं अणवयग्गं**[1]) અનાદિ અનંત એવા (**दीहमद्धं**[2]) દીર્ઘ-લાંબા કાળવાળા (**चाउरंतं**[3]) ચાર ગતિવાળા (**संसारकंतारं अणुपरियट्टइ**) સંસારરૂપ અટવીમાં ભમે છે.'

पढमं चिय तं जंतुं, कोहग्गी डहइ जत्थ उववज्जे ।
तत्थुप्पन्नो तं चेव, इंधणं धूमकेउ व्व ॥ ७ ॥

અર્થ:—(**धूमकेउ व्व**) જેમ અગ્નિ (**जत्थ उववज्जे**) જ્યાં ઉત્પન્ન થાય છે, (**तत्थुप्पन्नो**) ત્યાં ઉત્પન્ન થઇને (**पढमं**) પ્રથમ તો (**तं चेव इंधणं**) તેજ કાષ્ટને (**डहइ**) બાળે છે; (**कोहग्गी**) તેમ ક્રોધરૂપી અગ્નિ (**पढमं**) પ્રથમ (**जत्थ उववज्जे**) જે પ્રાણીના અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે, (**तत्थुप्पन्नो**) ત્યાં ઉત્પન્ન થઇને (**चिय**) નિશ્ચે (**तं जंतुं**) તે પ્રાણીના આત્મિક ગુણોને (**डहइ**) બાળે છે. ૭.

---

१ अनवदग्रं–अनंतं. २ दीर्घाध्वानं. ३ चातुर्गतिकं.

रे जीव ! कसायहुआसणेण दड्ढे चारित्तघरसारे ।
भमिहिसि भवकंतारे, दीणमणो दुत्थिउ व्व तुमं ॥ ८ ॥

અર્થઃ—(**रे जीव**) હે જીવ ! (**कसायहुआसणेण**) કષાયરૂપી અગ્નિવડે કરીને (**चारित्तघरसारे**) ચારિત્રરૂપી ઘરસાર-ઘરમાંહેની સાર સાર વસ્તુ (**दड्ढे**) બળ્યે છતે (**तुमं**) તું (**भवकंतारे**) ભવાટવીમાં (**दीणमणो**) દીન મનવાળો થઈને (**दुत्थिउ व्व**) દુઃખીયાની માફક (**भमिहिसि**) ભમીશ. ૮.

इहयं चिय पच्चक्खं, दुक्खमिणं तुज्झ कोहवसगस्स ।
जं पुण परंमि लोए, तं जाणइ जीव ! सव्वन्नू ॥ ९ ॥

અર્થઃ—(**जीव**) હે જીવ ! (**कोहवसगस्स**) ક્રોધને આધીન એવા (**तुज्झ**) તને પ્રથમ તો (**दुक्खमिणं**) આ દેખાતું દુઃખ (**इहयं चिय**) અહિં આ ભવમાં જ (**पच्चक्खं**) પ્રત્યક્ષ છે. (**जं पुण**) અને જે (**परंमि लोए**) પરલોકમાં-પરભવમાં દુઃખ પ્રાપ્ત થવા સંભવ છે (**तं**) તે દુઃખને તો (**सव्वन्नू**) સર્વજ્ઞ જ (**जाणइ**) જાણે છે. ૯.

न मुणंति परं अप्पं, कयमकयं सुंदरं च इयरं वा ।
धणमित्तनासमरणं, वेरं न गणंति कोहंधा ॥ १० ॥

અર્થઃ—(**कोहंधा**) ક્રોધથી અંધ બની ગયેલા મનુષ્યો (**परं अप्प**) પરને તથા પોતાને (**न मुणंति**) જાણતા નથી, (**कयमकयं**) કૃત્યને તથા અકૃત્યને જાણતા નથી, (**सुंदरं च इयरं वा**) સારું અથવા નરસું જાણતા નથી, (**धणमित्तनासमरणं**) તેમજ ધનનાશ, મિત્રનાશ તથા મરણ અને (**वेरं न गणंति**) વૈર વિગેરેને પણ ગણતા નથી. ૧૦.

सपरोभयाण संताव-कारओ कुगइगमणहेऊ अ ।
पीईवुच्छेअकरो, कोहो तवनियमवणदहणो ॥ ११ ॥

અર્થઃ—(**कोहो**) ક્રોધ છે તે (**सपरोभयाण**) પોતાને અને પરને તેમજ ઉભયને (**संतावकारओ**) સંતાપનો કરનાર છે, (**कुगइगमणहेऊ अ**) તેમજ કુગતિની પ્રાપ્તિનું-દુર્ગતિમાં ભ્રમણનું કારણ છે, (**पीईवुच्छेअकरो**) તથા પ્રેમનો નાશ કરનાર છે અને (**तवनियमवण**) તપ નિયમરૂપ વનને (**दहणो**) બાળનારો છે. ૧૧.

जं अज्जियं चरित्तं, देसूणाए वि पुव्वकोडीए।
तं पि हु कसायमित्तो, हारेइ नरो मुहुत्तेणं ॥ १२ ॥

અર્થ:—(**जं**) જે (**चरित्तं**) ચારિત્ર (**देसूणाए वि पुव्वकोडीए**) દેશે ઊણા કોટિ પૂર્વ પર્યંત (**अज्जियं**) ઉપાર્જન કરેલું એટલે પાળેલું હોય (**तं पि हु**) તે ચારિત્રને પણ નિશ્ચે (**मुहुत्तेणं**) એક મુહૂર્ત્ત માત્રમાં (**कसायमित्तो**) ક્રોધને આધીન થયેલો (**नरो**) મનુષ્ય (**हारेइ**) હારી જાય છે–નાશ કરે છે. ૧૨.

जं अज्जियं समीपल्लवेहि तवनियमबंभमाइएहिं।
मा हु तयं कलहंता, उल्लिंचह सागपत्तेहिं ॥ १३ ॥

અર્થ:—(**समीपल्लवेहि**) શમીવૃક્ષના નાના સરખા પાંદડાવડે કરીને (**तवनियमबंभमाइएहिं**) તપ, નિયમ, બ્રહ્મચર્ય વિગેરેથી (**जं अज्जियं**) જે કાંઇ પુણ્ય ઉપાર્જન કર્યું એટલે એકઠું કર્યું. (**तयं कलहंता**) તેને કલહ-ક્રોધ કરતો થકો તું (**सागपत्तेहिं**) સાગવૃક્ષના પાંદડાવડે (**मा हु उल्लिंचह**) ઉડાડી નાખ માં. ૧૩. (શમીવૃક્ષના પત્ર બહુ નાના હોય છે; તેના વડે બહુ થોડું એકઠું થાય છે, તેને સાગવૃક્ષના બહુ મોટા પાંદડાવડે ઉડાડતા ક્ષણમાં બધું ઉડી જાય છે.)

पढउ सुअं धरउ वयं, कुणउ तवं चरउ बंभचेराई।
तह वि तयं सव्वं पि हु, निरत्थयं कोहवसगस्स ॥१४॥

અર્થ:—(**सुअं**) શ્રુત (**पढउ**) ભણો, (**वयं**) વ્રત (**धरउ**) ધારણ કરો, (**तवं**) તપ (**कुणउ**) કરો, (**बंभचेराई**) બ્રહ્મચર્યાદિક (**चरउ**) આચરો (**तह वि**) તો પણ (**तयं सव्वं पि हु**) તે સર્વ (**कोहवसगस्स**) ક્રોધને આધીન થયેલા મનુષ્યને (**निरत्थयं**) નિરર્થક થાય છે અર્થાત્ ક્રોધ કરવાથી સર્વ ધર્મનો સહજમાં નાશ થાય છે. ૧૪.

जइ जलइ लोए जलउ, कुसत्थपवणाहओ कसायग्गी।
तं चुज्जं जं जिणवयण–वारिसित्तो वि पज्जलइ ॥ १५ ॥

અર્થ:—(**जइ**) જો (**लोए**) લોકમાં (**कुसत्थपवणाहओ**) કુશાસ્ત્રરૂપ પવનથી હણાયેલો (**कसायग्गी**) કષાયરૂપી અગ્નિ (**जलइ**) બળે તો તે (**जलउ**) ભલે બળો, પરંતુ (**जं जिणवयण**) જે જિનેશ્વરના વચનરૂપી (**वारिसित्तो वि**) પાણીથી સીંચાયા છતાં પણ (**पज्जलइ**) કષાયરૂપી અગ્નિ બળે (**तं चुज्जं**) તે આશ્ચર્ય છે. ૧૫.

हयमम्हाणं नाणं, हयमम्हाणं मणुस्समाहप्पं ।
जं किर लद्धविवेगा, विचिट्ठिमो बालबालु व्व ॥ १६ ॥

અર્થ:—(**अम्हाणं नाणं**) અમારું જ્ઞાન (**हयं**) હણાયું, (**अम्हाणं मणुस्समाहप्पं**) અમારું મનુષ્યપણાનું મહત્ત્વ પણ (**हयं**) હણાયું, (**जं किर लद्धविवेगा**) કારણ કે અમે નિશ્ચે વિવેક મેળવ્યા છતાં પણ (**बालबालु व्व**) અજ્ઞાની બાળકની માફક (**विचिट्ठिमो**) ચેષ્ટા કરીએ છીએ. ૧૬.

पढिअस्स तस्स मुणिअस्स तस्स सिद्धंतसुद्धबोहस्स ।
सुहगुरुउवएसस्स य, अवसाणं एरिसं जीव ! ॥ १७ ॥

અર્થ:—(**जीव**) હે જીવ ! (**पढिअस्स**) તેં ભણેલ (**तस्स मुणिअस्स**) તથા તેં જાણેલ (**तस्स सिद्धंतसुद्धबोहस्स**) તથા તને થયેલ તે સિદ્ધાંતનો શુદ્ધ બોધ (**य**) વળી તેં સાંભળેલો (**सुहगुरुउवएसस्स**) શુભ ગુરુનો ઉપદેશ તે સર્વનું (**अवसाणं**) પરિણામ શું (**एरिसं**) આવું આવ્યું ? અર્થાત્ એ બધું છતાં પણ તું ક્રોધ તજીને સમતાને ભજી શક્યો નહીં ? ૧૭.

अप्पविसुद्धिनिमित्तं, किलिस्ससे ता चएसु कोवरिऊ ।
विमलत्तमहिलसंतो, कह मज्जसि पंकिलजलंमि ॥ १८ ॥

અર્થ:—(**अप्पविसुद्धिनिमित्तं**) હે જીવ ! આત્માની વિશુદ્ધિ માટે જો તું (**किलिस्ससे ता**) કલેશ પામે છે-ખેદ કરે છે તો (**कोवरिऊ**) ક્રોધરૂપ શત્રુનો (**चएसु**) ત્યાગ કર. (**विमलत्तमहिलसंतो**) નિર્મળપણાને ઈચ્છતો તું (**पंकिलजलंमि**) કાદવવાળા જળમાં (**कह मज्जसि**) શા માટે બૂડે છે ? ૧૮.

एगस्स वि निअहिअयस्स जीव ! विनिवारणे जइ न सत्ती ।
ता कहणु पारभविअं, महारिविनिवारणं तुज्झ ॥ १९ ॥

અર્થ:—(**जीव**) હે જીવ ! (**एगस्स**) એક (**निअहिअयस्स वि**) પોતાના હૃદયને પણ (**विनिवारणे**) શાંત કરવામાં (**जइ न सत्ती**) જો તારી શક્તિ નથી (**ता**) તો (**तुज्झ**) તારાથી (**पारभविअं**) પરભવમાં હેરાન કરનારા (**महारिविनिवारणं**) મોટા શત્રુ કામક્રોધાદિકનું નિવારણ (**कहणु**) શી રીતે થશે ? ૧૯.

सव्वो वि इह पसंतो, पसंतजणमज्झसंठिओ संतो ।
सइ कोवकारणे जो, अकोहणो सो इह पसंतो ॥ २० ॥

અર્થઃ—(**इह**) આ લોકમાં (**पसंतजणमज्झसंठिओ संतो**) શાંતજનોના મધ્યમાં રહેલો સતો (**सव्वो वि पसंतो**) સર્વજન શાંત હોય છે, પણ (**जो**) જે (**कोवकारणे सइ**) ક્રોધના કારણો ઉપસ્થિત થયે છતે (**अकोहणो**) કિંચિત્ પણ ક્રોધી ન થાય (**सो इह पसंतो**) તે જ ઇહાં ખરેખરે શાંત ગણાય છે. ૨૦.

जइ खमसि दोसवंते, ता तुह खंतीइ होइ अवगासो ।
अह न खमसि ता तुह, अविसयाइ खंतीइ वावारो॥ २१ ॥

અર્થઃ—(**जइ**) જો તું (**दोसवंते**) દોષવંતને એટલે દોષવંત ઉપર (**खमसि**) ખમીશ-ક્ષમા કરીશ (**ता तुह खंतीइ**) તો જ તારામાં ક્ષમાનો (**अवगासो**) અવકાશ-વ્યાપાર (**होइ**) થશે. (**अह न खमसि**) પણ જો તેને નહીં ખમે (**ता तुह**) તો તારો (**खंतीइ वावारो**) ક્ષમાનો વ્યાપાર (**अविसयाइ**) વિષય વિનાનો થશે, અર્થાત્ અપરાધીને ક્ષમા કરવી તે જ ક્ષમાનો વ્યાપાર છે, અન્યથા તેના વ્યાપારની પ્રવૃત્તિ જ નથી. ૨૧

जइ खमसि तो नमिज्जसि, छज्जइ नामं पि तुह खमासमणो ।
अह न खमसि न नमिज्जसि, नामं पि निरत्थयं वहसि ॥२२॥

અર્થઃ—હે જીવ ! (**जइ खमसि**) જો તું ક્ષમા કરીશ (**तो नमिज्जसि**) તો તું અન્યથી વંદાઇશ અર્થાત્ તો તને બીજા નમશે અને (**तुह खमासमणो**) તારું ક્ષમાશ્રમણ (**नामंपि**) નામ પણ (**छज्जइ**) શોભશે. (**अह न खमसि**) અને જો ક્ષમા નહિં કરે તો (**न नमिज्जसि**) અન્યથી વંદાઇશ નહીં અને (**नामं पि**) ક્ષમાશ્રમણ એ નામને પણ (**निरत्थयं वहसि**) ફોગટ વહન કરનારો ઠરીશ. ૨૨.

दड्ढो अ तवो फुसिओ अ, संयमो मइलिअं च चारित्तं ।
हारविअं सामन्नं, कोहकसायं वहंतेण ॥ २३ ॥

અર્થઃ—હે જીવ ! (**कोहकसायं वहंतेण**) ક્રોધ નામના કષાયને વહન કરતા એવા તેં (**तवो**) તપને (**दड्ढो अ**) બાળી દીધું, (**संयमो**) સંયમનો (**फुसिओ अ**) નાશ કર્યો, (**चारित्तं**) ચારિત્રને (**मइलिअं च**) મલિન કર્યું અને (**सामन्नं**) શ્રમણપણું (**हारविअं**) ખોઈ નાખ્યું અર્થાત્ ક્રોધથી તારું સર્વ નષ્ટ થયું. ૨૩.

कोहानलवसगाणं, पसमामयभावियाण य हवंति ।
इहयं चिय दोसगुणा, नायमचंकारिभट्टित्ति ॥ २४ ॥

અર્થઃ—(**कोहानलवसगाणं**) ક્રોધરૂપ અગ્નિને વશ થયેલા અને (**पसमामयभावियाण य**) પ્રશમરૂપ અમૃતથી ભાવિત થયેલા મનુષ્યોને (**दोसगुणा**) દોષ અને ગુણ (**इहयं चिय**) આ લોકમાંજ પ્રત્યક્ષ (**हवंति**) જણાય છે. તેની ઉપર (**नायमचंकारिभट्टित्ति**) અચ્ચંકારી ભટ્ટાનું દૃષ્ટાંત છે.[1] ૨૪

एअं खंतीकुलयं, दुद्दमजीवाण सासणं अहवा ।
जो परिभावइ सम्मं, सो पावइ पसमवररयणं ॥२५॥

અર્થઃ—(**दुद्दमजीवाण सासणं**) જે પ્રાણી દુઃખે દમવા યોગ્ય હોય તેને દમનાર (**अहवा**) અથવા અપૂર્વ શિક્ષણરૂપ (**एअं खंतीकुलयं**) આ ક્ષમાકુલકને (**जो**) જે (**सम्मं**) સારી રીતે (**परिभावइ**) ભાવે છે–વિચારે છે (**सो**) તે પ્રાણી (**पसमवररयणं**) શ્રેષ્ટ એવા પ્રશમરૂપ રત્નને (**पावइ**) પામે છે.

ઇતિ ક્ષમાકુલક સાર્થ સંપૂર્ણ.

इन्द्रियविकार(विषयकषाय)निरोधकुलकम्

रज्जाइ भोगतिसिया, अट्टवसट्टा पडंति तिरिएसुं ।
जाईमएण मत्ता, किमिजाई चेव पावंति ॥ १ ॥

અર્થઃ—રાજ્યાદિક ભોગતૃષ્ણાવાળા મનુષ્યો (**अट्टवसट्टा**) આર્તધ્યાનને વશ થઈને (**तिरिएसुं**) તિર્યંચયોનિમાં (**पडंति**) પડે છે એટલે ઉત્પન્ન થાય છે.

દરેક પ્રકારના મદથી કેવી જાતિમાં ઉત્પન્ન થાય છે ? તે કહે છેઃ—

(**जाईमएण मत्ता**) ૧ જાતિના મદે કરીને મદોન્મત્ત થયેલા જીવો (**किमिजाई चेव**) કૃમિ જાતિને એટલે વિકલેંદ્રિયપણાને નિશ્ચે (**पावंति**) પામે છે. ૧.

कुलमत्ति सियालत्ते, उट्टाईजोणि जंति रूवमए ।
बलमत्ते वि पयंगा, बुद्धिमए कुक्कडा हुंति ॥ २ ॥

અર્થઃ—(**कुलमत्ति**) ૨ કુળમદવાળા (**सियालत्ते**) શિયાળીયા થાય છે. (**रूवमए**) ૩ રૂપના મદવાળા (**उट्टाईजोणि**) ઉંટ વિગેરેની યોનિમાં (**जंति**)

૧ આ દૃષ્ટાંત અમારી છપાવેલી ક્ષમાકુલકાદિ સંગ્રહની બુકમાં છે.

ઉત્પન્ન થાય છે. (**बलमत्ते वि**) ४ બળમદવાળા (**पयंगा**) પતંગીયા થાય છે. (**बुद्धिमए**) ५ બુદ્ધિના મદવાળા (**कुक्कडा हुंति**) કુકડા થાય છે. ૨.

रिद्धिमए साणाई, सोहग्गमएण सप्पकागाई ।
नाणमएण बइल्ला, हवंति मय अट्ठ अइदुट्ठा ॥ ३ ॥

અર્થ.—(**रिद्धिमए**) ૬ ઋદ્ધિના મદે કરીને (**साणाई**) શ્વાન આદિમાં ઉત્પન્ન થાય છે. (**सोहग्गमएण**) ૭ સૌભાગ્યના મદે કરીને (**सप्पकागाई**) સર્પ તથા કાગડા વિગેરે થાય છે અને (**नाणमएण**) ૮ જ્ઞાનના મદે કરીને (**बइल्ला**) બળદ (**हवंति**) થાય છે. (**अट्ठ**) આ આઠ (**मय**) મદો (**अइदुट्ठा**) અતિ દુષ્ટ છે. ૩.

कोहणसीला सीहा, मायावी बगत्तणम्मि वच्चंति ।
लोहिल्ल मूसगत्ते, एव कसाएहिं भमडंति ॥ ४ ॥

અર્થ:—(**कोहणसीला**) ક્રોધના સ્વભાવવાળા (**सीहा**) સિંહયોનિમાં ઉપજે છે. (**मायावी**) માયાવી જીવ (**बगत्तणम्मि**) બગલાપણાને (**वच्चंति**) પામે છે, (**लोहिल्ल**) લોભી જીવો (**मूसगत्ते**) ઉંદર થાય છે. (**एव**) એ પ્રમાણે (**कसाएहिं**) કષાયવડે કરીને જીવ (**भमडंति**) સંસારમાં પરિભ્રમણ કરે છે. (માન-મદ કષાય માટે ઉપર કહી આવ્યા છે.) ૪

माणसदंडेण पुणो, तंदुलमच्छा हवंति मणदुट्ठा ।
सुयतित्तरलावाई, होउ वायाइ बज्झंति ॥ ५ ॥

અર્થ:—(**पुणो**) વળી (**माणसदंडेण**) મનોદંડ વડે કરીને પ્રાણી (**मणदुट्ठा**) દુષ્ટ મનવાળા (**तंदुलमच्छा हवंति**) તંદુળીયા મચ્છ થાય છે. (**वायाइ**) વચનદંડે કરીને (**सुयतित्तरलावाई होउ**) પોપટ, તેતર અને લાવક વિગેરે થઈને (**बज्झंति**) કર્મબંધ કરે છે. ૫

काएण महामच्छा, मंजारा उ हवंति तह कूरा ।
तं तं कुणंति कम्मं, जेण पुणो जंति नरएसुं ॥ ६ ॥

અર્થ:—(**काएण महामच्छा**) કાયદંડે કરીને મોટા મચ્છ (મગર) (**तह**) તથા (**कूरा**) ક્રૂર એવા (**मंजारा उ हवंति**) બિલાડા વિગેરે થાય છે અને (**तं तं**) તે તે ભવોમાં (**कम्मं**) એવા કર્મને (**कुणंति**) કરે છે કે (**जेण पुणो**) જેથી ફરીફરીને (**नरएसु**) નરકમાં (**जंति**) જાય છે. ૬.

फासिंदियदोसेणं, वणसूयरत्तणम्मि जंति जीवावि ।
जीहालोलुअ वग्घा, घाणवसा सप्पजाईसुं ॥ ७ ॥

અર્થ:—(**फासिंदियदोसेणं**) સ્પર્શેંદ્રિયના દોષથી (**जीवावि**) જીવો (**वणसूयरत्तणम्मि जंति**) વનમાં ભુંડપણાને પામે છે, (**जीहालोलुअ वग्घा**) જિહ્વાઇંદ્રિયના લોલુપી વાઘ થાય છે, (**घाणवसा**) ઘ્રાણઇંદ્રિયના વશથી (**सप्पजाईसुं**) સર્પની જાતિમાં ઉત્પન્ન થાય છે. ૭.

नयणिंदिए पयंगा, हुंति पुण मया सवणदोसेण ।
एए पंच वि निहणं, वयंति पंचिंदिएहि पुणो ॥ ८ ॥

અર્થ:—(**नयणिंदिए पयंगा**) ચક્ષુઇંદ્રિયના દોષથી પતંગીયા થાય છે. (**पुण**) અને (**सवणदोसेण**) શ્રોત્રઇંદ્રિયના દોષથી (**हुंति मया**) મૃગ થાય છે. (**एए पंच वि**) આ પાંચે પ્રકારના પ્રાણીઓ (**पंचिंदिएहि पुणो**) પાંચ ઇંદ્રિય પૈકી એકેક ઇંદ્રિયના દોષથી ફરીફરીને (**निहणं वयंति**) મરણને પામે છે. ૮

जत्थ य विसयविराओ, कसायचाओ गुणेसु अणुराओ ।
किरियासु अप्पमाओ, सो धम्मो सिवसुहो लोए ॥ ९ ॥

અર્થ:—(**जत्थ य**) જે ધર્મમાં (**विसयविराओ**) વિષયો ઉપર વિરક્તભાવ હોય (વૈરાગ્ય હોય), (**कसायचाओ**) કષાયનો ત્યાગ હોય, (**गुणेसु अणुराओ**) ગુણો ઉપર પ્રીતિ હોય અને (**किरियासु अप्पमाओ**) ક્રિયા કરવામાં અપ્રમાદ હોય (**सो धम्मो**) તે ધર્મ (**लोए**) લોકને વિષે (**सिवसुहो**) મોક્ષસુખને આપનારો થાય છે. ૯. (**सिवसुहोवाओ**) એવો પણ પાઠ છે તેથી તે ચાર પ્રકારનો ધર્મજ શિવસુખનો સ્પષ્ટ ઉપાય છે.

ઇતિ ઇંદ્રિયવિકારાદિ નિરોધ
કુલક સાર્થ સંપૂર્ણ.

श्री लोकनालिद्वात्रिंशिका प्रकरण

પ્રથમ બાલાવબોધકર્ત્તાનું મંગલાચરણ

श्रीमदाप्तं प्रणम्यादौ, जगतः स्थितिदर्शकम् ।
वक्ष्ये लोकविचारस्य, वार्त्तिकं समयानुगम् ॥

અર્થ:—(**जगतः**) જગતના (**स्थितिदर्शकं**) સ્વભાવને દેખાડનારા (**श्रीमदाप्तं**) શ્રી વીતરાગ ભગવાનને (**आदौ**) પ્રથમ (**प्रणम्य**) નમસ્કાર કરીને (**लोकविचारस्य**) આ લોકના વિચારનું (**वार्त्तिकं**) વ્યાખ્યાન (**समयानुगम्**) સમયને અનુસારે એટલે આગમમાં કહ્યા પ્રમાણે (**वक्ष्ये**) હું કહીશ.

जिणदंसणं विणा जं, लोअं पूरंत जम्ममरणेहिं ।
भमइ जिओऽणंतभवे, तस्स सरूवं किमावि वुच्छं ॥ १ ॥

અર્થ:—(**जिणदंसणं**) શ્રી તીર્થંકર દેવના કહેલા સમ્યક્ત્વ દર્શન અથવા તીર્થંકરનું દર્શન તે (**विणा जं**) વિના જે (**जम्ममरणेहिं**) જન્મ તથા મરણે કરી, (**लोअं**) લોક એટલે સામાન્યપણે ચૌદ રાજલોકને (**पूरंत**) પૂરતો થકો (**अणंतभवे**) અનંતભવ પ્રત્યે (**भमइ जिओ**) જીવ ભમે છે. (**तस्स सरूवं**) તે લોકનું સ્વરૂપ-આકાર, લંબાઇ, પહોળાઇ તથા જાડાઇ (**किमवि**) કાંઇક-કિંચિન્માત્ર (**वुच्छं**) કહું છું ॥ ૧ ॥

અનંતપ્રદેશી અલોકાકાશને વિષે રહેલા લોકના આકારને સામાન્યપણે વર્ણવે છે.

वइसाहठाणठिअपय-कडित्थकरजुगनरागिई लोगो ।
उप्पत्तिनासधुवगुण-धम्माइछदव्वपडिपुण्णो ॥ २ ॥

અર્થ—(**वइसाह**) વિશાખ એટલે પહોળા પગવાળા (**ठाण**) સંસ્થાનને એટલે છાશ વલોવવાના સમયને વિષે જેવો હોય તેવા આકારે (**ठिअपय**) સ્થાપ્યા છે બે ચરણ જેણે અને (**कडित्थ**) કટિને વિષે રાખેલ છે (**करजुग**) હસ્તયુગલ જેણે એવી જે (**नरागिई लोगो**) મનુષ્યની આકૃતિ તેની જેવો લોક છે.

અહીં વલોવવાના અધિકાર માટે નર શબ્દવડે પ્રાયે સ્ત્રી જાણી લેવી. સ્ત્રી જ્યારે છાશ વલોવે છે ત્યારે બે પગ પહોળા રાખે છે અને કટિપ્રદેશને વિષે સંકીર્ણ થાય છે. તેની પેઠે લોક પણ નીચે પહોળો પહોળો છે અને ચઢતો ચઢતો મધ્ય ભાગને વિષે સંકીર્ણ છે. વળી વલોવતાં બન્ને હાથ કટિપ્રદેશે રાખવામાં આવે છે ત્યારે બે કોણીના વચલા ભાગમાં કટિપ્રદેશથી હૃદય સુધી ચઢતો વિસ્તાર થાય છે, અને ત્યાંથી ઉપર મસ્તકદિશિ સંકીર્ણ થાય છે તેમ લોક પણ મધ્યભાગથી ઉપર ચઢતાં પાંચમા દેવલોક સુધી વિસ્તાર પામેલો છે. ત્યાંથી વળી સંકીર્ણ થાય છે. તે માટે વલોવનારી સ્ત્રીના આકારનું દૃષ્ટાંત કહ્યું છે.

એ લોકમાં કયા કયા પદાર્થો છે ? તે કહે છેઃ—

(**उप्पत्ति**) ઉપજવું, (**नास**) નાશ પામવું અને (**धुवगुण**) નિશ્ચળ રહેવું વિગેરે ગુણો છે જેને વિષે એવા (**धम्माइछदव्वपडिपुण्णो**) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય તથા કાળ–એ છ દ્રવ્યોવડે પરિપૂર્ણ ભરેલો છે. ॥ ૨ ॥

અવતરણઃ—કેટલાએક પરદર્શની એમ કહે છે કે લોક બ્રહ્માએ ઉત્પન્ન કર્યો છે, વિષ્ણુ પાલન કરે છે, મહાદેવ સંહાર કરે છે, શેષનાગ, કાચબો અને કામધેનુ તેને ધારણ કરી રહ્યાં છે. તેનું નિરાકરણ કરવા માટે કહે છેઃ—

केण वि न कओ न धओ-ऽणाहारो नहठिओ सयंसिद्धो ।
अहमुहमहमल्लग–ठिअलहुमल्लगसंपुडसरिच्छो ॥ ३ ॥

અર્થ:—આ લોક (**केण वि**) કોઇએ પણ (**न कओ**) ઉત્પન્ન કર્યો નથી, (**न धओ**) કોઇએ પણ ધારણ કર્યો નથી, (**अणाहारो**) નિરાધાર રહેલો છે, સર્વ પદાર્થ લોકને આધારે છે, (**नहठिओ**) લોકાકાશને વિષે સ્થિત છે, (**सयंसिद्धो**) સ્વયંસિદ્ધ છે. હવે એ લોકનો આકાર પ્રકારાંતરે કહે છે–(**अहमुह**) અધોમુખ એટલે ઉંધો રાખેલો જે (**महमल्लग**) મોટો શરાવ (**ठिअलहुमल्लगसंपुड**) તેની ઉપર રાખેલ ન્હાના શરાવના સંપુટ (**सरिच्छो**) સરખો આ લોકનો આકાર છે. ॥૩॥

पयतलि सग मज्झेगा, पण कुप्परि सिरतलेगरज्जु पिहू ।
सो चउदसरज्जुच्चो, माघवइतलाओ जा सिद्धी ॥ ४ ॥

અર્થ:—(**पयतलि**) પહેલાં જે વૈશાખસ્થાનસ્થિત મનુષ્યને આકારે લોક કહ્યો તે પગના તળિયાને ઠેકાણે ચારે દિશાએ (**सग**) સાત રાજપ્રમાણ (**पिहू**) પહોળો છે; (**मज्झेगा**) અને મધ્ય ભાગ જે પુરુષાકારને વિષે નાભિનું સ્થાન છે ત્યાં એક રાજપ્રમાણ ચારે દિશાએ પહોળો છે, (**कुप्परि**) બન્ને હાથની કોણીના

સ્થાનને વિષે (**पण**) પાંચ રાજ પ્રમાણુ પહોળો છે. અને (**सिरतलेगरज्जु**) મસ્તકને ઠેકાણે એક રાજપ્રમાણુ પહોળો છે. (**माघवइतलाओ**) તે લોક માઘવતી નામની સાતમી નરકપૃથ્વીના તળિયાથી ઉપર (**जा सिद्धी**) યાવત્ સિદ્ધ છે ત્યાંસુધી છે અને (**सो चउदस रज्जुच्चो**) તે ચૌદ રાજપ્રમાણુ ઊંચો છે ॥ ૪ ॥

અવતરણઃ—હવે પહોળાઇનું સ્થાન પ્રમાણુ સાથે કહે છેઃ—

सगरज्जु मघवइतला, पएसहाणीइ महिअले एगा ।
तो वुड्ढि बंभजा पण, पुण हाणी जा सिवे एगा ॥ ५ ॥

અર્થઃ—(**मघवइतला**) માઘવતી જે સાતમી નરકપૃથ્વી તેને તળિએ ચારે દિશાને વિષે (**सगरज्जु**) એ લોક સાત રાજપ્રમાણુ પહોળો છે, (**पएसहाणीइ**) ત્યાંથી પ્રદેશપ્રદેશની હાનિ કરતાં ઉપર તિર્યગ્લોકના (**महियले एगा**) મહીતલને વિષે આવે ત્યારે ચારે દિશાને વિષે એક રાજપ્રમાણુ વિસ્તાર છે. (**तो वुड्ढि बंभजा पण**) ત્યાંથી વળી ઉપર જતાં પ્રદેશપ્રદેશની વૃદ્ધિ થાય છે, તે પાંચમું બ્રહ્મ નામે દેવલોક છે, ત્યાં ચારે દિશાએ પાંચ રાજપ્રમાણુ પહોળો છે, (**पुण हाणी जा सिवे एगा**) ત્યાંથી વળી પ્રદેશ પ્રદેશ ઘટતો છે, તે જ્યાં સિદ્ધો છે ત્યાં ચારે દિશાએ એક રાજપ્રમાણુ પહોળો છે ॥ ૫ ॥

અવતરણઃ—હવે લોકનાલિકાની સ્થાપનાનો ઉપાય કહેતાં પ્રથમ ત્રસનાડીનો વિચાર કહે છેઃ—

सगवन्नरेह तिरिअं, ठवसु पणुड्ढं च रज्जु चउअंसे ।
इगरज्जुवित्थरायय, चउदसरज्जुच्च तसनाडी ॥ ६ ॥

અર્થઃ—(**सगवन्नरेह तिरिअं**) સત્તાવન રેખા તિર્છી (**ठवसु**) સ્થાપીએ–કરીએ (**पणुड्ढं च**) અને પાંચ રેખા ઊભી કરીએ. એ પ્રમાણે કરતાં ઊંચપણે (**रज्जु चउअंसे**) એક રાજના ચાર અંશ પ્રમાણુ છપ્પન્ન ખંડ થાય, કારણ કે તિર્છી સત્તાવન રેખા છે તેના અંતરમાં છપ્પન્ન ખંડ જ થાય. ઊભી પાંચ રેખા છે તેના તિર્છા ચાર ખંડુ થાય. ચાર ખાંડુએ એક રાજ થાય. તેથી (**तसनाडी**) ત્રસનાડી (**इगरज्जु-वित्थरायय**) લંબાઇ ને પહોળાઇએ એક રાજપ્રમાણુ અને (**चउदस रज्जुच्च**) ઊંચપણે ચૌદ રાજપ્રમાણુ જાણવી ॥ ૬ ॥

લોકનો મધ્યભાગ જે ત્રસનાડી તેમાં જ બેઇંદ્રિયાદિક ત્રસ જીવો જન્મ-મરણુ પામે છે અને રહે છે, તેથી તે ત્રસનાડી કહેવાય છે. એ ત્રસનાડીની બહાર જે લોકનો વિસ્તાર છે ત્યાં સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સર્વત્ર વ્યાપી રહેલ છે, તેમજ પોલાણુમાં બાદર વાયુકાય પણ છે.

અવતરણઃ—હવે ઊર્ધ્વલોકને વિષે ખંડુનો વિસ્તાર કહે છેઃ—

उड्ढे तिरिअं चउरो, दुसु छ दुसु अट्ठ दस य इक्किक्के ।
बारस दोसुं सोलस, दोसुं वीसा य चउसु पुढो ॥ ७ ॥

અર્થઃ—(**उड्ढे**) ઊર્ધ્વલોકની શ્રેણીને વિષે પ્રથમ રત્નપ્રભા નરક પૃથ્વી-થકી ઉપર જે અઠ્ઠાવીશ ખાંડુઆની શ્રેણિ છે, (**तिरिअं**) તેમાં લોકના મધ્યથી ઉપર પહેલી (**दुसु**) બે શ્રેણિને વિષે (**चउरो**) ચાર ચાર ખાંડુઆ ત્રસનાડીના જ છે, પણ ત્રસનાડીથી બહાર નથી. ત્યારપછી તેની ઉપર (**दुसु छ**) બે શ્રેણિને વિષે છ છ ખાંડુઆ છે, એટલે ચાર ખાંડુઆ ત્રસનાડીના અને એકેકો બંને પાસાનો ખાંડુઓ મેળવતાં છ ખાંડુઆ થાય છે. ત્યારપછી ઉપર (**अट्ठ दस य इक्किक्के**) એકેક શ્રેણીને વિષે આઠ ને દશ ખાંડુઆ છે. તેમાં આઠમાં બબે ખાંડુઆ બે પાસે અને ત્રસનાડીના ચાર ખાંડુઆ એમ આઠ ખાંડુઆ છે. અને દશ ખાંડુઆ છે, તેમાં બંને પાસે ત્રણ ત્રણ અને ત્રસનાડીના ચાર મળીને દશ ખંડુ છે. (**बारस दोसुं**) ત્યારપછી બે શ્રેણિને વિષે બાર બાર ખાંડુઆ છે. તેમાં બે બાજુ ચાર ચાર ને મધ્યમાં ત્રસનાડીના ચાર એમ બાર છે પછી (**सोलस दोसुं**) બે શ્રેણિને વિષે સોળ સોળ ખાંડુઆ છે, તેમાં બે બાજુ છ છ ને વચ્ચે ચાર ત્રસનાડીના એમ સોળ છે. (**वीसा य चउसु पुढो**) તેમજ ત્યારપછી ચાર શ્રેણિને વિષે પ્રત્યેકમાં વીશ વીશ ખાંડુઆ છે, તેમાં બે બાજુ આઠ આઠ ને વચ્ચે ચાર ત્રસનાડીના છે. ॥ ૭ ॥

અવતરણઃ—એવી રીતે ઊર્ધ્વ લોકને વિષે પ્રદેશની વૃદ્ધિના ખાંડુઆ કહ્યા એટલે અઠ્ઠાવીશ શ્રેણી પૈકી ચૌદ શ્રેણિના કહ્યા, હવે બાકીની ૧૪ શ્રેણીમાં હાનિના ખાંડુઆ કહે છેઃ—

पुणरवि सोलस दोसुं, बारस दोसुं च तिसु दस तिसुऽट्ठ ।
छद्दुसु दुसु चउ खंडुअ, सव्वे चउरुत्तरा तिसया ॥ ८ ॥

અર્થઃ—(**पुणरवि सोलस दोसुं**) વળી પંદરમી તથા સોળમી એ બે શ્રેણિને વિષે સોળ સોળ ખાંડુઆ છે. (**बारस दोसुं च**) સત્તરમી તથા અઢારમી એ બે શ્રેણિને વિષે બાર બાર ખાંડુઆ છે. (**तिसु दस**) ઓગણીશમી, વીશમી, તથા એકવીશમી એ ત્રણે પંક્તિને વિષે દશ દશ ખાંડુઆ છે. (**तिसुऽट्ठ**) બાવીશમી, ત્રેવીશમી તથા ચોવીશમી એ ત્રણ પંક્તિને વિષે આઠ આઠ ખાંડુઆ છે. (**छ द्दुसु**) પચીશમી તથા છવીશમી એ બે શ્રેણિને વિષે છ છ ખાંડુઆ છે અને (**दुसु चउ खंडुअ**) સત્તાવીશમી તથા અઠ્ઠાવીશમી એ બે શ્રેણિને વિષે ચાર ચાર ખંડુઆ ત્રસનાડીના જ છે. એવી રીતે ઊર્ધ્વલોકની અઠ્ઠાવીશ શ્રેણિના ખાંડુ-

આનું માન કહ્યું. એ પ્રમાણે ઊર્ધ્વલોકના ખાંડુઆ (**सव्वे चउरुत्तरा तिसया**) સર્વે મળીને ૩૦૪ થાય છે. ॥ ૮ ॥

અવતરણઃ—હવે અધોલોક સંબંધી ખંડુની સંખ્યા કહે છે:—

ओअरिय लोअमज्झा, चउचउठाणेसु सत्तपुढवीसु । चउर दस सोल वीसा, चउवीस छवीस अडवीसा ॥ ९ ॥

અર્થ:—(**लोअमज्झा**) ચૌદ રાજપ્રમાણનો મધ્ય એટલે જે વચ્ચેનો પ્રદેશ છે. ત્યાંથી (**ओअरिय**) અધોલોક પ્રત્યે ઉતરતાં (**सत्तपुढवीसु**) સાત નરકપૃથ્વીને વિષે પ્રત્યેકે (**चउचउठाणेसु**) ચાર ચાર શ્રેણિને વિષે કેટલા કેટલા ખંડુ છે તે કહે છે. અધોલોકમાં પહેલી નરકપૃથ્વીની ચારે શ્રેણિમાં (**चउर**) ચાર ચાર ખાંડુઆ છે, તેવી ચાર શ્રેણીના મળીને સોળ ખાંડુઆ થાય છે. બીજી નરકપૃથ્વીને વિષે ચારે શ્રેણિમાં પ્રત્યેકે પ્રત્યેકે (**दस**) દશ દશ ખાંડુઆ છે, તેને ચારગુણા કરતાં ચાલીશ ખાંડુઆ થાય છે. ત્રીજી નરકપૃથ્વીએ ચારે શ્રેણિમાં પ્રત્યેકે પ્રત્યેકે (**सोल**) સોળ સોળ ખાંડુઆ છે, તેને ચારે ગુણતાં ચોસઠ ખાંડુઆ થાય છે. ચોથી નરકપૃથ્વીને વિષે ચારે શ્રેણિમાં પ્રત્યેકમાં (**वीसा**) વીશ વીશ ખાંડુઆ છે, તેને ચારે ગુણતાં એંશી ખાંડુઆ થાય છે. પાંચમી નરકપૃથ્વીએ ચારે શ્રેણિમાં પ્રત્યેકે (**चउवीस**) ચોવીશ ચોવીશ ખાંડુઆ છે, તેને ચારે ગુણતાં છન્નુ ખાંડુઆ થાય છે. છઠ્ઠી નરકપૃથ્વીએ ચારે શ્રેણિમાં પ્રત્યેકે (**छवीस**) છવીશ છવીશ ખાંડુઆ છે, તેને ચારે ગુણતાં એક સો ને ચાર ખાંડુઆ થાય છે. સાતમી નરકપૃથ્વીને વિષે ચારે શ્રેણિમાં પ્રત્યેકમાં (**अडवीसा**) અઠ્ઠાવીશ અઠ્ઠાવીશ ખાંડુઆ છે, તેને ચારે ગુણતાં એક સો ને બાર ખાંડઆ થાય છે. એવી રીતે સોળ, ચાલીશ, ચોસઠ, એંશી, છન્નુ, એક સો ને ચાર તથા એક સો ને બાર કુલ ૫૧૨ ખંડુઆ એક બાજુના (દષ્ટલોકના) સમજવા ॥ ૯ ॥

હવે વિસ્તારનું વિવરણ કરે છે–અધોલોકમાં સાતમી નરકપૃથ્વી સાત રાજપ્રમાણ, છઠ્ઠી સાડા છ રાજપ્રમાણ, પાંચમી છ રાજપ્રમાણ, ચોથી પાંચ રાજપ્રમાણ, ત્રીજી ચાર રાજપ્રમાણ, બીજી અઢી રાજપ્રમાણ તથા પહેલી નરકપૃથ્વી એક રાજપ્રમાણ પહોળી છે. ચારે દિશાઓને વિષે એ વિસ્તાર છે. એટલે પૂર્વથી પશ્ચિમાંત સુધી ને ઉત્તરથી દક્ષિણાંત સુધી એ પ્રમાણે છે. ઊર્ધ્વલોકનો વિસ્તાર આગળ કહીશું.

अह पणसयबारुत्तर, खंडुअ सोलहिअ अट्ठसय सव्वे । घम्माइ लोगमज्झं, जोयणअस्संखकोडीहिं ॥ १० ॥

અર્થઃ—એવી રીતે (**अह**) અધોલોકના સર્વ ખાંડુઆ એક બાજુના ગણીએ તો (**पणसयबारुत्तर**) પાંચશેં ને બાર થાય છે, પૂર્વે ઊર્ધ્વ લોકના ત્રણશેં ને ચાર કહ્યા છે, તેને મેળવીએ ત્યારે (**खंडुअ सोलहिय अट्ठसय सव्वे**) સર્વ મળીને આઠશેં ને સોળ ખાંડુઆ થાય છે. હવે (**लोगमज्झं**) લોકના મધ્યનું સ્થાન કહે છે-(**घम्माइ**) ઘમ્મા નામની પ્રથમ નરકપૃથ્વીને વિષે (**जोयण-अस्संखकोडीहिं**) અસંખ્યાત યોજનની કોડી જઈએ ત્યારે નૈશ્ચયિક મતે લોકનું મધ્ય આવે છે. વ્યવહારિક મતે મેરુના મૂળને વિષે ગોસ્તનાકાર આઠ રુચકપ્રદેશ છે ત્યાં લોકનો મધ્ય ભાગ જાણવો ॥ ૧૦ ॥

અવતરણઃ—હવે તિર્ચ્છાલોકનું પ્રમાણ અને અધોલોક, તિર્યગ્લોક તથા ઊર્ધ્વલોકમાં શું શું રહેલ છે તે સામાન્યપણે કહે છેઃ—

सगरज्जु जोयणसया–ट्ठारस उणसगरज्जुमाण इहं ।
अहतिरिअउड्ढलोआ, निरयनरसुराइभावुल्ला ॥ ११ ॥

અર્થઃ—લોકના મધ્યથી ઉપર આઠમા રાજને વિષે સમભૂતલથી નવશેં યોજન ઊંચો તથા નવશેં યોજન નીચો એ રીતે અઢારશેં યોજનપ્રમાણ તિર્યગ્લોક કહેવાય છે. તેથી (**जोयणसयाट्ठारस उण**) એ અઢારશેં યોજન ઊણા (**सगरज्जुमाण**) સાત રાજપ્રમાણ ઊર્ધ્વલોક કહેવાય છે. તે સહિત કરીએ તો (**सगरज्जु**) સાત રાજપ્રમાણ ઊર્ધ્વલોક થાય છે. (**इहं**) અહીં (**अह**) અધોલોકને વિષે (**निरय**) નારકી પ્રમુખ, (**तिरिय**) તિર્યગ્ લોકને વિષે (**नर**) મનુષ્યાદિક અને (**उड्ढ-लोआ**) ઊર્ધ્વલોકને વિષે (**सुराइ भावुल्ला**) દેવાદિક રહેલા છે. યદ્યપિ ભવનપત્યાદિક દેવો અધોલોકમાં વસે છે તથાપિ ત્યાં નારકી ઘણા છે, માટે મુખ્ય વૃત્તિએ સામાન્યપણે નારક અધોલોકમાં કહ્યા છે. ॥ ૧૧ ॥

હવે વિશેષપણે કહે છેઃ—

अहलोइ निरयअसुरा, वंतरनरतिरिअजोइसतरुग्गी ।
दीवुदही तिरिलोए, सुरसिद्धा उड्ढलोअम्मि ॥ १२ ॥

અર્થઃ—(**अहलोइ निरयअसुरा**) નારકી અને અસુર–ભુવનપતિ દેવો અધોલોકમાં વસે છે, (**वंतरनरतिरिअजोइसतरुग्गी**) વ્યંતર, નર તે મનુષ્ય, તિર્યંચ, જ્યોતિષી, વનસ્પતિકાય ને [૧]અગ્નિકાય તથા (**दीवुदही तिरिलोए**) અસંખ્યાતા દ્વીપ સમુદ્ર તિર્યગ્લોકમાં છે, (**सुरसिद्धा उड्ढलोअम्मि**) વૈમાનિક દેવો અને સિદ્ધ ઊર્ધ્વલોકમાં રહેલા છે. ॥ ૧૨ ॥

૧ વનસ્પતિકાય ને અગ્નિકાયના ઉપલક્ષણથી પાંચે પ્રકારના સ્થાવરો સમજવા.

इक्किक्करज्जु इक्किक्कनिरय सगपुढवि असुर पढमंतो ।
तह वंतर तदुवरि नर–गिरिमाई जोइसा गयणे ॥ १३ ॥

અર્થઃ—(**इक्किक्करज्जु**) એકેક રાજપ્રમાણ (**इक्किक्कनिरय**) એકેક નરક પૃથ્વી છે, એટલે (**सगपुढवि**) સાતે નરકે સાત રાજ રોકેલા છે. તેમાં (**असुर पढमंतो**) પહેલી નરકપૃથ્વીમાં અસુર એટલે ભુવનપતિ છે. (**तह वंतर**) તથા ઉપરના ભાગમાં વ્યંતર પણ પહેલી નરક પૃથ્વીમાં જ છે, (**तदुवरि नर**) તથા પ્રથમ પૃથ્વીની ઉપર મનુષ્ય, (**गिरिमाई**) ગિરિ એટલે મેરુપર્વતાદિક પદાર્થના સમૂહ છે. (**जोइसा गयणे**) ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તથા તારા એ પાંચે પ્રકારના જ્યોતિષી આકાશને વિષે રહેલા છે ॥ ૧૩ ॥

छसु खंडगेसु अ दुगं, चउसु दुगं छसु अ कप्पचत्तारि ।
चउसु चऊ सेसेसु अ, गेविज्जणुत्तरय सिद्धिंते ॥ १४ ॥

અર્થઃ—લોકના મધ્યથી ઉપર (**छसु खंडगेसु अ**) છ ખાંડુઆના ભાગને વિષે (**दुगं**) સૌધર્મ ઇશાન એ નામના બે દેવલોક છે, એટલે લોકના મધ્યથી દોઢ રાજ ઊંચા બે દેવલોક છે. ત્યાંથી (**चउसु दुगं**) ઉપરના ચાર ખાંડુઆને વિષે સનત્કુમાર તથા માહેંદ્ર નામના બે દેવલોક છે. (**छसु अ कप्प-चत्तारि**) ત્યારપછીના છ ખાંડુઆમાં અનુક્રમે બ્રહ્મ, લાંતક, શુક્ર તથા સહસ્રાર નામના ચાર દેવલોક છે. ત્યારપછીના (**चउसु चऊ**) ચાર ખાંડુઆને વિષે ચાર દેવલોક આનત, પ્રાણત, આરણ તથા અચ્યુત નામના છે. (**सेसेसु अ**) બાકીના આઠ ખાંડુઆને વિષે (**गेविज्जणुत्तरय**) નવ ગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વિમાન છે. તેમાં પ્રથમ ચાર ખાંડુઆને વિષે નવ ગ્રૈવેયક છે, ને ઉપરના ચાર ખાંડુઆને વિષે પાંચ અનુત્તર વિમાન છે અને (**सिद्धिंते**) તેના અંતના ખાંડુઆના છેડાને વિષે સિદ્ધ રહેલા છે. ॥ ૧૪ ॥

અવતરણઃ—એવી રીતે ઊર્ધ્વલોકને વિષે જે દેવલોકની સ્થિતિ કહી તે વિષે આગમની સાખ કહે છે-**तथा चागमे**—

सोहम्मंमि दिवड्ढा, अड्ढाइज्जा य रज्जु माहिंदे ।
चत्तारि सहस्सारे, पणऽच्चुए सत्त लोगंते ॥ १५ ॥

અર્થઃ—લોકના મધ્યથી (**सोहम्मंमि दिवड्ढा**) સૌધર્મ દેવલોકે દોઢ રાજ ઊંચું છે, લોકના મધ્યથી (**माहिंदे**) ચોથા માહેંદ્ર દેવલોકે (**अड्ढाइज्जा य रज्जु**)

અઢી રાજ થાય છે; (**चत्तारि सहस्सारे**) લોકના મધ્યથી આઠમા સહસ્રાર દેવલોકે ચાર રાજ થાય છે, લોકના મધ્યથી (**पणऽच्चुए**) બારમા અચ્યુત દેવલોકે પાંચ રાજ થાય છે અને (**सत्त लोगंते**) લોકના મધ્યથી લોકાંતે સાત રાજ થાય છે. ૧૫

ઉપર જણાવેલ અભિપ્રાય શ્રી ભગવતીસૂત્ર તથા યોગશાસ્ત્રાદિકનો છે. શ્રી આવશ્યકસૂત્રની નિર્યુક્તિ, ચૂર્ણિ અને સંઘયણી વિગેરેમાં નીચે પ્રમાણે કથન છે.

૧ પ્રથમના બે દેવલોક સુધી આઠમું રાજ
૧ ત્રીજા ચોથા દેવલોક સુધી નવમું રાજ
૧ પાંચમા છઠ્ઠા દેવલોક સુધી દશમું રાજ
૧ સાતમા આઠમા દેવલોક સુધી અગ્યારમું રાજ
૧ ૯-૧૦-૧૧-૧૨ દેવલોક સુધી બારમું રાજ
૧ નવ ગ્રૈવેયક સુધી તેરમું રાજ
૧ પાંચ અનુત્તર વિમાન ને સિદ્ધ-લોકાંત સુધી ચૌદમું રાજ

આ પ્રમાણે ઊર્ધ્વ લોકના સાત રાજ કહ્યા છે. તત્ત્વ કેવળીગમ્ય.

પૂર્વોક્ત આગમના કથનની પુષ્ટિમાં કહે છેઃ—

सम्मत्तचरणरहिआ, सव्वं लोगं फुसे निरवसेसं ।
सत्त य चउदसभाए, पंच य सुय देसविरईए ॥ १६ ॥

અર્થ:—(**सम्मत्त**) સમ્યક્ત્વ એટલે દેવને વિષે દેવની સદ્દહણા, ગુરુને વિષે ગુરુની સદ્દહણા, દયામૂળ ધર્મને વિષે ધર્મની સદ્દહણા, (**चरण**) એટલે પંચાશ્રવથી વિરમણ, પાંચ ઇન્દ્રિયનો નિગ્રહ, અનંતાનુબંધિ વિગેરે ચાર પ્રકારના ક્રોધ, માન, માયા તથા લોભરૂપ ચાર કષાયનો ત્યાગ; મનદંડ, વચનદંડ, કાયદંડની વિરતિ-એ પ્રમાણે જે સંયમના સત્તર ભેદ, તદ્રૂપ જે ચારિત્ર તેણે કરી (**रहिआ**) રહિત એવા સંસારી જીવો (**सव्वं लोगं फुसे निरवसेसं**) ચૌદ રાજલોક પ્રત્યે સૂક્ષ્મ તથા બાદર જીવાયોનિમાં ફરતા થકા નિરવશેષપણે ફરસે છે. એટલે ચૌદ રાજમાં તિલમાત્ર ભૂમિ પણ અણફરસી રહેતી નથી. (**सत्त य सुय**) શ્રુતજ્ઞાની-ચૌદપૂર્વી જે યતિ છે તે લોકના મધ્યભાગથી ઊંચે સાત રાજ ફરસે છે, કારણ કે શ્રુતજ્ઞાનીની ઉત્કૃષ્ટી ગતિ સર્વાર્થ-સિદ્ધ સુધી છે એવું સિદ્ધાંતમાં કહ્યું છે. તે સર્વાર્થસિદ્ધ લોકના મધ્યથી કાંઇક ઊણા સાત રાજ છે. તે સ્તોક માત્ર ઊણ હોવાથી પૂરા સાત રાજ કહ્યા છે. શાસ્ત્રમાં **छउमत्थसंजयाणं, उववाओ उक्कोसओ अ सव्वट्ठे** એમ કહ્યું છે. ટીકાવાળી પ્રતમાં (**सम्मत्तचरणसहीआ**) એવો પાઠ છે તેનો અર્થ=ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર સહિત કેવલી ઉત્કૃષ્ટથી સર્વ લોક નિરવશેષપણે કેવલી સમુદ્ઘાત કરે ત્યારે

ફરસે છે. ' (**चउद्दस भाए पंच य देसविरईए**) દેશવિરતિ-બાર વ્રતધારી શ્રાવક ચૌદ રાજના ચૌદ ભાગમાંથી પાંચ ભાગ ઊર્ધ્વ લોકના ફરસે છે, કેમકે શ્રાવકની ઉત્કૃષ્ટી ગતિ અચ્યુત નામના બારમા દેવલોક સુધી કહી છે. તે બારમું દેવલોક લોકના મધ્યથી પાંચ રાજ ઊંચું છે તે માટે પાંચ રાજ કહ્યાં છે. ૧૬

અવતરણ:—હવે સૂચિરજ્જુ, પ્રતરરજ્જુ અને ઘનરજ્જુનું અનુક્રમે પ્રમાણ કહેવા માટે પ્રથમ સાતમી નરકપૃથ્વીથી માંડીને સૂચિરજ્જુ કહે છે:—

अडवीसा छव्वीसा, चउवीसा वीस सोल दस चउरो ।
सुइरज्जु सत्तपुढविसु, चउचउभइआ उ पयर घणा ॥ १७ ॥

અર્થ:—(**सत्तपुढविसु**) સાતમી નરકપૃથ્વીને વિષે (**अडवीसा**) અઠ્ઠાવીશ સૂચિરજ્જુ છે. છઠ્ઠી નરકપૃથ્વીને વિષે (**छव्वीसा**) છવીશ સૂચિરજ્જુ છે, પાંચમી નરકપૃથ્વીને વિષે (**चउवीसा**) ચોવીશ સૂચિરજ્જુ છે, ચોથી નરકપૃથ્વીને વિષે (**वीस**) વીશ સૂચિરજ્જુ છે, ત્રીજી નરકપૃથ્વીને વિષે (**सोल**) સોળ સૂચિરજ્જુ છે, બીજી નરકપૃથ્વીને વિષે (**दस**) દશ સૂચિરજ્જુ છે, પહેલી નરકપૃથ્વીને વિષે (**चउरो**) ચાર (**सुइरज्जु**) સૂચિરજ્જુ છે. જે ચાર ખાંડુઆ શ્રેણિબંધ હોય અને પહોળાઇએ એક જ ખાંડુઓ હોય તેને સૂચિરજ્જુ કહીએ. સાતમી નરકપૃથ્વી ચાર ખાંડુઆ ઊંચી છે અને અઠ્ઠાવીશ ખાંડુઆ તિર્છી છે. એ માટે અઠ્ઠાવીશ સૂચિરજ્જુ જાણવા, એવી સર્વત્ર ભાવના કરવી. હવે એ સાતે નરકપૃથ્વીના સૂચિરજ્જુનું માન જે પાંચસો બાર ખંડુ છે તેને ચારે ભાંગતાં એક સો ને અઠ્ઠાવીશ થાય છે, તેને (**चउ भइआ उ**) ચારે ભાગ આપીએ તો (**पयर**) પ્રતરરજ્જુનું માન આવે અને તે પ્રતરરજ્જુના આંકને (**चउ**) ચારે ભાગ આપતાં (**घणा**) ઘનરજ્જુ આવે. ચાર ચાર ખાંડુઆ ચારે દિશાએ હોય એટલે એક રાજ લાંબો, એક રાજ પહોળો અને પા રાજ જાડો હોય તે પ્રતરરજ્જુ કહેવાય છે, તથા ચાર ખાંડુઆ જાડપણે, લાંબપણે તથા પહોળપણે હોય તે ઘનરજ્જુ કહેવાય છે. પ્રતરરજ્જુને વિષે સોળ ખાંડુઆ હોય અને ઘનરજ્જુને વિષે ચોસઠ ખાંડુઆ હોય. ૧૭.

અવતરણ:—હવે સૂચિરજ્જુ ને પ્રતરરજ્જુની સંખ્યા કહે છે:—

अडवीससयं छसयरि, अह उड्ढं चउजुया दुसय सव्वे ।
सुइरज्जु पयररज्जु, दुतीसिगुणवीस इगवण्णा ॥ १८ ॥

અર્થ:—(**अह**) અધોલોકને વિષે પાંચશે ને બાર ખાંડુઆ છે, તેને ચારે ભાગ દેતાં (**अडवीससयं**) એક સો ને અઠ્ઠાવીશ આવે તેટલા સૂચિરજ્જુ જાણવા.

(**उड्ढं**) ઊર્ધ્વલોકને વિષે ત્રણ સો ને ચાર ખાંડુઆ છે, તેને ચારે ભાગ દેતાં (**छसयरि**) છોંતેર આવે તેટલા સૂચિરજ્જુ જાણવા. અધોલોકના એકસો અઠ્ઠાવીશ સૂચિરજ્જુ તથા ઊર્ધ્વલોકના છોંતેર સૂચિરજ્જુ બન્ને એકઠા કરીએ ત્યારે (**चउजुया दुसय सव्वे**) સર્વે બશેં ને ચાર સૂચિરજ્જુ થાય. અધોલોકના એકસો ને અઠ્ઠાવીશ (**सुइरज्जु**) સૂચિરજ્જુને ચારે ભાગ દઇએ ત્યારે (**पयररज्जु दुतीस**) બત્રીશ પ્રતરરજ્જુ થાય, ઊર્ધ્વલોકના છોંતેર સૂચિરજ્જુને ચારે ભાગ દઈએ તો (**इगुणवीस**) ઓગણીશ પ્રતરરજ્જુ થાય અને એ બંને મળીને (**इगवण्णा**) એકાવન પ્રતરરજ્જુ થાય. ૧૮

અવતરણ:—હવે ઘનરજ્જુની સંખ્યા કહે છે:—

घणरज्जु अट्ठ हिट्ठा, पउणपणुड्ढं उभे पउणतेर ।
घणपयरसूइरज्जू, खंडुअ चउसट्ठि सोल चउ ॥ १९ ॥

અર્થ:—(**हिट्ठा**) અધોલોકના બત્રીશ પ્રતરરજ્જુ છે, તેને ચારે ભાગ દેતાં આઠ આવે માટે અધોલોકને વિષે (**घणरज्जु अट्ठ**) આઠ ઘનરજ્જુ જાણવા. (**उड्ढं**) ઊર્ધ્વલોકને વિષે ઓગણીશ પ્રતરરજ્જુ છે તેને ચારે ભાગ દેતાં (**पउणपण**) પોણાપાંચ ઘનરજ્જુ આવે, (**उभे**) બંનેના-અધ: તથા ઊર્ધ્વલોકના એકઠા કરીએ ત્યારે (**पउणतेर**) પોણાતેર ઘનરજ્જુ થાય. હવે ઘન, પ્રતર તથા સૂચિરજ્જુનું માન કહે છે:—(**खंडुअ चउसट्ठि**) ચોસઠ ખાંડુઆનો (**घण**) એક ઘનરજ્જુ થાય, (**सोल पयर**) સોલ ખાંડુઆનો એક પ્રતરરજ્જુ થાય અને (**चउ सूइरज्जू**) ચાર ખાંડુઆનો એક સૂચિરજ્જુ થાય, એ સામાન્ય પ્રકારે ચતુરસ્ર લોકનું માન દેખાડયું. લોકનું સ્વરૂપ તો વૃત્તાકાર મલ્લકને આકારે છે, પણ વૃત્તાકારના ખાંડુઆ યંત્રમાં લખાય નહીં માટે ચોરસ કહ્યા છે ॥ ૧૯ ॥

અવતરણ:—હવે વૃત્તાકાર મનમાં રાખીને મનકલ્પનાએ લોકને વિષે ઘનરજ્જુ, પ્રતરરજ્જુ તથા સૂચિરજ્જુનું માન ચોખંડાને હિસાબે કહે છે, તેમાં પ્રથમ ઘનરજ્જુની સંખ્યા કહે છે:—

सयवग्गसंगुणे पुण, बिसयगुणयाल हवंति घणरज्जू ।
सड्ढपणहत्तरिसयं, सड्ढतिसट्ठी अहुड्ढ कमा ॥ २० ॥

અર્થ:—(**सयवग्गसंगुणे पुण**) પોતપોતાના વર્ગથી ખાંડુઆને ગુણીએ તે આ પ્રમાણે-સાતમી માઘવતી પૃથ્વીને વિષે હેઠલી શ્રેણિએ અઠ્ઠાવીશ ખાંડુઆ છે; તેને અઠ્ઠાવીશના આંકે ગુણીએ ત્યારે સાતશેં ને ચોરાશી ખાંડુઆ એક શ્રેણિમાં થાય. એવી ચાર શ્રેણિ છે, તેથી સાતશેં ને ચોરાશીને ચારે ગુણતાં ત્રણ

હજાર એકસો ને છત્રીશ ખાંડુઆ થાય. છઠ્ઠી નરકપૃથ્વીને વિષે હેઠલની શ્રેણિના છવીશ ખાંડુઆ છે. તેને છવીશે ગુણતાં છશેં ને છોંતેર થાય. એવી ચાર શ્રેણિઓ છે, તેથી છશેં છોંતેરને ચારે ગુણતાં બે હજાર સાતશેં ને ચાર ખાંડુઆ થાય. પાંચમી નરકપૃથ્વીને વિષે હેઠલની શ્રેણિએ ચોવીશ ખાંડુઆ છે તેને ચોવીશે ગુણતાં પાંચશેં ને છોંતેર થાય, એવી ચાર શ્રેણિ છે, તેથી પાંચશેં છોંતેરને ચારથી ગુણતાં બે હજાર ત્રણશેં ને ચાર ખાંડુઆ થાય. ચોથી નરકપૃથ્વીને વિષે છેલ્લી શ્રેણિએ વીશ ખાંડુઆ છે. તેને વીશથી ગુણતાં ચાર સો થાય, એવી ચાર શ્રેણિ છે તેથી ચારશેંને ચારે ગુણતાં સોળશેં ખાંડુઆ થાય. ત્રીજી નરકપૃથ્વીને વિષે છેલ્લી શ્રેણિએ સોળ ખાંડુઆ છે, તેને સોળથી ગુણતાં બશેં ને છપ્પન થાય. એવી ચાર શ્રેણિ છે, તેથી બશેં છપ્પનને ચારે ગુણતાં એક હજાર ને ચોવીશ ખાંડુઆ થાય. બીજી નરકપૃથ્વીની છેલ્લી શ્રેણિએ દશ ખાંડુઆ છે, તેને દશે ગુણતાં એક સો થાય, એવી ચાર શ્રેણિ છે: તેથી એક સોને ચારે ગુણતાં ચારસો ખાંડુઆ થાય. પહેલી નરકપૃથ્વીને વિષે છેલ્લી શ્રેણિએ ત્રસનાડીના ચાર ખાંડુઆ જ છે, તેને ચારે ગુણતાં સોળ થાય, એવી ચાર શ્રેણિ છે તેથી સોળને ચારે ગુણતાં ચોસઠ થાય. એટલે પહેલી નરકપૃથ્વીને વિષે ચોસઠ ખાંડુઆ જાણવા. એવી રીતે સાત નરકપૃથ્વીના ખાંડુઆનો વર્ગ કરી સર્વ અંક એકઠા કરીએ તો અગીયાર હજાર બસો ને બત્રીશ અધોલોકને વિષે ખાંડુઆ થાય.

હવે ઊર્ધ્વલોકને વિષે ઘનરજ્જુના ખાંડુઆનો વિચાર કહે છે–ઉપર લોકના મસ્તકથી શરૂ કરવું. ઉપરની શ્રેણિએ ચાર ખાંડુઆ ત્રસનાડીના જ છે, તેને ચારે ગુણતાં સોળ થાય, એવી બે શ્રેણિઓ હોવાથી સોળને બમણા કરતાં બત્રીશ ખાંડુઆ થાય. તેની હેઠલની શ્રેણિને વિષે છ ખાંડુઆ છે, તેને છગુણા કરતાં છત્રીશ થાય, એવી બે શ્રેણિઓ હોવાથી છત્રીશને બમણા કરતાં બોંતેર થાય. ત્યારપછીની શ્રેણિમાં આઠ ખાંડુઆ છે, તેથી આઠને આઠગુણા કરીએ ત્યારે ચોસઠ થાય, એવી ત્રણ શ્રેણિઓ હોવાથી ચોસઠને ત્રણગુણા કરતાં એક સો ને બાણું થાય. ત્યારપછીની શ્રેણિમાં દશ ખાંડુઆ છે, તેથી દશને દશ ગુણા કરીએ ત્યારે એકસો થાય, એવી ત્રણ શ્રેણિઓ હોવાથી એકસોને ત્રણ ગુણા કરતાં ત્રણશેં ખાંડુઆ થાય. ત્યારપછીની શ્રેણિમાં બાર ખાંડુઆ છે, તેથી બારને બાર ગુણા કરીએ ત્યારે એકસો ચુમાલીશ થાય, એવી બે શ્રેણિઓ હોવાથી એકસો ચુમાળીશને બમણા કરતાં બશેંને અઠ્ઠાશી ખાંડુઆ થાય. ત્યારપછીની શ્રેણિમાં સોળ ખાંડુઆ છે, તેથી સોલને સોલથી ગુણતાં બશેં ને છપ્પન થાય, એવી બે શ્રેણિઓ હોવાથી ૨૫૬ ને બમણા કરતાં ૫૧૨ ખાંડુઆ થાય. ત્યારપછીની શ્રેણિમાં વીશ ખાંડુઆ છે તેથી વીશને વીશ ગુણા કરતાં ૪૦૦ થાય. એવી ચાર શ્રેણિ હોવાથી ૧૬૦૦ ખાંડુઆ થાય. પછીની શ્રેણિમાં ૧૬ ખાંડુઆ છે, તેથી ૧૬ ને ૧૬ ગુણા કરવાથી ૨૫૬ થાય, એવી બે શ્રેણિ હોવાથી ૫૧૨ થાય. પછીની શ્રેણિમાં ૧૨ ખાંડુઆ છે, તેથી ૧૨ ને ૧૨ ગુણા કરવાથી ૧૪૪ થાય, એવી બે શ્રેણિ હોવાથી ૨૮૮ થાય. ત્યારપછીની શ્રેણિમાં દશ ખાંડુઆ છે, તેથી દશને દશ ગુણા કરવાથી

સો થાય, એવી એક જ શ્રેણિ હોવાથી ૧૦૦ થાય. પછીની શ્રેણીમાં ૮ ખંડુઆ છે, તેથી આઠને આઠ ગુણા કરવાથી ૬૪ થાય, એવી એક જ શ્રેણિ હોવાથી ૬૪ થાય. પછીની શ્રેણિમાં છ ખંડુઆ છે, તેથી છને છ ગુણા કરવાથી ૩૬ થાય, એવી બે શ્રેણિ હોવાથી ૭૨ થાય, પછીની શ્રેણિમાં ૪ ખંડુઆ છે, તેથી ચારને ચાર ગુણા કરવાથી ૧૬ થાય, એવી બે શ્રેણિ હોવાથી ૩૨ થાય. એ સર્વ એકઠાં કરતાં ઊર્ધ્વ લોકને વિષે ચાર હજાર ને ચોસઠ ખાંડુઆ થાય. તેને પૂર્વોક્ત અધોલોકના અગીઆર હજાર બસો બત્રીશ ખાંડુઆની સાથે એકઠાં કરતાં પંદર હજાર બસો ને છન્નુ ખાંડુઆ થાય.

હવે પોતાના વર્ગની સાથે ગુણતાં ચોસઠ ખાંડુએ એક ઘનરજ્જુ થાય છે, માટે પન્દર હજાર બસો છન્નુને ચોસઠ ભાગે વહેંચતા બસો ને ઓગણચાલીશ આવે એટલે એ વૃત્તાકાર લોકને વિષે બશેં ને ઓગણચાલીશ ઘનરજ્જુ થાય છે. હવે અધોલોકના તથા ઊર્ધ્વલોકના ઘનરજ્જુ ભિન્ન ભિન્ન કરીને કહે છેઃ—(**सड्ढ-पणहत्तरिसयं**) અધોલોકને વિષે એકસો ને સાડી પંચોતેર ઘનરજ્જુ થાય છે અને (**सड्ढतिसट्ठी**) ઊર્ધ્વલોકને વિષે સાડીત્રેસઠ ઘનરજ્જુ થાય છે. (**अहुड्ढ कमा**) એ રીતે અધોલોકમાં ને ઊર્ધ્વલોકમાં અનુક્રમે જાણવા. એ બન્ને એકઠા કરીએ ત્યારે (**बिसयगुणयाल हवंति घणरज्जू**) બસો ને ઓગણચાલીશ ઘનરજ્જુ થાય ॥ ૨૦ ॥

અવતરણઃ—હવે પ્રતરરજ્જુની સંખ્યા અને સૂચિરજ્જુ કેમ થાય? તે કહે છેઃ—

चउगुणिअ पयररज्जू, सत्तदुरुत्तरसय दुसयचउपण्णा ।
अह उड्ढ नव छपण्णा, सव्वे चउगुणिय सुइरज्जू ॥ २१ ॥

અર્થઃ—(**अह**) અધોલોકને વિષે એકસો ને સાડી પંચોતેર ઘનરાજ છે, તેને (**चउगुणिअ**) ચારે ગુણતાં (**सत्तदुरुत्तरसय**) સાતશેં ને બે (**पयररज्जू**) પ્રતરરાજ થાય, (**उड्ढ**) ઊર્ધ્વલોકને વિષે સાડી ત્રેસઠ ઘનરાજ છે, તેને ચારે ગુણતાં (**दुसयचउपण्णा**) બશેં ને ચોપન પ્રતરરાજ થાય, અને અધોલોકના તથા ઊર્ધ્વલોકના એકઠા કરીએ ત્યારે (**नव छपण्णा**) નવશેં ને છપ્પન પ્રતરરાજ થાય. (**सव्वे चउगुणिय सुइरज्जू**) એ સર્વ પ્રતરરાજને ચોગુણા કરતાં જે અંક આવે તે સૂચિરજ્જુનું માન જાણવું. ॥ ૨૧ ॥

અવતરણ:—હવે સૂચિરજ્જુનું માન કહે છેઃ—

अडवीससय अडुत्तर, दस सोला अट्ठतीस चोवीसा ।
इय संवग्गियलोए, तिह रज्जू खंडुआ ऊ इमे ॥ २२ ॥

અર્થ:—અધોલોકને વિષે સાતશેં ને બે પ્રતરરજ્જુ છે. તેને ચોગુણા કરતાં (**अडवीससय अडुत्तर**) બે હજાર આઠશેં ને આઠ સૂચિરજ્જુ થાય. ઊર્ધ્વલોકને વિષે બશેં ને ચોપન પ્રતરરજ્જુ છે, તેને ચોગુણા કરતાં (**दस सोला**) એક હજાર ને સોળ સૂચિરજ્જુ થાય. અધોલોક અને ઊર્ધ્વલોકના એકઠા કરતાં (**अट्ठतीस चोवीसा**) ત્રણ હજાર આઠશેં ને ચોવીશ સૂચિરજ્જુ થાય. (**इय संवग्गिय-लोए**) એ રીતે સંવર્ગિત લોકને વિષે (**तिह रज्जू**) ત્રણ પ્રકારના રજ્જુ—ઘનરજ્જુ પ્રતરરજ્જુ તથા સૂચિરજ્જુ કહ્યા—હવે (**खंडुआ ऊ इमे**) તેના ખંડુઆ આ પ્રમાણે થાય ॥ ૨૨ ॥

કેટલા થાય ? તે કહે છે:—

एगारसहस दुसया, बत्तासी चउरसहसचउसट्ठी ।
अह उड्ढं सव्वे पनरसहस्सदुन्निसयछन्नउआ ॥ २३ ॥

અર્થ:—(**अह**) અધોલોકને વિષે ઉપર બતાવેલા આંકને ૪ વડે ગુણતાં (**एगारसहस दुसया बत्तीसा**) અગીઆર હજાર બસો ને બત્રીશ ખાંડુઆ થાય. (**उड्ढं**) ઊર્ધ્વલોકના ઉપર બતાવેલા અંકને ચારવડે ગુણતાં (**चउरसहसचउसट्ठी**) ચાર હજાર ને ચોસઠ ખાંડુઆ થાય. (**सव्वं**) તે બંને એકઠા કરીએ ત્યારે (**पनरसहस्सदुन्निसयछन्नउआ**) પંદર હજાર બશેં ને છન્નું ખાંડુઆ થાય. ॥ ૨૩ ॥

હવે તે ખાંડુઆની સંખ્યાની ઉત્પત્તિ સમજાવે છે—

अड छ चउवीस वीसा, सोलस दस चउ अट्ठुट्ठ चउ छट्ठ ।
दस बार सोल वीसा, सरिसंकगुणाउ चउहि गुणे ॥ २४ ॥

અર્થ:—અહીં વીશ શબ્દ ત્રણ ઠેકાણે જોડવો, તે આ પ્રમાણે—માઘવતી સાતમી પૃથ્વી આદિ લઇને જે અઠ્ઠાવીશ આદિ અંક તિર્છા શ્રેણિને વિષે છે, તેને (**सरिसंकगुणाउ**) પોતપોતાને સરખે અંકે ગુણીએ અને પછી (**चउहि गुणे**) ચારગુણા કરતાં જે અંક આવે તે ખાંડુઆની સંખ્યા જાણવી. તે આવી રીતે-સાતમી નરકપૃથ્વીને તળીએ (**अडवीस**) અઠ્ઠાવીશ છે તેને અઠ્ઠાવીશથી ગુણતાં સાતશેં ને ચોરાશી થાય. તેને ચારગુણા કરતાં ૩૧૩૬ થાય. છઠ્ઠીએ (**छवीस**) છવીશ છે તેને છવીશથી ગુણતાં છશેં ને છોંતેર થાય. તેને ચારગુણા કરતાં ૨૭૦૪ થાય. પાંચમીએ (**चउवीस**) ચોવીશ છે તેને ચોવીશથી ગુણતાં પાંચશેં ને છોંતેર થાય. તેને ચારગુણા કરતાં ૨૩૦૪ થાય. ચોથીએ (**वीसा**) વીશ છે તેને વીશથી ગુણતાં ચારશેં થાય. તેને ચાર ગુણા કરતાં ૧૬૦૦ થાય. ત્રીજીએ (**सोलस**) સોળ છે તેને સોળથી ગુણતાં બસો ને છપ્પન થાય. તેને ચારગુણા કરતાં ૧૦૨૪ થાય.

બીજીએ (दस) દશ છે તેને દશથી ગુણતાં એકસો થાય. તેને ચાર ગુણા કરતાં ૪૦૦ થાય. પેલીએ (चउ) ચાર છે તેને ચારથી ગુણતાં સોળ થાય. તેને ચાર ગુણા કરતાં ચોસઠ થાય. એ સાતે પ્રથમના સ્થળના અંકોને એકઠા કરીએ ત્યારે બે હજાર આઠશેં ને આઠ થાય. તેવી દરેક ઠેકાણે ચાર શ્રેણી છે માટે ચોગુણા કરતાં સરવાળે અગીઆર હજાર બશેં ને બત્રીશ થાય. (अह) એ અધોલોકના ખંડુ જાણવા.

હવે (उड्ढ) ઊર્ધ્વલોકના ખાંડુઆ કહે છે તે આવી રીતે–ચાર, છ, આઠ, દશ, બાર, સોળ તથા વીશ એ અંકોને સરખા અંકથી ગુણવા, તે આવી રીતે- (चउ) ચારને ચાર ગુણા કર્યાથી સોળ થાય. (छ) છને છ થી ગુણતાં છત્રીશ થાય. (अट्ठ) આઠને આઠથી ગુણતાં ચોસઠ થાય. (दस) દશને દશથી ગુણતાં એક સો થાય. (बार) બારને બારથી ગુણતાં એકસો ચુમાળીશ થાય. (सोल) સોળને સોળથી ગુણતાં બસો ને છપ્પન થાય. (वीसा) વીશને વીશથી ગુણતાં ચારશેં થાય. હવે ઉપરથી નીચે ઉતરતાં ૧૬ ની બે શ્રેણિ હોવાથી ૩૨ થાય. ૩૬ ની બે શ્રેણિ હોવાથી ૭૨ થાય. ૬૪ ની ત્રણ શ્રેણિ હોવાથી ૧૯૨ થાય. ૧૦૦ ની ત્રણ શ્રેણિ હોવાથી ૩૦૦ થાય. ૧૪૪ ની બે શ્રેણિ હોવાથી ૨૮૮ થાય. ૨૫૬ ની બે શ્રેણિ હોવાથી ૫૧૨ થાય. ૪૦૦ ની ચાર શ્રેણિ હોવાથી ૧૬૦૦ થાય. ત્યાંથી ઘટતી સોળને સોળે ગુણતાં ૨૫૬ થાય, તેવી બે શ્રેણિ હોવાથી ૫૧૨ થાય. બારને બાર ગુણા કરતાં ૧૪૪ થાય, તેવી બે શ્રેણિ હોવાથી ૨૮૮ થાય. દશને દશ ગુણા કરતાં ૧૦૦ થાય તેવી એક શ્રેણિ હોવાથી ૧૦૦ થાય. આઠને આઠ ગુણા કરતાં ૬૪ થાય. તેવી એક શ્રેણિ હોવાથી ૬૪ થાય. છને છ ગુણા કરતાં ૩૬ થાય તેવી બે શ્રેણિ હોવાથી ૭૨ થાય. ચારને ચાર ગુણા કરતાં ૧૬ થાય તેવી બે શ્રેણિ હોવાથી ૩૨ થાય. સર્વ એકઠા કરીએ ત્યારે આ અઠ્ઠાવીશ શ્રેણિના ચાર હજાર ને ચોસઠ ઊર્ધ્વલોકના ખાંડુઆની સંખ્યા થાય. અધોલોકના તથા ઊર્ધ્વલોકના ખાંડુઆ એકઠા કરીએ ત્યારે પંદર હજાર છસો ને છન્નુ થાય. ॥ ૨૪ ॥

અવતરણઃ—વળી પ્રકારાંતરે વર્ગ કરવાનો વિધિ ગાથાએ કરીને કહે છે:—

चउ अडवीसा छप्पणण, पयरसरिसंकगुणिय पिहु मिलिए।
समदीहपिहुव्वेहा, उड्ढमहो खंडुआ नेया ॥ २५ ॥

અર્થ:—લોકના મસ્તકને વિષે ઉપરની તિર્ચ્છી શ્રેણિએ (चउ) ચાર ખાંડુઆ છે. સાતમી નરકપૃથ્વીની છેલ્લી શ્રેણિ (अडवीसा) અઠ્ઠાવીશ ખાંડુઆની છે. એમ ચારથી આદિ લઈને છેલ્લી છપ્પનમી શ્રેણિ અઠ્ઠાવીશ ખાંડુઆની છે. એટલે પુરુષાકાર લોકને વિષે તિર્ચ્છી (छप्पण्ण पयर) છપ્પન પ્રતરની શ્રેણિ છે. આદિ તથા અંતની શ્રેણિઓનું ગ્રહણ કર્યાથી મધ્ય શ્રેણિનું પણ ગ્રહણ થાય છે, કુલ છપ્પન શ્રેણિ છે તેમાં જે શ્રેણિને વિષે તિર્ચ્છી શ્રેણિના જેટલા ખાંડુઆ છે, તેને

(सरिसंकगुणिय पिहुमिलिए) તેટલા અંકથી ગુણીએ, જેમકે સર્વની ઉપરની મસ્તક શ્રેણિને વિષે ચાર ખાંડુઆ તિર્ચ્છા છે. ત્યારે ચારને ચારથી ગુણતાં સોળ થાય. એમ છપ્પને શ્રેણિઓને સરખે અંકે ગુણી એકઠી કરીએ ત્યારે પૂર્વોક્ત પંદર હજાર બશેંને છન્નુ ખાંડુઆની સંખ્યા થાય.

હવે ખાંડુઆનું માપ કહે છે:—

(समदीहपिहुव्वेहा) લાંબપણે, પહોળાઇએ, તથા જાડપણે કુંભીની પેઠે સરખા હોય એટલે પહોળા, લાંબા તથા જાડા પા રાજ પ્રમાણ હોય તે ખંડુ કહીએ. એવા **(उड्ढमहो खंडुआ नेया)** ઊર્ધ્વલોક તથા અધોલોકના સર્વ ખાંડુઆ જાણવા. ॥ ૨૫ ॥

અવતરણ:—હવે વૃત્તાકાર લોકને ઘન કરવાનો વિધિ કહે છે:—

दाहिणपासि दुखंडा, उड्ढं वामे ठविज्ज विवरीआ ।
नाडिसहियतिरज्जू, पिहु जाया सत्त दीहुच्चे ॥ २६ ॥

અર્થ:—**(उड्ढं)** ઊર્ધ્વલોકને વિષે ત્રસનાડીથકી **(दाहिणपासि)** દક્ષિણ બાજુએ એટલે જમણી બાજુના **(दुखंडा)** બે ખંડ છે તે ઊર્ધ્વલોકને વિષે જ્યાં કોણીની જગો છે તે મધ્યથી જોતાં બારમી શ્રેણિ છે. તે બારમી શ્રેણીથી બે ખંડ કરીએ. એટલે ઉપરના ખંડને વિષે સોળ શ્રેણીઓ રહે એવી રીતે દક્ષિણ બાજુના જે બે ખંડ છે, તે ઊર્ધ્વલોકને વિષે ત્રસનાડીની બહાર **(वामे ठविज्ज विवरीआ)** ડાબી બાજુને વિષે ઊલટા કરી નાખીએ. તે આમ-ઉપરના ખંડની કૂર્પરની જે દિશા, તે મસ્તકની તરફ કરીએ, અને નીચેના ખંડની કૂર્પરની જે દિશા તે લોકના મધ્ય તરફ કરીએ. એટલે હેઠેનો ખંડ ઉપરની દિશાએ તથા ઉપરનો ખંડ હેઠલી દિશાએ સ્થાપીએ. ત્યારે **(नाडिसहिय)** ત્રસનાડી સહિત ડાબી બાજુએ તિર્ચ્છા **(तिरज्जू)** ત્રણ રાજ થાય. તે આ પ્રમાણે-ત્રસનાડીથી બહાર કૂર્પરને ઠેકાણે જમણી બાજુએ આઠ ખાંડુઆ તિર્ચ્છા છે તેના બે રાજ અને એક ત્રસનાડીનું રાજ એમ ત્રણ રાજ **(पिहु जाया)** પહોળાઇએ થાય અને **(सत्त दीहुच्चे)** દીર્ઘત્વે એકલે ઊંચપણે સાત રાજ થાય. ॥ ૨૬ ॥

हिट्ठाउ वामखंडे, दाहिणपासे ठविज्ज विवरीअं ।
उवरिम तिरज्जुखंडं, वामे ठाणे अहो दिज्जा ॥ २७ ॥

અર્થ:—**(हिट्ठाउ वामखंडे)** અધોલોકમાં ત્રસનાડીની ડાબી બાજુનો જે આખો ખંડ છે, તે **(दाहिणपासे ठविज्ज विवरीअं)** વિપરીત એટલે અવળો અથવા ઊંધો ત્રસનાડીની જમણી બાજુને વિષે સ્થાપીએ, એટલે અધોલોકને

વિષે જમણી બાજુએ તિર્છો ચાર રાજ, અને લાંબપણે સાત રાજ થાય. તે આ પ્રમાણે-ત્રસનાડીથી જમણી બાજુમાં અધોલોકની હેઠે બાર ખાંડુઆ છે; તેના ત્રણ રાજ અને ત્રસનાડીનું એક રાજ, એમ ચાર રાજ થાય. પછી (**उवरिम**) ઊર્ધ્વલોકનો તિર્છો (**तिरज्जुखंडं**) ત્રણ રાજ પહોળો ને લાંબો સાત રાજ પ્રમાણ ખંડ છે તે (**वामे ठाणे अहो दिज्जा**) અધોલોકમાં જે ત્રસનાડી છે તેની ડાબી બાજુએ દઇએ, એટલે સર્વત્ર પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, તથા ઉત્તર દિશાએ ઊંચપણે તથા જાડપણે સાત રજ્જુ પ્રમાણ ઘનલોક થાય. ॥ ૨૭ ॥

इय संवट्टियलोओ, बुद्धिकओ सत्तरज्जुमाणघणो ।
सगरज्जु अहिय हिट्ठा, गिण्हिअ पासाइ पूरिज्जा ॥२८॥

અર્થ:—(**इय संवट्टियलोओ**) એ પ્રકારે આ સંવર્તિત લોક (**बुद्धि कओ**) બુદ્ધિએ કરેલો-મનકલ્પનાએ કરેલો (**सत्तरज्जुमाणघणो**) સાતરાજ પ્રમાણ ઘન થયો. (**सगरज्जु**) સાત ઘનરજ્જુ કરતાં લાંબપણે પહોળપણે તથા ઊંચપણે જ્યાં (**अहिय**) અધિક ખંડુઓ હોય તે (**गिण्हिअ**) લઇને (**हिट्ठा**) નીચે જે જગોએ ઓછું હોય તે (**पासाइ पूरिज्जा**) પાસું પૂરીએ. એવી રીતે ચોરસ સાત ઘનરજ્જુ પ્રમાણ લોક થાય. એ લોકનાળિકા ચોરસ નથી, વૃત્તાકાર છે, પણ ઘન-લોક વૃત્તાકાર લખાય નહીં; તેથી ચોરસ પ્રમાણ આપેલ છે ॥ ૨૮ ॥

અવતરણ:—હવે એવી રીતે સાતરાજ ઘનીકૃત લોકને વિષે ઘનરજ્જુ, પ્રતરરજ્જુ, સૂચિરજ્જુ અને ખાંડુઆની સંખ્યા કેટલી જોઇએ ? કહે છે.

घणरज्जु तिसय तेयाल तेर बावत्तरीय पयर सूई ।
चउपन्नअडासि खंडुअ, सहसिगवीसा नवदुपन्ना ॥ २९ ॥

અર્થ:—(**घणरज्जु तिसय तेयाल**) એ સાતરાજ પ્રમાણ ઘનીકૃત ચોરસ લોકને વિષે ત્રણશેં ને તેંતાળીશ ઘનરજ્જુ થાય. (**तेर बावत्तरीय पयर**) એક હજાર ત્રણશેં બોંતેર પ્રતરરજ્જુ થાય. (**सूई चउपन्नअडसि**) પાંચ હજાર ચારશેં ને અઠ્ઠાશી સૂચિરજ્જુ થાય અને (**खंडुअ सहसिगवीसा नवदुपन्ना**) ખાંડુઆ એકવીશ હજાર નવશેં ને બાવન થાય. ॥ ૨૯ ॥

અવતરણ:—હવે એ રીતે ઘનરજ્જુ, પ્રતરરજ્જુ, સૂચિરજ્જુ અને ખાંડુઆ આણવાની રીત ગાથાએ કરીને કહે છે.

सगवग्गे सग चउ तिग—गुणिए उभय अह उड्ढ खंडु घणा ।
छन्नउअसय सीयाल, चउगुणिए पयरसुइअंसा ॥ ३० ॥

અર્થ:—એ સાત ઘનરજ્જુ પ્રમાણ સમચોરસ જે લોક છે તે (**सगवग्गे**) સાતને સાતથી ગુણીએ ત્યારે ઓગણપચાશ થાય. એવી ઓગણપચાસની સાત શ્રેણિ છે તેથી ઓગણપચાશને (**सग**) સાતથી ગુણતાં ત્રણશેં ને તેંતાલીશ ઘનરજ્જુની સંખ્યા થાય. પછી ઘનરજ્જુનો આંક (**तिग**) ત્રણ વાર (**चउगुणिए**) ચોગુણો કરીએ ત્યારે અનુક્રમે (**उभय**) અધોલોક તથા ઊર્ધ્વલોકના પ્રતરરજ્જુ, સૂચિરજ્જુ તથા ખાંડુઆની સંખ્યા આવે. તે આ પ્રમાણે–ત્રણશેં તેંતાલીશ ઘનરજ્જુને ચોગુણા કરીએ ત્યારે એક હજાર ત્રણશેં ને બોંતેર પ્રતરરજ્જુ થાય. તે પ્રતરરજ્જુનો આંક ચોગુણો કરીએ ત્યારે પાંચ હજાર ચારશેં ને અઠ્યાશી સૂચિરજ્જુ થાય. તથા સૂચિરજ્જુના આંકને ચોગુણો કરતાં ખાંડુઆની સંખ્યા એકવીશ હજાર નવશેં ને બાવન થાય.

હવે અધોલોક તથા ઊર્ધ્વલોકની જુદી જુદી ઘનરજ્જુ, પ્રતરરજ્જુ, સૂચિરજ્જુ તથા ખાંડુઆની સંખ્યા કહે છે. (**अह**) અધોલોકને વિષે (**छन्नउअसय**) એક સો છન્નું (**घणा**) ઘનરજ્જુ થાય. સાતને સાતથી ગુણતાં ઓગણપચાશ તેને ચારગુણા કરતાં એક સો છન્નુ ઘનરજ્જુ થાય. (**उड्ढ**) ઊર્ધ્વલોકને વિષે તે જ ઓગણપચાસને ત્રણગુણા કરતાં (**सीयाल**) એક સો ને સુડતાલીશ ઘનરજ્જુ થાય. બંનેના મળીને થયેલા ૩૪૩ ના અંકને ત્રણ વાર (**चउगुणिए पयरसुइ अंसा**) ચોગુણા કરતાં પ્રતરરજ્જુ, સૂચિરજ્જુ તથા ખાંડુઆનું માન અધોલોક પ્રમાણનો તથા ઊર્ધ્વલોકને વિષે ભિન્ન ભિન્ન આવે છે. ॥ ૩૦ ॥

અવતરણ:—અધોલોક તથા ઊર્ધ્વલોકના ખાંડુઆ વિગેરેની સંખ્યા ભિન્ન ભિન્ન સંગ્રહ કરીને કહે છે:—

सगचुलसी पणअडसी, इगतीसछत्तीस तिविसबावन्ना ।
पण चउआलजुआ बारसहस चउणवइसयट्ठहिआ ॥ ३१ ॥

અર્થ:—અધોલોકને વિષે એક સો ને છન્નુ ઘનરજ્જુ છે તેને ચોગુણા કરીએ ત્યારે (**सगचुलसी**) સાતશેં ને ચોરાશી પ્રતરરજ્જુ થાય. ઊર્ધ્વલોકને વિષે ૧૪૭ છે તેને ચોગુણા કરીએ ત્યારે(**पणअडसी**) પાંચશેં ને અઠ્ઠાશી પ્રતરરજ્જુ થાય. અધોલોકને વિષે સાતશેં ને ચોરાશી પ્રતરરજ્જુ છે તેને ચોગુણા કરીએ ત્યારે (**इगतीस छत्तीस**) ત્રણ હજાર એક સો ને છત્રીશ સૂચિરજ્જુ થાય. ઊર્ધ્વલોકને વિષે પાંચશેં ને અઠ્ઠાશી પ્રતરરજ્જુ છે તેને ચોગુણા કરીએ ત્યારે (**तिविसबावन्ना**) બે હજાર ત્રણ સો ને બાવન સૂચિરજ્જુ આવે. હવે અધોલોકને વિષે (૩૧૩૬) સૂચિરજ્જુ છે તેને ચોગુણા કરીએ ત્યારે (**पण चउआलजुआ बारसहस**) બાર હજાર પાંચશેં ને ચુમ્માળીશ ખાંડુઆ થાય. ઊર્ધ્વલોકને વિષે (૨૩૫૨) સૂચિરજ્જુ છે

તેને ચોગુણા કરીએ ત્યારે (**चउणवइसयछहिआ**) નવ હજાર ચાર સો ને આઠ ખાંડુઆ થાય. અધોલોકના (૧૨૫૪૪) ને ઊર્ધ્વલોકના (૯૪૦૮) એકઠાં કરતાં (૨૧૯૫૨)ની પૂર્વોક્ત સંખ્યા થાય.

અધોલોકના (૩૧૩૬) સૂચિરજ્જુ ને ઊર્ધ્વલોકના (૨૩૫૨) સૂચિરજ્જુ તેને એકઠાં કરતાં (૫૪૮૮) સૂચિરજ્જુ થાય. અધોલોકના પ્રતરરજ્જુ (૭૮૪) ઊર્ધ્વલોકના પ્રતરરજ્જુ (૫૮૮) તેને એકઠા કરતાં (૧૩૭૨) થાય. અધોલોકના ઘનરજ્જુ (૧૯૬) ઊર્ધ્વલોકના ઘનરજ્જુ (૧૪૭) તેને એકઠા કરતાં (૩૪૩) થાય.

અહીં સાતરાજ ઘનમાં ત્રણશેં ને તેંતાળીશ ઘનરાજ જોઇએ, પરંતુ ચૌદરાજના તેટલા ઘનરાજ નથી; માત્ર બશેં ને ઓગણચાળીશ રાજ છે. તેથી એક સો ચાર ઘનરજ્જુ અધિક જોઈએ, તેના ખાંડુઆ નથી. વળી એક વાત વિશેષ એ છે કે એ ઘનલોક ચોરસ કર્યો છે, અને લોક વૃત્તાકાર છે. ત્યારે ચારે દિશાના ખૂણા કપાઇ જાય-ઓછા થાય તેથી ચોરસ ખંડુ વિગેરેનું પ્રથમ પ્રમાણ કહ્યું છે તેટલું પણ ન થાય, ઓછું થાય. એ ચોરસનું જે પરિમાણ કહ્યું છે તે અંતરંગ વૃત્તાકાર લોકનું માન મનમાં ધારીને કહ્યું છે. એના નિર્ણયની વાત તો જ્ઞાની જાણે.

અસંખ્યાત યોજનનું એક રાજ થાય છે. અથવા સહસ્ર ભાર લોહનો ગોળો કોઈ એક મહર્દ્ધિક દેવ પોતાની શક્તિએ કરી આકાશમાંથી નીચે નાખે કે જે ગોળો છ માસ, છ દિવસ, છ પહોર, છ ઘડી અને છ પળ જેટલા કાળે નીચે આવીને પડે. તેટલા પ્રમાણવાળું એક રાજ થાય. એ પ્રમાણે ચારે દિશાઓને વિષે રાજનું પ્રમાણ જાણવું. ૩૧

इय पयरलिहियवग्गियसंवट्टियलोगसारमुवलब्भ ।
सुअधम्मकित्तिअं तह, जयह जहा भमह न इह भिसं ॥ ३२ ॥

અર્થ:—(**इय पयर**) એ પ્રમાણે છપ્પન પ્રતર છે તેનું (**लिहिय-वग्गिय**) લિખિત, વર્ગિત અને (**संवट्टियलोगसारमुवलब्भ**) સંવર્ત્તિત એવો જે લોક તેનો સાર-તત્ત્વજ્ઞાનવિચાર-યથાર્થપણે લોકસ્વરૂપ સદ્ગુરુથી પામીને (**तह जयह**) તે પ્રકારે યત્ન એટલે ઉદ્યમ કર કે (**जहा**) જેથી (**इह**) આ લોકમાં (**भिसं**) અનંત જન્મ-મરણ પામતાં થકાં વારંવાર અત્યર્થપણે (**भमह न**) ફરીને ન ભમવું પડે. આવો તીર્થંકર, સકલ જીવહિતકર, પરમ પરમેશ્વરનો ભવ્ય જીવને ઉપદેશ છે. આ લોકનો સાર (**सुअधम्मकित्तिअं**) તે શ્રુતધર્મમાં એટલે સિદ્ધાંતમાં જ્ઞાનના બળે કરી જ્ઞાનવાન તીર્થંકરે કહેલો છે. ૩૨.

श्रीमदाप्तोक्तविधिना लोकनालस्य वार्त्तिकं ।
धीमित्रधनराजस्य गंगाख्यतनुजाकृते ॥ १ ॥
श्रीमत्सहजरत्नेन व्याख्यातमुदयाब्धिना ।
असंगतं यदुक्तं तद्विशोध्यं धीधनैर्भृशम् ॥ २ ॥ युग्मम् ॥

શ્રીમાન્ આપ્ત(તીર્થંકર)ની કહેલી વિધિવડે આ લોકનાળ પ્રકરણનું વાર્ત્તિક ધીમિત્ર (બુદ્ધિમાન) ધનરાજની ગંગા નામની પુત્રીને માટે શ્રીમાન્ સહજરત્નરૂપ ઉદયસાગરે રચેલું છે. તેમાં જે કાંઈ અસંગત કહેવાયું હોય તે બુદ્ધિરૂપી ધનવાળા વિદ્વાનોએ સારી રીતે શોધવું. ૧.-૨

ઇતિશ્રી લોકનાલિદ્વાત્રિંશિકા પ્રકરણ સાર્થ સમાપ્ત.

श्री लघ्वल्पबहुत्वप्रकरणम्

पपुदउ कमसो जीवा, जल वण विगला पणिंदिआ चेव ।
दउपुपासुं पुढवी, दउ सम तेऊ पुपासु कमा ॥ १ ॥
पूपउदासुं वाऊ, सत्तण्ह जमुत्तरेण माणसरं ।
पच्छिम गोयमदीवो, अहगामा दाहिणे झुसिरं ॥ २ ॥

વ્યાખ્યા—(**पपुदउ कमसो**) પશ્ચિમ, પૂર્વ, દક્ષિણ ને ઉત્તર દિશામાં જીવો અનુક્રમે સ્તોક, બહુ, બહુતર ને બહુતમ જાણવા. હવે તેનું કારણ કહે છે- જળ, વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય ને સંજ્ઞી અસંજ્ઞી પંચેંદ્રિય આ સાતેનું જળમાં પ્રચુરપણું હોય છે. (**पच्छिम**) પશ્ચિમમાં સૂર્યના અસંખ્યાતા દ્વીપો અને (**गोयमदीवो**) ગૌતમ દ્વીપ હોવાથી જળ થોડું છે. પૂર્વમાં તેના કરતાં જળ વધારે છે. જો કે પશ્ચિમમાં જેટલા સૂર્યના દ્વીપો છે તેટલા જ પૂર્વમાં ચંદ્રના દ્વીપો છે, પરંતુ ગૌતમદ્વીપ પૂર્વમાં નથી તેથી જળ પ્રચુર છે તેથી (**सत्तण्ह**) સાતે જાતિના જીવો ત્યાં પ્રચુર છે. દક્ષિણમાં તે કરતાં પ્રચુરતર જળ છે, કારણ કે તે દિશાએ સૂર્ય-ચંદ્રના દ્વીપો ને ગૌતમદ્વીપ નથી. (**जमुत्तरेण**

मानसरं) ઉત્તરમાં પ્રચુરતમ જળ છે, કારણ કે તે દિશાએ માનસ સરોવર સંખ્યાતા યોજન કોટાકોટી પ્રમાણ છે, તેથી ત્યાં જળ ઘણું છે. જળ પ્રમાણે બીજા છએ પ્રકારના જીવોનું અલ્પબહુત્વ સમજવું.

(**दउपुपासु पुढवी**) દક્ષિણ, ઉત્તર, પૂર્વ ને પશ્ચિમ દિશાએ પૃથ્વીકાય જીવો અનુક્રમે વધતા વધતા છે. તેનું કારણ કહે છે–દક્ષિણમાં ચાળીશ લાખ ભવનપતિના ભવનો વધારે છે તેથી પોલાણ ઘણું હોવાથી પૃથ્વીકાય જીવો થોડા છે. ઉત્તરમાં તેટલા ભવનો ઓછા હોવાથી પોલાણ ઓછું છે તેથી પૃથ્વીકાય જીવો પ્રચુર છે. પૂર્વમાં ચંદ્રના અસંખ્યાતા દ્વીપો હોવાથી પૃથ્વીકાય જીવો પ્રચુરતર છે અને પશ્ચિમમાં અસંખ્યાતા સૂર્યના દ્વીપ ઉપરાંત ગૌતમદ્વીપ વિશેષ હોવાથી પૃથ્વીકાય જીવો પ્રચુરતમ છે.

(**दउ सम तेऊ पुपासु कमा**) તેજસ્કાય જીવો દક્ષિણ ને ઉત્તરમાં ભરત ઐરવત ક્ષેત્ર સરખા હોવાથી સરખા છે. તે બે દિશામાં કોઇક જ વખત તેઉકાયનો સદ્ભાવ હોય છે, બાકી ઘણો કાળ યુગલિકનો હોવાથી તે બે દિશામાં બાદર તેઉકાયનો અભાવ હોય છે તેથી થોડા કહ્યા છે. પૂર્વદિશામાં તેઉકાય બહુતર હોય છે, કારણ કે તે બાજુ પાંચે મહાવિદેહમાં સદૈવ તેનો સદ્ભાવ છે. પશ્ચિમ દિશામાં બહુતમ છે, કારણ કે તે તરફ અધોગ્રામ હોવાથી અને એક હજાર યોજન ઉંડાણ હોવાથી ભૂમિ પ્રચુર છે તેથી ગામો પણ ઘણા છે તેથી તેઉકાયની પ્રચુરતા છે.

(**पूपउदासुं वाऊ**) પૂર્વ દિશામાં વાયુકાય થોડા છે. પોલાણ ઓછું હોવાથી પશ્ચિમમાં (**अहगामा**)અધોગ્રામ હોવાને લીધે પોલાણ વધારે હોવાથી વાયુકાય જીવો પ્રચુર છે. ઉત્તર દિશામાં ભવનપતિના ભવનો હોવાથી પોલાણ વધારે છે તેથી વાયુકાય પ્રચુરતર છે અને (**दाहिणे**) દક્ષિણમાં ચાળીશ લાખ ભવનપતિના ભવનો ઉત્તર કરતાં વધારે હોવાથી (**झुसिरं**) પોલાણ વધારે હોવાને લીધે વાયુકાય જીવો પ્રચુરતમ છે.

(આ પ્રકરણની અવચરીને આધારે આ અર્થ લખેલો છે.)

ઇતિ લઘ્વલ્પબહુત્વ પ્રકરણ સાર્થ સમાપ્ત

લોકનાલિકા.



ઉર્ધ્વલોકના વર્ગીત ખંડુ	અધોલોકના વર્ગીત ખંડુ
૧૬	૧૬
૧૬	૧૬
૩૬	૧૬
૩૬	૧૬
૬૪	૧૦૦
૬૪	૧૦૦
૬૪	૧૦૦
૧૦૦	૧૦૦
૧૦૦	૨૫૬
૧૦૦	૨૫૬
૧૪૪	૨૫૬
૧૪૪	૨૫૬
૨૫૬	૪૦૦
૨૫૬	૪૦૦
૪૦૦	૪૦૦
૪૦૦	૪૦૦
૪૦૦	૫૭૬
૪૦૦	૫૭૬
૨૫૬	૫૭૬
૨૫૬	૫૭૬
૧૪૪	૬૭૬
૧૪૪	૬૭૬
૧૦૦	૬૭૬
૬૪	૬૭૬
૩૬	૭૮૪
૩૬	૭૮૪
૧૬	૭૮૪
૧૬	૭૮૪
૪૦૬૪	૧૧૨૩૨

બંને મળીને ખંડુ ૧૫૨૯૬
તેના સૂચિરજ્જુ ૩૮૨૪
તેના પ્રતર રજ્જુ ૯૫૬
તેના ઘન રજ્જુ ૨૩૯

લોકનાલિકા

ત્રસનાડી.



૭
સિદ્ધ
સિદ્ધ શિલા
પાંચ અનુત્તર
૬
નવ ગ્રૈવેયક
૫
સ્થાવર
૧૧ મું–૧૨ મું દેવ૦
૯ મું–૧૦ મું દેવ૦
સ્થાવર
૪
બે રાજ
૮ સહસ્રાર
૭ મહાશુક્ર
બે રાજ
સ્થાવર ૩
સ્થાવર
૬ લાંતક
૫ બ્રહ્મ
૨
૩ સનત્કુમાર–૪ માહેંદ્ર
૧
૧ સૌધર્મ–૨ ઇશાન
જ્યોતિષી
તિર્છો
અસંખ્ય દ્વીપસમુદ્ર
લોક
૭
વ્યંતર
ભુવનપતિ
૧ રત્નપ્રભા નરક
૬
૨ શર્કરા પ્રભા
૫
૩ વાલુકા પ્રભા
૪
૪ પંક પ્રભા
૩
૫ ધૂમ્ર પ્રભા
સ્થાવર ૨
સ્થાવર
૬ તમઃ પ્રભા
૩ રાજ ૧
૭ તમસ્તમ પ્રભા
૩ રાજ

લોકનાલિકાંતર્ગત

ખંડુ-સૂચિરજ્જુ-પ્રતરરજ્જુ-ધનરજ્જુ સંખ્યાયંત્ર—

ઊર્ધ્વ લોકે

કેટલી શ્રેણી	કેટલા ખંડુની	વર્ગિત ખંડુ	કુલ ખંડુ	સૂચિરજ્જુ	પ્રતર રજ્જુ	ધનરજ્જુ
૨	૪	૧૬	૩૨	૮	૨	૦॥
૨	૬	૩૬	૭૨	૧૮	૪॥	૧)=
૩	૮	૬૪	૧૯૨	૪૮	૧૨	૩
૩	૧૦	૧૦૦	૩૦૦	૭૫	૧૮॥।	૪॥≈
૨	૧૨	૧૪૪	૨૮૮	૭૨	૧૮	૪॥
૨	૧૬	૨૫૬	૫૧૨	૧૨૮	૩૨	૮
૪	૨૦	૪૦૦	૧૬૦૦	૪૦૦	૧૦૦	૨૫
૨	૧૬	૨૫૬	૫૧૨	૧૨૮	૩૨	૮
૨	૧૨	૧૪૪	૨૮૮	૭૨	૧૮	૪॥
૧	૧૦	૧૦૦	૧૦૦	૨૫	૬।	૧॥-
૧	૮	૬૪	૬૪	૧૬	૪	૧)
૨	૬	૩૬	૭૨	૧૮	૪॥	૧)=
૨	૪	૧૬	૩૨	૮	૨	૦॥
૨૮			૪૦૬૪	૧૦૧૬	૨૫૪	૬૩॥

અધો લોકે

કેટલી શ્રેણી	કેટલા ખંડુની	વર્ગિત ખંડુ	કુલ ખંડુ	સૂચિરજ્જુ	પ્રતર રજ્જુ	ધનરજ્જુ
૪	૪	૧૬	૬૪	૧૬	૪	૧
૪	૧૦	૧૦૦	૪૦૦	૧૦૦	૨૫	૬।
૪	૧૬	૨૫૬	૧૦૨૪	૨૫૬	૬૪	૧૬
૪	૨૦	૪૦૦	૧૬૦૦	૪૦૦	૧૦૦	૨૫
૪	૨૪	૫૭૬	૨૩૦૪	૫૭૬	૧૪૪	૩૬
૪	૨૬	૬૭૬	૨૭૦૪	૬૭૬	૧૬૯	૪૨।
૪	૨૮	૭૮૪	૩૧૩૬	૭૮૪	૧૯૬	૪૯
૨૮			૧૧૨૩૨	૨૮૦૮	૭૦૨	૧૭૫॥

ઊર્ધ્વ અધોના મળીને ૫૬ શ્રેણી. ૧૫૨૯૬ ખંડુ. ૩૮૨૪ સૂચિરજ્જુ. ૯૫૬ પ્રતરરજ્જુ. ૨૩૯ ધનરજ્જુ

श्री हृदयप्रदीपषट्त्रिंशिका

शब्दादिपञ्चविषयेषु विचेतनेषु,
योऽन्तर्गतो हृदि विवेककलां व्यनक्ति ।
यस्माद्भवान्तरगतान्यपि चेष्टितानि,
प्रादुर्भवन्त्यनुभवं तमिमं भजेथाः ॥ १ ॥

અર્થ:—(**यः**) જે અનુભવ (**अन्तर्गतः**) ચિત્તમાં રહ્યો સતો (**विचेतनेषु**) ચેતના રહિત-જડ એવા (**शब्दादिपञ्चविषयेषु**) શબ્દાદિક પાંચે વિષયોમાં—વિષય સંબંધી (**विवेककलां**) વિવેકની કળાને (**हृदि**) હૃદયને વિષે (**व्यनक्ति**) પ્રગટ કરે છે, તથા (**यस्मात्**) જે અનુભવથકી (**भवान्तरगतान्यपि**) ભવાંતરમાં રહેલી-થયેલી પણ (**चेष्टितानि**) ચેષ્ટાઓ (**प्रादुर्भवन्ति**) પ્રગટ થાય છે, (**तमिमं**) તે આ (**अनुभवं**) અનુભવને (**भजेथाः**) તું ભજ.

વિશેષાર્થ:—" શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શરૂપ પાંચે વિષયો પુદ્ગલ સ્વભાવરૂપ હોવાથી જડ છે. તે વિષયોમાં સમ્યક્ પ્રકારે " આ વિષયો તે હું નથી, અને એઓનું સ્વરૂપ તે મારું સ્વરૂપ નથી, હું તેમનાથી અન્ય છું, તેમના સ્વરૂપથી મારું સ્વરૂપ પણ ન્યારું જ છે. " એવું વિવેચન જે અનુભવ હૃદયમાં પ્રગટ કરે છે. વળી જે અનુભવજ્ઞાનના બળથી અન્ય અનેક જન્મમાં વિભાવદશાના આધીનપણાએ કરીને કરેલી, મોહજાળમાં ફસાવવાના હેતુભૂત વર્તનાઓનો ભાસ થાય છે, તે તારા પોતાના જ આત્મામાં રહેલા અનુભવને હે આત્મા ! તું સેવ. ૧.

અહીં પ્રથમ અનુભવની સેવા ગ્રંથકારે બતાવી છે, તે અનુભવ શાસ્ત્રજ્ઞાનથી, તેના મનનથી અને તે જ્ઞાનને ક્રિયામાં મૂકવાથી જ થઇ શકે છે. તેમજ જ્ઞાન, મનન અને ક્રિયા પણ નિશ્ચય અને વ્યવહાર બન્ને નયને આશ્રયીને કરવાથી જ ફળીભૂત થાય છે. કહ્યું છે કે—

**" जइ जिणमयं पवज्जह, ता मा ववहारनिच्छए मुयह ।
ववहारनओच्छेए, तित्थुच्छेओ जओ होइ ॥ "**

અર્થ:—" હે આત્મા ! (**जइ**) જો (**जिणमयं**) જિનેશ્વરના મતને-ધર્મને (**पवज्जह**) તું અંગીકાર કરતો હો (**ता**) તો (**ववहारनिच्छए**) વ્યવહાર અને નિશ્ચય બંને નયને (**मा मुयह**) મૂકીશ નહીં; (**जओ**) કારણ કે (**ववहार-नओच्छेए**) વ્યવહાર નયનો ઉચ્છેદ થવાથી (**तित्थुच्छेओ**) તીર્થનો ઉચ્છેદ (**होइ**) થાય એમ શાસ્ત્રકારે કહેલું છે. " આ ગાથાના ભાવાર્થ ઉપરથી ભવ્ય પ્રાણીઓ વિચાર કરી શકશે કે—શાસ્ત્રકાર એકી સાથે બન્ને નયનો સ્વીકાર બતાવી વ્યવહાર નયનો નાશ થશે તો શાસનનો નાશ થશે એમ બતાવે છે, તે ઉપરથી એમ નિશ્ચય થાય છે કે-વ્યવહારથી જે જે સિદ્ધિગતિના કારણ હોય તેમાં અતિ આદરપૂર્વક પ્રવર્તવું, અને એ વ્યવહારદ્વારા જે વસ્તુ પ્રાપ્ત કરવાની છે, તે પ્રાપ્ત કરવાનું ચૂકી જવું નહીં.

આ **અનુભવ** જ્ઞાન અને ક્રિયાથી જ પ્રાપ્ત થાય છે, અને તે જ્ઞાન તથા ક્રિયાવાળા જીવો આ જગતમાં પ્રાયે થોડા જ હોય છે, તે બતાવે છે.—

**जानन्ति केचिन्न तु कर्तुमीशाः, कर्त्तुं क्षमा ये न च ते विदन्ति।
जानन्ति तत्त्वं प्रभवान्ति कर्तुं, ते केऽपि लोके विरला भवन्ति॥ २॥**

અર્થ:—(**लोके**) આ લોકને વિષે (**केचित्**) કેટલાક મનુષ્યો (**जानन्ति**) તત્ત્વને અથવા કર્તવ્ય-અકર્તવ્યને જાણે છે, (**तु**) પરંતુ (**कर्तुं**) તે પ્રમાણે કરવાને (**न ईशाः**) સમર્થ હોતા નથી (**च**) અને (**ये**) જે મનુષ્યો (**कर्तुं**) કરવાને (**क्षमा**) સમર્થ હોય છે, (**ते**) તેઓ (**न विदन्ति**) તત્ત્વને જાણતા નથી; પરંતુ જેઓ (**तत्त्वं**) તત્ત્વને (**जानन्ति**) જાણે છે અને (**कर्तुं**) તે પ્રમાણે કરવાને પણ (**प्रभवन्ति**) સમર્થ થાય છે, (**ते**) તેવા જીવો તો (**केऽपि**) કોઈક (**विरलाः**) વિરલા જ (**भवन्ति**) હોય છે. ૨.

વિશેષાર્થ:—આ શ્લોકમાં ધર્મમાર્ગને વિષે વર્તતા જીવોના ત્રણ વર્ગ બતાવ્યા છે. તેમાં જ્ઞાન અને ક્રિયા બન્ને જેનામાં હોય છે તે અનુભવજ્ઞાની કહેવાય છે, તેવા માણસો જગતમાં થોડા જ હોય છે. એ પ્રથમ વર્ગ કહ્યો. આ વર્ગના જીવો જલ્દી મોક્ષ મેળવી શકે છે. હવે જેને જ્ઞાન છે, પણ ચારિત્રમોહનીયના પ્રબળ ઉદયથી તેઓ જ્ઞાન પ્રમાણે વર્તન કરવામાં સમર્થ થઈ શકતા નથી. આ બીજો વર્ગ કહ્યો. આ જીવો જો ચારિત્રમોહનીયના ક્ષયોપશમાદિકે કરીને યથાર્થ ક્રિયામાં વર્તવા પ્રત્યે સમર્થ હોય તેના ઉપર આદરવાળા રહે અને પોતે પણ

ચારિત્રમોહનીયના ક્ષયોપશમને માટે ઉદ્યમી રહે તો કેટલાક વખત પછી પણ અવશ્ય મોક્ષપદને સાધી શકે છે. હવે ત્રીજો વર્ગ કે જે ચારિત્રમોહનીય તથા પ્રકારનું પ્રબળ નહીં હોવાને લીધે ક્રિયા કરવામાં સમર્થ થાય, પણ જ્ઞાનાવરણીય કર્મના ઉદયને લીધે આદરવા યોગ્ય અને તજવા યોગ્ય પદાર્થને યથાર્થ સમજી શકતા નથી. આ વર્ગના જીવો પણ જેઓ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમના બળે કરીને પદાર્થ-સ્વરૂપને જાણતા હોય, તેઓની વિનયભક્તિ કરવામાં તત્પર રહે અને પોતે જ્ઞાનાવરણીય કર્મને ખપાવવા માષતુષ નામના પ્રસિદ્ધ મુનિ મહારાજની જેમ સાવધાનપણે ઉદ્યમ કરે તેમજ પોતાને તત્ત્વજ્ઞાન થાય ત્યાંસુધી ગુરુની નિશ્રાએ વર્તે તો તે પણ કેટલાક કાળે મોક્ષપદ સાધી શકે છે.

આ ત્રણ વર્ગની બહારના જેઓ શુષ્ક જ્ઞાન–ક્રિયાવાળા પોતાની મતિકલ્પનાથી અમે જૈનશાસનમાં છીએ એમ માને છે, તેઓના જ્ઞાન અને ક્રિયા બંને કેવળ મતિકલ્પિત હોવાથી અને જિનાજ્ઞાથી પરાઙ્મુખ હોવાથી તેઓ કેવળ ભવભ્રમણરૂપ ફળને જ પામે છે. કહ્યું છે કેઃ—

" समइपवित्ती सव्वा, आणाबज्झ त्ति भवफला चेव ।
तित्थयरुद्देसेण वि, न तत्तओ सा तदुद्देसा ॥ "

અર્થઃ—(**सव्वा**) સર્વ (**समइपवित्ती**) પોતાની મતિથી કરેલી પ્રવૃત્તિ (**आणाबज्झ त्ति**) જિનેશ્વરની આજ્ઞાથી બાહ્ય છે, તેથી તે (**भवफला चेव**) સંસારરૂપ ફળવાળી જ છે. સંસારની વૃદ્ધિ કરનાર જ છે. કેમકે (**सा**) તે મતિકલ્પિત પ્રવૃત્તિ (**तित्थयरुद्देसेण वि**) તીર્થંકરના ઉદ્દેશે કરીને કરી હોય તો પણ (**तत्तओ**) તત્ત્વથી (**तदुद्देसा न**) તે તીર્થંકરના ઉદ્દેશવાળી નથી. એટલે કે તે સ્વમતિકલ્પનાએ જ્ઞાન–ક્રિયાની પ્રવૃત્તિ કરનારા જીવો પોતાની પ્રવૃત્તિને તીર્થંકરે બતાવી છે, એમ માને છે પરંતુ પરમાર્થથી જોતાં તે પ્રવૃત્તિ તીર્થંકરે બતાવેલી છે જ નહીં, તેથી જ તે સંસારની વૃદ્ધિરૂપ ફળને આપનાર થાય છે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. આ ઉપરથી સુજ્ઞજનો સમજી શકશે કે અનુભવજ્ઞાન મેળવવામાં ઘણો વખત જોઇએ, તો પણ તેટલા વખત સુધી વિપરીત માર્ગે તો ન જ પ્રવર્તવું જોઇએ.

જ્ઞાન અને ક્રિયા એ બન્ને મોક્ષપદ મેળવવામાં મુખ્ય કારણ છે. તે વિષે છેલ્લા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં આ પ્રમાણે કહ્યું છે.

" संजोगसिद्धीइ फलं वयंति, न हु एगचक्केण रहो पयाइ ।
अंधो य पंगू य वणे समेच्चा, ते संपउत्ता नगरं पविट्ठा ॥ "

અર્થઃ—" જ્ઞાની પુરુષો (**संजोगसिद्धीइ**) જ્ઞાન અને ક્રિયારૂપ સામગ્રીના

સંયોગની સિદ્ધિથી જ (**फलं**) મોક્ષફળની પ્રાપ્તિ થાય છે એમ (**वयंति**) કહે છે. (**हु**) કારણ કે (**एगचक्केण**) એક ચક્રવડે (**रहो**) રથ (**न पयाइ**) કદી પણ ચાલી શકતો નથી. જેમકે (**अंधो य**) એક અંધ અને (**पंगू य**) બીજો પંગુ એ બન્ને (**वणे**) વનમાં (**समेच्चा**) મળ્યા. (**ते**) તે બન્ને (**संपउत्ता**) એકઠા મળીને (**नगरं**) નગરમાં (**पविट्ठा**) પેઠા. એટલે કે જ્ઞાનસદૃશ પંગુ મનુષ્ય ક્રિયાસદૃશ અંધની ખાંધે બેસવાથી-માર્ગનું જ્ઞાન અને ચાલવાની ક્રિયા એ બન્ને કારણો એકત્ર થવાથી ઇષ્ટ નગરમાં જઇ શકાય છે." તે આ રીતે-અંધ મનુષ્યે પંગુને પોતાની ખાંધે બેસાડ્યો, પછી પંગુ મનુષ્ય માર્ગની જેમ જેમ સૂચના ડાબા જમણી બતાવી કરવા લાગ્યો તેમ તેમ તે તરફ અંધ મનુષ્ય ચાલવા લાગ્યો, તેથી તે બન્ને ઇષ્ટ નગરમાં જઈ પહોંચ્યા.

હવે મોક્ષને સાધનાર અનુભવ જ છે, તે બતાવે છેઃ—

सम्यग्विरक्तिर्ननु यस्य चित्ते, सम्यग्गुरुर्यस्य च तत्त्ववेत्ता ।
सदाऽनुभूत्या दृढनिश्चयो य–स्तस्यैव सिद्धिर्न हि चापरस्य ॥३॥

અર્થઃ—આ શ્લોકમાં કેવો જીવ મોક્ષ પામી શકે ? અને કેવો જીવ ન પામે ? તે બતાવે છે. (**यस्य चित्ते**) જેના ચિત્તમાં (**ननु**) નિશ્ચે (**सम्यग्विरक्तिः**) સમ્યક્ પ્રકારની વિરક્તિ-વૈરાગ્ય હોય, (**च**) અને (**यस्य**) જેના (**गुरुः**) ગુરુ (**सम्यक्**) સમ્યક્ પ્રકારે (**तत्त्ववेत्ता**) તત્ત્વને જાણનાર હોય, તથા (**सदाऽनुभूत्या**) સર્વદા અનુભવવડે (**यः**) જે (**दृढनिश्चयः**) દૃઢ નિશ્ચયવાળો હોય, (**तस्यैव**) તેને જ (**सिद्धिः**) સિદ્ધિપદ પ્રાપ્ત થાય છે. (**च**) અને (**अपरस्य**) તે સિવાય બીજાની (**न हि**) સિદ્ધિ થતી જ નથી. ૩.

વિશેષાર્થઃ—જેના હૃદયમાં સારી રીતે વૈરાગ્ય દશા પ્રાપ્ત થયેલી હોય, ઉત્તમ પ્રકારે યથાસ્થિત જૈનાગમના રહસ્યનું જ્ઞાન જેનામાં હોય એવા સદ્ગુરુ જેને પ્રાપ્ત થયેલા હોય અને જે પ્રાણી અનુભવજ્ઞાન મેળવવાવડે જેવી રીતે આત્મગુણોની અંદર રમણતા કરવી જોઇએ તેવા કર્તવ્યમાં દૃઢ નિશ્ચયવાળો થયો હોય-તેવા પ્રાણીની સિદ્ધિ થાય છે. તેથી અન્ય કે જેને ઉત્તમ વૈરાગ્ય, તત્ત્વજ્ઞાની ગુરુનો સમાગમ અને અનુભવવડે તત્ત્વનો દૃઢ નિશ્ચય થયો ન હોય તેવો પ્રાણી મુક્તિપદને પામી શકતો નથી.

આ શ્લોકમાં વૈરાગ્ય, જ્ઞાની ગુરુ અને અનુભવજ્ઞાન એ ત્રણ પદાર્થો મુક્તિના સાધનરૂપ બતાવ્યા છે. તેનું વિવેચન કરવાની ખાસ જરૂરીયાત હોવાથી તે પદાર્થો અનુક્રમે કહે છેઃ—

(૧) પ્રથમ વૈરાગ્ય કહ્યો તે વૈરાગ્ય ત્રણ પ્રકારનો છે:—૧ દુઃખગર્ભિત, ૨ મોહગર્ભિત અને ૩ જ્ઞાનગર્ભિત. આ બાબત ન્યાયવિશારદ શ્રીયશોવિજયજી ઉપાધ્યાયે પોતાના અધ્યાત્મસાર નામના ગ્રંથમાં કહ્યું છે કે:—

" तद्वैराग्यं स्मृतं दुःख–मोहज्ञानान्वयात् त्रिधा। "

" તે વૈરાગ્ય દુ:ખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત એમ ત્રણ પ્રકારે કહ્યો છે. " તેમાં અનેક પ્રકારનાં શરીર સંબંધી, મન સંબંધી અને કુટુંબાદિક સંબંધી દુ:ખો દેખીને સંસારના ક્ષણિક પદાર્થોથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, તે દુ:ખગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. આ વૈરાગ્ય થવાથી જો કે તે જીવ સંસારનો ત્યાગ કરે છે, તો પણ જ્યારે ચારિત્રમાં અનેક પ્રકારના પરીષહો અને ઉપસર્ગોનું દુઃખ આવી પડે છે ત્યારે પાછી ગૃહસ્થાવાસની ઇચ્છા થાય છે; છતાં પણ આ વૈરાગ્યવાળો જો સર્વથા ગીતાર્થ ગુરુને આધીન રહે અને તેમના કહેવા પ્રમાણે જ આત્મસાધન કર્યા કરે તો તે પણ મોક્ષપદને સાધી શકે છે, પરંતુ તે અતિ દુષ્કર છે.

બીજો મોહગર્ભિત વૈરાગ્ય છે. તે સાધુઓને રાજાદિકે કરાતા આદર, માન, સત્કાર વિગેરે જોઇને થઇ શકે છે. તેવા વૈરાગ્યથી ચારિત્ર ગ્રહણ કરીને રસગારવ, ઋદ્ધિગારવ અને સાતાગારવ વિગેરેમાં તે મગ્ન થાય છે, તેથી તેને મોક્ષસાધન દુર્લભ છે; છતાં સદ્ગુરુની પ્રેરણાથી જો તે પાછો વળીને સાચો વૈરાગ્ય ધારણ કરી, આત્મસાધનમાં તત્પર થાય તો તે પણ કેટલેક કાળે મોક્ષપદ સાધી શકે છે.

ત્રીજો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે કે જે સ્યાદ્વાદશૈલીથી સંસારનું વિકરાળ સ્વરૂપ યથાસ્થિતપણે જાણવાથી પ્રાપ્ત થાય છે. તે શીઘ્રપણે સિદ્ધિપદને આપી શકે છે.

(૨) બીજા જ્ઞાની ગુરુનું લક્ષણ શાસ્ત્રકારે આ પ્રમાણે બતાવ્યું છે કે-જેને આત્મસ્વભાવરૂપ નૈશ્ચયિક ધર્મ તથા તેને પ્રગટ કરવાના સાધનભૂત અનેક પ્રકારના અનુષ્ઠાનોરૂપ વ્યવહાર ધર્મની જાણ હોય, વ્યવહાર અને નિશ્ચય બન્ને પ્રકારના ધર્મને સેવનાર હોય, ધર્મમાં સદા તત્પર હોય અને હમેશાં પ્રાણીઓને ધર્મતત્ત્વનો ઉપદેશ કરનાર હોય. કહ્યું છે કે:—

" धर्मज्ञो धर्मकर्ता च, सदा धर्मपरायणः ।
सत्त्वेभ्यो धर्मशास्त्रार्थ–देशको गुरुरुच्यते ॥ "

અર્થ:—" (**धर्मज्ञः**) જે ધર્મને જાણનાર હોય, (**धर्मकर्ता**) ધર્મક્રિયાને કરનાર હોય, (**च**) અને (**सदा**) સર્વદા (**धर्मपरायणः**) ધર્મમાં તત્પર-મગ્ન હોય તથા (**सत्त्वेभ्यः**) પ્રાણીઓને (**धर्मशास्त्रार्थदेशकः**) ધર્મશાસ્ત્રના અર્થનો ઉપદેશ કરનાર હોય, તેવા જ્ઞાની (**गुरुः**) ગુરુ (**उच्यते**) કહેવાય છે. "

આવા પ્રકારના સદ્ગુરુના યોગથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થયેલ હોય તો તે દૃઢ થાય છે અને પ્રાપ્ત થયેલ ન હોય તો તેની પ્રાપ્તિ થાય છે.

(૩) ત્રીજો અનુભવજ્ઞાનદ્વારા કર્તવ્યનો દૃઢ નિશ્ચય તે આ પ્રમાણે-સદ્ગુરુના સમાગમવડે પ્રાણીઓ સત્ય પદાર્થોનું સ્વરૂપ વિચારી તેનું વારંવાર મનન કરે છે તેથી અનુભવ જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તે અનુભવદ્વારા જલદી મોક્ષ પ્રાપ્ત થાય છે.

હવે સમ્યક્ પ્રકારે વૈરાગ્ય પ્રાપ્ત થવા માટે પ્રથમ શરીરનું સ્વરૂપ બતાવે છેઃ—

विग्रहं कृमिनिकायसंकुलं, दुःखदं हृदि विवेचयन्ति ये ।
गुप्तिबद्धमिव चेतनं हि ते, मोचयन्ति तनुयन्त्रयन्त्रितम् ॥४॥

અર્થ:—(**ये**) જેઓ (**विग्रहं**) આ શરીર (**कृमिनिकायसंकुलं**) કૃમિઓના સમૂહવડે વ્યાપ્ત અને (**दुःखदं**) દુઃખદાયી છે એમ (**हृदि**) પોતાના હૃદયમાં (**विवेचयन्ति**) વિવેકપૂર્વક જાણે છે-ચિંતવે છે, (**ते**) તેઓ (**गुप्तिबद्धमिव**) જાણે કેદખાનામાં બંધાયેલા હોય તેમ (**तनुयन्त्रयन्त्रितं**) શરીરરૂપી યંત્રથી બંધાયેલા (**चेतनं**) ચેતનને-આત્માને (**हि**) નિશ્ચે (**मोचयन्ति**) મુકાવે છે-શરીરથી છૂટો કરી અશરીરીપણું પ્રાપ્ત કરાવે છે. ૪.

વિશેષાર્થ:—હમેશાં દરેક વસ્તુ ઉપરનો વૈરાગ્ય તેનાથી પ્રાપ્ત થતી આપત્તિથી તથા તેના બીભત્સ સ્વરૂપનો વિચાર કરવાથી પ્રાપ્ત થાય છે. તેવા વિચારથી પ્રાણી અનુક્રમે ધન, સ્ત્રી, પુત્રાદિક ઉપરનો મોહ કદાચ ઉતારી શકે છે, પરંતુ પોતાના શરીર ઉપરનો મોહ ઉતારી શકતા નથી. આ શરીરપરનો મોહ અનાદિ કાળથી ચાલ્યો આવે છે, છતાં પણ જ્યારે વિચક્ષણ પુરુષો શરીરના સ્વરૂપનું વિવેચન કરે છે ત્યારે શરીરપરનો મોહ પણ ઉતરે છે અને પછી દેહને દુઃખ પ્રાપ્ત થાય તો પણ તે ભય પામ્યા વિના " **देहे दुःखं महाफलं** " (શરીરને વિષે દુઃખ પ્રાપ્ત થાય તો તે મહાફળવાળું છે) એ સૂત્રવચનનું અવલંબન કરી પરીષહ અને ઉપસર્ગ સહન કરવા તૈયાર થાય છે, અને તે દ્વારા સર્વ કર્મનો ક્ષય કરી, અનંત કાળથી ચાલ્યા આવતા શારીરિક અને માનસિક દુઃખોને જળાંજલિ આપે છે અને અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરે છે.

જો કે પરાધીનપણે પ્રાણીઓ વિષયસુખનો ત્યાગ અતીત અનંત કાળમાં અનંતી વાર કરી શકયા છે, પરંતુ તેવા ત્યાગથી તેના આત્માનું કાંઈ કલ્યાણ થઈ શકયું નથી; કારણ કે પ્રાપ્ત થયેલા ભોગોનો જે સ્વતંત્રપણે ત્યાગ કરવો તે જ તાત્ત્વિક ત્યાગ કહેવાય છે. તે વિષે કહ્યું છે કે :—

" जे अ कंते पिए भोए, लद्धे वि पिट्ठि कुवइ ।
साहीणे चयई भोए, से हु चाइ त्ति वुच्चइ ॥ "

" (**जे अ**) જે પ્રાણી (**कंते**) મનોહર અને (**पिए**) પ્રિય (**भोए**) ભોગો (**लद्धे वि**) પ્રાપ્ત થયા છતાં પણ (**पिट्ठि कुव्वइ**) તેની તરફ પીઠ કરે છે, તથા (**साहीणे**) પોતાને સ્વાધીન એવા (**भोए**) ભોગનો (**चयई**) ત્યાગ કરે છે, (**से हु**) તે જ પ્રાણી (**चाइ त्ति**) ખરો ત્યાગી છે એમ (**वुच्चइ**) કહેવાય છે."

એક જ શરીર કયા કયા પ્રાણીઓને કેવા કેવા સુખ-દુઃખના સાધનભૂત થાય છે ? તે દેખાડે છે.—

भोगार्थमेतद्भविनां शरीरं, ज्ञानार्थमेतत् किल योगिनां वै ।
जाता विषं चेद्विषया हि सम्यग्-ज्ञानात्ततः किं कुणपस्य पुष्ट्या ?

અર્થ—(**भविनां**) સંસારી જીવોને (**एतत्**) આ (**शरीरं**) શરીર (**भोगार्थं**) ભોગને માટે થાય છે અને (**एतत्**) એ જ શરીર (**किल**) નિશ્ચે (**योगिनां वै**) યોગીઓને (**ज्ञानार्थं**) જ્ઞાનને માટે થાય છે; (**हि**) કારણ કે (**चेत्**) જો (**विषयाः**) આ વિષયો જેમને (**सम्यग्ज्ञानात्**) સાચા જ્ઞાનથી (**विषं**) વિષરૂપે (**जाता**) થયા છે-જાણવામાં આવ્યા છે, (**ततः**) તો તેમને (**कुणपस्य**) આ મૃતક જેવા શરીરની (**पुष्ट्या**) પુષ્ટિવડે (**किं**) શું ફળ છે ? કાંઇ જ નથી. ૫.

વિશેષાર્થ—સંસારી પ્રાણીઓ આ શરીર ભોગને માટે છે એમ કલ્પી તે દ્વારા તેનું સફળપણું કરવા ચાહે છે અને જ્ઞાનીઓ ફક્ત જ્ઞાનના સાધનભૂત તે શરીરને જાણી તેનું સફળપણું કરવા ચાહે છે. જો સ્વપરનું વિવેચન કરવાથી વિષયસુખો વિષતુલ્ય ભાસ્યા હોય તો પછી મૃતક જેવા આ જડ શરીરની પુષ્ટિથી શું ફળ છે ? કાંઇ જ નથી. પ્રાણીઓની આવી ભિન્ન ભિન્ન માન્યતાને માટે કહ્યું છે કે—" **जे आसवा ते परिसवा** " (જે આશ્રવો છે તે જ પરિશ્રવો છે.) એટલે કે મોહવાળા પ્રાણીઓને કર્મબંધના જેટલા કારણો છે તેટલા જ (તે ને તે જ) તત્ત્વજ્ઞાનીઓને મોક્ષ સાધવાના કારણો છે. તેથી મોક્ષના અર્થી પ્રાણીઓએ પ્રાપ્ત થયેલા દરેક બાહ્ય સાધનનો શુભ ઉપયોગ જ કરવો ઉચિત છે; વિનાશી શરીરનું પોષણ કરવામાં તત્પર થવું ઉચિત નથી. જો યથાયોગ્યપણે શરીરનો ઉપયોગ કરવામાં ન આવે તો તે શરીર જ અનંત ભવો સુધી દુઃખનું સાધન થાય છે, કારણ કે જગતમાં શરીર અને મન સંબંધી દુઃખો પ્રાપ્ત થવાનું કારણ શરીર અને મન જ છે, એમ શાસ્ત્રના તત્ત્વને જાણનારા કહે છે.

શરીરનું પોષણ કરવામાં મોહ જ મુખ્ય કારણરૂપ છે, તેથી તે મોહ વિવેકીએ ત્યાગ કરવા યોગ્ય છે. એવા આશયથી પોતાના આત્માને જ બોધ આપે છે:—

त्वङ्मांसमेदोऽस्थिपुरीषमूत्र—पूर्णेऽनुरागः कुणपे कथं ते ? ।
द्रष्टा च वक्ता च विवेकरूपस्त्वमेव साक्षात् किमु मुह्यसीत्थम् ?६

અર્થ:—હે આત્મા ! (**त्वक्**) ત્વચા, (**मांस**) માંસ, (**मेदो**) મેદ-ચરબી, (**अस्थि**) હાડકા, (**पुरीष**) વિષ્ઠા અને (**मूत्र**) મૂત્રવડે (**पूर्णे**) ભરેલા (**कुणपे**) આ જડ શરીરને વિષે (**कथं**) કેમ (**ते**) તને (**अनुरागः**) પ્રીતિ થાય છે ? કેમકે (**साक्षात्**) સાક્ષાત્પણે આ આત્મિક ગુણોનો (**द्रष्टा**) જોનાર, (**च**) અને (**वक्ता**) કહેનાર, (**च**) અને (**विवेकरूपः**) વિવેકરૂપ-સત્ અસત્નું વિવેચન કરનાર (**त्वमेव**) તું પોતે જ છે; તો પછી (**इत्थं**) આ પ્રમાણે (**किमु मुह्यसि**) તું કેમ મુંઝાય છે ? શરીર ઉપર કેમ મોહ રાખે છે ?

વિશેષાર્થ:—હે ચેતન ! જે શરીર ચામડી, માંસ, ચરબી, વિષ્ઠા અને મૂત્ર વિગેરે અશુચિ પદાર્થોથી ભરેલું છે તેમાં તને રાગ અવિચારિતપણે શા માટે થાય છે ? હે ચેતન ! સાક્ષાત્પણે સર્વ પદાર્થોને જાણનાર, યથાર્થપણે બતાવનાર અને તેનું વિવેચન કરનાર તું પોતે જ છે, તો હવે એવા અશુચિ પદાર્થોમાં રાગ પામી કેમ મૂઢ થાય છે ? કેમકે ખરેખરું જાણપણું તો તે જ કહેવાય કે જે રાગાદિક મોહમાં ફસાય નહીં. તે વિષે શ્રી શીલાંગસૂરિએ આચારાંગની ટીકામાં કહ્યું છે કે:—

" तज्ज्ञानमेव न भवति, यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोऽस्ति शक्ति-र्दिनकरकिरणाग्रतः स्थातुम् ? ॥"

અર્થ:—(**तत्**) તે (**ज्ञानमेव**) જ્ઞાન જ (**न भवति**) હોતું નથી કે (**यस्मिन्**) જે જ્ઞાન (**उदिते**) ઉદય પામે સતે (**रागगणः**) રાગનો સમૂહ (**विभाति**) વિસ્તાર પામે; કેમકે (**दिनकरकिरणाग्रतः**) સૂર્યના કિરણોની પાસે (**स्थातुं**) રહેવાને (**तमसः**) અંધકારની (**शक्तिः**) શક્તિ (**कुतोऽस्ति**) ક્યાંથી હોય ? ન જ હોય. ૬.

ધનની અનિત્યતા દેખાડવાપૂર્વક તેનું દુઃખહેતુપણું કહીને તેનો ત્યાગ કરવા માટે ઉપદેશ આપે છે:—

धनं न केषां निधनं गतं वै ?, दरिद्रिणः के धनिनो न दृष्टाः ? ।
दुःखैकहेत्वत्र धनेऽतितृष्णां, त्यक्त्वा सुखी स्यादिति मे विचारः ७

અર્થ:—કદાચ દ્રવ્યની મૂર્છાવડે પ્રાણીઓ આ સંસારમાં મોહ પામતા હોય તો તેને ઉપદેશ આપે છે કે-(**केषां**) કોનું (**धनं**) ધન (**निधनं**) વિનાશને (**न गतं वै**) નથી પામ્યું ? તથા (**के**) કયા (**दरिद्रिणः**) દરિદ્રીઓ (**धनिनो**) ધનવાન થયેલા (**न दृष्टाः**) નથી જોયા ? અર્થાત્ ધનવાન હોય તે નિર્ધન થાય છે અને નિર્ધન હોય તે ધનવાન થાય છે, તેથી (**अत्र धने**) આ ધન મેળવવા માટે (**दुःखैकहेतु**) દુઃખનું જ એક-અદ્વિતીય કારણરૂપ (**अतितृष्णां**) અતિતૃષ્ણાને (**त्यक्त्वा**) તજી દઈને મનુષ્ય (**सुखी स्यात्**) સુખી થાય છે, (**इति**) એમ (**मे विचारः**) મારો વિચાર-મારું મંતવ્ય છે. ૭.

સંસારના દુ:ખરૂપ રોગનો નાશ કરવાનો ઉપાય બતાવે છે:—

संसारदुःखान्न परोऽस्ति रोगः, सम्यग्विचारात् परमौषधं न ।
तद्रोगदुःखस्य विनाशनाय, सच्छास्त्रतोऽयं क्रियते विचारः ॥८॥

અર્થ:—(**संसारदुःखात्**) આ જગતમાં સંસારના દુ:ખથકી (**परः**) બીજો કોઈ (**रोगः**) રોગ-વ્યાધિ (**न अस्ति**) નથી, અને (**सम्यग्विचारात्**) સમ્યક્ પ્રકારના વિચાર થકી (**परं**) બીજું કાંઈપણ (**औषधं न**) ઔષધ નથી. અર્થાત્ સંસારના દુ:ખરૂપી વ્યાધિનું ઔષધ સમ્યક્ વિચાર જ છે. તેથી કરીને (**तद्रोगदुःखस्य**) તે રોગ સદૃશ દુ:ખનો (**विनाशनाय**) વિનાશ કરવા માટે (**सच्छास्त्रतः**) સારા શાસ્ત્ર થકી (**अयं विचारः**) આ વિચાર (**क्रियते**) કરવામાં આવે છે.

વિશેષાર્થ:—આ સંસારી જીવ જ્વરાદિક રોગને જ રોગ કહે છે, પરંતુ આ જીવને સાંસારિક અનેક પ્રકારના માનસિક, વાચિક અને કાયિક—આધિ, વ્યાધિ અને ઉપાધિ વળગેલા છે. તેમાંથી માત્ર કાયિકને જ રોગ તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ તે સિવાય બીજા રોગ (અધિ, ઉપાધિ) તે કરતાં વધી જાય તેવા-વધારે દુ:ખ આપનારા અને કર્મબંધને કરાવનારા છે તે સર્વ પૂર્વકર્મજન્ય જ છે. તે સર્વ રોગનું નિવારણ કરનાર પરમ ઔષધ સમ્યગ્ વિચાર જ છે. તેનાથી જ સર્વ દુ:ખો નિર્મૂળ થઈ શકે છે. ૮.

તે ઔષધરૂપ સમ્યગ્ વિચારને જ બતાવે છે:—

अनित्यताया यदि चेत् प्रतीति–स्तत्त्वस्य निष्ठा च गुरुप्रसादात् ।
सुखी हि सर्वत्र जने वने च, नो चेद्वने चाथ जनेषु दुःखी ॥९॥

અર્થ:—જે પ્રાણીને દ્રવ્ય, સ્વજન, કુટુંબ અને શરીર વિગેરે સર્વ સંસારના પદાર્થો સંબંધી (**यदि चेत्**) જો (**अनित्यतायाः**) અનિત્યપણાની (**प्रतीतिः**) પ્રતીતિ થઇ હોય (**च**) અને (**गुरुप्रसादात्**) ગુરુના પ્રસાદથી (**तत्त्वस्य**) તત્ત્વની (**निष्ठा**) દૃઢ શ્રદ્ધા થઇ હોય તો તે પ્રાણી (**जने वने च**) વસ્તીમાં અને વનમાં (**सर्वत्र**) સર્વ ઠેકાણે (**सुखी हि**) સુખી જ હોય છે. અને (**चेत् नो**) જો અનિત્યપણાની પ્રતીતિ અને તત્ત્વશ્રદ્ધા ન થઈ હોય તો (**वने चाथ जनेषु**) વનમાં અને વસ્તીમાં પણ તે (**दुःखी**) દુ:ખી જ હોય છે.

વિશેષાર્થ:—આ પ્રાણી નિરંતર સુખનો અર્થી છે અને દુ:ખથી ત્રાસ પામે છે, પરંતુ સુખ-દુ:ખના હેતુને યથાર્થ નહીં ઓળખવાથી તેને ખરું સુખ પ્રાપ્ત થતું

નથી અને દુઃખને નાશ થતો નથી. પ્રાણીને દુઃખનું કારણ આ સંસારના પદાર્થો અને સ્વજનાદિક કે જે અનિત્ય છે તેને નિત્ય માની બેસે છે તે જ છે; કારણ કે અનિત્ય પદાર્થો તેની સંયોગસ્થિતિ પૂર્ણ થયે જ્યારે તેનાથી વિખૂટા પડે છે અથવા નાશ પામે છે ત્યારે તેને નિત્ય માનનાર મુગ્ધ મનુષ્ય દુઃખ પામે છે. ૯.

વિવેકરૂપી સૂર્યનો ઉદય થવાથી મોહરૂપ અંધકારનો નાશ થાય છે, તે કહે છે.

मोहान्धकारे भ्रमतीह तावत्, संसारदुःखैश्च कदर्थ्यमानः।
यावद्विवेकार्कमहोदयेन, यथास्थितं पश्यति नात्मरूपम् ॥१०॥

અર્થઃ—આ પ્રાણી (**संसारदुःखैश्च**) સંસારના દુઃખોવડે (**कदर्थ्यमानः**) કદર્થના પામતો સતો (**इह**) આ સંસારમાં (**मोहान्धकारे**) મોહરૂપી અંધકારમાં (**तावत्**) ત્યાંસુધી (**भ्रमति**) ભ્રમણ કરે છે કે (**यावत्**) જ્યાંસુધી (**विवेकार्कमहोदयेन**) વિવેકરૂપી સૂર્યના મોટા ઉદયવડે (**यथास्थितं**) યથાર્થ-સત્યપણે (**आत्मरूपं**) આત્માનું સ્વરૂપ (**न पश्यति**) જોતો નથી. જ્યારે વિવેકરૂપી સૂર્યનો ઉદય થાય છે ત્યારે મોહાંધકાર નાશ પામે છે, આત્મસ્વરૂપ ઓળખાય છે, અને સાંસારિક દુઃખોની કદર્થના નાશ પામે છે.

વિશેષાર્થ:—આ જગતમાં મોહ અને વિવેક એ બન્ને ખરેખરા એક બીજાના પ્રતિસ્પર્ધી છે. મોહ વિવેકને ભૂલાવે છે અને વિવેક આવે છે ત્યારે મોહ નાશ પામે છે. આ સંસારમાં પ્રાણીને પરિભ્રમણ કરવાનું કારણ મોહ જ છે, અને તેનાથી છૂટવાનું-ઊંચા આવવાનું કારણ વિવેક જ છે. વિવેકરૂપ સૂર્યનો ઉદય થાય છે ત્યારે જ પ્રાણી પોતાના આત્મસ્વરૂપને જોઈ શકે છે. તે સિવાય આત્મસ્વરૂપનો બોધ થઇ શકતો નથી અને આત્મસ્વરૂપ યથાર્થ સમજાયા સિવાય મોહ નષ્ટ થતો નથી. એ બન્ને પરસ્પર કાર્યકારણભાવે વર્તે છે. ૧૦.

આત્મજ્ઞાનમાં રક્ત થયેલા પુરુષના ચિત્તમાં ધનાદિક પદાર્થો અનર્થ કરનારા જ ભાસે છે, તે કહે છે:—

अर्थो ह्यनर्थो बहुधा मतोऽयं, स्त्रीणां चरित्राणि शवोपमानि।
विषेण तुल्या विषयाश्च तेषां, येषां हृदि स्वात्मलयानुभूतिः ॥११॥

અર્થ:—(**येषां**) જેઓના (**हृदि**) હૃદયમાં (**स्वात्मलयानुभूतिः**) પોતાના આત્માને વિષે લયનો-તન્મયપણાનો અનુભવ વર્તે છે, (**तेषां**) તેઓને (**बहुधा**) અનેક પ્રકારે સાંસારિક સુખના કારણપણાએ કરીને (**मतः**) લોકોએ માનેલ (**अयं अर्थः**) આ પ્રત્યક્ષ દેખાતું ધન (**हि अनर्थः**) અવશ્ય અનર્થકારક લાગે છે, (**स्त्रीणां चरित्राणि**) સ્ત્રીઓનાં ચરિત્રો (**शवोपमानि**) મૃતક

જેવા અનિષ્ટ લાગે છે, (**च**) અને (**विषयाः**) ઇંદ્રિયોના વિષયો (**विषेण तुल्याः**) વિષ જેવા લાગે છે.

વિશેષાર્થ:—આત્માને વિષે લય એટલે આત્માના હિત અહિતની જ કાયમ વિચારણા જે પ્રાણીને વર્તતી હોય છે, તથા સાંસારિક સુખ-દુઃખને વિષે જેને નિરંતર ઉપેક્ષા વર્તતી હોય છે તે પ્રાણી ધનને સ્વાર્થસાધક માનતા નથી, પણ અનર્થકારક જ માને છે, તેના હૃદયમાં દ્રવ્યનો લોભ હોતો નથી અને દ્રવ્યની હાનિ કે લાભ તેના મન પર કાંઈ પણ અસર કરતા નથી. સ્ત્રીના ચરિત્રો તેને મોહોત્પાદક થતા નથી અને પાંચે ઇંદ્રિયોના વિષયો તેને વિષ સમાન-ઝેર જેવા લાગે છે. ૧૧.

આ આત્મા ધર્મરસિક થયા છતાં પણ સંસારના આરંભ-સમારંભમાં આસક્ત થયેલા બીજા પ્રાણીઓને જોઇને કોઈ કોઈ વખત વૃથા ખેદ પામે છે, તેને ઉપદેશ આપે છે:—

कार्यं च किं ते परदोषदृष्ट्या ?, कार्यं च किं ते परचिन्तया च ? ।
वृथा कथं खिद्यसि बालबुद्धे !?, कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ॥१२॥

અર્થ:—હે આત્મા ! (**ते**) તારે (**परदोषदृष्ट्या**) પારકા દોષ જોવાથી (**किं च कार्यं**) શું કાર્ય-ફળ છે ? કાંઇ જ નથી. (**च**) અને (**ते**) તારે (**परचिन्तया**) પારકી ચિંતા કરવાથી (**किं च कार्यं**) શું કાર્ય-ફળ છે ? કાંઇ જ નહીં. (**बालबुद्धे !**) હે બાલબુદ્ધિવાળા ! તું (**वृथा**) ફોગટ (**कथं**) કેમ (**खिद्यसि**) ખેદ પામે છે ? (**स्वकार्यं**) તું તારું પોતાના આત્માનું કાર્ય જ (**कुरु**) કર અને (**अन्यत्**) બીજું (**सर्वं**) સર્વ (**त्यज**) તજી દે; કારણ કે તારા ખેદ કરવાથી તેવા મનુષ્યો કાંઈ સુધરતા નથી, લાઇન પર આવતા નથી. તેઓ તો કરતા હોય તેમ કર્યા જ કરે છે, માટે એવા વ્યર્થ ખેદનો ત્યાગ કરીને તું તારા આત્માના હિતાહિતનો વિચાર કરી આત્મહિતમાં જ પ્રવૃત્તિ કર. ૧૨.

આત્માને હિતકારી કાર્ય જ કરવું એમ કહ્યું, તેનો પ્રકાર બતાવે છે:—

यस्मिन् कृते कर्मणि सौख्यलेशो,
दुःखानुबन्धस्य तथाऽस्ति नान्तः ।
मनोऽभितापो मरणं हि यावत्,
मूर्खोऽपि कुर्यात् खलु तन्न कर्म ॥ १३ ॥

અર્થ:—(**यस्मिन्**) જે (**कर्मणि**) કર્મ (**कृते**) કરવાથી (**सौख्यलेशः**) સુખનો લેશમાત્ર પ્રાપ્ત થાય, (**तथा**) અને (**दुःखानुबन्धस्य**) દુઃખના અનુબંધનો-પરંપ-

રાનો (**अन्तः न अस्ति**) અંત આવે નહીં એટલે અનંત દુઃખનો અનુબંધ થાય, તથા (**मरणं हि यावत्**) જ્યાંસુધી મરણ પામે ત્યાંસુધી–મરણ પર્યંત (**मनोऽभितापः**) મનને તાપ થાય (**तत् कर्म**) તેવું કર્મ–કાર્ય (**खलु**) નિશ્ચે (**मूर्खोऽपि**) મૂર્ખ માણસ પણ (**न कुर्यात्**) ન કરે; તો પછી વિદ્વાન માણસ તો કેમ જ કરે ?

વિશેષાર્થઃ—હિંસા, અસત્ય, ચોર્ય, પરદારાગમન અને અતિતૃષ્ણા વિગેરે પાપ કર્મ કરવાથી પ્રાણી ક્ષણવાર સુખનો લેશ પ્રાપ્ત કરે છે અને દુઃખના અનુબંધવાળું અશુભ કર્મ અનંત કાળ સુધી ભોગવવું પડે તેવું બાંધે છે. તેમ જ આ ભવમાં પણ તે ઉગ્ર પાપ દુનિયામાં પ્રસિદ્ધ થયા વિના રહેતું નથી. કહ્યું છે કે–"**अत्युग्रपुण्यपापाना–मिहैव फलमश्नुते ।**" (અતિ ઉગ્ર પુણ્યપાપનું ફળ આ ભવમાં જ ભોગવાય છે.) તેથી તે પાપ પ્રસિદ્ધ થવાથી લોકના તિરસ્કાર વિગેરેથી તથા પોતાની યશ–કીર્ત્તિનો નાશ થવાથી તે પાપનો પશ્ચાત્તાપ મરણ પર્યંત થાય છે; માટે તેવા પાપથી દૂર રહી આત્માનું હિત કરવામાં તત્પર થવું તે યોગ્ય છે. ૧૩.

હવે કામનું અનર્થકારીપણું દેખાડે છે:—

यदर्जितं वै वयसाऽखिलेन, ध्यानं तपो ज्ञानमुखं च सत्यम् ।
क्षणेन सर्वं प्रदहत्यहो ! तत्, कामो बली प्राप्य छलं यतीनाम्

અર્થઃ—(**यतीनां**) મુનિઓનું (**अखिलेन**) સમગ્ર (**वयसा**) વય–ઉમ્મરવડે (**वै**) નિશ્ચે (**यत्**) જે (**ध्यान**) મનની સ્થિરતાવાળું શુભ ધ્યાન, (**तप**) છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે તપ, (**ज्ञानमुखं**) જ્ઞાન, વિવેક વિગેરે (**च**) અને (**सत्यं**) સત્ય–મૃષાવાદવિરમણ વિગેરે (**अर्जितं**) ઉપાર્જન કર્યું હોય છે, (**तत्**) તે ધ્યાનાદિક (**सर्वं**) સર્વને (**अहो**) અહો ! (**बली**) બળવાન (**कामः**) કામદેવ (**छलं प्राप्य**) છળ પામીને (**क्षणेन**) એક ક્ષણવારમાં (**दहति**) બાળી નાંખે છે. જન્મ પર્યંત ઉપાર્જન કરેલા ધ્યાનાદિકને એક ક્ષણવારમાં જ ભસ્મીભૂત કરે છે, એ આશ્ચર્ય છે. મુનિઓના ધ્યાનાદિકનો નાશ કરે છે, તો બીજા સંસારી જીવોનું તો શું કહેવું ? એ આ શ્લોકનું રહસ્ય છે.

વિશેષાર્થ:—કામદેવ એટલો બધો બળવાન છે કે તે પ્રાણીને એક પળમાં જ પાયમાલ કરી નાંખે છે. તેનાથી નિરંતર ડરતા રહેવાની જરૂર છે. તેનાં સાધનો જે પાંચ ઇંદ્રિયોના વિષયો તેને સેવતાં બહુ જ વિચાર કરવાનો છે. જેની કામને આધીન થવાની ઈચ્છા ન હોય તેણે પૌષ્ટિક અથવા કામોત્પાદક પદાર્થોનો આહાર કરવો નહીં, સ્ત્રીનો પરિચય અલ્પ પણ કરવો નહીં. 'સ્ત્રીની સાથે માત્ર જરા વાત કરવાથી શું હરકત છે ?' એમ કદી પણ ધારવું નહીં. તેમ જ શૃંગારરસવાળી વાર્તાઓ કહેવી કે સાંભળવી નહીં, તેવા વિકાર કરનારા પુસ્તકો વિગેરે પણ વાંચવા

સાંભળવા નહીં. શાસ્ત્રકારે કહેલી શિયળની નવે વાડ બરાબર સાચવવી. જે પ્રાણી તે વાડને સાચવતો નથી તેના શિયળરૂપી ક્ષેત્રનો કામદેવ અવશ્ય નાશ કરે છે. પોતાના ખેતરની વાડ બરાબર સચવાય નહીં તો તે ખેડુતનો પાક પશુઓના ભોગમાં આવે છે, એ પ્રત્યક્ષ સિદ્ધ છે. આ ક્રૂર કામદેવ એકવાર આત્મારૂપી ગૃહમાં પ્રવેશ કરે તો પછી તે મોટા મોટા મુનિરાજના મનને પણ ક્ષોભ પમાડે છે અને તેના જ્ઞાન, ધ્યાન વિગેરેને ભૂલાવી દે છે, તપને નિષ્ફળ કરે છે અને સત્ય વિગેરે ગુણનો નાશ કરે છે. ૧૪.

કામ પણ મોહ વિના ઉત્પન્ન થતો નથી, તેથી મોહનું બળવાનપણું અને અનર્થ કરવાપણું દેખાડી તેના નાશનો ઉપાય કહે છે:—

बलादसौ मोहरिपुर्जनानां, ज्ञानं विवेकं च निराकरोति ।
मोहाभिभूतं च जगद्विनष्टं, तत्त्वावबोधादपयाति मोहः ॥१५॥

અર્થ:—(**असौ**) આ મનમાં પ્રત્યક્ષ દેખાતો (**मोहरिपुः**) મોહરૂપી શત્રુ (**बलात्**) બળાત્કારે (**जनानां**) માણસોના (**ज्ञानं**) જ્ઞાન (**च**) અને (**विवेकं**) વિવેકને (**निराकरोति**) દૂર કરે છે—નાશ કરે છે. (**च**) વળી (**मोहाभिभूतं**) મોહથી પરાભવ પામેલું (**जगत्**) આ જગત્ (**विनष्टं**) નાશ પામ્યું છે. આવો મોહ શી રીતે નષ્ટ થાય ? તે કહે છે.—(**तत्त्वावबोधात्**) તત્ત્વના બોધથી—આત્મજ્ઞાનથી (**मोहः**) આ મોહ (**अपयाति**) નાશ પામે છે. જ્યાં તત્ત્વબોધ હોય ત્યાં મોહ ટકી શકતો નથી.

વિશેષાર્થ:—મોહ વિવેકનો ખરેખરો કટ્ટો શત્રુ છે, એ હકીકત આપણે આગળ પણ કહી આવ્યા છીએ. વિવેકની ઉત્પત્તિ જ્ઞાનથી થાય છે, તેથી જ્ઞાન પણ મોહના શત્રુ તરીકે ગણાય, એ કાંઇ ખોટું નથી. જ્ઞાન અને વિવેકવડે પ્રાણી તત્ત્વને બરાબર સમજીને પછી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિના વિરોધી મોહને નિર્મૂળ કરવા મથે છે. એમ મોહ પણ પોતાને જ્યારે અવસર મળે છે ત્યારે તે આત્માને પોતાને વશવર્તી કરે છે, અને જ્ઞાન તથા વિવેક એ બન્નેને નિર્મૂળ કરવા પ્રયત્ન કરે છે. આ બન્નેનું યુદ્ધ અનાદિ કાળથી આત્મારૂપી ગૃહમાં થતું જ આવ્યું છે. તેમાં આત્મા તે બેમાંથી જેને વશવર્તી હોય, તેનો જ જય થાય છે. ૧૫.

સંસારમાં પ્રાણીઓની સુખને માટે કરેલી પ્રવૃત્તિ નિષ્ફળ થાય છે, તે કહે છે:—

सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति—र्दुःखस्य नाशाय सुखस्य हेतोः ।
तथापि दुःखं न विनाशमेति, सुखं न कस्यापि भजेत् स्थिरत्वम्

અર્થ:—(**सर्वस्य**) સર્વ પ્રાણીની (**प्रवृत्तिः**) પ્રવૃત્તિ (**सदा**) હમેશાં (**सर्वत्र**) સર્વ ઠેકાણે (**दुःखस्य**) દુઃખના (**नाशाय**) નાશને માટે અને (**सुखस्य**

हेतोः) સુખની પ્રાપ્તિ માટે જ હોય છે; (**तथापि**) તો પણ (**कस्यापि**) કોઇને (**दुःखं**) દુઃખ (**विनाशं न एति**) વિનાશ પામતું નથી અને કોઇને (**सुखं**) સુખ (**स्थिरत्वं**) સ્થિરતાને (**न भजेत्**) પામતું નથી. તેથી આવો પ્રયત્ન કરવા કરતાં નવા કર્મ ન બંધાય અને પૂર્વે બાંધેલા કર્મ ઉદયાદિકથી ભોગવાઇને ક્ષીણ થઇ જાય, એવો પ્રયત્ન કરવો કે જેથી અવશ્ય દુઃખનો વિનાશ થાય. બાકી પૂર્વકૃત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ સુખ–દુઃખ તો ભોગવવાં જ પડે છે, તેથી જો સાચા સુખની અભિલાષા હોય તો સુખનાં કારણો સેવવાં જોઇએ. જેમ બને તેમ કર્મબંધ અલ્પ થાય તેવા પરિણામમાં વર્તવું જોઇએ. તેમ કરવાથી સુખનો અનુભવ થશે. યદિ પૂર્વજન્મકૃત પાપના ઉદયથી દુઃખ ભોગવવું પડશે તો તે પણ અલ્પ રસ આપશે અને અલ્પ કાળમાં સમાપ્તિ પામી જશે. પછી ફરીથી દુઃખ પામવાનો સમય નહીં આવે. આ હકીકત અક્ષરશઃ હૃદયમાં ઉતારી સાચા સુખના સાચા સાધનો સેવવા તત્પર રહેવું, એ સહૃદય મનુષ્યોનું કર્તવ્ય છે. તે સિવાય માત્ર સુખની વાંછા જ કરવી તે તો ફાંફા છે. તેથી સાચા સુખની–અવિચ્છિન્ન સુખની પ્રાપ્તિ થઇ શકતી નથી. ૧૬.

વિષયાદિ સુખ અનેક વાર પ્રાપ્ત થયું છે, તેથી તેમાં કાંઇ આશ્ચર્ય નથી, તે કહે છેઃ—

यत् कृत्रिमं वैषयिकादिसौख्यं, भ्रमन् भवे को न लभेत मर्त्यः?।
सर्वेषु तच्चाधममध्यमेषु, यद् दृश्यते तत्र किमद्भुतं च ॥१७॥

અર્થઃ—(**कृत्रिमं**) કૃત્રિમ એટલે ક્રિયાવડે બનેલું પુષ્પમાળા, ચંદન, સ્ત્રી વિગેરેનું (**यत्**) જે (**वैषयिकादिसौख्यं**) પાંચ ઇંદ્રિયોના વિષયો સંબંધી સુખ છે, તેને (**भवे**) આ અનાદિ અનંત સંસારમાં (**भ्रमन्**) અનાદિકાળથી ભ્રમણ કરતો (**कः**) કયો (**मर्त्यः**) મનુષ્ય (**न लभेत**) ન પામી શકે? સર્વ પ્રાણી અનાદિ કાળથી ભવ ભ્રમણ કરતો અનંતવાર વૈષયિક સુખને પામ્યો જ છે. (**तच्च**) વળી (**यत्**) જે સુખ (**सर्वेषु**) સર્વે (**अधममध्यमेषु**) અધમ અને મધ્યમ મનુષ્યોમાં પણ (**दृश्यते**) દેખાય છે, (**तत्र**) તેમાં (**किमद्भुतं च**) શું આશ્ચર્ય છે? વૈષયિક સુખ અધમ અને મધ્યમને વિષે પણ દેખાય છે, તો પછી રાજાદિક ઉત્તમને વિષે દેખાય તેમાં તો કહેવું જ શું? અર્થાત્ શબ્દાદિક અનિત્ય સુખની પ્રાપ્તિમાં કાંઇ આશ્ચર્ય નથી, પરંતુ ધર્મની પ્રાપ્તિમાં જ આશ્ચર્ય છે.

વિશેષાર્થઃ—વૈષયિકાદિક કૃત્રિમ સુખ પણ અન્ય જનોની દૃષ્ટિએ જણાય છે, પરંતુ તે સુખવાળો તો અનેક પ્રકારે આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરપૂર હોવાથી પોતાના આત્માને દુઃખી જ માને છે. પુત્ર, સ્ત્રી વિગેરે પણ અનેક જાતની ચિંતા કરાવનાર હોય છે. વ્યાપારાદિકમાં રોકાયેલું ધન પણ અનેક પ્રકારની ચિંતા

ઉત્પન્ન કરે છે. આવા અનેક કારણોને લીધે વૈષયિક સુખ વાસ્તવિક સુખ નથી. વાસ્તવિક તો આત્માના સ્વરૂપનું જ્ઞાન અને તેથી થતા સંતોષ, વિવેક અને વૈરાગ્યાદિવડે પ્રાપ્ત થયેલું સુખ જ સાચું સુખ છે. ૧૭.

વિષયસુખના અર્થીઓની ખોટી માન્યતા દેખાડવાપૂર્વક મુનિઓની તેનાથી જ વિમુખતા બતાવે છે:—

क्षुधातृषाकामविकाररोष–हेतुं च तद्भेषजवद्वदन्ति ।
तदस्वतन्त्रं क्षणिकं प्रयासकृत्, यतीश्वरा दूरतरं त्यजन्ति ॥१८॥

અર્થ:—(**क्षुधा**) ક્ષુધા, (**तृषा**) તરશ, (**कामविकार**) કામનો વિકાર અને (**रोषहेतुं च**) ક્રોધના જે જે હેતુઓ–કારણો છે, (**तत्**) તેને વિષયલુબ્ધ પ્રાણીઓ (**भेषजवत्**) ઔષધની જેવા (**वदन्ति**) કહે છે–માને છે, પરંતુ (**तत्**) તે ક્ષુધાદિક શમાવવાના કારણરૂપ ઔષધ (**अस्वतन्त्रं**) પરાધીન છે, (**क्षणिकं**) ક્ષણિક છે અને (**प्रयासकृत्**) પ્રયત્નથી સાધ્ય છે, તેથી તેને (**यतीश्वराः**) મુનીશ્વરો (**दूरतरं**) અત્યંત દૂરથી જ (**त्यजन्ति**) તજી દે છે. ૧૮.

વિશેષાર્થ:—આ સંસારના સુખમાં મોહ પામેલા પ્રાણીઓ અનેક પ્રકારના ભક્ષ્યાભક્ષ્યને ખાઇને ક્ષુધારૂપ રોગની શાંતિ માને છે, અનેક પ્રકારના શુદ્ધાશુદ્ધ પેયનું પાન કરી તૃષાની શાંતિ માને છે, વિષયભોગ ભોગવીને કામવિકારની શાંતિ માને છે, તથા પોતાને અણગમતી બાબતમાં બીજા ઉપર ક્રોધ કરી તેની શાંતિ માને છે; પરંતુ તે સર્વ તેમની માન્યતા વિપરીત જ છે કેમકે ખાન, પાન વિગેરે ઇચ્છાનુસાર કરવાથી તે વિષયની આકાંક્ષા ઊલટી વૃદ્ધિ પામે છે. વળી તે ખાનપાનાદિક પરાધીન છે, કદાચ પુણ્યના વશથી સ્વાધીન હોય તો પણ તે ક્ષણિક છે, એટલે પામાના ખજવાળવાની જેમ વારંવાર તેની ઇચ્છા થયા જ કરે છે, તથા અતિ પ્રયાસથી સાધી શકાય છે. આ સર્વ જ્ઞાની પુરુષ વિવેકથી જાણીને તેનાથી અળગા જ રહે છે. ૧૮.

યતિઓને ભોજનાદિકની લોલુપતા કેમ થતી નથી? તે કહે છે:—

गृहीतलिङ्गस्य च चेद्धनाशा, गृहीतलिङ्गो विषयाभिलाषी ।
गृहीतलिङ्गो रसलोलुपश्चेद्, विडम्बनं नास्ति ततोऽधिकं ही ॥१९॥

અર્થ:—(**गृहीतलिङ्गस्य च**) મુનિવેષ ધારણ કરનારને (**चेत्**) જો (**धनाशा**) ધન મેળવવાની આશા–ઇચ્છા હોય, (**गृहीतलिङ्गः**) મુનિવેષ ધારણ કરનાર જો (**विषयाभिलाषी**) શબ્દાદિ વિષયોનો અભિલાષ કરે અને (**गृहीत-**

લિઙ્ગ:) મુનિવેષ ધારણ કરનાર (**चेत्**) જો (**रसलोलुपः**) ષડ્રસવાળા ભોજનમાં લોલુપ હોય, તો (**ततः**) તે થકી બીજું (**अधिकं**) અધિક (**विडम्बनं**) વિડંબન-અતિકષ્ટ (**नास्ति**) નથી.

વિશેષાર્થ:—મુનિવેષ ધારણ કર્યા પહેલાં શુદ્ધ એટલે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પ્રાપ્ત થવો જોઇએ. તેવા વૈરાગ્યથી સંસારનું ખરું સ્વરૂપ સમજાય છે. સર્વ પદાર્થ અનિત્ય ભાસે છે. અર્થ (ધન) અનર્થનું મૂળ છે, એમ નિશ્ચય થાય છે. ઇંદ્રિયોના વિષયો જ પ્રાણીને સંસારમાં પરિભ્રમણ કરાવે છે, એમ સમજવામાં આવે છે. પાંચ ઇંદ્રિયોમાં રસનેંદ્રિય અતિ બળવાન છે અને તેની પરાધીનતાથી પ્રાણી ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ચૂકી જાય છે, એમ અનુભવથી સિદ્ધ થયું હોય છે. આવા દઢ વૈરાગ્યવડે ચારિત્ર લઇ મુનિવેષ ધારણ કર્યા પછી તેને ઉપરના શ્લોકમાં કહેલી વિડંબના પ્રાપ્ત થતી નથી, છતાં જો ચારિત્ર લેવામાં મોહગર્ભિત કે દુઃખગર્ભિત વૈરાગ્ય હોય તો અથવા કોઇ પૂર્વ જન્મના પ્રબળ દુષ્કર્મનો ઉદય થાય તો આ શ્લોકમાં કહેલી વિડંબના મુનિપણામાં પણ પ્રાપ્ત થાય છે. ૧૯.

પાખંડીઓના વેષનું ફળ માત્ર લોકરંજન જ છે, તે કહે છે:—

ये लुब्धचित्ता विषयार्थभोगे, बहिर्विरागा हृदि बद्धरागाः ।
ते दाम्भिका वेषधराश्च धूर्त्ता, मनांसि लोकस्य तु रञ्जयन्ति ॥२०॥

અર્થ:—(**ये**) જે મનુષ્યો (**विषयार्थभोगे**) પાંચ ઇંદ્રિયોના વિષયો તથા ધનના ભોગને વિષે (**लुब्धचित्ताः**) લુબ્ધ મનવાળા હોય છે, તથા (**बहिर्विरागाः**) બહારથી વિરાગી એટલે રાગદ્વેષાદિ રહિત અને (**हृदि**) અંતઃકરણમાં (**बद्धरागाः**) રાગદ્વેષથી બંધાયેલા હોય છે, (**ते**) તેઓ (**दाम्भिकाः**) કપટના જ ઘરરૂપ (**च**) અને (**वेषधराः**) દ્રવ્યથી મુનિવેષને ધારણ કરનારા (**धूर्त्ताः**) ધૂર્ત એટલે લોકવંચક જ હોય છે. (**तु**) તેઓ માત્ર (**लोकस्य**) લોકોના (**मनांसि**) ચિત્તને જ (**रञ्जयन्ति**) રંજન કરે છે, પરંતુ આત્મરંજન-સ્વાત્મહિત કાંઇપણ કરી શકતા નથી; તેથી તેઓ છેવટે દુર્ગતિને ભજનારા થાય છે.

વિશેષાર્થ:—જે મનુષ્યો માત્ર બહારથી મુનિવેષ ધારણ કરતા હોય અને અંદર કાંઇપણ વિરાગ દશાને પામ્યા ન હોય, તેવા દાંભિક જનોને આ શ્લોકમાં ઉપદેશ આપે છે. આવા વિષયાસક્ત ચિત્તવાળા કોઇક વાર બાહ્યથી વધારે વૈરાગ્યનો દેખાવ કરે છે, પરંતુ તેમનું અંતઃકરણ કઠોર હોય છે. વૈરાગ્યવડે આર્દ્ર હોતું નથી. તેવા દાંભિકો એક પ્રકારના ધૂર્ત જ છે, કારણ કે તેમના બાહ્ય આડંબરથી ભદ્રિક લોકો ઠગાય છે, તેથી તેમની ભક્તિ કરે છે અને તેમનો પૂર્ણ વિશ્વાસ કરે છે; પરંતુ તેનું પરિણામ અતિ ભયંકર આવે છે. આવા દાંભિકો પરનું રંજન કરી શકે છે. જો કે તે દાંભિકપણું ચિરકાળ ટકી શકતું નથી, તેથી અંતે તેનો પાપનો

ઘડો ફુટે છે ત્યારે તે આ ભવમાં પણ અધમ ગણાય છે અને પરભવમાં તો દુર્ગતિના ભાજન જ થાય છે. ૨૦.

દાંભિકના બાહ્ય વૈરાગ્યાદિક જોવાથી વિચક્ષણ માણસો કેમ મોહ પામે ? તે ઉપર કહે છે:—

मुग्धश्च लोकोऽपि हि यत्र मार्गे, निवेशितस्तत्र रतिं करोति।
धूर्त्तस्य वाक्यैः परिमोहितानां, केषां न चित्तं भ्रमतीह लोके? २१

અર્થ:—(**मुग्धश्च**) વળી મુગ્ધ એટલે ધર્મના તત્ત્વને નહીં જાણનાર (**लोकोऽपि**) સામાન્ય જનસમૂહ પણ (**हि**) નિશ્ચે (**यत्र मार्गे**) જે સારા કે નઠારા માર્ગમાં (**निवेशितः**) સ્થાપન કર્યો હોય, (**तत्र**) તે માર્ગમાં (**रतिं करोति**) પ્રીતિને કરે છે. (**इह लोके**) આ જગતમાં (**धूर्त्तस्य**) ધૂર્તના (**वाक्यैः**) વચનોવડે (**परिमोहितानां**) મોહ પામેલા (**केषां**) કયા માણસોનું (**चित्तं**) ચિત્ત (**न भ्रमति**) નથી ભમતું–ચલાયમાન થતું નથી ? સર્વનું મન ભમે છે.

વિશેષાર્થ:—લોકસમુદાયનો મોટો ભાગ પ્રાયે ધાર્મિક વિષયમાં મુગ્ધ જ હોય છે. વ્યવહારમાં વિચક્ષણ ગણાતા અને રાજદ્વારી વિષયમાં અતિ પ્રૌઢ ગણાતા મનુષ્યો પણ ધાર્મિક વિષયમાં હેય (ત્યાગ કરવા લાયક) અને ઉપાદેય (ગ્રહણ કરવા લાયક) બાબતોના વિવેકથી રહિત અને શાસ્ત્રના રહસ્યને નહીં જાણનાર હોય છે, તેથી તેઓ દાંભિકના વચનથી ઠગાઈને ઉન્માર્ગે પણ જાય છે; માટે સાચા તત્ત્વને જાણનાર મહાત્માઓએ તેમને સન્માર્ગે લાવવા ઘટે છે. ૨૧.

અંતઃકરણને વિષે સાચા વૈરાગ્યને ધારણ કરનારા મુનિઓ પરને વંચનાદિક કરતા નથી અને પોતાના મનનું જ રંજન કરે છે, તે કહે છે:—

ये निःस्पृहास्त्यक्तसमस्तरागा–स्तत्त्वैकनिष्ठा गलिताभिमानाः।
संतोषपोषैकविलीनवाञ्छा–स्ते रञ्जयन्ति स्वमनो न लोकम् ।२२।

અર્થ:—(**ये**) જેઓ (**निःस्पृहाः**) ખરેખરા નિઃસ્પૃહી છે, (**त्यक्तसमस्तरागाः**) જેઓએ સમગ્ર રાગદ્વેષનો ત્યાગ કરેલો છે, (**तत्त्वैकनिष्ठाः**) જેઓ તત્ત્વમાં જ એકનિષ્ઠાવાળા છે, (**गलिताभिमानाः**) જેમનું અભિમાન નષ્ટ થયું છે અને (**संतोषपोषैकविलीनवाञ्छाः**) સંતોષના પોષણવડે જેમની વાંછા–ઇચ્છા નાશ પામી છે, (**ते**) તેઓ (**स्वमनः**) પોતાના મનને જ (**रञ्जयन्ति**) રંજન કરે છે; પણ (**न लोकम्**) લોકોને રંજન કરતા નથી.

વિશેષાર્થ:—જેઓ સ્ત્રી, પુત્ર અને ધનાદિક સંબંધી આ ભવના સુખની વાંછા રહિત હોય છે, સમગ્ર શરીરાદિક પૌદ્ગલિક વસ્તુને વિષે રાગદ્વેષ રહિત

હોય છે, જીવાજીવાદિક નવ પદાર્થના તત્ત્વને-સ્વરૂપને વિષે, હેય ઉપાદેયને વિષે અને આત્મજ્ઞાનને વિષે અદ્વિતીય નિષ્ઠાવાળા હોય છે, ગણધરાદિકની અપૂર્વ ગ્રહણ-ધારણ શક્તિ જાણેલી હોવાથી સર્વથા અભિમાન રહિત હોય છે, તથા ઇચ્છા માત્રનો નિરોધ કરેલો હોવાથી સંતોષરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયાનો આશ્રય કરીને રહેલા હોય છે તેવા મુનિઓ આત્મરંજન કરવામાં જ મગ્ન હોય છે. તેઓને લોકરંજન કરવાની અપેક્ષા હોતી જ નથી. ૨૨.

જે પોતાના મનને રંજન કરનાર હોય તે પરમનરંજક હોતા નથી, તે વાતને દૃષ્ટાંત સહિત બતાવે છે:—

तावद्विवादी जनरञ्जकश्च, यावन्न चैवात्मरसे सुखज्ञः ।
चिन्तामणिं प्राप्य वरं हि लोके, जने जने कः कथयन् प्रयाति? ।२३॥

અર્થ:—મુનિ (**यावत्**) જ્યાંસુધી (**आत्मरसे**) આત્માના જ્ઞાનામૃતરૂપ રસમાં (**सुखज्ञः**) પરમાનંદરૂપ સુખને જાણનાર–ભોગવનાર (**न चैव**) થયો નથી, (**तावत्**) ત્યાંસુધી જ તે (**विवादी**) શાસ્ત્રના અર્થ સંબંધી વિવાદવાળો (**च**) અને (**जनरञ्जकः**) લોકોનું રંજન કરનાર હોય છે. (**हि**) કેમકે (**लोके**) આ જગતમાં (**वरं**) શ્રેષ્ઠ (**चिन्तामणिं**) ચિંતામણિ રત્નને (**प्राप्य**) પામીને (**कः**) કયો માણસ (**जने जने**) દરેક મનુષ્યને (**कथयन्**) કહેતો (**प्रयाति**) ફરે છે? 'મારી પાસે ચિંતામણિ રત્ન છે.' એમ દરેક મનુષ્યને કોઇપણ કહેતો નથી. પોતાના મનમાં જ સમજીને તેનાથી પ્રાપ્ત થતું સુખ ભોગવવા તત્પર થાય છે. તે જ પ્રમાણે આધ્યાત્મિક સુખને પામેલા મુનિ આત્માનંદના સુખમાં જ રમણ કરે છે, કોઇને કાંઇ કહેતા નથી તેમ વાદવિવાદમાં કે જનરંજન કરવામાં પણ પ્રવર્તતા નથી. ૨૩.

વળી સર્વજનોને રંજન કરવા કોઇપણ મનુષ્ય શક્તિમાન થતો નથી, તેથી આત્માનું રંજન કરવું તે જ કલ્યાણકારક છે. તે વાતને કહે છે:—

षण्णां विरोधोऽपि च दर्शनानां, तथैव तेषां शतशश्च भेदाः ।
नानापथे सर्वजनः प्रवृत्तः, को लोकमाराधयितुं समर्थः ? ॥२४॥

અર્થ:—(**अपि च**) વળી (**षण्णां**) છએ (**दर्शनानां**) દર્શનોનો (**विरोधः**) પરસ્પર વિરોધ છે. કેમકે સર્વ દર્શનો જુદા જુદા પદાર્થોનું પ્રતિપાદન કરે છે. (**तथैव**) તથા વળી (**तेषां**) તે છએ દર્શનોના (**शतशश्च**) સેંકડો (**भेदाः**) ભેદો છે, તે પણ પરસ્પર વિરોધવાળા છે. તેથી (**सर्वजनः**) સર્વ લોકો (**नानापथे**) જુદા જુદા માર્ગે પોતપોતાની રુચિને અનુસારે (**प्रवृत्तः**) પ્રવર્તેલા છે. એટલે (**लोकं**) સર્વ લોકને (**आराधयितुं**) રંજન કરવાને (**कः**) કોણ (**समर्थः**) સમર્થ છે? કોઇ જ નહીં.

વિશેષાર્થ:—જેમને આત્મિકસુખ જરા પણ પ્રાપ્ત થયું નથી, અને જેઓને આત્મરંજનનો સત્ય માર્ગ સમજાયો નથી, તેઓ સર્વ લોકને પ્રિય થવાને-રંજન કરવાને અનેક પ્રકારના પ્રયત્નો કરે છે, પરંતુ તેઓ કોઈ રીતે સર્વને પ્રિય થઈ શકતા જ નથી; કેમકે લોકપ્રવાહ અનેક માર્ગે વહે છે. લોકોની પ્રસન્નતા પણ પોતપોતાની રુચિને અનુસારે અનેક પ્રકારે વહેંચાયેલી છે. ધર્મના પણ ઘણા ભેદો પડી ગયા છે, અને પૃથક્ પૃથક્ માર્ગે વહેનારા મનુષ્યો પોતાના સ્વીકારેલા માર્ગને સર્વોત્તમ જ માને છે. તેથી તે સર્વેને રંજન કરવાનું કાર્ય સાધારણ નથી, કિન્તુ અસાધારણ અને અશક્ય છે. તીર્થંકરાદિક અતુલ પુણ્યશાળી મહાત્માઓ પણ સર્વને રંજન કરી શકયા નથી, તો આપણે પામર જનો શું કરી શકીએ? માટે તેવા મિથ્યા પ્રયત્નમાં નહીં પ્રવર્તતાં-તેમાં કાળક્ષેપ અને શક્તિનો વ્યય નહીં કરતાં આત્મરંજનમાં જ પ્રયત્ન કરવો. આત્મરંજન માટે માત્ર પરમાત્માનું રંજન કરવું એજ મુખ્ય માર્ગ છે. તેમનું રંજન તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાથી થાય છે. તેમની આજ્ઞા શુદ્ધ આચરણરૂપ જ છે. તે શુદ્ધ આચરણ કરવાથી પરંપરાએ આત્મરંજન, પરમાત્મરંજન અને લોકરંજન સર્વ પ્રાપ્ત થાય છે. ૨૪.

પોતાના આત્માનું રંજન કરવા કહ્યું. તે આત્મરંજન મનની સ્થિરતાથી થાય છે અને મનની સ્થિરતાનું કારણ કેટલાક જનો રાજ્યાદિક સુખની પ્રાપ્તિ માને છે, પરંતુ તે માન્યતા ખોટી છે. તેથી તે રાજ્યાદિકની પ્રાપ્તિ થયા છતાં પણ જો મનની સ્થિરતા ન થાય તો તે રાજ્યાદિક વ્યર્થ છે. તે બાબત કહે છે:—

तदेव राज्यं हि धनं तदेव, तपस्तदेवेह कला च सैव ।
स्वस्थे भवेच्छीतलताऽऽशये चेत्, नो चेद्वृथा सर्वमिदं हि मन्ये ।२५।

અર્થ:—(**चेत्**) જો (**स्वस्थे**) સ્વસ્થ-શાંત (**आशये**) અંતઃકરણને વિષે (**शीतलता**) શીતળતા (**भवेत्**) થાય, તો (**इह**) આ જગતમાં (**तदेव राज्यं**) જે પ્રાપ્ત થયેલ તે જ રાજ્યને રાજ્ય કહેવું, (**हि**) નિશ્ચે (**तदेव धनं**) પ્રાપ્ત થયેલા તે જ ધનને ધન કહેવું, (**तपस्तदेव**) તે જ તપને તપ કહેવો, (**च**) અને (**कला सैव**) પ્રાપ્ત કરેલી તે જ કળાને કળા કહેવી; (**नो चेत्**) પરંતુ જો એમ ન હોય એટલે કે રાજ્યાદિક પ્રાપ્ત થયા છતાં ચિત્તની સ્વસ્થતા અને શીતળતા પ્રાપ્ત ન થાય તો (**हि**) નિશ્ચે (**इदं सर्वं**) આ સર્વ રાજ્યાદિક (**वृथा**) ફોગટ છે, એમ (**मन्ये**) હું માનું છું.

વિશેષાર્થ:—આ શ્લોકમાં કર્તા એમ સૂચવે છે કે-રાજ્ય, ધન, તપ અને કળાની પ્રાપ્તિને આ જીવ પોતાના આત્માની શાંતિને માટે ઇચ્છે છે, પરંતુ રાજ્ય કે ધન મળ્યું પણ તેનાથી તૃપ્તિ થઇ નહીં, તો પછી શાંતિ ક્યાંથી થાય? અન્ય ઉપાધિઓને લીધે રાજ્ય અને ધન ઊલટા દુ:ખરૂપ થઇ પડે તો શાંતિની પ્રાપ્તિ

શા કામની ? તથા તપસ્યા કર્યા છતાં ચિત્તની સ્વસ્થતા ન થઈ, ઊલટો ક્રોધનો ઉદ્ભવ થયો, પારણે કે ઉત્તરપારણે આહારની તીવ્ર ઈચ્છા જાગી, તો પછી તે તપ શા કામનો ? તથા કોઇ પ્રકારની કળા મેળવી, તેના ફળ તરીકે ઘણી ધન-પ્રાપ્તિ થઈ, પરંતુ તેથી ચિત્તની શાંતિ ન થઈ, તો પછી તે કળા પણ શા કામની ? સર્વ વ્યર્થ જ છે; કેમકે જગતના જીવો શાંતિ, સુખ અને શીતળતા માટે જ રાજ્યાદિકની વાંછા કરે છે, તો રાજ્યાદિકની પ્રાપ્તિ થયા છતાં પણ શાંત્યાદિક કાર્યની ઉત્પત્તિ ન થાય અને ઊલટા તૃષ્ણા, ક્રોધ, લોભ, પ્રમાદ વિગેરે વૃદ્ધિ પામે તો તે સર્વ નિષ્ફળ છે. ૨૫.

ચિત્તની સ્વસ્થતાનો ગુણ કહે છેઃ—

रुष्टैर्जनैः किं यदि चित्तशान्ति–स्तुष्टैर्जनैः किं यदि चित्ततापः ।
प्रीणाति नो नैव दुनोति चान्यान्, स्वस्थः सदौदासपरो हि योगी

અર્થઃ—હે પ્રાણી ! (**यदि**) જો (**चित्तशान्तिः**) તારા હૃદયમાં શાંતિ છે, તો (**रुष्टैः जनैः किं**) લોકો રૂષ્ટમાન થાય તેથી શું ? અને (**यदि**) જો (**चित्त-तापः**) તારા હૃદયમાં સંતાપ-અશાતિ છે, તો (**तुष्टैः जनैः किं**) લોકો તુષ્ટમાન થાય તેથી પણ શું ? આ પ્રમાણે જાણીને (**योगी**) અધ્યાત્મજ્ઞાની મુનિ (**अन्यान्**) બીજા જીવોને (**नो प्रीणाति**) રંજન કરતા નથી, (**च**) અને (**नैव दुनोति**) દુઃખ ઉત્પન્ન કરતા નથી; (**हि**) કારણ કે તે યોગી (**सदा**) સર્વદા (**स्वस्थः**) શાંત અને (**औदासपरः**) ઉદાસીનપણામાં જ તત્પર હોય છે.

વિશેષાર્થઃ—આ જગતના જીવો પોતાની શાંતિ કે અશાંતિનો વિચાર કર્યા સિવાય અન્ય જનો પોતાની ઉપર રોષાયમાન થયા છે કે તુષ્ટમાન થયા છે ? તેની ચિંતા કર્યા કરે છે. જ્ઞાની કહે છે કે-બીજાના રોષ કે તોષથી તને હાનિ કે લાભ શું છે ? તારે તો તારા આત્માની જ શાંતિ કે અશાંતિનો વિચાર કરવો યોગ્ય છે. જો તારો આત્મા શાંતિનો અનુભવ કરતો હોય અને તેમાં સ્વસ્થતાનો નિવાસ થયો હોય તો પછી લોકો ભલે રૂષ્ટમાન થાય, તેથી તને કાંઇ હાનિ થવાની નથી. અને જો તારા ચિત્તમાં શાંતિ-સ્વસ્થતા નથી પણ કેવળ સંતાપ જ ભરેલો છે, તો લોકો ભલે તારા પર પ્રસન્નતા બતાવે, તારી પ્રશંસા કરે, પણ તેથી તને કાંઇપણ ફળ નથી, લાભ નથી; માટે લોકોના રોષ કે તોષનો વિચાર નહીં કરતાં તારા જ આત્માની શાંતિ કે અશાંતિનો વિચાર કરી જે પ્રકારે તારા આત્માને શાંતિ પ્રાપ્ત થાય અને અશાંતિનો નાશ થાય તેવો પ્રયત્ન કર. ૨૬.

ઉદાસીનપણું અંગીકાર કરવામાં કારણભૂત એકત્વ ભાવના છે, તે કહે છે.—

एकः पापात् पतति नरके याति पुण्यात् स्वरेकः,
पुण्यापुण्यप्रचयविगमान्मोक्षमेकः प्रयाति ।
सङ्गान्नूनं न भवति सुखं न द्वितीयेन कार्य.
तस्मादेको विचरति सदाऽऽनन्दसौख्येन पूर्णः ॥ २७ ॥

અર્થ:—આ સંસારમાં (**पापात्**) પાપકર્મથી (**एकः**) જીવ એકલો જ (**नरके**) નરકમાં (**पतति**) પડે છે. (**पुण्यात्**) પુણ્યકર્મથી (**एकः**) પોતે એકલો જ (**स्वः**) સ્વર્ગે (**याति**) જાય છે, તથા (**पुण्यापुण्यप्रचयविगमात्**) પુણ્ય અને પાપના સમૂહનો સદંતર નાશ થવાથી (**एकः**) એકલો જ જીવ (**मोक्षं**) મોક્ષમાં (**प्रयाति**) જાય છે. આ જગતમાં (**सङ्गात्**) સ્વજનાદિકના સંગથી (**नूनं**) નિશ્ચે (**सुखं**) સુખ (**न भवति**) પ્રાપ્ત થતું નથી, (**द्वितीयेन**) બીજા કોઇ વડે (**कार्यं न**) કાર્યની સિદ્ધિ થતી નથી. (**तस्मात्**) તેથી (**सदा**) હમેશાં (**आनन्दसौख्येन**) આત્માનંદરૂપ સુખે કરીને (**पूर्णः**) પૂર્ણ એવા યોગીજન (**एकः**) એકલા જ (**विचरति**) વિચરે છે.

વિશેષાર્થ:—હે આત્મા ! આ જગતમાં તારે કોઇના સંગની અપેક્ષા જ નથી. બે વસ્તુ ભેળી થયે તો ઊલટો ખડખડાટ થાય છે, તેથી અન્ય વસ્તુના કે મનુષ્યના સંયોગની ઇચ્છા કર્યા સિવાય માત્ર એકલા આત્માનું જ હિત કરવા તરફ પ્રવૃત્તિ કરવી, અને તેમાં જ આનંદ માનવો યોગ્ય છે. અન્યના સંયોગની ઇચ્છા કરીશ અને તેના સંગથી આનંદ માનીશ, તો તેના વિયોગે અવશ્ય શોક કરવો પડશે અને આત્મહિતમાં હાનિ થશે. તેથી મહાયોદ્ધાની જેમ એકલા જ આત્મહિતમાં તત્પર થવું. એક અધ્યાત્મવેત્તા કહે છે કે:—

" અનુભવીએ એકલા, આનંદમાં રહેવું રે;
ભજવા ભગવંતને, બીજું કાંઈ ન કહેવું રે. અનુભવી૦ "

આ કવિતાનું રહસ્ય અવશ્ય મનન કરવા જેવું છે. ૨૭.

મોક્ષ સાધવામાં મનનો નિગ્રહ કારણભૂત છે, તે મન જ દુર્જય છે, તે બતાવે છે:—

त्रैलोक्यमेतद्बहुभिर्जितं यै–र्मनोजये तेऽपि यतो न शक्ताः ।
मनोजयस्यात्र पुरो हि तस्मात्, तृणं त्रिलोकीविजयं वदन्ति २८

અર્થ:—(**यैः**) જે (**बहुभिः**) ઘણા પ્રાણીઓએ (**एतत्**) આ (**त्रैलोक्यं**)

ત્રણ લોક (**जितं**) જીત્યા છે, (**तेऽपि**) તેઓ પણ (**यतः**) જે કારણ માટે (**मनोजये**) મનનો જય કરવામાં (**न शक्ताः**) શક્તિમાન થયા નથી, (**तस्मात्**) તે કારણ માટે (**अत्र**) અહીં-આ જગતમાં (**मनोजयस्य**) મનના જયની (**पुरः**) પાસે (**हि**) નિશ્ચે (**त्रिलोकीविजयं**) ત્રણે લોકનો વિજય (**तृणं**) તૃણ સમાન છે એમ (**वदन्ति**) મહાત્માઓ કહે છે.'

વિશેષાર્થ:—મનનું દુર્જયપણું બતાવવા કહે છે કે-આ ત્રણ જગત ઘણાએ જીતી લીધા, એટલે કે ચક્રવર્તીપણું પામીને છ ખંડ જીત્યા, ઈંદ્રપણું પામીને અધોલોક તથા ઊર્ધ્વલોકનું સ્વામિત્વ મેળવ્યું. એવા પુરુષો પણ મનનો જય કરવા શક્તિમાન થયા નહીં, તેથી મનના જયની પાસે ત્રણ લોકનો જય પણ તૃણ સમાન છે, કારણ કે ચોથા પુરુષાર્થ મોક્ષની પ્રાપ્તિ કાંઇ ત્રણ લોકનો જય કરવાથી થતી નથી. તે તો મનનો જય કરવાથી જ થાય છે. કહ્યું છે કે—" **मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः** " (મનુષ્યોને મન જ બંધ અને મોક્ષનું કારણભૂત છે.) એટલે કે મનને વશ કર્યું હોય તો તે મોક્ષમાં લઇ જાય છે, અને મનને આધીન થયેલા પ્રાણીઓને સંસારમાં ભ્રમણ કરવું પડે છે. અહીં જો કે મનને જ મુખ્ય ગણ્યું છે, પરંતુ મનનો પણ સ્વામી આત્મા છે, મન તો તેનું કિંકર છે. પરંતુ કોઇક વખત નોકર (મુનિમ, દીવાન વિગેરે) માથાભારે થઈ સ્વામીને યુક્તિ-પ્રયુક્તિવડે પોતાને આધીન કરી અનેક પ્રકારે નચાવે છે તે જ પ્રમાણે આ આત્મા પણ મનને આધીન થઇ પોતાનું કર્તવ્ય ચૂકી મનના કહ્યા પ્રમાણે જ ચાલે છે તેથી તે આત્મહિત કરી શકતો નથી, માટે મનને જ આધીન કરવાનો પ્રયત્ન પ્રથમ કરવો. તેનો જય કર્યા પછી આત્મહિત કરવામાં કાંઇ પણ મુશ્કેલી રહેશે નહીં. २८.

સંસારના સારભૂત પદાર્થોમાં પણ મનોજય મુખ્ય ગણ્યો છે, તે જ બતાવે છે.

मनोलयान्नास्ति परो हि योगो, ज्ञानं तु तत्त्वार्थविचारणाच्च ।
समाधिसौख्यान्न परं च सौख्यं, संसारसारं त्रयमेतदेव ॥२९॥

અર્થ:—(**मनोलयात्**) આત્માને વિષે મનની એકાગ્રતા સિવાય (**परः**) બીજો કોઇ (**योगः**) યોગ (**नास्ति हि**) નથી જ, (**च**) અને (**तु**) પુનઃ વળી (**तत्त्वार्थविचारणात्**) તત્ત્વાર્થના ચિંતવનથકી બીજું કોઇ (**ज्ञानं**) જ્ઞાન નથી, (**च**) તથા (**समाधिसौख्यात्**) સમાધિના સુખથકી (**परं**) બીજું કાંઇ (**सौख्यं न**) સુખ નથી. (**एतदेव**) આ જ (**त्रयं**) ત્રણ (**संसारसारं**) સંસારને વિષે સારભૂત છે.

વિશેષાર્થ:—પરબ્રહ્મસ્વરૂપ આત્માને વિષે મનની એકાગ્રતા કરવી તે

જ મોટો યોગ છે અને સ્ત્રી, ધનાદિક સાંસારિક વિષયોમાં મનની એકાગ્રતા કરવી તે કેવળ સંસારભ્રમણનું જ કારણ છે, તથા જીવાજીવાદિક તત્ત્વોની વિચારણા કરવી તે જ ખરું જ્ઞાન છે, ઇતિહાસ, ભૂગોળ વિગેરેનું જ્ઞાન તો સંસારની આસક્તિનું જ કારણ છે. તથા સમાધિથી ઉત્પન્ન થયેલું જે સુખ તે જ સાચું સુખ છે, વિષયોથી ઉત્પન્ન થતું સુખ ક્ષણિક અને નશ્વર હોવાથી તથા ઉપાધિજન્ય હોવાથી પરિણામે દુઃખરૂપ જ છે. આ પ્રમાણે મનની એકાગ્રતા, તત્ત્વજ્ઞાન અને સમાધિ સુખ એ ત્રણ જ સંસારમાં સારભૂત છે, તે સિવાય બીજું સર્વ અસાર છે. ૨૯.

મનોલયાદિકે કરીને જ્યારે ચિત્ત પ્રસન્ન થાય છે ત્યારે સિધ્ધ્યાદિક સર્વ વિષ સમાન લાગે છે, તે કહે છેઃ—

याः सिद्धयोऽष्टावपि दुर्लभा ये, रसायनं चाञ्जनधातुवादाः ।
ध्यानानि मन्त्राश्च समाधियोगा–श्चित्ते प्रसन्ने विषवद्भवन्ति ॥३०॥

અર્થ:—(**याः**) જે (**दुर्लभाः**) દુર્લભ એવી (**अष्टौ अपि**) આઠે (**सिद्धयः**) અણિમાદિક સિદ્ધિઓ, જે દુર્લભ એવું (**रसायनं**) રસાયણ છે, (**च**) અને (**अञ्जन**) અદૃશ્યાદિક અંજન, (**धातुवादाः**) ધાતુવાદ, (**ध्यानानि**) ધ્યાન, (**मन्त्राश्च**) વશીકરણાદિક મંત્રો, (**समाधियोगाः**) સમાધિ અને યોગ, આ સર્વે (**चित्ते प्रसन्ने**) ચિત્ત પ્રસન્ન હોય ત્યારે (**विषवद् भवन्ति**) વિષ સમાન લાગે છે. અર્થાત્ સચ્ચિદાનંદપણું પ્રાપ્ત થવાની હદે પહોંચેલ પ્રાણીને આ સર્વ કાંઈ પણ સારા લાગતા નથી, માત્ર આત્મસ્વરૂપમાં રમણ કરવું એ જ તેને આનંદદાયક લાગે છે; કારણ કે અણિમાદિક સિદ્ધિઓ વિગેરે પ્રાપ્ત થવાથી તેના તુચ્છ આનંદમાં જો પ્રાણી મગ્ન થાય તો તે આત્માનંદથી ભ્રષ્ટ થાય છે, તેથી આત્માનંદીને તો તે સર્વ ઝેર સમાન લાગે છે. ૩૦.

કેવા જીવોને સમાધિ સુખ મળી શકતું નથી ? તે બતાવે છે—

विदन्ति तत्त्वं न यथास्थितं वै, संकल्पचिन्ताविषयाकुला ये ।
संसारदुःखैश्च कदर्थितानां, स्वप्नेऽपि तेषां न समाधिसौख्यम् ३१

અર્થ:—(**संकल्प**) મનની અસ્થિરતાને લીધે કર્તવ્ય કે અકર્તવ્યને વિષે નિશ્ચયપણારહિત હોવાથી થતા સંકલ્પ–વિકલ્પવડે, (**चिन्ता**) ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિના અને અનિષ્ટ વસ્તુના વિયોગના ઉપાય સંબંધી વિચારવડે અને (**विषय**) પાંચે ઇંદ્રિયોના વિષયોવડે (**आकुलाः**) આકુળ–વ્યાકુળ થયેલા (**ये**) જે જીવો હોય છે તે (**वै**) નિશ્ચે (**यथास्थितं**) યથાર્થપણે (**तत्त्वं**) તત્ત્વને (**न विदन्ति**) જાણતા જ નથી, (**तेषां**) તેઓને–(**संसारदुःखैश्च**) સંસારના દુઃખોવડે (**कदर्थितानां**) વિડંબના–પીડા

પામેલાઓને (**स्वप्नेऽपि**) સ્વપ્નને વિષે પણ (**समाधिसौख्यं न**) સમાધિનું સુખ હોતું નથી. સમાધિ સુખની પ્રાપ્તિ તો યથાસ્થિત તત્ત્વસ્વરૂપને જાણનાર તેમજ સંકલ્પ, ચિંતા અને ઇંદ્રિયોના વિષયોથી જે વિરક્ત હોય તેને જ થાય છે અને તેને સંસારના દુઃખો પણ કદર્થના કરી શકતા નથી. ૩૧.

જનરંજન માટે અનેક ગ્રંથો ભણ્યા કરતાં તત્ત્વજ્ઞાનનો એક જ શ્લોક ભણવો સારો છે, તે વાતને દૃષ્ટાંત સહિત કહે છે:—

श्लोको वरं परमतत्त्वपथप्रकाशी, न ग्रन्थकोटिपठनं जनरञ्जनाय।
संजीवनीति वरमौषधमेकमेव, व्यर्थश्रमप्रजननो न तु मूलभारः ३२

અર્થ:—(**परमतत्त्वपथप्रकाशी**) પરમ તત્ત્વમાર્ગને-મોક્ષમાર્ગને પ્રકાશ કરનાર (**श्लोकः**) એક શ્લોક પણ (**वरं**) સારો છે-શ્રેષ્ઠ છે, પરંતુ (**जनरञ्जनाय**) લોકને રંજન કરવા માટે (**ग्रन्थकोटिपठनं**) કરોડો ગ્રંથોનું (શ્લોકોનું) ભણવું તે (**न**) સારું નથી. જેમકે (**संजीवनी इति**) સમ્યક્પ્રકારે વ્યાધિ, જરાદિકનો નાશ કરીને પ્રાણીને જીવાડે એટલે આયુષ્યની વૃદ્ધિ કરે તેવી સંજીવની એવા નામની (**एकमेव**) એક જ (**औषधं**) ઔષધિ (**वरं**) શ્રેષ્ઠ છે. (**तु**) પરંતુ (**व्यर्थश्रमप्रजननः**) રોગાદિકનો નાશ ન કરવાથી તથા આયુષ્યની વૃદ્ધિ નહીં કરવાથી વ્યર્થ-ફોગટ જ માત્ર પરિશ્રમને ઉત્પન્ન કરનાર (**मूलभारः**) વૃક્ષોના મૂળીયાંનો સમૂહ (**न**) શ્રેષ્ઠ નથી.

વિવેચનઃ—આ કાવ્યમાં કાવ્યકર્તા આ પ્રાણીને બહુ પ્રયાસ કરવાનો નિષેધ કરી અલ્પપ્રયાસે માત્ર એક જ વસ્તુ મેળવવાથી કાર્યસિદ્ધિ થઇ જાય તેવી અપૂર્વ કુંચી બતાવે છે. તે કહે છે કે-હે ભવ્ય પ્રાણી! તમે અનેક ગ્રંથો ભણવા વાંચવાનો પ્રયાસ જે લોકરંજન માટે કરો છો, સારા સારા વ્યાખ્યાન વાંચીને, સારી સારી કથાઓ કહીને શ્રોતાઓને રીઝવો છો તેમાં ઘણો પ્રયાસ પડે છે અને આત્માને ગુણ થતો નથી, તેથી તેવું નહીં કરતાં માત્ર આત્મતત્ત્વને જ જણાવનાર એટલે મોક્ષમાર્ગને બતાવનાર એક જ શ્લોકનો સારી રીતે અભ્યાસ કરી, સમજી, વિચારી, વારંવાર મનન કરી, તેમાં જ લીન થઇ આત્માને જ આનંદ આપો તો થોડા પ્રયાસે મોટો લાભ પ્રાપ્ત કરશો. ૩૨.

જ્યાં સુધી ચિત્તની સ્વસ્થતા ન હોય ત્યાં સુધી જ વિષયાદિકનો અભિલાષ વૃદ્ધિ પામે છે, પરંતુ મનની સ્વસ્થતા પ્રાપ્ત થાય તો પછી કાંઈ પણ અભિલાષા રહેતી જ નથી, તે ઉપર કહે છે.—

तावत्सुखेच्छा विषयादिभोगे, यावन्मनः स्वास्थ्यसुखं न वेत्ति।
लब्धे मनःस्वास्थ्यसुखैकलेशे, त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा॥

અર્થ:—આ સંસારમાં પ્રાણી (**यावत्**) જ્યાંસુધી (**मनःस्वास्थ्यसुखं**) મનની સ્વસ્થતાના સુખને (**न वेत्ति**) જાણતો નથી, (**तावत्**) ત્યાંસુધી જ તેને (**विषयादिभोगे**) વિષયાદિક ભોગવવામાં (**सुखेच्छा**) સુખની ઇચ્છા હોય છે, પરંતુ (**मनःस्वास्थ्यसुखैकलेशे**) મનની સ્વસ્થતારૂપી સુખનો એક લેશ માત્ર પણ (**लब्धे**) પ્રાપ્ત થયે સતે (**तस्य**) તે પ્રાણીને (**त्रैलोक्यराज्येऽपि**) ત્રણ જગતના રાજ્યને વિષે પણ (**वाञ्छा न**) ઇચ્છા થતી નથી.

વિશેષાર્થ:—સ્વસ્થપણાના સુખનો અંશ પણ એટલો બધો કીમતી છે કે જેની પાસે ત્રણ લોકના રાજ્યનું સુખ પણ તુલનામાં આવી શકતું નથી, કેમકે પ્રથમનું સુખ (મનની સ્વસ્થતાનું સુખ) અવિનાશી છે, ત્યારે બીજું વિષયાદિકથી થતું સુખ વિનાશી અને કર્મનો તીવ્ર બંધ કરાવનાર છે. પહેલું સુખ સંસારમાંથી મુક્ત કરાવનાર છે, ત્યારે બીજું સુખ સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે. ઇત્યાદિ અનેક પ્રકારે તે બન્ને પ્રકારના સુખમાં અત્યંત તફાવત છે. ૩૩.

મનની સ્વસ્થતાના સુખ પાસે ચક્રવર્ત્યાદિકના વૈભવનું સુખ પણ તુચ્છ માત્ર છે, તે કહે છે.—

न देवराजस्य न चक्रवर्तिन–स्तद्वै सुखं रागयुतस्य मन्ये ।
यद्वीतरागस्य मुनेः सदाऽऽत्म–निष्ठस्य चित्ते स्थिरतां प्रयाति ३४

અર્થ:—(**यत्**) જે સુખ (**वीतरागस्य**) રાગદ્વેષ રહિત તથા (**सदा**) નિરંતર (**आत्मनिष्ठस्य**) આત્મતત્ત્વના વિચારને વિષે જ તત્પર થયેલા (**मुनेः**) મુનિના (**चित्ते**) ચિત્તને વિષે (**स्थिरतां**) સ્થિરતાને (**प्रयाति**) પામે છે, (**तत्**) તે (**सुखं**) સુખ (**वै**) નિશ્ચે (**रागयुतस्य**) રાગ–દ્વેષથી યુક્ત એવા (**देवराजस्य न**) ઇંદ્રને હોતું નથી, તેમ જ (**चक्रवर्त्तिनः**) ચક્રવર્તીને પણ (**न**) હોતું નથી. (**मन्ये**) એમ હું માનું છું.

વિશેષાર્થ:—આ સંસારમાં કેટલાક પ્રાણીઓ મોટી રાજઋદ્ધિ, સુખ, સૌભાગ્ય, સ્ત્રી–પુત્ર પરિવાર વિગેરેની પ્રાપ્તિવાળા મનુષ્યોને તેમજ ઇંદ્ર અને ચક્રવર્ત્તી વિગેરેને જોઇને તેમને પરમ સુખી માને છે અને તેવું સુખ પ્રાપ્ત કરવા પોતે પણ ઇચ્છે છે; પરંતુ જ્ઞાની કહે છે કે–હે ભવ્ય પ્રાણી ! ઇંદ્રાદિકનું સુખ પરને આધીન છે, ક્ષણિક છે અને ઉપાધિથી ઉત્પન્ન થયેલું છે, તેમ જ વાસ્તવિક રીતે વિચારતાં તે દુઃખરૂપ જ છે, આવું સુખ આત્મનિષ્ઠ મુનિના સુખની પાસે અનંતમા ભાગે પણ નથી. કેમકે વીતરાગી આત્મનિષ્ઠ મુનિરાજને જ વાસ્તવિક સુખ હોય છે, અન્યત્ર તેવા સુખના બિંદુનો પણ સંભવ નથી. ૩૪.

વિચારશૂન્ય પ્રાણીને આ આત્મતત્ત્વ દૂર જતું રહે છે, તે કહે છે:—

यथा यथा कार्यशताकुलं वै, कुत्रापि नो विश्रमतीह चित्तम् ।
तथा तथा तत्त्वमिदं दुरापं, हृदि स्थितं सारविचारहीनैः ॥ ३५ ॥

અર્થ:—(**इह**) આ સંસારમાં (**वै**) નિશ્ચે (**यथा यथा**) જેમ જેમ (**कार्यशताकुलं**) સેંકડો કાર્યોવડે વ્યાકુળ થયેલું (**चित्तं**) આ ચિત્ત (**कुत्रापि**) કોઈપણ ઠેકાણે (**नो विश्रमति**) વિશ્રામને પામતું નથી, (**तथा तथा**) તેમ તેમ (**सारविचारहीनैः**) સાર-તત્ત્વના વિચાર રહિત પ્રાણીઓને (**हृदि स्थितं**) હૃદયમાં રહેલા એવા પણ (**इदं तत्त्वं**) આ આત્મતત્ત્વની પ્રાપ્તિ (**दुरापं**) દુર્લભ થાય છે. જો સારાસારનો વિચાર હોય તો પછી અસારભૂત કાર્યમાં ચિત્ત ન આપતાં સારભૂત કાર્યમાં જ ચિત્ત પરોવે, જેથી ચિત્ત વિશ્રાંતિને પામે અને આત્મહિત થાય.

વિશેષાર્થ:—આ પ્રાણીને આ સંસારમાં કર્તવ્ય તરીકે અનેક કાર્યો ઉપસ્થિત થાય છે, પરંતુ તે સર્વે કરી શકાતા નથી અને એવી રીતે અનેક કાર્યોમાં વ્યગ્ર રહેવાથી તેનું ચિત્ત એક પણ કાર્યમાં બરાબર એકાગ્ર થઈ શકતું નથી, તેથી આ કાવ્યમાં એવી શિક્ષા આપવામાં આવે છે કે-હે ભવ્ય પ્રાણી ! જો તારે કોઇપણ કાર્ય બરાબર કરવું હોય તો પ્રથમ સારાસાર કાર્યનો વિચાર કર અને પછી તેમાં જે કાર્ય વિશેષ સારભૂત જણાય તે કાર્ય કરવાનો પ્રયત્ન કર; કેમકે માત્ર એક જ કાર્ય જો કર્તવ્યપણે નક્કી થશે અને તેમાં જ પૂરતો પ્રયત્ન કરવામાં આવશે તો તે કાર્ય બરાબર થશે, અને ચિત્તને પણ વિશ્રાંતિ મળશે. ૩૫.

હવે ગ્રંથકાર પ્રશમ સુખને પામેલા આત્માને મોક્ષની પ્રાપ્તિ માટે ચિત્તની સમાધિનો ઉપદેશ આપી આ પ્રકરણને સમાપ્ત કરે છેઃ—

शमसुखरसलेशाद् द्वेष्यतां संप्रयाता,
विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषाः ।
परमसुखमिदं यद्भुज्यतेऽन्तःसमाधौ,
मनसि सति तदा ते शिष्यते किं वदान्यत् ॥३६॥

અર્થ:—હે આત્મા ! (**शमसुखरसलेशात्**) પ્રશમવડે ઉત્પન્ન થયેલા સુખરસના લેશથી-લેશ માત્ર સુખથી (**विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषाः**) વિવિધ પ્રકારના વિષયભોગ સંબંધી તારી વિશેષ પ્રકારની અત્યંત વાંછાઓ જો (**द्वेष्यतां**) અરુચિપણાને (**संप्रयाताः**) પામેલી છે-પ્રશમરસના સુખવડે તારી વિષયસંબંધી ઇચ્છાઓ સર્વ પ્રકારે નષ્ટ થયેલી છે તો તે બહુ ઠીક થયું છે. હવે (**यद्**) જો (**अन्तःसमाधौ**) અંતઃસમાધિને વિષે (**मनसि सति**)

મન રહે સતે (**इदं**) આ (**परमसुखं**) આત્મતત્ત્વનું સુખ (**भुज्यते**) તારાવડે ભોગવાતું હોય (**तदा**) તો (**ते**) તારે (**अन्यत्**) બીજું (**किं**) શું (**शिष्यते**) બાકી રહ્યું છે-અધુરું છે ? (**वद**) તે તું કહે જો સમાધિવાળા મનને વિષે પ્રશમરૂપ તત્ત્વનું સુખ ભોગવાતું હોય તો પછી બીજું કાંઇ બાકી રહેતું નથી. સર્વ પ્રાપ્ત થયું છે એમ જાણવું.

વિશેષાર્થ:—આ છેલ્લા કાવ્યમાં આખા ગ્રંથના તાત્પર્યરૂપે ઉપશમ સુખ અને અંતઃકરણની સમાધિ-એકાગ્રતા આ બે આત્મહિતકારી વસ્તુઓ જ બતાવી છે. આ આખા ગ્રંથમાં પણ જે જે બાબતો કહી છે તે આ બે વસ્તુને ઉદ્દેશીને જ કહી છે અને હૃદયની અંદર રહેલા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા માટે તેમાં જ્ઞાનરૂપી દીપક પ્રગટ કરવો એ આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ છે. તેથી આનું નામ હૃદયપ્રદીપ સાર્થક છે. તેના શ્લોક છત્રીશ હોવાથી તેનું નામ હૃદયપ્રદીપષટ્‌ત્રિંશિકા રાખવામાં આવ્યું છે. આ કાવ્ય જો અક્ષરશઃ વાંચવામાં આવે અને તેનો અર્થ બરાબર મનનપૂર્વક વિચારવામાં આવે તો જેથી પરમાનંદની પ્રાપ્તિ થાય તેવો જ્ઞાનપ્રદીપ હૃદયમાં અવશ્ય પ્રગટ થાય. માટે ભવ્ય પ્રાણીઓએ આ ગ્રંથ હૃદયમાં વારંવાર વિચારવા યોગ્ય છે. ૩૬.

ઇતિ હૃદયપ્રદીપષટ્‌ત્રિંશિકા પ્રકરણ
અર્થ વિવેચનયુક્ત સંપૂર્ણ